# તત્ત્વાર્થમણિપ્રદીપ

## (આચાર્ય ઉમાસ્વામીકૃત તત્ત્વાર્થસૂત્રની ટીકા)

ટીકાકાર

**ડૉ. હુકમચન્દ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ. પીએચ.ડી., ડી. લિટ્

# અનુક્રમણિકા


ભૂમિકા ........................................................ ૧

પ્રથમ અધ્યાય ................................................ ૧૪

બીજો અધ્યાય ................................................ ૮૮

ત્રીજો અધ્યાય ................................................ ૧૩૭

ચોથો અધ્યાય ................................................ ૧૭૭

પાંચમો અધ્યાય ................................................ ૨૦૩

છઠ્ઠો અધ્યાય ................................................ ૨૩૬

સાતમો અધ્યાય ................................................ ૨૬૨

આઠમો અધ્યાય ................................................ ૨૮૯

નવમો અધ્યાય ................................................ ૩૨૫

દસમો અધ્યાય ................................................ ૩૯૩

# તત્ત્વાર્થમણિ પ્રદીપ

## (આચાર્ય ઉમાસ્વામી કૃત તત્ત્વાર્થસૂત્રની ટીકા)

## ભૂમિકા

### મંગલાચરણ

(दोहा)

**शुद्धातम अर पंचपद नमकर बारम्बार।**
**मणिप्रदीप प्रस्तुत करूँ तत्त्वार्थ का सार।।**

**(रोला)**

**तत्वारथ का सार सूत्र में जो प्रतिपादन।**
**उमास्वामी ने किया परमपावन मनभावन।।**
**पूज्यपाद अकलंक सु विद्यानन्द महोदय।**
**टीकाकार महान संत सद्भाग्य दयोदय।।१।।**
**इन सबका ही सार सरल भाषा-शैली में।**
**जन-जन के हित हेतु सहज अनुपम शैली में।।**
**लिखने का है भाव भव्यजन इसे चाव से।**
**पढ़ना बारम्बार प्रेम से भक्तिभाव से।।२।।**

ઓછામાં ઓછું લખીને વધારેમાં વધારે પ્રસિદ્ધિ પ્રાપ્ત આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામીના તત્ત્વાર્થસૂત્રથી જૈન સમાજ જેટલો પરિચિત છે; તેમના જીવન પરિચયના સંદર્ભમાં એટલા જ અપરિચિત છે.

કહેવાય છે કે આચાર્ય ઉમાસ્વામી, આચાર્ય કુંદકુંદના (પટ્ટશિષ્ય) મુખ્ય શિષ્ય હતા. તેઓશ્રી વિક્રમની પ્રથમ (શતાબ્દીના) સૈકાના ઉત્તરાર્ધના અંતમા તથા બીજા સૈકાના પૂર્વાર્ધમાં ભારતભૂમિને શોભાયમાન કરી રહ્યા હતા.

આચાર્ય ગૃદ્ધપિચ્છ ઉમાસ્વામી એવાં ગૌરવશાળી (પ્રતિભાવંત) આચાર્યોમાંથી છે કે **જેમને સમગ્ર આચાર્ય પરંપરામાં પૂર્ણ પ્રમાણિકતા અને અસીમ સમ્માન પ્રાપ્ત છે.** તેમના સૂત્ર ગ્રન્થ મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્ર બીજું નામ મોક્ષશાસ્ત્રને જૈન પરંપરામાં ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત છે; જે સ્થાન

હિન્દુધર્મમાં ગીતાને, ખ્રિસ્તીઓમાં બાઈબલને અને ઈસ્લામમાં કુરાનને છે. અધિકાંશ જૈન, મુખ્યત્વે માતા-બહેનો તેનું દરરોજ (પાઠ) વાંચન કરે છે-સ્વાધ્યાય કરે છે.

ફક્ત સાત-આઠ પૃષ્ઠોમાં સમાવેશ થવાવાળી આ મહાનતમ (કૃતિ) રચાનાના સંદર્ભમાં કહેવાય છે કે

**दशाध्याये परिच्छिन्ने तत्त्वार्थे पठिते सति ।**
**फलं स्यादुपवासस्य भाषितं मुनिपुङ्गवैः ।।**

તત્ત્વાર્થસૂત્રના દશ અધ્યાયોના ભાવને સારી રીતે (જેમ સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે તેમ) જાણીને તેનો સ્વાધ્યાય-અભ્યાસ કરવાથી એક ઉપવાસ કરવાનું ફળ પ્રાપ્ત થાય છે એવું કથન મુનિપુંગવ એટલે કે મુનિઓમાં શ્રેષ્ઠ મુનિરાજો દ્વારા કહેવામાં આવ્યું છે.

આ શાસ્ત્રમાં પ્રયોજનભૂત તત્ત્વોનું વર્ણન ઘણી જ ખૂબીથી આચાર્ય ભગવાને ભરી દીધું છે કે જાણે ગાગરમાં સાગર આ કહેવતને સાર્થક કરતું આ તત્ત્વાર્થસૂત્ર નામક સૂત્રગ્રંથ જૈન આગમોમાં સંસ્કૃત ભાષામાં સર્વપ્રથમ શાસ્ત્ર રચાયું છે. જૈન ગ્રંથોમાં સૌથી પ્રાચીન ગ્રંથ ઉપલબ્ધ છે.

સૂત્રપદની (વ્યાખ્યા) જયધવલમાં આ પ્રકારે મળી આવે છે.

**अल्पाक्षरमसंदिग्धं सारवद् गूढनिर्णयम् ।**
**निर्दोषं हेतुमत्तथ्यं सूत्रमित्युच्यते बुधैः ।।१।।**

જે થોડા અક્ષરોથી સંયુક્ત હોય, સંદેહ-શંકાથી રહિત હોય, જેમાં સાર ભર્યો હોય, ગૂઢ પદાર્થોના નિર્ણય કરવાવાળા હોય, નિર્દોષ હોય, (યુતિયુક્ત) પ્રમાણિત અને યથાર્થ હોય. તેને (બુધજન) જ્ઞાની સૂત્ર કહે છે.

આ મહાન ગ્રંથ પર સંસ્કૃત ભાષામાં આચાર્ય દેવનન્દિએ સર્વાર્થસિદ્ધિ નામક વૃત્તિ, આચાર્ય અકલંકદેવે તત્ત્વાર્થરાજવાર્તિક (સભાષ્ય) અને આચાર્ય વિદ્યાનન્દે શ્લોકવાર્તિક (સભાષ્ય) નામક વાર્તિક લખ્યા. જે આજે પણ ઉપલબ્ધ છે.

ભારતીય જ્ઞાનપીઠ દ્વારા જે રાજવાર્તિક છપાયેલ છે. તેમાં જે બોલ્ડ ટાઈપ છે જેના ઉપર નંબર આપેલ છે તે વાર્તિક છે અને નંબરો પછી

સાદા ટાઈપમાં જે મેટર છાપી છે તે ભાષ્ય છે. આ પ્રમાણે શ્લોકવાર્તિકમાં વાર્તિક શ્લોકમાં છે અને ભાષ્ય ગદ્યમાં છે.

**જેમાં સૂત્રોના પદોનો આશ્રય લઈને દરેક પદ પર વિવેચન કરવામાં આવે છે તેને વૃત્તિ કહે છે.**

શ્લોકવાર્તિકમાં વાર્તિકની વ્યાખ્યા આ પ્રકારે આપી છે.

**वार्तिकं हि सूत्राणामनुपपति चोदना तत्परिहारो विशेषाभिधानं प्रसिद्धम् ।** સૂત્રનો જન્મ ન થવા દેવો તથા સૂત્રોના અર્થને સિદ્ધ ન થવા દેવા માટેનો ઉહાપો અથવા તર્ક કરવા અને તેને ટાળી દેવું, તથા ગ્રંથના વિશેષ અર્થને (સિદ્ધ) પ્રતિપાદિત કરવું તે વાર્તિક છે.

**સૂત્ર ગ્રન્થોના વિસ્તૃત વિવેચનને ભાષ્ય કહે છે.**

કહેવાય છે કે આચાર્ય સમંતભદ્રે આના પર **'ગંધહસ્તિમહાભાષ્ય'** નામક ભાષ્ય લખ્યું હતું જે આજે ઉપલબ્ધ નથી. કહે છે કે તત્ત્વાર્થસૂત્રના મંગલાચરણને આધાર બનાવીને લખાયેલ દેવાગમ સ્તોત્ર અર્થાત્ આપ્તમીમાંસા તે ગંધહસ્તિમહાભાષ્યનું જ મંગલાચરણ છે.

આ મંગલાચરણરૂપ **દેવાગમસ્તોત્ર** અર્થાત્ **આપ્તમિમાંસા** પર અકલંકદેવે આઠસો શ્લોક પ્રમાણ, **અષ્ટશતી** નામનો ગ્રંથ લખ્યો અને આચાર્ય વિદ્યાનન્દે ઉક્ત અષ્ટશતીને ગર્ભિત કરતો થકો આઠ હજાર શ્લોક પ્રમાણ **અષ્ટસહસ્રી** નામનો મહાન ગ્રંથ લખ્યો. આ ઉપરાંત યોગીન્દ્રદેવ કૃત **તત્ત્વપ્રકાશિકા**, અભયનન્દિ કૃત **તત્ત્વાર્થવૃત્તિ**, ભાસ્કરનંદિ કૃત **સુખબોધાતત્ત્વાર્થવૃત્તિ** આદિ અનેક ટીકાઓ સંસ્કૃત ભાષામાં મળી આવે છે.

હિન્દી ભાષામાં પણ આના પર વચનિકારૂપે અનેક ટીકાઓ લખાય ગઈ. આધુનિક વિદ્વાનોએ પણ આના પર કલમ ચલાવી છે. આ પ્રમાણે આ જૈનદર્શનનો સર્વાધિક લોકપ્રિય સર્વમાન્ય સૂત્ર ગ્રંથ છે.

આ ગ્રંથમાં દશ અધ્યાયોમાં નાના-મોટા મળીને કુલ ૩૫૭ સૂત્ર છે અને મંગલાચરણનો એક છન્દ છે.

ગ્રંથના નામમાં મૂળ શબ્દ 'તત્ત્વાર્થ' છે. તત્ત્વાર્થોનો અત્યંત સંક્ષેપમાં પ્રતિપાદન કરવાથી તેનું નામ તત્ત્વાર્થસૂત્ર રાખવામાં આવ્યું છે. સૂત્રનો અર્થ જ સંક્ષિપ્ત થાય છે. મૂળ શબ્દ **તત્ત્વાર્થ** હોવાથી જ સર્વાર્થસિદ્ધિ નામક તેની ટીકાને **તત્ત્વાર્થવૃત્તિ** રાજવાર્તિક નામક વાર્તિકને **તત્ત્વાર્થવાર્તિક** અને શ્લોકોમાં લખાયેલ વાર્તિકને **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** કહેવામાં આવે છે. આ પ્રમાણે આપણે જોઈએ તો **આ ગ્રંથોમાં તત્ત્વાર્થોના સૂત્ર, વૃત્તિ અને વાર્તિકોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.**

આ પ્રમાણે સર્વ પ્રથમ વિક્રમ સંવતનાં બીજા સૈકાના પ્રારંભમાં આચાર્ય ઉમાસ્વામી દ્વારા તત્ત્વાર્થોના સૂત્રના રૂપમાં પ્રતિપાદન કરવામાં આવ્યા.

તે ઉપરાંત છઠ્ઠા સૈકામાં આચાર્ય પૂજ્યપાદ બીજું નામ દેવનન્દિ દ્વારા ઉક્ત સૂત્રમાં પ્રતિપાદિત તત્ત્વાર્થોનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે **બાર હજાર શ્લોક પ્રમાણ** તત્ત્વાર્થવૃત્તિ લખાઈ છે જેનું નામ **સર્વ અર્થને સિદ્ધ કરવાવાળી હોવાથી સર્વાર્થસિદ્ધિ રાખવામાં આવ્યું.**

આના પછી વિક્રમ સંવતની આઠમા સૈકામાં આચાર્ય અકલંકદેવે ઉક્ત તત્ત્વાર્થોનો વિસ્તારથી વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે સોળ હજાર શ્લોક પ્રમાણ ભાષ્ય સહિત વાર્તિક લખ્યા જેને તત્ત્વાર્થવાર્તિક, તત્ત્વાર્થરાજવાર્તિક અથવા એકલા **રાજવાર્તિક** કહેવાય છે.

તદ્ ઉપરાંત વિક્રમનાં નવમા સૈકામાં આચાર્ય વિદ્યાનન્દે વિશેષ વિસ્તારથી પ્રતિપાદન માટે વીસ હજાર શ્લોકમાં ભાષ્ય સહિત વાર્તિક લખ્યા, જેનું નામ તત્ત્વાર્થશ્લોકવાર્તિક રાખ્યું. તેને એકલું **શ્લોકવાર્તિક** નામથી પણ જાણવામાં આવે છે.

ધ્યાન રહે શ્લોક પ્રમાણમાં બત્રીસ અક્ષરોનો એક શ્લોક માનવામાં આવે છે. એના આધાર પર ગ્રંથોના પરિમાણની (સંખ્યા) ગણતરી કરવામાં આવે છે.

તત્ત્વાર્થોના સૂત્ર, વૃત્તિ અને વાર્તિકના રૂપમાં પ્રતિપાદનના સિવાય અત્યધિક વિસ્તાર પ્રતિપાદન માટે ભાષ્ય લખવામાં આવ્યા.

કહેવાય છે કે વિક્રમના બીજા સૈકામાં આચાર્ય સમંતભદ્રે આના પર **ચૌર્યાસી હજાર શ્લોક પ્રમાણ એક મહાભાષ્ય લખ્યું છે** જે અત્યારે ઉપલબ્ધ નથી. એક ભાષ્ય શ્વેતામ્બર સંપ્રદાયમાં લખાયો છે, જેનું નામ તત્ત્વાર્થાધિગમ ભાષ્ય છે.

આચાર્યદેવ કુંદકુંદકૃત મહાન ગ્રંથ સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાય પર અત્યંત ગંભીર ટીકાઓ પ્રસ્તુત કરવાવાળા તથા પુરુષાર્થસિદ્ધિઉપાય જેવા શ્રાવકાચાર તથા લઘુસ્ફોટ જેવી સ્તુતિ કાવ્યના લેખક દશમા સૈકાના આચાર્ય અમૃતચંદ્રદેવે પણ તત્ત્વાર્થસૂત્રને આધાર બનાવી તત્ત્વાર્થસાર નામનો ગ્રંથ લખ્યો છે જે ગદ્યમાં નહીં પણ પદ્યમાં છે.

ઉક્ત ગ્રંથ પણ તત્ત્વ અથવા અર્થનો નહીં, પરંતુ તત્ત્વાર્થનું જ વિવેચન છે. તેની સાથે લાગેલ 'સાર' એ વાતનું સૂચક છે કે આ ગ્રંથમાં અમૃતચંદ્રાચાર્યના પહેલા લખાયેલ તત્ત્વાર્થ પ્રતિપાદક બધા જ શાસ્ત્રોનો સાર આમાં સમાવિષ્ટ છે. જોકે આ વાત પરમ સત્ય છે, તોપણ તત્ત્વાર્થસૂત્રના આધાર પર લખાયેલ આ શાસ્ત્રમાં આચાર્ય અકલંકદેવના તત્ત્વાર્થરાજવાર્તિકનો વિશેષ આધાર લીધો છે. અનુષ્ટુપ (શ્લોક) છંદમાં લખાયેલ આ તત્ત્વાર્થસાર નામના આ શાસ્ત્રમાં કુલ ૬૮૬ અનુષ્ટુપ (શ્લોકો) છંદ છે.

**આમ આપણે જોયું કે ઉપર્યુક્ત બધા જ મહાન ગ્રંથોનો મૂળ આધાર એકમાત્ર આચાર્ય ઉમાસ્વામી કૃત તત્ત્વાર્થસૂત્ર જ છે.** ધ્યાન દેવા બાબત એ છે કે તત્ત્વાર્થસૂત્ર ઉપર લખાયેલ સર્વાર્થસિદ્ધિ વૃત્તિ અને તત્ત્વાર્થરાજવાર્તિકના સંદર્ભમાં કહેવાય છે કે :

**प्रमाणमकलंकस्य पूज्यपादस्य लक्षणम् ।।**

**પ્રમાણશાસ્ત્રમાં અકલંકદેવનું તત્ત્વાર્થરાજવાર્તિક અને લક્ષણશાસ્ત્રમાં પૂજ્યપાદસ્વામીની સર્વાર્થસિદ્ધિ મૂળ આધાર ગ્રંથ છે.**

આ પ્રમાણે આપણે જોયું કે :

૧) પ્રમાણશાસ્ત્ર અને લક્ષણશાસ્ત્રનો મૂળ આધાર પણ તત્ત્વાર્થસૂત્ર પર લખાયેલ ટીકાઓ જ છે.

૨) આ પ્રમાણે ન્યાય શાસ્ત્રનો આધાર ગ્રંથ પણ આ ગ્રંથના મંગલાચરણ પર લખાયેલ આપ્તમિમાંસા અને તેની ટીકા અષ્ટશતી તથા અષ્ટસહસ્રી છે.

આમ આ સુનિશ્ચિત છે કે જૈનદર્શન સંબંધી પ્રમાણશાસ્ત્ર અને લક્ષણશાસ્ત્રનું મૂળ ઉદગમ્ સ્થાન આ ગ્રંથરાજ છે.

આપ સૌને સુવિદિત છે કે ન્યાયના સૂત્ર ગ્રંથ પરીક્ષામુખ પણ આચાર્ય અકલંકદેવ કૃત તત્ત્વાર્થરાજવાર્તિકના આધારે લખાયેલ છે. **ન્યાય શાસ્ત્રમાં આચાર્ય માણિક્યનંદિ કૃત પરીક્ષામુખ સૂત્રનું સ્થાન એજ છે, જે સ્થાન સિદ્ધાંતશાસ્ત્રોમાં તત્ત્વાર્થસૂત્રનું છે.**

પરીક્ષામુખ સૂત્ર પર લખાયેલ અનંતવીર્ય આચાર્યકૃત પ્રમેયરત્નમાલા નામની ટીકા અને પ્રભાચંદ્રાચાર્ય કૃત પ્રમેયકમલમાર્તંડ નામના મહાન ગ્રંથનું ન્યાયતંત્રમાં જે સ્થાન છે તે સિદ્ધાંત શાસ્ત્રોમાં સર્વાર્થસિદ્ધિ અને તત્ત્વાર્થરાજવાર્તિકનું છે.

આ પ્રમાણે સુનિશ્ચિત છે કે સંપૂર્ણ ન્યાયશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્ર અને તેની ટીકાઓનું ઋણી છે.

પ્રાચીનકાળમાં કોઈપણ વિષયના પ્રતિપાદન માટે સૂત્ર, વૃત્તિ, વાર્તિક અને ભાષ્ય લખવામાં આવે છે. જૈનદર્શનમાં તત્ત્વાર્થ એક એવો વિષય છે, જેનું જાણવું મુક્તિમાર્ગમાં અત્યંત આવશ્યક છે. કેમકે મુક્તિમાર્ગનું મૂળ સમ્યગ્દર્શન તત્ત્વાર્થોની શ્રદ્ધાનું જ નામ છે.

તત્ત્વાર્થ શું છે?..... આનું પ્રતિપાદન જ આ બધા ગ્રંથોનું મૂળ પ્રતિપાદ્ય છે. તત્ત્વાર્થ સાત હોય છે, તેનું કથન પ્રથમ અધ્યાયના ચોથા સૂત્રથી જ પ્રારંભ થાય છે.

મોક્ષમાર્ગ અને મોક્ષનું પ્રતિપાદન કર્યું હોવાથી આને મોક્ષશાસ્ત્ર પણ કહે છે. આ પ્રમાણે આ ગ્રંથના તત્ત્વાર્થસૂત્ર અને મોક્ષશાસ્ત્ર આ બે નામ પ્રસિદ્ધ છે.

ધ્યાન રહે કે વૃત્તિ, વાર્તિક અને હિન્દી વચનિકાઓ આ બધા એક પ્રકારની નાની-મોટી વિભિન્ન પ્રકારની શૈલીમાં લખાયેલ ટીકાઓ જ છે.

આ પ્રમાણે આ નાના એવા સૂત્રગ્રંથ પર લખાયેલ ગંભીર વિશાળ અને વાજબી ગ્રંથોની સમૃદ્ધ પરંપરા છે.

આ ગ્રંથરાજ જૈન સમાજ દ્વારા સંચાલિત બધી જ પરીક્ષાબોર્ડમાં

પાઠ્યક્રમમાં નિર્ધારિત છે ને ભારતવર્ષના બધા જ જૈન વિદ્યાલયમાં તે ભણાવવામાં આવે છે.

આચાર્ય કુંદકુંદદેવકૃત સમયસાર, પ્રવચનસાર અને નિયમસાર ગ્રંથો પર લખાયેલ મારા અનુશીલનોને વાંચીને અનેક અધ્યાત્મપ્રેમી આત્માર્થી બંધુઓને એક ઉચ્ચ ભાવ આવ્યો કે હું પણ ઉક્ત પરંપરાને– આધાર બનાવીને તત્ત્વાર્થો વિવેચન કરું.

મને પણ આ પ્રકારનો ભાવ હતો, પણ અધ્યાત્મ પર વિશેષ રુચિ હોવાથી મારી દૃષ્ટિ આચાર્ય કુંદકુંદ પર જ કેન્દ્રિત રહી. પાછલા ૨૨ વર્ષોથી હું એક પ્રકારથી કુંદકુંદમય જ થઈ ગયો છું. આજ સુધી મેં આચાર્ય કુંદકુંદ અને એની કૃતિઓ ઉપર સાત હજાર પાનાં લખ્યાં છે.

**તત્ત્વાર્થસૂત્ર નામના સૂત્રગ્રંથમાં જૈનદર્શનનું મૂળ પ્રતિપાદ્ય અત્યંત સંક્ષેપમાં છે. જોકે આ પરમ સત્ય છે કે સૂત્ર ગ્રંથમાં તો સંક્ષિપ્ત કથન જ હોય છે, તોપણ આ તો એટલો વધારે સંક્ષિપ્ત થઈ ગયો છે કે આ ગ્રંથ જૈન દર્શનના મૂળ પ્રતિપાદ્યનો માત્ર સૂચિ-પત્ર (અનુક્રમણિકા) બનીને રહી ગયો છે.**

જે કાંઈપણ વિસ્તાર છે તે બધો ટીકા ગ્રંથોમાં જ છે. ટીકા ગ્રંથોમાં ભરપૂર અવકાશ હતો. માટે તેમાં તે બધું જ ભરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે જેની અત્યંત જરૂરીયાત હતી.

તે ટીકા ગ્રંથોમાં કોઈ તો વધારે વિસ્તારવાળા ગ્રંથ છે ને કોઈ અત્યંત ગંભીર છે. માટે તેના પર ઘણી ટીકાઓ લખવી પડી, વિધવિધ ભાષાઓમાં તેનો અનુવાદ થયો. આ પ્રમાણે એક બહુ મોટું વટવૃક્ષ ઊભું થયું.

અંતરના ઊંડાણથી મને એવું પ્રતીતિ થઈ રહ્યું છે કે મારે પણ આ ધારામાં મારા શ્રદ્ધા-સુમન સમર્પિત કરવા જોઈએ. એનાથી એક લાભ તો એ થશે કે મને પણ તેનો ઊંડો અભ્યાસ થશે.

બીજી વાત એ છે કે મારા સાહિત્યના અનુયાયીઓ અધ્યાત્મ રુચિવાળા વાંચકોને પણ સહજમાં આ વિષયમાં કાંઈને કાંઈ પરિચય થશે.

આચાર્ય ઉમાસ્વામી કૃત તત્ત્વાર્થસૂત્ર અને તેના પર લખાયેલ ટીકાઓમાં મારી ઊંડી રુચિ રહી છે તેનો અભ્યાસ પણ મેં યથાશક્તિ કર્યો છે.

આ મહાશાસ્ત્રમાં અનેક એવા પ્રસંગ છે જેનો વિશેષ સ્પષ્ટીકરણ કરવાનો ભાવ મને રહે છે. ફક્ત ઉક્ત પ્રસંગો પર ખુલાસો કરવાની અપેક્ષા પૂરા ગ્રંથ પર જ ખુલાસો કરવાનો ઠીક રહેશે. આ વિચારથી જ તત્ત્વાર્થમણિપ્રદીપ ગ્રંથ રચાયો છે.

આ તત્ત્વાર્થમમણિપ્રદીપ ગ્રંથ એક પ્રકારથી તત્ત્વાર્થસૂત્રની ટીકા જ છે.

મને વિશ્વાસ છે કે આ તત્ત્વાર્થમણિપ્રદીપ ગ્રંથ, પરમ તત્ત્વાર્થરૂપ નિજ ભગવાન આત્માની સાથે સાથે બધા જ તત્ત્વાર્થોનો ખુલાસો કરવામાં સફળ થઈશ. આ સરળ-સુબોધ કૃતિથી બધા જ આત્માર્થી ભાઈ-બહેનો લાભાન્વિત થશે. જે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની સાથે સાથે પ્રયોજનભૂત તત્ત્વાર્થોથી પણ પરિચિત થવા માંગે છે.

જો કે આ પ્રકારનો ભાવ ઘણા વખતથી ચાલી રહ્યો હતો છતાં પણ કાળલબ્ધિ આવ્યા વિના કાંઈ જ સંભવ નથી.

લાગે છે કે હવે આની કાળલબ્ધિ આવી ગઈ છે. અને મને તત્ત્વાર્થોની આ પરંપરા પર લખવાના અધિકતમ ભાવ આવી રહ્યા છે. પરંતુ તેનું પૂર્ણ થવું કાળલબ્ધિ અને હોનહાર પર નિર્ભર છે. મારો પ્રયાસ તો રહેશે જ. આમાં કોઈનેય તે કાંઈપણ વિકલ્પ કરવાનો અવકાશ નથી. કેમકે હું આને મારી વૃદ્ધાવસ્થામાં પણ મારા ચિત્તની શુદ્ધિ માટે લખી રહ્યો છું. જો આનાથી બીજા આત્માર્થી બંધુઓને પણ કાંઈ લાભ પ્રાપ્ત થશે તો મને ઘણી જ પ્રસન્નતા થશે.

ધ્યાન રહે, મારી અધ્યાત્મરુચિનું પ્રતિફળ (પરિણામરૂપ પ્રાપ્ત થયેલ ફળ) તો આમાં અહીં તહીં થશે જ, પણ મુખ્ય પ્રતિપાદન તો મૂળ ગ્રંથમાં પ્રતિપાદિત વિષયાનુસાર જ રહેશે. જો કે પ્રસ્તાવિત આ ગ્રંથના અનુશીલનમાં તત્ત્વાર્થસૂત્રના સંબંધમાં વર્તમાન ઉપલબ્ધ બધા જ સાહિત્યનો યથાસંભવ સહયોગ લેવામાં આવશે, ઉપયોગમાં લેવામાં આવશે; છતાં પણ વધારે વિસ્તારમાં ન ઉતરતાં આને મધ્યમરૂપમાં જ પ્રસ્તુત કરવાનો વિકલ્પ છે. પછી યથાશક્તિ જે થશે જે થશે. વધારે વિચારો કરવાથી શું લાભ છે?

## મંગલાચરણ

(अनुष्टुप)

**मोक्षमार्गस्य नेत्तारं, भेत्तारं कर्मभूभृताम् ।**
**ज्ञातारं विश्व तत्त्वानां, वंदे तद्‌गुणलब्धये ।।**

(હરિગીત)

**મોક્ષમાર્ગ કે નેતા એવં કર્મ પર્વતોં કે ભેદક,**
**ઔર વિશ્વ કે સબ તત્ત્વોં કે જ્ઞાયક ચેતન સંવેદક;**
**સદ્‌ગુણ આપ સમાન પ્રાપ્ત હો યહી ભાવના ભાકર દેવ,**
**વિનયપૂર્વક કરૂં વંદના વારંવાર જિનેશ્વરદેવ.**

***મોક્ષમાર્ગના નેતા—મોક્ષમાર્ગના પ્રવર્તાવનાર અર્થાત્ ચલાવનાર, કર્મરૂપી પર્વતોના ભેદનાર અર્થાત્ નાશ કરનાર, વિશ્વના અર્થાત્ બધા જ તત્ત્વોના જાણનાર, હે જિનેશ્વરદેવ! હું આપના સમાન ગુણોની પ્રાપ્તિ માટે હું આપને પ્રણામ કરું છું—વારંવાર વંદના કરું છું.***

કર્મરૂપી પર્વતોના ભેદક અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય—આ ચાર ઘાતિકર્મોનો અભાવ કરવાવાળા તથા વિશ્વના બધા જ તત્ત્વો અર્થાત્ દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત બધા જ પદાર્થોને જાણવાવાળા હે વીતરાગી—સર્વજ્ઞ અર્હંતદેવ! આપ દિવ્યધ્વનિ દ્વારા ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપો છો. માટે હિતોપદેશી છો. મોક્ષમાર્ગના નેતા છો. કેમકે આપ બધાને મોક્ષમાર્ગમાં લઈ જવાવાળા છો.

**ઉક્ત ગુણોની પ્રાપ્તિ મને પણ થાવ, આ ભાવનાથી હું આપને વારંવાર નમસ્કાર કરું છું.**

જે વીતરાગી, સર્વજ્ઞ અને હિતોપદેશી હોય, તે આપ્ત છે. સાચા દેવ છે. આપ્તની વ્યાખ્યામાં સમાગત ઉક્ત ત્રણ વિશેષણોનો આધાર લઈને જ ઉપરોક્ત છંદમાં સાચા દેવને અરિહંત પરમેષ્ઠીને, તીર્થંકર અરિહંતને નમસ્કાર કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત ગુણોને આધાર લઈને આચાર્ય સમંતભદ્રે આપ્તમિમાંસા, આચાર્ય વિદ્યાનંદે આપ્તપરીક્ષા નામનો ગ્રંથ લખ્યો છે. જેમાં ક્રમશઃ

આપ્તનું સ્વરૂપ પર મીમાંસા કરી છે, આપ્તની પરીક્ષા કરવામાં આવી છે. આ પ્રમાણે આ મંગલાચરણમાં પણ ગ્રંથોનો જનક છે.

આચાર્ય સમંતભદ્રકૃત આપ્તમીમાંસા ટીકાઓ તો અષ્ટશતી અને અષ્ટસહસ્રી છે જ. આચાર્ય વિદ્યાનંદકૃત આપ્ત પરીક્ષાની ત્રણ હજાર શ્લોક પ્રમાણ ટીકા આચાર્ય શ્રી વિદ્યાનંદે સ્વયં લખેલ છે એટલે જ તેને સ્વોપજ્ઞટીકા કહે છે.

આપ્તમિમાંસા અને તેની ટીકાઓમાં સર્વપ્રથમ સર્વજ્ઞતાની સિદ્ધિ સામાન્યરૂપથી અને વિશેષરૂપથી કરવામાં આવી છે.

સામાન્ય સર્વજ્ઞસિદ્ધિનો આશય એ છે કે લોકમાં સર્વજ્ઞની સત્તા છે કે નહીં? કોઈ વ્યક્તિ સર્વજ્ઞ થઈ શકે કે નહીં. આ વિષય પર ગંભીરતાથી મંથન કરી અનેક તર્ક અને યુક્તિઓથી એ સિદ્ધ કરવું છે કે લોકમાં સર્વજ્ઞની સત્તા સંભવ છે. સામાન્ય સર્વજ્ઞસિદ્ધિ થઈ જવા ઉપરાંત પરસ્પર અવિરોધી વચનોના આધાર પર અરિહંતપદને પ્રાપ્ત કોઈ વ્યક્તિ વિશેષને સર્વજ્ઞ સિદ્ધ કરવા વિશેષ સર્વજ્ઞસિદ્ધિ છે.

આપ્તમીમાંસામાં સામાન્ય સર્વજ્ઞસિદ્ધિ થઈ જવા ઉપરાંત પૂર્વાપર અવિરોધી વચનોના આધાર પર અરિહંત ભગવાનને સર્વજ્ઞ સિદ્ધ કર્યા, સાથે એ પણ દર્શાવ્યું કે—પૂર્વાપર વિરોધી વચનોના કારણે કપિલાદિ સર્વજ્ઞ નથી.

પ્રશ્ન : **અહીં એક પ્રશ્ન સંભવે છે કે** ત્યાં તો આપે અરિહંતપદમાં સર્વજ્ઞતા સિદ્ધ કરી, તો આ વિશેષ સર્વજ્ઞસિદ્ધિ ક્યાં થઈ? અરહંતપદ સામાન્ય હોવાથી આ પણ એક પ્રકારે સામાન્ય સર્વજ્ઞસિદ્ધિ જ થઈ.

ઉત્તર : **આમ નથી,** કેમકે સામાન્ય સર્વજ્ઞસિદ્ધિમાં તો **એ સિદ્ધ કરવામાં આવે છે કે આ લોકમાં સર્વજ્ઞની સત્તા સંભવે છે. બધાને જાણવું, પ્રત્યક્ષ જાણવું અસંભવ નથી. ફક્ત આ સિદ્ધ કરવું જ સામાન્ય સર્વજ્ઞસિદ્ધિ છે.**

અરહંતપદને પ્રાપ્ત વ્યક્તિ બધા દ્રવ્યોને (તેના ગુણ-પર્યાયો સહિત) એક સમયમાં જાણે છે. જાણી લે છે. આ સિદ્ધ કરવું તે વિશેષ સર્વજ્ઞસિદ્ધિ છે.

આના પરથી જો કોઈ એ કહે કે ઋષભદેવ તથા મહાવીરને સર્વજ્ઞ સિદ્ધ કરવા વિશેષ સર્વજ્ઞસિદ્ધિ કેમ નહીં?

**તો એનો સામો જવાબ એ છે કે ઋષભદેવ અને મહાવીર જન્મથી લઈને મૃત્યુ સુધી શરીરમાં રહેવાવાળા વ્યક્તિનું નામ છે. ઋષભદેવ તથા મહાવીર જન્મથી સર્વજ્ઞ ન હતા. પરંતુ અરિહંતપદને પ્રાપ્ત વ્યક્તિ વિશેષ તો નિયમથી જ સર્વજ્ઞ હોય છે.**

**માટે અરહંતને સર્વજ્ઞ સિદ્ધ કહેવા તે વિશેષ સર્વજ્ઞસિદ્ધિ છે. તે કથન પૂર્ણપણે નિર્દોષ છે.**

આ જ કારણે જિનાગમમાં બધે જ એમ જ કહ્યું છે કે **जिणेहिं णिदिट्ठ** જિનેન્દ્ર ભગવાને કહ્યું છે **भणिदो खलु सव्वदरिसिहिं** સર્વદર્શી અરહંત ભગવાન દ્વારા કહેવામાં આવ્યું છે. ક્યાંય પણ એમ નથી કહ્યું કે ઋષભદેવ અથવા મહાવીરે કહ્યું છે.

ધ્યાન રહે કે અસિ, મસિ, કૃષિ વગેરેનો ઉપદેશ રાજા ઋષભદેવે દિધો હતો. ભગવાન ઋષભદેવે નહીં અથવા મહાવીરે નહીં.

**આ તો તમે જાણો જ છો કે અરહંતપદ પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. તો હવે આપણે અરહંત બનવું છે પણ મહાવીર કે ઋષભદેવ નથી બનવું.**

પ્રશ્ન : દીક્ષા લેતી વખતે નામ બદલવાનું કારણ શું આજ હોઈ શકે?

ઉત્તર : હોઈ શું શકે, આ જ કારણ છે. કેમકે જે પ્રકારે શુદ્ધ સાત્ત્વિક જીવન મુનિ અવસ્થામાં જ હોય છે. આ પ્રકારનું શુદ્ધ સાત્વિક જીવન તેના પૂર્વ ગૃહસ્થ જીવનમાં કેમ હોઈ શકે?

પ્રશ્ન : આ પ્રમાણે તો તીર્થંકરપદના વિષયમાં પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે?

ઉત્તર : નહીં, ક્યારેય નહીં, કેમકે તીર્થંકર પ્રકૃતિનો ઉદય તેરમાં ગુણસ્થાનમાં હોવાથી તીર્થંકર તો નિયમથી સર્વજ્ઞ હોય છે.

**ખરેખર, વાત તો એમ છે કે તેરમા ગુણસ્થાન પહેલા કોઈ વ્યક્તિ**

**ન તો સર્વજ્ઞ છે કે ન તો અરહંત છે. અને ન તો તીર્થંકર છે. આ ત્રણેય અવસ્થાઓ એક સાથે જ પ્રગટ થાય છે. વસ્તુતઃ વાત એમ છે કે તેરમા ગુણસ્થાનવર્તી તીર્થંકર અરહંત ભગવાનને જ આપ્ત કહેવામાં આવ્યા છે.**

આ પ્રમાણે આપ્તમીમાંસામાં સર્વપ્રથમ બંને સર્વજ્ઞસિદ્ધિઓને સફળતાપૂર્વક સ્થાપિત કરીને પછી સ્યાદ્‌વાદના માધ્યમ દ્વારા અનેકાંતની સ્થાપના કરી છે.

આપ્તપરીક્ષામાં મુખ્યરૂપથી જગતકર્તા, ઈશ્વર, સુગત, કપિલ વગેરેની પરીક્ષા કરતી વખતે અનેક તર્ક અને યુક્તિઓથી એ સિદ્ધ કર્યું છે કે તેઓ સર્વજ્ઞ નથી અને છેલ્લે અરહંત ભગવાન જ સર્વજ્ઞ છે એમ સિદ્ધ કર્યું છે.

**આ પ્રમાણે સંપૂર્ણ ન્યાયશાસ્ત્રનો મૂળ આધાર આ તત્ત્વાર્થસૂત્ર ગ્રંથ અને તેની ટીકાઓ જ રહી છે.**

વિશેષ ધ્યાન દેવા જેવી બાબત એ છે કે અહીંયા મંગલાચરણમાં તીર્થંકર અરિહંત પરમાત્માની સ્તુતિમાં ન તો કોઈ પ્રકારની અતિશયોની ચર્ચા કરી છે અને ન તો કોઈ પ્રકારના લૌકિક કાર્યોની સિદ્ધિ કે વિષયભોગોની પ્રાપ્તિ, શત્રુઓના પરાભવની કે ધન-સંપત્તિની પ્રાપ્તિની ઈચ્છા કરવામાં આવી છે.

**વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ વીતરાગતા અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ માટે જ વીતરાગભાવથી કરવામાં આવી છે, તેમની દિવ્યધ્વનિ સાંભળવાની ભાવનાથી કરી છે.**

આ પ્રકારે આ સુનિશ્ચિત છે કે આ મંગલાચરણના છંદને આધાર બનાવીને લખાયેલ આચાર્ય સમંતભદ્ર કૃત દેવાગમ સ્તોત્ર તથા અન્ય સ્તુતિ સાહિત્ય ન કેવલ સર્વોત્કૃષ્ટ તથા આદર્શ સ્તુતિ સાહિત્ય છે અને જૈન ન્યાયનું મૂળ ઉદ્‌ભવ સ્થાન પણ છે.

આજના સ્તુતિ સાહિત્યમાં તો અનેક પ્રકારની વિકૃતિઓ આવી ગઈ છે. વીતરાગ સર્વજ્ઞ ભગવાનને કર્તાધર્તા બતાવીને, તેમનાથી ભોગોની ભીખ માંગવી, અનેક પ્રકારના સંકટોથી ઉગારવાની પ્રાર્થના કરવી, ત્યાં સુધી કે કલ્પિત શત્રુઓના વિનાશ કરવાની પ્રાર્થના કરવાની વાત તો સાવ આમ વાત થઈ ગઈ છે.

જો કે જૈનદર્શનના મૂળ સિદ્ધાંતોના વિરોધી આ પ્રકારના સ્તુતિ સાહિત્યને જૈન સ્તુતિ સાહિત્ય કહેવું પણ યોગ્ય નથી લાગતું. તોપણ ફોગટનો વિવાદથી બચવા માટે આ બધો વ્યવહારનયથી કરવામાં આવેલ ઉપચરિત કથન છે એવું કહીને, માનીને ઉપેક્ષા કરવાને યોગ્ય છે.

તાત્પર્ય એ છે કે એકમાત્ર વીતરાગી-સર્વજ્ઞ પરમાત્મા જ ઈષ્ટદેવ છે. અને તેમની દિવ્યધ્વનિમાં સમાવિષ્ટ વીતરાગી તત્ત્વજ્ઞાન જ એકમાત્ર ઉપાદેય છે. ગ્રહણ કરવાને યોગ્ય છે.

ખરેખર વિચાર કરવામાં આવે તો એકમાત્ર ત્રિકાળી ધ્રુવ, નિજ ભગવાન આત્મા જ જાણવા યોગ્ય છે, નિજરૂપ જાણવા-માનવા યોગ્ય છે. તેમાં જ આપણાપણું 'હું પણું' સ્થાપવું, તેમાં જ રમવું-જામી જવું, તેનું નામ જ નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. એકમાત્ર આ જ સાક્ષાત્ મુક્તિનો માર્ગ છે.

આમ આપણે જોઈએ કે તીર્થંકર અરહંત ભગવાન, દિવ્યધ્વનિના માધ્યમથી મુક્તિમાર્ગનું સ્વરૂપ બતાવીને ભવ્યજીવોને મુક્તિમાર્ગમાં દોરી જાય છે. માટે **તેઓ મોક્ષમાર્ગના નેતા છે.** ચાર ઘાતિ કર્મની ઉદયથી થવાવાળા મોહ-રાગ-દ્વેષાદિ અઢાર દોષથી રહિત હોવાથી કર્મરૂપી પર્વતોના ભેદનારા**—પૂર્ણ વીતરાગી છે.** કેવળજ્ઞાનના ધારક હોવાથી પોતાના આત્માના સાથે-સાથે દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત લોકના સમસ્ત પદાર્થોને હાથમાં રહેલા આમળાના (ફળના) સમાન પ્રત્યક્ષ જાણવાના કારણે **સર્વજ્ઞ** છે.

તેમની વાણી પરસ્પર વિરોધથી રહિત પૂર્ણપણે સત્ય છે. અસત્ય અથવા અજ્ઞાનથી બોલાયેલી કે પછી રાગ-દ્વેષથી. વીતરાગી-સર્વજ્ઞ ભગવાનને ન તો રાગ-દ્વેષ છે કે ન તો અજ્ઞાન છે. માટે તેમની વાણી સત્ય છે. અત્યંત હિતકારી છે. **જે વ્યક્તિ તેમના દર્શાવેવી માર્ગ પર ચાલે છે અર્થાત્ તેમને દર્શાવેલા વીતરાગી માર્ગને અનુસરે છે. તે પણ વીતરાગી-સર્વજ્ઞ થઈ જાય છે. અનંત સુખ-શાંતિને પ્રાપ્ત કરે છે. આજ કારણે તેમને હિતોપદેશી કહ્યાં છે.**

આ પ્રમાણે અનેક શાસ્ત્રોના મૂળ આધાર આ મંગલાચરણના છંદમાં **વીતરાગી, સર્વજ્ઞ અને હિતોપદેશી અરહંત ભગવાનને, તેમના જેવા બનવાની ભાવનાથી નમસ્કાર કરવામાં આવ્યા છે.**

## પ્રથમ અધ્યાય

# મોક્ષમાર્ગ

સર્વ પ્રથમ મોક્ષમાર્ગની ચર્ચા આરંભ કરે છે. આ મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્ર, મોક્ષમાર્ગના નિરૂપણથી આરંભ થાય છે અને મોક્ષના સ્વરૂપ પ્રતિપાદનથી સમાપ્ત થાય છે. તેના દશમા અથવા અંતિમ અધ્યાયમાં મોક્ષતત્ત્વનું જ નિરૂપણ છે. આ રીતે તેનું ''મોક્ષશાસ્ત્ર'' નામ પણ સાર્થક જ છે.

હવે સૌથી પહેલાં મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવે છે.

જાણે કે, સાંસારિક દુઃખોથી સંતપ્ત છે કોઈ આસન્ન ભવ્ય જીવ; આચાર્ય ઉમાસ્વામીને પૂછી રહ્યો હોય, કે—હે પ્રભો! આ દુઃખોથી રાગ-દ્વેષથી, કર્મોથી છૂટવાનો ઉપાય શું છે! એનાથી મુક્ત થવાનો ઉપાય શું છે? તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે—

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।।१।।**

***સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—આ ત્રણેની એકતા જ મોક્ષમાર્ગ છે. સાંસારિત દુઃખોથી છૂટવાનો આ જ એક માત્ર ઉપાય છે.***

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ જુદા જુદા, ત્રણ મોક્ષમાર્ગ નથી પરંતુ ત્રણે મળીને અભેદરૂપ એક મોક્ષમાર્ગ છે—આ બતાવવા માટે આ સૂત્રના, **''મોક્ષમાર્ગઃ''** એ પદમાં એકવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્રની પહેલાં, મૂકવામાં આવેલ ''સમ્યક્'' શબ્દ, તે મિથ્યાત્વ અર્થાત્ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના નિષેધને માટે છે તેથી આ સમ્યક્ શબ્દને,—દર્શન, જ્ઞાન અને ચારિત્ર-આ ત્રણેયની સાથે લગાડવો જોઈએ. કારણ કે 'સમ્યક્' એ પદ આદિ દીપક છે.

જે શબ્દ વાક્યની શરૂઆતમાં મૂકવામાં આવેલ હોય અને વાક્યમાં રહેલા અનેક મહત્ત્વપૂર્ણ શબ્દોની સાથે લેવું આવશ્યક હોય,—તેને **આદિ દીપક** કહે છે. એ જ રીતે જે પદ વાક્યના **મધ્ય** અથવા **અંતમાં** હોય,

પરંતુ તેને વાક્યમાં રહેલા અનેક મહત્ત્વપૂર્ણ શબ્દોની સાથે લગાડવું જરૂરી હોય,—તો તેને ક્રમશઃ **"મધ્યદીપક" અથવા "અંતદીપક"** કહે છે.

જેમકે, દીપકને ગમે તો ઘરની શરૂઆતમાં રાખીએ, ગમે તો મધ્યમાં રાખીએ, ગમે તો મધ્યમાં રાખીએ અથવા અંતમાં રાખીએ—તે દીપક પોતાના સામર્થ્ય અનુસાર સંપૂર્ણ ઘરને પ્રકાશિત કરે છે. તે જ રીતે **"સમ્યક્ પદ"** તે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—આ ત્રણેયને પ્રકાશિત કરે છે. ત્રણેયમાં લાગીને તે વિશિષ્ટ પ્રયોજનની સિદ્ધિ કરે છે—**તેમને નિર્દોષ બનાવે છે.**

આપણે એમ પણ કહી શકીએ, કે દર્શનની સાથે મૂકાયેલ ''સમ્યક્'' પદ તે તત્ત્વાર્થોના સંબંધમાં કે આત્મતત્ત્વના સંબંધમાં થનારા, **વિપરીત અભિપ્રાયના નિષેધ માટે છે;** જ્ઞાનની સાથે મૂકાયેલું સમ્યક્ પદ તત્ત્વાર્થો કે આત્મતત્ત્વના સંબંધમાં, કોઈપણ પ્રકારના સંશય, વિપર્યય અને અનધ્યવસાયરૂપ **અજ્ઞાનના નિષેધ માટે છે** અને ચારિત્રની સાથે મૂકાયેલ 'સમ્યક્' પદ, અજ્ઞાનપૂર્વક થનારા **આચરણના નિષેધ માટે છે.**

આ રીતે એ સુનિશ્ચિત થયું કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—આ ત્રણેની એકતા જ સાચો મોક્ષમાર્ગ છે.

**અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે** જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા જ મોક્ષમાર્ગ છે, તો શું મુનિલિંગ ધારણ કરવું—વ્રત-ઉપવાસ વગેરે કરવા, તે મુક્તિમાર્ગ નથી?

પ્રસ્તુત પ્રશ્નનો ઉત્તર આપતાં, પં. ટોડરમલજી લખે છે,—કે

''ત્યાં કારણ તો અનેક પ્રકારના હોય છે કોઈ કારણ તો એવા હોય છે કે **જે કારણના ન હોવાથી તો કાર્ય નથી થતું અને જેના હોવાથી પણ કાર્ય થાય અથવા ન પણ થાય**—જેમકે, મુનિલિંગ ધારણ કર્યા વિના તો મોક્ષ નથી થતો પરંતુ મુનિલિંગ ધારણ કરવાથી મોક્ષ થાય છે અને નથી પણ થતો.

તથા **કેટલાક કારણ, એવા છે કે મુખ્યત્વે તો જેના હોવાથી કાર્ય થાય છે. પરંતુ કોઈને તે કારણ ન હોવા છતાં પણ કાર્યસિદ્ધિ થાય છે.** જેમ

કે અનશન આદિ બાહ્યતપનું સાધન કરવાથી મુખ્યત્વે મોક્ષ પ્રાપ્ત કરે છે પરંતુ ભરત આદિને બાહ્ય તપ કર્યા વિના જ મોક્ષની પ્રાપ્તિ થઈ.

**તથા કેટલાય કારણ એવાં હોય છે કે, જેના હોવાથી કાર્યસિદ્ધિ થાય જ થાય છે અને જેના ન હોવાથી સર્વથા કાર્યસિદ્ધિ નથી થતી. જેમકે- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા હોવાથી તો મોક્ષ થાય જ છે અને તેમના ન હોવાથી સર્વથા મોક્ષ નથી થતો.**

એવા આ કારણ કહ્યાં તેમનામાં અતિશયપૂર્વક નિમયથી મોક્ષની સાધક જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ,—તે મોક્ષમાર્ગ જાણવો.

આ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રમાં એક પણ ન હોય તો, મોક્ષમાર્ગ નથી હોતો'' *(મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૩-૩૧૪)*

**આમ આપણે જોઈ શકીએ છીએ, કે—સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતા જ સાચો મોક્ષમાર્ગ છે.**

જો કે સમ્યગ્દર્શન-સમ્યગજ્ઞાન અને સમ્યક્ચારિત્રની ચર્ચા આગળ યથાસ્થાન પૂરા વિસ્તારથી થશે, છતાં પણ તેમને સામાન્યરૂપથી અહીં પણ જાણી લેવું ઉપયોગી છે.

જીવાદિ તત્ત્વાર્થોને સારી રીતે જાણીને એમનું **શ્રદ્ધાન કરવું, તે સમ્યગ્દર્શન છે,** તેમને સ્વ-પર ભેદજ્ઞાનપૂર્વક **સારી રીતે જાણવું, તે સમ્યગ્જ્ઞાન છે** અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનપૂર્વક **રાગ-દ્વેષથી નિવૃત્ત થવું તે સમ્યક્ચારિત્ર છે.**

જો નિશ્ચયનયથી વિચાર કરીએ તો, સ્વમાં પોતાપણું તે જ સમ્યગ્દર્શન છે—સ્વયંને સ્વયંરૂપ જાણવું તે જ સમ્યગ્જ્ઞાન છે અને પોતામાં જ જામી જવું—રમી રહેવું—સમાઈ જવું, તે સમ્યક્ચારિત્ર છે.

''છહઢાળા'' નામના ગ્રંથમાં પં. દૌલતરામજી નિશ્ચય રત્નત્રય અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સમ્યક્ચારિત્રનું સ્વરૂપ અત્યંત સંક્ષેપમાં આ રીતે સ્પષ્ટ કરે છે.

"**परद्रव्यनतै भिन्न आपमें रुचि सम्यक्त्व भला है।**
**आपरूपको जानपनो सो सम्यग्ज्ञान कला है॥**
**आपरूपमें लीन भये थिर सम्यक्चारित्र सोई।**
**अब व्यवहार मोक्षमग सुनिये हेतु नियत को होई॥**"

(છઢાળા-ત્રીજી ઢાળ-છંદ-૨)

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્મામાં જ રુચિ હોવી અર્થાત્ પોતાપણાનો ભાવ હોવો તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને તે **નિશ્ચય સમ્યગ્દર્શન** આત્મકલ્યાણકારી હોવાથી અત્યંત ભલું છે, સારું છે.

પોતાના આત્માને જાણવો, નિજરૂપ જાણવો તે જ **નિશ્ચય સમ્યગ્જ્ઞાન** છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનની કલા પોતાના આત્માને જાણવામાં જ છે. આત્માને નિજરૂપ જાણવામાં જ છે.

પોતાના આત્મામાં લીન થવું, સ્થિર થવું, આત્મામાં જ જામી જવું, રમી રહેવું, તે જ **નિશ્ચય સમ્યક્ચારિત્ર** છે.

આ રીતે નિશ્ચય રત્નત્રયનું નિરૂપણ કરીને હવે વ્યવહાર મોક્ષમાર્ગની ચર્ચા કરશે, કે જે આ નિશ્ચય મોક્ષમાર્ગ (રત્નત્રય)નો હેતુ છે.

આના પછી છઢાળાની ત્રીજી ઢાળમાં વ્યવહારચારિત્રનું વિસ્તારથી નિરૂપણ છે.

આ મોક્ષશાસ્ત્ર નામના શાસ્ત્રનું જ માત્ર નહીં પણ સંપૂર્ણ જિનાગમનું એક માત્ર પ્રતિપાદિત સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જ છે; કેમકે આ ત્રણેની ઉપલબ્ધિ તે જ એકમાત્ર અનંત દુઃખોથી મુક્તિનો ઉપાય છે, મુક્તિમાર્ગ છે.

જે ભવ્યજીવોને અનંત દુઃખોથી મુક્ત થવું હોય, તેઓ આ મુક્તિમાર્ગનું સેવન કરે, રત્નત્રયને ધારણ કરે—એમનું કલ્યાણ અવશ્ય થશે.૧.

卐

## સમ્યગ્દર્શન

આ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શું છે? એમ પૂછવામાં આવતાં, સર્વપ્રથમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવે છે.

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ।।२।।**

***તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે.***

**તત્ત્વાર્થ પદ તત્ત્વ** અને **અર્થ**—આ બે શબ્દો મળીને બનેલ છે. એમનામાં, **તત્ત્વ શબ્દ ભાવવાચક છે.** અને **અર્થ શબ્દ વસ્તુવાચક છે.**

તાત્પર્ય એ છે કે, કોઈ વસ્તુને જાણવા માટે, તે વસ્તુની સાથે તેના ભાવને પણ જાણવો જોઈએ.

જેમકે કોઈ ધાતુથી બનેલ વિશિષ્ટ આકારવાળી ગ્લાસ નામની એક વસ્તુ છે અને જળ વગેરે પ્રવાહી પદાર્થોને ધારણ કરવું,—તે તેનો ભાવ છે, કાર્ય છે.

જો કોઈ વ્યક્તિ તે વસ્તુને, વસ્તુના આકાર-પ્રકારને ભાવ સહિત જાણતી હોય તો તે (વ્યક્તિ) તે વસ્તુ અથવા તેના જેવી વસ્તુથી પોતાનું પ્રયોજન સાધી લેશે. તાત્પર્ય એ છે કે કોઈ વસ્તુની પિછાણ ત્યારે સાચી થાય છે કે જ્યારે આપણે તે વસ્તુને પણ જાણીએ અને તેના ભાવ (કાર્યને પણ જાણીએ. આમ ભાવ સહિત વસ્તુ જ તત્ત્વાર્થ છે.

આચાર્યકલ્પ પં. ટોડરમલજીની દૃષ્ટિએ તત્ત્વાર્થનો ભાવ આ રીતે છે.

**“અહીં જો તત્ત્વાર્થશ્રદ્ધાન જ કહેત, તો જેનો આ ભાવ (તત્ત્વ) છે, તેના શ્રદ્ધાન વિના કેવળ ભાવનું જ શ્રદ્ધાન તે કાર્યકારી નથી તથા જો અર્થશ્રદ્ધાન જ કહેત તો ભાવના શ્રદ્ધાન વિના પદાર્થનું શ્રદ્ધાન પણ કાર્યકારી નથી.”**

જેમકે કોઈને જ્ઞાન-દર્શન આદિક તેમજ વર્ણ આદિકનું તો શ્રદ્ધાન હોય,—કે આ જાણપણું છે, આ શ્વેતપણું છે, વગેરે પ્રતીતિ હોય, પરંતુ

જ્ઞાન-દર્શન આત્માનો સ્વભાવ છે,—હું આત્મા છું—તથા વર્ણ આદિ પુદ્‌ગલનો સ્વભાવ છે, પુદ્‌ગલ મારાથી ભિન્ન અલગ પદાર્થ છે, એવું પદાર્થનું શ્રદ્ધાન ન હોય તો ભાવનું શ્રદ્ધાન કાર્યકારી નથી. તથા જેમ ''હું આત્મા છું''—એવું શ્રદ્ધાન કર્યું પરંતુ આત્માનું સ્વરૂપ જેવું છે તેવું શ્રદ્ધાન ન કર્યું તો ભાવના શ્રદ્ધાન વિના પદાર્થનું પણ શ્રદ્ધાન થાય છે, તે જ કાર્યકારી છે. અથવા જીવ આદિકને તત્ત્વ સંજ્ઞા પણ છે અને અર્થ સંજ્ઞા પણ છે માટે '**तत्त्वमेवार्थस्तत्त्वार्थः**' જે તત્ત્વ છે, તે જ અર્થ છે; તેનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

**''આ અર્થ દ્વારા ક્યાંક તત્ત્વશ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે અને ક્યાંક પદાર્થશ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે, ત્યાં વિરોધ ન જાણવો.''**

(મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ ૩૧૬)

ટોડરમલજીના કથનથી આ વાત અત્યંત સ્પષ્ટ છે કે ન તો માત્ર અર્થ (વસ્તુ)નું શ્રદ્ધાન કાર્યકારી છે અને ન તો માત્ર તત્ત્વ (ભાવ)નું શ્રદ્ધાન કાર્યકારી છે. તેથી જૈનદર્શનમાં ક્યાંક તત્ત્વાર્થશ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું હોય, તેનો ભાવ, તત્ત્વાર્થના રૂપમાં જ ગ્રહણ કરવો જોઈએ.

સમયસારમાં ભૂતાર્થનયથી જાણેલા નવતત્ત્વોને જ સમ્યગ્દર્શન કહેલ છે. (સમયસાર ગાથા ૧૩) ભૂતાર્થનયનો આશય નિશ્ચયનયથી છે. તાત્પર્ય એ છે કે, આપણે જો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી છે તો નિશ્ચયનયથી તત્ત્વાર્થોને સારી રીતે સમજવા જોઈએ.

**અહીં એક પ્રશ્ન સંભવ છે કે** સમયસારમાં માત્ર ભૂતાર્થનયથી જાણેલા નવ તત્ત્વોને સમ્યગ્દર્શન કહ્યું અને અહીં જીવાદિ તત્ત્વાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું અને તેના અધિગમના ઉપાયના રૂપમાં પ્રમાણ અને નયોને પ્રસ્તુત કરેલ છે; એથી સ્પષ્ટ છે કે અહીં પ્રમાણ તેમ જ નયોની જાણેલ જીવાદિ તત્ત્વાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહેવામાં આવી રહ્યું છે. આ રીતે બંને કથનોમાં મતભેદ કેમ છે? અંતર કેમ છે?

આ પ્રકારના પ્રશ્નનો ઉત્તર સમયસાર અનુશીલન ભાગ-૧માં આ રીતે આપવામાં આવ્યો છે.

‘‘આ મતભેદ નથી, વિવક્ષાભેદ છે. જો બંને કથનોની વિવક્ષાઓ-અપેક્ષાઓ સમજી લેવામાં આવે તો કોઈ આશંકા નહીં રહે.

તત્ત્વાર્થસૂત્રનું કથન સૈદ્ધાંતિક કથન છે અને સમયસારનું કથન ‘‘આધ્યાત્મિક કથન છે. તત્ત્વાર્થસૂત્રકર્તાને સાત તત્ત્વાર્થોનું પ્રમાણ અને નયોથી ગુણ-પર્યાય સહિત, સર્વાંગ વિવેચન અભીષ્ટ હતું કે જેવું તેમણે આગળ કર્યું પણ છે.’’ (સમયસાર અનુશીલન, ભાગ-૧, પૃષ્ઠ ૧૪૫-૧૪૬)

—જીવોના સંસારી-સિદ્ધ બધા ભેદ બતાવ્યા. —તેમના રહેવાના સ્થાનોની ચર્ચા કરી. —અજીવ આદિ તત્ત્વોના વિશે પણ આ જ રીતે વિસ્તૃત વિવેચન કર્યું.—આસ્રવમાં સત્તાવન પ્રકારના આસ્રવ બતાવ્યા, તેમના શુભ-અશુભ ભેદ કરીને, વ્રતોનું વર્ણન પણ કર્યું. —બંધ તત્ત્વમાં કર્મોની પ્રકૃતિઓ ગણાવી.—નિર્જરામાં પણ તેના ઉપાયોની વિસ્તૃત સમીક્ષા કરી. પણ સમયસારમાં આ બધું નથી, સમયસારની પ્રતિપાદનની શૈલી જ જુદી છે. સમયસારમાં તો સર્વ તત્ત્વોમાં પ્રકાશમાન આત્મજ્યોતિને જ શોધવામાં આવેલ છે.

સર્વત્ર આત્મજ્યોતિને શોધવી, તે ભૂતાર્થનયનું જ કાર્ય છે. ભૂતાર્થનય જ આ મહાન કાર્ય કરી શકે છે . તેથી સમયસારના આરંભમાં જ આ તેરમી ગાથામાં જ આ ઘોષિત કરી દીધું કે ભૂતાર્થનયથી જાણેલ જીવ આદિ નવ તત્ત્વ જ સમ્યગ્દર્શન છે અને આગળ બધા તત્ત્વોની મીમાંસા પણ આ જ નયથી પ્રસ્તુત કરી છે. સર્વત્ર આત્મજ્યોતિને જ શોધવામાં આવેલ છે.

રહી વાત તત્ત્વોની સંખ્યામાં સાત અને નવના અંતરની, તો આ કોઈ વાત નથી, કેમકે તત્ત્વાર્થસૂત્રમાં પુણ્ય અને પાપને આસ્રવ-બંધમાં સામેલ કરી લેવામાં આવ્યા છે. અને સમયસારમાં તેમને જુદા કહેવામાં આવ્યા છે.—બસ એટલી જ વાત છે.

વિભિન્ન શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનની વિભિન્ન પ્રકારની અનેક પરિભાષાઓ પ્રાપ્ત થાય છે, જેમાં ચાર મુખ્ય છે; જે આ પ્રકારે છે.

૧. જીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

૨. સ્વ-પરનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

૩. આત્મશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

૪. દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન અથવા દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

આ સર્વેનો સમન્વય, પં. ટોડરમલજીના મોક્ષમાર્ગપ્રકાશકમાં વિસ્તારથી કર્યો છે, કે જે મૂળથી પઠનીય છે.

મોક્ષમાર્ગપ્રકાશકના ઉક્ત પ્રકરણમાં સમ્યગ્દર્શનની ચારે પરિભાષાઓમાં સહેતુક સમન્વય માત્ર સ્થાપિત કર્યો નથી પરંતુ ત્યાં તત્ત્વાર્થસૂત્રમાં સમાગત તત્ત્વાર્થશ્રદ્ધાન નામની પરિભાષાની મુખ્યતા કેમ કરી છે—તે પણ બતાવ્યું છે. (મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૨૩ થી ૩૩૦ સુધી)

લગભગ આઠ પૃષ્ઠોનું આ પ્રકરણ, વિસ્તારભયથી અહીં આપવું સંભવિત નથી. તેથી અહીં એ અનુરોધ કરવામાં આવે છે કે જેમને ઉક્ત વિષયમાં વિશેષ જિજ્ઞાસા હોય, તેમણે આ પ્રકરણનો સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ.

જોકે દર્શન શબ્દનો અર્થ ''દેખવું'' થાય છે, **''સામાન્ય અવલોકન''** થાય છે, છતાં પણ અહીં મોક્ષમાર્ગનું પ્રકરણ હોવાથી દર્શન શબ્દનો પ્રયોગ શ્રદ્ધાનના અર્થમાં થયો છે. શ્રદ્ધાનનો અર્થ પ્રતીતિ છે. વિશ્વાસ છે. આ રીતે **તત્ત્વાર્થની પ્રતીતિ જ સમ્યગ્દર્શન છે.**

**તત્ત્વાર્થોને જાણ્યા વિના પ્રતીતિ સંભવ નથી;** આ કારણે જ આગળ તત્ત્વાર્થોના નામ ગણાવી તેમને જાણવાના ઉપાયોની ચર્ચા આરંભ કરશે.

કહેલા તત્ત્વાર્થોને જાણીને એમના શ્રદ્ધાનરૂપ **સમ્યગ્દર્શનની ઉત્પત્તિ કઈ રીતે થાય છે? સ્વભાવથી કે અધિગમથી? અર્થાત્ પોતાથી કે પરોપદેશથી?**

હવે આગામી સૂત્રમાં આ બાબતમાં વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરશે. ૨.

卐

## સમ્યગ્દર્શનના ઉત્પત્તિના અપેક્ષાએ ભેદ

જો કે અહીં બીજા સૂત્ર અનુસાર તત્ત્વાર્થની ચર્ચા પ્રસંગ પ્રાપ્ત છે છતાં પણ આચાર્ય અહીં તત્ત્વાર્થોની ચર્ચા કરતા પહેલા ઉક્ત સમ્યગ્દર્શનની ઉત્પત્તિના વિષયમાં, દિશા નિર્દેશ કરવો આવશ્યક સમજે છે. જે આ પ્રકારે છે.

**तन्निसर्गादधिदमाद्वा ॥३॥**

**તે સમ્યગ્દર્શન બે પ્રકારે ઉત્પન્ન થાય છે. પ્રથમ, નિસર્ગથી-સ્વભાવથી અર્થાત્ સ્વયંથી અને બીજું અધિગમથી—જ્ઞાનથી-પરોપદેશથી.**

આ રીતે ઉત્પત્તિની અપેક્ષા સમ્યગ્દર્શન બે પ્રકારનું થઈ ગયું.

(૧) નિસર્ગજ અને (૨) અધિગમજ.

જોકે આ અકાટ્ય સત્ય છે કે, દેશનાલબ્ધિના વિના સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી નથી, છતાં પણ નિસર્ગજ સમ્યગ્દર્શન અને અધિગમજ સમ્યગ્દર્શનમાં અંતર માત્ર એટલું જ છે કે નિસર્ગજ સમ્યગ્દર્શનવાળાઓને તે દેશનાલબ્ધિ પૂર્વભવમાં પ્રાપ્ત થઈ જાય છે અને તેના સંસ્કારના નિમિત્તે **વર્તમાનભવમાં સાક્ષાત્ ઉપદેશના વિના જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય છે. આ રીતે થયેલ સમ્યગ્દર્શનને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે.**

**જે જીવોને આ જ ભવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ અથવા જ્ઞાની ધર્માત્માઓના ઉપદેશપૂર્વક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેમના તે સમ્યગ્દર્શનને અધિગમજ સમ્યગ્દર્શન કહે છે.**

બંને પ્રકાનરા સમ્યગ્દર્શનોમાં પરપદાર્થોથી ભિન્ન નિજ ભગવાન આત્મામાં પોતાપણારૂપ દૃઢ પ્રતીતિરૂપ ઉપાદાન અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને મિથ્યાત્વનો ક્ષય, ક્ષયોપશમ અથવા ઉપશમરૂપ અંતરંગ નિમિત્ત તો સમાનરૂપથી હોય છે, માત્ર પરોપદેશરૂપ બાહ્ય નિમિત્તમાં જ એટલું જ અંતર હોય છે કે નિસર્ગજ સમ્યગ્દર્શનમાં પૂર્વભવમાં પ્રાપ્ત ઉપદેશના સંસ્કાર બાહ્ય નિમિત્ત હોય છે અને અધિગમજ

સમ્યગ્દર્શનમાં આ જ ભવમાં પ્રાપ્ત થયેલ પરોપદેશરૂપ બાહ્ય નિમિત્ત હોય છે.

અરે, ભાઈ! સમ્યગ્દર્શન તો સમ્યગ્દર્શન છે, તે નિસર્ગથી, સ્વભાવથી થયું અથવા પરોપદેશથી—એનાથી તેમાં કોઈ અંતર નથી પડતું.

અહીં તો માત્ર એ બતાવવામાં આવ્યું છે, કે તે સમ્યગ્દર્શન કોઈને પૂર્વભવના સંસ્કારના નિમિત્તે સ્વતઃ થઈ જાય છે અને કોઈને સદ્‌ગુરુના સત્સમાગમથી સદુપદેશપૂર્વક થાય છે.

તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શનરૂપ કાર્યનું, સ્વભાવનું નિયામક ત્રિકાલી ઉપાદાનરૂપ કારણ તો સ્વયંનો આત્મા અથવા તેનો શ્રદ્ધાગુણ છે; વિધિ/ પ્રક્રિયાનું નિયામક, ક્ષણિક ઉપાદાન નંબર એક અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાયનો વ્યયરૂપ આત્મોન્મુખી પુરુષાર્થ છે તથા કાળનું નિયામક તત્સમયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન નંબર બે છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શન ઉત્પન્ન થવારૂપ કાર્યમાં સ્વભાવના નિયામક આત્માનો શ્રદ્ધાગુણરૂપ ત્રિકાળી ઉપાદાન, વિધિ / પ્રક્રિયાના નિયામક અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાયના વ્યયરૂપ ક્ષણિક ઉપાદાન નંબર એક અને કાળનો નિયામક તત્સમયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન નંબર બે છે.

જ્યારે કહેલા ઉપાદાનોના બળ ઉપર અંતર સન્મુખ પુરુષાર્થપૂર્વક સમ્યગ્દર્શનરૂપ કાર્ય ઉત્પન્ન થઈ રહ્યું હોય છે, ત્યારે નિમિત્તના રૂપમાં તે સંબંધી કર્મના ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયરૂપ અંતરંગ નિમિત્ત તો હોય જ છે.

બાહ્ય નિમિત્તના રૂપમાં જો પૂર્વકાળમાં પ્રાપ્ત થયેલા ઉપદેશના સંસ્કાર નિમિત્ત હોય, તો તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે અને વર્તમાનમાં પ્રાપ્ત થયેલ પરોપદેશ નિમિત્ત હોય, તો તેને અધિગમજ સમ્યગ્દર્શન કહે છે.

આ રીતે **નિસર્ગજ અને અધિગમજ સમ્યગ્દર્શનમાં માત્ર બહિરંગ નિમિત્તનું જ અંતર છે;** ત્રણે ઉપાદાન કારણ અને અંતરંગ નિમિત્ત તો સમાન જ છે. ૩.

## સાત તત્ત્વાર્થ

બીજા સૂત્રમાં તત્ત્વાર્થશ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું હતું. તેથી આ પ્રશ્ન થવો સ્વાભાવિક જ છે કે **તત્ત્વાર્થ કેટલા પ્રકારના હોય છે અને તે ક્યા ક્યા છે?** તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે–

**जीवाजीवास्रवबंधसंवरनिर्जरामोक्षास्तत्त्वम्** ॥૪॥

**જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ–આ સાત તત્ત્વ છે. જોકે પુણ્ય અને પાપ તત્ત્વ આસ્રવ અને બંધમાં સામેલ છે છતાં પણ જો તેમનો જુદો ઉલ્લેખ કરીએ તો તેમને સાથે ગણીને તત્ત્વ નવ પ્રકારના થઈ જાય છે.**

અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે સમ્યગ્દર્શનની પરિભાષામાં તો **તત્ત્વાર્થોની** ચર્ચા કરવામાં આવી હતી પરંતુ અહીં તો તત્ત્વોની વાત કરવામાં આવી રહી છે.


**ઉત્તર–**વાત એક જ છે. અહીં તત્ત્વાર્થોને જ તત્ત્વ કહેવામાં આવી રહ્યા છે. પહેલાં આપણે એ સ્પષ્ટ કરી ચૂક્યા છીએ, કે ચાહે તો તત્ત્વ કહે, ચારે અર્થ કહે કે પછી તત્ત્વાર્થ કહે–આ પ્રકરણમાં ત્રણેનો અર્થ એક જ સમજવો જોઈએ.

**પ્રશ્ન–**પુણ્ય અને પાપ, આસ્રવ-બંધમાં કઈ રીકે સામેલ થાય છે?


**ઉત્તર–**આસ્રવ પણ બે પ્રકારના હોય છે અને બંધ પણ બે પ્રકારના હોય છે તે આ પ્રમાણે છે.

(૧) પુણ્યાસ્રવ (૨) પાપાસ્રવ (૧) પુણ્યબંધ (૨) પાપબંધ.

આ બાબતને આપણે આ પ્રકારે સમજી શકીએ છીએ.



આ બાબતને આપણે આ રૂપમાં પણ સમજી શકીએ છીએ.




**જો કે અહીં સાત અથવા નવ, તત્ત્વ જ કહેલ છે. છતાં પણ કહેવામાં આવેલ નવ, તે તત્ત્વ પણ છે, અર્થ પણ છે અને તત્ત્વાર્થ પણ છે.** અહીં આ સૂત્રમાં તત્ત્વાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહેલ છે. તેથી અહીં તત્ત્વાર્થ ગ્રહણ કરવો જ યોગ્ય છે.

આ તત્ત્વાર્થોનું સામાન્ય સ્વરૂપ આ પ્રકારે છે.

(૧) **જીવ—**જ્ઞાન-દર્શનસ્વભાવી જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને જીવતત્ત્વ અથવા જીવ તત્ત્વાર્થ કહે છે.

(૨) **અજીવ—**જ્ઞાન-દર્શન સ્વભાવથી રહિત તથા આત્માથી ભિન્ન સમસ્ત પુદ્‌ગલાદિ પદાર્થ અજીવ તત્ત્વ અથવા અજીવ તત્ત્વાર્થ છે.

આ શરીરાદિ બધા પદાર્થોથી ભિન્ન **ચેતન તત્ત્વ આત્મા જ જીવ છે.** તે આત્મારૂપ જીવ હું જ છું. મારાથી ભિન્ન બધા પુદ્‌ગલ પદાર્થ અજીવ છે.

આ રીતે સામાન્યપણે તો જીવ અને અજીવ—આ બે દ્રવ્ય જ તત્ત્વાર્થ છે. આસ્રવ વગેરે તો આ જીવ-અજીવ તત્ત્વાર્થોના સંમિલિત વિશેષ છે.

તત્ત્વાર્થ બે પ્રકારના હોય છે—દ્રવ્ય તત્ત્વાર્થ અને પર્યાય તત્ત્વાર્થ. જીવ અને અજીવ, દ્રવ્યરૂપ તત્ત્વાર્થ છે અને બાકીના આસ્રવ વગેરે પર્યાયરૂપ તત્ત્વાર્થ છે.

પર્યાયરૂપ તત્ત્વાર્થ દ્રવ્ય અને ભાવના ભેદથી, બે પ્રકારના હોય છે.

તેમના આપણે આ રીતે જાણી શકીએ છીએ.

૧. ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ ૨. ભાવબંધ અને દ્રવ્યબંધ

૩. ભાવસંવર અને દ્રવ્યસંવર ૪. ભાવ નિર્જરા અને દ્રવ્યનિર્જરા

૫. ભાવ મોક્ષ અને દ્રવ્યમોક્ષ. ૬. ભાવ પુણ્ય અને દ્રવ્ય પુણ્ય

૭. ભાવ પાપ અને દ્રવ્ય પાપ

એમનું સ્વરૂપ આ પ્રકારે છે.

(૧) **ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ**—જે મોહ-રાગ-દ્વેષરૂપ ભાવોના નિમિત્તથી જ્ઞાનાવરણ આદિ કર્મ આવે છે, તે મોહ-રાગ-દ્વેષના ભાવોને તો ભાવાસ્રવ કહે છે અને તેના નિમિત્તથી કાર્મણવર્ગણાઓનું જ્ઞાનાવરણાદિ કર્મોરૂપ પરિણમવું—તે દ્રવ્યાસ્રવ છે.

(૨) **ભાવબંધ અને દ્રવ્યબંધ**—મોહ-રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ વિભાવભાવોમાં, આત્માનું રોકાઈ જવું, તે ભાવબંધ છે અને તેના નિમિત્તે કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલનું સ્વયં કર્મરૂપ થઈને આત્માથી બંધાવે—એકક્ષેત્રાવગાહરૂપ થવું તે દ્રવ્યબંધ છે.

(૩) **ભાવસંવર અને દ્રવ્યસંવર**—પુણ્ય-પાપના વિકારી ભાવો (આસ્રવ) ને આત્માના શુદ્ધ (વીતરાગી) ભાવોથી રોકવું, વીતરાગ ભાવરૂપ પરિણમવું, તે ભાવસંવર છે. અને તે અનુસાર નવા કર્મોનું સ્વયં આવવું રોકાઈ જવું,—તે દ્રવ્યસંવર છે.

(૪) **ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરા**—જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના લક્ષ્યના બળથી સ્વરૂપમાં સ્થિરતાની વૃદ્ધિ દ્વારા આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભ-અશુભ) અવસ્થાનું આંશિકરૂપે નાશ થવું, તે ભાવનિર્જરા છે અને તેનું નિમિત્ત પામીને જડકર્મનું આંશિકરૂપે ખરી જવું, તે દ્રવ્યનિર્જરા છે.

(૫) **ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ**—અશુદ્ધદશાનો સર્વથા સંપૂર્ણ નાશ થઈને આત્માની પૂર્ણ નિર્મળ પવિત્રદશાનું પ્રગટ થવું,—તે ભાવમોક્ષ છે અને તેના નિમિત્તે દ્રવ્યકર્મનો સર્વથા નાશ (અભાવ) થવો, તે દ્રવ્યમોક્ષ છે.

(૬) **ભાવપુણ્ય અને દ્રવ્યપુણ્ય**—અઘાતિકર્મોની પુણ્ય પ્રકૃતિઓ બંધાવામાં આત્માના જે દયા-દાન વગેરે શુભભાવ નિમિત્ત છે, તે શુભભાવ ભાવપુણ્ય છે. અને તેના નિમિત્તથી અઘાતિકર્મોની જે પુણ્ય-

પ્રકૃતિઓ બંધાય છે, તે દ્રવ્યપુણ્ય છે.

(૭) **ભાવ પાપ અને દ્રવ્યપાપ**—આત્માના જે મોહ, દ્વેષ અને અશુભ રાગરૂપ ભાવોથી ઘાતિકર્મ અને અઘાતિકર્મની પાપ પ્રકૃતિઓરૂપ દ્રવ્યપાપોનો બંધ થાય છે, તે ભાવ, ભાવપાપ છે. જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતિકર્મ અને અઘાતિકર્મની પાપપ્રકૃતિઓ, તે દ્રવ્યપાપ છે.

પુણ્ય અને પાપ, તે આસ્રવ-બંધના જ અવાંતર ભેદ છે. શુભરાગથી પુણ્યનો આસ્રવ અને બંધ થાય છે. જીવ અને અજીવ દ્રવ્યતત્ત્વ છે, મૂળ તત્ત્વ છે, તેથી તેમને સર્વપ્રથમ રાખવામાં આવ્યા તે પછી સંસારપૂર્વક મોક્ષ હોવાના કારણે પહેલા સંસારના કારણરૂપ આસ્રવ અને બંધ, તેના પછી મુક્તિના કારણરૂપ સંવર અને નિર્જરા—આ પર્યાય તત્ત્વોને રાખવામા આવ્યા છે. અંતમાં મુક્તિ થવાથી, મોક્ષ તત્ત્વને અંતમાં રાખવામાં આવેલ છે.

સર્વપ્રથમ જીવ અને તેના પછી જીવના અભાવ સ્વરૂપ હોવાથી અજીવને રાખવામાં આવ્યું તેના પછી આસ્રવપૂર્વક બંધ હોવાથી પહેલા આસ્રવ અને તેના પછી બંધને રાખવામાં આવ્યું. આ જ રીતે સંવરપૂર્વક નિર્જરા થવાથી સંવરને પહેલા અને નિર્જરાને પાછળથી રાખવામાં આવ્યું તથા સંવર નિર્જરાપૂર્વક મોક્ષ હોવાથી, મોક્ષને તેમના પછી રાખવામાં આવ્યું.

આ સૂત્રગ્રંથમાં, જીવ આદિ તત્ત્વોને, જે ક્રમમાં રાખવામાં આવ્યા છે, તે જ ક્રમમાં અધ્યાયોને રાખવામાં આવ્યા છે, જે આ પ્રકારે છે.

**આરંભમાં ચાર અધ્યાયોમાં જીવ તત્ત્વાર્થનું પાંચમા અધ્યાયમાં પુદ્ગલ આદિ અજીવ તત્ત્વાર્થોવું છઠ્ઠા-સાતમા અધ્યાયમાં આસ્રવનું, આઠમા અધ્યાયમાં સંવર-નિર્જરાનું અને દસમા અધ્યાયમાં મોક્ષ તત્ત્વાર્થનું વર્ણન છે.**

**પ્રશ્ન** —પ્રસ્તુત ગ્રંથ તત્ત્વાર્થસૂત્રમાં, સાત તત્ત્વોનો જે ક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો છે, એવો ક્રમ સમયસારમાં કેમ નથી?

**ઉત્તર** —સમયસારના અધિકારના ક્રમના સંદર્ભમાં સમયસાર

અનુશીલનનો નિમ્નાંકિત અંશ જોવા યોગ્ય છે.

''તેથી અહીં સમયસારમાં આવેલ ક્રમના ઔચિત્યની સમીક્ષા પણ આવશ્યક છે. તેના સંદર્ભમાં આપણને ''આત્મખ્યાતિ''થી માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. આત્મખ્યાતિ ટીકામાં આચાર્ય અમૃતચંદ્રે તેને નાટકના રૂપમાં પ્રસ્તુત કરેલ છે. નાટકના મંચ ઉપર જોડીઓ (યુગ્મો)ની પ્રધાનતા રહે છે. તેના અધિકારોનું ચયન કરવામાં પણ જોડીઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમકે—જીવ-અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર, બંધ-મોક્ષ. જોકે તત્ત્વ નવ છે તેથી એકને તો જોડ વિનાનું રહેવાનું જ હતું. એ જ કારણે નિર્જરા તત્ત્વ જોડી વિનાનું રહી ગયું છે અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર તો સ્વતંત્ર છે જ.

જો કે કર્તા-કર્મ અને સર્વવિશુદ્ધજ્ઞાન આ બે નવ તત્ત્વોમાં આવતા નથી. છતાં પણ તેમના સંદર્ભમાં જન સામાન્યમાં બહુ અજ્ઞાન રહે છે. આ અજ્ઞાનનું નિવારણ, કર્યા વિના, આત્મતત્ત્વને સાચારૂપમાં સમજી શકવું સંભવ નથી. તેથી તેમને પણ સમયસારમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે.

કર્તા-કર્મ અધિકારને, જીવ-અજીવ અધિકાર પછી તરત જ કેમ રાખવામાં આવ્યો છે? અહીં આ પ્રશ્ન થવો પણ સ્વાભાવિક છે.

કર્તા-કર્મ સંબંધી ભૂલ તે, બીજા પ્રકારે જીવ-અજીવ સંબંધી ભૂલ જ છે. કારણ કે જીવને અજીવનો અને અજીવને જીવનો કર્તા-ભોક્તા માનવો, તે પણ જીવ-અજીવ સંબંધી ભૂલ જ છે. આ કારણે તેને, જીવ-અજીવ અધિકારની પછી તરત જ રાખવામાં આવેલ છે.''

(સમયસાર અનુશીલન ભાગ-૧, પૃષ્ઠ ૧૪૨-૧૪૩)

આમાંથી જીવ તત્ત્વાર્થ,—તે શ્રદ્ધેય-જ્ઞેય અને ધ્યાય છે. અજીવ તત્ત્વાર્થ માત્ર જ્ઞેય છે, આસ્રવ-બંધ હેય છે તથા પુણ્ય અને પાપ પણ, આસ્રવ-બંધરૂપ હોવાથી, હેય જ છે. સંવર અને નિર્જરા પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે અને મોક્ષ સર્વદેશ ઉપાદેય છે.

આ પ્રકારે આ સાત અથવા નવ તત્ત્વાર્થોનું સામાન્ય સ્વરૂપ છે. વિશેષ સ્વરૂપ, વિસ્તારથી, યથાસ્થાને, આગળ આવવાનું જ છે. ૪.

## ચાર નિક્ષેપ

કહેવામાં આવેલ સાત તત્ત્વાર્થો અને સમ્યગ્દર્શન વગેરે રત્નત્રયને ક્યા પ્રકારે જાણવું જોઈએ—આ વાતને સ્પષ્ટ કરતાં થકાં, આગામી સૂત્રમાં ચાર નિક્ષેપોની ચર્ચા આરંભ કરે છે.

પ્રમાણ અને નયો અનુસાર પ્રચલિત લોક વ્યવહારને નિક્ષેપ કહે છે.

નિક્ષેપોનું પ્રતિપાદન કરનારું સૂત્ર આ રીતે છે.

**नामस्थापनाद्रव्यभावतमस्तन्न्यासः ।।५।।**

**નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ—આ ચાર નિક્ષેપોથી, સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને સાત અથવા નવ તત્ત્વાર્થોનું ન્યાસ અર્થાત્ પ્રતિપાદન થાય છે. લોકવ્યવહાર સંચાલિત થાય છે.**

નિક્ષેપોનું સામાન્ય સ્વરૂપ આ પ્રકારે છે.

(૧) ગુણ-દોષ આદિની અપેક્ષા વિના, કોઈ સ્થાન કોઈ વ્યક્તિ અથવા વસ્તુનું નામકરણ કરવું, તે **નામનિક્ષેપ** છે.

(૨) —''આ તે છે'' આ પ્રકારે, અન્ય વસ્તુમાં કોઈ અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપિત કરવું, તે **સ્થાપનાનિક્ષેપ** છે.

(૩) ભૂત અને ભાવિ પર્યાયોનું વર્તમાનમાં સ્થાપિત કરવું, તે **દ્રવ્યનિક્ષેપ** છે.

(૪) વર્તમાન પર્યાયરૂપ વસ્તુને, વર્તમાનમાં સ્થાપિત કરવું, તે **ભાવનિક્ષેપ** છે.

(૧) નામનિક્ષેપને સમજાવવા માટે, આ પ્રકારના ઉદાહરણ દેવાતા રહ્યા છે કે,—કુરૂપ વ્યક્તિનું સુંદરલાલ નામ, નિર્ધન વ્યક્તિનું ધનપાલ નામ, સાધારણ વ્યક્તિનું રાજારામ નામ,—તે **નામનિક્ષેપ**ના ઉદાહરણ છે.

જો કે આ ઉદાહરણ જૂઠા નથી. છતાં પણ એનાથી એમ લાગે છે કે જાણી જોઈને ખોટી વાત કહેવામાં આવી રહી છે. નામનિક્ષેપના કથનમાં સુંદરલાલનું કૂરૂપ હોવું જરૂરી નથી, તે સુંદર પણ હોઈ શકે છે.

વસ્તુસ્થિતિએ વાત એ છે કે, નામનિક્ષેપની દૃષ્ટિથી જે નામકરણ કરવામાં આવી રહ્યા છે તેમાં કોઈ ગુણ-દોષ વગેરેની અપેક્ષા રાખવામાં આવતી નથી. તેથી કુરૂપ અથવા સુંદર કોઈપણ વ્યક્તિનું નામ સુંદરલાલ રાખી શકાય છે. વાત માત્ર એટલી જ છે કે લોકવ્યવહાર ચલાવવા માટે, પ્રત્યેક સ્થાન-વ્યક્તિ અથવા વસ્તુનું નામ હોવું જરૂરી છે. ગુણ-દોષ વગેરેનો વિચાર કર્યા વિના, તે સ્થાન-વસ્તુ કે વ્યક્તિને જે નામથી કહેવામાં આવે, નામનિક્ષેપથી તેનું, તે જ નામ થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે, નામ નિક્ષેપમાં, 'યથા નામ તથા ગુણ'—એ સિદ્ધાંત લાગુ થતો નથી. કેમકે રાજા પોતાના પુત્રનું નામ રાજકુમાર રાખે જ છે. સેવકપણ પોતાના પુત્રનું નામ રાજકુમાર જ રાખે છે, સેવકકુમાર નહીં.

(૨) સ્થાપના નિક્ષેપમાં વ્યવહાર ચલાવવા માટે એક વ્યક્તિની અન્ય વ્યક્તિ અથવા વસ્તુમાં સ્થાપના કરી દેવામાં આવે છે. આ સ્થાપના બે પ્રકારની હોય છે. (૧) તદાકાર સ્થાપના (૨) અતદાકાર સ્થાપના

(ક) ભગવાન મહાવીરના આકારની સંગેમરમરની મૂર્તિમાં ભગવાન મહાવીરની સ્થાપના કરવી—પ્રતિષ્ઠા કરવી, તે તદાકાર સ્થાપના છે.

જૈન સમાજમાં થતા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ **તદાકાર સ્થાપનાનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.**

(ખ) શતરંજની રમતમાં કોઈપણ આકાર વિનાની સામાન્ય જેવી પત્થરની ગોટીમાં, હાથી-ઉંટ અને ઘોડાની કલ્પના કરવી, તે **અતદાકાર સ્થાપના છે.**

જ્યારે કોઈ વ્યક્તિ અથવા વસ્તુમાં, કોઈ અન્યની સ્થાપના કરી લેવામાં આવે છે, તો તેને તેની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ જાય છે.

નામ નિક્ષેપ અને સ્થાપના નિક્ષેપમાં મૂળભૂત અંતર એ જ છે કે, નામ નિક્ષેપમાં પૂજ્ય અપૂજ્યત્વનો વ્યવહાર નથી હોતો. જ્યારે સ્થાપના નિક્ષેપમાં પૂજ્ય-અપૂજ્યત્વનો વ્યવહાર હોય છે.

કોઈપણ પ્રતિષ્ઠિત મૂર્તિની પૂજા, તે મૂર્તિમાન વ્યક્તિની સમાન જ કરવામાં આવે છે કે જેમની તેમનામાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

(૩) ભૂત અને ભાવિ પર્યાયની મુખ્યતાથી, વર્તમાનમાં કહેવું, તે **દ્રવ્યનિક્ષેપ** છે. ભૂતકાળમાં પૂજા કરનારા પુરુષને વર્તમાનમાં પૂજારી કહેવો અને ભવિષ્યમાં રાજા બનનારા રાજપુત્રને વર્તમાનમાં રાજા કહેવો, તે **દ્રવ્યનિક્ષેપનું ઉદાહરણ છે.**

(૪) માત્ર વર્તમાન પર્યાયની મુખ્યતાથી અર્થાત વર્તમાનમાં જે, જેવો છે તેને, તે જ રૂપે કહેવો, તે **ભાવનિક્ષેપ** છે. જ્યારે કોઈ વ્યક્તિ પૂજા કરી રહેલો હોય, ત્યારે તેને પૂજારી કહેવો, તે **ભાવનિક્ષેપનું ઉદાહરણ છે.**

આ રીતે આપણે પોતાના જીવનમાં નિરંતર આ નિક્ષેપોનો પ્રયોગ કરતા રહીએ છીએ.

એક જિન શબ્દમાં ચારે નિક્ષેપોનો પ્રયોગ જેમાં છે, એવી એક ગાથા જિનાગમમાં પ્રાપ્ત થાય છે, જે આ પ્રકારની છે.

**णामजिणा जिणणामा, ठवण जिणा पुण जिणंदपडिवाओ ।**
**दव्वजिणा जिणजीवा, भावजिमा समवसरणत्था ।।**

જિનેન્દ્રદેવના ગુણોની અપેક્ષા ન કરીને, કોઈનું જિન નામ રાખવું તે **નામજિન** છે; જિનપ્રતિમા સ્થાપના જિન છે; ભવ્યાત્મા, શક્તિ અપેક્ષાએ જિન હોવાથી, **દ્રવ્યજિન** છે. અને સમવસરણમાં સ્થિત જિનેન્દ્રદેવ, તે **ભાવજિન** છે.

અહીં આ કહેવામાં આવી રહ્યું છે કે આ સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વાર્થો-પદાર્થોને આ નિક્ષેપોના આધારથી સમજો—સમજાઓ, સમજવા-સમજાવવાનો વ્યવહાર કરો, આમ કરવાથી આ તત્ત્વાર્તોની સાચી સમજણ થાય છે.

**નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપ, તે દ્રવ્યાર્થિક નયનો વિષય છે અને ભાવનિક્ષેપ,તે પર્યાયાર્થિકનયનો વિષય છે.** (સર્વાર્થસિદ્ધિ, પૃષ્ઠ ૧૫)

ઉક્ત નિક્ષેપોની સાચી જાણકારી પ્રાપ્ત થવાથી સમ્યગ્દર્શન આદિ અને જીવ આદિ પદાર્થોનો નિક્ષેપો અનુસાર જે વ્યવહાર કથન હોય છે, તેવો ભાવ ખ્યાલમાં આવી જાય છે.૫.

## પ્રમાણ-નય

સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવ આદિ તત્ત્વાર્થોને જાણવાનો ઉપાય શું છે? ઉક્ત પ્રશ્નનો સમુચિત ઉત્તર નિમ્નાંકિત સૂત્રથી પ્રાપ્ત થાય છે.

**प्रमाणनयवैरधिगमः ॥६॥**

***પ્રમાણ અને નયો દ્વારા ઉક્ત સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.***

અભિનવ ધર્મભૂષણયતિની ન્યાયદીપિકા અનુસાર **સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ છે.**

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન—આ પાંચે સમ્યગ્જ્ઞાન, પ્રમાણજ્ઞાન છે. પરંતુ શ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન, પ્રમાણજ્ઞાન છે. પરંતુ શ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન હોવાની સાથે નયજ્ઞાનરૂપણ હોય છે. **श्रुतविकल्पा नयाः ।** એવું આગમનું વચન છે.

**પ્રશ્ન—**ઉક્ત સૂત્રમાં પ્રમાણની પહેલા નય પદને રાખવું જોઈએ. કેમકે નય પદમાં ઓછી માત્રાઓ રાખવામાં આવે છે—એવો વ્યાકરણશાસ્ત્રનો નિયમ છે.

**ઉત્તર—'પૂજ્યને પહેલા રાખવામાં આવે છે.'** આ નિયમ અનુસાર અહીં પ્રમાણપદને પહેલા રાખેલ છે. નયથી, પ્રમાણ અધિક પૂજ્ય છે કેમકે જે સમ્યગ્જ્ઞાન વસ્તુના સર્વદેશને જાણે છે, તેને **પ્રમાણજ્ઞાન** કહે છે અને વસ્તુના એકદેશને જાણનારા સમ્યગ્જ્ઞાનને **નયજ્ઞાન** કહે છે.

કહ્યું પણ છે કે, ''**सकलादेशः प्रमाणाधीनो विकलादेशो नयाधीनः**'' (સર્વાર્થસિદ્ધિ પૃષ્ઠ ૧૫) સકલાદેશ પ્રમાણજ્ઞાનો વિષય છે અને વિકલાદેશ નયજ્ઞાનનો વિષય છે.

**પ્રશ્ન—**આચાર્ય દેવસેન તો પોતાના ''શ્રુતભવન દીપક નયચક્ર''માં વ્યવહારનયને પૂજ્યતર અને નિશ્ચયનયને પૂજ્યતમ સિદ્ધ કરે છે અને આપ અહીં પ્રમાણને પૂજ્ય બનાવી રહ્યા છો.

દેવસેનકૃત શ્રુતભવનદીપક-પૃષ્ઠ ૨૪-૨૫ ઉપર આચાર્ય દેવસેનનો સંસ્કૃતમાં જે ખુલાસો છે, તેનો લેખકશ્રી ડૉ. ભારિલ્લજીએ આપેલ સમજૂતી આ પ્રમાણે નીચે લખેલ છે.

**શંકા—**જો એમ છે તો બંનેય નયોને સામાન્યરૂપથી જ પૂજ્યત્વ પ્રાપ્ત થશે.

**સમાધાન—**નહીં એમ નથી કેમકે વ્યવહારનય તો પૂજ્યતર છે અને નિશ્ચયનય પૂજ્યતમ છે.

**શંકા—**પ્રમાણ લણક્ષવાળો વ્યવહારનય, વ્યવહાર-નિશ્ચય અને ઉભય—બધાને ગ્રહણ કરનારો હોવા છતાં, અધિક વિષયવાળો હોવા છતાં પૂજ્યતમ કેમ નથી?

**સમાધાન—**નથી, તે પૂજ્યતમ નથી કારણ કે પ્રમાણ લક્ષણવાળો **વ્યવહારનય પણ આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો.**

તે આ પ્રકારે છે. નિશ્ચયનો અન્તર્ભાવ હોવા છતાં પણ તે અન્ય યોગનો વ્યવચ્છેદ નથી કરતો તથા અન્યયોગ વ્યવચ્છેદના અભાવમાં **વ્યવહાર લક્ષણવાળી ભાવક્રિયા (વિકલ્પજાળ)નો નિરોધ અશક્ય છે. તેથી તે આત્માને જ્ઞાનચૈતન્યમાં સ્થાપિત કરવામાં અશક્ય જ છે.**

આગળ વધુ પણ કહે છે કે**—નિશ્ચયનય એકત્વને પ્રાપ્ત કરાવીને જ્ઞાનરૂપી ચૈતન્યમાં સ્થાપિત કરે છે, પરમાનંદને ઉત્પન્ન કરી વીતરાગ બનાવે છે. આટલું કામ કરીને તે સ્વતઃ નિવૃત્ત થઈ જાય છે આ રીતે તે જીવને નયપક્ષથી અતીત કરી દે છે. આ કારણે તે પૂજ્યતમ છે.''**

તથ્ય એ છે કે આચાર્ય અકલંકદેવ ''રાજવાર્તિક''માં ૧૧ સૂત્ર **प्रमाणनयैरधिगमः**માં પ્રમાણપદને પહેલાં મૂકવાનું કારણ બતાવતાં, **વિષયની વિશાળતાના આધાર ઉપર પ્રમાણને પૂજ્ય બતાવી રહ્યા છે** અને શ્રુતભવનદીપક નયચક્રમાં નયપક્ષાતીત વિકલ્પાતીત આત્માનુભૂતિમાં પહોંચાડવાવાળા નિશ્ચયનયને પૂજ્યતમ બતાવવામાં આવેલ છે.

નયચક્રમાં શંકાકારની તરફથી નયના પૂજ્યતમ હોવાના પક્ષમાં આ તર્ક પ્રસ્તુત કરવામાં આવ્યો છે કે, જો વિષયની વિશાળતા જ

પૂજ્યતમ હોવાનો આધાર છે, તો પછી વ્યવહારનય-નિશ્ચયનય અને ઉભયનય અર્થાત્ વ્યવહાર-નિશ્ચયનય સર્વ કાંઈ જેમાં સમાહિત છે એવો તે પ્રમાણ લક્ષણવાળો વ્યવહારનય પૂજ્યતમ કેમ નથી?

તેના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે, તે **પ્રમાણલક્ષણવાળો વ્યવહારનય, આત્માને નયપક્ષાતીત નથી કરી શકતો. એ કારણે તે પૂજ્યતમ નથી.**

નયચક્રમાં પૂજ્યતમ હોવાનો આધાર વિષયની વિશાળતા નથી પરંતુ નયપક્ષાતીત કરાવીને આત્માનુભૂતિ કરાવવામાં છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે બંને કથનમાં પોતપોતાની અપેક્ષાથી પ્રકરણ અનુસાર ઉચિત જ છે. પ્રમાણ-નય-નિક્ષેપોના સંદર્ભમાં પ્રત્યેકના વિષયમાં અનેક વિશાળ ગ્રંથ લખવામાં આવેલ છે. મેં પોતે નયોના વિષયમાં-બાબતમાં પરમભાવ પ્રકાશક નયચક્ર નામનો ગ્રંથ લખ્યો છે.

પ્રમાણ અને નયોના પ્રકારોની ચર્ચા આગળના સૂત્રોમાં યથાસ્થાન આવશે. આથી પ્રમાણ અને નયોની બાબતમાં વધુ કાંઈ લખવાની આવશ્યકતા નથી.

# નિર્દેશ આદિનું કથન

પ્રમાણ અને નયો દ્વારા સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવાદિ પદાર્થોને જાણી શકાય છે અને નામ આદિ નિક્ષેપોથી તેનો વ્યવહાર કરી શકાય છે. **સમ્યગ્દર્શન આદિ તથા જીવ આદિના વિષયમાં-બાબતમાં શું શું જાણવું?—એ બતાવવા માટે આગામી સૂત્રની રચના થઈ છે.** જે આ પ્રમાણે છે.

**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ।।७।।**

**સમ્યગ્દર્શનને આદિ અને જીવ આદિ તત્ત્વાર્થોના નિર્દેશ, સ્વામિત્વ સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાનથી અધિગમ/જ્ઞાન કરવું જોઈએ.** તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવ આદિ પદાર્થોને સારી જાણવા માટે તે સંબંધી નિર્દેશ આદિને જાણવા જોઈએ.

**નિર્દેશ—**વસ્તુના સ્વરૂપનું કથન કરવું તે નિર્દેશ છે.

**સ્વામિત્વ—**આધિપત્યને સ્વામિત્વ કહે છે.

**સાધન—**જેનાથી વસ્તુની ઉત્પત્તિ થાય છે, તે કારણને સાધન કહે છે.

**અધિકરણ—**વસ્તુના આધારને અધિકરણ કહે છે.

**સ્થિતિ—**જેટલો સમય વસ્તુ રહે,તે તેની સ્થિતિ છે.

**વિધાન—**પ્રકાર ભેદ અને વિસ્તારને વિધાન કહે છે.

જો કોઈ વસ્તુનું જ્ઞાન કરવું હોય અથવા કહેવું હોય, તો એ જાણવું જરૂરી હોય છે કે, તેનું નામ શું છે? તેનો સ્વામી કોણ છે? તે ક્યા સાધનથી બની છે? તે ક્યાં રાખેલી હોય છે? તેની કાળમર્યાદા કેટલી? અને તેમાં ભેદ-પ્રભેદ કેટલા છે? આ સર્વ જાણવાનું હોય છે.

જો આપણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તથા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ—એ તત્ત્વાર્થોને જાણવા છે તો, તેની બાબતમાં તેના નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને પ્રકારોને જાણવા જોઈએ. ૭.

## સત્ સંખ્યા આદિનું કથન

સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વાર્થોના નિર્દેશ આદિના સિવાય સત્-સંખ્યા આદિ પણ જાણવા જોઈએ. તેના સંબંધીનું સૂત્ર આ પ્રમાણે છે.

**सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥८॥**

**સમ્યગ્દર્શન આદિ રત્નત્રય અને જીવ આદિ તત્ત્વાર્થોના સત્ સંખ્યા ક્ષેત્ર સ્પર્શન કાલ, અંતર, ભાવ અને અલ્પ બહુત્વને પણ જાણવું જોઈએ.**

૧. વસ્તુના અસ્તિત્વને **સત્** કહે છે.

૨. વસ્તુના ભેદોની ગણત્રીને **સંખ્યા** કહે છે.

૩. વસ્તુના વર્તમાન નિવાસ-સ્થાનને **ક્ષેત્ર** કહે છે.

૪. વસ્તુના ત્રિકાળ સંબંધી નિવાસસ્થાનને **સ્પર્શન** કહે છે.

૫. વસ્તુના રહેવાની મર્યાદાને **કાળ** કહે છે.

૬. વસ્તુના વિરહકાળને **અંતર** કહે છે.

૭. ઔપશમિક, ક્ષાયિક આદિ પરિણામોને **ભાવ** કહે છે.

૮. અન્ય વસ્તુની અપેક્ષાએ કોઈ વસ્તુની હીન-અધિકતાના વર્ણનને **અલ્પબહુત્વ** કહે છે.

**અહીં એક પ્રશ્ન સંભવ** છે કે સાતમા સૂત્રમાં આવેલ નિર્દેશ આદિમાં જ, સત્ સંખ્યા વગેરે પણ આવી જાય છે. નિર્દેશમાં સત્‌ની, વિધાનમાં સંખ્યાની, અધિકરણમાં ક્ષેત્ર અને સ્પર્શન તથા સ્થિતિના પ્રકરણમાં કાળની ચર્ચા કરી શકાય છે. તેથી બે પૃથક્ સૂત્રોની આવશ્યકતા નથી. ઉક્ત પ્રશ્નનો એક માત્ર જ ઉત્તર છે, કે શિષ્ય ત્રણ પ્રકારના હોય છે. સંક્ષિપ્ત રુચિવાળા, મધ્યમરુચિવાળા, વિસ્તાર રુચિવાળા.

સંક્ષિપ્ત રુચિવાળાઓ માટે **प्रमाणनयैरधिगमः** જ પર્યાપ્ત છે. મધ્યમ રુચિવાળાઓને, પ્રમાણ અને નયોની સાથે સાથે નિર્દેશ આદિનું કથન આવશ્યક છે, પરંતુ—વિસ્તાર રુચિવાળાઓને સત્ સંખ્યા આદિની પણ આવશ્યકતા છે.

આ કારણે અહીં ત્રણે પ્રકારના શિષ્યોનું ધ્યાન રાખીને ત્રણ સૂત્ર લખવામાં આવ્યા છે.

પ્રમાણ અને નયોના માધ્યમથી તથા ચાર નિક્ષેપોના વ્યવહારથી, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તથા જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષરૂપ તત્ત્વાર્થોના નિર્દેશ, સ્વામિત્વ આદિ તથા સત્-સંખ્યા આદિને જાણવા જોઈએ. એનાથી પાઠકોનું તત્ત્વજ્ઞાન નિર્મળ થશે. તથા તત્ત્વાર્થોના શ્રદ્ધાન, જ્ઞાનપૂર્વક રાગ-દ્વેષનો ત્યાગ થઈને, રત્નત્રયરૂપ મુક્તિમાર્ગ પ્રશસ્ત થશે.

નિર્દેશ આદિ અને સત્ સંખ્યા આદિ એવા વિષય છે કે જેને આધાર બનાવીને મોટા મોટા ગ્રંથો લખવામાં આવેલ છે. સત્ સંખ્યા સૂત્રના આધાર ઉપર ષટ્ખંડાગમ જેવા મહાન ગ્રંથ લખવામાં આવેલ છે તેમના અધિકારોના નામ પણ સત્પ્રરૂપણા, સંખ્યાપ્રરૂપણા વગેરે છે.

**અહીં એક પ્રશ્ન સંભવે છે કે,** સર્વાર્થસિદ્ધિ આદિ ગ્રંથોમાં તો, નિર્દેશ-સ્વામિત્વ આદિ અને સત્ સંખ્યા આદિના જાણવાને ઉપાયાન્તર કહેલ છે અને આપના પ્રતિપાદનથી એમ લાગે છે કે, **આ બધા જાણવાના ઉપાય નથી, પરંતુ જ્ઞેયોના તે બિંદુ છે, કે જાણવાના છે.**

**ઉત્તર—**અરે! ભાઈ! બંનેની એક જ વાત છે પહેલા તમે વાતને ઊંડાણથી સમજો.

જ્યારે આપણે કોઈ વ્યક્તિનો પરિચય પ્રાપ્ત કરવા ચાહિયે છીએ—તેના વિષયમાં ઊંડાણથી જાણવા ચાહીએ છીએ, તો કેટલાક બિંદુ નિશ્ચિત કરી લઈએ છીએ. પછી તેના અનુસાર પૂછીએ છીએ, કે આપનું નામ શું છે? આપ ક્યાં કામ કરો છો? આપના અધિકારી-ઉપરી કોણ છે? આપને શું શું કરવું પડે છે? આપની શૈક્ષણિક યોગ્યતા શું છે? વગેરે

તે જ રીતે, અહીં એ કહેવામાં આવી રહ્યું છે કે, **જીવ આદિ પદાર્થો અને સમ્યગ્દર્શન આદિ ત્રણ રત્નોનો પરિચય પ્રાપ્ત કરવા માટે, તેમના નામ (નિર્દેશ) તે કોના છે? (સાધન) તે ક્યાં ક્યાં રહે છે? (અધિકરણ) તે ક્યાં, સુધી રહેશે? (સ્થિતિ) અને તેમના કેટલા પ્રકાર છે? (વિધાન) આટલી બાબતોને જાણવી જોઈએ.**

એથી પણ વધુ પરિચય પ્રાપ્તિ કરવા માટે એમના અસ્તિત્વ (સત્) એમની ગણત્રી (સંખ્યા) વગેરે પણ જાણવા જોઈએ. એનાથી રત્નત્રય અને સાત તત્ત્વાર્થોનો ઊંડો પરિચય આપણને પ્રાપ્ત થશે. આ જ રીતે, એમનું આ નામ સાર્થક છે કે કહેવામાત્ર છે. (નામ નિક્ષેપ)

તે કોઈના સ્થાપેલા પ્રતિનિધિ તો નથી (સ્થાપના નિક્ષેપ) તેઓ સદાયએવા જ રહે છે કે બદલતા રહે છે (દ્રવ્ય અને ભાવ નિક્ષેપ) વગેરેની જાણકારી પણ હોવી જોઈએ.

આ બધી જાણકારી, પ્રમાણ અને નયોના માધ્યમથી જ થશે. આ કારણે પ્રમાણ-નય જ જાણવાના અસલી ઉપાય છે. બાકીની વાતો સમ્યગ્જ્ઞાન શું શું જાણે છે? વગેરે જ્ઞેયોના વિશેષણોની વાતો છે.

આ જ વાતને સમજાવવા માટે ત્યાં તેને ઉપાયાન્તર કહેલ છે. એથી સર્વાર્થસિદ્ધિ આદિના કથન અને અમારા કથનમાં કોઈ અંતર નથી.

બધું મળીને સ્પષ્ટ સ્થિતિ એ છે કે આત્મકલ્યાણના ઈચ્છુક આત્માર્થી ભાઈ-બહેન જાણશે. પ્રમાણ અને નયથી જ જાણશે. નામ-સ્થાપના આદિ નિક્ષેપોથી પ્રતિપાદિત જીવ આદિ તત્ત્વાર્થો અને સમ્યગ્દર્શન આદિ રૂપ મુક્તિ માર્ગને જાણશે. જીવ આદિ અને સમ્યગ્દર્શન આદિના નામ-સ્વામી-સાધન આદિ તેમજ અસ્તિત્વ, સંખ્યા આદિ જાણશે.

આ રીતે જાણવાનું સાધન તો, પ્રમાણ-નયરૂપ સમ્યગ્જ્ઞાન જ રહ્યું, બાકી બધું તો જાણવાના પ્રકાર છે, જ્ઞેયોના વિશેષણ છે. ઉપાયાન્તર કહેવાનો આ જ આશય છે. આ પ્રકારે કહેવામાં અમને પણ કોઈ વાંધો નથી. અમે નવું કાંઈ નથી કહ્યું, પરંતુ તે જ વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે.

તે સમ્યગ્જ્ઞાન મતિજ્ઞાન આદિ પાંચ પ્રકારનું હોય છે. જેની ચર્ચા આગામી સૂત્રોમાં ક્રમશઃ આવી રહી છે. આ ચર્ચા અધિકારના અંત સુધી ચાલશે. અધ્યાયના અંતિમ સૂત્રમાં નોની પણ ચર્ચા થશે. તે પહેલા લગભગ સંપૂર્ણ વિવેચન પ્રમાણના સંદર્ભમાં જ થશે.

## પ્રમાણના ભેદ-પ્રભેદ

છઠ્ઠા સૂત્રમાં પ્રમાણ અને નયોની વાત આવી છે. ત્યાં એ પણ સ્પષ્ટ કર્યું હતું કે સમ્યગ્જ્ઞાન પાંચ પ્રકારનું હોય છે. તે પ્રકારોની ચર્ચા આગામી સૂત્રોમાં કરી રહ્યા છે.

તે સૂત્રો આ પ્રકારે છે.

**मतिश्रुतावधिमनःपर्ययकेवलानिज्ञानम्** ॥૯॥

**तत्प्रमाणे** ॥૧૦॥

**आद्येपरोक्षम्** ॥૧૧॥

**प्रत्यक्षमन्यत्** ॥૧૨॥

***—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—આ પાંચ ભેદ સમ્યગ્જ્ઞાનના છે.***

***—ઉક્ત પાંચે પ્રકારના સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે.***

***—સમ્યગ્જ્ઞાનના આ પાંચ પ્રકાર, પરોક્ષ અને પ્રત્યક્ષના રૂપમાં વિભાજિત થાય છે.***

***તેમાંથી આરંભના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન—આ બે સમ્યગ્જ્ઞાન, બંને પરોક્ષ પ્રમાણ છે.***

***અંતના ત્રણ સમ્યગ્જ્ઞાન છે—અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન—પ્રત્યક્ષ પ્રમાણ છે.***

પરાધીન જ્ઞાને પરોક્ષ કહે છે અને સ્વાધીન જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે. જે જ્ઞાન, ઈન્દ્રિય-મન-પ્રકાશ આદિના સહયોગથી ઉત્પન્ન થાય છે, તે પરાધીન હોવાથી **પરોક્ષ પ્રમાણ** કહેવાય છે. પરંતુ જે જ્ઞાનમાં, ઈન્દ્રિય-મન-પ્રકાશ આદિના સહયોગની આવશ્યકતા નથી, તે જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

**પ્રત્યક્ષ પ્રમાણ પણ દેશ પ્રત્યક્ષ અને સકલ પ્રત્યક્ષના ભેદથી બે પ્રકારનું છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન, દેશ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે.**

સીમિત વિષયવાળા હોવાથી અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન, **દેશપ્રત્યક્ષ** છે અને સંપૂર્ણ જ્ઞેયોના જ્ઞાયક હોવાથી કેવળજ્ઞાન, **સકલપ્રત્યક્ષ** છે. ઉક્ત જ્ઞાનના પાંચ પ્રકારોનું સંક્ષિપ્ત સ્વરૂપ આ રીતે છે–

**મતિજ્ઞાન–**પરાશ્રયની બુદ્ધિ છોડીને, દર્શન ઉપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થનાર, નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે– અથવા–ઇન્દ્રિયો અને મન છે નિમિત્ત જેમાં, તે જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

**શ્રુતજ્ઞાન–**મતિજ્ઞાન દ્વારા જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

**અવધિજ્ઞાન–**ઇન્દ્રિયો અને મનના નિમિત્ત વિના તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તેમજ ભાવની મર્યાદાપૂર્વક, સીધા આત્માથી રૂપી પદાર્થોને સ્પષ્ટ રૂપથી જાણવાને અવધિજ્ઞાન કહે છે.

**મનઃપર્યયજ્ઞાન–**જ્ઞાની મુનિરાજને ઇન્દ્રિયો અને મનના નિમિત્ત વિના, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાપૂર્વક, **બીજાના મનમાં રહેલ વિકલ્પરૂપ વિષયોને, સીધા આત્માથી સ્પષ્ટરૂપથી જાણવાને, મનઃપર્યયજ્ઞાન કહે છે.**

આગળ અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનના વિષયમાં નિરૂપણના સમયે, છવીસમાં તથા સત્તાવીસમાં સૂત્રમાં, અવધિજ્ઞાનના વિષયને રૂપી બતાવવામાં આવશે અને સાથે તેના અનંતમાં ભાગ સૂક્ષ્મ રૂપી વિષયને જ મનઃપર્યયજ્ઞાનનો વિષય બતાવવામાં આવશે. **તે અનંતમાં ભાગ સૂક્ષ્મરૂપી વિષય, બીજાના મનમાં સ્થિત વિકલ્પ જ છે.**

**કેવળજ્ઞાન–**જે ત્રણ લોક તથા ત્રણ કાળવર્તી સર્વ પદાર્થો તેમજ તેમના સમસ્ત ગુણ અને સમસ્ત પર્યાયોને તથા અપેક્ષિત ધર્મોને, પ્રત્યેક સમયમાં સ્પષ્ટ અને એકસાથે જાણે છે, એવા પૂર્ણ તથા ક્ષાયિકજ્ઞાનને કેવળજ્ઞાન કહે છે.

**પ્રશ્ન–**મતિજ્ઞાનમાં પણ ઇન્દ્રિય અને મન નિમિત્ત હોય છે અને મનઃપર્યયજ્ઞાનમાં પણ મનની વાત આવે છે. બંનેમાં મૂળભૂત અંતર શું છે?

**ઉત્તર—**મતિજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે કેમકે તેમાં પોતાની ઇન્દ્રિયો અને મન, નિમિત્તના રૂપમાં સહયોગી થતા દેખવામાં આવે છે. **પરંતુ મનઃપર્યયજ્ઞાન તો પ્રત્યક્ષ પ્રમાણ છે. તેને, જાણવાના કાર્યમાં, ઇન્દ્રિય આદિરૂપ પરપદાર્થોના સહયોગની રંચ પણ આવશ્યકતા નથી.** તેના સંદર્ભમાં તો, પોતાના નહીં, અન્ય જીવના **મનમાં સ્થિત વિકલ્પ, તે જ્ઞાનનું જ્ઞેય બને છે. માત્ર વાત એટલી જ છે.**

આ રીતે, ઉક્ત ચાર સૂત્રોમાં, માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે, મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન—તે પાંચ જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપ છે. તે પાંચે જ્ઞાન સમ્યગ્જ્ઞાનરૂપ હોવાથી પ્રમાણ છે

—પ્રત્યક્ષ અને પરોક્ષના રૂપમાં, પ્રમાણ બે પ્રકારનું હોય છે. શરૂઆતના બે જ્ઞાન અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે તથા અંતમાં ત્રણ જ્ઞાન, અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

જો કે અહીં તત્ત્વાર્થસૂત્રમાં, મતિજ્ઞાન તેમજ શ્રુતજ્ઞાનને પરોક્ષ પ્રમાણ જ કહેલ છે. છતાં પણ ન્યાયશાસ્ત્રમાં એક સાવ્યવહારિક પ્રત્યક્ષ હોય છે, જેને ઇન્દ્રિય પ્રત્યક્ષ પણ કહે છે. આ રીતે અધ્યાત્મશાસ્ત્રના અનુસાર એક સ્વાનુભૂતિ પ્રત્યક્ષ પણ હોય છે. આ સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને સ્વાનુભૂતિ પ્રત્યક્ષ, મતિ-શ્રુતજ્ઞાનવાળાઓને જ હોય છે.

આત્માને પણ અક્ષ કહે છે અને ઇન્દ્રિયોને પણ અક્ષ કહેવામાં આવે છે. જે જ્ઞાન, ઇન્દ્રિય આલોક આદિના સહયોગ (નિમિત્ત)ના વિના સીધા અક્ષથી, આત્માને જાણે છે. તેને નિશ્ચયથી પ્રત્યક્ષ કહે છે અને જે જ્ઞાન, ઇન્દ્રિયો (અક્ષ)ના સહયોગથી જાણે છે, તેને પણ **વ્યવહારથી પ્રત્યક્ષ કહે છે, સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે, ઇન્દ્રિય પ્રત્યક્ષ કહે છે.**

આ જ રીતે જ્યારે મતિ-શ્રુત પરોક્ષજ્ઞાન, ઇન્દ્રિય અને આલોક આદિના નિમિત્ત વિના **નિર્વિકલ્પ થઈને, પોતાના આત્માને જાણે છે, તેને નિજરૂપ જાણે-માને છે, ત્યારે તેને સ્વાનુભવ પ્રત્યક્ષ કહે છે.**

આ રીતે પ્રત્યક્ષપ્રમાણ અને પરોક્ષપ્રમાણની સામાન્ય ચર્ચા થઈ. આગળ યથાસ્થાને આ વિષય ઉપર વિસ્તારથી વાત કરીશું. ૯-૧૨.

# મતિજ્ઞાન

નવમા સૂત્રથી બારમા સૂત્ર સુધી, પાંચ પ્રકારના જ્ઞાનોની સામાન્ય ચર્ચા કરીને, તેમના પરોક્ષ-પ્રત્યક્ષ આદિ ભેદ ગણાવ્યા અને **હવે આગામી ૧૩ થી ૧૯ સૂત્ર સુધી, સાત સૂત્રોમાં મતિજ્ઞાનના સંબંધમાં વિશેષ જાણકારી ઉપલબ્ધ કરાવે છે.**

આ સાત સૂત્રોમાં અર્થાત્ ૧૩મું સૂત્ર આ પ્રમાણે છે–

**मतिःस्मृतिःसंज्ञाचिन्ताभिनिबोध इत्यर्थान्तरम् ।।१३।।**

***મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને અભિનિબોધ–આ મતિજ્ઞાનના જ નામાંતર છે, પર્યાયવાચી નામ છે.***

જો કે તેમનું સ્વરૂપ જુદું-જુદું છે, છતાં પણ તે બધામાં મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ જ અંતરંગ નિમિત્ત છે. આ કારણે તેમને મતિજ્ઞાનના નામાંતર કહ્યા છે.

**–મનન કરવું તે મતિ છે.–સ્મરણ કરવું તે સ્મૃતિ છે. –જોડરૂપ જ્ઞાન સંજ્ઞા અર્થાત્ પ્રત્યભિજ્ઞાન છે.–વ્યાપ્તિ જ્ઞાન તર્ક એટલે કે ચિંતા છે. –અનુમાન જ્ઞાન અભિનિબોધ છે.**

ન્યાયશાસ્ત્રના સૂત્રગ્રંથ 'પરીક્ષામુખ'ના ત્રીજા અધ્યાયમાં મતિ-સ્મૃતિ આદિની ચર્ચા વિસ્તારથી કરવામાં આવી છે.

મતિજ્ઞાનના, અવગ્રહ-ઈહા-અવાય-ધારણા, આ ચાર પ્રકારોની ચર્ચા આગળ ૧૫મા સૂત્રમાં આવશે.

જ્યારે મતિજ્ઞાન ઇન્દ્રિય પ્રત્યક્ષથી, મતિ નામના નામાંતરમાં, અવગ્રહ-ઈહા અને અવાયના રસ્તેથી ધારણા સુધી પહોંચે છે, ત્યારે કાલાંતરમાં યાદ આવવું તે સ્મરણ છે–સ્મૃતિ છે. આ જ રીતે **તત્ત્વનો નિર્ણય કરવા માટે મતિ છે અને ધારણાજ્ઞાનમાં વિદ્યમાન જ્ઞેયોનું યાદ આવવું–સ્મરણ કરવું, તે સ્મૃતિ છે.**

જ્યારે તે જ મતિજ્ઞાન, પૂર્વકાળના ઇન્દ્રિય પ્રત્યક્ષ અને વર્તમાન ઇન્દ્રિય પ્રત્યક્ષને સ્મૃતિના માધ્યમથી જોડે છે, ત્યારે તેનાથી જે જ્ઞાન થાય છે, તે **સંકલનરૂપ(જોડરૂપ) જ્ઞાન પ્રત્યભિજ્ઞાન સંજ્ઞા છે.**

—"આ તે જ છે જે મેં પહેલાં જોયેલ"—અથવા—"આ તેના જેવું છે"—અથવા—તેનાથી ઉલટું છે—વિપરીત છે—આ પ્રકારના જોડરૂપ જ્ઞાનને **પ્રત્યભિજ્ઞાન અથવા સંજ્ઞા કહે છે.**

આ પ્રત્યભિજ્ઞાન પાંચ પ્રકારનું હોય છે.

૧. "આ જ તે છે"—આ એકત્વ પ્રત્યભિજ્ઞાન છે.

૨. "આ તેના જેવું છે"—આ સાદૃશ્ય પ્રત્યભિજ્ઞાન છે.

૩. "આ તેનાથી વિલક્ષણ છે, વિપરીત લક્ષણવાળું છે" તે વિલક્ષણ પ્રત્યભિજ્ઞાન છે.

૪. "આ તેનાથી દૂર છે"—એને પ્રતિયોગી પ્રત્યભિજ્ઞાન કહે છે.

૫. "આ વૃક્ષ છે"—આ સામાન્ય પ્રત્યભિજ્ઞાન છે.

જ્યારે પ્રત્યક્ષ, સ્મૃતિ, સંજ્ઞાના આધારે આપણે આ પ્રકારના નિયમ તૈયાર કરી લઈએ છીએ, કે—જ્યાં જ્યાં ધુમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે, અને જ્યાં જ્યાં અગ્નિ હોતી નથી ત્યાં ત્યાં ધૂમાડો પણ હોતો નથી—આ નિયમોને વ્યાપ્તિજ્ઞાન કહે છે. અને **વ્યાપ્તિજ્ઞાન તે જ તર્ક છે,** તેને જ ચિંતા પણ કહે છે.

**આ વ્યાપ્તિજ્ઞાનરૂપી તર્કથી અનુમાનની સિદ્ધિ થાય છે. તે અનુમાનને જ અભિનિબોધ પણ કહે છે.**

**"સાધનથી સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે."**

(આચાર્ય માણિક્યનંદી પરીક્ષામુખ—**साधनात् साध्यविज्ञानम् अनुमानम्** ।-૧૦)

આ પર્વત ઉપર અગ્નિ વિદ્યમાન છે કેમકે તેના ઉપર ધૂમાડો છે. જ્યાં જ્યાં ધૂમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય છે. જેમ કે **રસોઈઘર.** —જ્યાં જ્યાં અગ્નિ હોતી નથી, ત્યાં ત્યાં ધૂમાડો પણ હોતો નથી, જેમકે તળાવ.

**—આ પર્વત ઉપર ધૂમાડો છે, તેથી અહીં અગ્નિ અવશ્ય છે.—આ અનુમાનનું સર્વાંગ ઉદાહરણ છે.**

અનુમાનજ્ઞાન બે પ્રકારનું હોય છે, (૧) સ્વાર્થાનુમાન (૨) પરાર્થાનુમાન.

—પોતે જ જાણેલ સાધનથી સાધ્યના જ્ઞાનને **સ્વાર્થાનુમાન** કહે છે. અને બીજાના ઉપદેશપૂર્વક જે સાધનથી સાધ્યનું જ્ઞાન થાય છે, તેને **પરાર્થાનુમાન** કહે છે.

**ધ્યાનમાં એ રાખવાનું છે કે,—સ્વાર્થાનુમાન મતિજ્ઞાનમાં આવે છે અને પરાર્થાનુમાન શ્રુતજ્ઞાનમાં.** (શ્રી ભાસ્કરનંદી—તત્ત્વાર્થવૃત્તિ-સૂત્ર-૧૩)

**સ્વયં સમજવા માટે જે અનુમાન કરવામાં આવે છે તે સ્વાર્થાનુમાન છે અને બીજાને સમજાવવા માટે અનુમાનનો પ્રયોગ કરવામાં આવે છે, તે પરાર્થાનુમાન છે.**

આ રીતે મતિ-સ્મૃતિ-સંજ્ઞા-ચિંતા અને અભિનિબોધ—આ બધી **ક્રમશઃ વિકસિત મતિજ્ઞાનની જ અવસ્થાઓ છે. ૧૩.**

# ઇન્દ્રિય અને મનની નિમિત્તતા

આ મતિ-સ્મૃતિ-સંજ્ઞા-ચિંતા અને અભિનિબોધરૂપ મતિજ્ઞાનમાં, ઇન્દ્રિય અને મન નિમિત્ત હોય છે. એની ચર્ચા આગામી સૂત્રમાં છે, જે આ પ્રકારે છે.

**तदिन्द्रियानिन्द्रियनिमित्त ॥१४॥**

***તે મતિજ્ઞાનમાં ઇન્દ્રિય અને મન નિમિત્ત હોય છે.***

ધ્યાનમાં રાખવાનું છે કે, મતિજ્ઞાનના પાંચ ભેદોમાં જે પહેલો ભેદ મતિ છે, તેમાં જ ઇન્દ્રિયો અને મન નિમિત્ત હોય છે. સ્મૃતિ-સંજ્ઞા-ચિંતા અને અભિનિબોધમાં માત્ર મન જ નિમિત્ત હોય છે, ઇન્દ્રિયો નહીં.

(શ્રી ભાસ્કરનંદિ—તત્ત્વાર્થવૃત્તિ-સૂત્ર-૧૪)

**પ્રશ્ન—**શું મતિજ્ઞાનમાં ઇન્દ્રિય અને મનનું નિમિત્ત હોવું આવશ્યક છે?

**ઉત્તર—**આવશ્યક તો નહીં પરંતુ જ્યારે મતિજ્ઞાનના માધ્યમથી આત્મા, રૂપી પુદ્ગલને જાણે છે, તેને જાણવારૂપ વિકલ્પોમાં પરિણત થાય છે, ત્યારે તેમાં ઇન્દ્રિયો અને મન નિમિત્ત અવશ્ય હોય છે.

આ તો આપ જાણો જ છો કે ઇન્દ્રિયો માત્ર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દોની જ ગ્રાહક છે અને **મન વિકલ્પોમાં નિમિત્ત થાય છે.**

આથી જ્યારે આત્મા અમૂર્તિક પદાર્થોને જાણે છે, ખાસ કરીને આત્મસંમુખ થાય છે, ત્યારે તેમાં ઇન્દ્રિયો અને મનની નિમિત્તતાની આવશ્યકતા હોતી નથી. આ તો સામાન્ય તથ્ય છે કે ઇન્દ્રિયો અને મન તો રૂપી પુદ્ગલ પદાર્થોને જ જાણવામાં નિમિત્ત થઈ શકે છે તથા મતિજ્ઞાનનો વિષય છયે દ્રવ્યો અને તેમની કેટલીક પર્યાયો છે.

આથી મતિજ્ઞાન, ઇન્દ્રિય અને મનના નિમિત્ત વિના પણ સંભવ છે. અન્યથા તેના દ્વારા ઇન્દ્રિયાતીત, વિકલ્પાતીત આત્માનુભૂતિ કેમ થશે? ૧૪.

## અવગ્રહ-ઇહા-અવાય-ધારણા

હવે એ બાબત સ્પષ્ટ કરે છે કે, **મતિજ્ઞાનનો ક્રમિક વિકાસ કઈ રીતે થાય છે. આ વાતને સ્પષ્ટ કરનારું** આગામી સૂત્ર આ પ્રકારે છે.

**अवग्रहेहावायधारणाः ॥१५॥**

***મતિજ્ઞાનનો વિકાસ ચક્ષુ-અચક્ષુદર્શનપૂર્વક અવગ્રહ ઈહા-અવાય અને ધારણાના રૂપમાં હોય છે.***

૧. ચક્ષુ—અચક્ષુદર્શનપૂર્વક થનારા સામાન્યજ્ઞાનને **અવગ્રહ** કહે છે.—''આ મનુષ્ય છે''—આ પ્રકારના જ્ઞાનને **અવગ્રહ** જ્ઞાન કહે છે.

૨. ચક્ષુ-અચક્ષુદર્શનપૂર્વક અવગ્રહમાં જાણેલા પદાર્તના સંબંધમાં, વિશેષ જાણવાના પ્રયાસનું નામ **ઈહા** જ્ઞાન છે. આ મનુષ્ય તો છે પણ આર્ય છે? કે મ્લેચ્છ?—આ પ્રકારની જિજ્ઞાસા ઉત્પન્ન થઈને જે જ્ઞાન પ્રવૃત્ત થાય છે, તે જ્ઞાન ઈહા જ્ઞાન છે.

૩. ઈહામાં થયેલ પ્રયાસથી કોઈ નિશ્ચય પર પહોંચી જવું—તે **અવાય** જ્ઞાન છે.

૪. પછી તેને કાલાંતરમાં ભૂલવું નહિ, તે **ધારણા** જ્ઞાન છે.

આ રીતે ઈન્દ્રિય અને અતીન્દ્રિય અર્થાત્ મનના નિમિત્તથી પ્રગટ રૂપી પદાર્થના અવગ્રહ-ઈહા-અવાય અને ધારણા એ બધી મતિજ્ઞાનની ક્રમશઃ વિકસિત થનારી પર્યાયો છે.

આ મતિજ્ઞાનમાં ઉક્ત મતિ ઉપરાંત સ્મૃતિ-સંજ્ઞા (પ્રત્યભિજ્ઞાન) ચિંતા (તર્ક-વ્યાપ્તિજ્ઞાન) અને અભિનિબોધ (અનુમાન જ્ઞાન) હોય છે. આ બધા મતિજ્ઞાનના જ નામાંતર છે.

ધ્યાન રાખવાની વાત એ છે કે મતિ-સ્મૃતિ વગેરે પાંચેય સમુદાયનું નામ પણ મતિજ્ઞાન જ છે અને મતિજ્ઞાનના પ્રથમ નામાંતરનું નામ પણ મતિ અથવા મતિજ્ઞાન છે.

આથી આ બાબતનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે મતિ અથવા મતિજ્ઞાન પદનો પ્રયોગ ક્યા ક્યા અર્થમાં થયો છે? ૧૫.

## અવગ્રહાદિના વિષયભૂત પદાર્થ

**મતિજ્ઞાન, અવગ્રહ આદિ દ્વારા જેને જાણે છે, તે પદાર્થો બાર પ્રકારના હોય છે.** તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**बहुबहुविधक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणाम् ॥१६॥**

**अर्थस्य ॥१७॥**

***બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિઃસૃત, અનુક્ત અને ધ્રુવ—આ છ પ્રકારના પદાર્થોના અને તેનાથી ઉલટા (પ્રતિપક્ષભૂત) એક એકવિધ, અક્ષિપ્ર, નિઃસૃત, ઉક્ત અને અધ્રુવ—આ છને સાથે ગણીને કુલ બાર પ્રકારના પદાર્થ મતિજ્ઞાનમાં અવગ્રહાદિરૂપ જાણવામાં આવે છે.***

***આ બહુ આદિ ભેદ પદાર્થના છે. તેમને કહેલ વિધિપૂર્વક જાણનારું જ્ઞાન, તે મતિજ્ઞાન છે.***

આ બાર ભેદોનું સ્વરૂપ, સંક્ષેપમાં આ પ્રમાણે છે—

**૧. બહુ—**બહુ જ, તેને સંખ્યા અને પરિમાણની દૃષ્ટિથી જોઈ શકાય છે. ઘણા જ મનુષ્યો—આ સંખ્યાની દૃષ્ટિથી અને ઘણી જ દા—આ પરિમાણની દૃષ્ટિથી થયું.

**૨. એક અથવા અલ્પ—**થોડું આ પણ સંખ્યા અને પરિમાણની દૃષ્ટિથી બે પ્રકારનું હોઈ શકે છે. સંખ્યાની દૃષ્ટિથી થોડા મનુષ્ય અથવા એક મનુષ્ય અને પરિમાણની દૃષ્ટિથી થોડી દાળ અથવા એક પદાર્થ.

**૩. બહુવિધ—**સંખ્યા અને પરિમાણની દૃષ્ટિથી ઘણા પ્રકારના પદાર્થ. જેમકે ઘઉં—દાળ વગેરે અનેક પ્રકારના અનાજ.

**૪. એકવિધ—**સંખ્યા અને પરિમાણની દૃષ્ટિથી એક પ્રકારના પદાર્થ. જેમકે એક જ પ્રકારના ચોખા.

બહુ અને એકમાં જાતિ વિવક્ષિત નથી હોતી પરંતુ બહુવિધ અને એકવિધમાં જાતિ વિવક્ષિત રહે છે. આ બે યુગ્મોમાં આ જ અંતર છે. (તફાવત છે.)

**૫. ક્ષિપ્ર—**પદાર્થોનું શીઘ્રતાપૂર્વક જ્ઞાન આપના અતિવેગથી ગતિશીલ પદાર્થનું જ્ઞાન તીવ્રગતિથી ગમન કરનારા મનુષ્યનું જ્ઞાન.

**૬. અક્ષિપ્ર**—પદાર્થોનું જ્ઞાન ધીરે ધીરે થવું અથવા ધીમી ગતિથી ગમન કરવાવાળા પદાર્થનું જ્ઞાન.

**૭. અનિઃસૃત**—નહીં નિકળેલું—જે પદાર્થ પૂરો છૂપાયેલ રહે છે, તે અનિઃસૃત કહેવાય છે અને જેનો અમુક હિસ્સો (ભાગ) છૂપાયેલ રહે છે, તેને પણ અનિઃસૃત જ કહે છે.

નદીમાં હાથી પૂરો ડૂબેલો હોય, તેના માથાની ઉપર પાણીની સપાટી ઉપર ગણગણતાં મચ્છરોને જોઈને હાથીનું જ્ઞાન, **અનિઃસૃત મતિજ્ઞાન છે.** તથા નદીમાંથી હાથીની સૂંઢ સામે દેખાતો જ કેવળ સૂંઢનું જ જ્ઞાન ન થતાં, સૂંઢ સહિત પૂરા હાથીનું જ્ઞાન થવું, તે પણ અનિઃસૃત મતિજ્ઞાન છે.

**૮. નિઃસૃત**—નીકળી ચૂકેલું—નદીમાંથી પૂર્ણ રીતે બહાર નીકળેલ હાથીનું જ્ઞાન થવું—તે નિઃસૃત મતિજ્ઞાન છે.

**૯. અનુક્ત**—અભિપ્રાયમાં રહેનાર પદાર્થ અથવા જેના વિષયમાં કાંઈ કહેવામાં આવ્યું ન હોય, તે પદાર્થ અનુક્ત છે. જે સમયે આંખથી ખાંડ અથવા મીઠાનું જ્ઞાન થાય છે, તે જ સમયે તેના રસનું જ્ઞાન થવું, તે અનુક્ત જ્ઞાન છે.

**૧૦. ઉક્ત**—કહેવામાં આવેલ પદાર્થ. કહેવામાં આવેલા પદાર્થનું જ્ઞાન થવું, તે ઉક્ત મતિજ્ઞાન છે. જેમકે—આ ફળ મીઠું છે.

**૧૧. ધ્રુવ**—લાંબા સમય સુધી અવસ્થિત રહેનારો પદાર્થ ધ્રુવ છે. અથવા થોડો કાળ કોઈ પદાર્થને એકરૂપથી ગ્રહણ કરતા રહેવું, ધ્રુવ મતિજ્ઞાન છે.

**૧૨. અધ્રુવ**—ધ્રુવનું વિપરીત અધ્રુવ છે.

આ બાર પ્રકારના ભેદ તે પદાર્થોના છે, જેને મતિજ્ઞાન જાણે છે. ૧૬-૧૭.

## વ્યંજનાવગ્રહ

વ્યંજનાવગ્રહ સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**व्यञ्जनस्यावग्रहः ।।१८।।**

**न चक्षुरनिन्द्रियाभ्याम् ।।१९।।**

***અપ્રગટ પદાર્થના માત્ર અવગ્રહ થાય છે. આ અવગ્રહને વ્યંજનાવગ્રહ કહે છે.***

***ચક્ષુ ઈન્દ્રિય અને મનના નિમિત્તથી વ્યંજનાવગ્રહ થતો નથી.***

અવગ્રહ બે પ્રકારનો હોય છે. વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

વ્યંજન એટલે ઢંકાયેલ, અપ્રગટ, અવ્યક્ત, અપ્રગટ, અવ્યક્ત પદાર્થના જ્ઞાનને **વ્યંજનાવગ્રહ** કહે છે. વ્યક્ત પ્રગટ પદાર્થોના જ્ઞાનને **અર્થાવગ્રહ જ્ઞાન** કહે છે.

અપ્રગટ પદાર્થોનું માત્ર અવગ્રહ (વ્યંજનાવગ્રહ) જ્ઞાન થાય છે. અર્થાવગ્રહ, ઈહા, અવાય અને ધારણાજ્ઞાન થતું નથી.

ચાર ઈન્દ્રિયો દ્વારા પહેલા વ્યંજનાવગ્રહ અને પછી અર્થવિગ્રહ ઈહા-અવાય-ધારણા થાય છે. ચક્ષુ અને મન દ્વારા સીધું અર્થાવગ્રહજ્ઞાન થાય છે. આ બાબત પણ વિશેષ ધ્યાન દેવા યોગ્ય છે કે વ્યંજનાવગ્રહ જ્ઞાન ચક્ષુ અને મનના નિમિત્તથી નથી થતું.માત્ર શેષ ચાર ઈન્દ્રિયોના નિમિત્તથી જ થાય છે.

આ પ્રકારે ચાર ઈન્દ્રિયોના નિમિત્તથી થનારા વ્યંજનાવગ્રહ બાર પ્રકારના પદાર્થોને જાણવાના કારણે ૪૮ પ્રકારનું થાય છે.

અર્થાવગ્રહ—ઈહા, અવાય અને ધારણા નામનું જ્ઞાન—પાંચ ઈન્દ્રિયો અને મનથી બાર પ્રકારના પદાર્થોને જાણવાના કારણે બોંતેર-બોંતેર પ્રકારનું થઈ ગયું. આ રીતે ૪૮+૭૨+૭૨+૭૨+૭૨=૩૩૬. આ રીતે સર્વ મળીને મતિજ્ઞાન ૩૩૬ પ્રકારનું થઈ જાય છે.

તેને નિમ્નાંકિત ચાર્ટથી સારી રીતે સમજી શકાય છે.

## મતિજ્ઞાનના ૩૩૬ ભેદ

### મતિજ્ઞાન

| ૧ અવગ્રહ: વ્યંજનાવગ્રહ | ૧ અવગ્રહ: અર્થાવગ્રહ | ૨ ઈહા | ૩ અવાય | ૪ ધારણા |
|---|---|---|---|---|
| બહુ | બહુ | બહુ | બહુ | બહુ |
| બહુવિધ | બહુવિધ | બહુવિધ | બહુવિધ | બહુવિધ |
| ક્ષિપ્ર | ક્ષિપ્ર | ક્ષિપ્ર | ક્ષિપ્ર | ક્ષિપ્ર |
| અનિઃસૃત | અનિઃસૃત | અનિઃસૃત | અનિઃસૃત | અનિઃસૃત |
| અનુક્ત | અનુક્ત | અનુક્ત | અનુક્ત | અનુક્ત |
| ધ્રુવ | ધ્રુવ | ધ્રુવ | ધ્રુવ | ધ્રુવ |
| એક | એક | એક | એક | એક |
| એકવિધ | એકવિધ | એકવિધ | એકવિધ | એકવિધ |
| અક્ષિપ્ર | અક્ષિપ્ર | અક્ષિપ્ર | અક્ષિપ્ર | અક્ષિપ્ર |
| નિઃસૃત | નિઃસૃત | નિઃસૃત | નિઃસૃત | નિઃસૃત |
| ઉક્ત | ઉક્ત | ઉક્ત | ઉક્ત | ઉક્ત |
| અધ્રુવ | અધ્રુવ | અધ્રુવ | અધ્રુવ | અધ્રુવ |
| સ્પર્શ, રસ, ઘ્રાણ, શ્રોત્ર | સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન | સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન | સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન | સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન |
| ૧૨x૪ = ૪૮ | ૧૨x૬ = ૭૨ | ૧૨x૬ = ૭૨ | ૧૨x૬ = ૭૨ | ૧૨x૬=૭૨=૩૩૬ |

## શ્રુતજ્ઞાન

સાત સૂત્રોમાં મતિજ્ઞાનની ચર્ચા થયા બાદ હવે **એક સૂત્રમાં, શ્રુતજ્ઞાની ચર્ચા કરે છે.**

**श्रुतं मतिपूर्वं द्वयनेकद्वादशभेदम् ।।२०।।**

***શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. તેના મૂળ ભેદ બે છે. પહેલાના અનેક અને બીજાના બાર ભેદ છે.***

અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ. આ બે શ્રુતજ્ઞાના મૂળ ભેદ છે.

અંગપ્રવિષ્ટના બાર ભેદ આ પ્રકારે છે.

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતૃધર્મકથાંગ, (૭) ઉપાસકાધ્યયનાંગ, (૮) અન્તઃકૃદશાંગ (૯) અનુત્તરોપપાદિક દશાંગ, (૧૦) પ્રશ્ન વ્યાકરણાંગ, (૧૧) વિપાક સૂત્રાંગ, (૧૨) દૃષ્ટિવાદાંગ

શ્રુતના કુલ અક્ષર **અઢાર શંખ, ચુમાલીસ પદ્મ, સડસઠ નીલ, ચુમાલીસ ખરબ, સાત અરબ, ત્રીસ કરોડ, પંચાણુલાખ, એકાવન હજાર, છસો પંદર**–(૧૮,૪૪,૬૭,૪૪,૦૭,૩૦,૯૫,૫૧,૬૧૫ માનવામાં આવેલ છે.)

આમાં મધ્યમપદના **સોળ અબજ ચોત્રીસ કરોડ તેરાસી લાખ, સાત હજાર આઠસૌ અઠાસી**–(૧૬,૩૪,૮૩,૦૭,૮૮૮) અક્ષરોમાં ભાગી દેતાં, **એક અબજ બાર કરોડ, તેરાસી લાખ, અઠાવન હજાર, પાંચ** (૧,૧૨,૮૩,૫૮,૦૦૫) મધ્યમ પદ અને **આઠ કરોડ, એક લાખ, આઠ હજાર એકસો પંચોતેર** (૮,૦૧,૦૮,૧૭૫) અક્ષર પ્રાપ્ત થાય છે.

આચારાંગ આદિ બાર અંગોની રચના ઉક્ત મધ્યમ પદો દ્વારા કરવામાં આવે છે. એ કારણે, તેની અંગ પ્રવિષ્ટ સંજ્ઞા છે.

જે શેષ અક્ષરો વધ્યા હતા, તેમાંથી, જે શાસ્ત્રોની રચના થાય છે, તે શાસ્ત્રો અંગ બાહ્ય છે.

જો કે આ અંગો અને અંગબાહ્યોની રચના ગણધરદેવ કરે છે છતાં પણ ગણધરો સિવાય અન્ય જ્ઞાની ધર્માત્મા શિષ્યો-પ્રશિષ્યો દ્વારા જે શાસ્ત્ર રચવામાં આવે છે, તેનો સમાવેશ અંગબાહ્ય શ્રુતમાં જ થાય છે.


આ રીતે અંગબાહ્ય અનેક પ્રકારનું હોય છે.

આ જ બાર અંગોમાંથી, અગિયાર અંગોનું જ્ઞાન તો લુપ્ત થઈ ગયું છે. બારમા દૃષ્ટિવાદ અંગના અગ્રાયણી પૂર્વમાં, પાંચમા વસ્તુ અધિકારના મહાપ્રકૃતિ નામના ચોથા પ્રાભ્તનું જ્ઞાન, આચાર્ય ધરસેનને હતું. જે જ્ઞાન તેમણે પોતાના શિષ્ય ભૂતબલિ અને પુષ્પદંત નામના મુનિરાજોને ભણાવ્યું. તે જ્ઞાનને ભૂતબલિ અને પુષ્પદંતે ષટ્ખંડાગમમાં નિબદ્ધ કર્યું, તેની ટીકા આચાર્ય વીરસેને, ધવલા-જયધવલાના રૂપમાં લખી. તેના આધારે આચાર્ય નેમિચન્દ્રે ગોમ્મટસાર આદિ ગ્રંથોની રચના કરી. **આ પ્રકારે પ્રથમ શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ.**

તે જ સમયે, બીજા એક આચાર્ય ગુણધર નામના મુનિરાજને, જ્ઞાનપ્રવાદ પૂર્વના દસમા વસ્તુ અધિકારમાંથી ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. તેમની પાસેથી તે પ્રાભૃતને નાગહસ્તિ નામના મુનિરાજે શીખ્યું. (ભણ્યું) તે બંને મુનિરાજો પાસેથી યતિનાયક નામના મુનિરાજે ભણીને તેની ચૂર્ણિકા રૂપમાં છ હજાર સૂત્રોની રચના કરી.

એની ટીકા સમુદ્રચરણ નામના મુનિરાજે બાર હજાર શ્લોક પ્રમાણ લખી. એ આચાર્યોની પરંપરામાં આચાર્ય કુંદકુંદ આ શાસ્ત્રોના જ્ઞાતા થયા. તેમણે સમયસાર આદિ ગ્રંથો બનાવ્યા. **આ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ.**

આ રીતે બારમા અંગનું થોડું જ્ઞાન જ, આજે આપણને ઉપલબ્ધ છે. બાકીનું જ્ઞાન વિલુપ્ત જ છે છતાં પણ મતિજ્ઞાનની સમાન શ્રુતજ્ઞાન પણ પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી બધા સંસારી જીવોને થાય છે, જેમાં એકેન્દ્રિય આદિ જીવ પણ આવી જાય છે. છતાં પણ અહીં દ્વાદશાંગરૂપ સમ્યગ્શ્રુતજ્ઞાની ચર્ચા જ કરવામાં આવી છે. ૨૦.


श्रुत स्कंध रचना
केवल ज्ञान
चौदह पूर्व पद
क्रियाविशाल पद १०००००००[ संगीतशास्त्र, निमित्त-नैमित्तिक क्रियादि का वर्णन ]
कल्याणवाद पद २६००००००[ गर्भकल्याणक व सोलहकारण भावना का वर्णन ]
प्रत्याख्यान पद ८४०००००[ पाप के त्याग का वर्णन ]
आत्मप्रवाद पद २६००००००[ जीव के कर्ता-भोक्तादि धर्मों का वर्णन ]
ज्ञानप्रवाद पद ९९९९९९९[ ज्ञान के भेदों का वर्णन ]
वीर्यप्रवाद पद ७००००००[ ६द्रव्यों की शक्ति का वर्णन ]
उत्पादपूर्व पद १०००००००[ जीवादि, उत्पाद-व्यय-ध्रौव्यादिक भेद वर्णन ]
[ त्रैलोक व मोक्षादिक का वर्णन ]
[ वैदक मंत्रादिक व स्वरोदयादि का वर्णन ]
[ बुद्धविद्या, महाविद्या व अष्टांग निमित्तज्ञान का वर्णन ]
[ ज्ञानावरणादि ८ कर्मों का वर्णन ]
[ सत्य-असत्य वचनों की प्रवृति का वर्णन ]
[ जीवादिका सप्तभंग द्वारा वर्णन ]
[ सुनय-दु:र्नय, ६द्रव्य, ७तत्व, ९पदार्थों का वर्णन ]
पूर्वगते ९५५००००००५
५००० प्रथमानुयोगे
३६०५००० चन्द्र प्रज्ञप्ती
५०३००० सूर्य प्रज्ञप्ती
३२५००० जम्बूद्वीप प्रज्ञप्ती
५२३६००० द्वीपसागर प्रज्ञप्ती
८४३६००० व्याख्या प्रज्ञप्ती
सूत्रे ८८०००००
जलगतायां २०९८९२००
स्थल गतायां २०९८९२००
माया गतायां २०९८९२००
आकाश गतायां २०९८९२००
रूप गतायां २०९८९२००
दृष्टिवादांगे १०८६८५६००५
12
विपाकसूत्रांगे १८४०००००
प्रश्नव्याकरणे ९३१६०००
अनुत्तरोपपादिके ९२४४०००
अन्तकृद्दशांगे २३२८०००
ज्ञातृकथांगे ५५६०००
व्याख्याप्रज्ञप्त्यंगे २२८०००
समवायांगे १६४०००
स्थानांगे ४२०००
सूत्रकृतांगे ३६०००
आचारांगे १८०००
१४ प्रकीर्णक
१४ प्रकीर्णक
एकादशांग पदसंख्या ४१५०२०००
द्वादशांगानाम् पदसंख्या ११२८३५८००५
अंगबाह्याक्षर ८०१०८१७५
एकपदे वर्ण ( अक्षर ) संख्या १६३४८३०७८८८
सम्पूर्ण श्रुतज्ञानाक्षर संख्या १८४४६७४४०७३७०९५५१६१५
ज्ञान विकल्प-३०
अंगप्रविष्ट-१२
अंगबाह्य-१४
मतिज्ञान के 336 भेद
इन्द्रिय व मन - 6 X अवग्रहादि - 4 X बहु आदि 12 = 288
व्यंजनावग्रह ( चक्षु व मन के बिना ) 4 X बहु आदि 12 = 48
तिर्थंकर की ध्वनि गणधर ने सुनि अंग रचे चुनि ज्ञान मई,
सो जिनवर वाणी शिव सुखदानी त्रिभुवन मानी पूज्य भई।
निज निधी निजमें बतायी, यह अनंत उपकार है!
इसके लिए जिनवाणी माँ! को वंदना शतबार है!

## અવધિજ્ઞાન

અવધિજ્ઞાન બે પ્રકારનું હોય છે,–(૧) **ભવપ્રત્યય** (૨) **ગુણપ્રત્યય.**

**આયુકર્મના ઉદયના નિમિત્તથી ઉત્પન્ન થનારી જીવની પર્યાયને ભવ કહે છે.**

જે અવધિજ્ઞાનની મુખ્યરૂપથી ભવ જ કારણ (નિમિત્ત) હોય, તેને **ભવપ્રત્યય** અવધિજ્ઞાન કહે છે અને જેમાં મુખ્યરૂપથી ક્ષયોપશમ જ કારણ (નિમિત્ત) હોય તેને **ગુણપ્રત્યય** અવધિજ્ઞાન કહે છે.

જોકે ભવપ્રત્યય અવધિજ્ઞાનમાં પણ અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોય છે, કારણ કે અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમ વિના તો અવધિજ્ઞાન સંભવ જ નથી છતાં પણ **દેવ આયુ અને નરકઆયુની સાથે અવધિજ્ઞાનાવપણનો ક્ષયોપશમ નિયમથી હોય છે, આ કારણે ભવને મુખ્ય કરીને તેનું નામ ભવ પ્રત્યય રાખવામાં આવ્યું છે.**

જે રીતે પક્ષીઓને જન્મથી જ આકાશગમન જોવામાં આવે છે, તેવી જ રીતે દેવ અને નારકીઓને જન્મથી જ અવધિજ્ઞાન જોવામાં આવે છે એ જ કારણે તેમના અવધિજ્ઞાન ને ભવપ્રત્યય અવધિજ્ઞાન કહેવામાં આવે છે.

મનુષ્ય અને તિર્યંચોમાં, બહુ જ ઓછા જીવોમાં અવધિજ્ઞાન હોય છે. આ જ કારણથી **મનુષ્ય અને તિર્યંચને થનારા અવધિજ્ઞાનને ક્ષયોપશમ નિમિત્તક કહેવામાં આવ્યું છે.**

અવધિજ્ઞાનના સંબંધમાં તત્ત્વાર્થસૂત્રમાં બે સૂત્ર પ્રાપ્ત થાય છે, જે આ પ્રકારે છે–

**भवप्रत्ययोऽवधिर्देवनारकाणाम् ॥२१॥**

**क्षयोपशमनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥२२॥**

***ભવ પ્રત્યય નામનું અવધિજ્ઞાન દેવ અને નારકીઓને હોય છે.***

***–બાકીના જીવો અર્થાત્ મનુષ્ય અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને***

***થનારું ક્ષયોપશમ નિમિત્તક અવધિજ્ઞાન છ પ્રકારનું છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, અવસ્થિત અને અનવસ્થિત.***

તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રકારે છે.

(૧) **અનુગામી–**જે અવધિજ્ઞાન સૂર્યના પ્રકાશની જેમ બીજા ભવ અથવા ક્ષેત્રમાં પણ જીવની સાથે બન્યું રહે, તેને અનુગામી અવધિજ્ઞાન કહે છે.

(૨) **અનનુગામી–**જે અવધિજ્ઞાન બીજા ભવ કે ક્ષેત્રમાં, જીવની સાથે જતું નથી, તેને અનનુગામી અવધિજ્ઞાન કહે છે.

(૩) **વર્ધમાન–**જે અવધિજ્ઞાન શુક્લપક્ષના ચંદ્રની કલાઓની જેમ વધતું રહે છે, તે વર્ધમાન અવધિજ્ઞાન છે.

(૪) **હીયમાન–**જે અવધિજ્ઞાન કૃષ્ણપક્ષના ચંદ્રની કલાઓની જેમ ઘટતું રહે છે, તે હીયમાન અવધિજ્ઞાન છે.

(૫) **અવસ્થિત–**જે અવધિજ્ઞાન સૂર્ય કે મનુષ્યના શરીર પર સ્થિત તેમની માફક એકસરખું રહે છે,–ન ઘટે છે કે ન વધે છે,–તે અવસ્થિત અવધિજ્ઞાન છે.

(૬) **અનવસ્થિત–**જે અવધિજ્ઞાન, હવાથી જળના તરંગોની જેમ ઘટતું-વધતું રહે છે, તે અનવસ્થિત અવધિજ્ઞાન છે.

આ બાબતમાં જાણવાયોગ્ય વિશેષ વાત એ છે કે–મનુષ્યોમાં તીર્થંકરોને પણ એક અપેક્ષાએ તેને પણ **ભવપ્રત્યય** કહી શકીએ છીએ.

તીર્થંકરોના અવધિજ્ઞાનને ભવપ્રત્યય કહેતાં, ગુણપ્રત્યય અવધિજ્ઞાનને, તીર્થંકરો સિવાય શેષ મનુષ્યો અને તિર્યંચોને જ માનવું પડશે. તિર્યંચોમાં આ અવધિજ્ઞાન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને જ હોય છે અને મનુષ્ય તો બધા સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે. ૨૧-૨૨.

## મનઃપર્યયજ્ઞાન

મતિ, શ્રુત અને અવધિજ્ઞાનની ચર્ચાની ઉપરાંત હવે ત્રણ સૂત્રોમાં **મનઃપર્યયજ્ઞાની ચર્ચા કરે છે.**

મનઃપર્યયજ્ઞાન સંબંધી પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે.

**ऋजुमविपुलमती मनःपर्ययः ।।२३।।**

***મનઃપર્યયજ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિના ભેદથી બે પ્રકારે છે.***

(૧) **ઋજુમતિ–**જે જ્ઞાન, મન-વચન-કાયાની સરળતાથી ચિંતિત બીજાના મનમાં સ્થિત રૂપી પદાર્થોને જાણે છે,–તેને ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન કહે છે.

(૨) **વિપુલમતિ–**જે સરળ તથા કુટિલરૂપથી ચિંતિત, બીજાના મનમાં સ્થિત રૂપી પદાર્થોને જાણે છે, તે વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન છે.

**અહીં એક પ્રશ્ન સંભવે છે કે,–**મનમાં સ્થિત રૂપી પદાર્થથી શું આશય છે? કેમકે મનમાં તો વિચાર આવે છે, વિકલ્પ ઊઠે છે, તો શું તે વિચાર અથવા વિકલ્પ રૂપી છે?

**ઉત્તર–હાં, તે વિચાર અને વિકલ્પ રૂપી છે.** આ વાત તો તેનાથી જ સહજ સિદ્ધ થઈ રહી છે કે **મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી પદાર્થ છે અને તે માત્ર બીજાના મનમાં રહેલ પદાર્થને જાણે છે.**

એ તો જગપ્રસિદ્ધ વાત છે કે, મનમાં તો વિકલ્પ જ ઊઠે છે, વિચાર જ આવે છે. આથી આ સિદ્ધ જ છે કે, તે વિચાર અને વિકલ્પ રૂપી પદાર્થ જ છે. ૨૩.

# ઋજુમતિ અને વિપુલમતિમાં અંતર

ઋજુમતિ અને વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યા બાદ હવે **તેમનામાં પરસ્પર શું અંતર છે?** તે સ્પષ્ટ કરે છે.

તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥२४॥**

***પરિણામોની વિશુદ્ધિ અને અપ્રતિપાતની અપેક્ષાએ બંનેમાં અંતર-તફાવત છે.***

મનઃપર્યયજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી આત્મ પરિણામોમાં થવાવાળી નિર્મળતાને **વિશુદ્ધિ** કહે છે. તેનું છૂટી જવું–તેનું નામ પ્રતિપાત છે. અને–ન છૂટવું–તેનું નામ **અપ્રતિપાત** છે.

ઋજુમતિ કરતાં વિપુલમતિજ્ઞાનવાળાના પરિણામોમાં અધિક વિશુદ્ધિ હોય છે અને ઋજુમતિ થઈને છૂટી જાય છે અથવા છૂટી શકે છે. પરંતુ વિપુલજાતિવાળા ક્યારેય પણ નીચે તરફ જતા નથી. તે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થઈ જાય ત્યાં સુધી છૂટતું નથી. **કેવળજ્ઞાન થતાં તો ચારેય ક્ષયોપશમજ્ઞાન છૂટી જાય છે.**

આથી આ નિર્ણિત થયું કે કેવળજ્ઞાન થયા પહેલાં ન છૂટવું તે જ અપ્રતિપાત છે અને કેવળજ્ઞાન ન થવા છતાં પણ છૂટી જવું, પ્રતિપાત છે. આ રીતે **વિપુલમતિ અપ્રતિપાતી છે અને ઋજુમતી પ્રતિપાતી** જ્ઞાન છે.

વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન, તદ્ભવ મોક્ષગામીઓને જ થાય છે. પરંતુ ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન તદ્ભવ મોક્ષગામીઓને પણ થઈ શકે છે. અને જે તદ્ભવ મોક્ષગામી નથી તેને પણ થઈ શકે છે.

આ રીતે વિપુલમતિ જ્ઞાનવાળા શ્રપકશ્રેણીનું આરોહણ કરે છે. પરંતુ ઋજુમતિવાળા શ્રપકશ્રેણી–બંને પર ચઢી શકે છે. તે શ્રેણી ચઢે નહીં, તેમ પણ થઈ શકે છે. ૨૪.

## અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં અંતર-તફાવત

ઋજુગતિ અને વિપુલગતિમાં અંતર સ્પષ્ટ કર્યા પછી હવે **અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં શું અંતર છે?** તે સ્પષ્ટ કરે છે. તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**विशुद्धक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्ययतयोः ॥२५॥**

***વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયની અપેક્ષાએ, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન—બંનેમાં પરસ્પર અંતર છે.***

૧. અવધિજ્ઞાનથી મનઃપર્યયજ્ઞાન વધારે શુદ્ધિવાળું છે.

૨. મનઃપર્યયજ્ઞાન માત્ર માનુષોત્તર પર્વતની અંદર અર્થાત્ અઢીદ્વીપની અંદરની જ વાત જાણે છે, જ્યારે **અવધિજ્ઞાનનું ક્ષેત્ર અસંખ્યાત લોક છે.**

૩. મનઃપર્યયજ્ઞાન છઠ્ઠા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી **પ્રવર્તમાન ઉત્કૃષ્ટ ચારિત્રવાળા જીવોને જ હોય છે.** જ્યારે અવધિજ્ઞાન ચારે ગતિઓના સર્વ સંજ્ઞી પંચેન્દ્રિય સમ્યક્દૃષ્ટિ જીવોને પણ થઈ શકે છે.

વિભંગાવદ્દિ કે કુઅવધિજ્ઞાન ચારે ગતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિયોને થઈ શકે છે.

૪. અવધિજ્ઞાનનો વિષય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં **બધા રૂપી (પુદ્ગલ) પદાર્થ અને તેની કેટલીક પ્રર્યાયો છે.**

મનઃપર્યયજ્ઞાનનો વિષય પણ **રૂપી પદાર્થ** જ છે, પરંતુ તે પદાર્થ અવધિજ્ઞાનના વિષયથી અનંતમાં ભાગે સૂક્ષ્મ (પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદોની અપેક્ષા) **માત્ર બીજાના મનમાં સ્થિત વિકલ્પ છે, વિચાર છે.**

આ રીતે આપણે જોઈએ છીએ, કે—અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં વિશુદ્ધ-ક્ષેત્ર-સ્વામી અને વિષયની અપેક્ષાએ ઘણું અંતર છે. ૨૫.

## પાંચે જ્ઞાનોના વિષય

જો કે હવે અહીં કેવલજ્ઞાનની ચર્ચા પ્રસંગ પ્રાપ્ત છે. છતાં પણ દશમા અધ્યાયમાં મોક્ષ તત્ત્વાર્થની ચર્ચામાં કેવલજ્ઞાનનું સ્વરૂપ વિસ્તારથી સ્પષ્ટ થશે જ, તેથી અહીં તેને છોડીને **પાંચે જ્ઞાનોના વિષયના સંબંધમાં વિચાર કરે છે.**

પાંચે જ્ઞાનોનો વિષય બતાવનારા ચાર સૂત્રો આ પ્રકારે છે.

**मतिश्रुतयोर्विबन्धो द्रव्येष्वसर्वपर्यायेयेषु ।।२६।।**

**रूपिष्ववधेः ।।२७।।**

**तदनन्तभागे मनःपर्ययस्य ।।२८।।**

**सर्वद्रव्यपर्यायेषु केवलस्य ।।२९।।**

***—મતિ અને શ્રુતજ્ઞાન જો કે બધા દ્રવ્યોને જાણે છે—જાણીશકે છે પરંતુ તેની બધી સહવર્તી પર્યાયો (ગુણો) અને ક્રમવર્તી પર્યાયોને નથી જાણતું, માત્ર કેટલીક પર્યાયોને જાણે છે. આ રીતે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યોની અસર્વ (કેટલીક) પર્યાયો છે.***

***—અવધિજ્ઞાન માત્ર રૂપી (પુદ્ગલ) પદાર્થોને જ જાણે છે, તેથી અવધિજ્ઞાનનો વિષય, રૂપી પદાર્થ પુદ્ગલ અને તેની કેટલીક પર્યાયો છે.***

***—મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાનથી અનંતમા ભાગે સૂક્ષ્મ રૂપી પદાર્થને જ જાણે છે અને તે સૂક્ષ્મ રૂપી પદાર્થ બીજાના મનમાં સ્થિત વિકલ્પ છે, વિચાર છે.***

એનાથી આ વાત પણ સહજ સિદ્ધ છે કે મનમાં ઉઠતાં વિકલ્પ તેમજ વિચાર પણ રૂપી છે, પૌદ્ગલિક છે.

**કેવળજ્ઞાન બધા દ્રવ્યો અને તેની ત્રિકાળ સંબંધી બધી સહભાવી પર્યાયો(ગુણો) અને ક્રમભાવી પર્યાયોને એક સમયમાં, એક સાથે, અત્યંત સ્પષ્ટરૂપથી ઈન્દ્રિયાદિકના સહયોગ વિના, સીધું આત્માથી પ્રત્યક્ષ જાણે છે.**

આ જ કારણ છે કે તેને અતીન્દ્રિય પ્રત્યક્ષ કહે છે.

ધ્યાનમાં રાખવાનું છે કે, ઈન્દ્રિય પ્રત્યક્ષ, તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે અને કેવલજ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષ-નિશ્ચય પ્રત્યક્ષ છે.

ઉક્ત સૂત્રોમાં, પાંચે જ્ઞાન શું જાણે છે? કોને જાણે છે? કેવી રીતે જાણે છે?—એ સમજાવવામાં આવ્યું છે.

તે પાંચે જ્ઞાનોનો વિષય શું છે? જ્ઞેય શું છે? આ જાણવાનું **મૂળ પ્રયોજન એ છે કે, —જો આપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવું છે—મુક્તિમાર્ગ પર ચાલવું છે—મુક્તિ પ્રાપ્ત કરવી છે,** તો સૌથી પહેલાં એ સમજી લેવું જોઈએ કે અત્યારે આપણી પાસે મતિ-શ્રુતજ્ઞાન છે અને આપણે પોતાના લક્ષ્યની પ્રાપ્તિ કરવા માટે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવી છે, કારણ કે તેની સાથે જ અનંત અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

હવે બાકી રહ્યા તે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન, કે જે આપણને ઉપલબ્ધ નથી. જે આત્માને જાણવાથી, તેને નિજરૂપ માનવાથી, તેમાં જ પોતાપણું સ્થાપિત કરવાથી,તેમાં જ સમાઈ જવાથી—આપણને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે, અનંત દુઃખરૂપ આ ભવનો અભાવ થાય છે, તે આત્માને જાણવાના કામમાં તો, આ જ્ઞાન આવતા નથી, માત્ર આ પૌદ્‌ગલિક દેહરૂપી કારાગારને જાણવામાં—પંચેન્દ્રિય વિષયોને જાણવામાં અને બીજાના મનમાં સ્થિત ગંદા વિચારો—રાગ-દ્વેષરૂપ બધા વિકારી ભાવોને જાણવાના કામમાં જ આવે છે. તેને પ્રાપ્ત કરવાથી આપણને શું મળવાનું છે?

શું કરીશું તે અવધિજ્ઞાન મેળવીને? કે જે મિથ્યાદષ્ટિ-પાપી નારકીઓને પણ થઈ જાય છે? નિયમથી થાય જ છે. શું કરીશું તે મનઃપર્યયજ્ઞાનનું કે, જે મુનિરાજોને તે થઈ જાય છે, તે વીતરાગી મુનિરાજ લગભગ જિંદગીભર તેનો ઉપયોગ પણ કરતાં નથી! શું રસ છે તેમને બીજાના ગંદા વિચારોને જાણવાથી?

જે ગંદકી જગતના જીવનમાં દેખવામાં આવે છે તેનાથી અસંખ્ય-ગુણી ગંદકી લોકોની વાણીમાં છે અને તેનાથી પણ અસંખ્યગુણી ગંદકી લોકોના મનમાં છે કે જે ભય આદિ અનેક કારણોથી બહાર આવી શકતી નથી.

વિકલ્પોના રૂપમાં મનમાં રહેનારી તે ગંદકી જો વાણીમાં આવી જાય, તો જગતમાં કોલાહલ મચી જાય અને જો ક્રિયામાં આવી જાય, જીવનમાં આવી જાય, તો પ્રલય થઈ જાય.

જો એમ થઈ જાય તો બતાવો કે કોણ જીવિત રહેશે અને કઈ મા-બહેનની ઇજ્જત સુરક્ષિત રહેશે? એવી વ્યક્તિ કોણ છે? કે જેને મારવાનો ભાવ, કોઈને કોઈ આજ સુધી ન આવ્યો હોય? અને એની કોણ મા-બહેન છે કે જેને જોઈને, જોઈને કોઈના મનમાં, ભોગનો ભાવ ન આવ્યો હોય? જો આ બધું ક્રિયામાં આવી જાય તો શું થઈ જાત? તેની કલ્પના તમે કરી શકો છો?

આટલા ગંદા મનના ભાવોને, વિચારોને, વિકલ્પોને ઋદ્ધિધારી ભાવલિંગી મુનિરાજ શા માટે જોવા ઇચ્છે?

સારું જ છે કે, તે જ્ઞાન આપણને પ્રાપ્ત નથી, નહીંતર તે આપણને પૌદ્‌ગલિક પદાર્થોને જાણવામાં જ રોકી રાખત!

આત્માનું કલ્યાણ કરવા માટે; આત્મસ્વરૂપને જાણવા માટે જેની જરૂરત છે, તે મતિ-શ્રુતજ્ઞાન તો આપણી પાસે છે જ સારા ભવિતવ્યથી, મતિ-શ્રુતજ્ઞાન આવરણનો એટલો ક્ષયોપશમ પણ છે કે જેના દ્વારા આત્મા-પરમાત્માને જાણી શકાય છે. આપણે બધા સંજ્ઞી પંચેન્દ્રિય છીએ, તેથી તેનો ભરપૂર ઉપયોગ સ્વાધ્યાયમાં કરવો જોઈએ.

આ રીતે વિચાર કરીને, તે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનના તરફની લાલસાથી મુક્ત થઈને, એક માત્ર અનંતસુખના સાથી તે ઉત્કૃષ્ટ કેવળજ્ઞાનને જ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા આત્માર્થી જીવોએ સૌથી પહેલાં તે કેવળજ્ઞાનની વિષયવસ્તુને—તેના સ્વરૂપને જાણવાનો પ્રયોસ કરવો જોઈએ.

**તે કેવળજ્ઞાન; ઇન્દ્રિય-મન-પ્રકાશ વગેરેના સહયોગ વિના, પૂર્ણ રીતે સ્વતંત્ર રહીને, સીધો આત્માથી, અલોકાકાશ સહિત, આ લોકમાં જેટલા પણ પદાર્થ છે, તે બધાને—તેના ગુણોને અને તેની દ્રવ્ય-પર્યાય સહિત ગુણ-પર્યાયોને, તેમાં થનારા પ્રતિસમયના સૂક્ષ્મથી સૂક્ષ્મ પરિવર્તનોને પૂરી રીતે સ્પષ્ટરૂપથી જાણે છે. પરિવર્તનોને પૂરી રીતે સ્પષ્ટરૂપથી જાણે છે.**

એ તો તમે જાણો જ છો કે, આ લોકમાં અનંતાનંત જીવદ્રવ્ય અને તેનાથી પણ અનંતગુણા અનંતાનંત પુદ્ગલદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય-એક અધર્મદ્રવ્ય—એક આકાશદ્રવ્ય અને લોકપ્રમાણ અસંખ્યાત કાલદ્રવ્ય છે.

પ્રત્યેક દ્રવ્યમાં અનંતાનંત ગુણો પ્રત્યેક ગુણમાં ત્રણકાળના સમય જેટલી અનંતાનંત પર્યાયો થાય છે. આ બધાને કેવળજ્ઞાન જાણે છે અને એકદમ સત્ય, જેવી તે છે અને થશે બરાબર તેવી જ અને અત્યંત સ્પષ્ટ જાણે છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, આચાર્ય કુંદકુંદ કહે છે,—

**પર્યાય જો અનુત્પન્ન હૈ વા નષ્ટ જો હોઈ ગઈ હૈ,**
**અસદ્ભાવી વે સભી પર્યાય જ્ઞાન પ્રત્યક્ષ હૈ.**
**પર્યાય જો અનુત્પન્ન હૈ, યા હો ગઈ હૈ નષ્ટ જો,**
**ફિર જ્ઞાનકી ક્યા દિવ્યતા, યદિ જ્ઞાન હોવે નહિ વો.**

**(શ્રી પ્રવચનસાર ગાથા ૩૮-૩૯)**

**જે પર્યાયો ઉત્પન્ન થઈ નથી અથવા ઉત્પન્ન થઈને નષ્ટ થઈ ગઈ છે, તે સર્વ પર્યાયો-અવિદ્યમાન પર્યાયો, કેવલજ્ઞાનમાં તો પ્રત્યક્ષ જ છે.**

**જો અનુત્પન્ન અને નષ્ટ પર્યાયો કેવલજ્ઞાનમાં પ્રત્યક્ષ ન હોય તો જ્ઞાનને દિવ્ય કોણ કહેશે.**

આ ગાથાઓમાં અત્યંત સ્પષ્ટ શબ્દોમાં એ કહેવામાં આવેલ છે કે બધા દ્રવ્યોની જે પર્યાયો હજી ઉત્પન્ન થઈ નથી, તે ભવિષ્યની પર્યાયો અને જે ઉત્પન્ન થઈને નષ્ટ થઈ ગઈ છે, તે ભૂતકાળની પર્યાયો, કેવળજ્ઞાનમાં અત્યંત સ્વરૂપથી દરેક સમયે જ્ઞાત થતી રહે છે.

આ જ સૂત્રની ટીકામાં આચાર્ય પૂજ્યપાદ લખે છે—''બધા દ્રવ્યોની જુદી જુદી ત્રણે કાળમાં થનારી અનંતાનંત પર્યાયો છે, તે સર્વમાં કેવળજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. **એવું ન તો કોઈ દ્રવ્ય છે કે ન તો કોઈ પર્યાય સમૂહ છે, જે કેવળજ્ઞાનના વિષયથી રહી ગયું હોય!** કેવળજ્ઞાનનું માહાત્મ્ય અપરિમિત છે. આ જ વાતનું જ્ઞાન કરાવવા માટે સૂત્રમાં—''**सर्वद्रव्यपर्यायेषु**'' કહે છે. (સર્વાર્થસિદ્ધિ-સૂત્ર ૨૯ની ટીકામાં અંશનો હિન્દી અનુવાદ)

કેવળજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, આચાર્ય અમૃતચંદ્ર લખે છે કે,—

"એક જ્ઞાયક સ્વભાવનો, સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમશઃ પ્રવર્તમાન, અનંત ભૂત-વર્તમાન-ભાવિ વિચિત્ર પર્યાય સમૂહવાળા, અગાધ સ્વભાવ અને ગંભીર સમસ્ત દ્રવ્યો માત્રને—જાણે કે તે દ્રવ્યો **જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, ચિત્રિત થઈ ગયા હોય, અંદર ઘૂસી ગયા હોય, ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિંબિત થઈ ગયા હોય, એવી રીતે, એક ક્ષણમાં જ, જે શુદ્ધાત્માને પ્રત્યક્ષ કરે છે."**

**અહીં એક પ્રશ્ન સંભવે છે કે,—**કેવળજ્ઞાનમાં ભવિષ્યની બધી પર્યાયો જાણવામાં આવી જાય છે તો પછી, તે પણ જાણવામાં આવી જાય, કે આપણા સૌનું, ક્યારે શું, કેમ થવાનું છે? જો 'હા' તો પછી આપણે તો કોઈનું કાંઈ—કરી જ શકતા નથી.

**ઉત્તર—અરે ભાઈ! હજી તમે એ બાબતમાં ગૂંચવાઈ રહ્યા છો કે, તમે કોઈનું, કાંઈ કરી શકતા નથી. વાત તો ત્યાં સુધી છે કે, આપણે પોતાનું પણ કાંઈ કરી શકતા નથી. બધાની સાથે આપણી પર્યાયો પણ ભગવાનના કેવળજ્ઞાનમાં જ્ઞાત થઈ ગઈ છે!**

"અમે માનતા નથી એવી વાત, કે જેમાં અમે કાંઈ કરી ન શકીએ?"

તમારા માનવા—ન માનવાથી કંઈ થતું નથી, વસ્તુ તો જેવી છે—તેવી જ રહેશે.

"અમને એવું કેવળજ્ઞાન, એવી સર્વજ્ઞતા સ્વીકાર નથી."—અરે ભાઈ! આપણા ભગવાનની આપ્તની, સાચા દેવની પરિભાષા એ જ છે કે જે વીતરાગી-સર્વજ્ઞ અને હિતોપદેશક હોય, તે જ ભગવાન છે, તે જ આપ્ત છે, તે જ સાચા દેવ છે, તે જ તીર્થંકર અરિહંત દેવ છે.

જો આપણે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના ઉપાસક બનવું છે તો તેમના સર્વજ્ઞ સ્વભાવને ઉંડાણથી સમજવો પડશે, સર્વજ્ઞતાનો સ્વીકાર કરવો જ પડશે, નહીંતર બધું ગરબડ થઈ જશે.

આપણા દેવ સર્વજ્ઞ છે, આપણા શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે અને આપણા ગુરુ પણ સર્વજ્ઞ ભગવાનના બતાવેલ માર્ગનું અનુસરણ કરે છે.

સર્વજ્ઞતાને નહીં માનવાથી આપણે બધું ગુમાવી દેશું. શું આપ જાણતા નથી કે સમસ્ત જિનાગમનો આધાર એકમાત્ર સર્વજ્ઞતા જ છે.

જૂઠા કર્તૃત્વના અભિમાનમાં સર્વજ્ઞ અને સર્વજ્ઞતાથી વિમુખ થવું, તે સમજદારીનું કામ નથી.

—આપણા આચાર્ય સમન્તભદ્રે, અકલંકદેવે આચાર્યશ્રી વિદ્યાનંદે, સર્વજ્ઞતાની સિદ્ધિમાં જીવન સમર્પી દીધું છે અને આજે અમે કહી રહ્યા છીએ કે જો સર્વજ્ઞતાનો સ્વીકાર કરવામાં અમારા હાથમાં કાંઈ નહીં આવે, તો અમે તેને પણ તિલાંજલિ દઈ દેશું''—

અરે! ભાઈ! એવું દુસ્સાહસ કદી ન કરશો. એવું આત્મઘાતી પગલું કદી ન ઉઠાવશો, તેવો વિચાર પણ ન કરશો.

હે ભગવાન! અમારા શત્રુઓને પણ કદી એવી દુર્બુદ્ધિ ન આવે, અમે તો એવી જ કામના કરીએ છીએ. હે આત્મન્! જો સમજપૂર્વક, સાચા હૃદયે, સર્વજ્ઞતાની સ્વીકૃતિ થઈ જાય, તો આપણા આ કર્તૃત્વના અભિમાનને ચૂર-ચૂર થતાં વાર નહિ લાગે. સહજ અકર્તાભાવ જાગ્રત થયા વિના નહિ રહે.

અરે, ભાઈ! જ્યાં સુધી આપણને સર્વજ્ઞતા સ્વીકૃત નહીં થાય, ત્યાં સુધી આપણને તે પ્રાપ્ત પણ કેમ થશે? જો આપણે સર્વજ્ઞતા પ્રાપ્ત કરવી છે તો આપણે સહજભાવથી આપણે સર્વજ્ઞતાને સ્વીકાર કરવી જ જોઈએ. જો સર્વજ્ઞતાના સ્વરૂપને સ્વીકાર કરવી જ જોઈએ. જો સર્વજ્ઞતાના સ્વરૂપને ઉંડાણથી જાણવું હોય તો લેખની અન્યકૃતિ ક્રમબદ્ધ પર્યાય તેમજ આચાર્ય કુંદકુંદ કૃત પ્રવચનસારના જ્ઞાન અધિકારનો સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ. ૨૬-૨૯.

## એક આત્મામાં એક સાથે ચાર જ્ઞાન.

પાંચે જ્ઞાનોનો વિષય સ્પષ્ટ થઈ ગયા. બાદ હવે બતાવે છે કે—એક આત્મામાં એક સાથે, ઓછામાં ઓછું એક અને અધિકથી અધિક ચાર જ્ઞાન હોઈ શકે છે. તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**एकादीनि भाज्यानियुपदेकस्मिन्नाचतुर्भ्यः ॥३०॥**

***એક જીવને એક સાથે એકથી લઈને ચાર જ્ઞાન થઈ શકે છે.***

—જો એક જ્ઞાન હશે તો એકલું **કેવલજ્ઞાન** હશે.

—જો બે જ્ઞાન હશે, તો **મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન** હશે.

—જો ત્રણ જ્ઞાન હશે, તો મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હશે. અથવા **મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન** હશે.

—જો ચાર જ્ઞાન હશે તો, **મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન—** ચાર હશે.

પાંચ જ્ઞાન એકસાથે કોઈ જીવને કદી નહીં હોય કેમકે કેવલજ્ઞાન હોવાની સાથે અન્ય જ્ઞાનોની ન તો કોઈ ઉપયોગિતા રહે અને જ્ઞાનાવપણનો ક્ષય થઈ જવાથી ક્ષયોપસમિક જ્ઞાન રહી પણ શકતું નથી.

**ધ્યાન રાખવાનું છે કે સંસારી જીવને આત્મકલ્યાણના કાર્યમાં માત્ર મતિ-શ્રુતજ્ઞાન જ કામ આવે છે. કારણ કે અવધિજ્ઞાન તો માત્ર પુદ્‌ગલને જ જાણે છે અને મનઃપર્યયજ્ઞાનબીજાના વાતોને.**

**આ બે જ્ઞાન આત્મા જાણતા નથી, અને આત્માનું હિત તો આત્માને જાણવામાં છે, પરને જાણવામાં નહીં.**

સંસારી જીવોના મનમાં કોઈ સારી વાતો તો રહેતી નથી. તેમનું મન તો સદા ગંદા વિચારોથી જ ભરેલું રહે છે, તે ગંદા વિચારોને જાણવાતી આત્માને શું લાભ છે?

તે સંદર્ભમાં આગળના સૂત્રોની વ્યાખ્યામાં વિસ્તારથી ચર્ચા થઈ જ ગઈ છે. ૩૦.

## પ્રમાણાભાસ : મિથ્યાજ્ઞાન

સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણનું પ્રકરણ સમાપ્ત થયું, હવે પ્રમાણાભાસરૂપ મિથ્યાજ્ઞાનોની ચર્ચા કરે છે—તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**मतिश्रुतावधयो विपर्ययश्च ।।३१।।**

***મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન વિપરીત (મિથ્યા) પણ હોય છે.***

તાત્પર્ય એ છે કે પાંચ પ્રકારના સમ્યગ્જ્ઞાનોમાં આરંભના ત્રણ- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન મિથ્યા પણ હોય છે.

જ્યારે આ ત્રણે જ્ઞાન સમ્યગ્દર્શન સહિત હોય છે, તો સમ્યગ્જ્ઞાનરૂપ કે પ્રમાણરૂપ હોય છે અને જ્યારે મિથ્યાદર્શન સહિત હોય છે. ત્યારે મિથ્યાજ્ઞાનરૂપ કે પ્રમાણાભાસરૂપ હોય છે.

**મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન માત્ર સમકિતીઓને જ હોય છે, તેથી તે કદી મિથ્યાજ્ઞાનરૂપ હોઈ શકતા નથી. તે સદા સમ્યગ્જ્ઞાનરૂપ કે પ્રમાણરૂપ જ હોય છે.**

ધ્યાનમાં રાખવાનું એ છે કે, જ્ઞાનમાં સમ્યક્ અને મિથ્યાનું નિર્દેશ અથવા પ્રમાણ અને પ્રમાણાભાસનું નિર્દેશ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનના કારણે જ હોય છે.

**તાત્પર્ય એ છે કે સમ્યક્દષ્ટિનું બધું જ્ઞાન સમ્યક્ જ હોય છે, પ્રમાણરૂપ જ હોય છે. પ્રમાણાભાસરૂપ જ હોય છે. મિથ્યાદષ્ટિઓના બધા જ જ્ઞાન મિથ્યા જ હોય છે, પ્રમાણાભાસસ્મ્ર જ હોય છે.**

મિથ્યાદષ્ટિઓના તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન, લૌકિક દૃષ્ટિથી કેટલાય ઉપયોગી કેમ ન હોય! આખરે છે તો તે બધા મિથ્યાજ્ઞાન જ—પ્રમાણાભાસ જ છે.

જ્યાં સુધી સમ્યગ્દર્શન નહીં થાય, ત્યાં સુધી તેના જ્ઞાનની આધ્યાત્મિક જગતમાં કોઈ કિંમત નથી. તેથી આપણે પૂરી શક્તિથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. ૩૧.

# જ્ઞાનમાં મિથ્યાપણું હોવાનું કારણ

આગળના સૂત્રોમાં, મતિજ્ઞાન—શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન મિથ્યા પણ હોય છે—એમ કહેવામાં આવ્યું હતું, તેથી હવે આગામી સૂત્રમાં **તે જ્ઞાનોના મિથ્યા હોવાના કારણ પર વિચાર કરે છે** તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥३२॥**

***જેવી રીતે પાગલ-ગાંડો પુરુષ, સત્-અસત્‌નું જ્ઞાન ન હોવાથી અથવા સત્-અસત્‌ને એકસરખું સમજવાથી પોતાની ઈચ્છા પ્રમાણે ગમે તેમ કહેવા લાગે છે, તેવી જ રીતે, સત્-અસત્‌નું વિશેષ જ્ઞાન ન હોવાથી અથવા બંનેમાં એકસરખી બુદ્ધિ હોવાથી પોતાની ઈચ્છા અનુસાર, જેમ-તેમ જાણવાના કારણે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન મિથ્યા જ હોય છે.***

જે રીતે ગાંડો માણસ, માતા અને પત્નીમાં શું તફાવત છે, તે ન જાણવાના લીધે, કદી માતાને પત્ની કહી દે છે અને કદી પત્નીને માતા! એવો માણસ જો કદી માતાને માતા અને પત્નીને પત્ની પણ કહે, તો તેનું તે કહેવું, પણ સમ્યક્ નથી, કેમકે તેને માતા અને પત્નીનો વિવેક નથી.

માની પવિત્રતા તેના ધ્યાનમાં નથી. મા પૂજ્ય છે અને પત્ની ભોગ્ય આ અંતરને જાણ્યા વિના, તેના મા કહેવાનો શું અર્થ છે? તે તો કદી પત્નીને પણ મા કહી શકે છે અને કદી માને પત્ની!

**તે જ રીતે જેને સત્-અસત્‌નો વિવેક નથી, સ્વ-પરનો વિવેક નથી, પોતાના અને પારકાની પિછાણ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવ કદાચ સાચું પણ કહે તોપણ તે મિથ્યાદૃષ્ટિ જ છે. કેમકે તેની શ્રદ્ધા સમ્યક્ નથી. તેને સ્વ-પરનો વિવેક નથી, પોતાના-પારકાની પિછાણ નથી.**

સમ્યગ્જ્ઞાન થવા માટે, શ્રદ્ધાનું સમ્યક્ થવું અત્યંત આવશ્યક છે. કેમકે **જ્ઞાનનું સમ્યક્‌પણું શ્રદ્ધાનો સમ્યક્ હોવા પર આધારિત છે.** ૩૨

## નૈગમ આદિ સાત નય

છઠ્ઠા સૂત્રમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તથા સાત તત્ત્વાર્થોને જાણવાના ઉપાયના રૂપમાં, પ્રમાણ અને નયોની વાત આવી હતી. તેમાં સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણનું નિરૂપણ નવમા સૂત્રથી ત્રીસમાં સૂત્ર સુધી ૨૨ સૂત્રોમાં વિસ્તારથી થયું. તેના પછી ૩૧ તેમજ ૩૨માં સૂત્રોમાં પ્રમાણાભાસરૂપ કુમતિ, કુશ્રુત અને વિભંગાવધિ મિથ્યાજ્ઞાનોની ચર્ચા થઈ! **હવે આ પ્રથમ અધ્યાયના અંતિમ ૩૩મા સૂત્રમાં શ્રુતજ્ઞાનના અંશરૂપ નયોનું નિરૂપણ કહે છે.**

જે રીતે સમ્યગ્જ્ઞાન પ્રમાણરૂપ અને મિથ્યાજ્ઞાન પ્રમાણાભાસરૂપ હોય છે, તે જ રીતે સમ્યક્ નય, નયરૂપ અને મિથ્યાનય નયાભાસરૂપ હોય છે. સાપેક્ષ નય સમ્યક્ અને નિરપેક્ષનય મિથ્યા હોય છે.

કહેવું પણ છે કે—**निरपेक्षा नया मिथ्या सापेक्षा वस्तु तेऽर्थकृत ।**

નિરપેક્ષ નય મિથ્યા છે, નયાભાસ છે અને સાપેક્ષ નય સમ્યક્ છે, નયરૂપ છે. **સાપેક્ષનયોથી વસ્તુની સિદ્ધિ થાય છે.**

જિનાગમમાં મૂળ નયોની ચર્ચા, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક અને નિશ્ચય-વ્યવહારનયોના રૂપમાં પ્રાપ્ત થાય છે. પરંતુ અહીં તત્ત્વાર્થસૂત્રમાં તેમની ચર્ચા પણ નથી. **અહીં તો નૈગમ આદિ સાત નયોના રૂપમાં જ, નયોની ચર્ચા પ્રાપ્ત થાય છે.**

નયોના સંદર્ભમાં ''પરમભાવપ્રકાશકનયચક્ર''નામથી લગભગ ૪૭૨ પૃષ્ઠની એક પુસ્તક મેં પણ લખી છે, જેમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, નિશ્ચય-વ્યવહાર, નૈગમ આદિ સાત નય અને પ્રવચનસારના પરિશિષ્ટમાં સમાગત ૪૭ નયોની ચર્ચા વિસ્તારથી કરવામાં આવી છે.

આ તત્ત્વાર્થસૂત્ર ગ્રંથમાં સમાગત નૈગમાદિ સાત નયો સંબંધી સૂત્ર મૂલતઃ આ પ્રકારે છે.

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरूढैवंभूता नयाः ॥३३॥**

***નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત–તે સાત નય છે.***

તે સાત નયોનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રકારે છે.

**૧. નૈગમનય–અનિષ્પન્ન અર્થમાં સંકલ્પમાત્રને ગ્રહણ કરનાર નય, નૈગમનય છે.** જેમકે હાથમાં બરછી લઈને જતાં કોઈ પુરુષને જોઈને કોઈ અન્ય પૂછે છે,–તમે ક્યા કામે જઈ રહ્યા છો?

તે કહે છે–પ્રસ્થ લેવા જઈ રહ્યો છું.

જોકે તે સમયે, તે પ્રસ્થ પર્યાય સંન્નિહિત નથી, છતાં પણ પ્રસ્થ બનાવવાનો સંકલ્પ હોવાથી પ્રસ્થનો વ્યવહાર કરવામાં આવ્યો છે.

તે જ રીતે ઇંધણ અને જળ આદિના સંગ્રહમાં લાગેલા પુરુષને જો કોઈ પૂછે છે,–''તમે શું કરી રહ્યા છો?

તે ઉત્તર આરે છે,–''ભાત રાંધી રહ્યો છું''

–જોકે તે સમય ભાત (પાકેલા ચોખા) પર્યાય સંન્નિહિત નથી, છતાં ભાતને માટે કરવામાં આવતાં વ્યાપારમાં ભાત શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ રીતે જેટલો પણ લોકવ્યવહાર અનિષ્પન્ન અર્થના અવલંબનથી **સંકલ્પમાત્રને વિષય કરે છે તે નૈગમનયનો વિષય છે.**

(સર્વાર્થસિદ્ધિ, અધ્યાય-૧, સૂત્ર ૩૩ની ટીકા)

જૂના જમાનામાં અનાજ માપવા માટે લાકડાનું એક વાસણ વપરાતું, જેને ''પ્રસ્થ'' કહેતા હતા. એક વ્યક્તિ પ્રસ્થ બનાવવા માટે લાકડું લેવા વનમાં જઈ રહ્યો હતો,જ્યારે તેને પૂછવામાં આવ્યું કે,–''તે ક્યાં જઈ રહ્યા છો?'' ત્યારે તે કહે કે, ''પ્રસ્થ લેવા જઈ રહ્યો છું.'' તે વનમાંથી પ્રસ્થ નહીં લાકડું લાવશે, પણ તેનો વિચાર તે લાકડામાંથી પ્રસ્થ

બનાવવાનો છે, પણ તે લાકડું લેવા જાઉં છું, એમ ન કહેતાં, પોતાના સંકલ્પ પ્રમાણે એમ કહે છે, કે પ્રસ્થ લેવા જાઉં છું. તેનું આ કથન **ભાવિનૈગમનય**થી સત્ય છે. કેમકે **નૈગમનય સંકલ્પગ્રાહીનય** છે.

આ રીતે જે કાર્ય ભૂતકાળમાં સંપન્ન થઈ ચૂક્યું છે, તેને વર્તમાન સમાન વ્યવહાર કરવો **ભૂતનૈગમનય** છે. જો કે ભગવાન મહાવીરના નિર્વાણને પચીસસોથી પણ અધિક વર્ષ થઈ ગયા છે, છતાં પણ લોકમાં કહેવાય છે કે આજે દીપાવલીના દિને ભગવાન મહાવીરનું નિર્વાણ થયું, ભૂતનૈગમયનથી આ કથન સત્ય છે કેમકે **ભૂતનૈગમનય ભૂતકાળમાં થઈ ચૂકેલા કાર્યોમાં વર્તમાનવત્ જ વ્યવહાર કરે છે.**

જે આરંભ કરેલા કાર્યમાં, સંપન્ન થઈ ગયેલા કાર્ય સમાન વ્યવહાર કરે છે, તે **વર્તમાનનૈગમનય** છે. તેને, ભાત પકાવવાની-રાંધવાની ક્રિયાના ઉદાહરણથી સમજાવવામાં આવે છે. પાકેલ ચોખાને ભાત કહે છે. કોઈ વ્યક્તિ ચોખા રાંધવાના સંકલ્પથી, ચોખા ધોવા વગેરે કાર્યમાં લાગ્યો હોય, જોકે તેણે હજી ચૂલો પણ સળગાવ્યો નથી, પણ પૂછવામાં આવતાં, તે એમ જ કહે છે કે,—''ભાત રાંધી રહ્યો છું''—તેનું આ કથન **વર્તમાનનૈગમનયથી** સત્ય છે.

એ પ્રમાણે આ નૈગમનય, ભૂતનૈગમનય, વર્તમાન નૈગમનય અને ભાવિ નૈગમનયના ભેદથી ત્રણ પ્રકારનું હોય છે.

**અહીં એક પ્રશ્ન સંભવે છે કે,** ભાવિ નૈગમનય અને વર્તમાન નૈગમનયમાં કોઈ અંતર જોવામાં નથી આવતું. કારણ કે બંનેમાં વર્તમાનમાં કાર્ય અસંપન્ન જ છે (-કાર્ય થયું નથી) ન તો હજી પ્રસ્થ બન્યો છે અને ન તો ભાત રંધાયા છે.

**ઉત્તર—**જોકે એ પૂર્ણ રૂપે સાચું છે કે, ન તો હજી પ્રસ્થ બનેલ છે કે ન તો ભાત રંધાયા છે. છતાં પણ ભાત બનવા જેટલા નિકટ છે, પ્રસ્થ બનવો એટલો નિકટ નથી કેમકે ભાત બનવાવી પ્રક્રિયા તો આરંભ થઈ ચૂકી છે પણ હજી પ્રસ્થ બનવાનું તો ઠેકાણું પણ નથી. **આ નિકટતા અને દૂરપણું તે જ વર્તમાન નૈગમનય તેમજ ભાવિનૈગમનયની વિભાજનરેખા છે.**

**એક પ્રશ્ન એ પણ સંભવે છે કે** વર્તમાન નૈગમનય ભાવિ નૈગમનયના વિષયમાં તો એ કહી શકાય છે કે—હજી કાર્ય નિષ્પન્ન થયું નથી, પણ ભૂતનૈગમનયના વિષયમાં એ કઈ રીતે કહી શકાય, કે તે કાર્ય હજી સંપન્ન થયું નથી. કારણ કે ભૂતકાલીન કાર્ય તો સંપન્ન થઈ ચૂક્યા જ હોય છે.

તેથી નહીં બનેલા કાર્યમાં બની ચૂકેલા કાર્ય સમાન વ્યવહાર કરવાની વાત ભૂતનૈગમનય પર કઈ રીતે ઘટિત થશે?

**ઉત્તર—**ભાઈ! અહીં ''અનિષ્પન્ન''નો અર્થ માત્ર એટલો જ છે કે, જે કાર્યને નિષ્પન્ન થતું બતાવવામા આવી રહ્યું છે, તે કાર્ય હજી વર્તમાનમાં નિષ્પન્ન થઈ રહ્યું નથી. **''અનિષ્પન્ન''નો અર્થ—વર્તમાનમાં નિષ્પન્ન થઈ રહ્યો નથી—એટલો જ માત્ર છે.**

તે કાર્ય પહેલા નિષ્પન્ન થઈ ચૂક્યું છે કે નહીં. ભવિષ્યમાં નિષ્પન્ન થશે કે નહીં—એ બધાથી અહીં કાંઈપણ પ્રયોજન નથી. અહીં તો બસ વાત એટલી જ છે કે,**—તે કાર્ય અત્યારે નિષ્પન્ન થઈ રહ્યું નથી અને સંકલ્પના આધારે એમ કહેવામાં આવી રહ્યું છે કે જાણે તે કાર્ય અત્યારે જ સંપન્ન થઈ રહ્યું હોય!**

**ભૂતનૈગમનયના પ્રકરણમાં માત્ર એટલું જ પ્રયોજન છે, એનાથી વધુ કાંઈ નહીં.**

આ નૈગમ આદિ સાત નયોનું વિભાજન, જ્ઞાનનય-અર્થનય અને શબ્દનયના રૂપમાં પણ કરાય છે.

સત્ (અર્થાત્મક જગત) તેમજ અસત્ (જ્ઞાનાત્મક જગતને વિષય બનાવવાવાળા નૈગમનય, જ્ઞાનનય અર્થનય અને શબ્દનયોમાં અર્થનયની સાથે સાથે જ્ઞાનનય પણ છે.

આ પરિવર્તનશીલ જગતનો દરેક પ્રાણી, પોતાના વિચારાત્મક જગતમાં, અનેક પ્રકારની કલ્પના તો કર્યા જ કરે છે સાથે પોતના સંભવ-અસંભવ વિકલ્પોને સાકાર કરવા માટે અનેક પ્રકારના સંકલ્પ પણ કરતો રહે છે, છતાં એ જરૂરી નથી કે જે યોજનાઓ તેણે પોતાના વિચારોમાં

બનાવી છે, તે સાકાર થઈ જ જાય તે કદી સાકાર થાય કે ન થાય, પણ અત્યારે વિચારોમાં તો તે છે જ.

**તે સંકલ્પ-વિકલ્પોને વિષય બનાવવાના કારણે જ આ નૈગમનય જ્ઞાનનય કહેવાય છે. કેમકે સંકલ્પ-વિકલ્પ જ્ઞાનાત્મક વસ્તુ જ છે.**

જે જાતની કલ્પનાઓ અને સંકલ્પ-વિકલ્પ કરવામાં આવ્યા છે, વર્તમાન જગતમાં તે વસ્તુઓ, તે રૂપમાં નથી, તે માટે તેને અસત્ કહેવાય છે અને તે સંકલ્પ-વિકલ્પોને વિષય બનાવવાના કારણે નૈગમનયને, અસત્‌નો વિષય બનાવનાર નય કહેવામાં આવે છે.

અસત્ અર્થાત્ જ્ઞાનાત્મક જગતને વિષય બનાવવાનાળો આ નૈગમનય (જ્ઞાનનય) લોક-વ્યવહારમાં સર્વથી અધિક પ્રચલિત તેમજ અત્યંત ઉપયોગી નય છે. જો આ નયના સંદર્ભમાં આપણે પોતાના દૈનિક જીવનના વ્યાવહારિક પ્રયોગો ઉપર નજર નાખીએ, તો આપણને તેની ઉપયોગિતા સહજ જ ભાસિત થશે.

**આમાં નૈગમનય; તે જ્ઞાનનય અને અર્થનયરૂપ છે. સંગ્રહ-વ્યવહાર અને ઋજુસૂત્ર—આ ત્રણ નય માત્ર અર્થનય છે અને શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત—આ ત્રણ નય, શબ્દનય છે.**

એમાં એક વાત બીજી પણ અધિક ધ્યાનમાં રાખવાની એ છે કે, આ શબ્દનયોમાં, પહેલા ભેદનું નામ પણ શબ્દનય છે. તેથી એના પ્રયોગના સમયે આ સાવધાની રાખવી બહુ જ જરૂરી છે કે પ્રસ્તુત પ્રકરણમાં, ક્યા શબ્દનયનો પ્રયોગ થયો છે.

**આ રીતે, કહેલા સાત નયોમાં જ્ઞાનનય તો માત્ર નૈગમનય જ છે, પરંતુ અર્થનય; નૈગમ-સંગ્રહ-વ્યવહાર અને ઋજુસૂત્ર—એ ચાર નય છે અને શબ્દનય; શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત—એ ત્રણ નય છે.**

આ રીતે, આ જ્ઞાનનય-અર્થનય અને શબ્દનય નૈગમ આદિ સાત નયના જ વર્ગીકૃત ભેદ છે.

**પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ભૂતનૈગમનયનુ સશક્ત ઉદાહરણ છે. એક કોડાકોડી સાગર પહેલા થયેલા ઋષભદેવ તેમજ તેમના**

**પંચકલ્યાણકોને વર્તમાનમાં થનારા પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવોમાં વર્તમાનવત્ જ વ્યવહાર કરવામાં આવે છે.**

''આજ નિલાંજનાનું નૃત્ય થશે અને રાજા ઋષભદેવ દીક્ષા ગ્રહણ કરશે''—પ્રતિષ્ઠાચાર્યો દ્વારા આપવામાં આવેલી આ પ્રકારની સૂચનાઓને શું આપણે અસત્ય માનીએ છીએ?

નહીં, કદાપિ નહીં!

તો શું ખરેખર આજે નીલાંજનાનું નૃત્ય થશે કે રાજા ઋષભદેવ દીક્ષા લેશે?

નહીં, એ પણ સત્ય નથી કેમકે રાજા ઋષભદેવ તો એક કોડાકોડી સાગર પહેલા જ દીક્ષા લઈ ચૂક્યા છે, આજે તો તેઓ સિદ્ધદશામાં બિરાજમાન છે.

સંપૂર્ણ સ્થિતિને સારી રીતે સમજનારા શ્રોતાઓ કે દર્શકોને, પ્રતિષ્ઠાચાર્યોની આ પ્રકારની ઘોષણાઓથી કોઈ પરેશાની ઊભી થતી નથી. કેમકે તેઓ સારી રીતે જાણે છે કે, **અહીં ભૂતકાળની ઘટનાઓના સંબંધમાં વર્તમાનવત્ વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.**

આ સંપૂર્ણ વ્યવહાર ભૂતનૈગમનયની અપેક્ષા જ સંભવ છે. સાધારણ જનતા ભલે નૈગમનયનું નામન જાણતી હોય, તેની પરિભાષા પણ સમજતી ન હોય છતાં તેની કથનશૈલીથી સારી રીતે પરિચિત છે. આ જ કારણે તેમને કોઈ મૂંઝવણ ઊભી થતી નથી.

**આ પંચકલ્યાણક પ્રતિષ્ઠાવિધિ, સૌથી પહેલાં કોઈના કલ્પનાલોક અર્થાત્ જ્ઞાનજગતમાં જ અવતરિત થઈ હશે, પછી કાગળ ઉપર આવી હશે અને તે પછી તેની ક્રિયાન્વયન આરંભ થયેલ છે. આ જ્ઞાનજગતનું અદ્ભુત ઉત્પાદન છે કે જેને નૈગમનય પોતાનો વિષય બનાવે છે.**

આ રીતે ભાવિ ચોવીસીની પ્રતિષ્ઠાને ભાવિનૈગમનય તેમજ વિદ્યમાન સીમંધર આદિ વીસ તીર્થંકરોની પ્રતિષ્ઠાને વર્તમાનનૈગમનયનું ઉદાહરણ માની શકાય છે.

લોકમાં પણ આપણે આ પ્રકારના અગણિત પ્રયોગ પ્રતિદિન કરતા રહીએ છીએ.

મેડિકલ કૉલેજમાં પ્રવિષ્ટ છાત્રને ડૉક્ટર કહેવું, રાજપુત્રને રાજાસાહેબ કહેવું—તે આ જ પ્રકારના પ્રયોગ છે, જે ક્રમશઃ વર્તમાન કે ભાવિનૈગમનયના ઉદાહરણ છે, સેવાનિવૃત્ત ન્યાયાધીશને જજસાહેબ કહેવું, દીક્ષિત કે સિદ્ધદશાને પ્રાપ્ત ભરતને પણ ભરત ચક્રવર્તી કહેવું,— તે **ભૂતનૈગમનયના ઉદાહરણ છે.**

અત્યાર સુધી નૈગમનયના જેટલા પણ કથન કરવામાં આવ્યા છે, તે બધા જ્ઞાનનયના રૂપમાં જ કરવામાં આવ્યા છે, પરંતુ પહેલા જણાવ્યું છે તેમ **નૈગમનય જ્ઞાનનયની સાથે સાથે અર્થનય પણ છે.**

આથી નૈગમનયની સાથે સાથે અર્થનય પણ છે. આથી નૈગમનયની પરિભાષા તેમજ ભેદપ્રભેદ બંને દૃષ્ટિઓથી કરવું આવશ્યક છે. જોકે જ્ઞાનનયની અપેક્ષાએ, આ સંકલ્પગ્રાહીનય છે અને એના ભૂત-ભાવિ અને વર્તમાનનૈગમનય—એવા કાલકૃત ત્રણ ભેદ છે તો અર્થનયનની દૃષ્ટિથી એની પરિભાષા શું છે અને એને કેટલા વિભાગોમાં વહેંચી શકાય છે,—આ પણ વિચારણીય વિષય છે.

**દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ જ અર્થ છે તેથી અર્થનયની દૃષ્ટિથી નૈગમનયની વિષયભૂત વસ્તુમાં, દ્રવ્ય-ગુણ-પર્યાય-બધા સમાઈ જાય છે.**

હવે જોવાનું એ છે કે આ નૈગમનય, દ્રવ્ય-ગુણ-પર્યાયને ક્યા રૂપમાં પોતાનો વિષય બનાવે છે.

અર્થનયની અપેક્ષા નૈગમનયનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં જૈનેન્દ્ર વર્ણી લખે છે કે—

''અર્થનયની અપેક્ષા કરતાં નૈગમનયનું લક્ષણ 'એકને ગ્રહણ ન કરતાં બેને ગ્રહણ કરવું' છે. અર્થાત્ સંગ્રહનયના વિષયભૂત અભેદને તથા વ્યવહારનયના વિષયભૂત ભેદ—બંનેને યુગપત, પરંતુ મુખ્ય-ગૌણના વિકલ્પથી ગ્રહણ કરવું તે નૈગમનય છે.

ત્યાં સંગ્રહનય અનેકોમાં અનુગત સામાન્યને ગ્રહણ કરીને, વસ્તુને એક માને છે અને વ્યવહારનય તે જ વસ્તુમાં અનેકો દ્રવ્ય-ગુણ તેમજ પર્યાયગત વિશેષોનું ગ્રહણ કરીને તેને અનેકરૂપ માને છે. જેમ કે —

''જીવ એક છે''—એ સંગ્રહનય કહેવાય છે અને —''જીવ બે પ્રકારના છે, સંસારી તેમજ મુક્ત'' એ વ્યવહારનય કહેવાય છે. પરંતુ એ બંને નયોના **વિષયોને, મુખ્ય-ગૌણભાવથી એક સાથે ગ્રહણ કરવું, તે નૈગમનયનો વિષય છે.**

આનાથી ક્યાંક સંગ્રહનયનો અભેદ વિષય મુખ્ય થાય છે તો વ્યવહારનયનો ભેદ વિષય ગૌણ થઈ જાય છે. જેમકે—જે આ સંસારી તેમજ મુક્ત બે પ્રકારના કહેવાઈ રહ્યા છે તે વાસ્તવમાં એક જીવ જ છે. ક્યાંક વ્યવહારનયનો ભેદ વિષય મુખ્ય થઈ જાય છે અને સંગ્રહનયનો ભેદ વિષય ગૌણ થઈ જાય છે. જેમકે : આ જે એક જીવ કહેવામાં આવી રહ્યો છે, તે જ સંસારી તેમજ મુક્તના ભેદથી બે પ્રકારનો છે.

નૈગમના આ લક્ષણનો વિષય સત્તાભૂત પદાર્થ જ છે. કેમકે આ અર્થનય છે.

**આ રીતે જ્ઞાનનયની અપેક્ષાએ ત્રણ ભેદ અને અર્થનયની અપેક્ષાએ નવ ભેદ—બધુ મળીને નૈગમનયના બાર ભેદ થઈ જાય છે.**

આ સર્વની વિશેષ જાણકારી માટે ''શ્લોકવાર્તિક'' આદિ ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ. વિસ્તારભયથી અહીં આનાથી વધુ લખવું ઈષ્ટ પ્રતીત થતું નથી.

ઉક્ત સંપૂર્ણ વિવેચન ઉપર સૂક્ષ્મ દૃષ્ટિ નાખતાં પ્રતીત થાય છે કે નૈગમનય અત્યંત વ્યાપક નય છે. એના પેટમાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અર્થાત્મક સત્ જગત તેમજ ભૂત-ભવિષ્ય અને વર્તમાનરૂપ જ્ઞાનાત્મક અસત્ જગત સર્વ કાંઈ બધું જ સમાયેલ છે.

**૨. સંગ્રહનય—**પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણો દ્વારા પોતાની જાતિનો વિરોધન ન કરતાં, બધા વિશેષોને કથંચિત્ એકત્વરૂપથી ગ્રહણ કરવું, તે સંગ્રહનય છે.(આચાર્ય વિદ્યાનંદ-શ્લોકવાર્તિક-નય વિવરણ-શ્લોક ૬૩)

સત્તા બે પ્રકારની હોય છે (૧) મહાસત્તા (૨) અવાંતરસત્તા.

અનેક વસ્તુઓમાં વ્યાપેલ સદૃશતા અસ્તિત્વને, સૂચિત કરનારી મહાસત્તા છે અને વસ્તુઓનું જુદું-જુદું સ્વતંત્ર (સ્વરૂપ) અસ્તિત્વ, તે અવાંતરસત્તા છે.

આ રીતે અહીં એ સુનિશ્ચિત થયું કે **મહાસત્તાનો આધાર સાદશ્ય અસ્તિત્વ છે અને અવાંતર સત્તાનો આધાર સ્વરૂપ અસ્તિત્વ છે.**

મહાસત્તા પણ શુદ્ધ અને અશુદ્ધના ભેદથી બે પ્રકારની છે.

સત્ માત્રના આધાર ઉપર સંપૂર્ણ વિશ્વમાં એકત્વ સ્થાપિત કરનારી **શુદ્ધ મહાસત્તા** છે તથા તેની એક જાતિ વિશેષના આધારે કેટલાક (થોડા) પદાર્થોમાં એકત્વ સ્થાપિત કરનારી **અશુદ્ધ મહાસત્તા** છે.

શુદ્ધ મહાસત્તાને વિષય બનાવનારો સંગ્રહનય, **શુદ્ધસંગ્રહનય** કહેવાય છે અને અશુદ્ધ મહાસત્તાને વિષય બનાવનારો સંગ્રહનય **અશુદ્ધ સંગ્રહનય** કહેવામાં આવે છે.

શુદ્ધ સંગ્રહનયને સામાન્ય સંગ્રહ, પર સંગ્રહ તેમજ અશુદ્ધ સંગ્રહનયને વિશેષસંગ્રહ અપરસંગ્રહ—નામોથી પણ અભિહિત કરવામાં આવે છે.

**બધા પદાર્થોને પોતામાં સમેટી લેવામાં સમર્થ સત્સામાન્યને ગ્રહણ કરનારો સંગ્રહનય, શુદ્ધ સંગ્રહનય કહેવામાં આવે છે.** જોકે ''સત્તા'' દ્રવ્યનું લક્ષણ છે. એથી ''દ્રવ્ય'' શબ્દથી પણ જગતની બધી વસ્તુઓનું ગ્રહણ થઈ જાય છે.

સત્સામાન્ય દ્રવ્યનું લક્ષણ છે તો ચિત્સામાન્ય જીવનું લક્ષણ છે. આથી સત્સામાન્યની અપેક્ષાએ બધા દ્રવ્ય અને ચિત્સામાન્યની અપેક્ષાએ બધા જીવ એક છે.

દ્રવ્ય શબ્દ બધા પદાર્થોને પોતામાં સમેટે છે એથી તે શુદ્ધસંગ્રહનયનો વિષય છે અને ''જીવ'' શબ્દ અનંતજીવોને પોતામાં સમેટે છે, તેથી તે સંગ્રહનયનો વિષય તો છે પરંતુ આ સંગ્રહનય અશુદ્ધસંગ્રહનય છે. કેમકે એમાં લોતના સમસ્ત પદાર્થોનો સંગ્રહ થઈ શક્યો નથી. એક જાતિવિશેષના પદાર્થોનો સંગ્રહ હોવાથી એ સંગ્રહનય તો છે, પરંતુ સંપૂર્ણ પદાર્થોનો સંગ્રહ હોવાથી એ સંગ્રહનય તો છે, પરંતુ સંપૂર્ણ પદાર્થોનો સંગ્રહ ન થવાથી તેને શુદ્ધતા પ્રાપ્ત નથી.

**અસ્તિત્વ શુદ્ધ મહાસત્તા છે અને ચેતનત્વ અશુદ્ધ મહાસત્તા. શુદ્ધ મહાસત્તાનો ગ્રાહક સંગ્રહનય શુદ્ધ હોય છે અને અશુદ્ધ મહાસત્તાનો ગ્રાહક સંગ્રહનય અશુદ્ધ સંગ્રહનય છે.**

**એક જાતિના આધાર પર જગતના અનંતાનંત પદાર્થોમાં એકતા સ્થાપિત કરનારો આ નય માત્ર વસ્તુના સ્વરૂપને સમજવામાં જ ઉપયોગી નહીં, પરંતુ લૌકિક દૃષ્ટિથી પણ અત્યંત ઉપયોગી છે.**

આ નય અનુસાર–''હોવું''–પણ એક જાતિ છે, માત્ર જાતિ નહીં અપિતુ સૌથી મોટી જાતિ છે. એક માત્ર શુદ્ધ જાતિ છે તેના સિવાય બીજી બધી જાતિઓ અશુદ્ધ છે. કેમકે તે સર્વને સંગૃહીત કરવામાં સમર્થ નથી.

**એકમાત્ર–''હોવું''–અર્થાત્ ''અસ્તિત્વ'' જ એવી જાતિ છે, જેના આધારે સંપૂર્ણ જગતમાં એકલા સ્થાપિત થઈ શકે છે. એ જ કારણે અસ્તિત્વ (સાદૃશ્ય અસ્તિત્વ)ના આધાર ઉપર એકતા સ્થાપિત કરનારા નયને જ શુદ્ધ સંગ્રહનય કહેવાય છે, બાકી બધા સંગ્રહનય અશુદ્ધ સંગ્રહનય છે.**

ક્ષુદ્ર જાતિવાદના આડંબરમાં ગૂંચવાયેલ આ જગતે કદી વિચાર્યું પણ નહીં હોય કે –''હોવું''–તે પણ એક જાતિ હોઈ શકે છે. આ જાતિ અનુસાર બધા ચેતન અને જડ પદાર્થ એક જાતિના છે. અમે પણ તમે પણ બીજા પણ જે છે, તે બધા એક–''છે''–જાતિના જ છે. **–''છે''–સિવાય કોઈ એવી જાતિ નથી, કે જે શુદ્ધ જાતિ હોય.** કેમકે ''છે''–હોવાપણું, તે એક માત્ર જાતિના આધાર પર જે એકલા સ્થાપિત થાય છે, તેને જ શુદ્ધ સંગ્રહનય કહે છે.

જે જાતિવાદ સંગ્રહનો હેતુ છે, તેને આજે આપણે પોતાની ભૂલથી, વિગ્રહનો હેતુ બનાવી દીધેલ છે.

**સંગ્રહનયના સ્વરૂપ ઉપર ઊંડી દૃષ્ટિ નાખીએ તો પ્રતીત થાય છે કે, આ નય સામાજિક એકતાની દૃષ્ટિથી પણ અત્યંત ઉપયોગી નય છે. કેમકે આ નય જાતિનું સમ્યક્ સ્વરૂપ બતાવીને જાતિવાદનું ઝેર ઉતારનાર સમ્યક્ નય છે.**

આ રીતે આપણે જોઈએ છીએ કે સંગ્રહનયનું એકમાત્ર કાર્ય વિભિન્ન સત્ પદાર્થોમાં એકતા સ્થાપિત કરવી, તે જ છે.

(૩) **વ્યવહારનય–**સંગ્રહનય દ્વારા સંગૃહીત પદાર્થોમાં વિધિપૂર્વક

ભેદ કરવો, તે વ્યવહારનય છે. સંગ્રહનયની જેમ આપણે પણ શુદ્ધ અને અશુદ્ધના ભેદથી બે પ્રકારનું છે.

જે સંગ્રહનય દ્વારા ગૃહીત શુદ્ધ અથવા અશુદ્ધ અર્થનો ભેદ કરે છે, તે વ્યવહારનય છે. અશુદ્ધ અર્થનો ભેદ કરનારો અશુદ્ધ વ્યવહારનય છે અને શુદ્ધ અર્થનો ભેદ કરનાર શુદ્ધ વ્યવહારનય.

શુદ્ધ વ્યવહારનયને સામાન્ય વ્યવહારનય અને અશુદ્ધ વ્યવહારનયને વિશેષ વ્યવહારનય પણ કહે છે.

**મહાસત્તાની અપેક્ષાએ બધા પદાર્થ સત્ માત્ર છે, એક છે, દ્રવ્ય છે—આ શુદ્ધ સંગ્રહનયના વિષયને વિભાજિત કરીને કહેવું છે કે, દ્રવ્ય છ પ્રકારના છે—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ.**

**આ રીતે ભેદ કરનારો વ્યવહારનય તે શુદ્ધ વ્યવહારનય છે. કેમકે એણે શુદ્ધ સંગ્રહનયના વિષયને વિભાજિત કરેલ છે.**

અશુદ્ધ મહાસત્તાના આધાર પર, બધા જીવોમાં એકત્વ સ્થાપિત કરનારા અશુદ્ધ સંગ્રહનયના વિષયભૂત ''જીવ'' નામના દ્રવ્યને પણ વિભાજિત કરીને કહેવું કે—જીવ બે પ્રકારના હોય છે. સંસારી અને મુક્ત, એ અશુદ્ધ વ્યવહારનયનું કાર્ય છે કેમકે આ કથનમાં અશુદ્ધ સંગ્રહનયના વિષયને વિભાજિત કરવામાં આવેલ છે.

અશુદ્ધ વ્યવહારનયના માધ્યમથી કરાતું આ વિભાજન નિરંતર ત્યાં સુધી ચાલતું રહે છે કે જ્યાં સુધી સ્થિતિ અવિભાજ્ય અંશ સુધી ન પહોંચી જાય.

જો વ્યવહારનય સંગ્રહનય દ્વારા સંગૃહીત પદાર્થોને અંતિમ બિંદુ સુધી વિભાજિત કરે છે તો સંગ્રહનય વ્યવહારનય દ્વારા વિભાજિત પદાર્થોને તે અંતિમ બિંદુ સુધી સંગૃહિત કરે છે કે જેમાં સંપૂર્ણ જગત જ સમાહિત થઈ જાય છે.

**આ રીતે સંગ્રહ અને વ્યવહારનય એક બીજાથી વિરુદ્ધ કાર્ય કરનારા હોવા છતાં પણ એકબીજાના પૂરક નય છે. જો સંગ્રહનય સંધિ છે—સમાસ છે તો વ્યવહારનય વિચ્છેદ છે, વિગ્રહ છે.**

**જો સંગ્રહનય ભેદમાં અભેદ સ્થાપિત કરનાર અભેદકનય છે, તો વ્યવહારનય અભેદમાં ભેદ કરનાર ભેદક નય.**

આ બંને નયોની દિશા એકદમ, એકબીજાથી વિપરીત છે. આ બંને નય વલોણાની દોરીના તે બંને છેડાની જેવા છે. એક છેડાના આગળ વધવા સાથે બીજા છેડાનું પાછળ હઠી જવું અનિવાર્ય થઈ જાય છે. એકબીજાની આગળ વધવા અને પાછળ હઠવાની નિરંતર ગતિશીલ આ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે જ દહીંમાથી માખણ નીકળે છે.

તત્ત્વરૂપી માખણની પ્રાપ્તિને માટે સંગ્રહ વ્યવહારની આ મંથન પ્રક્રિયા નિરંતર ચાલવી અત્યંત આવશ્યક છે. સાદશ્ય અસ્તિત્વથી સ્વરૂપ અસ્તિત્વના છેડા સુધી અને સ્વરૂપ અસ્તિત્વથી સાદશ્ય અસ્તિત્વના છેડા સુધી નિરંતર ઘૂમનાર આ નયચક્ર વસ્તુસ્વરૂપ સમજવાનો, પ્રતિપાદન કરવાનું અમોઘ ચક્ર છે.

સંગઠનનો આધાર સંગ્રહનય છે અને વિઘટનનો આધાર વ્યવહારનય. સમાજના વિકાસ અને વ્યવસ્થાને માટે બંનેની અત્યંત જરૂરિયાત છે. સામાજિક વિકાસ માટે સંગઠનની આવશ્યકતાથી તો બધા સારી રીતે પરિચિત છે. એના સંબંધમાં વિશેષ કાંઈ કહેવાની જરૂરિયાત નથી. પરંતુ વિઘટન પણ સમાજ માટે કેટલું ઉપયોગી છે, તે બાબત ઉપર વિચાર કરવો અવશ્ય અપેક્ષિત છે.

આપણા આ ભારતદેશની સમૃદ્ધિ માટે જેટલી જરૂરી તેની અખંડતા છે, પ્રાંત અને જિલ્લાઓમાં તેને વિભાજિત કરવો, તે પણ તેનાથી ઓછું જરૂરી નથી. **વિકાસ અને વ્યવસ્થા માટે વિભાજન માત્ર આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.**

**ધ્યાન રાખવાની વાત એ છે કે આ વિભાજન અખંડતાને ખંડિત કરનાર ન હોવું જોઈએ. જે રીતે અખંડતાને કાયમ રાખીને વ્યવસ્થાને માટે કરેલું વિભાજન, દેશને સુખી અને સમૃદ્ધ કરે છે તે જ રીતે સત્ માત્રને કાયમ રાખીને કરવામાં આવેલું વિભાજન વસ્તુ સ્વરૂપને સમજવા માટે અત્યંત ઉપયોગી છે.**

**આ રીતે સમષ્ટિ તરફ લઈ જનાર સંગ્રહનય છે અને વ્યષ્ટિ તરફ લઈ જનાર, વ્યવહારનય છે.**

વ્યક્તિઓને સમાજના રૂપમાં સંગ્રહ કરનાર નય, સંગ્રહનય છે અને સમાજને પોતાના વર્ગોમાં વિભાજિત કરીને વ્યક્તિ સુધી પહોંચાડવું તે વ્યવહારનયનું કાર્ય છે.

લોકમાં વ્યક્તિ અને સમાજ બંને મહત્ત્વપૂર્ણ છે. વ્યક્તિની ઉપેક્ષા કરનાર સમાજ અને સમાજની ઉપેક્ષા કરનાર વ્યક્તિ-બંનેય ઇચ્છિતની પ્રાપ્તિ કરવામાં સમર્થ નથી થતા. બંનેમાંથી કોઈની પણ ઉપેક્ષા યોગ્ય નથી, સંભવ પણ નથી, બંનેના યોગ્ય આદરમાં જ સમાજ તેમજ વ્યક્તિનું હિત સમાયેલું છે.

સાદશ્ય અસ્તિત્વથી લઈને સ્વરૂપ અસ્તિત્વની વચ્ચે એવા અનેક બિંદુ છે, જે સંગ્રહ તેમજ વ્યવહાર બંને નયોનો વિષય બને છે, પરંતુ બંને નયોના દૃષ્ટિકોણ જુદા જુદા હોવાથી, બંનેના મુખ પરસ્પર વિરુદ્ધ જ રહે છે.

**સંગ્રહનય સંગ્રહોન્મુખી છે અને વ્યવહારનય વિભાજનોન્મુખી.** જ્યારે આપણે જીવોને ગતિઓની અપેક્ષાથી ચાર ભાગોમાં વિભાજિત કરીએ છીએ અને કહીએ છીએ, કે જીવના ચાર પ્રકાર છે. દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકી.

ત્યારે ''મનુષ્ય'' વ્યવહારનયનો વિષય બને છે. પરંતુ જ્યારે આપણે ''મનુષ્ય'' શબ્દથી મનુષ્યગતિના સમસ્ત જીવોનો સંગ્રહ કરીએ છીએ, ત્યારે તે સંગ્રહનયનો વિષય બને છે.

ધ્યાનદેવા યોગ્ય એ છે કે, આ વ્યવહારનય, નિશ્ચય-વ્યવહારવાળા, વ્યવહારનયથી તદ્દન જુદો છે. આ વ્યવહારનય, સંગ્રહનયથી વિરુદ્ધ છે અને તે વ્યવહારનય નિશ્ચયનયથી વિરુદ્ધ છે.

જો નિશ્ચય-વ્યવહારવાળો, વ્યવહારનયના વિષયમાં જાણવા ચાહતો હો, તો તમારે લેખકની અન્ય કૃતિ **''પરમભાવપ્રકાશક નયચક્ર''**—માં નિશ્ચય-વ્યવહાર સંબંધી પ્રકરણનું અધ્યયન કરવું જોઈએ.

**આ રીતે વ્યવહારનય, સંગ્રહનય દ્વારા સંગૃહીત વિષયોને વિભાજિત કરે છે અને સંગ્રહનય, વ્યવહારનય દ્વારા વિભાજિત વિષયોને સંગૃહિત કરે છે.**

જો કે સંગ્રહ અને વિભાજનની આ ક્રિયાઓ પરસ્પર વિરુદ્ધ પ્રતીત થાય છે છતાં પણ તેમનામાં પરસ્પર કોઈ વિરોધ નથી. પરંતુ તે એક-બીજાની પૂરક ક્રિયાઓનો જ છે. કેમકે જો સંગ્રહનય દ્વારા અનેક પદાર્થ સંગૃહીત નહીં કરવામાં આવે, તો વ્યવહારનય, વિભાજન કોનું કરશે? તે જ રીતે, જો વ્યવહારનય દ્વારા પદાર્થ વિભાજિત નહીં થાય તો સંગ્રહનય કોનો સંગ્રહ કરશે?

સંગ્રહ અને વિભાજનની આ ક્રિયા, જ્ઞાનમાં જેટલી વધુ સંપન્ન થશે, વસ્તુસ્વરૂપ પણ જ્ઞાનમાં એટલું જ વધારે સ્પષ્ટ પ્રતિભાસિત થશે. આ રીતે આપણે જોઈએ છીએ કે વિભિન્ન દૃષ્ટિકોણોથી વસ્તુસ્વરૂપની પ્રતિપાદક, અદ્વૈત અને દ્વૈતના ગ્રાહક, આ સંગ્રહ અને વ્યવહારનય લૌકિક અને પારલૌકિક બંને દૃષ્ટિઓથી અત્યંત ઉપયોગી તેમજ જિનાગમના આધારભૂત નય છે.

૪. **ઋજુસૂત્રનય**—એ તો સ્પષ્ટ કરવામાં આવ્યું જ છે કે, દ્રવ્યાર્થિકનય સામાન્યગ્રાહી હોય છે. અને પર્યાયાર્થિકનય વિશેષગ્રાહી.

સામાન્યગ્રાહી દ્રવ્યાર્થિકનયોમાં અદ્વૈતવાદી સંગ્રહનય, દ્વૈતગ્રાહી વ્યવહારનય તેમજ ઉભયગ્રાહી તેમજ સંકલ્પગ્રાહી નૈગમનયની ચર્ચા અપેક્ષિત વિસ્તારથી થઈ ચૂકી છે. **હવે વિશેષગ્રાહી પર્યાયાર્થિકનયના રૂપમાં ઋજુસૂત્રનયની ચર્ચા પ્રસંગપ્રાપ્ત છે.**

ઋજુસૂત્રનય મુખ્યરૂપથી ક્ષણેક્ષણે ધ્વંસ થનાર પર્યાયોને, વસ્તુરૂપથી વિષય કરે છે, વિદ્યમાન હોવા છતાં વિવક્ષા નહીં હોવાથી એમાં દ્રવ્યની ગૌણતા છે.

**આ ઋજુસૂત્રનય બે પ્રકારનો છે. (૧) સૂક્ષ્મઋજુસૂત્રનય (૨) સ્થૂલઋજુસૂત્રનય.**

**જે દ્રવ્યમાં એક સમયવર્તી અધ્રુવ પર્યાયને ગ્રહણ કરે છે, તેને સૂક્ષ્મઋજુસૂત્રનય કહે છે.** જેમકે—બધા શબ્દ ક્ષણિક છે અને જે પોતાની સ્થિતિ સુધી રહેનારી મનુષ્ય આદિ પર્યાયને એટલા સમય સુધી એક મનુષ્યપર્યાયરૂપથી ગ્રહણ કરે છે, તે **સ્થૂલઋજુસૂત્રનય** છે.

**સૂક્ષ્મઋજુસૂત્રનય, એક સમયવર્તી અર્થપર્યાય એટલે કે ગુણપર્યાયને પોતાનો વિષય બનાવે છે અને સ્થૂલઋજુસૂત્રનય અનેક સમયવર્તી વ્યંજનપર્યાય અર્થાત્ દ્રવ્યપર્યાયને પોતાનો વિષય બનાવે છે.**

સૂક્ષ્મઋજુસૂત્રનયને શુદ્ધઋજુસૂત્રનય તેમજ સ્થૂલઋજુસૂત્રનયને અશુદ્ધઋજુસૂત્રનય પણ કહે છે. જો કે આ વાત પરમ સત્ય છે કે, વર્તમાન એક સમયમાત્ર જ હોય છે, કેમકે વર્તમાનના એક સમય પહેલા સુધીનો કાળ ભૂતકાળ તથા વર્તમાનના એક સમય પછીનો કાળ ભવિષ્યકાળ કહેવાય છે. ભૂત-ભવિષ્યની વચ્ચે માત્ર એક સમય જ રહે છે, જે વર્તમાનકાળ કહેવામાં આવે છે. વાસ્તવિક અર્થપર્યાય-ગુણપર્યાય પણ એકસમયમાત્ર જ સ્થિર રહે છે અને તે જ વાસ્તવિક પર્યાય છે. તેથી તેને જ શુદ્ધપર્યાય કહે છે.

**અહીં શુદ્ધપર્યાયથી તાત્પર્ય, નિર્વિકારી નિર્મલ પર્યાયથી નથી પરંતુ અનેક પર્યાયોના સમુદાયરૂપ પર્યાય ન થઈને, એકલી એક પર્યાયથી છે. ચાહે તે પર્યાય સમલ હો કે નિર્મલ. પણ એકલી હોય તો શુદ્ધ જ છે.** અહીં તેનું એકત્વ જ શુદ્ધતા છે. આ જ કારણે એક સમયવર્તી પર્યાયને વિષય બનાવનારા ઋજુસૂત્રનયને શુદ્ધઋજુસૂત્રનય કહેવામાં આવે છે.

એક સમયવર્તી પર્યાયના અત્યંત સૂક્ષ્મ હોવાથી, તેને વિષય કરનાર નયને આ જ વાસ્તવિક ઋજુસૂત્રનય કહેવાય છે અને આ જ વાસ્તવિક ઋજુસૂત્રનય છે. છતાં પણ **એ પણ તો સત્ય છે કે, તે એક સમયવર્તી પર્યાય, ક્ષયોપશમ જ્ઞાનવાળાઓની પકડમાં અનેક સમય પછી જ આવે છે. પછી પણ તે સીધી પકડમાં ક્યાં આવે છે? તેને તો અનુમાન અને આગમપ્રમાણથી જ જાણી શકાય છે. તેના માધ્યમથી કોઈપણ વ્યવહાર સંભવ નથી.**

આ જ કારણે અનેક પર્યાયોના સમૂહરૂપ મનુષ્ય આદિ વ્યંજન-પર્યાયો—દ્રવ્યપર્યાયોના આધાર પર જ ઋજુસૂત્રનય સંબંધી સમસ્ત વ્યવહાર ચાલે છે, કે જે અનુચિત પણ નથી. કેમકે જિનાગમમાં પણ, મનુષ્ય-દેવ-નારકી-તિર્યંચ આદિ પર્યાયોને—'પર્યાય'—સંજ્ઞા આપવામાં આવી છે.

આ મનુષ્ય આદિ પર્યાયોના સમૂહરૂપ પર્યાયો છે. તેથી અશુદ્ધ કહેવાય છે અને તેને વિષય બનાવનાર નયને પણ અશુદ્ધ ઋજુસૂત્રનય કહેવાય છે. આ પર્યાયો સામાન્યજનને પણ બુદ્ધિગોચર હોવાથી સ્થૂલ છે તેથી તેને ગ્રહણ કરનારા નયને સ્થૂલ ઋજુસૂત્રનય પણ કહેવામાં આવે છે.

**જો કે વાસ્તવિક વર્તમાન, એક સમયનો જ હોય છે. છતાં પણ, આજ-આજ માસ-આ જ વર્ષ-આ જ શતાબ્દીમાં-આ જ પંચમકાળમાં-આ જ અવસર્પિણીમાં—આદિને પણ તો, વર્તમાનના રૂપમાં જ કહેવામાં આવે છે.** શું જિનાગમમાં, ઋષભદેવથી શરૂ કરીને મહાવીર સુધીના તીર્થંકરોને વર્તમાન-ચોવીસીના રૂપમાં બતાવ્યા નથી? શું એક કોડાકોડી સાગર પહેલા થયેલ ઋષભદેવને વર્તમાન તીર્થંકરના રૂપમાં પ્રતિષ્ઠિત કરવામાં આવતા નથી?

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે, **જો નિશ્ચય વર્તમાન એક સમયનો જ હોય છે તો વ્યવહાર વર્તમાન, બે સમયોથી લઈને કરોડો વર્ષ સુધીનો પણ માનવામાં આવે છે. આ વ્યવહાક વર્તમાનને જ સ્થૂલ વર્તમાન—અશુદ્ધ વર્તમાન નામથી અભિહિત કરવામાં આવે છે અને તેના ગ્રાહક ઋજુસૂત્રનયને, સ્થૂલઋજુસૂત્રનય અથવા અશુદ્ધઋજુસૂત્રનય કહેવાય છે.**

### શબ્દનય

જ્ઞાનનય, અર્થનય અને શબ્દનયના ભેદથી કરવામાં આવેલી નયોની ચર્ચામાં, જ્ઞાનનયના રૂપમાં નૈગમનય તેમજ અર્થનયના રૂપમાં, નૈગમ-સંગ્રહ-વ્યવહાર અને ઋજુસૂત્રનયની ચર્ચા અપેક્ષિત વિસ્તારથી થઈ ગઈ છે.

**હવે શબ્દનયોની ચર્ચા પ્રસંગપ્રાપ્ત છે.** આ શબ્દનય ત્રણ પ્રકારના છે. (૧) શબ્દનય (૨) સમભિરૂઢનય (૩) એવંભૂતનય

ધ્યાનમાં રાખવાની વાત એ છે કે—ઉક્ત ત્રણે નયોનું સામૂહિક નામ પણ શબ્દનય છે અને તેમનામાંથી પ્રથમનું નામ પણ શબ્દનય છે. ઉક્ત ત્રણે નય શબ્દોના પ્રયોગો પર વિચાર કરીએ છીએ, તેમને સુસંગત રીતિથી નિયંત્રિત કરીએ છીએ. આ જ કારણે ત્રણેયને શબ્દનય સંજ્ઞા, પ્રાપ્ત છે.

*કહેલ ત્રણે નયોના સમુદાયરૂપ સબ્દનયને વ્યંજનનય પણ કહે છે. કેમકે તે ત્રણે નયોના વિષયભૂત લખવા-બોલવામાં આવતા શબ્દ પુદ્ગલદ્રવ્યની વ્યંજનપર્યાયરૂપ હોય છે. આ કારણે જ તે ત્રણે નય પર્યાયાર્થિકનય પણ કહેવાય છે.*

વસ્તુના સ્વરૂપમાં પ્રતિપાદનમાં ભાષાનું સર્વથી અધિક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ભાષા વિના વસ્તુ સ્વરૂપના પ્રતિપાદનની કલ્પના પણ કરી શકાતી નથી. ભાષાના સુસંગત તેમજ નિર્દોષ પ્રયોગ વિના, પ્રતિપાદનમાં અનેક એવી ગંભીર ભૂલો પણ સંભવ છે કે, જેનાથી અર્થનો અનર્થ પણ થઈ શકે છે. એ તો તમે જાણો જ છો કે, સમસ્ત જિનાગમ નયોની ભાષામાં જ નિબદ્ધ છે. બંધાયેલું છે. તેથી જિનાગમમાં નિર્દોષ પ્રતિપાદન માટે, વ્યાકરણ સંમત ભાષાના પ્રયોગોમાં પણ વધુ કસાવટ લાવવા માટે આ શબ્દ-સમભિરૂઢ તથા એવંભૂતનયો પ્રયોગો કરવામા આવ્યા.

**(૫) શબ્દનય**—લૌકિક વ્યાકરણનું અનુસરણ કરનારા ઋજુસૂત્ર-નય, લિંગ—સંખ્યા આદિના વ્યભિચારોને, વ્યાકરણના નિયમોના અપવાદ-રૂપથી સ્વીકાર કરી લે છે, પરંતુ શબ્દનયને તે સહન નથી થતું, તેથી સમાન લિંગ કે સંખ્યાવાચક શબ્દોને જ એકાર્થવાચકરૂપથી ગ્રહણ કરે છે.

જે રીતે ભિન્ન સ્વભાવવાળા પદાર્થ ભિન્ન જ હોય છે, તેમનામાં કોઈપણ પ્રકારે અભેદ જોવામાં આવતો નથી, તે જ રીતે ભિન્ન લિંગ આદિવાળા શબ્દમાં પણ ભિન્ન જ હોવા જોઈએ. તેમનામાં કોઈપણ પ્રકારની એકાર્થતા ઘટિત નથી થઈ શકતી અને એ રીતે—**દાર—ભાર્યા—કલત્ર**—એ ભિન્ન લિંગવાળા ત્રણ શબ્દ અને આ જ રીતે, બીજા પણ ભિન્ન સ્વભાવવાચી શબ્જ, ભલે વ્યવહારાં કે લૌકિક વ્યાકરણમાં એકાર્થવાચી સમજવામાં આવે, પરંતુ શબ્દનય તેને ભિન્ન અર્થના વાચક સમજે છે.

તેથી સમાન લિંગ કે સંખ્યાવાળા શબ્દોમાં જ એકાર્થવાચકતા બની શકે છે. જેમકે—ઈન્દ્ર-પુરંદર-શક્ર—આ ત્રણે શબ્દ સમાન પુલિંગ હોવાથી એક ''શચિપતિ''ના વાચક છે—એમ શબ્દનય કહે છે.

તાત્પર્ય એ છે કે, કાળ-કારક-લિંગ-સંખ્યા-વચન અને ઉપસર્ગના ભેદથી, શબ્દના અર્થમાં ભેદ માનવા શબ્દનય કહે છે.

(૬) **સમભિરૂઢ નય**—જોકે શબ્દનય લિંગ-સંખ્યા-વચન-કાલ અને ઉપસર્ગ સંબંધી વ્યભિચારોને સ્વીકાર કરતો નથી છતાં એ દોષોથી રહિત એકાર્થવાચી શબ્દોની સત્તા સ્વીકાર કરે છે. ઇન્દ્ર-શક્ર-પુરંદર શબ્દોના અર્થ એક ''દેવરાજ'' જ છે. ''શચિપતિ'' જ છે. આ તેને સહર્ષ સ્વીકાર છે. તથા નિરુક્તિ દ્રષ્ટિસે વિચાર કરે તો તેમના અર્થમાં અંતર પણ વિદ્યમાન છે. 'ઇન્દ્ર' શબ્દ ઐશ્વર્ય, 'શક્ર' શબ્દ સામર્થ્ય અને 'પુરંદર' શબ્દ પુરને ભેદન કરવાની ક્રિયાની તરફ સંકેત કરે છે. ઐશ્વર્યવાન ઇન્દ્ર. સામર્થ્યવાન શક્ર તેમજ પુરને ભેદનાર પુરંદર કહેવામાં આવે છે.

શબ્દનય, શબ્દના ભેદથી અર્થમાં ભેદ થનાર તથ્યની તરફ ધ્યાન નથી દેતો અને તે ઇન્દ્ર-શક્ર-પુરંદર—શબ્દોને સમાન અર્થના દ્યોતક પર્યાયવાચી શબ્દ જ સ્વીકારી લે છે. **પરંતુ સમભિરૂઢનયની દષ્ટિમાં કોઈ શબ્દ પર્યાયવાચી હોતા જ નથી.**

સમભિરૂઢ નયનું કહેવું છે કે લોકમાં જેટલા પદાર્થ છે, તેના વાચક શબ્દ પણ તેટલા જ છે જો અનેક શબ્દોના એક જ અર્થ માનવામાં આવે તો તેના વાચ્ય પદાર્થોને પણ મળીને એક થઈ જવું પડશે, કે જે સંભવ નથી. આથી એ જ ઉચિત છે કે **પ્રત્યેક શબ્દનો અર્થ, ભિન્ન-ભિન્ન જ સ્વીકાર કરવામાં આવે.**

**તેથી સ્પષ્ટ છે કે શબ્દનય દ્વારા ગ્રહણ કરેલ સમાન સ્વભાવી એકાર્થવાચી શબ્દોમાં નિરુક્તિ કે વ્યુત્પત્તિ—અર્થથી અર્થભેદની સ્થાપના કરવી, તે સમભિરૂઢનયનું મુખ્ય કાર્ય છે.**

સમભિરૂઢનયની જે વ્યાખ્યા અત્યાર સુધી કરવામાં આવી છે, એક વસ્તુના વાચક અનેક શબ્દોના સંદર્ભમાં જ કરવામાં આવી છે.

હવે અનેકાર્થવાચી શબ્દોના સંદર્ભમાં વિચાર કરીએ છીએ.

**અનેકાર્થવાચી શબ્દોના બધા અર્થોને ગૌણ કરીને એક લોકપ્રસિદ્ધ અર્થને જ ગ્રહણ કરવો, તે સમભિરૂઢનયનું કામ છે.**

આ રીતે આપણે જોઈએ છીએ કે—સમભિરૂઢનયના મૂળ બે કાર્ય છે—અર્થારૂઢ અને શબ્દારૂઢ.

સમાન સ્વભાવી એકાર્થવાચી શબ્દોમાં વ્યુત્પત્તિ અનુસાર અર્થ-ભેદની સ્થાપના કરવી, તે અર્થારૂઢ છે. એક દેવરાજના વાચક, શક્ર-ઈન્દ્ર-પુરંદર શબ્દોના ભિન્ન-ભિન્ન અર્થ સ્વીકાર કરવા, તે એનું ઉદાહરણ છે.

અનેકાર્થવાચી શબ્દોના, એક લોકપ્રસિદ્ધ અર્થને સ્વીકારીને, અન્ય અર્થોની ઉપેક્ષા કરી દેવી, તે શબ્દારૂઢ છે. અગિયાર અર્થોવાળા ''ગો'' શબ્દનો, માત્ર ''ગાય''ના અર્થમાં જ પ્રયોગ કરવો, તે એનું ઉદાહરણ છે.

આ રીતે સમભિરૂઢનય, અર્થારૂઢ અને શબ્દારૂઢના ભેદથી બે પ્રકારનો હોય છે.

(૬) **એવંભૂતનય–**વ્યાકરણ સંમત અથવા બંનેનો પણ અવસ્વીકાર કરીને શબ્દનયે તેમજ એકાર્થવાચી શબ્દોની વ્યુત્પત્તિ અનુસાર, જુદા જુદા અર્થને સ્વીકારીને સમભિરૂઢનયે, પ્રતિપાદન શૈલી તેમજ ભાષાને ઘણું સૂત્રહિત કરી દીધેલ છતાં એવંભૂતનયનું કહેવું છે કે– **''गच्छतीति गोः'' એ નિરૂક્તિ પ્રમાણે ગમન કરી રહેલી ગાયને જ ''गोः'' કહી શકાય છે, બેઠેલી ગાયને નહીં.**

જો કે સમભિરૂઢનય પણ શબ્દનયની સમાન એકાર્થવાચી અનેક શબ્દોની સત્તા સ્વીકાર કરતો નથી. તેમનો સ્પષ્ટ મત છે કે જેટલા શબ્દ છે, તેના વાચ્ય જુદા-જુદા એટલા જ હોવા જોઈએ. છતાંપણ તે એ સ્વીકારી લે છે કે વિશિષ્ટ અર્થ વાળા વિશિષ્ટ શબ્દ, જે વ્યક્તિ કે વસ્તુના વાચક છે, તે, તે વ્યક્તિ કે વસ્તુના વાચર માત્ર તે ક્રિયાના સમયે જ નહીં, પરંતુ આગળ-પાછળ પણ તેઓને, તે નામોથી અભિહિત કરી શકાય છે, પરંતુ એવંભૂતનયને એ સ્વીકાર નથી.

**એવંભૂતનયનું તો સ્પષ્ટ કહેવું છે કે, જે પદાર્થ જે સમયે જે ક્રિયા કરી રહેલ હોય તેને, તે સમયે તે નામથી બોલાવાય. દેવરાજને ઈન્દ્રનક્રિયા કરતી વખતે જ ઈન્દ્ર કહી શકાય છે, પુરનું દારણ કરતા સમયે નહીં.**

બીજી વાત એ છે કે જે જ્ઞાનથી આત્મા પરિણત હોય, તે જ રૂપથી તેનો નિશ્ચય કરાવનારો નય એવંભૂતનય છે. જેમકે ઈન્દ્રરૂપ જ્ઞાનથી પરિણત આત્મા ઈન્દ્ર છે અને અગ્નિરૂપથી પરિણત આત્મા અગ્નિ છે.

ઉક્ત કથનમાં અધિક ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે જે સમયે, જે આત્મા, જે પદાર્થને જાણી રહેલ હોય, તે સમયે તે આત્મા તે જ છે. અર્થાત્ તેને, તે સમયે, તે નામથી બોલાવવો જોઈએ. **અગ્નિને જાણવામાં સંલગ્ન આત્મા અગ્નિ જ છે—આ આભિપ્રાય છે, એવંભૂતનયનો.**

જે, જે સમયે, જે પદાર્થનું જ્ઞાનકરી રહેલ હોય, તે સમયે, તે વ્યક્તિ વિશેષને, તે પદાર્તના નામથી જ બોલાવવી જોઈએ. જેમકે ગાયને જોવામાં ઉપયુક્ત વ્યક્તિ, તે સમયે ''ગાય'' શબ્દનું વાચ્ય છે, મનુષ્ય કે જીવ શબ્દની નહીં, કારણ કે વ્યક્તિ તો જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનનું સંજ્ઞાકરણ જ્ઞેયના વિના કરી નથી શકાતું. એવંભૂતની એકત્વદષ્ટિમાં, ઘટ અથવા જ્ઞાન અથવા જ્ઞાન કે જ્ઞાનધારી જીવ, એવું દ્વૈત ક્યાં? તેથી ઘટ આદિ જ્ઞેય જ જ્ઞાન છે અને તે જ્ઞાન જ તે વ્યક્તિ છે. તેથી ઘટરૂપ જ તે વ્યક્તિ છે. તેથી વ્યક્તિ વિશેષને ''ઘટ'' કે ''ગાય'' કહેવું, તે સમયે યોગ્ય છે.

**આ રીતે આપણે જોઈએ છીએ, કે ત્રણે નય ભાષાના પ્રયોગોને આવશ્યકતા પ્રમાણે સુસંગતરૂપ પ્રદાન કરનાર અને ઉત્તરોત્તર સૂક્ષ્મ વિષયવાળા છે. નૈગમ આદિ સાતે નય ક્રમશઃ ઉત્તરોત્તર સૂક્ષ્મ અને અલ્પવિષયવાળા છે. એમ પહેલા—પહેલાના નય, આગળ-આગળના નયોના હેતુ પણ છે. આ સાતે નયોને ઉક્ત ક્રમમાં રાખવાનું કારણ પણ એ જ છે. જેમ કહ્યું છે તે પ્રમાણે—**

''**उत्तरोत्तर सूक्ष्म विषयत्वादेषां क्रमः पूर्वपूर्वहेतु कत्वाच्च। एवमेते नयाः पूर्वपूर्व विरुद्ध महाविषया उत्तरोत्तरानुकूलाल्पविषया।**''

(સર્વાર્થસિદ્ધિ, અધ્યાય-૧, સૂત્ર-૩૩ ટીકા, પૃષ્ઠ-૧૦૨)

ઉત્તરોત્તર સૂક્ષ્મ વિષયવાળા હોવાના કારણે તેમનો આ ક્રમ કહ્યો છે. પહેલા-પહેલાના નય આગળ-આગળના નયોના હેતુ છે. એટલે પણ આ ક્રમ કહ્યો છે. આ રીતે આ નય પૂર્વ-પૂર્વ વિરુદ્ધ મહાવિષયવાળા અને ઉત્તરોત્તર અનુકૂળ અલ્પવિષયવાળા છે. આ રીતે નૈગમ આદિ સાતનયોનું આ સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે.

આ રીતે પહેલો અધ્યાય સમાપ્ત થાય છે.

# બીજો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

આગળના અધ્યાયમાં સમ્યગ્દર્શનની પરિભાષા કરતાં, જીવ આદિ સાત તત્ત્વાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. એથી હવે તત્ત્વાર્થોનું વિવેચન પ્રસંગ પ્રાપ્ત છે. એટલે હવે આ બીજા અધ્યાયમાં સર્વપ્રથમ જીવ તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરે છે, જે ચોથા અધ્યાય સુધી ચાલશે.

આગલા અધ્યાયમાં પ્રમાણ અને નયોની ચર્ચા કરવામાં આવી છે. એથી હવે અહીં તેના પ્રમેયરૂપ જીવ આદિ તત્ત્વાર્થોમાંથી સર્વ પ્રથમ જીવ તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરે છે, જે ચોથા અધ્યાય સુધી ચાલશે.

જે ભાવ બધા દ્રવ્યોમાં જોવામાં આવે, તેને સામાન્ય કે સાધારણ ભાવ કરે છે, પરંતુ જે ભાવ દ્રવ્ય વિશેષમાં જોવામાં આવે, તેને વિશેષભાવ કે અસાધારણ ભાવ કહે છે.

### જીવ તત્ત્વના અસાધારણભાવ

એથી હવે અહીં સર્વપ્રથમ આત્માની ઓળખાણ માટે જીવોમાં અસાધારણ (વિશેષ)ભાવોની ચર્ચા આરંભ કરે છે. આ ચર્ચા સાતમા સૂત્ર સુધી ચાલશે. તે સાત સૂત્રોમાં પહેલાના બે સૂત્ર આ પ્રકારે છે.

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च ।।१।।**

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ।।२।।**

ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર (ક્ષાયોપશમિક) ઔદયિક અને પારિણામિક—આ પાંચ ભાવ જીવના સ્વતત્ત્વ છે, અસાધારણભાવ છે.

તે પાંચ ભાવોના ક્રમશઃ બે, નવ, અઢાર, એકવીસ તેમજ ત્રણ ભેદ છે. આ રીતે ઔપશમિક ભાવ બે પ્રકારનો છે, ક્ષાયિકભાવ નવ પ્રકારનો છે. મિશ્ર અથવા ક્ષાયોપશમિક ભાવ અઢાર પ્રકારનો છે. ઔદયિકભાવ એકવીસ પ્રકારનો છે, પારિણામિકભાવ ત્રણ પ્રકારનો છે.

આ રીતે આ બધા મળીને ૫૩ ભાવ થઈ ગયા, જે ભાવ માત્ર જીવોમાં જ જોવામાં આવે છે. માટે તે જીવના સ્વતત્ત્વ છે, અસાધારણ ભાવ છે.

આ ભાવોનું વિશ્લેષણ આચાર્ય અમૃતચંદ્ર આ રીતે કરે છે.

''કર્મોના ફળદાન સ્વરૂપથી ઉદ્‌ભવરૂપ ભાવ ઉદય છે, અનુદ્‌ભવરૂપ ભાવ **ઉપશમ** છે, ઉદ્‌ભવ તથા અનુદ્‌ભવરૂપ ભાવ **ક્ષયોપશમ** છે, કર્મના અત્યંત વિશ્લેષ (વિયોગ)થી ઉત્પન્ન ભાવ **ક્ષય** છે, દ્રવ્યનો આત્મલાભ જેનો હેતુ છે, **તે પરિણામ છે.**

ત્યાં ઉદયથી યુક્ત **ઔદયિક,** ઉપશમથી યુક્ત **ઔપશમિક,** ક્ષયોપશમથી યુક્ત **ક્ષાયોપશમિક,** ક્ષયથી યુક્ત **ક્ષાયિક** અને પરિણામથી યુક્ત **પારિણામિક** ભાવ છે.''

(પંચાસ્તિકાય સંગ્રહ—ગાથા-૫૬ની સમયવ્યાખ્યા ટીકા)

આ પાંચ ભાવોનું સ્વરૂપ અકલંકદેવ આ રીતે સ્પષ્ટ કરે છે.

(૧) જે રીતે કતકફળ કે નિર્મળી ઔષધિને નાખવાથી મેલા પાણીનો મેલ નીચે બેસી જાય છે અને જળ નિર્મળ થઈ જાય છે, તે જ રીતે પરિણામોની વિશુદ્ધિથી કર્મોની શક્તિનું અનુદ્‌ભૂત રહેવું, તે **ઉપશમ** છે.

**ઉપશમને માટે જે ભાવ હોય છે, તે ઔપશમિકભાવ છે.**

(૨) જે પાણીનો મેલ નીચે બેસી ગયો હોય, તેને જો બીજા વાસણમાં રાખી દેવામાં આવે, તો તેમાં, જે રીતે અત્યંત નિર્મળતા હોય છે, તે જ રીતે આત્મામાં કર્મોની અત્યંત નિવૃત્તિથી જે આત્યન્તિક વિશુદ્ધિ થાય છે, તે **ક્ષય** છે.

**કર્મક્ષય માટે જે ભાવ હોય છે, તે ક્ષાયિકભાવ છે.**

(૩) જે રીતે કોદ્રવને ધોવાથી, કેટલાંક કોદ્રવની મદશક્તિ ક્ષીણ થઈ જાય છે અને કેટલાકની અક્ષીણ રહે છે, તે જ રીતે પરિણામોની નિર્મળતાથી કર્મોના એકદેશનો **ક્ષય** અને એકદેશનો **ઉપશમ** થવો, તે **મિશ્રભાવ** છે.

**આ ક્ષયોપશમને લીધે જે ભાવ હોય છે, તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.**

(૪) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના નિમિત્તથી કર્મોનું ફળ દેવું, તે **ઉદય** છે.

**ઉદય નિમિત્તે થનારા ભાવોને ઔદયિકભાવ કહે છે.**

(૫) જે ભાવ કર્મોના ઉપશમ આદિની અપેક્ષા ન રાખીને દ્રવ્યના નિજ સ્વરૂપ માત્રથી હોય છે, તેને **પારિણામિકભાવ** કહે છે.

(તત્ત્વાર્થવાર્તિકના બીજા અધ્યાયના પ્રથમસૂત્રના ભાષ્યમાંથી)

આ રીતે આપણે જોઈએ છીએ કે આરંભના ચાર ભાવ કર્મોની ઉપાધિથી સાપેક્ષ છે અને અંતિમ પાંચમો પારિણામિકભાવ પૂર્ણ રીતે કર્મની ઉપાધિથી નિરપેક્ષ છે.

ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઔદયિક-ભાવ—આ ચાર ભાવ પર્યાયરૂપ ભાવ છે અને પારિણામિકભાવ દ્રવ્યરૂપભાવ છે.

જો કે **ક્ષયોપશમ** પદ ક્ષય+ઉપશમ=ક્ષયોપશમ—આ રીતે બનેલ છે તેથી એમાં ક્ષય અને ઉપશમ જ દેખાય છે છતાં વસ્તુસ્થિતિ એ છે કે ક્ષયોપશમભાવમાં ન તો અસલી ક્ષય છે અને ન અસલી ઉપશમ તથા તેમાં ઉદય પણ શામિલ છે જ—સામેલ છે જ.

મૂળભૂત ક્ષાયોપશમિકભાવની વ્યાખ્યા આ પ્રમાણે છે.

**"વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયાભાવી ક્ષય (ઉદયના અભાવરૂપ ક્ષય) અને ભવિષ્યકાળના તે જ સ્પર્ધકોના સદ્ અવસ્થારૂપ ઉપશમ અને વર્તમાનકાળના દેશઘાતિ સ્પર્ધકોના ઉદયે આત્મામાં જે ભાવ થાય છે, તેને ક્ષાયોપશમિકભાવ કહે છે."**(સર્વાર્થસિદ્ધિ-અધ્યાય ૨, સૂત્ર ૫)

આ રીતે, ક્ષાયોપશમિકભાવમાં, સર્વઘાતિ સ્પર્ધકોના **ઉદયાભાવી ક્ષય,** ભવિષ્યકાળના તે જ સ્પર્ધકોના **સદ્અવસ્થારૂપ ઉપશમ** અને દેશઘાતી સ્પર્ધકોના ઉદયનું મિશ્રણ છે.

કેટલાંક લોકો એમ સમજે છે કે, આ ક્ષાયોપશમિકભાવ; ઔપશમિકભાવથી સારો હશે, કેમકે તેમાં ઉપશમની સાતે ક્ષય પણ સામેલ છે, પરંતુ એમ નથી.

ધ્યાનથી જુઓ, કે ક્ષાયોપશમિકભાવમાં સર્વઘાતી સ્પર્ધકોનો પૂર્ણ રીતે ક્ષય નથી, માત્ર એનો વર્તમાનમાં, **ઉદયના અભાવરૂપ ક્ષય છે.** કારણ કે તે સ્પર્ધકો અત્યારે સત્તામાં વિદ્યમાન છે. એ જ રીતે તેનો પૂર્ણપણે ઉપશમ પણ થયો નથી પરંતુ તે સર્વઘાતિ સ્પર્ધકોના **આગામી નિષેકોનો સદ્‌વસ્થારૂપ ઉપશમ છે** એ જ સ્થિતિમાં રોકાઈ જવારૂપ ઉપશમ થયો છે અને **દેશઘાતિ સ્પર્ધકોનો તો ઉદય છે જ.** એ રીતે આ ક્ષાયોપશમિક ભાવ, ક્ષય-ઉપશમ-ઉદય—આ ત્રણનું મિશ્રણ છે.

જો કે **ક્ષયોપશમ**પદમાં, **ક્ષય**પદ વિદ્યમાન છે, છતાં પણ ક્ષાયોપશમિકભાવમાં સર્વઘાતિ સ્પર્ધકોનો ક્ષય (પૂર્ણ રીતે અભાવ) થયો નથી, વર્તમાનમાં ઉદયના અભાવરૂપ ક્ષય થયો છે, હજી તેની સત્તા છે પરંતુ વર્તમાનમાં સર્વઘાતિરૂપથી ઉદય નથી–દેશઘાતિરૂપ થઈને ઉદયમાં આવી રહ્યા છે, સર્વજનો આ બહુ જ સારી રીતે જાણે છે કે, જે કર્મોનો ક્ષય થઈ જાય છે, તેનું અસ્તિત્વ જ નથી રહેતું પરંતુ ક્ષયોપશમભાવમાં ઉદયાભાવી ક્ષય હોવા છતાં, તે કર્મનું સત્તામાં અસ્તિત્વ બન્યું રહે છે, માત્ર તે સમયમાં સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયના અભાવરૂપ ક્ષય હોય છે. આ નામમાત્રનો ક્ષય છે, વસ્તુસ્થિતિએ જોતાં, આ ક્ષય છે જ નહીં.

એ જ રીતે ઉપશમ પણ આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોનો હોય છે.

તે પણ અસલી ઉપશમ નહીં, સદ્ અવસ્થારૂપ ઉપશમ છે; પરંતુ **દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય વાસ્તવિક છે.**

**આ રીતે તે સંબંધી કર્મોના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, તેના જ આગામી સ્પર્ધકોનો સદ્‌અવસ્થારૂપ ઉપશમ અને દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય થતાં, જે ભાવ હોય છે; તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.**

જ્યારે આ ક્ષાયોપશમિકભાવને સમ્યગ્દર્શન પર ઘટિત કરીએ છીએ તો ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનનું સ્વરૂપ આ રીતે થાય છે—હોય છે.

**મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ, (મિશ્ર) તથા અનંતાનુબંધી ક્રોધ-માન-માયા અને લોભ—આ છ સર્વઘાતિ પ્રકૃતિઓના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, આ જ છ પ્રકૃતિઓના આગામી નિષેકોનો સદ્અવસ્થારૂપ ઉપશમ અને સમ્યક્ત્વ પ્રકૃતિ નામના દેશઘાતિ પ્રકૃતિનો ઉદય રહેતાં, શ્રદ્ધાગુણની જે નિર્મળતા થાય છે, તેને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન કહે છે.**

આ જ રીતે અઢાર ક્ષાયોપશમિકભાવો પર ઘટિત કરવાનું રહેશે.

**બધા ક્ષાયોપશમિકભાવોને ઘટિત કરવા માટે પ્રત્યેક ઘાતિકર્મના સર્વઘાતિ સ્પર્ધક તેમજ દેશઘાતિ સ્પર્ધકોને જાણવા આવશ્યક છે.**

સર્વાર્થસિદ્ધિ નામની ટીકા ગ્રંથનો અનુવાદ તેમજ સંપાદન કરતાં, આ સૂત્રની ટીકાના અનુવાદમાં વિશેષાર્થ લખતાં, પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી લખે છે—

**''પાંચ ભાવોમાં પ્રારંભના ચાર ભાવ નિમિત્તની પ્રધાનતાથી કહેવામાં આવ્યા છે અને અંતિમ ભાવ યોગ્યતા (ઉપાદાન)ની પ્રધાનતાથી''**

જગતમાં જેટલા કાર્ય થાય છે, તેનું વિભાગીકરણ આ જ હિસાબથી કરવામાં આવે છે, ક્યાંક નિમિત્તને મુખ્યતા દેવામાં આવે છે અને ક્યાંક યોગ્યતા (ઉપાદાન)ને, પરંતુ એનાથી અન્ય વસ્તુનું કર્તૃત્વ અન્યમાં માનવું ઉચિત નથી. આવા વિભાગીકરણને બતાવવાનું એટલું જ પ્રયોજન છે કે, જ્યાં જે કાર્યનું, જે સુનિશ્ચિત નિમિત્ત હોય તેનું પરિજ્ઞાન થઈ જાય. આમ તો કાર્ય પોતાની યોગ્યતા (ઉપાદાનથી) થાય છે, પરંતુ જેનો, જેના હોવા સાથે સુનિશ્ચિત અન્વય—વ્યતિરેક જોવામાં આવે છે, તેનું સુનિશ્ચિત નિમિત્ત, કહેવાય છે.

**આ હિસાબથી વિચાર કરતાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક—આ ચાર નૈમિત્તિકભાવ કહેવાય છે.**(સર્વાર્થસિદ્ધિ—પૃષ્ઠ ૧૦૮)

આ પાંચે ભાવોના સંદર્ભમાં વિશેષ વિચાર આગામી પાંચ સૂત્રોમાં, યથાસ્થાને થશે જ, એથી અહીં વિશેષ વિસ્તારમાં જવાની આવશ્યકતા નથી.

## ઔપશમિકભાવ

બે પ્રકારના ઔપશમિકભાવ આ પ્રકારે છે.

**सम्यक्त्व चारित्रे ॥३॥**

***ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર—આ બે ભેદ ઔપશમિકભાવના છે.***

**ઉપશમ માત્ર મોહનીયકર્મનો થાય છે, બાકીના સાત કર્મોમાં ઉપશમ નથી થતો એટલા માટે ઔપશમિક ભાવ પણ માત્ર બે પ્રકારનો જ હોય છે.**

દર્શનમોહનીયમાં, મિથ્યાત્વ—સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ પ્રકૃતિ તથા ચારિત્રમોહનીયની અનંતાનુબંધી ક્રોધ-માન-માયા તેમજ લોભ—આ સાત પ્રકૃતિઓના ઉપશમથી ઔપશમિક સમ્યક્ત્વ અને ચારિત્ર મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમથી ઔપશમિક ચારિત્ર થાય છે.

આ રીતે ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્રના ભેદથી ઔપશમિક ભાવ બે પ્રકારનો હોય છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિ અને ક્યારેક સાદિ મિથ્યાદૃષ્ટિને પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ—આ પાંચ પ્રકૃતિઓના ઉપશમથી પણ ઔપશમિક સમ્યક્ત્વ થાય છે. કારણ કે જેને આ સમ્યગ્દર્શન થાય છે, તેમને સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ નામની પ્રકૃતિની સત્તા જ હોતી નથી.

**એ તો સર્વવિદિત જ છે કે કરણલબ્ધિ પછી મિથ્યાત્વ પ્રકૃતિના ટૂકડા થવાથી જ આ પ્રકૃતિઓનો જન્મ થાય છે.**

**સમ્યગ્દર્શનપૂર્વક જ સમ્યક્ચારિત્ર ઘટિત થાય છે માટે સૂત્રમાં સમ્યક્ત્વ પદ પહેલા રાખવામાં આવ્યું છે અને ચારિત્ર પદ પછી રાખવામાં આવ્યું છે.**

આ બંને પ્રકારના ઔપશમિકભાવ જ્ઞાની ધર્માત્માને જ હોય છે અને તેનો કાળ પણ માત્ર અંતર્મુહૂર્ત જ છે; **આથી ઔપશમિકભાવવાળા જીવોની સંખ્યા સૌથી ઓછી હોય છે. આ કારણે તે પાંચ ભાવોમાં ઔપશમિકભાવનો ઉલ્લેખ આરંભમાં કરવામાં આવેલ છે.**

## ક્ષાયિકભાવ

નવ પ્રકારના ક્ષાયિકભાવ આ પ્રકારે છે.

**ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥४॥**

***ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક દર્શન, ક્ષાયિક દાન, ક્ષાયિક લાભ, ક્ષાયિક ભોગ, ક્ષાયિક ઉપભોગ, ક્ષાયિક વીર્ય—આ સાત તથા ચ શબ્દથી ગ્રહણ કરવાયોગ્ય ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર—આ બે—આ રીતે કુલ મળીને નવભેદ ક્ષાયિકભાવના છે.***

તેને આપણે આ રીતે પણ કહી શકીએ, કે ત્રીજા સૂત્રમાં કહેલ સમ્યક્ત્વ અને ચારિત્ર તથા જ્ઞાન-દર્શન-લાભ-ભોગ-ઉપભોગ તેમજ વીર્ય આ નવ ભાવ ક્ષાયિકભાવ છે. **આ ક્ષાયિકભાવ પર્યાયદષ્ટિથી બધાથી જ મહાન છે, પ્રાપ્ત કરવાયોગ્ય છે, પ્રાપ્ત કરવાની અપેક્ષાએ પૂર્ણ રીતે ઉપાદેય છે.**

આ ક્ષાયિકભાવોનું સ્વરૂપ ''તત્ત્વાર્થવાર્તિક''માં આ જ સૂત્રની વ્યાખ્યામાં, આચાર્ય અકલંકદેવ આ રીતે સ્પષ્ટ કરે છે—

''સમગ્ર જ્ઞાનાવરણના ક્ષયથી **કેવળજ્ઞાન** અને સમગ્ર દર્શનાવરણના ક્ષયથી **કેવળદર્શન ક્ષાયિક થાય છે.**''

સમસ્ત દાનાંતરાય કર્મના અત્યંત ક્ષયથી અનંત પ્રાણીઓને અભય અને અહિંસાના ઉપદેશરૂપ **અનંત દાન ક્ષાયિક દાન છે.**

સંપૂર્ણ લાભાંતરાયનો અત્યંત ક્ષય થતાં કવળાહાર ન કરનારા કેવળીને શરીરની સ્થિતિમાં કારણભૂત પરમ શુભ દિવ્ય અનંત પુદ્ગલોનો પ્રતિસમય શરીરમાં સંબંધિત થવું, તે **ક્ષાયિકલાભ** છે.

**આથી ''કવલાહાર વિના, કરોડ પૂર્વ વર્ષથી કાંઈક ન્યૂન (ઓછું) એટલા સમય સુધી ઔદારિક શરીરની સ્થિતિ કેમ રહી શકે? એવી શંકા નિરાધાર થઈ જાય છે.**

સંપૂર્ણ ભોગાંતરાયના નાશથી ઉત્પન્ન થનાર સાતિશય ભોગ, ક્ષાયિક ભોગ છે. **એનાથી જ પુષ્પવૃષ્ટિ, ગંધોદકવૃષ્ટિ, પદકમલ રચના, સુગંધિત શીતવાયુ આદિ અતિશય હોય છે.**

સમસ્ત ઉપભોગાન્તરાયના નાશથી ઉત્પન્ન થનારા સાતિશય ઉપભોગ, તે ક્ષાયિક ઉપભોગ છે. તેનાથી જ સિંહાસન, ત્રણ છત્ર, ચમર, અશોકવૃક્ષ, ભામંડલ, દિવ્યધ્વનિ, દેવદુંદુભિ આદિ થાય છે. સમસ્ત વીર્યાંતરાયના અત્યંત ક્ષયથી પ્રગટ થનાર, તે અનંત ક્ષાયિક વીર્ય છે.

દર્શનમોહના ક્ષયથી ક્ષાયિક સમ્યગ્દર્શન અને ચારિત્રમોહનીયના ક્ષયથી ક્ષાયિક ચારિત્ર હોય છે.

**પ્રશ્ન –** દાનાંતરાય આદિના ક્ષયથી પ્રગટ થનારી દાન આદિ લબ્ધિઓના અભયદાન આદિ કાર્ય સિદ્ધોમાં પણ હોવા જોઈએ?

**ઉત્તર –** નહીં, કેમકે દાન આદિ લબ્ધિઓના કાર્યને માટે શરીર નામકર્મ અને તીર્થંકર પ્રકૃતિના ઉદયની પણ અપેક્ષા છે. સિદ્ધોમાં આ લબ્ધિઓ અવ્યાબાધ અનંત સુખરૂપથી રહે છે, જેમકે કેવળજ્ઞાનરૂપમાં અનંતવીર્ય!

આ જ પ્રકારનો ભાવ આચાર્ય પૂજ્યપાદ કૃત સર્વાર્થસિદ્ધિ શાસ્ત્રમાં પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ બધા ક્ષાયિકભાવ એકવાર ઉત્પન્ન થયા પછી અનંતકાળ સુધી રહે છે, તેનો અભાવ ક્યારેય પણ થતો નથી.

**જોકે આ ભાવ પર્યાયરૂપ છે; એટલે જ પ્રતિસમય બદલવું, તેનો સહજ સ્વભાવ છે. એટલે એની સ્થિતિ પણ એકસમયની જ છે. છતાં પણ તે સંતતિની દષ્ટિએ અનંતકાળ સુધી એકસરખા જ રહે છે.**

ઔપશમિકભાવવાળાથી અધિક સંખ્યા ક્ષાયિકભાવવાળાની હોય છે, એ કારણે ક્ષાયિકભાવનો ઉલ્લેખ ઔપશમિકભાવની તરત જ પછી કર્યો છે. ક્ષાયિકભાવવાળાઓમાં બધા અરિહંત તેમજ સિદ્ધ તથા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ આવે છે.

આ ઉપશમિક અને ક્ષાયિકભાવ, સમ્યક્દષ્ટિ જ્ઞાની જીવોને જ હોય છે, એ ભાવો ધર્મભાવો છે. એટલે પણ તેમને સૌથી પહેલા રાખવામાં આવ્યા છે. ૪.

## ક્ષયોપશમિકભાવ

અઢાર પ્રકારના ક્ષાયોપશમિકભાવ આ પ્રકારે છે.

**ज्ञानाज्ञानदर्शनलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्व-चारित्रसंयमासंयमाश्च ।।५।।**

***ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિઓ, સમ્યક્ત્વ, ચારિત્ર અને સંયમાસંયમ—આ અઢાર ક્ષાયોપશમિકભાવ છે.***

***મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય—આ ચાર જ્ઞાન છે અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ—આ ત્રણ અજ્ઞાન છે. તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન—આ ત્રણ દર્શન છે, દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય—આ પાંચ લબ્ધિઓ છે.***

***૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૫ લબ્ધિઓ—આ રીતે— ૪+૩+૩+૫=૧૫ અને સમ્યક્ત્વ, ચારિત્ર તેમજ સંયમાસંયમ—આ રીતે ૧૮ ભેદ ક્ષાયોપશમિકભાવના છે.***

ચાર પ્રકારના ક્ષાયોપશમિક જ્ઞાન, ત્રણ પ્રકારના અજ્ઞાન તેમજ ત્રણ પ્રકારના દર્શનની પરિભાષા પ્રથમ અધ્યાયમાં સ્પષ્ટ કરી દેવામાં આવેલ છે.

પાંચ લબ્ધિઓની ચર્ચા ક્ષાયિકભાવના પ્રકરણમાં થઈ છે. એટલું અંતર સમજવું જોઈએ કે ક્ષાયિકભાવમાં અંતરાયના ક્ષયથી થનારી લબ્ધિઓ છે અને અહીં ક્ષાયોપશમિકભાવના પ્રકરણમાં અંતરાયકર્મના ક્ષયોપશમથી થનારી લબ્ધિઓની વાત છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ આ જ અધ્યાયના પહેલા-બીજા સૂત્રની વ્યાખ્યામાં આવી ગયું છે.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ—આ બાર કષાય કર્મોના ઉદયાભાવી ક્ષય અને તેના જ સદ્અવસ્થારૂપ ઉપશમ હોવાથી તથા ચાર સંજ્વલનમાંથી કોઈ એક પ્રકૃતિના દેશઘાતિ સ્પર્ધકોના ઉદય હોવાથી નવ નોકષાયોનો યથાસંભવ ઉદય થતાં જે સંસારથી **પૂરી**

**નિવૃત્તિરૂપ પરિણામ થાય છે, તે ક્ષાયોપશમિક ચારિત્ર છે. આ ચારિત્ર છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી મુનિરાજોને હોય છે.**

અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ—આ આઠ કષાયોના ઉદયાભાવી ક્ષય અને તેના જ સદ્‌વસ્થારૂપ ઉપશમ થવાથી તથા પ્રત્યાખ્યાનાવરણ તેમજ સંજ્વલન કષાયના દેશઘાતિ સ્પર્ધકોના ઉદય થતાં નવ નોકષાયનો યથાસંભવ ઉદય થતાં જે વિરત-અવિરતરૂપ પરિણામ થાય છે, તે સંયમાસંયમ (સંયમ-અસંયમ) કહેવાય છે.

આ **સંયમાસંયમ** પંચમગુણસ્થાનવર્તી શ્રાવકોને હોય છે.

(સર્વાર્થસિદ્ધિ, અધ્યાય ૨, સૂત્ર પાંચની ટીકા, પૃષ્ઠ ૧૧૩)

તાત્પર્ય એ છે કે, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયજ્ઞાન જ્ઞાનીઓને હોય છે અને કુમતિ-કુશ્રુત-કુઅવધિ અજ્ઞાનીઓને હોય છે.

આ જ રીતે અન્ય ભાવોના સંદર્ભમાં પણ સમજી લેવું જોઈએ.

જ્ઞાની-અજ્ઞાની સર્વ છદ્મસ્થોને હોવાના કારણે ક્ષયોપશમ-ભાવવાળાઓની સંખ્યા, ક્ષાયિકભાવવાળાઓથી અધિક છે. એથી તેને સૂત્રમાં ત્રીજું સ્થાન મળ્યું છે.

એનાથી પણ અધિક સંખ્યા ઔદયિક ભાવવાળાઓની છે; કારણ કે તે ચૌદ ગુણસ્થાનવાળા બધા સંસારી જીવોમાં જોવામાં આવે છે.

એ કારણે ઔદયિકભાવવાળાઓને ચોથું સ્થાન પ્રાપ્ત થયું છે.

**પારિણામિકભાવ બધા જીવોને હોવાના કારણે સૌથી અધિક સંખ્યાવાળો છે. એથી તેને પાંચમું સ્થાન પ્રાપ્ત થયું છે. અંતિમ સ્થાન પ્રાપ્ત થયું છે.**

આ રીતે પહેલા સૂત્રના ક્રમમાં, પાંચે ભાવોને જે સ્થાન પ્રાપ્ત થયું છે, તેમાં સંખ્યાનું ઓછાપણું અને અધિકપણું એક મુખ્ય કારણ છે.૫.

## ઔદયિકભાવ

એકવીસ ઔદયિકભાવોના નામ ક્રમશઃ આ પ્રકારે છે.

**गतिकषायलिंगमिथ्यादर्शनाज्ञानासंयतासिद्धलेश्या-**

**श्चतुश्चतुस्त्र्यैकैकैकैषड्भेदाः ॥६॥**

***ચાર ગતિ, ચાર કષાય, ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ અને છ લેશ્યાઓ—આ એકવીસભાવ ઔદયિકભાવ છે.***

***નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ તેમજ દેવગતિ આ ચાર ગતિઓ, ક્રોધ-માન-માયા-લોભ, આ ચાર કષાયો, સ્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ, આ ત્રણ લિંગ, મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ અને કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ તેમજ શુક્લ—આ છ લેશ્યાઓ—આ રીતે ૨૧ એકવીસ પ્રકારના આ ઔદયિકભાવ છે.***

આ ૨૧ ભાવોનું સામાન્ય સ્વરૂપ ''તત્ત્વાર્થવાર્તિક''માં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

''જે કર્મના ઉદયથી આત્મા નરક આદિ ભાવોને પ્રાપ્ત થાય, તે **ગતિ** છે.

**કષાય નામના ચારિત્રમોહના ઉદયથી થનારી ક્રોધાદિરૂપ કલુષતા કષાય કહેવાય છે. એ આત્માના સ્વાભાવિકરૂપને કષી દે છે. અર્થાત્ તેની હિંસા કરે છે.**

દ્રવ્ય અને ભાવના ભેદથી લિંગ બે પ્રકારના છે. જોકે **આત્મભાવોનું પ્રકરણ છે, એથી નામકર્મના ઉદયથી થનારા દ્રવ્યલિંગની અહીં વિવક્ષા નથી.** સ્રીવેદના ઉદયથી થનાર પુરુષ અભિલાષારૂપ ભાવ **સ્રીવેદ** છે. પુરુષવેદના ઉદયથી થનાર સ્રી અભિલાષારૂપ ભાવ **પુરુષવેદ** અને નપુંસકવેદના ઉદયથી થનારા ઉભય અભિલાષારૂપ ભાવ **નપુંસકવેદ** છે.

દર્શનમોહના ઉદયથી તત્ત્વાર્થમાં અરુચિ કે અશ્રદ્ધાનરૂપ ભાવ **મિથ્યાત્વ** કહેવાય છે.

જે રીતે પ્રકાશમાન સૂર્યનું તેજ સઘન મેઘો દ્વારા ઢંકાઈ જાય છે તે જ રીતે જ્ઞાનાવરણના ઉદયથી જ્ઞાનસ્વરૂપ આત્માના જ્ઞાનગુણની અનભિવ્યક્તિરૂપ ભાવ **અજ્ઞાન** છે.

ચારિત્રમોહના ઉદયથી થનારી હિંસા આદિ ઇન્દ્રિય વિષયોમાં પ્રવૃત્તિરૂપ ભાવ **અસંયમ** છે.

અનાદિથી કર્મબદ્ધ આત્માના સામાન્યતઃ બધા કર્મોના ઉદયથી **અસિદ્ધ પર્યાય** હોય છે.

કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ ભાવ, **ભાવલેશ્યા** છે.

**દ્રવ્યલેશ્યા પુદ્‌ગલ વિપાકી શરીર નામકર્મના ઉદયથી થાય છે. એથી આત્મભાવોના પ્રકરણમાં એનું ગ્રહણ કર્યું નથી.**

જોકે યોગપ્રવૃત્તિ, આત્મપ્રદેશોની પરિસ્પંદરૂપ હોવાથી ક્ષાયોપશમિક વીર્યલબ્ધિમાં અંતર્ભૂત થઈ જાય છે અને કષાય ઔદયિકી હોય છે છતાં પણ કષાય ઉદયના તીવ્ર-મંદ આદિ તારતમ્યથી અનુરંજિત (રંગાયેલ) પ્રવૃત્તિરૂપ લેશ્યા પૃથક્ જ છે.

**જોકે ઉપશાંતકષાય, ક્ષીણકષાય અને સયોગકેવલી ગુણસ્થાનોમાં કષાયનો ઉદય નથી છતાં પણ ત્યાં ભૂતપૂર્વ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ શુક્લ લેશ્યા ઉપચારથી કહી છે.**

મિથ્યાદર્શનમાં દર્શનાવરણના ઉદયથી થનારા અદર્શનનો અંતર્ભાવ થઈ જાય છે, જોકે મિથ્યાદર્શન તત્ત્વાર્થના શ્રદ્ધાનરૂપ ભાવ છે, છતાં પણ અદર્શન સામાન્યમાં, દર્શન અભાવરૂપથી બંને પ્રકારના દર્શનોનો અભાવ લઈ લેવામાં આવે છે.

(તત્ત્વાર્થવાર્તિક હિન્દી સાર, પૃષ્ઠ ૩૪૨-૩૪૩)

**આ ૨૧ ભાવ ત્યાગવા યોગ્ય છે. ૬.**

## પારિણામિકભાવ

પારિણામિકભાવોના ભેદ ક્રમવાર આ પ્રમાણે છે.

**जीवभव्याभव्यत्वानि च ।।७।।**

***જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ—આ ત્રણ પારિણામિક ભાવ છે.***

આ ભાવોનું સ્વરૂપ ''તત્ત્વાર્થવાર્તિક''માં આ પ્રકારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

''કર્મના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમની અપેક્ષા ન રાખનાર, માત્ર દ્રવ્યની સ્વભાવભૂત અનાદિ પારિણામિકી શક્તિથી જ આવિર્ભૂત આ ભાવ, પારિણામિક છે.

જીવદ્રવ્યનો નિજ પરિણામ તે જ જીવત્વ છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પર્યાય જેની પ્રગટ થશે, તે ભવ્ય છે અને જેને પ્રગટ નહીં થાય, તે અભવ્ય, દ્રવ્યની શક્તિથી જ આ ભેદ છે. **તે ભવ્યને, કે અનંતકાળમાં પણ સિદ્ધ નહીં થાય, તેને અભવ્ય નહીં કહી શકાય, કેમકે તેનામાં ભવ્યત્વશક્તિ છે''**

(તત્ત્વાર્થવાર્તિક-હિન્દી સાર, પૃષ્ઠ-૩૪૩)

આ રીતે જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ—આ ત્રણ ભાવ પારિણામિકભાવ છે.

### પાંચ ભાવોના સંદર્ભમાં સામાન્ય જાણકારી

એ રીતે ૨+૯+૧૮+૨૧+૩=૫૩,**—આ ૫૩ પ્રકારના ભાવ જીવના સ્વતત્ત્વ છે, અસાધારણ ભાવ છે, જે માત્ર જીવોમાં જ જોવા મળે છે, અન્ય દ્રવ્યોમાં નહીં.**

અઘાતિકર્મોનો ન તો ઉપશમ થાય છે અને ન ક્ષયોપશમ. એની તો માત્ર બે દશાઓ હોય છે. અથવા તો તેનો ઉદય હોય છે અથવા ક્ષય.

ઘાતિકર્મોમાં, જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાય કર્મોની અનાદિથી ક્ષયોપશમ અવસ્થા હોય છે અને તેનો ક્ષાયોપશમિકભાવ જોવા મળે છે.

આ ત્રણ કર્મોના દેશઘાતિ સ્પર્ધકોના ઉદયથી ઔદયિકભાવ પણ જોવામાં આવે છે. આ ત્રણે કર્મોનો ક્ષય થતાં, ક્ષાયિકભાવ જોવા મળે છે.

**એક માત્ર મોહનીય કર્મ એવું છે કે, જેની ચાર દશાઓ હોય છે– ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અને ઉદય એ કારણે મોહનીયકર્મના નિમિત્તથી ચાર પ્રકારના ભાવ થાય છે. ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિકભાવ.**

પારિણામિક ભાવ કોઈ કર્મના નિમિત્તથી નથી હોતા. તે તો આત્માનો સ્વભાવભાવ છે. એને આપણે આ રીતે પણ કહી શકીએ છીએ. **ઉપશમ માત્ર મોહનીય કર્મનો થાય છે, ક્ષયોપશમ ચાર ઘાતિકર્મોનો થાય છે. ક્ષય અને ઉદય આઠે કર્મોનો થાય છે.**

(૧) ઔપશમિકભાવ સાદિ-સાંત છે.

(૨) ક્ષાયિકભાવ સાદિ-અનંત છે.

(૩) ક્ષાયોપશમિકભાવ, ભવ્યજીવોની અપેક્ષા અનાદિ-સાંત છે.ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, સંયમાસંયમ અને ક્ષાયોપશમિક ચારિત્ર સાદિ-સાંત છે અને અભવ્યજીવોની અપેક્ષાએ ક્ષાયોપશમિકભાવ અનાદિ અનંત છે.

(૪) ઔદયિક ભાવ પણ ભવ્યજીવોની અપેક્ષાએ અનાદિ-સાંત છે અને અભવ્યજીવોની અપેક્ષાએ અનાદિ-અનંત છે.

**(૫) પારિણામિકભાવ અનાદિ-અનંત છે.**

ઔપશમિકભાવ પ્રગટ કરવાની અપેક્ષાએ એકદેશ ઉપાદેય છે. ક્ષાયિકભાવ પ્રગટ કરવાની અપેક્ષાએ સકલદેશ ઉપાદેય છે.

**અજ્ઞાનીનો ક્ષાયોપશમિકભાવ હેય છે અને જ્ઞાનીનો એકદેશ ઉપાદેય છે. ઔદયિકભાવ પૂર્ણ રીતે હેય છે તથા ભવ્યત્વ–અભવ્યત્વરૂપ પારિણામિકભાવ જ્ઞેય છે અને જીવત્વરૂપ પોતાનો પરમપારિણામિકભાવ શ્રદ્ધેય છે, પરમ જ્ઞેય છે અને ધ્યેય છે.**

**હું પરમપારિણામિકભાવરૂપ જ છું આ જ ભાવના આશ્રયથી ધર્મ થાય છે.**

જ્યારે આ આત્મા પોતાના જીવત્વરૂપ પરમપારિણામિકભાવને જાણે છે—ઓળખે છે, તેમાં નિજત્વ-પોતાપણું સ્થાપિત કરે છે, તેનું શ્રદ્ધાન કરે છે અને સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક તેમાં જ જામી જાય છે, રમી જાય છે, સમાઈ જાય છે, તેના જ ધ્યાનમાં મગ્ન થઈ જાય છે; સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમિત થાય છે, ઔપશમિક, ક્ષાયિક અને સમ્યક્ ક્ષાયોપશમિક ભાવરૂપ પરિણમે છે, તો સંપૂર્ણ ઔદયિક-ભાવોનો અભાવ કરી દે છે, સંસારથી મુક્ત થઈ જાય છે, સિદ્ધદશારૂપ પરિણમિત થઈને અનંતકાળ સુધી અનંત સુખનો ઉપભોગ કરે છે.

તે બાવન(૫૨) ભાવોના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થતાં નથી. એકમાત્ર પરમ પારિણામિકભાવના આશ્રયથી જ રત્નત્રયરૂપ ધર્મ પ્રગટ થાય છે. **એ કારણે એક માત્ર આશ્રય કરવાલાયક, પરમ ઉપાદેય આ જ ત્રેપનમો ભાવ છે.**

આપણે કહી શકીએ છીએ, કે—

(૧) પારિણામિકભાવ વિનાનો કોઈ જીવ નથી.

(૨) ઔદયિકભાવ વિનાનો કોઈ સંસારી જીવ નથી.

(૩) ક્ષાયોપશમિક ભાવ વિનાનો કોઈ છદ્મસ્થ જીવ નથી.

(૪) ક્ષાયિકભાવ વિના, ક્ષાયિક સમકિતી, ક્ષાયિક ચારિત્રવંત અને અરિહંત તથા સિદ્ધ નથી.

(૫) ઔપશમિકભાવ વિના, કોઈ ધર્મનો આરંભ કરનાર નથી.

**વસ્તુસ્થિતિએ તો નિશ્ચયથી સ્વતત્ત્વ તો પરમપારિણામિકભાવ જ છે.** બાકીના બાવન ભાવ વ્યવહારથી સ્વતત્ત્વ છે.

એ કારણે જે ભવ્યજીવોને, અનંતકાળ સુધી, અનંત સુખરૂપ પરિણમિત થવું છે, અનંત સુખી થવું છે, મુક્તદશા પ્રાપ્ત કરવી છે, મોક્ષમાં જવું છે, **તે ભવ્યજીવ પરમપારિણામિકભાવરૂપ નિજ ભગવાન આત્માનો આશ્રય કરે, તેને જ જાણે, નિજરૂપ જાણે, નિજરૂપ માને, તેમાં જ પોતાપણું સ્થાપન કરે, તેમાં જ જામી જાય, રમી રહે, સમાઈ જાય અને અનંતકાળ સુધી અનંત સુખનો ઉપભોગ કરે!**

# જીવ તત્ત્વાર્થનું લક્ષણ

જીવ તત્ત્વાર્થની ચર્ચા ચાલી રહી છે. જીવના ૫૩ અસાધારણ ભાવોની ચર્ચા પછી **હવે આત્મતત્ત્વની પિછાણને માટે જીવ તત્ત્વાર્થના લક્ષણ ઉપર વિચાર કરે છે.**

જીવના લક્ષણના સંદર્ભમાં બે સૂત્ર પ્રાપ્ત થાય છે, જે આ પ્રકારે છે.

**उपयोगो लक्षणम् ।।८।।**

**स द्विविधोऽष्ट चतुर्भेदः ।।९।।**

***ચૈતન્ય સ્વભાવનું અનુસરણ કરનારા આત્માના પરિણામને ઉપયોગ કહે છે. ઉપયોગ જીવનું લક્ષણ છે.***

***તે ઉપયોગ બે પ્રકારનો છે. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. જ્ઞાનોપયોગ આઠ પ્રકારનો છે અને દર્શનોપયોગ ચાર પ્રકારનો છે.***

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—આ પાંચ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) અને કુમતિ, કુશ્રુત, કુઅવધિ–આ ત્રણ અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) આ રીતે જ્ઞાન ઉપયોગ આઠ પ્રકારનો છે. એજ રીતે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન–આ ચાર દર્શનઉપયોગના પ્રકાર છે.

ચક્ષુ ઈન્દ્રિયથી થનારા જ્ઞાનની પહેલાં, જે દર્શન હોય છે, તે **ચક્ષુદર્શન** છે. ચક્ષુ સિવાય અન્ય ચાર ઈન્દ્રિયો અને મનથી થનારા જ્ઞાનની પહેલાં જે દર્શન હોય છે, તે **અચક્ષુદર્શન** છે. અવધિજ્ઞાનની પહેલાં જે દર્શન હોય છે, તે **અવધિદર્શન** છે અને કેવલજ્ઞાનની સાથે જે દર્શન હોય છે, તે **કેવલદર્શન** છે.

ધ્યાનમાં રાખવાનું છે કે ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શને તો જ્ઞાન થવાના પહેલા થાય છે. પરંતુ કેવલદર્શન, કેવલજ્ઞાનની સાથે થાય છે.

આ જ વાતને ''દ્રવ્યસંગ્રહમાં''માં આ રીતે વ્યક્ત કરેલ છે.

**अट्ठ चदु णाणसंदण सामण्णं जीवलक्खणं भणियं ।**
**ववहारा सुद्धणया सुद्धं पुण दंसणं णाणं ।।६।।**

વ્યવહારનયથી આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શનને સામાન્યરૂપથી જીવનું લક્ષણ કહેવાયું છે.

**શુદ્ધનયની અપેક્ષાથી શુદ્ધ જ્ઞાન-દર્શન, જીવનું લક્ષણ કહેલ છે.**

આ ગાથાના અર્થમાં, બ્રહ્મદેવ દ્વારા રચિત સંસ્કૃત ટીકામાં કહેવાયું છે કે **અહીં સામાન્ય શબ્દનો અર્થ વિવક્ષાનો અભાવ છે.**

તાત્પર્ય એ છે કે અહીં સમ્યક્-મિથ્યાનો ભેદ નથી, સંસારી-મુક્તનો ભેદ નથી.

સમ્યક્-મિથ્યાના ભેદ વિના સામાન્ય ઉપયોગ બધા જીવોનું લક્ષણ છે, ચાહે તેઓ સંસારી જીવો હોય કે મુક્ત જીવો હોય, ચાહે જ્ઞાની હોય, ચાહે અજ્ઞાની હોય. આ લક્ષણમાં નિગોદથી લઈને મોક્ષ સુધીના બધા જીવો સમાહિત છે, (સામેલ છે)

**ધ્યાનમાં એ રાખવાનું છે કે, જ્ઞાનોપયોગમાં તો સમ્યક્-મિથ્યાના ભેદ હોય છે. પરંતુ દર્શન ઉપયોગમાં સમ્યક્-મિથ્યાના ભેદ હોતા નથી. કારણ કે દર્શન ઉપયોગ નિરાકાર છે.** કહેવાયું પણ છે કે, ''**निराकारं दर्शनं साकारं ज्ञानं**'' દર્શન ઉપયોગ નિરાકાર હોય છે, નિર્વિકલ્પ હોય છે અને જ્ઞાન ઉપયોગ સાકાર અર્થાત્ સવિકલ્પ હોય છે.

**તત્ત્વાર્થસૂત્રમાં માત્ર ઉપયોગને જીવનું લક્ષણ કહ્યું** અને તે પછી આગલા સૂત્રમાં ઉપયોગના ભેદ ગણાવ્યા કહ્યું કે તે ઉપયોગ બે પ્રકારનો છે તથા તેમાં પહેલાના આઠ ભેદ છે અને બીજાના ચાર ભેદ છે.

પહેલું કોણ અને બીજું કોણ? આ પ્રકારનો પ્રશ્ન થતાં સૂત્રથી જ સ્પષ્ટ થઈ જાય છે કે જેના આઠ ભેદ છે તેને પહેલું કહ્યું અને જેના ચાર ભેદ છે, તે બીજું. તાત્પર્ય એ છે કે **આઠ ભેદવાળો જ્ઞાનોપયોગ પહેલો અને ચાર ભેદવાળો દર્શનોપયોગ બીજો.**

જ્યારે ''દ્રવ્યસંગ્રહ''માં સીધું જ કહી દીધું કે આઠ પ્રકારના જ્ઞાન અને ચાર પ્રકારના દર્શન, સામાન્યથી જીવનું લક્ષણ છે—એ વ્યવહારનયનું કથન છે; **પરંતુ શુદ્ધનયથી, શુદ્ધદર્શન અને શુદ્ધજ્ઞાન જીવનું લક્ષણ છે.**

બૃહદ દ્રવ્યસંગ્રહમાં, બ્રહ્મદેવની સંસ્કૃત ટીકામાં તે નય વિવક્ષાને વિસ્તારથી સ્પષ્ટ કરેલ છે. જેને વિશેષ જાણવાની ઈચ્છા હોય, તેઓ ત્યાંથી જુએ. (-જાણે)

જોકે દ્રવ્યસંગ્રહ અને તેની ટીકામાં, બધી વિવક્ષાઓ સ્પષ્ટ કરી છે. તથાપિ તત્ત્વાર્થસૂત્રમાં સામાન્યથી ઉપયોગને જ જીવનું લક્ષણ કહ્યું છે, તેમાં તેમણે કોઈ નય વિવક્ષા નથી લગાડી અને આગલા સૂત્રમાં ઉપયોગના ભેદ-પ્રભેદ ગણાવીને, એ સ્પષ્ટ કરી દીધું કે, તે આઠ પ્રકારના જ્ઞાનો અને ચાર પ્રકારના દર્શનોમાં કોઈપણ જ્ઞાન કે દર્શન કેમ ન હોય, પણ એક પણ જ્ઞાન-દર્શન છે, તે જીવ છે.

અહીં જીવ શબ્દમાં સામાન્યથી બધા જીવ આવી ગયા અને ઉપયોગ શબ્દમાં બધા ઉપયોગ આવી ગયા.

જીવ હોવા માટે એ જરૂરી નથી કે તેને આઠ જ્ઞાનોમાં ક્યું જ્ઞાન હોય અને ચાર દર્શનોમાં ક્યું દર્શન હોય. એ બતાવવા માટે જ એ કહ્યું છે કે **સામાન્ય જ્ઞાન અને સામાન્ય દર્શન જીવનું લક્ષણ છે.**

**જે વિવક્ષિત (કહેવા ધારેલ) વસ્તુને, અન્યવસ્તુઓથી જુદી કરે (બતાવે) તેને લક્ષણ કહે છે.**

લક્ષણ બે પ્રકારના હોય છે, આત્મભૂત લક્ષણ અને અનાત્મભૂત લક્ષણ. ઉષ્ણતા અગ્નિનું આત્મભૂત લક્ષણ છે કેમકે ઉષ્ણતા અગ્નિથી કદી પૃથક્ (જુદી) હોતી નથી. દંડાવાળા પુરુષને દંડી કહે છે, દંડી પુરુષનું દંડા લક્ષણ અનાત્મભૂત છે, તે તેનાથી ગમે ત્યારે પૃથક્ થઈ શકે છે. આ અનાત્મભૂત લક્ષણ માત્ર તત્કાલનું પ્રયોજન સિદ્ધ કરે છે, **આત્મભૂત લક્ષણ સદા કામ આવે છે.**

**ઉપયોગ જીવનું આત્મભૂત લક્ષણ છે. તે જીવની સદાકાળ રહેનારી ઓળખાણ છે. તે જીવમાં સદાકાળ તો રહે જ છે, સાથે જ તે (લક્ષણ) અન્ય અજીવ વસ્તુઓમાં જોવામાં આવતું નથી.** એથી તે પૂર્ણ રીતે નિર્દોષ લક્ષણ છે. કારણ કે તેમાં, અવ્યાપ્તિ—અતિવ્યાપ્તિ અને અસંભવ—આમાંથી કોઈપણ દોષ નથી.

**સાચા લક્ષણને માટે એ બહુ જ જરૂરી છે કે તે લક્ષ્યમાં વ્યાપ્ત હોય, અલક્ષ્યમાં ન હોય અને તે લક્ષ્યમાં સંભવ હોય, અસંભવ ન હોય.**

જીવનું ઉપયોગ લક્ષણ, લક્ષ્યમાં વ્યાપ્ત છે, અલક્ષ્યમાં નથી અને લક્ષ્ય જીવમાં તેની સંભાવના પૂરી રીતે છે.

ઉપયોગ બધા જીવોમાં પ્રાપ્ત હોય છે. એથી તે અવ્યાપ્તિ દોષથી રહિત છે. જીવો સિવાય અજીવોમાં જોવામાં આવતું નથી. એથી તે અતિવ્યાપ્ત દોષથી રહિત છે અને બધા જીવોમાં ઉપયોગ હોય જ છે, એથી અસંભવદોષથી પણ દૂષિત નથી.

**પ્રશ્ન –** સ્વરૂપ અને લક્ષણમાં શું અંતર છે?

**ઉત્તર – પ્રત્યેક પદાર્થના ગુણ અને પર્યાયો, તેનું સ્વરૂપ છે અને જેના દ્વારા પદાર્થોની પિછાણ કરી શકાય, તેને લક્ષણ કહે છે.**

આ ઉપયોગ લક્ષણથી જીવને જાણીને-પિછાણીને, નિજ આત્મારૂપ જીવમાં પોતાપણું સ્થાપીને, તેમાં જ સમાઈ જવું, તેમાં જ રત રહેવું–તે ધર્મ છે. અતીન્દ્રિય સુખ-શાંતિ પ્રાપ્ત કરવાના એકમાત્ર ઉપાય છે. ૮-૯.

## જીવ તત્ત્વાર્થના ભેદ-પ્રભેદ

જીવ તત્ત્વાર્થને જાણવા માટે ઉપયોગને જીવનું લક્ષણ બતાવ્યું અને પછી ઉપયોગના ભેદ-પ્રભેદ સમજાવ્યા.

હવે ઉપયોગ લક્ષણથી લક્ષિત ઉપયોગવાન **જીવોના ભેદ-પ્રભેદ બતાવે છે.** જે આ રીતે છે.

**संसारिणो मुक्ताश्च ।।१०।।**

**समनस्काऽमनस्का ।।११।।**

**संसारिणस्त्र सस्थावराः ।।१२।।**

***જીવ બે પ્રકારના છે—સંસારી અને મુક્ત.***

***તેમાંથી સંસારી જીવ બે પ્રકારના હોય છે, સમનસ્ક અને અમનસ્ક.***

***સંજ્ઞી અને અસંજ્ઞીની સાથે સાથે સંસારી જીવ ત્રસ અને સ્થાવરના ભેદથી બે પ્રકારના હોય છે.***

ઉપયોગ લક્ષણથી લક્ષિત, પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધીના બધા જીવ **સંસારી** છે અને ગુણસ્થાનોથી પાર સિદ્ધ જીવોને **મુક્ત** જીવ કહે છે.

હવે અહીં સંસારી જીવોના ભેદ બતાવે છે જે આ પ્રકારે છે.

**મન સહિત જીવોને સમનસ્ક અને મનરહિત જીવોને અમનસ્ક કહે છે. સમનસ્ક જીવોને સંજ્ઞા અને સૈની તથા અમનસ્ક જીવોને અસંજ્ઞી તથા અસૈની પણ કહે છે.**

એકેન્દ્રિયથી શરૂ કરીને, ચાર ઇન્દ્રિય સુધીના બધા જીવો અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ **અસંજ્ઞી** છે, **અમનસ્ક** છે તથા સૈની પંચેન્દ્રિય જીવ, **સંજ્ઞી કે સમનસ્ક** હોય છે.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધા જીવો નિયમથી **તિર્યંચ** જ હોય છે અને **સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, ચારો ગતિઓમાં જોવા મળે છે.**

સંજ્ઞી-અસંજ્ઞી અને ત્રસ-સ્થાવર—આ બધા ભેદ સંસારી જીવોના

છે—આ બતાવવા માટે જ બંનેની વચ્ચે **संसारिणः** પદ મૂકવામાં આવ્યું છે.

આ **"ઉંબરામાં દીપક"** જેવો પ્રયોગ છે. જે રીતે ઉંબરામાં રાખેલો દીવો ઓરડામાં પણ અજવાળું કરે છે અને આંગણામાં પણ કરે છે.

તે જ રીતે આ **'संसारिणः'** પદ પણ આંગણાના દીપક જેમ છે. તે સંજ્ઞી અને અસંજ્ઞી ઉપર લાગુ પડે છે અને ત્રસ-સ્થાવર ઉપર પણ (લાગુ પડે છે) **તેને મધ્ય દીપક પણ કહે છે.**

જો આમ ન કહ્યું હોત તો ક્રમ અનુસાર સંબંધી નિયમ પ્રમાણે એમ પણ સમજી લેવામાં આવત, કે સંજ્ઞી-અસંજ્ઞીએ ભેદ તો સંસારી જીવોમાં છે અને ત્રસ-સ્થાવર ભેદ મુક્ત જીવોના છે.

**અહીં એક પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે કે** આપણું હિત તો સ્વજીવને જાણવામાં જ છે, કારણ કે આપણે તેમાં પોતાપણું સ્થાપિત કરવું છે, તેનું ધ્યાન કરવું છે, તેનું ધ્યાન રાખવું છે.

**અમને આ ત્રસ-સ્થાવર, સંજ્ઞી-અસંજ્ઞી જીવોને જાણવામાં શા માટે ગૂંચવો છો? (મૂંઝવો છો?)**

**ઉત્તર –** અરે ભાઈ! અમે તમને મૂંઝવતા નથી અમે તો આ સંસારમાં ફસાયેલા જીવોને સુલટવાનો માર્ગ બતાવીએ છીએ.

સંસારી જીવોમાં આ પ્રકારોમાં સમજાવવાનું એક પ્રયોજન તો એ છે કે, —તેઓ પણ જીવ છે, તેમને પણ અમારા-તમારા જેવી સુખ-દુઃખની અનુભૂતિ થાય છે. સુખ-દુઃખનો અનુભવ થાય છે. **આપણે તેમની સાથે, જીવો જેવો જ વ્યવહાર કરવો જોઈએ. આપણા હૃદયમાં તેમના પ્રત્યે કરૂણાભાવ રહે, તેમાં, તેમના જીવત્વનું જ્ઞાન કરવું જરૂરી છે.**

બીજું, આપણે પણ ભૂતકાળમાં આવી અવસ્થાઓમાં રહ્યા છીએ. જો અત્યારે નહીં સમજીએ તો ભવિષ્યમાં પણ **અનંતકાળ સુધી આ પર્યાયોમાં રહેવું પડશે. ભટકવું પડશે. ૧૧-૧૨.**

## સ્થાવર જીવોના ભેદ

આગલા સૂત્રમાં સંસારી જીવોના ત્રસ અને સ્થાવર—આ પ્રકારના બે ભેદ બતાવ્યા છે. તેથી હવે અહીં એ બંનેના વિષયમાં સમજાવે છે.

**पृथिव्यप्तेजोवायुवनस्पतयः स्थावराः ।।१३।।**

**द्वीन्द्रियादयस्त्रसाः ।।१४।।**

***પૃથિવીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક—આ પાંચ પ્રકારના સ્થાવર જીવ છે, એકેન્દ્રિય જીવ છે.***

***એકેન્દ્રિય જીવોને જ સ્થાવર જીવ કહે છે.***

બે ઈન્દ્રિય આદિ જીવ ત્રસ જીવ છે. આ પૃથિવી આદિ પાંચે સ્થાવર જીવોને આગમમાં ચાર-ચાર પ્રકાર બતાવ્યા છે, જે આ પ્રકારે છે. **પૃથિવી, પૃથિવીકાય, પૃથિવીકાયિક અને પૃથિવી જીવ.**

(૧) જે સ્વયંથી જ બનેલી અચેતન જમીન છે, તેને **પૃથ્વી** કહે છે.

(૨) જે પૃથ્વીમાંથી જીવ નીકળી ગયા હોય, તેને **પૃથ્વીકાય** કહે છે.

(૩) જીવ સહિત પૃથ્વીને **પૃથિવીકાયિક** કહે છે.

(૪) જે જીવ પહેલા શરીરને છોડીને પૃથિવીકાયમાં જન્મ લેવા માટે જઈ રહ્યો છે, જ્યાં સુધી તે પૃથિવીને પોતાના શરીરરૂપથી ગ્રહણ કરી લેતો નથી, ત્યાં સુધી તે જીવને **પૃથિવી જીવ** કહે છે.

અહીં જે રીતે ચાર ભેદોને પૃથિવી ઉપર ઘટિત કરેલ છે, તે જ રીતે વનસ્પતિ પર પણ ઘટિત કરે છે.

(૧) જે નિર્જીવ વનસ્પતિ છે, તે **વનસ્પતિ** જેમકે લાકડું તથા લાકડામાંથી બનેલી વસ્તુઓ

(૨) જે વનસ્પતિમાંથી, હમણા હમણા, આજ જીવ નીકળ્યો છે, તે **વનસ્પતિકાય** છે.

(૩) જે વનસ્પતિમાં અત્યારે પણ જીવ વિદ્યમાન છે, તેને

**વનસ્પતિકાયિક** કહે છે.

(૪) તે ત્રણે પ્રકારોને સામાન્ય રીતે વનસ્પતિ પણ કહી દે છે. જે જીવ પહેલા શરીરને છોડીને, વનસ્પતિકાયમાં જન્મ લેવા જઈ રહ્યો છે, જ્યાં સુધી તે વનસ્પતિને પોતાના શરીરના રૂપમાં ગ્રહણ કરી લેતો નથી, ત્યાં સુધી તે જીવ **વનસ્પતિ જીવ** છે.

**આ જાણવાનો લાભ એ છે કે અસલમાં સજીવ વનસ્પતિ તો વનસ્પતિકાયિક જ છે, એથી અહિંસાવ્રતની દૃષ્ટિથી એકમાત્ર આ જ અભક્ષ્ય છે.**

આ રીતે, અપ(જલ) તેજ અને વાયુના વિષયમાં પણ સમજી લેવું જોઈએ.

બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય તેમજ ચારે ગતિઓના પંચેન્દ્રિય જીવ એ બધા ત્રસ જીવ છે.

**ધ્યાનમાં રાખવાનું છે કે, બે ઈન્દ્રિયથી અરિહંત ભગવાન સુધી તેરમા-ચૌદમા ગુણસ્થાન સુધી, જ્યાં સુધી તેઓ સિદ્ધ ન થઈ જાય ત્યાં સુધી, બધા સંસારી જીવ ત્રસ જીવ છે.**

જ્યારે આપણે એમ કહીએ છીએ, કે અરિહંત પણ સંસારી જીવ છે, તો લોકોને બહુ જ આશ્ચર્ય લાગે છે કે, અરિહંત પણ સંસારી?

**અરે ભાઈ! જ્યારે આપણે સમસ્ત જીવોને બે વિભાગોમાં વહેંચ્યા છે, અને એક ભાગમાં સિદ્ધોને રાખ્યા છે, તો બીજા ભાગોમાં સંસારના બાકીના બધા જીવો સહજ જ સંસારી જીવોમાં જ આવી ગયા! એમાં અધિક વિચારવાની વાત જ શું છે? ૧૩-૧૪.**

## પાંચ ઇન્દ્રિયો અને તેના ભેદ-પ્રભેદ

ત્રસ જીવોની પરિભાષામાં બે ઈન્દ્રિય આદિ જીવોને ત્રસ કહેવામાં આવ્યા છે, તો સહજ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે **ઈન્દ્રિયો કેટલી હોય છે, તેનું સ્વરૂપ શું છે?**

**તે પ્રશ્નોના ઉત્તર આગામી સૂત્રોમાં દેવામાં આવી રહ્યા છે. જે આ પ્રકારે છે.**

**पञ्चेन्द्रियाणि ।।૧૫।।**

**द्विविधानि ।।૧૬।।**

**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ।।૧૭।।**

**लब्ध्युपयोगौ भावेन्द्रियम् ।।૧૮।।**

***ઈન્દ્રિયો પાંચ હોય છે.***

***તે પાંચે ઈન્દ્રિયો બે-બે પ્રકારની છે,—દ્રવ્યેન્દ્રિયો અને ભાવેન્દ્રિયો.***

***દ્રવ્યેન્દ્રિયો નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ છે.***

***ભાવેન્દ્રિયો લબ્ધિ અને ઉપયોગરૂપ છે.***

ઈન્દ્રિયોના નામ તો આગળ, સૂત્ર દ્વારા પૃથક્ રીતે (જુદા) બતાવવામાં આવશે. અહીં તો બસ એટલું બતાવવું ઈષ્ટ છેકે, ઈન્દ્રિયો પાંચ જ હોય છે, થોડી કે વધુ નહીં.

**સંસારી જીવની ઓળખાણના ચિહ્નને ઈન્દ્રિય કહે છે.**

જૈનેતર દર્શનોમાં વચન-હાથ-પગ-ગુદા અને લિંગને પણ ઈન્દ્રિય કહેવામાં આવે છે. પરંતુ તે કર્મેન્દ્રિયો છે, જ્ઞાનેન્દ્રિયો નહીં. **જોકે અહીં જ્ઞાનનું પ્રકરણ છે. અતઃ અહીં ઈન્દ્રિયોના રૂપમાં જ્ઞાનેન્દ્રિયોને જ લીધેલ છે,** કર્મેન્દ્રિયોને નહીં.

તે પાંચ ઈન્દ્રિયો પણ બે પ્રકારની હોય છે.

તાત્પર્ય એ છે કે આ દ્રવ્ય અને ભાવના ભેદોને પાંચે ઈન્દ્રિયો પર ઘટિત કરવા જોઈએ.

જેમકે—દ્રવ્ય સ્પર્શન ઈન્દ્રિય અને ભાવ સ્પર્શન ઈન્દ્રિય.

દ્રવ્ય રસના ઈન્દ્રિય અને ભાવ રસના ઈન્દ્રિય.

દ્રવ્ય ઘ્રાણ ઈન્દ્રિય અને ભાવ ઘ્રાણ ઈન્દ્રિય.

દ્રવ્ય ચક્ષુ ઈન્દ્રિય અને ભાવ ચક્ષુ ઈન્દ્રિય.

દ્રવ્ય શ્રોત્ર (કર્ણ) ઈન્દ્રિય અને ભાવ શ્રોત્ર (કર્ણ) ઈન્દ્રિય.

**ઈન્દ્રિયાકાર પુદ્ગલ અને આત્મપ્રદેશોની રચના દ્રવ્યેન્દ્રિયો છે તથા ક્ષયોપશમ-વિશેષથી થનાર, આત્માના જ્ઞાન-દર્શનરૂપ પરિણામ, તે ભાવેન્દ્રિયો છે.**

**નામકર્મથી જેની રચના થાય, તેને નિર્વૃત્તિ કહે છે.** બાહ્ય નિર્વૃત્તિ અને આભ્યંતર નિર્વૃત્તિના ભેદથી, નિર્વૃત્તિ બે પ્રકારની હોય છે.

આત્મપ્રદેશોની ચક્ષુ આદિ ઈન્દ્રિયના આકારરૂપ રચના, **આભ્યંતર નિર્વૃત્તિ** છે અને શરીર પુદ્ગલોની ઈન્દ્રિયોના આકારરૂપ રચના થવી, તે **બાહ્ય નિર્વૃત્તિ** છે.

**જે નિર્વૃત્તિનો ઉપકાર કરે, તે ઉપકરણ છે.**

તે ઉપકરણ પણ નિર્વૃત્તિની માફક બે પ્રકારે હોય છે—**આભ્યંતર ઉપકરણ અને બાહ્ય ઉપકરણ.**

જેમકે ચક્ષુઈન્દ્રિયમાં જે કાળો તેમજ સફેદ મંડલ છે, તે આભ્યંતર ઉપકરણ છે અને પલક વગેરે બાહ્ય ઉપકરણ છે.

આજ રીતે અન્ય ઈન્દ્રિયો પર પણ સમજી લેવું જોઈએ.

**જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વિશેષને લબ્ધિ કહે છે** અને લબ્ધિ પ્રમાણે **આત્માનું, જે જાણવારૂપ પરિણમન થાય છે, તેને ઉપયોગ કહે છે.**

આ લબ્ધિ અને ઉપયોગ, તે જ ભાવેન્દ્રિયો છે.૧૫-૧૮.

## ઇન્દ્રિયો, તેમના વિષય અને સ્વામી

**स्पर्शनरसनघ्राणचक्षुः श्रोत्राणि ॥१९॥**

**स्पर्शरसगन्धवर्णशब्दास्तदर्थाः ॥२०॥**

**श्रुतमनिन्द्रियस्य ॥२१॥**

**वनस्पत्यन्तानामेकम् ॥२२॥**

**कृमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२३॥**

**संज्ञिनः समनस्काः ॥२४॥**

***સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ એ શ્રોત્ર—આ પાંચ ઈન્દ્રિયો છે.***

***સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ—એ ક્રમથી તે પાંચ ઈન્દ્રિયોના, પાંચ વિષય છે.***

***શ્રુત મનનો વિષય છે.***

***વનસ્પતિ છે અંતમાં જેના, એવી પૃથિવીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વનસ્પતિકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વનસ્પતિકાયિક અને વાયુકાયિક જીવોને એક સ્પર્શન ઈન્દ્રિય હોય છે.***

***કરમિયા, કીડી, ભ્રમર અને મનુષ્ય આદિને ક્રમશઃ એક-એક ઈન્દ્રિય જીવોને સંજ્ઞી કહે છે.***

***મનસહિત જીવોને સંજ્ઞી કહે છે.***

તાત્પર્ય એ છે કે, **સ્પર્શ** તે સ્પર્શન ઈન્દ્રિયનો વિષય છે.

**રસ,** રસનેન્દ્રિયનો વિષય છે.

**ગંધ,** ઘ્રાણ ઈન્દ્રિયનો વિષય છે.

**વર્ણ,** (રંગ) ચક્ષુ ઈન્દ્રિયનો વિષય છે.

સ્પર્શન ઈન્દ્રિયનો વિષય સ્પર્શ, આઠ પ્રકારનો છે—શીત-ઉષ્ણ, લૂખો-ચીકણો, કોમળ-કઠોર અને હલકો-ભારે.

રસના ઈન્દ્રિયનો વિષય રસ, તે પાંચ પ્રકારનો છે. ખાટો-મીઠો, કડવો, કષાયલો અને તીખો.

ઘ્રાણ ઈન્દ્રિયનો વિષય ગંધ **બે** પ્રકારનો છે, સુગંધ-દુર્ગંધ.

ચક્ષુ ઈન્દ્રિયનો વિષય વર્ણ **પાંચ** પ્રકારનો છે. કાળો, પીળો, નીલો, લાલ અને સફેદ.

કર્ણ ઈન્દ્રિયનો વિષય શબ્દ **સાત** પ્રકારનો છે, ષડજ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ.

આ રીતે પાંચ ઈન્દ્રિયોના વિષય **૨૭** પ્રકારના છે.

**પ્રત્યેક ઈન્દ્રિય પોત-પોતાના વિષયને જ ગ્રહણ કરે છે. ન તો કોઈ ઈન્દ્રિય, બીજી ઈન્દ્રિયના વિષયને ગ્રહણ કરે છે અને ન તો ગ્રહણ કરી શકે છે.**

પ્રત્યેક ઈન્દ્રિયનો પોત-પોતાના વિષયમાં ઈન્દ્રવત્ વ્યવહાર છે. તે પોતાના વિષયમાં પૂર્ણ સ્વતંત્રતાની સાથે કાર્ય કરે છે, તેમાં કોઈ બીજી ઈન્દ્રિયનો, કોઈ હસ્તક્ષેપ હોતો નથી. એ કારણે તેને ઈન્દ્રિય કહે છે.

શ્રુતજ્ઞાનના વિષયભૂત પદાર્થને શ્રુત કહે છે. તે શ્રુત અનિન્દ્રિય અર્થાત્ મનનો વિષય છે. **શ્રુતજ્ઞાનનું હોવું મનનું મુખ્ય કાર્ય છે. પોતાના આ કાર્યમાં તે કોઈ ઈન્દ્રિયની સહાયતા લેતું નથી.**

ધ્યાનમાં રાખવાનું છે કે, શ્રોત્રેન્દ્રિયજન્યજ્ઞાનને કે શ્રોત્રેન્દ્રિયના વિષયને શ્રુત નહીં કહી શકાય કારણ કે તે ઈન્દ્રિયજન્ય હોવાથી મતિજ્ઞાન જ છે.

**મતિજ્ઞાન પછી જે વિચાર કેવળ મનજન્ય હોય છે, તે શ્રુતજ્ઞાન છે.**

તાત્પર્ય એ છે કે પૃથિવીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક તેમજ વનસ્પતિકાયિક જીવોને, એકમાત્ર સ્પર્શન ઈન્દ્રિય હોય છે.

**નિષ્કર્ષના રૂપમાં કહી શકાય છે કે પાંચ પ્રકારના સ્થાવર જીવોને માત્ર સ્પર્શન ઈન્દ્રિય જ હોય છે.** એમ પણ કહી શકીએ, કે સ્પર્શન ઈન્દ્રિયના સ્વામી પાંચ પ્રકારના **સ્થાવર જીવ** છે.

કરમિયાં, ઈયળ, શંખ, જોંક આદિને સ્પર્શન અને રસના, **આ બે ઈન્દ્રિયો હોય છે.**

પિપીલિકા એટલે કીડી, માંકડ આદિને સ્પર્શન, રસના અને ઘ્રાણ–**આ ત્રણ ઈન્દ્રિય હોય છે.**

ભમરા, માખી, મચ્છર આદિને, સ્પર્શન-રસના-ઘ્રાણ-ચક્ષુ–**આ ચાર ઈન્દ્રિયો હોય છે.**

મનુષ્ય, દેવ, નારકી તેમજ પંચેન્દ્રિય તિર્યંચોને **પાંચે ઈન્દ્રિયો હોય છે.**

મન સહિત જીવોને સંજ્ઞી અને મન રહિત જીવોને અસંજ્ઞી કહે છે.

એકેન્દ્રયથી શરૂ કરીને ચાર ઈન્દ્રિય સુધીના બધા જીવો નિયમથી અસંજ્ઞી અને તિર્યંચ હોય છે.

**પંચેન્દ્રિય તિર્યંચોમાં, સંજ્ઞી પણ હોય છે અને અસંજ્ઞી પણ હોય છે.**

**મનુષ્ય, દેવ અને નારકી, નિયમથી સંજ્ઞી જ હોય છે.**

આ રીતે **સંજ્ઞી જીવ ચારે ગતિમાં જોવા મળે છે.૧૯-૨૪.**

## એક ગતિમાંથી અન્ય ગતિમાં જવાના નિયમ

**જ્યારે આ જીવ, એક દેહ છોડીને અન્ય દેહને ધારણ કરે છે, તો કેવી રીતે કરે છે?** આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે.

**विग्रहगतौ कर्मयोगः ।।२५।।**

**अनुश्रेणीः गतिः ।।२६।।**

***વિગ્રહગતિમાં કર્મયોગ હોય છે.***

***ગતિ શ્રેણી અનુસાર હોય છે.***

***વિગ્રહનો અર્થ છે શરીર. આગામી શરીરને માટે જે ગતિ અર્થાત્ ગમન, તેનું નામ છે વિગ્રહગતિ.*** એક ગતિને છોડીને આગળની ગતિમાં (બીજી ગતિમાં) જ્યારે જીવ જાય છે ત્યારે જૂની ગતિ તો છોડી દીધી અને હજી નવી ગતિમાં પહોંચ્યો નથી, એ બંનેની વચ્ચેનો જે સમય છે તેને વિગ્રહગતિ કહે છે. આ વિગ્રહગતિમાં જીવની સાથે કર્મ અર્થાત્ કાર્મણ શરીર તો રહે છે પરંતુ નોકર્મ અર્થાત્ આ ઔદારિક આદિ શરીર રહેતું નથી.

તાત્પર્ય એ છે કે, **જે અવસ્થામાં કર્મનું ગ્રહણ હોવા છતાં, નોકર્મનું ગ્રહણ હોતું નથી, તે વિગ્રહ છે. આ વિગ્રહ માટે થનારી ગતિને વિગ્રહગતિ કહે છે.** (આચાર્ય અમૃતચંદ્ર–તત્ત્વાર્થસાર–છંદ ૯૬)

**કર્મોના સમૂહને કાર્મણ શરીર કહે છે અને આત્મપ્રદેશોના પરિસ્પંદનને યોગ કહે છે.**

આત્મપ્રદેશોના આ પરિસ્પંદનને કાર્મણ શરીર નિમિત્તરૂપ છે એ કારણે તેને કર્મયોગ કે કાર્મણ કર્મયોગ કહે છે. આ રીતે આપણે જોઈએ છીએ, કે વિગ્રહગતિમાં પણ નવા કર્મોનો આસ્રવ થાય છે.

મૂળ મુદ્દાની વાત એ છે કે **પૂર્વે બાંધેલા કર્મ અર્થાત્ કાર્મણ શરીર તો આગલા ભવમાં જીવની સાથે જાય છે, પરંતુ નોકર્મ અર્થાત્ ઔદારિક આદિ નોકર્મરૂપ શરીર જીવની સાથે જતું નથી.૨૫-૨૬.**

જ્યારે શરીર જતું નથી, તો પછી માતા-પિતા, સ્ત્રી-પત્ર આદિ, મકાન-મિલકત આદિ કેવી રીતે જઈ શકે?

લોકા મધ્યથી શરૂ કરીને, ઉપર-નીચે અને તિરછા ક્રમથી સ્થિત આકાશ પ્રદેશોની પંક્તિને શ્રેણી કહે છે.

મરણના સમયે જ્યારે જીવ, એક ભાવને છોડીને, બીજા ભવ માટે ગમન કરે છે, અને મુક્ત જીવ ઉર્ધ્વગમન કરે છે, ત્યારે તેની ગતિ અનુશ્રેણી અર્થાત્ શ્રેણીના અનુસારે જ હોય છે.

પુદ્‌ગલનો શુદ્ધ પરમાણુ પણ જ્યારે એક સમયમાં ચૌદ રાજુ ગમન કરે છે, ત્યારે તે પણ શ્રેણીના અનુસારે જ ગમન કરે છે. ઉપર કહેલ શ્રેણીની છ દિશાઓ હોય છે.

(૧) પૂર્વથી પશ્ચિમ, (૨) ઉત્તરથી દક્ષિણ, (૩) ઉપરથી નીચે,

અન્ય ત્રણ તેનાથી ઉલટી

(૪) પશ્ચિમથી પૂર્વ, (૫) દક્ષિણથી ઉત્તર, (૬) નીચેથી ઉપર,

તાત્પર્ય એ છે કે, વિગ્રહગતિમાં જીવોનું ગમન, શ્રેણી અનુસારે જ થાય છે.

## ગતિનો નિયમ અને સમય

ગતિ, શ્રેણી અનુસાર તો થાય છે પરંતુ તે ગતિ કેવી હોય છે? તેમાં કેટલો સમય (કાળ) લાગે છે? ઈત્યાદિના ઉત્તરમાં આગળ ચાર સૂત્ર આપવામાં આવ્યા છે, જે આ પ્રકારે છે.

**अविग्रह जीवस्य ।।२७।।**

**विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।।२८।।**

**एकसमयाऽविग्रहा ।।२९।।**

**एक द्वौ त्रीन्वानाहारकः ।।३०।।**

***જીવની ગતિ અવિગ્રહ અર્થાત્ વક્રતા રહિત હોય છે.***

***સંસારી જીવોની ગતિ વિગ્રહવાળી પણ હોય છે. પરંતુ વિગ્રહવાળી ગતિ, ત્રણ વક્રતાથી અધિક વક્રતાવાળી નથી હોતી.***

***અવિગ્રહગતિમાં અર્થાત્ વક્રતા વિનાની ગતિમાં માત્ર એક સમય લાગે છે. આ અવિગ્રહગતિને ઋજુગતિ પણ કહે છે.***

***વિગ્રહગતિમાં જીવ, એક સમય–બે સમય કે ત્રણ સમય સુધી અનાહારક રહે છે.***

તાત્પર્ય એ છે કે સંસારી અને મુક્ત બધા જીવોની ગતિ અવિગ્રહ તો હોય જ છે. પરંતુ સંસારીજીવોની ગતિ વિગ્રહવાળી પણ હોય છે.

કેટલાક સંસારી જીવોને, એક દેહ છોડીને, અન્ય દેહમાં પહોંચવા માટે મોડ લેવા પડે છે, પરંતુ ત્રણ મોડથી અધિક મોડ કોઈને પણ નથી લેવા પડતા.

મુક્ત જીવ તો અંતિમ દેહ છોડીને, વક્રતા લીધા વિના એકદમ સીધા ચાલ્યા જાય છે. પરંતુ સંસારી જીવોમાં **કેટલાક સંસારી જીવ પણ મોડ વિના સીધા ચાલ્યા જાય છે પરંતુ કોઈ જીવ એક મોડ લે છે, કોઈ મોડ લે છે અને કોઈ ત્રણ મોડ લે છે.**

**પ્રશ્ન – ''अविग्रहा जीवस्य''** સૂત્રનો અર્થ આપ એમ કરી રહ્યા છો

કે જીવની ગતિ અવિગ્રહ (વક્રતા વિનાની) હોય છે, શું આ સાચું છે?

ઉત્તર – કેમ, એમાં શું ભૂલ છે? ઉક્ત સૂત્રનો સીધો-સાચો અને ખરો અર્થ તો એ જ છે કે કેમકે **મુક્ત અને સંસારી–બધા જીવોની ગતિ, અવિગ્રહ તો હોય જ છે.**

**પ્રશ્ન –** હોય તો છે, પરંતુ સર્વાર્થસિદ્ધિ અને રાજવાર્તિક જેવા મહાન ગ્રંથોમાં આ સૂત્રનો અર્થ એમ કર્યો છે કે મુક્ત જીવોની ગતિ અવિગ્રહ હોય છે.

**ઉત્તર –** તે અર્થ પણ સાચો છે કેમકે તેઓએ તેની સત્યાર્થતાને યુક્તિ સહિત સિદ્ધ કર્યો છે. અમે પણ તે ગ્રંથોમાં સમાગત આ પ્રકરણને ગંભીરતાથી જોયેલ છે.

આમ તો બંનેમાં કોઈ અંતર નથી. કારણ કે નિષ્કર્મ તો બંનેનો એક જ છે. છતાં પણ અમને સહજ, સરસ પ્રતિપાદન આ લાગ્યું. એ કારણે અમે સહજતાથી આ અર્થ કર્યો છે એમાં બીજો કોઈ ભાવ નથી.

જ્યારે કોઈ જીવ, આઠ કર્મો અને બધા વિકારોથી પૂર્ણ રીતે મુક્ત થઈને, સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે, ત્યારે તે જ્યાં છે, જે સ્થિતિમાં છે, ત્યાંથી તે જ સ્થિતિમાં ઉર્ધ્વગમન કરે છે અને સીધા એક સમયમાં સાત રાજુ પાર કરીને, આગળના સમયે લોકાગ્રમાં બિરાજમાન થઈ જાય છે. તથા કોઈ સંસારી જીવને, તે જ્યાં છે ત્યાંથી એકદમ સીધે જ, જન્મ લેવાનો હોય તો તે મોડ લીધા વિના આગલા સમયે ત્યાં જન્મ લઈ લે છે.

આ પ્રકારે મુક્ત તેમજ સંસારી જીવોની ગતિ અવિગ્રહ હોય છે.

**ઔદારિક, વૈક્રિયક અને આહારક–આ ત્રણ શરીરો તથા છ પર્યાપ્તિઓને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવાને આહાર કહે છે.**

ઔદારિક, વૈક્રિયક અને આહારક શરીરને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરનારા જીવોને **આહારક** અને ઉક્ત પુદ્‌ગલોમેં ગ્રહણ નહીં કરનારા જીવોને **અનાહારક** કહે છે.

જે સંસારી જીવ એક મોડ લઈને ઉત્પન્ન થાય છે તે જીવ એક સમય સુધી અનાહારક રહે છે એ જ રીતે જે જીવ બે કે ત્રણ મોડ લઈને જન્મ

ધારણ કરે છે, તે ક્રમશઃ બે ત્રણ સમય સુધી અનાહારક રહે છે.

તાત્પર્ય એ છે કે વક્રતાના સમયે જીવ અનાહારક રહે છે. પરંતુ જ્યારે વક્રતા સમાપ્ત કરીને પોતાના ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરી લે છે, તે સમયે આહારક થઈ જાય છે.

## જન્મ અને સ્થાન

વિગ્રહગતિમાં વક્રતા અને વક્રતાના સમયે અનાહારક રહેવાની ચર્ચા પછી હવે સહજભાવથી જન્મ અને સ્થાનની ચર્ચાનો પ્રસંગ આવે છે કારણ કે વિગ્રહગતિ બાદ જીવને ક્યાંય ને ક્યાંય જન્મ કો લેવો જ પડે છે.

આ ચર્ચા પાંચ સૂત્રો દ્વારા સમાપ્ત થશે, જે આ પ્રકારે છે.

**सम्मूर्च्छनगर्भोपपादा जन्म ॥३१॥**

**सचित्तशीतसंवृत्ताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥३२॥**

**जरायुजाण्डजपोतानां गर्भः ॥३३॥**

**देवनारकाणामुपपादः ॥३४॥**

**शेषाणां सम्मूर्च्छनम् ॥३५॥**

***સમ્મૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાદ—આ ત્રણ પ્રકારના જન્મ છે.***

***૧. સચિત્ત ૨. શીત અને ૩. સંવૃત્ત—આ ત્રણ અને આ ત્રણની પ્રતિપક્ષભૂત ૪. અચિત્ત, ૫. ઉષ્ણ અને ૬. વિવૃત તથા તે ત્રણેની મળીને અર્થાત્ મિશ્રિત ૭. સચિત્તાચિત્ત, ૮. શીતોષ્ણ અને સંવૃત્ત-વિવૃત્ત—આ નવ જન્મની યોની છે, અર્થાત્ જન્મ લેવાના સ્થાન છે.***

***જરાયુજ, અંડજ અને પોત—આ ત્રણ પ્રકારે પ્રાણીઓનો ગર્ભજન્મ થાય છે.***

***દેવ અને નારકીઓને ઉપપાદ જન્મ હોય છે.***

***ગર્ભ અને ઉપપાદ જન્મવાળાઓને છોડીને બાકીના જીવોનો સમ્મૂર્ચ્છન જન્મ થાય છે.***

***નવીન શરીરને ધારણ કરવાને જન્મ કહે છે.***

(૧) ત્રણ લોકમાં સર્વત્ર માતા-પિતાના સંબંધ વિના બધી બાજુથી પુદ્‌ગલોને ગ્રહણ કરીને થવાવાળી શરીરની રચનાને સમ્મૂર્ચ્છન જન્મ કહે છે.

(૨) મહિલાઓના ગર્ભાશયમાં માતા-પિતાના રજ-વીર્યના મિલનથી થવાવાળી શરીરની રચનાને ગર્ભજન્મ કહે છે.

(૩) દેવ-નારકીના જન્મને ઉપપાદ જન્મ કહે છે અને ઉપપાદ શય્યા (ઉત્પત્તિનું સ્થાન)માં ઉત્પન્ન થતા જ અંતર્મુહૂર્તમાં શરીર પૂર્ણ બની જાય છે.

**જીવોના ઉત્પન્ન થવાના સ્થાન વિશેષને યોનિ કહે છે.** જે યોનિ ચેતના સહિત હોય તેને **સચિત્ત યોનિ** કહે છે. જે યોનિ ચેતનાથી રહિત હોય તેને **અચિત્ત યોનિ** કહે છે.

જે યોનિ સચિત્ત અને અચિત્ત બંનેનું મિશ્રણ હોય, તેને **સચિત્તાચિત્ત યોનિ** કહે છે.

આ પ્રમાણે ઠંડી યોનિને શીત યોનિ, ગરમ યોનિને ઉષ્ણ યોનિ કહે છે. તથા શીત અને ઉષ્ણ બંનેના મિશ્રરૂપ યોનિને શીતોષ્ણ યોનિ કહે છે.

જે યોનિસ્થાન ઢંકાયેલું હોય, તેને **સંવૃત્ત યોનિ,** જે યોનિસ્થાન ખુલ્લું હોય, સ્પષ્ટ જોવામાં આવે, તેને **વિવૃત્ત** તથા જે સ્થાન તે બંને યોનિનું મિશ્રરૂપ હોય તેને **સંવૃત્ત-વિવૃત્ત** યોનિ કહે છે.

આ નવ યોનિમાં ઉપપાદ જન્મ લેવાવાળા દેવ અને નારકીઓની યોનિ અચિત્ત, શીત, ઉષ્ણ તથા સંવૃત્ત હોય છે.

ગર્ભ-જન્મવાળા જીવોની યોનિ **સચિત્ત, અચિત્ત, શીત, ઉષ્ણ, શીતોષ્ણ તથા સંવૃત્ત-વિવૃત્ત** હોય છે.

સમ્મૂર્ચ્છન જન્મવાળાની યોનિ **સચિત્ત, અચિત્ત, સચિત્તાચિત્ત, શીત, ઉષ્ણ અને શીતોષ્ણ** હોય છે.

તેજસકાય જીવોની યોનિ **ઉષ્ણ** જ હોય છે.

એકેન્દ્રિયની **સંવૃત્ત** અને વિકલેન્દ્રિ અર્થાત્ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચાર ઇન્દ્રિયની યોનિ **વિવૃત્ત** હોય છે.

સામાન્યરૂપે યોનિઓ નવ હોય છે અને વિસ્તારથી ચોરાસીલાખ યોનિઓ હોય છે.

યોનિ અને જન્મમાં આધાર-આધેયનો સંબંધ છે. યોનિ આધાર છે અને જન્મ આધેય છે, કારણ કે જીવનો જન્મ યોનિમાં થાય છે અને યોનિના આધારે થાય છે.

(૧) લોહી-માંસથી બનેલા જાળને **જર** કહે છે. જન્મના સમયેમાં જે જીવ જરમાં લપેટાયેલો રહે છે, તેને **જરાયુજ** જીવ કહે છે. જેમ મનુષ્ય, ગાય, બળદ વગેરે.

(૨) જે જીવ ઇંડામાંથી ઉત્પન્ન થાય છે તેને **અંડજ** કહે છે. જેમ કે કબૂતર આદિ પક્ષી

(૩) જેમના ઉપર કોઈપણ પ્રકારનું આવરણ નથી હોતું, જે યોનિથી નીકળતા જ ચાલવા લાગે છે, તેને **પોત** કહે છે. જેમ સિંહ આદિ.

ધ્યાનમાં રાખવું કે જરાયુ અને અંડાની સાથે **'જ'** લાગેલું છે, પરંતુ પોતની સાથે 'જ' નથી, કારણ કે **જરાયુજ અને અંડજ જર અને અંડાથી લપેટાયેલ રહે છે, પરંતુ પોત જન્મવાળા પૂર્ણ રીતે નિરાવરણ રહે છે.** આ પ્રમાણે આ જન્મ અને યોનિની સંક્ષિપ્ત ચર્ચા સમાપ્ત થઈ.૩૧-૩૫.

## શરીરનું સ્વરૂપ અને ભેદ

જ્યારે કોઈ જીવ જન્મ લેશે, તો કોઈને કોઈ શરીરને તો ધારણ કરશે જ, કેમકે **નવા શરીરને ધારણ કરવાને જ તો, જન્મ કહે છે.** શરીરનોનું આ વિવેચન નવ (૯) સૂત્રમાં સંપન્ન થશે,જે આ પ્રકારે છે—

**औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि ।।३६।।**

**परं परं सूक्ष्मम् ।।३७।।**

**प्रदेशोऽसंख्येयगुणं प्राक् तैजसात् ।।३८।।**

**अनन्तगुणे परे ।।३९।।**

**अप्रतीघाते ।।४०।।**

**अनादिसम्बन्धे च ।।४१।।**

**सर्वस्य ।।४२।।**

**तदादीनि भाज्यानि युगपदेकसमिन्नाचतुर्भ्यः ।।४३।।**

**निरुपभोगमन्त्यम् ।।४४।।**

*ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ—આ પાંચ શરીર છે.*

*ઔદારિકથી લઈને આગળના શરીર ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મ હોય છે.*

*પ્રદેશો (પરમાણુઓ)ની અપેક્ષા તૈજસથી પહેલાના શરીર અસંખ્યાત-અસંખ્યગુણા પરમાણુવાળા છે.*

*તૈજસ અને કાર્મણમાં પરમાણુઓની સંખ્યા ક્રમશઃ અનંત-અનંતગુણી થઈ જાય છે.*

*આ તૈજસ અને કાર્મણ શરીર પ્રતિઘાતથી રહિત છે.*

*એનો સંબંધ સંસારી જીવો સાથે અનાદિથી છે.*

*એ બંને શરીર બધા સંસારી જીવોને હોય છે*

*તૈજસ અને કાર્મણ શરીરથી લઈને એક જીવના એક સમયમાં ચાર શરીર હોઈ શકે છે.*

*કાર્મણ નામનું અંતિમ શરીર ઉપભોગથી રહિત હોય છે.*

(૧) **સ્થૂળ શરીરને ઔદારિક શરીર કહે છે.** મનુષ્ય અને તિર્યંચોના શરીર, ઔદારિક શરીર છે.

(૨) **જે શરીર-વિક્રિયા દ્વારા, એક-અનેક-સૂક્ષ્મ-સ્થૂળ-હલકુ-ભારે આદિ રૂપ કરી શકે તે શરીરને વૈક્રિયિક શરીર કહે છે.** આ વૈક્રિયિક શરીર દેવ અને નારકીઓને હોય છે.

(૩) સૂક્ષ્મ પદાર્થને જાણવા માટે કે સંયમની રક્ષા માટે અન્ય ક્ષેત્રમાં વિદ્યમાન કેવળી કે શ્રુતકેવળીની પાસે જવા માટે કે અન્યક્ષેત્રમાં સ્થિત જિનાલયોની વંદના માટે કે અન્ય ક્ષેત્રમાં સ્થિત જિનાલયોની વંદના માટે, છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજો દ્વારા જે શરીરની રચના થાય છે. **તેને આહારક શરીર** કહે છે.

ઉક્ત કાર્યોની સિદ્ધિ માટે છઠ્ઠા ગુણસ્થાનવર્તી ઋદ્ધિધારી મુનિરાજોના મસ્તકથી એક હાથનું જે સફેદ પુતળું નીકળે છે, તે **આહારક શરીર** છે. **તે પુતળું કેવળી કે શ્રુતકેવળી પાસે જઈને, પોતાનું કાર્ય કરીને અંતર્મુહૂર્તમાં પાછું આવી જાય છે.**

(૪) ઔદારિક આદિ શરીરોને કાન્તિ પ્રદાન કરનારું શરીર, **તૈજસ શરીર** છે.

(૫) જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને **કાર્મણ શરીર** કહે છે.

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આપણને ઔદારિક શરીર તો દેખાય છે, અન્ય શરીર દેખાતાં કેમ નથી?**

**ઉત્તર –** ઔદારિક શરીરથી વૈક્રિયિક શરીર સૂક્ષ્મ છે, વૈક્રિયિક શરીરથી આહારક શરીર સૂક્ષ્મ છે, આહારકથી તૈજસ શરીર સૂક્ષ્મ છે અને તૈજસ શરીરથી કાર્મણ શરીર સૂક્ષ્મ છે.

**ઔદારિક શરીરથી વૈક્રિયિક શરીરમાં અને વૈક્રિયિક શરીરથી**

**આહારક શરીરમાં અસંખ્યાત ગુણાં પુદ્‌ગલ પરમાણુ છે.**

**આહારક શરીરથી તૈજસ શરીરમાં અનંતગુણા પરમાણુ છે અને કાર્મણ શરીરમાં, તૈજસ શરીરથી પણ અનંતગુણ પરમાણુ છે.**

જે રીતે અગ્નિ, લોખંડના પિંડમાં પ્રવેશ કરી જાય છે. તેમજ આ તૈજસ અને કાર્મણ શરીરનો સર્વત્ર પ્રવેશ અબાધ છે. **કેમકે તે અપ્રતિઘાતી છે. તે વજ્રમાંય પટલથી પણ નથી રોકાતા.**

જોકે વૈક્રિયક અને આહારક શરીર પણ અત્યંત સૂક્ષ્મ છે અને તે પણ ઘણી રીતે અપ્રતિઘાતી છે, છતાં પણ તેને અહીં અપ્રતિઘાતી નથી કહ્યો, કેમકે **તે સમસ્ત લોકમાં અપ્રતિઘાતી નથી.**

આહારક શરીર અઢી દ્વીપ સુધી જ જઈ શકેછે. મનુષ્યને પ્રાપ્ત વિક્રિયાઋદ્ધિ પણ મનુષ્યલોક અર્થાત્ અઢી દ્વીપ સુધી જ સીમિત છે.

**દેવોને પ્રાપ્ત વૈક્રિયક શરીર, ત્રસનાડીની અંદર, ઉપર સોળમા સ્વર્ગ સુધી અને નીચે ત્રીજી નરક સુધી જ જઈ શકે છે.**

એથી તે પણ સમસ્ત લોક સુધી અપ્રતિઘાતી નથી.

**એથી અહીં તે જ શરીરોએ અપ્રતિઘાતી કહ્યા છે, જે સમસ્ત લોકમાં અપ્રતિઘાતિ છે.**

આ બંને શરીરોનો આત્મા સાથે અનાદિ સંબંધ પરંપરાની દૃષ્ટિથી છે. કેમકે તે શરીર પણ બદલતા રહે છે.

એ તો આપ જાણો જ છો કે જૂના કર્મોનો ઉદય થઈને અભાવ થઈ જાય છે. અને નવા કર્મ નિરંતર બંધાતા રહે છે એથી કાર્મણ શરીર બદલતું જ રહે છે. તે જ રીતે તૈજસ શરીર બદલતું રહે છે. પરંતુ અનાદિકાળથી આજ સુધી સંસારી જીવ, એક સમય પણ તેના સંબંધ વિનાનો રહ્યો નથી. એથી આ બંને શરીરોનો આત્માની સાથે કથંચિત્ અનાદિ સંબંધ છે અને કથંચિત્ સાદિ. **અહીં જે અનાદિ સંબંધ કહ્યો છે તે પરંપરાની દૃષ્ટિથી જ કહ્યો છે.**

વિગ્રહગતિમાં તો જીવના તૈજસ અને કાર્મણ—એ **બે શરીર** જ હોય છે. વિગ્રહગતિ સિવાય અન્ય અવસરો પર મનુષ્ય અને તિર્યંચોને,

ઔદારિક—તૈજસ અને કાર્મણ—આ **ત્રણ શરીર** હોય છે અથવા દેવ અને નારકીઓને વૈક્રિયક—તૈજસ અને કાર્મણ—આ ત્રણ શરીર હોય છે.

સંયમી જીવોમાં આહારક ઋદ્ધિવાળા છઠ્ઠા ગુણસ્થાનવર્તી કોઈ કોઈ મુનિરાજોને, ઔદારિક-આહારક-તૈજસ અને કાર્મણ—આ ચાર શરીર હોઈ શકે છે. અથવા વિક્રિયા ઋદ્ધિધારી મુનિરાજોને, ઔદારિક-વૈક્રિયક-તૈજસ અને કાર્મણ—આ **ચાર શરીર** હોઈ શકે છે.

(આચાર્ય પૂજ્યપાદ—સર્વાર્થસિદ્ધિ—સૂત્ર ૪૩ની વ્યાખ્યા)

**વૈક્રિયક અને આહારક શરીર, એક સાથે હોતા નથી એ કારણે એકસાથે પાંચ શરીર હોઈ શકતા નથી.**

**ઇન્દ્રિયોથી શબ્દ વગેરેને ગ્રહણ કરવાને ઉપભોગ કહે છે.**

આ પ્રકારનો ઉપભોગ, કાર્મણ શરીરમાં હોતો નથી. એ કારણે તે નિરુપભોગ છે.

**વિગ્રહગતિમાં ભાવેન્દ્રિયો તો હોય જ છે. પરંતુ દ્રવ્યેન્દ્રિયો હોતી નથી. એ કારણે અહીં શબ્દ આદિ વિષયોનું ગ્રહણ હોતું નથી. આ જ કારણે કાર્મણ શરીર ઉપભોગ રહિત હોય છે.૩૬-૪૪.**

## ક્યા જન્મમાં કેવું શરીર?

હવે એ સ્પષ્ટ કરે છે, કે—આ **જીવ ક્યા જન્મમાં કેવું શરીર ધારણ કરે છે.**

**गर्भसम्मूर्च्छनजमाद्यम् ॥४५॥**

**औपपादिकं वैक्रियिकम् ॥४६॥**

**लब्धिप्रत्ययं च ॥४७॥**

**तैजसमपि ॥४८॥**

**शुभं विशुद्धमव्याघाति चाहारकं प्रमत्तसंयतस्यैव ॥४९॥**

***ગર્ભ અને સમ્મૂર્ચ્છન જન્મમાં આદિનું શરીર અર્થાત્ ઔદારિક શરીર પ્રાપ્ત થાય છે.***

***ઉપપાદ જન્મમાં વૈક્રિયિક શરીર પ્રાપ્ત થાય છે.***

***વૈક્રિયિક શરીર લબ્ધિ નિમિત્તિક પણ હોય છે.***

***તૈજસ શરીર પણ લબ્ધિ નિમિત્તિક હોય છે.***

***આહારક શરીર શુભ છે, વિશુદ્ધ છે, વ્યાઘાત રહિત છે અને પ્રમત્તસંયત મુનિને જ હોય છે.***

આ વાતને આ પ્રકારે પણ કહી શકીએ, કે ઔદારિક શરીર ધારણ કરનારા જીવોને ગર્ભ કે સમ્મૂર્ચ્છન જન્મ થાય છે; વૈક્રિયિક શરીરવાળા દેવ અને નારકીઓને ઉપપાદ જન્મ થાય છે.

**વિશેષ તપ કરવાથી જે ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તેને લબ્ધિ કહે છે.**

વિક્રિયા લબ્ધિથી પ્રાપ્ત થનાર વૈક્રિયિક શરીર ઔદારિક જન્મવાળા મનુષ્યોને પણ થઈ જાય છે, એ એક અપવાદ છે.

તૈજસ શરીર બે પ્રકારના હોય છે. એક તો તે, કે જે બધા સંસારી જીવોને હોય છે અને **બધા શરીરને કાન્તિ પ્રદાન કરે છે.**

બીજું તે, કે જે તપના પ્રભાવથી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજોને જ હોય છે. એને લબ્ધિ નિમિત્તિક કહે છે.

આ તૈજસ શરીર, ઔદારિક શરીરના જમણા કે ડાબા ખભામાંથી, એક પૂતળાના રૂપમાં નીકળે છે. આ લબ્ધિનિમિત્તિક તૈજસ શરીર પણ બે પ્રકારનું હોય છે.

**(૧) શુભ તૈજસ (૨) અશુભ તૈજસ**

(૧) કોઈ વિશેષ સ્થાનના લોકોને ભયંકર રોગોથી, ભયંકર દુકાળ આદિથી પીડિત જોઈને કોઈ તપસ્વીના હૃદયમાં કરૂણાભાવ ઉત્પન્ન થઈ જાય તો, તેના જમણા ખભાથી એક પૂતળું નીકળે છે, **જેને શુભ તૈજસ શરીર કહે છે.** તેના પ્રભાવથી બાર યોજનના જીવોનું દુઃખ દૂર થઈ જાય છે. **દુકાળ, સુકાળમાં બદલી જાય છે.**

એ પછી તે પૂતળું પાછું આવીને તે તપસ્વી મુનિરાજના શરીરમાં પ્રવેશ કરી જાય છે.

(૨) એ જ રીતે કોઈ વિશેષ ક્ષેત્રનો લોકો ઉપર, કોઈ કારણે તપસ્વી મુનિરાજને ક્રોધ આવી જાય, તો એના ડાબા ખભાથી એક સિંદૂર રંગનું પૂતળું નીકળે છે, **જેને—અશુભ તૈજસ શરીર કહે છે.** તેના પ્રભાવથી બાર યોજનના ક્ષેત્રના જીવ બળીને રાખ થઈ જાય છે. અંતમાં તે પૂતળું પાછું આવીને તે મુનિરાજના શરીરને બાળી નાખે છે.

દ્વીપાયન મુનિરાજના અશુભ તૈજસથી દ્વારકા જેવી સુસંપન્ન નગરી બળીને રાખ થઈ ગઈ હતી. આ ઘટના તો જગપ્રસિદ્ધ છે.

સૂક્ષ્મ તત્ત્વનો નિર્ણય કરવા માટે કે તીર્થયાત્રાના ઉદ્દેશ્યથી છઠ્ઠા ગુણસ્થાનવર્તી તપસ્વી પ્રમત્તસંયત મુનિરાજના મસ્તકથી એક હાથની ઉંચાઈવાળું ધાતુ-ઉપધાતુથી રહિત સફેદ રંગનું એક પૂતળું નીકળે છે, તે **આહારક શરીર** છે.

સમચતુરસ્ર સંસ્થાનવાળું તે આહારક શરીર, ન તો કોઈથી રોકાય છે અને ન કોઈને રોકે છે. તે આહારક શરીર, કેવળી ભગવાનની પાસેથી પોતાની શંકાઓનું સમાધાન પામીને, અંતર્મુહૂર્તની અંદર પાછું આવી જાય છે અને મૂળ શરીરમાં—ઔદારિક શરીરમાં સમાઈ જાય છે.૪૫-૪૯.

## ઉક્ત જીવોનું લિંગ વિધાન

હવે એ બતાવે છે કે, ચારે ગતિના વિભિન્ન જન્મવાળા જીવ ક્યા ક્યા લિંગમાં હોય છે.

**नारकसम्मूर्च्छिनो नपुसंकानि ॥५०॥**

**न देवाः ॥५१॥**

**शेषास्त्रिवेदाः ॥५२॥**

*નારકી અને સમ્મૂર્ચ્છન જીવ, નપુંસક લિંગવાળા જ હોય છે.*

*દેવ, નપુંસક લિંગવાળા હોતા નથી. દેવગતિમાં, પુરુષવેદ અને સ્ત્રીવેદ—આ બે વેદ જ હોય છે.*

*નારકી, દેવ તથા સમ્મૂર્ચ્છન જીવો સિવાય બાકીના જીવ અર્થાત્ ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય ત્રણે વેદવાળા હોય છે.*

*એટલું વિશેષ છે કે, ભોગભૂમિ તથા મ્લેચ્છખંડના મનુષ્યોમાં, સ્ત્રી-પુરુષવેદ જ હોય છે.*

# આયુનું અપકર્ષણ

**औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥५३॥**

***ઔપપાદિક જન્મવાળા દેવ અને નારકી, ચરમોત્તમ દેહ અર્થાત્ તે જ ભવે મોક્ષ જનાર, ઉત્તમ સંહનનવાળા અને અસંખ્યાત વર્ષની આયુવાળા ભોગભૂમિના જીવોની ભુજ્યમાન આયુનું અપકર્ષણ નથી થતું. બાકીના જીવોના ભુજ્યમાન આયુકર્મનું પણ અપકર્ષણ થઈ શકે છે.***

આ સંદર્ભમાં આજથી ૩૫ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૭૮મા મેં પોતાની ''ક્રમબદ્ધપર્યાય'' નામના ગ્રંથમાં લખ્યું હતું, જે આ પ્રકારે છે. ''આયુ બે પ્રકારના હોય છે.'' (૧) **ભુજ્યમાન આયુ અને** (૨) **બધ્યમાન આયુ.**

જે આયુને જીવ, વર્તમાનમાં ભોગવી રહ્યો છે, **તેને ભુજ્યમાન આયુ કહે છે,** અને જે આયુષ્ય બંધાઈ તો ગયેલ છે **પરંતુ તેનો ઉપભોગ આગલા ભવે થશે, તેને બધ્યમાન આયુ કહે છે.**

બધ્યમાન આયુની સ્થિતિમાં તો બધાનું અપકર્ષણ થઈ શકે છે પરંતુ ભુજ્યમાન આયુનું અપકર્ષણ ઉક્ત સૂત્રમાં કહેલ જીવોને મુખ્યરૂપથી થતું નથી. આ બતાવવું, તે ઉક્ત સૂત્રનો ઉદ્દેશ્ય છે.

રાજા શ્રેણિકે ૩૩ સાગરની નરકની આયુની સ્થિતિ બાંધી હતી અને તેનું અપકર્ષણ થઈને ૮૪૦૦૦ વર્ષની રહી ગઈ. પરંતુ તે પૂર્વ ભવમાં જ થયું. **નરક આયુનો ઉપભોગ આરંભ થયા પછી તેનું અપકર્ષણ સંભવ નથી.** જ્યારે ઉક્ત સૂત્રમાં કથિત જીવોને છોડીને અન્ય જીવોની આયુનું અપકર્ષણ તે જ ભવમાં પણ થઈ જાય છે.

**આ સંપૂર્ણ ચર્ચા આયુના અપકર્ષણની છે.**

જે રીતે, જ્યારે આપણે કોઈ દુકાનદારની પાસે, ખરીદેલો સામાન પસંદ ન આવતાં, પાછો આપવા જઈને છીએ, તો તે પેકેટબંધ સામાન તો બધો પાછો લઈ લે છે. પરંતુ પેકેટ ખુલી જવાથી કોઈ સામાન તો પાછો લઈ લેતો નથી. તે જ રીતે, જે **આયુનો ઉપભોગ આરંભ નથી**

**થયો, તેમાં તો બધામાં અપકર્ષણ સંભવ છે, પરંતુ ઉપભોગ આરંભ થઈ જતાં, ઉક્ત સૂત્રમાં કહેલ આયુનું અપકર્ષણ સંભવ નથી. આ જ વાત ઉક્ત સૂત્રમાં બતાવવામાં આવી છે.**

એનાથી કાળની નિયમિતતામાં, કોઈ અંતર આવતું નથી અને ન તો, અન્ય સમવાયોની ઉપેક્ષા જ થાય છે, કેમકે **આયુનું અપકર્ષણ પણ તો અન્ય સમવાયોની સાપેક્ષતાથી થાય છે.**

**વસ્તુતઃ આ કથન અકાલમૃત્યુનો ન હોઈને પૂર્વબદ્ધ આયુકર્મના અપકર્ષણનો છે.**

આ સંદર્ભમાં, ''જૈનેન્દ્રસિદ્ધાંતકોશકાર શ્રી જિનેન્દ્રવર્ણીનું નીચે લખેલું કથન દૃષ્ટવ્ય છે (જોવાલાયક છે).

પાંચમો પ્રશ્ન છે, અકાલમૃત્યુ સંબંધી! સમયથી પહેલાં, વિષભક્ષણ આદિથી થનાર મૃત્યુને ''અકાલમૃત્યુ'' કહે છે. કર્મસિદ્ધાંતની અંતર્ગત પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ આદિના ઘટવા-વધવાને, **અપકર્ષણ** તેમજ **ઉત્કર્ષણ** કહે છે અને પ્રકૃતિના બદલાઈ જવાને **સંક્રમણ** કહે છે. સમયથી પહેલાં કર્મને ઉદયમાં લાવવા, તેને **ઉદીરણા** કહે છે અને સમયથી પહેલા તેને ખંખેરી નાખવા, તેને **નિર્જરા** કહે છે.

આગમ કથિત આ બધા વિષય, નિયતિના બાધક છે—એવી આશંકા પણ કરવી, યોગ્ય નથી. કેમકે તેનો ઉત્તર તો તે જ ઉપર કહેલ વિકલ્પ છે. જેના આવતાં, તેને અનુરૂપ જ પ્રવૃત્તિ સ્વતઃ થાય છે. **તીવ્ર ક્રોધ આવે ત્યારે જ વિષ-ભક્ષણ આદિનું કાર્ય થાય છે, તેના (ક્રોધના) અભાવમાં નહીં.**

એ જ રીતે, અપકર્ષણ—ઉદીરણા તેમજ નિર્જરા આદિના સંબંધમાં પણ જાણવું, કેમકે **અકાલમૃત્યુનો અર્થ આયુકર્મની ઉદીરણા સિવાય બીજું કાંઈ નથી.**

અકાલ તો કેવલ એટલે કહેવામાં આવે છે કે જેટલું આયુષ્ય બાંધ્યું, તેટલી સ્થિતિ પૂરી ન કરી. વાસ્તવમાં કોઈપણ કર્મ એવું નથી, જેની સ્થિતિ બંધના અનુસાર જ ઉદયમાં આવતી હોય! બુદ્ધિહીન સૂક્ષ્મ

પ્રાણીઓમાં પણ આ ઉત્કર્ષણ આદિ બરાબર થઈ રહ્યા છે. જેવો જેવો વિકલ્પ, તે તે સમયે હોય છે, તેવી તેવી પ્રવૃત્તિ જ, તે તે સમયે થાય છે, તેના ફળસ્વરૂપ તેવો તેવો જ નવીન બંધ તેમજ ઉત્કર્ષણ આદિ થાય છે.

ઉત્કર્ષણ આદિના પરિણામ કોઈ બીજા હોય અને બંધના કોઈ જુદા—એમ નથી. **એક સમયના, જે એક પરિણામ કે પ્રવૃત્તિથી બંધ થાય છે, તેનાથી, તે સમયે, યથાયોગ્ય ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ પણ થાય છે. એથી તેની નિયતિ બાધિત નથી થઈ શકતી.** (શાંતિપથ દર્શન—પૃષ્ઠ ૧૨૩)

**પ્રશ્ન —** આપ એવું કેમ કહો છો? કે કેવળીના જ્ઞાન અનુસાર પ્રત્યેક મૃત્યુ સ્વકાળમાં જ થાય છે! કેમકે એનાથી તો એવી ધ્વનિ નીકળે છે કે કોઈ અપેક્ષા અકાલમૃત્યુ પણ થતી હશે?

**ઉત્તર — થાય છે તો શું? પણ કહેવામાં અવશ્ય આવે છે. અપકર્ષણ-ઉદીરણા આદિની અપેક્ષા આ પ્રકારનું કથન હોય છે તેને ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષા પણ કહી શકીએ છીએ.**

જે રીતે એક ઘડામાં ૧૦ લીટર પાણી છે અને તેમાં એક છેદ પણ છે, જેમાંથી તે પાણી એક કલાકમાં એક લીટની ગતિથી નીકળી રહ્યું છે.

જો ગણિતજ્ઞને પૂછવામાં આવે, કે તે ઘડો કેટલા સમયમાં ખાલી થઈ જશે? તો તે પોતાના ગણિત પ્રમાણે દસ કલાક જ બતાવશે, કે જે સાચું જ છે. પરંતુ જો કોઈપણ ભવિષ્યજ્ઞાનીને પૂછવામાં આવે, કે તે ઘડો ક્યારે ખાલી થઈ જશે, તો તે એ પણ બતાવી શકે છે કે પાંચ કલાક પછી, એક બાળકની ઠોકરથી આ ઘડો નમી જશે અને પાણી નીકળી જશે.

હવે ગણિતની અપેક્ષાએ તેને, અસમયે ખાલી થવું કહેવામાં આવશે અને ભવિષ્યજ્ઞાની અથવા વસ્તુસ્થિતિની અપેક્ષાએ એમ કહેવામાં આવશે કે તેની નિયતિ જ તેમ હતી. એથી સ્વસમયમાં પોતાના ભવિતવ્ય અનુસાર ઉચિત નિમિત્તપૂર્વક જ, સર્વ કાંઈ ઘટિત થયું છે.

એ જ રીતે, જેમકે કોઈ અપરાધીને ૧૦ વર્ષની સજા થઈ છે. જ્યારે તેણે, ન્યાયાધીશને-વકીલને-જેલરને પૂછ્યું, કે હું જેલથી ક્યારે છૂટીશ? તો બધાએ, એક સ્વરથી એ જ ઉત્તર દીધો, કે ૧૦ વર્ષ બાદ.

અને આ કથનને ખોટું પણ નહીં કહેવાય. પરંતુ જ્યારે કોઈપણ ભવિષ્યજ્ઞાનીને પૂછવામાં આવે, તો તે એમ પણ કહી શકે છે, કે—પાંચ વર્ષ પછી. કેમકે તેને ખબર છે કે, પાંચ વર્ષ પછી રાજાને ત્યાં પુત્રનો જન્મ થશે અને તેની ખુશીમાં, બધા કેદી છોડી દેવામાં આવશે અને આ પણ છૂટી જશે.

ન્યાયાધીશ આદિનું કથન, ફેસલામાં આપવામાં આવેલી સજાના આધાર પર છે અને ભવિષ્યવેત્તાનું કથન વાસ્તવિકતાના આધાર ઉપર છે. એથી તે વાસ્તવિક છે અને ન્યાયાધીશ આદિનું સાપેક્ષ છે.

તે જ રીતે કોઈ જીવે આયુકર્મની સ્થિતિ ૮૦ વર્ષની બાંધી છે અને ૪૦ વર્ષની ઉંમરમાં તેનું અપકર્ષણ થવાનું છે કે તેને ઉદીરણા થઈને ખરી જવાનું છે.

૨૦ વર્ષની ઉંમરમાં તેણે અવધિજ્ઞાનીને, કે જેનું ભવિષ્યનું જ્ઞાન દસ વર્ષથી અધિક નથી, તેને પૂછ્યું, કે આનું મરણ ક્યારે થશે? તેણે પોતાના અવધિજ્ઞાનથી તેની આયુની સ્થિતિ જાણીને બતાવી , કે ૮૦ વર્ષની ઉંમરમાં! પરંતુ જ્યારે કેવળજ્ઞાનીને પૂછ્યું, તો તેમણે બતાવ્યું કે ૪૦ વર્ષની ઉંમરમાં!—તો આપણને બંનેમાંથી કોઈ એક જૂઠો લાગશે, પરંતુ એ કથન જૂઠા નથી. કિંતુ સાપેક્ષ કથન હશે.

**અવધિજ્ઞાનરૂપ ક્ષયોપશમજ્ઞાનની અપેક્ષાએ તેને આપણે અકાલમૃત્યુ કહેશું અને કેવળજ્ઞાનની અપેક્ષા, સ્વકાળમાં જ મરણ થયું, કહેવામાં આવશે.**

અથવા સ્વાસ્થ્ય આદિ જોઈને આપણે અપેક્ષા તો એ રાખીએ છીએ, કે આ માણસ ૮૦ વર્ષ જીવશે, પરંતુ વિષ આદિ ભક્ષણથી જ્યારે તે, ૪૦ વર્ષની ઉંમરમાં જ મરી જાય છે, તો કહી દઈએ છીએ, કે—અસમયમાં મરણ થઈ ગયું. આપણા આ જ્ઞાનનો ક્યો આધાર છે કે તેને ૪૦ વર્ષથી અધિક જીવવાનું હતું? તે જ્ઞાન વિના, તેને અકાલ કહેવું, તે કથનમાત્ર સિવાય બીજું શું હોઈ શકે?

ઉક્ત કથનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે મરણ તો જ્યારે થવાનું

હતું, ત્યારે જ થયું છે. તેમાં કોઈ ફેરફાર નથી થયો. જે કાંઈ અંતર આવ્યું છે, તે માત્ર કથનમાં આવ્યું છે.

**જે શબ્દોમાં ''અ'' લગાવીને નિષેધવાચક બનાવવામાં આવે છે, તેમાં ''અકાલ'' પણ એક શબ્દ છે. જેનો અર્થ સમયથી પહેલાં ન હોઈને, કાળથી ભિન્ન કોઈ અન્ય કારણ હોય છે. કેમકે આ પ્રકરણમાં ''કાલ'' શબ્દનો પ્રયોગ, એક કારણના અર્થમાં થયો છે.**

મૃત્યુરૂપી કાર્ય થવામાં અનેક કારણ હોય છે. એમાં કાળ પણ એક કારણ છે. કથનમાં અનેક કારણ તો એક સાથે, આવી નથી શકતા. એથી કોઈ એક કારણને મુખ્ય કરીને કથન થાય છે. **જ્યારે કાળને મુખ્ય કરીને કથન થાય છે, ત્યારે તેને કાળમૃત્યુ કહે છે. અને જ્યારે કાળ મુખ્યરૂપથી ન દેખવામાં આવે અને કાળથી ભિન્ન વિષ-ભક્ષણ આદિ કોઈ અન્ય કારણ, મુખ્ય દેખવામાં આવે, તો તેને અકાલમરણ કહેશે.**

અકાલમૃત્યુની પરિભાષામાં કહેવાયું પણ છે કે વિષ-ભક્ષણ આદિ દ્વારા થનાર મૃત્યુને અકાલમૃત્યુ કહે છે.

આનાથી તો એ જ નિષ્કર્ષ નીકળે છે, કે ''અકાલ'' શબ્દ અસમયનો સૂચક ન થઈને કાળ સિવાય અન્ય કારણોનું દ્યોતક છે.

જ્યારે આપણે કોઈના મૃત્યુ થતાં પૂછીએ છીએ, કે કાલ સુધી તો તે ઠીક હતો, આખરે તેને અચાનક થયું શું? તો એ જ જવાબ મળે છે, કે—કાંઈ નહીં— સમજી લ્યો, તેનો કાળ જ આવી ગયો હતો. જેનો કાળ આવી જાય, તેને કોણ બચાવી શકે છે? કોઈ કારણની ખબર પડત, તો તેનો ઈલાજ પણ કરી શકાત.

તથા જો કોઈ વિષ-ભક્ષણ, એક્સીડેંટ આદિ અન્ય કારણ દેખાય તો કોઈ એમ નથી કહેતા કે—તેનો કાળ જ આવી ગયો હતો! અપિતુ એ કહેવામાં આવે છે કે, ઘરેથી તો સાજો-સારો નીકળ્યો હતો! પરંતુ એક્સીડેંટ થઈ ગયો કે કોઈએ ઝેર દઈ દીધું! અથવા બીજું જે કાંઈ થયું હોય છે તે કારણ બતાવતા સાથે એમ પણ કહેવાય છે કે ભાઈ! તેઓ તો બિચારા અકાલ મોતના શિકાર થઈ ગયા!

આ રીતે, અકાલ મૃત્યુ, અસમયની સૂચક ન થઈને, કાળ સિવાય મુખ્યરૂપથી અન્ય કારણોથી થનાર મૃત્યુનું સૂચક છે.

(ક્રમબદ્ધપર્યાય–પૃષ્ઠ ૮૬)

આ રીતે આ સુનિશ્ચિત થાય છે કે, **ઉક્ત સૂત્રમાં, મુખ્યરૂપથી આયુકર્મની સ્થિતિના અપકર્ષણની ચર્ચા છે. અકાલમૃત્યુની વાત તો, ઉક્ત કથનના આધાર પર મનિષીઓ દ્વારા કાઢવામાં આવેલ નિષ્કર્ષ છે.** જે એક પ્રકારે સાપેક્ષ છે. વસ્તુસ્થિતિનો વાસ્તવિક નિષ્કર્ષ નહીં!

વાસ્તવિક સ્થિતિ તો, એ છે કે જીવોના જીવન-મરણ અને સુખ-દુઃખ, જે રૂપમાં કેવળજ્ઞાનીના જ્ઞાનમાં આવ્યા છે, તે જ રૂપમાં સ્વ સમયમાં જ થાય છે, તેને ઈન્દ્ર કે જિનેન્દ્ર–કોઈપણ બદલવામાં સમર્થ નથી.

આ રીતે જીવના અસાધારણ ભાવો, જીવના લક્ષણ ભેદ-પ્રભેદ, ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના વિષય, જન્મ, યોનિ, શરીર આદિનું સ્વરૂપ બતાવનાર બીજો અધ્યાય સમાપ્ત થાય છે.૫૩.

# ત્રીજો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

તત્ત્વાર્થોનું નિરૂપણ કરનારા આ તત્ત્વાર્થસૂત્ર નામના મહાશાસ્ત્રમાં મોક્ષમાર્ગથી શરૂ કરીને મોક્ષ સુધીનું નિરૂપણ છે. એ કારણે તેમનું બીજું નામ–**"મોક્ષશાસ્ત્ર"** પણ સાર્થક જ છે.

અત્યાર સુધી એમાં મોક્ષમાર્ગ અને તેમાં સમાગત સમ્યગ્દર્શનના સંદર્ભમાં સાત તત્ત્વાર્થોની ચર્ચા પ્રારંભ થઈ.

ઉક્ત સાત તત્ત્વાર્થોના વિષયમાં, શું-શું અને કેવી રીતે જાણવું જોઈએ, તેના સંદર્ભમાં, પ્રમાણ-નય-નામ-સ્થાપના આદિ નિક્ષેપો, નિર્દેશ, સ્વામિત્વ આદિ તેમજ સત્સંખ્યાદિને જાણવા આવશ્યક છે, એ બતાવ્યું.

એ પછી પ્રમાણના રૂપમાં પાંચ જ્ઞાનો, તેમના પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ આદિની ચર્ચા થઈ અને અંતમાં નૈગમ આદિ સાત નયોના નિરૂપણની સાથે પહેલો અધ્યાય સમાપ્ત થઈ ગયો.

**બીજા અધ્યાયમાં** જીવ તત્ત્વના સંદર્ભમાં જીવના ત્રેપન(૫૩) પ્રકારના અસાધારણ ભાવોની ચર્ચા ઉપરાંત જીવનું લક્ષણ, તેમાં ભેદ-પ્રભેદની ચર્ચા કરવામાં આવી. તદુપરાંત જીવોના જન્મ, યોનિઓ, શરીર આદિની ચર્ચા સાથે બીજો અધ્યાય સમાપ્ત થાય છે.

**હવે ત્રીજા અધ્યાયમાં** ત્રણ લોકમાં, આ સંસારી જીવ ક્યાં ક્યાં હોય છે, તેના સંદર્ભમાં સૌથી પહેલા અધોલોક પછી મધ્યલોકની ચર્ચા થશે. ઉર્ધ્વલોકની ચર્ચા ચોથા અધ્યાયમાં થશે.

મુક્ત જીવ તો લોકાગ્ર અર્થાત્ ઉર્ધ્વલોકના અંતમાં સ્થિત છે, સિદ્ધ પરમાત્મા સિદ્ધશિલા પર નહીં, સિદ્ધશિલાથી ઉપર ઘનોદધિ વાતવલય, ઘનવાતવલય તેમજ તેથી પણ ઉપર તનુવાતવલય છે, તેના અંતમાં રહે છે.(તિલોયપણ્ણત્તિ, અધ્યાય ૯, ગાથા-૩)

પરંતુ સંસારી જીવ ત્રણ લોકમાં ક્યાં-ક્યાં હોય છે, એ વાતને સ્પષ્ટ કરવા માટે **સૌથી પહેલા અધોલોકનું વર્ણન આરંભ કરે છે.**

# અધોલોક

અધોલોકમાં સાત નરક છે, જેનું સ્વરૂપ આ પ્રકારે છે—

**रत्नशर्करावालुकापंकधूमतमोमहातमः प्रभाभूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठाः सप्ताऽधोऽधः ॥१॥**

***અધોલોકમાં (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમપ્રભા (૭) મહાતમપ્રભા—આ સાત નરકની ભૂમિઓ ક્રમથી નીચે-નીચે છે અને આ ભૂમિઓ ઘનોદધિવાતવલય, ઘનવાતવલય, તનુવાતવલય તથા આકાશના આધાર પર પ્રતિષ્ઠિત છે.***

જેમાં ઘનપાણી તથા ઘનવાયુ હોય, તે **ઘનોદધિવાતવલય** છે. જ્યાં ઘની વાયુ હોય, તે **ઘનવાતવલય** છે. જ્યાં હલકી વાયુ હોય, તે **તનુવાતવલય** છે.

વસ્તુતઃ આ સાત નરકોના રૂઢિગત નામ તો ૧. ધમ્મા, ૨. વંશા, ૩. મેઘા, ૪. અંજના, ૫. અરિષ્ટા, ૬. મઘવી, ૭. માધવી છે.

**રત્નપ્રભ આદિ સાર્થક નામ તો, તે નરકોની ભૂમિની પ્રભાના આધાર પર બનાવવામાં આવ્યા છે.**

જ્યાં રત્નો જેવી પ્રભા હોય, તે **રત્નપ્રભા.** જ્યાં સાકર જેવી પ્રભા હોય, તે **શર્કરાપ્રભા**. જ્યાં વાલુ(રેતી) જેવી પ્રભા હોય, તે **વાલુકાપ્રભા**. જ્યાં કીચડ જેવી પ્રભા હોય તે **પંકપ્રભા**. જ્યાં ધૂમાડા જેવી પ્રભા હોય તે **ધૂમપ્રભા**. જ્યાં અંધકાર જેવી પ્રભા હોય, તે **તમપ્રભા** અને જ્યાં ગાઢ અંધકાર જેવી પ્રભા હોય તે **મહાતમપ્રભા**.

આ સાતે ભૂમિઓ ક્રમશઃ નીચે નીચે છે. આ મધ્યલોકની નીચે સૌથી પહેલા પ્રથમ નરકના રૂપમાં **રત્નપ્રભા ભૂમિ** છે. પછી તેની નીચે **શર્કરાપ્રભા ભૂમિ**, પછી તેની નીચે **વાલુકાપ્રભા ભૂમિ**, પછી તેની નીચે **પંકપ્રભા ભૂમિ**, પછી તેની નીચે **ધૂમપ્રભા ભૂમિ**, પછી તેની નીચે **તમપ્રભા ભૂમિ** અને પછી તેની નીચે અંતમાં **મહાતમપ્રભા ભૂમિ** છે.

**આ લોક મધ્યલોકની નીચે હોવાથી તો અધોલોક કહેવાય જ છે પરંતુ આ લોકમાં હોવાવાળી ભૂમિઓની રચના પણ ક્રમશઃ નીચે-નીચે છે. એ કારણે પણ આ લોકને અધોલોક કહે છે.**

રત્નપ્રભા નામની પહેલી ભૂમિના ત્રણ ભાગ છે. (૧) ખરભાગ, (૨) પંકભાગ, (૩) અબ્બહુલભાગ.

**પહેલી ભૂમિમાં નારકી જ રહેતા હોય, એ વાત નથી તેમાં વ્યંતર અને ભવનવાસી દેવ પણ રહે છે.** ખર ભાગમાં રાક્ષસો સિવાયના બાકીના સાત પ્રકારના વ્યંતર અને અસુરકુમાર સિવાય બાકીના નવ પ્રકારના ભવનવાસી દેવ રહે છે. રાક્ષસ અને અસુરકુમાર પંકભાગમાં રહે છે. કેટલાક વ્યંતર, તીર્થો-પર્વતો-ખંડેરો-સમુદ્રો અને વૃક્ષો આદિ પર મધ્યલોકમાં પણ રહે છે.

પહેલી ભૂમિ **એકલાખ એંસી હજાર યોજન** મોટી છે.(બે હજાર કોસનો એક યોજન હોય છે) એના ત્રણ ભાગ છે.

(૧) **ખરભાગ**—સોળ હજાર યોજન મોટો છે.

(૨) **પંકભાગ**—ચોરાસી હજાર યોજન મોટો છે.

(૩) **અબ્બહુલભાગ**—એંસી હજાર યોજન મોટો છે.

બીજી ભૂમિ **બત્રીસ હજાર યોજન** મોટી છે, ત્રીજી ભૂમિ **અઠ્ઠાવીસ હજાર યોજન** મોટી છે. ચોથી ભૂમિ **ચોવીસ હજાર યોજન** મોટી છે. પાંચમી ભૂમિ **વીસ હજાર યોજન** મોટી છે. છઠ્ઠી ભૂમિ **સોળ હજાર યોજન** મોટી છે. સાતમી ભૂમિ **આઠ હજાર યોજન** મોટી છે.

આ સાતે ભૂમિઓ ઘનોદધિવાતવલય, ઘનવાતવલય, તનુવાતવલય અને આકાશના આધારથી સ્થિત છે. અર્થાત્ બધી ભૂમિઓ ઘનોદધિવાતવલયના આધારે સ્થિત છે. ઘનવાતવલય, તનુવાતવલયના આધારે સ્થિત છે. તનુવાતવલય, આકાશના આધારથી સ્થિત છે અને **આકાશ સ્વયંના આધારે સ્થિત છે. ૧.**

## નરકની ભૂમિઓમાં હોવાવાળા બિલ

જે રીતે દેવોને રહેવાના સ્થાનના રૂપમાં ઉર્ધ્વલોક (સ્વર્ગ)માં વિમાન અને મનુષ્યલોકમાં મનુષ્યોને રહેવા માટે મકાન હોય છે, તે જ રીતે અધોલોકની નરકભૂમિઓમાં નારકીઓને રહેવાને માટે બિલ હોય છે. ક્યા નરકમાં કેટલા બિલ છે—**એ બતાવનારું બીજું સૂત્ર આ પ્રકારે છે—**

**तासु त्रिंशत्पञ्चविंशतिपंचदशदशत्रिपञ्चोनैकनरकशत सहस्राणि पञ्च चैव यथाक्रमम् ॥२॥**

***તે પૃથિવિયોમાં ક્રમથી પહેલી પૃથ્વીમાં ૩૦ લાખ, બીજી પૃથિવીમાં ૨૫ લાખ, ત્રીજી પૃથિવીમાં ૧૫ લાખ, ચોથી પૃથિવીમાં ૧૦ લાખ, પાંચમી પૃથિવીમાં ૩ લાખ, છઠ્ઠી પૃથિવીમાં ૧ લાખમાં પાંચ ઓછા, સાતમી પૃથિવીમાં કેવલ ૫ બિલ છે. આ રીતે કુલ ૮૪ લાખ બિલ છે.***

આ બિલ જમીનમાં ખોડેલ ઢોલની પોલ સમાન છે. અને તે ગોળ, ચોરસ, ત્રિકોણ, ષટ્કોણ તેમજ અષ્ટકોણ આદિ અનેક પ્રકારના હોય છે.

આ બિલોને ત્રણ ભાગોમાં વિભાજિત કરી શકાય છે. (૧) ઇન્દ્રક (ઇન્દ્રોની સમાન મહત્ત્વપૂર્ણ બિલ) (૨) શ્રેણીબદ્ધ (પંક્તિમાં બદ્ધ) બિલ અને (૩) પુષ્પપ્રકીર્ણક બિલ.

આ બિલોની ભૌગોલિક સ્થિતિ આ પ્રકારે છે.

નરકની સાત ભૂમિઓ ૪૯ પટલોમાં વિભાજિત છે. (પ્રસ્તર, પાથડે, ખન વગેરે પટલના જ પર્યાયવાચી છે.)

પહેલા નરકની ભૂમિના ખર તેમજ પંકભાગને છોડીને, અબ્બહુલ ભાગમાં **૧૩ પટલ** છે અને એમાં, સીમંતક-નિરય-રૌરવ આદિ **૧૩ ઇન્દ્રક બિલ** છે. બીજી ભૂમિમાં **૧૧ પટલ** છે અને એમાં સ્તનક-સંસ્તનક આદિ **૧૧ ઇન્દ્રક બિલ** છે. ત્રીજી ભૂમિમાં **૯ પટલ** છે અને તપ્ત, ત્રસ્ત આદિ **૯ ઇન્દ્રક બિલ** છે.ચોથી ભૂમિમાં **૭ પટલ** છે અને એમાં આર-માર

આદિ **૭ ઈન્દ્રક બિલ** છે. પાંચમી ભૂમિમાં **૫ પટલ** છે અને એમાં, તમ-ભ્રમ આદિ **૫ ઈન્દ્રક બિલ** છે. છઠ્ઠી ભૂમિમાં **૩ પટલ** છે અને હિમ વર્દલ અને લલક, આ **૩ ઈન્દ્રક** બિલ છે. સાતમી ભૂમિમાં માત્ર **૧ પટલ** છે અને કેવલ **૧ અપ્રતિષ્ઠાન નામનું ઈન્દ્રક બિલ** છે.

આ રીતે આ પટલોના મધ્યબિંદુમાં ૧-૧ ઈન્દ્રક બિલ છે. પ્રથમ નરકના પ્રથમ પટલમાં, ચારે દિશાઓમાં ૪૯-૪૯ શ્રેણીબદ્ધ બિલ છે અને વિદિશાઓમાં ૪૮-૪૮ શ્રેણીબદ્ધ બિલ છે.

એના પછી નીચે-નીચેના પટલોમાં ૧-૧ શ્રેણીબદ્ધ બિલ ઘટતા જાય છે. અર્થાત્ પ્રથમ નરકના બીજા પટલની દિશાઓમાં ૪૮-૪૮ અને વિદિશાઓમાં ૪૭-૪૭ બિલ હોય છે.

આ જ રીતે ઘટતાં-ઘટતાં છઠ્ઠા નરકના ત્રીજા અર્થાત્ અંતિમ પટલમાં ૨-૨ શ્રેણીબદ્ધ બિલ અને વિદિશાઓમાં ૧-૧ શ્રેણીબદ્ધ બિલ રહી જાય છે.

સાતમા નરકની ભૂમિમાં એક જ પટલ હોય છે અને તેમાં ૧ ઈન્દ્રક બિલ અને ચાર દિશાઓમાં ચાર શ્રેણીબદ્ધ બિલ—એ રીતે કુલ પાંચ બિલ હોય છે.

સાતમા નરકમાં વિદિશાઓમાં બિલ નથી. પૂર્વદિશામાં કાલ, પશ્ચિમ દિશામાં મહાકાલ, દક્ષિણ દિશામાં રૌરવ, ઉત્તર દિશામાં મહારૌરવ અને મધ્યમાં અપ્રતિષ્ઠાન નામનું બિલ છે.

ભૂમિનો જે અંશ શેષ રહે છે, તેમાં પુષ્પપ્રકીર્ણક બિલ હોય છે. જે રીતે આપણે હાથમાં પુષ્પોને લઈને ક્ષેપણ કરીએ છીએ, ફેંકી દઈએ છીએ તેમાં, કોઈપણ પુષ્પ ક્યાંય પણ અવ્યવસ્થિતરૂપથી પડી જાય છે તે જ રીતે આ બિલોની સ્થિતિ છે. એ કારણે એને **પુષ્પપ્રકીર્ણક બિલ** કહે છે.

આ રીતે આ બિલ, ઈન્દ્રક બિલ, શ્રેણિબદ્ધ બિલ અને પુષ્પપ્રકીર્ણક બિલના રૂપમાં ત્રણ વિભાગોમાં વિભાજિત છે. આ બિલોની સંખ્યાને નિમ્ન ચાર્ટ દ્વારા સમજી શકાય છે.

| પૃથ્વી | ઇન્દ્રક બિલ | શ્રેણીબદ્ધ બિલ | પુષ્પપ્રકીર્ણક બિલ | યોગ |
|---|---|---|---|---|
| રત્નપ્રભા | ૧૩ | ૪૪૨૦ | ૨૯૯૫૫૬૭ | ૩૦,૦૦૦૦૦ |
| શર્કરાપ્રભા | ૧૧ | ૨૬૮૪ | ૨૪૯૭૩૦૫ | ૨૫,૦૦૦૦૦ |
| વાલુકાપ્રભા | ૯ | ૧૪૭૬ | ૧૪૯૮૫૧૫ | ૧૫,૦૦૦૦૦ |
| પંકપ્રભા | ૭ | ૭૦૦ | ૯૯૯૨૯૩ | ૧૦,૦૦૦૦૦ |
| ધૂમપ્રભા | ૫ | ૨૬૦ | ૨૯૯૭૩૫ | ૩,૦૦૦૦૦ |
| તમપ્રભા | ૩ | ૬૦ | ૯૯૯૩૨ | ૯૯૯૯૫ |
| મહાતમપ્રભા | ૧ | ૪ | — | ૫ |
| | ૪૯ | ૯૬૦૪ | ૮૩,૯૦,૩૪૭ | ૮૪,૦૦૦૦૦ |

આ સાત પૃથિવીઓમાં કેટલાક બિલ સંખ્યાત લાખ યોજન વિસ્તાર (લંબાઈ, પહોળાઈવાળા) અને કેટલાક અસંખ્યાત લાખ યોજન વિસ્તારવાળા છે. પાંચમો ભાગ (૨૦%) તો સંખ્યાત યોજન વિસ્તારવાળા અને ૪ ભાગ (૮૦%) અસંખ્યાત યોજન વિસ્તારવાળા છે.

ઇન્દ્રક બિલોની ઊંડાઈ પ્રથમ નરકમાં ૧ કોસ (એક કોસમાં બે માઈલ હોય છે) અને આગળ ક્રમશઃ અર્ધો અર્ધા કોસ વધતી જતી સાતમામાં ૪ કોસ થઈ જાય છે.

શ્રેણીબદ્ધ બિલોની ઉંડાઈ પોતાના ઇન્દ્રક બિલોની ઉંડાઈથી તિહાઈ વધારે અધિક છે.

પુષ્પપ્રકીર્ણકોની ઊંડાઈ, શ્રેણીબદ્ધ બિલો અને ઇન્દ્રક બિલો—આ બંનેની મળીને થતી ઉંડાઈની બરાબર છે.

આ બધા બિલ ઉંટ આદિના સમાન અશુભ આકારવાળા છે એના શોચન-રોદન આદિ ખરાબ નામ છે.

જે રીતે લોકમાં અપેક્ષાકૃત સંપન્ન લોકોને જુદા-જુદા ઓરડાઓમાં રાખવામાં આવે છે, અને સામાન્યજનને સામૂહિકરૂપથી એક હૉલમાં રાખવામાં આવે છે તે જ રીતે ઉપર-ઉપરના નરકોમાં અપેક્ષાકૃત નાના બિલ છે અને નીચેના નરકોમાં અપેક્ષાકૃત મોટા બિલ છે. ૨.

## નારકીઓના દુઃખોનું વર્ણન

અધોલોકની ભૌગોલિક સ્થિતિનું વર્ણન કથા ઉપરાંત હવે ત્યાં રહેનારા નારકીજીવોના દુઃખોનું વર્ણન કરે છે.

**नारका नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ।।३।।**

**परस्परोदीरितदुःखाः ।।४।।**

**संक्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ।।५।।**

*નારકી જીવ સદૈવ જ અત્યંત અશુભતર લેશ્યા, અશુભતર પરિણામ, અશુભતર શરીર, અશુભતર વેદના અને અશુભતર વિક્રિયાને ધારણ કરે છે.*

*નારકી જીવ પરસ્પર એકબીજાને દુઃખ ઉત્પન્ન કરે છે. તેઓ નિરંતર પરસ્પરમાં લડતા-ઝઘડતાં રહે છે.*

*તે નારકીઓને, ચોથી પૃથ્વીથી પહેલા એટલે કે ત્રીજી પૃથ્વી સુધી, અત્યંત સંક્લિષ્ટ પરિણામના ધારક, અંબાવરીષ આદિ જાતિના અસુરકુમાર દેવો દ્વારા દુઃખ દેવામાં આવે છે. અર્થાત્ અંબ-અંબરિષ અસુરકુમાર દેવ, ત્રીજી નરક સુધી જઈને નારકી જીવોને દુઃખ દે છે અને તેમના પૂર્વના વેરનું સ્મરણ કરાવી-કરાવીને પરસ્પર લડાવે છે અને દુઃખી જોઈને પ્રસન્ન થાય છે.*

નારકી જીવ સ્વભાવથી ક્રૂર સ્વભાવવાળા હોય છે. એક-બીજાને જોતાં જ, તેમનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને તેઓ એક-બીજાને મારવા-કાપવા લાગે છે. તેમનું શરીર વૈક્રિયિક હોય છે. તેઓ તે વૈક્રિયિક શરીરથી જ જુદા જુદા પ્રકારના શસ્ત્રો બનાવીને, તેનાથી બીજા નારકીઓને પીડા પહોંચાડે છે.

ત્રીજા નરક સુધી દેવોનું પણ ગમન થાય છે. એટલે અસુરકુમાર નામના ભવનવાસી દેવ પણ કુતૂહલવશ તેમને પરસ્પર લડાવે છે અને તેમના ઘાત-પ્રત્યાઘાત જોઈને પ્રસન્ન થાય છે.

પરંતુ આ કામ બધા અસુરકુમાર દેવ નથી કરતાં, પરંતુ **અંબાવરીષ** આદિ જાતિના કેટલાક અસુરકુમાર દેવ જ કરે છે.

પ્રથમ અને બીજી પૃથિવીમાં **કાપોત લેશ્યા** છે. ત્રીજી પૃથિવીમાં ઉપરના ભાગમાં **કાપોત લેશ્યા** છે અને નીચેના ભાગમાં **નીલ લેશ્યા** છે. ચોથી પૃથિવીમાં *નીલ લેશ્યા* છે. પાંચમી પૃથિવીમાં ઉપરના ભાગમાં **નીલ લેશ્યા** છે અને નીચેના ભાગમાં **કૃષ્ણ લેશ્યા** છે. છઠ્ઠી પૃથિવીમાં **કૃષ્ણ લેશ્યા** છે. સાતમી પૃથિવીમાં **પરમ કૃષ્ણ લેશ્યા** છે.

આ રીતે નીચે-નીચેની નરકોમાં, ઉપરના નરકોથી અધિક અશુભ લેશ્યાઓ હોય છે. **આ ભાવ લેશ્યાઓનું કથન છે.**

ભાવલેશ્યાઓ નિરંતર બદલતી રહે છે, પરંતુ તે પણ સ્વસ્થાનના અનુસાર જ હોય છે.

તે નારકીઓના પરિણામ, શરીરની આકૃતિઓ, વેદના અને વિક્રિયા પણ નીચે-નીચેના નરકોમાં અધિક-અધિક અશુભ હોય છે.

પહેલી, બીજી, ત્રીજી અને ચોથી પૃથિવીઓમાં માત્ર **ઉષ્ણ વેદનાવાળા** બિલ છે. પાંચમી પૃથિવીમાં ઉપરના બે લાખ બિલ **ઉષ્ણ વેદનાવાળા** છે અને નીચેના એક લાખ બિલ શીત વેદનાવાળા છે તથા છઠ્ઠી અને સાતમી પૃથિવીના બિલ **શીત વેદનાવાળા** જ છે.

વસ્તુસ્થિતિએ તો, નારકી જીવો પોતાની મિથ્યા માન્યતા, આત્મા સંબંધી અજ્ઞાન અને કષાયભાવોના કારણે જ દુઃખી હોય છે—થાય છે. બાહ્ય સંયોગ તો નિમિત્તમાત્ર છે. જેના પરિણામ, અશુભ-અશુભતર અને અશુભતમ હોય છે, તેમના સંયોગ પણ નિયમથી તેવા જ અશુભ હોય છે.

એથી જે લોકોને નરકોમાં પ્રાપ્ત થનારાં તે દુઃખોથી બચવાની ભાવના હોય, તેમણે વસ્તુસ્વરૂપને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પોતાના આત્માને જાણવો-પિછાણવો જોઈએ અને કષાયભાવોનો ત્યાગ કરીને પોતાના આત્મામાં જ સમાઈ જવું જોઈએ.

સુખી થવાનો એકમાત્ર એ જ ઉપાય છે. ૩-૫.

## નારકી જીવોના આયુ

નરકોમાં ભયંકર દુઃખોને જાણીને એ પ્રશ્ન થવો સ્વાભાવિક જ છે, કે નારકીઓને આ દુઃખ કેટલા કાળ સુધી ભોગવવા પડે છે. આ પ્રશ્નના ઉત્તરમાં આગળના સૂત્રની રચના થઈ છે, જે આ પ્રકારે છે.

**तेष्वेकत्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रयस्त्रिंशत्सागरोपा सत्त्वानां परा स्थितिः ॥६॥**

***તે નરકોમાં નારકી જીવોની રહેવાની ઉત્કૃષ્ટ આયુ ક્રમથી એક સાગર, ત્રણ સાગર, સાત સાગર, દસ સાગર, સત્તર સાગર, બાવીસ સાગર અને તેત્રીસ સાગર છે.***

તાત્પર્ય એ છે કે, નારકી જીવોની ઉત્કૃષ્ટ આયુ પહેલી નરકમાં એક સાગર, બીજી નરકમાં ત્રણ સાગર, ત્રીજી નરકમાં સાત સાગર, ચોથી નરકમાં દસ સાગર, પાંચમી નરકમાં સત્તર સાગર, છઠ્ઠી નરકમાં બાવીસ સાગર અને સાતમી નરકમાં તેત્રીસ સાગર છે.

જે રીતે સાગર અર્થાત્ સમુદ્રમાં અગાધ અને અપાર જલ હોય છે, તે જ રીતે કાળના માપરૂપ સાગરમાં પણ ઘણો લાંબો કાળ હોય છે.

સાગરનું સ્વરૂપ આગમમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

**બે હજાર કોસ ઉંડો તથા એટલો જ પહોળો ગોળાકાર ખાડાને, કાતરથી જેના બે ટુકડા ન થઈ શકે—એવા તથા એકથી સાત દિવસની ઉંમરના ઉત્તમ ભોગભૂમિના ઘેટાના વાળથી ભરી દેવામાં આવે, પછી તેમાંથી સો-સો વર્ષના અંતરે એક-એક વાળનો ટુકડો કાઢવામાં આવે**

**જેટલા કાળમાં, તે બધા વાળને કાઢી લેવામાં આવે, તેને "વ્યવહારપલ્ય" કહે છે. વ્યવહારપલ્યથી અસંખ્યાતગુણા સમયને "ઉદ્ધારપલ્ય" અને ઉદ્ધારપલ્યથી અસંખ્યાતગુણા કાળને "અદ્ધાપલ્ય" કહે છે. દસ કોડાકોડી અદ્ધાપલ્યોનો એક સાગર થાય છે.**

આ રીતે આ નારકી જીવ બહુ જ લાંબા કાળ સુધી નરકની યાતના ભોગવે છે.

## નરકોના સંબંધમાં થોડી વિશેષ જાણકારી

આ નરકોમાં રહેનારા બધા નારકી જીવ, પરસ્પરમાં અતિ અધિક મારકાટ કરતા રહે છે. પરંતુ આયુકર્મના સમાપ્તિ સુધી, ચાહવા છતાં મરી શકતાં નથી.

**ચારે ગતિઓમાં નરકગતિ જ એકએવી ગતિ છે, જ્યાંના જીવ મરવા ચાહે છે** અન્યગતિઓમાં કોઈપણ જીવ, કેટલાંય કષ્ટમાં કેમ ન હોય? પરંતુ તે મરવા ચાહતો નથી. અંત સમય સુધી મૃત્યુથી બચવાનો પ્રયાસ કરતો રહે છે. કારણ કે **જે જીવ, જેવી પણ સ્થિતિમાં પહોંચી ગયો છે, તે ત્યાં જ રમી જાય છે. તેને બદલવા ચાહતો નથી.**

નરક એક એવી ગતિ છે કે જ્યાં કોઈપણ જીવ ત્યાં રમતો નથી રમવા ચાહતો નથી (એમાં મગ્ન થતો નથી) એ કારણે નરકની વ્યાખ્યા એ રીતે દેવામાં આવી છે કે **न रता इति नारकाः । જ્યાં જીવ રમે નહિ (રત ન થાય) તે સ્થાનને નરક કહે છે.**

**અહીં એક પ્રશ્ન સહજ જ ઉત્પન્ન થાય છે** કે એવું કોઈ સ્થાન હજી સુધી જોવામાં આવતું નથી, એથી નરકોના અસ્તિત્વ પર ભરોસો નથી થતો.

**આ પ્રશ્નનો તર્કસંગત ઉત્તર એ છે** કે, જો કોઈ વ્યક્તિની હત્યા કરે છે, તો તેને એકવાર ફાંસી ઉપર લટકાવવામાં આવે છે, જો તે જ જીવ હજારો-લાખો જીવોનો ઘાત કરે, તો તેની સજામાં પણ તે એકવાર જ ફાંસી ઉપર લટકાવવામાં આવે છે. કેમકે એકવાર મરી ગયા પછી તેને બીજીવાર ફાંસી ઉપર લટકાવવો, સંભવ નથી.

પરંતુ આ ન્યાયસંગત તો નથી. એ વાત ન્યાયસંગત કઈ રીતે હોઈ શકે, કે એક જીવને મારવાની પણ તે જ સજા અને અનેકો જીવોને મારવાની પણ તે જ સજા!

એથી, કોઈને કોઈ, એવું સ્થાન, અવશ્ય હોવું જોઈએ, કે જ્યાં તેને દરરોજ મારણાન્તિક પીડા પ્રાપ્ત થાય, મરણ તુલ્ય કષ્ટ પ્રાપ્ત થાય, પરંતુ તે મરી ન શકે, મરે નહીં.

એ જ કારણે, એવા મહાપાપ કરનારા જીવ નરકમાં જાય છે અને ત્યાં સાગરો સુધી રહીને, નિરંતર મારણાન્તિક દુઃખ ભોગવે છે.

હાં, પરંતુ એક વાત અવશ્ય છે કે આયુની સમાપ્તિ પછી જ્યારે નારકી જીવોનું મરણ થાય છે, ત્યારે તે મરીને બીજીવાર નરકમાં જતાં નથી, દેવ પણ થતાં નથી. કાં તો તે તિર્યંચગતિમાં જન્મ લે છે, અથવા મનુષ્યગતિમાં! એ પણ ધ્યાન રાખવા યોગ્ય છે કે નરકથી મનુષ્ય અથવા તિર્યંચગતિમાં આવનારા જીવ નિયમથી સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે, જ્યારે **દેવગતિથી આવનારા એકેન્દ્રિય પણ થઈ જાય છે.**

આનાથી એક વાત સહજ જ સિદ્ધ થઈ જાય છે કે જે રીતે આરામથી સૂઈ જનારા યાત્રીઓનો સામાન ચોરી થઈ જાય છે, પરંતુ ઊભા-ઊભા યાત્રા કરનારાઓનો સામાન ચોરી નથી થતો તે જ રીતે ભોગમાં રત રહેનારા સુપ્ત જીવ, અનુકૂળતામાં જ્ઞાનધનને ગૂમાવી દે છે, કિંતુ ભલે પીડામાં જ હોય પરંતુ નિરંતર સજાગ રહેનારાઓ જ્ઞાનધનને ગૂમાવતા નથી.

બધા નારકી નિયમથી સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે અને બધાને નિયમથી ભવપ્રત્યય નામનું અવધિજ્ઞાન પણ હોય છે. પણ તેઓ પોતાના આ જ્ઞાનનો દુરુપયોગ જ કરે છે. અને તેના માધ્યમથી અનંત દુઃખ ઉઠાવે છે. મા અને પુત્ર—બંને નરકમાં હોય તો બેટા અવધિજ્ઞાનથી એ જાણી લે છે કે—પાછલા ભવમાં આ મારી મા હતી અને પ્રતિદિન મારી આંખ ફોડવાનો પ્રયાસ કરતી હતી. જો મેં પ્રયત્નપૂર્વક પોતાની આંખ ન બચાવી હોત તો આ તો મને આંધળો જ કરી દેત.

મા તેની આંખની સુરક્ષા માટે કાજળ લગાવતી હતી પરંતુ તેના જ્ઞાનમાં એ જ આવતું, કે આ મારી આંખ ફોડવાનો પ્રયાસ કરતી હતી.

હિંસા આદિ મહાપાપોની સાથે-સાથે મિથ્યાત્વ નામનું મહાપાપ પણ નરકગતિનું કારણ છે. કેમકે એ સર્વવિદિત જ છે કે—**સમ્યગ્દૃષ્ટિ જીવ મરીને નરકમાં જતા નથી.**

એથી જેમને નરકના ભયંકર દુઃખોથી બચવું હોય, તે પોતાના આત્માને જાણીને-પિછાણીને, સ્વયંમાં પોતાપણું સ્થાપિત કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે અને આત્મામાં જ જામી જઈને, રમી રહીને (રત થઈને) ચારિત્રવંત થઈને મુક્તિમાર્ગમાં આગળ વધે.

આ રીતે અધોલોકનું વર્ણન સમાપ્ત થાય છે. ●

## મધ્યલોક

અધોલોકના વર્ણન પછી હવે મધ્યલોકની ચર્ચા પ્રસંગ પ્રાપ્ત છે. **ત્રણલોકની વચ્ચે હોવાથી તેને મધ્યલોક કહે છે અને એ તિરછો વસેલ છે; એ કારણે તેને તિર્યક્લોક પણ કહેવામાં આવે છે.**

જે રીતે નરક એક-બીજાથી નીચે-નીચે છે; તે રીતે દ્વીપ અને સમુદ્ર એક-બીજાથી નીચે નીચે નહીં, પરંતુ **એકબીજાને ઘેરીને આજુબાજુ તિરછા વસેલા છે.**

મધ્યલોકમાં સ્થિત દ્વીપ-સમુદ્રોની ચર્ચા કરનારા આ અધ્યાયમાં, સાતમા-આઠમા અને નવમા સૂત્રમાં આ પ્રકારે છે.

**जम्बूद्वीपलवणोदादयः शुभनामानो द्वीपसमुद्राः ।।७।।**

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ।।८।।**

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भो**

**जम्बूद्वीपः ।।९।।**

***શુભ છે નામ જેના, એવા જમ્બૂદ્વીપ આદિ દ્વીપ અને લવણસમુદ્ર આદિ સમુદ્ર મધ્યલોકમાં છે.***

***આ બમણા-બમણા વિસ્તારવાળા દ્વીપ અને સમુદ્ર પોતાનાથી પહેલાવાળાને ઘેરીને ચૂડીના આકારની સમાન વલયાકૃત છે.***

***તે દ્વીપ-સમુદ્રોની મધ્યમાં, મેરુ છે નાભિ જેની, એવો એક લાખ યોજન વિસ્તારવાળો જમ્બૂદ્વીપ નામનો દ્વીપ છે.***

તાત્પર્ય એ છે કે, આ દ્વીપ અને સમુદ્ર, ગામ અને નગરોની સમાન નહીં પણ બધાની વચ્ચે એક લાખયોજન વિસ્તારવાળો **જમ્બૂદ્વીપ** છે. એને ચારે બાજુથી ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **લવણ સમુદ્ર** છે. તે લવણ સમુદ્રને ઘેરીને તેનાથી બમણા વિસ્તારવાળો **ધાતકીખંડ દ્વીપ** છે.

તે ધાતકીખંડ દ્વીપને ઘેરીને તેનાથી બમણા વિસ્તારવાળો **કાલોદધિ** નામનો સમુદ્ર છે.

તે કાલોદધિ સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **પુષ્કરવર દ્વીપ** છે. તે પુષ્કરવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **પુષ્કરવર સમુદ્ર** છે.

તે પુષ્કરવર સમુદ્રને ઘેરીને, તેનાથી બમણા વિસ્તારવાળો **વારુણીવર દ્વીપ** છે, તે વારુણીવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **વારુણીવર સમુદ્ર** છે.

તે વારુણીવર સમુદ્રને ઘેરીને, તેનાથી બમણા વિસ્તારવાળો **ક્ષીરવર દ્વીપ** છે, તે ક્ષીરવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **ક્ષીરવર સમુદ્ર** છે.

તે ક્ષીરવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **ઘૃતવર દ્વીપ** છે, તે ઘૃતવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **ઘૃતવર સમુદ્ર** છે.

તે ઘૃતવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **ઈક્ષુવર દ્વીપ** છે, તે ઈક્ષુવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **ઈક્ષુવર સમુદ્ર** છે.

તે ઈક્ષુવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **નંદીશ્વર દ્વીપ** છે, તે નંદીશ્વરદ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **નંદીશ્વર સમુદ્ર** છે.

તે નંદીશ્વર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **અરુણવર દ્વીપ** છે. તે અરુણવર દ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **અરુણવર સમુદ્ર** છે.

તે અરુણવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **અરુણાભાષ દ્વીપ** છે, તે અરુણાભાષદ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **અરુણાભાષ સમુદ્ર** છે.

તે અરુણાભાષ સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **કુંડલવર દ્વીપ** છે, તે કુંડલવરદ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **કુંડલવર સમુદ્ર** છે.

તે કુંડલવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **શંખવર દ્વીપ** છે, તે શંખવરદ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **શંખવર સમુદ્ર** છે.

તે શંખવર સમુદ્રને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **રુચકવર દ્વીપ** છે, તે રુચકવરદ્વીપને ઘેરીને, એનાથી બમણા વિસ્તારવાળો **રુચકવર સમુદ્ર** છે.

આ રીતે, આ તેર દ્વીપ અને તેર સમુદ્ર છે.

આ જ રીતે, આગળ-આગળ જે નામનો દ્વીપ છે, તે જ નામનો, તેનાથી બમણા વિસ્તારવાળો સમુદ્ર છે. આ જ રીતે પાછળવાળાને ઘેરીને, તેનાથી બમણા વિસ્તારવાળા અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે.

બધાના અંતમાં **સ્વયંભૂરમણ દ્વીપ** તેમજ **સ્વયંભૂરમણ સમુદ્ર** છે.

આઠમા નંદીશ્વર દ્વીપમાં બાવન અકૃત્રિમ ચૈત્યાલય છે, જેની વંદના કરવા અષ્ટાહ્નિકા પર્વમાં દેવગણ જાય છે.

એ સિવાય અગિયારમાં **કુંડલવર દ્વીપ**માં, તથા તેરમા **રુચકવર દ્વીપ**માં પણ ૪-૪ અકૃત્રિમ ચૈત્યાલય છે. આ બધાની પૂજા આપણે બધા તેર દ્વીપ વિધાનમાં અથવા ઈન્દ્રધ્વજ વિધાનમાં કરીએ છીએ.

ચોથાથી સાતમા, નવમાથી દસમા તેમજ બારમા-આટલા દ્વીપોમાં અકૃત્રિમ ચૈત્યાલય નથી.

**પાંચમા ક્ષીરવરસાગર સમુદ્રનું જળ જંતુરહિત તેમજ દૂધ જેવું સફેદ અને નિર્મળ હોય છે, તીર્થંકરોના જન્મ અભિષેક આ જ જંતુરહિત પવિત્ર જળથી કરવામાં આવે છે.**

છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર યોજનના વિસ્તારવાળા, મહામત્સ્ય હોય છે, જેના કાનમાં તંદુલના આકારનો એક મત્સ્ય હોય છે, જે તેના કાનનો મેલ ખાઈને જીવિત રહે છે.

**તે તંદુલ મત્સ્યનું ઉદાહરણ શાસ્ત્રોમાં, પરિણામોની મલિનતા માટે દેવામાં આવે છે.**

કહેવાય છે કે, તે હજાર યોજનનો મહામત્સ્ય પોતાના વિશાળ મુખ ખુલ્લું રાખીને, સમુદ્રમાં છ માસ સુધી સૂતો રહે છે, તેના મુખમાં હજારો નાની-નાની માછલીઓ આવતી-જતી રહે છે. તેને જોઈને આ તંદુલ મત્સ્ય વિચારે છે, કે જો આ માછલીઓ મારા મુખમાં આવત, તો હું એકેયને ન છોડત, બધીને ગળી જાત; પરંતુ આ મૂર્ખ પોતાના મુખમાં આવેલી માછલીઓને પણ પાછી જવા દે છે.

પોતાના આ દુષ્ટ પરિણામોના કારણે, એક પણ જીવનો ઘાત નહીં કરી શકવા છતાં, તે તંદુલ મત્સ્ય મરીને નરકમાં જાય છે.

**અહીં એક પ્રશ્ન થવો સંભવે છે** કે, જ્યારે દ્વીપ-સમુદ્ર અસંખ્યાત છે, તો તમે માત્ર તેર દ્વીપોના જ નામ કેમ ગણાવ્યા?

**ઉત્તર—**અસંખ્યાત નામ તો ગણી નથી શકાતા, તેના નામ પણ આગમમાં પ્રાપ્ત નથી થતાં; તો અમે કઈ રીતે ગણાવીએ?

બીજી વાત એ પણ તો છે કે, જો આગમમાં પ્રાપ્ત પણ હોત અને અમે ગણાવી પણ દેત, તો શું તમે તેને યાદ રાખત? ધ્યાનથી વાંચત? તેર નામોમાં પણ લોકોને કંટાળો આવવા લાગે છે. તેર નામ પણ કોણ યાદ રાખે છે? કોને, કોને યાદ છે?

**પ્રશ્ન—**જો એવી વાત છે, તો આપે તેરનો જ આંકડો કેમ પસંદ કર્યો? દસ જ ગણાવવા હતા, અથવા સોળ ગણાવી દેત!

**ઉત્તર—**તમે ઠીક કહો છો, પણ વાત એમ છે, કે—**તેરમા દ્વીપ સુધી અકૃત્રિ ચૈત્યાલય છે, તેના નામ માત્ર આગમમાં જ નહીં પરંતુ પૂજન વિધાનમાં પણ આવે છે. એ કારણે અમે અહીં તેર દ્વીપ-સમુદ્રોના નામ ગણાવ્યા છે.**

**પ્રશ્ન—**તો અંતિમ દ્વીપ-સમુદ્રનું નામનો ઉલ્લેખ શા માટે કર્યો?

**ઉત્તર—**એક તે તેમાં રહેવાવાળા તંદુલ મત્સ્યની ચર્ચા કરવી હતી, તથા અન્ય કહે છે કે અંતિમ સમુદ્રમાં અસંખ્યાત તિર્યંચ પંચમગુણસ્થાનવર્તી વિદ્યમાન છે. તેમની ઉપેક્ષા કરવી અમારા માટે સંભવ નહોતી. ૭-૯.

## જંબૂદ્વીપ

જંબૂદ્વીપ અને જંબૂદ્વીપની બહારના દ્વીપ-સમુદ્રોની ચર્ચા થઈ. એથી હવે એ પ્રશ્ન સહજ જ સંભવે છે કે—**જંબૂદ્વીપની અંદર શું છે?** આ પ્રશ્નના ઉત્તરમાં, આગામી સૂત્રોનો જન્મ થયો છે, જે આ પ્રકારે છે—

**भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यतैरावतवर्षाः क्षेत्राणि ।।१०।।**

**तद्विभाजितः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मि-शिखरिणो वर्षधरपर्वताः ।।११।**

**हेमार्जुनतपनीयवैडूर्यरजतहेममयाः ।।१२।।**

**मणिविचित्रपार्श्वा उपरिमूले च तुल्यविस्ताराः ।।१३।।**

***ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત— આ સાત વર્ષ છે, જેને ક્ષેત્ર પણ કહે છે.***

***આ ક્ષેત્રોને વિભાજિત કરનારા અને પૂર્વ-પશ્ચિમ સુધી લાંબા;— હિમવન, મહાહિમવન, નિષધ, નીલ, રુક્મિ અને શિખરિણ—આ છ વર્ષધર અર્થાત્ વર્ષો (ક્ષેત્રો)ને ધારણ કરનારા, વિભાજિત કરનારા પર્વત છે.***

***આ છએ પર્વત, ક્રમથી સોના, ચાંદી, તપાવેલ સોનું, વૈડૂર્યમણિ, ચાંદી ને સોના—તેના જેવા છે, તેના સમાન રંગવાળા છે.***

***એની આજુ-બાજુ અનેક પ્રકારની વિચિત્ર મણિઓથી જડેલ છે અને ઉપર, મધ્ય તેમજ મૂળમાં એકસરખા વિસ્તાર (પહોળાઈ)વાળા છે.***

તાત્પર્ય એ છે કે, આ પર્વત, પર્વતો જેવા ઉબડ-ખાબડ નથી. પરંતુ **દિવાલોની જેમ, ઉપર-નીચે અને મધ્યમાં એકસરખી પહોળાઈવાળા છે. અને અનેક પ્રકારની રંગીન મણિઓથી જડેલ છે, સુશોભિત છે.**

જંબૂ નામના વૃક્ષને કારણે જેનું નામ પડ્યું છે, એવો આ પ્રથમ

દ્વીપ ચારે બાજુથી લવણસમુદ્રથી ઘેરાયેલો, ગોળાકાર ચૂડીના આકાર જેવો એક દ્વીપ છે. આ દ્વીપમાં પૂર્વથી શરૂ કરીને પશ્ચિમ દિશા સુધી ફેલાયેલ, હિમવન વગેરે છ પર્વત છે, જેના કારણે આ દ્વીપ ભરત વગેરે સાત ક્ષેત્રોમાં વિભાજિત થઈ ગયો છે.

આ પર્વત વિભિન્ન પ્રકારની મણિઓથી જડેલ, અત્યંત મજબૂત સુવ્યવસ્થિત દિવાલો જેવા, નીચેથી ઉપર સુધી, એક સરખી પહોળાઈવાળો છે.

**તે જમ્બૂ નામનું વૃક્ષ વાસ્તવમાં વૃક્ષ નથી, વનસ્પતિકાય નથી. એ તો વૃક્ષ જેવા આકારની પૃથિવી છે, પૃથિવીકાય છે. ૧૦-૧૩.**

## સરોવર, કમળ અને દેવીઓ

તે હિમવન આદિ પર્વતો પર સ્થિત સરોવર અને કમળ તથા તેમની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ તેમ જ કમળો પર રહેનારી દેવીઓ—આ બધી વાતોને સ્પષ્ટ કરનારા આગામી સૂત્ર આ પ્રકારે છે.

**पद्ममहापद्मतिगिंछकेसरिमहापुण्डरीकपुण्डरीकाका ह्रदा-स्तेषामुपरि ।।१४।।**

**प्रथमो योजनसहस्रायामस्तदर्द्धविष्कम्भो ह्रदः ।।१५।।**

**दशयोजनावगाहः ।।१६।।**

**तन्मध्ये योजनं पुष्करम् ।।१७।।**

**तद्द्विगुणद्विगुणा विस्ताराः ह्रदाः पुष्कराणि च ।।१८।।**

**तन्निवासिन्यो देव्यः श्रीह्रीधृतिकीर्तिबुद्धिलक्ष्म्यः पल्योपमस्थिततयः ससामानिकपारिषत्काः ।।१९।।**

*હિમવન આદિ પર્વતોની ઉપર ક્રમશઃ પદ્મ, મહાપદ્મ, તિગિંછ, કેશરી, મહાપુંડરિક અને પુંડરિક નામના સરોવર (તળાવ) છે.*

*પહેલું પદ્મ સરોવર એક હજાર યોજન લાંબું અને લંબાઈથી અડધું અર્થાત્ પાંચસો યોજન પહોળું છે.*

*પહેલું સરોવર દસ યોજન અવગાહ (ઉંડાઈ)વાળું છે.*

*એની વચ્ચે એક યોજનનું કમળ છે.*

*આગળના સરોવર અને કમળ, બમણા-બમણા વિસ્તારવાળા છે.*

*એ કમળોમાં ક્રમશઃ શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી— છ દેવીઓ સામાનિક અને પારિષદ દેવોની સાથે નિવાસ કરે છે. તથા એમની આયુ એક પલ્યોપમ છે.*

આ હિમવન, મહાહિમવન આદિ પર્વતો પર ક્રમશઃ પદ્મ, મહાપદ્મ આદિ સરોવર (તળાવ) છે.

પદ્મ નામનું પ્રથમ સરોવર (તળાવ), પૂર્વથી પશ્ચિમ સુધી એક હજાર યોજન લાંબુ અને ઉત્તરથી દક્ષિણ સુધી પાંચસો યોજન પહોળું છે. એનો તળભાગ વજ્રથી બનેલો છે. અન તેના કિનારે અનેક પ્રકારની મણિઓ અને સોનાથી ચિત્ર-વિચિત્ર છે, વિભિન્ન રંગોવાળા છે.

આ પદ્મ સરોવરની ઉંડાઈ દસ યોજન છે. અને તેમાં **એક યોજનનું કમળ બનેલ છે. આ કમળ વનસ્પતિકાયનું નથી કિંતુ એ કમળના આકારની પૃથિવી જ છે.**

**એની આગળ તિગિંછ સરોવર સુધીના સરોવર અને કમળની લંબાઈ-પહોળાઈ આદિની અપેક્ષાએ બમણાં-બમણાં વિસ્તારવાળા છે.**

કેશરી નામના સરોવરની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ તિગિંછ સરોવરની સમાન જ છે.

મહાપુંડરિક સરોવરની લંબાઈ, પહોળાઈ ને ઉંડાઈ કેશરીથી અર્ધી છે અને પુંડરિક સરોવરની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ મહાપુંડરિકથી અર્ધી છે.

આ રીતે પહેલું પદ્મ સરોવર, પૂર્વથી પશ્ચિમ સુધી એક હજાર યોજન લાંબું, ઉત્તરથી દક્ષિણ સુધી પાંચસો યોજન પહોળું છે તેમજ તેની ઉંડાઈ દશ યોજન છે અને તેમાં **એક યોજન લાંબુ-પહોળું કમળ છે.**

બીજું મહાપદ્મ સરોવર, બે હજાર યોજન લાંબું, એક હજાર યોજન પહોળું છે તેમ જ તેની ઊંડાઈ વીસ યોજન છે અને તેમાં **બે યોજન લાંબુ પહોળું કમળ છે.**

ત્રીજું તિગિંછ સરોવર, ચાર હજાર યોજન લાંબુ અને બે હજાર યોજન પહોળું છે. તેમજ તેની ઊંડાઈ ચાલીસ યોજન છે. અને તેમાં ચાર યોજન લાંબું-પહોળું કમળ છે.

ચોથું કેશરી સરોવર, ચાર હજાર યોજન લાંબુ અને બે હજાર યોજન પહોળું છે. તેમજ તેની ઉંડાઈ ચાલીસ યોજન છે અને **તેમાં ચાર યોજન લાંબુ-પહોળું કમળ છે.**

પાંચમું મહાપુંડરિક સરોવર, બે હજાર યોજન લાંબું અને એક હજાર યોજન પહોળું છે. તેમજ તેની ઉંડાઈ વીસ યોજન છે અને એમાં **બે યોજન લાંબુ-પહોળું કમળ છે.**

છઠ્ઠું પુંડરિક સરોવર એક હજાર યોજન લાંબું અને પાંચસો યોજન પહોળું તેમજ તેની ઉંડાઈ દસ યોજન છે અને તેમાં **એક યોજન લાંબુ-પહોળું કમળ છે.**

**તાત્પર્ય એ છે કે પદ્મ અને પુંડરિક તળાવ સમાન આકારવાળા છે, તે જ રીતે મહાપદ્મ અને મહાપુંડરિકની સ્થિતિ તથા તિગિંછ અને કેશરી સરોવરોની સ્થિતિ પણ સમાન જ છે.**

આ રીતે સુમેરુ પર્વતથી ઉત્તર ભાગની સંપૂર્ણ રચના દક્ષિણ ભાગની સમાન જ લાંબી-પહોળી છે.

તે પદ્મ, મહાપદ્મ, તિગિંછ આદિ સરોવરોના કમળોમાં એક પલ્યની સ્થિતિવાળી, **શ્રી, હ્રી, ધૃતિ આદિ દેવીઓ સામાનિક અને પારિષદ દેવોની સાથે રહે છે.**

એ રીતે પદ્મ નામના સરોવરના કમળમાં, **શ્રી** નામની દેવી, મહાપદ્મ નામના સરોવરના કમળમાં **હ્રી** નામની દેવી, તિગિંછ નામના સરોવરના કમળમાં **ધૃતિ** નામની દેવી, કેશરી નામના સરોવરના કમળમાં **કીર્તિ** નામની દેવી, મહાપુંડરિક નામના સરોવરના કમળમાં **બુદ્ધિ** નામની દેવી તેમજ પુંડરિક નામના સરોવરના કમળમાં **લક્ષ્મી** નામની દેવી રહે છે.

સામાનિક તથા પારિષદ દેવોની વિશેષ ચર્ચા, ચોથા અધ્યાયમાં કલ્પોપન્ન દેવોના સંદર્ભમાં થશે.

**એમાં શ્રી, હ્રી, ધૃતિ—આ દેવીઓ સૌધર્મ ઈન્દ્રની સેવામાં રહે છે તેમજ કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી—આ દેવીઓ ઈશાન ઈન્દ્રની સેવામાં રહે છે. ૧૪-૧૯.**

# ગંગા-સિંધુ આદિ નદીઓ

હિમવન આદિ પર્વતો પર સ્થિત પદ્મ આદિ સરોવરોથી ગંગા-સિંધુ આદિ ૧૪ નદીઓ નીકળે છે; જે ભરત આદિ સાત ક્ષેત્રોમાં વહે છે. તેની સ્થિતિ બતાવનારા સૂત્ર આ પ્રકારે છે.

**गंगासिन्धुरोहिद्रोहितास्याहरिद्धरिकान्तासीतासीतोदानारीनरकान्ता-सुवर्णरूप्यकूलारक्तारक्तोदाः सरितस्तन्मध्यगाः ॥२०॥**

**द्वयोर्द्वयोः पूर्वाः पूर्वगाः ॥२१॥**

**शेषास्त्वपरगाः ॥२२॥**

**चतुर्दशनदीसहस्रपरिवृता गंगासिन्ध्वादयो नद्यः ॥२३॥**

***ભરતક્ષેત્રમાં ગંગા-સિંધુ; હૈમવતક્ષેત્રમાં રોહિત-રોહિતાસ્યા; હરિક્ષેત્રમાં હરિત-હરિકાન્તા; વિદેહક્ષેત્રમાં સીતા-સીતોદા; રમ્યક્ક્ષેત્રમાં નારી-નરકાન્તા; હૈરણ્યવતક્ષેત્રમાં સ્વર્ણકૂલા-રૂપ્યકૂલા અને ઐરાવત-ક્ષેત્રમાં રક્તા-રક્તોદા—આ રીતે સાત ક્ષેત્રોની વચ્ચે નદીઓ વહે છે.***

***દરેક, બેના સમૂહમાંથી પહેલી નદી, પૂર્વની તરફ વહે છે, બાકી રહી સાત નદીઓ પશ્ચિમની તરફ જાય છે.***

***ગંગા અને સિંધુ નદીઓ ચૌદ ચૌદ હજાર સહાયક નદીઓથી ઘેરાયેલી છે.***

આ ગંગા-સિંધુ આદિ નદીઓ હિમવન આદિ પર્વતો પર સ્થિત, પદ્મ આદિ સરોવરોમાંથી નીકળે છે. પદ્મ નામના સરોવરથી ગંગા, સિંધુ અને રોહિતાસ્યા; મહાપદ્મ સરોવરથી રોહિત અને હરિકાન્તા; તિગિંછ નામના સરોવરથી હરિત અને સીતોદા; કેશરી નામના સરોવરથી સીતા અને નરકાન્તા; મહાપુંડરિક સરોવરથી નારી અને રૂપ્યકૂલા, તથા પુંડરિક નામના સરોવરથી સ્વર્ણકૂલા, રક્તા અને રક્તોદા નદીઓ નીકળે છે.

ભરતક્ષેત્રના ઉત્તરમાં હિમવન પર્વત છે, પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણમાં લવણ સમુદ્ર છે. ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્ધ પર્વત છે તે પૂર્વ-પશ્ચિમ લાંબો છે. તથા પચ્ચીસ યોજન ઉંચો અને પચાસ યોજન પહોળો છે.

ભૂમિથી દસ યોજન ઉપર જતાં, તે વિજયાર્ધ પર્વતની દક્ષિણ તથા ઉત્તરમં બે શ્રેણીઓ છે, **જેમાં વિદ્યાધરોના નગર વસેલ છે.**

ત્યાંથી વધારે ઉપર જતાં, પર્વતની ઉપર બંને બાજુ ફરી બે શ્રેણીઓ છે, **જેમાં વ્યંતરદેવ વસે છે.**

ત્યાંથી પાંચ યોજન ઉપર જતાં વિજયાર્ધ પર્વતનું શિખર તલ છે, **જેની ઉપર અનેક કૂટ બનેલ છે.**

આ પર્વતમાં બે ગુફાઓ છે, જે આરપાર છે. હિમવવ પર્વત પર સ્થિત પદ્મ સરોવરથી નીકળીને ગંગા-સિંધુ નદી આ જ ગુફાઓની દેહલીની નીચેથી નીકળીને લવણ સમુદ્રના દક્ષિણ ભાગને મળે છે.

**વિજયાર્ધ પર્વત તથા આ બે નદીઓને કારણે જ ભરતક્ષેત્રના છ ખંડ થઈ ગયા છે. ત્રણ ખંડ વિજયાર્ધના ઉત્તરમાં છે અને ત્રણ ખંડ દક્ષિણમાં છે. દક્ષિણના ત્રણ ખંડોની વચ્ચેનો ખંડ આર્યખંડ કહેવાય છે. બાકીના પાંચે મ્લેચ્છ ખંડ છે.**

તે ગુફાઓમાંથી પૂર્વદિશાવાળી ખંડપ્રપાત નામની ગુફાથી **ચક્રવર્તી ઉત્તરના ત્રણે ખંડોને જીતવા જાય છે અને પશ્ચિમ દિશાવાળી તિમિસ્ર નામની ગુફાથી પાછા આવે છે.**

એથી જ **આ પર્વતનું નામ વિજયાર્ધ** છે; કેમકે એના સુધી પહોંચતા ચક્રવર્તીનો અર્ધો વિજય થઈ જાય છે. ઉત્તરના ત્રણખંડોની વચ્ચેના ખંડમાં **વૃષભાચલ પર્વત છે, તેની ઉપર ચક્રવર્તી પોતાનું નામ ઉત્કીર્ણ કરી દે છે. (નામ કોતરી દે છે)**

પુરાણોમાં ચર્ચા આવે છે કે, **જ્યારે ભરત ચક્રવર્તી તે વૃષભાચલ પર્વત ઉપર પોતાનું નામ લખવા ગયા તો ત્યાં રંચમાત્ર જગ્યા ખાલી ન હતી.**

તાત્પર્ય એ છે કે અત્યાર સુધી ભરતક્ષેત્રમાં એટલા અધિક ચક્રવર્તી થઈ ગયા છે કે ભરત ચક્રવર્તીને પોતાનું નામ લખવા જગ્યા ન મળી. આખરે ભરતે એકનું નામ મિટાવીને પોતાનું નામ લખી દીધું.

ભરત ચક્રવર્તીને આ વાતનું અભિમાન હતું કે—હું ભરતક્ષેત્રનો પહેલો ચક્રવર્તી છું. પરંતુ આ બધું જોઈને તેમનું માન ગળી ગયું અને તે વિચારવા લાગ્યા કે જ્યારે આગળવો ચક્રવર્તી દિગ્વિજય કરીને અહીં આવશે તો તે મારું નામ મિટાવીને પોતાનું નામ લખી દેશે.

ઠેકઠેકાણે પટ્ટીઓ પર (પોતાનું) નામ લખાવવાવાળાએ પણ કાંઈક વિચારવું જોઈએ.

**ભરતક્ષેત્રની જેમ જ અંતનો ઐરાવતક્ષેત્ર પણ છે. તેમાં પણ વિજયાર્ધ પર્વત વગેરે છે. તથા વિજયાર્ધ પર્વત અને રક્તા-રક્તોદા નદીના કારણે તેના પણ છ ખંડ થઈ ગયા છે.**

બધા ક્ષેત્રોની વચ્ચે વિદેહક્ષેત્ર છે. આ ક્ષેત્ર નિષધ અને નીલ પર્વતની વચ્ચે સ્થિત છે. **ત્યાં મનુષ્ય આત્મધ્યાન દ્વારા કર્મોને નષ્ટ કરીને દેહના બંધનથી સદા છૂટતા રહે છે. એથી જ તેનું "વિદેહ" નામ પડ્યું છે. ત્યાં સદા ચોથા કાળ જેવી સ્થિતિ જ રહે છે.**

તે વિદેહક્ષેત્રની વચ્ચે સુમેરુ પર્વત છે. સુમેરુના પૂર્વદિશાવાળા ભાગને પૂર્વ વિદેહ અને પશ્ચિમ દિશાવાળા ભાગને પશ્ચિમ વિદેહ કહે છે.

નીલ પર્વતથી નીકળીને સીતા નદી પૂર્વવિદેહના મધ્યથી થઈને વહે છે અને નિષધ પર્વતથી નીકળીને સીતોદા નદી પશ્ચિમ વિદેહના મધ્યથી થઈને વહે છે. તેથી આ નદીઓના કારણે પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહના મધ્યથી થઈને વહે છે. તેથી આ નદીઓના કારણે પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહના પણ બે ભાગ થઈ ગયા છે. આ રીતે વિદેહના ચાર ભાગ છે.

પ્રત્યેક ભાગોમાં આઠ-આઠ ઉપવિભાગ છે. આ પ્રત્યેક ઉપવિભાગ એક-એક સ્વતંત્ર દેશ છે. એથી વિદેહક્ષેત્રમાં ૮x૪=૩૨ દેશ

છે, તે બધા વિદેહ કહેવાય છે. એ દેશોમાં પણ છ-છ ખંડ છે. ત્યાં એક દેશના એક-એક ચક્રવર્તી હોય છે, હોઈ શકે છે.

**સુમેરુ પર્વત એક લાખ ચાલીસ યોજન ઉંચો છે. જેમાં એક હજાર યોજન તો પૃથ્વીની અંદર તેનો પાયો છે અને ૯૯ હજાર યોજન પૃથ્વીની ઉપર છે. ઉપર ચાલીસ યોજનની ચૂલિકા છે.**

તેની ચારે બાજુ પૃથ્વી પર ભદ્રશાલ નામનું વન છે. તેમાં પાંચસો યોજન ઉપર જતાં, સુમેરુ પર્વતની ચારે બાજુની કટની પર **બીજું નંદન વન** છે.

નંદન વનથી સાડા બાસઠ હજાર યોજન ઉપર જઈને પર્વતની ચારે બાજુની કટની પર ત્રીજુ **સૌમનસ વન** છે.

સૌમનસવનથી છત્રીસ હજાર યોજન ઉંચાઈ પર પર્વતનું શિખર તળ છે. તેની વચ્ચે ચાલી યોજન ઉંચી ચૂલિકા છે. અને ચૂલિકાની ચારે બાજુ પાંડુકવન છે. આ વનની ચારે દિશાઓમાં પાંડુકશિલા, પાંડુકંબલ શિલા, રક્તશિલા અને રક્તકંબલ શિલા નામની ચાર શિલાઓ છે.

**તે શિલાઓ પર ભરતક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક પાંડુક શિલા પર, પશ્ચિમવિદેહક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક પાંડુકંબલા શિલા પર, ઐરાવતક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક રક્ત શિલા પર અને પૂર્વવિદેહક્ષેત્રના તીર્થંકરોના જન્માભિષેક રક્તકંબલ શિલા પર થાય છે.**

ગંગા-સિંધુ અને રક્તા-રક્તોદાની ૧૪-૧૪ હજાર સહાયક નદીઓ છે. રોહિત-રોહિતાસ્યા અને સ્વર્ણકૂલા-રૂપ્યકૂલાની ૨૮-૨૮ હજાર સહાયક નદીઓ છે, હરિત-હરિકાન્તા અને નારી-નરકાન્તાની ૫૬-૫૬ હજાર સહાયક નદીઓ છે. તેમજ સીતા-સીતોદાની ૧ લાખ ૧૨ હજાર સહાયક નદીઓ છે.૨૦-૨૩.

## ભરત આદિ ક્ષેત્રોનો વિસ્તાર

અત્યાર સુધી ભરત આદિ ક્ષેત્રો તેમજ હિમવન આદિ પર્વતોની વિવિધ પ્રકારથી ચર્ચા થઈ. **હવે તેમના વિસ્તારની ચર્ચા કરીએ છીએ.**

તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે—

**भरतः षड्विंशतिपंचयोजनशतविस्तारः षट्चैकोन-**

**विंशतिभागायोजनस्य ॥२४॥**

**तद्द्विगुणद्विगुणविस्तारा वर्षधरवर्षा विदेहान्ताः ॥२५॥**

**उत्तरा दक्षिणतुल्याः ॥२६॥**

***ભરતક્ષેત્રનો વિસ્તાર પાંચસો છવ્વીસ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગોમાંથી છ ભાગ અધિક છે.***

***વિદેહક્ષેત્ર સુધીના પર્વત અને ક્ષેત્ર, ભરતક્ષેત્રથી બમણા-બમણા વિસ્તારવાળા છે.***

***વિદેહક્ષેત્રથી ઉત્તરના ત્રણ પર્વત અને ત્રણ ક્ષેત્ર દક્ષિણના પર્વત અને ક્ષેત્રોની સમાન વિસ્તારવાળાં છે.***

**ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રમાં** પ્રત્યેકનો વિસ્તાર, પાંચસો છવ્વીસ તેમજ છ ઓગણીસાંશ (૫૨૬$^{૬}/_{૧૯}$) યોજન છે.

**હિમવન પર્વત** અને શિખરિણ પર્વતમાં, પ્રત્યેકનો વિસ્તાર એક હજાર બાવન તેમજ બાર ઓગણીસાંશ યોજન છે. (૧૦૫૨$^{૧૨}/_{૧૯}$)

**હૈમવતક્ષેત્ર** અને હૈરણ્યવતક્ષેત્રમાં, પ્રત્યેકનો વિસ્તાર બે હજાર એકસો પાંચ તેમજ પાંચ ઓગણીસાંશ (૨૧૦૫$^{૫}/_{૧૯}$) યોજન છે.

**મહાહિમવન પર્વત** અને રુક્મિ પર્વતમાં પ્રત્યેકનો વિસ્તાર, ચાર હજાર બસો દસ તેમજ દસ ઓગણીસાંશ (૪૨૧૦$^{૧૦}/_{૧૯}$) યોજન છે.

**હરિક્ષેત્ર અને રમ્યક્ક્ષેત્ર**માં પ્રત્યેકનો વિસ્તાર આઠ હજાર ચારસો એકવીસ તેમજ એક ઓગણીસાંશ (૮૪૨૧$^{૧}/_{૧૯}$) યોજન છે.

**નિષધ પર્વત અને નીલપર્વતમાં**, પ્રત્યેકનો વિસ્તાર સોળ હજાર આઠસો બેતાલીસ તેમજ બે ઓગણીસાંશ (૧૬૮૪૨$^{૨}/_{૧૯}$) યોજન છે.

**વિદેહક્ષેત્રનો વિસ્તાર** તેંત્રીસ હજાર છસો ચોરાસી તેમજ ચાર ઓગણીસાંશ (૩૩૬૮૪$^{૪}/_{૧૯}$) યોજન છે. ૨૪-૨૬.

## કાળચક્ર

તે **ક્ષેત્રોમાં કાળનું પરિવર્તન કઈ રીતે થાય છે?** હવે આગામી સૂત્રોમાં એ બતાવે છે.

**भरतैरावतयोर्वृद्धिह्रासौ षट्समयाभ्यामुत्सर्पिण्यवसर्पिणीभ्याम् ॥२७॥**

**ताभ्यामपरा भूमयोऽवस्थिताः ॥२८॥**

**एकद्वित्रिपल्योपमस्थितयो हैमवतकहारिवर्षकदैवकुरवकाः ॥२९॥**

**तथोत्तराः ॥३०॥**

**विदेहेषु संख्येयकालाः ॥३१॥**

**भरतस्य विष्कम्भो जम्बूद्वीपस्य नवतिशतभागाः ॥३२॥**

*છ કાળથી યુક્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી દ્વારા ભરત અને ઐરાવતક્ષેત્રમાં જીવોના અનુભવ આદિની વૃદ્ધિ-હાનિ થતી રહે છે.*

*ભરત અને ઐરાવતક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રોમાં એક જ અવસ્થા રહે છે, તેમાં કાળનું પરિવર્તન થતું નથી.*

*હૈમવત, હરિવર્ષ અને દેવકુરુના મનુષ્ય, તિર્યંચ—ક્રમથી એક પલ્ય, બે પલ્ય અને ત્રણ પલ્યના આયુવાળા હોય છે.*

*ઉત્તરના ક્ષેત્રોમાં રહેનારાં મનુષ્ય પણ દક્ષિણમાં સ્થિત હૈમવતાદિના મનુષ્યોની સમાન આયુવાળા હોય છે.*

*વિદેહક્ષેત્રોમાં મનુષ્ય અને તિર્યંચોની આયુ સંખ્યાત વર્ષની હોય છે.*

*ભરતક્ષેત્રનો વિસ્તાર જંબૂદ્વીપના એકસો નેવુમાં ભાગ જેટલો છે.*

**પ્રશ્ન—**ભરતક્ષેત્રનો વિસ્તાર પહેલા, પાંચસો છવ્વીસ તેમજ છ ઓગણીસાંશ ($૫૨૬^{૬}/_{૧૯}$) યોજન બતાવ્યો હતો હવે અહીં જંબૂદ્વીપના એકસો નેવુમો (૧૯૦મો) ભાગ બતાવો છે, આ ભિન્નતા કેમ છે?

**ઉત્તર**—બંનેમાં કોઈ અંતર નથી કેમકે એક લાખના એકસો નેવું હિસ્સા કરીએ, (એક લાખને એકસો નેવુથી ભાગીએ) તો ઉત્તર પાંચસો છવીસ તેમજ છ ઓગણીસાંશ (૫૨૬ $^{૬}/_{૧૯}$) જ આવે છે. માત્ર સરળતાને માટે આ સૂત્ર લખવામાં આવ્યું છે.

બીજી વાત એ છે કે જ્યાં ૫૨૬ $^{૬}/_{૧૯}$ યોજન લખેલ છે, ત્યાં ભરતક્ષેત્રના વિસ્તારનું માપ બતાવ્યું છે અને અહીં જંબૂદ્વીપનો ૧૯૦મો ભાગ લખીને, જંબૂદ્વીપના વિસ્તારથી ભરતક્ષેત્રના વિસ્તારની તુલના કરવામાં આવી છે.

જ્યાં **ઉત્સર્પિણી કાળમાં ક્રમશઃ વિકાસની પ્રક્રિયા છે, ત્યાં અવસર્પિણી કાળમાં ક્રમશઃ હ્રાસની પ્રક્રિયા છે.** ઉત્સર્પિણીમાં પ્રાણીઓના બળ-આયુ અને શરીર આદિનું પ્રમાણ ક્રમશઃ વધતું જાય છે અને અવસર્પિણીમાં તે જ ક્રમથી ઘટતું જાય છે. આ રીતે, જો **ઉત્સર્પિણી જો વધવાનું નામ છે તો અવસર્પિણી ઘટવાનું. ઉત્સર્પિણી અને અવસર્પિણી બંનેમાં, પ્રત્યેકનો કાળ દસ-દસ કોડાકોડી સાગર છે.**

આ રીતે કુલ મળીને **વીસ કોડાકોડી સાગરને એક કલ્પકાળ** હોય છે. પ્રત્યેક કલ્પકાળમાં **તીર્થંકરોની બે ચોવીસી થાય છે**—એક અવસર્પિણીમાં અને એક ઉત્સર્પિણામાં—

અવસર્પિણી કાળના છ ભેદ છે—(૧) સુખમા-સુખમા (૨) સુખમા (૩) સુખમા-દુઃખમા (૪) દુખમા-સુખમા (૫) દુઃખમા (૬) દુઃખમા-દુઃખમા.

એ જ રીતે ઉત્સર્પિણી પણ છ પ્રકારના હોય છે—(૬) દુઃખમા દુઃખમા (૫) દુઃખમા (૪) દુઃખમા-સુખમા (૫) સુખમા-દુઃખમા (૨) સુખમા (૧) સુખમા-સુખમા.

તે કાળોમાં સુખ-દુઃખની સ્થિતિ તેમના નામ પ્રમાણે જ હોય છે. અહીં સુખ શબ્દ લૌકિક સુખ (ભોગ)ના અર્થમાં પ્રયોજાયો છે.

**ત્રીજા કાળ સુધી ભોગની જ પ્રધાનતા રહે છે, એટલે સુધી કે આધ્યાત્મિક ઉન્નતિના તો અવસર જ પ્રાપ્ત નથી થતા.**

પહેલો કાળ (સુખમા-સુખમા) **ચાર કોડાકોડી સાગર**નો છે. બીજો કાળ (સુખમા) **ત્રણ કોડાકોડી સાગર**નો છે. ત્રીજો કાળ (સુખમા-દુ:ખમા) **બે કોડાકોડી સાગર**નો છે. ચોથો કાળ (દુ:ખમા-સુખમા) **એક કોડાકોડી સાગરમાં બેંતાલીસ હજાર વર્ષ ઓછા** છે. પાંચમો કાળ (દુ:ખમા) **એકવીસ હજાર વર્ષ** તથા છઠ્ઠો કાળ (દુ:ખમા-દુ:ખમા) પણ **એકવીસ હજાર વર્ષ**નો છે.

તીર્થંકરોની ઉત્પત્તિ ચતુર્થકાળ (દુ:ખમા-સુખમા) માં જ થાય છે અને મુક્તિમાર્ગ પણ ચતુર્થકાળમાં જ ચાલે છે. આ દૃષ્ટિથી ચતુર્થકાળ અત્યંત મહત્વપૂર્ણ છે.

ત્રીજાકાળમાં ચૌદ કુલકર અને ચતુર્થકાળમાં ત્રેસઠ શલાકા મહાપુરુષ થાય છે. ત્રેસઠ શલાકા મહાપુરુષ નીચે પ્રમાણે છે. **૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ, ૯ બળભદ્ર.**

વર્તમાન અવસર્પિણી કાળનો પંચમકાળ ચાલી રહ્યો છે. તેમાં ન તો કુલકર હોય છે અને ન તો ત્રેસઠ શલાકા મહાપુરુષોની ઉત્પત્તિ થાય છે. કોઈને મુક્તિ (મોક્ષ)ની પણ પ્રાપ્તિ થતી નથી. **ચોથા કાળમાં જે ત્રેસઠ શલાકા મહાપુરુષ થયેલ છે, ખાસ કરીને તેમના ચરિત્રોનું વર્ણન જ જૈન પુરાણોમાં કહેવાય છે.**

આ પ્રમાણે અત્યાર સુધી અનંત કલ્પકાળ વ્યતીત થઈ ગયા છે અને ભવિષ્યમાં પણ થશે. તે અનુસાર તીર્થંકરોની અનંત ચોવીસીઓ આ ભરતક્ષેત્રમાં થઈ ચુકી છે અને ભવિષ્યમાં પણ અનંત થશે. આવી જ વ્યવસ્થા ઐરાવતક્ષેત્રની છે.

**વિદેહક્ષેત્રની વ્યવસ્થા આનાથી અલગ પ્રકારની છે. ત્યાં હમેશા ચોથોકાળના પ્રારંભ જેવી જ સ્થિતિ રહે છે.**

અત્યારે ભરત-ઐરાવતક્ષેત્રમાં **હુંડાવસર્પિણીકાળ** ચાલી રહ્યો છે. અસંખ્યાત અવસર્પિણી-ઉત્સર્પિણી કાળ વ્યતીત થયા પછી એક **હુંડાવસર્પિણી** નામનો કાળ આવે છે. **આ કાળમાં કોઈક વિચિત્ર વાતો થાય છે.**

**ત્યારે ત્રીજાકાળમાં તીર્થંકરની ઉત્પત્તિ, ત્રીજાકાળમાં મોક્ષ, તીર્થંકરો ઉપર ઉપસર્ગ, ચક્રવર્તીના માનભંગ આદિ પ્રસંગો થયા છે.**

છઠ્ઠા દુઃખમા-દુઃખમા કાળના અંતમાં પ્રલય આવે છે.

સંપૂર્ણ આર્યખંડમાં પ્રલય થવાથી મનુષ્યોના બોતેર યુગલ અથવા અનેક મનુષ્યો શેષ રહી જાય છે તે વિજયાર્ધ પર્વતની ગુફામાં ચાલ્યા જાય છે.

પ્રલયકાળમાં ક્રમથી **સરસ, વિરસ, તીક્ષ્ણ, રૂક્ષ, ગરમ, વિષ અને ક્ષારવાળી વર્ષા સાત-સાત દિવસ વરસે છે. આમ ૪૯ દિવસ સતત વર્ષા વરસે છે.**

આ પ્રમાણે દસ કોડાકોડી સાગર પ્રમાણ **અવસર્પિણીનો કાળ** સમાપ્ત થાય છે.

ત્યારબાદ (પ્રલય પછી) દસ કોડાકોડી સાગર પ્રમાણ ઉત્સર્પિણીકાળનો પ્રારંભ થાય છે. તેમાં સર્વ પ્રથમ દુઃખમા-દુઃખમા નામનો છઠ્ઠો કાળ આવે છે. તેની શરૂઆતમાં ૪૯ દિવસ-રાત **ક્ષીરમેઘ** વરસે છે, પછી તેટલા જ દિવસ **અમૃત મેઘ** વરસે છે જેથી પૃથ્વી રૂખાપણું છોડી દે છે. આ મેઘના માહાત્મ્યથી વર્ણ આદિ ગુણ ઉત્પન્ન થાય છે. **ઔષધિ, વૃક્ષ, ગુલ્મ, તૃણ આદિ સરસ થઈ જાય છે.**

અવસર્પિણીના અંત સમયમાં જે યુગલ અથવા અનેક મનુષ્ય વિજયાર્ધ ગુફામાં પ્રવિષ્ટ થયા હતા, તેઓ ગુફાથી નીકળીને સરસ ઔષધિ અને ધાન્ય આદિનુ સેવન કરીને પોતાના જીવનને સહર્ષ વ્યતીત કરે છે.

આ બધી સ્થિતિ ભરત અને ઐરાવત ક્ષેત્રની છે.

દક્ષિણમાં સ્થિત હૈમવત ક્ષેત્રની અને ઉત્તરમાં સ્થિત હૈરણ્યવતક્ષેત્રની સ્થિતિ ત્રીજા કાળ (સુખમા-દુઃખમા)ની સમાન રહે છે. આયુ એક પલ્ય, ઉંચાઈ બે હજાર ધનુષ, આહાર એક દિવસ અંતરાલથી અને શરીરનો રંગ નીલ કમલની સમાન હોય છે.

દક્ષિણમાં સ્થિત હરિક્ષેત્રમાં અને ઉત્તરમાં સ્થિત રમ્યક્ ક્ષેત્રની

સ્થિતિ બીજા કાળ (સુખમા)ની સમાન રહે છે. આયુષ્ય બે પલ્ય, ઉંચાઈ ચાર હજાર ધનુષ, આહાર બે દિવસના અંતરાલથી અને શરીરનો રંગ શંખની સમાન સફેદ હોય છે.

દક્ષિણમાં સ્થિત દેવકુરુ ક્ષેત્રમાં અને ઉત્તરમાં સ્થિત પહેલા કાળ (સુખમા-સુખમા)ની સમાન રહે છે. આયુ ત્રણ પલ્ય, ઉંચાઈ છ હજાર ધનુષ, આહાર ત્રણ દિવસના અંતરાલથી અને શરીરનો રંગ સોના સમાન પીળો હોય છે.

પૂર્વ તેમજ પશ્ચિમ વિદેહક્ષેત્રના ૩૨ દેશોની સ્થિતિ સદા ચતુર્થ કાળ (દુઃખમા-સુખમા)ના આરંભની સમાન રહે છે.

ઉંચાઈ પાંચસો ધનુષ, દરરોજ ભોજન કરવાવાળા, ઉત્કૃષ્ટ આયુષ્ય એક કોટિ પૂર્વ પ્રમાણ અને જઘન્ય આયુ અંતર્મુહૂર્ત માત્ર છે.

પૂર્વના સંબંધમાં **સર્વાર્થસિદ્ધિ** નામના ગ્રંથમાં એક ટીકા છે જે આ પ્રમાણે છે—

**पुव्वस्स दु परिमाणं सदरिं खलु कोडिसदसहस्साइं ।**
**छप्पण्णं च सहस्सा बोद्धव्वा वासकोडीणं ।।**

એક પૂર્વનું પરિમાણ (માપ) સત્તર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ વર્ષ જાણવું જોઈએ

**તાત્પર્ય એ છે કે એક પૂર્વ, સત્તર લાખ છપ્પન હજાર કરોડ વર્ષનો હોય છે. ૨૭-૩૨.**

## ધાતકીખંડ તેમજ પુષ્કરાર્દ્ધ દ્વીપ

જંબૂદ્વીપની ચર્ચા પછી હવે **બીજો દ્વીપ ધાતકી ખંડ અને ત્રીજો દ્વીપ પુષ્કરાર્દ્ધની ચર્ચા કરે છે.**

**द्विर्धातकीखण्डे ।।३३।।**

**पुष्कराद्धे च ।।३४।।**

**प्राङ्मानुषोत्तरान्मनुष्याः ।।३५।।**

***ધાતકીખંડ નામના બીજા દ્વીપમાં, ક્ષેત્ર-કુલાચલ-મેરુ-નદી ઈત્યાદિ બધા પદાર્થોની રચના જંબૂદ્વીપથી બમણી-બમણી છે.***

***પુષ્કરાર્દ્ધદ્વીપમાં પણ બધી રચના જંબૂદ્વીપની રચનાથી બમણી-બમણી છે.***

***માનુષોત્તર પર્વત સુધી અર્થાત્ અઢી દ્વીપમાં જ મનુષ્ય હોય છે. માનુષોત્તર પર્વતથી આગળ ઋદ્ધિધારી મુનિ કે વિદ્યાધર પણ નથી જઈ શકતા.***

લવણોદધિ અને કાલોદધિ નામના સમુદ્રોને સ્પર્શ કરનારા અને દક્ષિણથી ઉત્તર સુધી લાંબા ઈષ્વાકાર નામના બે પર્વતોથી વિભક્ત થઈને, ધાતકીખંડદ્વીપના બે ભાગ થઈ જાય છે. પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ.

આ પૂર્વ અને પશ્ચિમ બંને ખંડોની વચ્ચે બે મેરુ પર્વત છે. આ બંનેની, બંને બાજુ ભરત આદિ ક્ષેત્ર અને હિમવન આદિ પર્વત છે. આ રીતે બે ભરત બે હિમવન ઈત્યાદિ રૂપથી જંબૂદ્વીપ કરતા ધાતકીખંડ દ્વીપમાં બમણી સંખ્યા જાણવી જોઈએ.

જંબૂદ્વીપમાં હિમવન આદિ પર્વતોનો જે વિસ્તાર છે, ધાતકીખંડ દ્વીપમાં હિમવન આદિ પર્વતોનો એનાથી બમણો વિસ્તાર છે. **જંબૂદ્વીપમાં જ્યાં જંબૂવૃક્ષ સ્થિત છે. ધાતકીખંડ દ્વીપમાં ધાતકીવૃક્ષ સ્થિત છે. એના સંબંધથી દ્વીપનું ધાતકીખંડ પ્રસિદ્ધિ છે.** તેને ઘેરીને કાલોદધિ સમુદ્ર છે કે જેનો વિસ્તાર આઠ લાખ યોજન છે. કાલોદધિને ઘેરીને પુષ્કર દ્વીપ છે. જેનો વિસ્તાર સોળ લાખ યોજન છે.

જે રીતે ધાતકીખંડ દ્વીપમાં હિમવન આદિનો વિસ્તાર કહ્યો છે, તે જ રીતે પુષ્કરાર્ધમાં હિમવન આદિનો વિસ્તાર બમણો બતાવ્યો છે. નામ તે જ છે. બે ઈષ્વાકાર અને બે મેરુ પર્વત પહેલાની જેમ જાણવા જોઈએ. જ્યાં જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષ છે ત્યાં પુષ્કરદ્વીપમાં પુષ્કરવૃક્ષ છે. એ જ કારણે આ દ્વીપનું પુષ્કરદ્વીપ એ નામ રૂઢ થયું છે.

**અઢી દ્વીપ અને એની મધ્યમાં આવનારા બે સમુદ્ર—એ મનુષ્યલોક છે. મનુષ્ય આ જ ક્ષેત્રમાં હોય છે. માનુષોત્તર પર્વત મનુષ્યલોકની સીમા પર સ્થિત હોવાથી તેનું નામ માનુષોત્તર એ સાર્થક છે.**

મનુષ્ય આ જ ક્ષેત્રમાં રહે છે. એનાથી બહાર જવું સંભવ નથી. એનો અર્થ એ છે કે—ગર્ભમાં આવ્યા પછી મરણ સુધી ઔદારિક શરીર કે આહારક શરીરની સાથે તેઓ આ ક્ષેત્રની બહાર જઈ શકતા નથી.

સમ્મૂર્ચ્છન મનુષ્ય તો આર્યખંડની મહિલાઓના ઔદારિક શરીરના આશ્રયથી હોય છે. એ કારણે તેમનું મનુષ્યલોકની બહાર જવું, સંભવ નથી.

પરંતુ એનો અર્થ, એ નથી કે, કોઈપણ અવસ્થામાં મનુષ્ય જીવ આ ક્ષેત્રની બહાર જોવા મળતા નથી (હોતા નથી) એવી ત્રણ અવસ્થાઓ છે, જેના હોવાથી મનુષ્ય જીવ આ ક્ષેત્રની પણ બહાર હોય છે.

(૧) મનુષ્ય મરીને અઢીદ્વીપની બહાર ઉત્પન્ન થનારાં છે. તેઓ જો મરણની પહેલાં મારણાન્તિક સમુદ્‌ઘાત કરે, તો તેના દ્વારા તેના આત્મપ્રદેશોનું અઢીદ્વીપની બહાર ગમન દેખાય છે. (જોવામાં આવે છે.)

(૨) અઢીદ્વીપની બહાર નિવાસ કરનારા જે જીવ, મરીને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તેમને મનુષ્ય આયુ અને મનુષ્યગતિ નામકર્મનો ઉદય હોવા છતાં અઢીદ્વીપમાં પ્રવેશ કરવા પહેલાં, તેનું આ ક્ષેત્રની બહાર અસ્તિત્વ જોવામાં આવે છે.

(૩) કેવલી સમુદ્‌ઘાતના સમયે તેમના આત્મપ્રદેશોને મનુષ્યલોકની બહાર અસ્તિત્વ જોવામાં આવે છે.

**આ ત્રણ અપવાદોને છોડીને, બીજી કોઈ અવસ્થામાં મનુષ્યોનું, મનુષ્યલોકની બહાર અસ્તિત્વ જોવામાં આવતું નથી.**

**અઢીદ્વીપમાં પાંચ મેરુ પર્વત છે, જેના નામ; સુદર્શનમેરુ, વિજય મેરુ, અચલ મેરુ, મંદર મેરુ અને વિદ્યુન્માલી મેરુ છે.**

જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં સુદર્શન નામનો મેરુ છે તેને સુમેરુ પર્વત પણ કહે છે.

પૂર્વ ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં વિજય નામનો મેરુ છે.

પશ્ચિમ ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં અચલ નામનો મેરુ છે.

પૂર્વ પુષ્કરાર્ધના વિદેહક્ષેત્રમાં, મંદર નામનો મેરુ છે.

પશ્ચિમ પુષ્કરાર્ધના વિદેહક્ષેત્રમાં, વિદ્યુન્માલી નામનો મેરુ છે.

આ બધાની વાસ્તવિક સ્થિતિને નિમ્નાંકિત અઢીદ્વીપના માનચિત્રથી સારી રીતે સમજી શકાય છે. ૩૩-૩૫.

અઢી દ્વીપ ચિત્ર

## મનુષ્યોના પ્રકાર

અઢીદ્વીપમાં રહેનારા મનુષ્યોની ચર્ચાના સંદર્ભમાં હવે તેના અનેક પ્રકારોની ચર્ચા કરે છે.

**आर्या म्लेच्छाश्च ।।३६।।**

***આર્ય અને મ્લેચ્છના ભેદથી મનુષ્ય બે પ્રકારના છે.***

મનુષ્ય બે પ્રકારના છે. આર્ય અને મ્લેચ્છ. આર્ય મનુષ્ય પણ બે પ્રકારના હોય છે—ઋદ્ધિધારી અને ઋદ્ધિ વિનાના.

જે આઠ પ્રકારની ચોસઠ ઋદ્ધિઓમાંથી કોઈ એક કે એકથી અધિક ઋદ્ધિના ધારી હોય છે તેમને ઋદ્ધિ પ્રાપ્ત આર્ય કહે છે.

જેને કોઈ ઋદ્ધિ પ્રાપ્ત નથી, તે ઋદ્ધિ વિનાના આર્ય છે.

ઋદ્ધિ વિનાના આર્ય પાંચ પ્રકારના હોય છે. ક્ષેત્ર આર્ય, જાતિ આર્ય, કર્મ આર્ય, ચારિત્ર આર્ય અને દર્શન આર્ય.

કાશી, કોશલ આદિ આર્યક્ષેત્રોમાં જન્મ લેનારા મનુષ્ય **ક્ષેત્ર આર્ય** છે.

ઈક્ષ્વાકુ, ભોજ આદિ વંશોમાં જન્મ લેનારા મનુષ્ય **જાતિ આર્ય** છે.

કર્મ આર્ય ત્રણ પ્રકારના હોય છે—**સાવદ્યકર્મ આર્ય, અલ્પ સાવદ્યકર્મ આર્ય અને અસાવદ્યકર્મ આર્ય.**

સાવદ્યકર્મ આર્ય છ પ્રકારના હોય છે—

(૧) તલવાર વગેરે અસ્ત્ર-શસ્ત્રો દ્વારા રક્ષા અથવા યુદ્ધ આદિ કરવાની જીવિકા કરે છે, તેઓ **અસિકર્મ આર્ય** છે.

(૨) જે આવક-વ્યય વગેરે લખવાની આજીવિકા કરે છે, તેઓ **મસિકર્મ આર્ય** છે.

(૩) જે ખેતી દ્વારા આજીવિકા કરે છે, તેઓ **કૃષિકર્મ આર્ય** છે.

(૪) જે વિવિધ કલાઓમાં પ્રવીણ છે અને એનાથી જ આજીવિકા કરે છે તેઓ **વિદ્યાકર્મ આર્ય** છે.

(૫) ધોબી, હજામ, કુંભાર, લુહાર, સોની વગેરે **શિલ્પકર્મ આર્ય** છે.

(૬) વણિજ—વ્યાપાર કરનારા **વણિકકર્મ આર્ય** છે.

આ છયે સાવદ્યકર્મ આર્યને હોય છે. એમાં જે અણુવ્રતી શ્રાવક હોય છે, તેઓ **અલ્પ સાવદ્યકર્મ આર્ય** હોય છે અને પૂર્ણ સંયમી સાધુ **અસાવદ્યકર્મ આર્ય** છે.

૧. ચારિત્ર આર્ય બે પ્રકારના હોય છે. જે ઉપદેશ વિના, સ્વયં જ ચારિત્રનું પાલન કરે છે.

૨. જે બીજાના ઉપદેશથી ચારિત્રનું પાલન કરે છે.

**સમ્યગ્દષ્ટિ મનુષ્ય દર્શન આર્ય છે.**

મ્લેચ્છ બે પ્રકારના હોય છે. ૧. અંતર્દ્વીપજ અને ૨. કર્મભૂમિજ.

(૧) લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્રની અંદર જે છન્નુ દ્વીપ છે, ત્યાંના રહેનારા મનુષ્ય, **અન્તર્દ્વીપજ મ્લેચ્છ** કહેવાય છે. તેમની આકૃતિ આહાર-વિહાર બધુ અસંસ્કૃત હોય છે.

(૨) મ્લેચ્છ ખંડોના અધિવાસી મનુષ્ય **કર્મભૂમિજ મ્લેચ્છ** કહેવાય છે.

# કર્મભૂમિ અને ભોગભૂમિ

હવે **અઢીદ્વીપમાં કર્મભૂમિઓ અને ભોગભૂમિઓ ક્યાં ક્યાં છે**—તે સ્પષ્ટ કરે છે.

**भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ।।३७।।**

***પાંચ મેરુ સંબંધી પાંચ ભરત, પાંચ ઐરાવત, દેવકુરુ તથા ઉત્તરકુરુ—આ બંને સિવાય પાંચ વિદેહ—આ રીતે અઢીદ્વીપમાં કુલ પંદર કર્મભૂમિઓ છે.***

જ્યાં શુભ-અશુભ કર્મો (કાર્ય)ને કરવાની અને આઠ કર્મોના નાશ કરવાની પ્રધાનતા હોય, તેને **કર્મભૂમિ** કહે છે.

કર્મભૂમિના જીવ પાપનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરે, તો **સાતમી નરક સુધી જઈ શકે છે.** પુણ્યનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરે, તો **સર્વાર્થસિદ્ધિમાં જઈ શકે છે** અને કર્મના નાશનો પુરુષાર્થ કરે, તો **મોક્ષ પણ જઈ શકે છે.**

ચારે ગતિઓના અને પંચમગત-મોક્ષના રસ્તા આ કર્મભૂમિઓથી ખૂલે છે.

ભોગભૂમિમાં કર્મની નહીં, ભોગવવાની પ્રધાનતા હોય છે ત્યાં આજીવિકાને માટે કાંઈ કરવું પડતું નથી, **બધી જ ભોગસામગ્રી કલ્પવૃક્ષોથી ઉપલબ્ધ થઈ જાય છે. (મળી જાય છે).**

ભોગભૂમિના જીવ મરીને નિયમથી દેવગતિમાં જ જાય છે ન તો તેઓ નરકાદિ ગતિઓમાં જાય છે અને ન તો મોક્ષમાં.

**અઢીદ્વીપમાં આ કર્મભૂમિઓ ૧૫ અને ભોગભૂમિઓ ૩૦ છે.**

પાંચ ભરત, પાંચ ઐરાવત, દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને ૫ વિદેહ—આ પંદર કર્મભૂમિઓ છે. એનો ખુલાસો આ પ્રમાણે છે.

જંબૂદ્વીપમાં એક ભરત—એક ઐરાવત—દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને એક વિદેહ——**આ ત્રણ.**

ધાતકીખંડ દ્વીપમાં બે ભરત–બે ઐરાવત–દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને બે વિદેહ—**આ છ.**

પુષ્કરાર્ધ દ્વીપમાં બે ભરત–બે ઐરાવત–દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને બે વિદેહ—**આ છ.**

**આ રીતે, આ ૧૫ કર્મભૂમિઓ છે.**

દેવકુરુ, ઉત્તરકુરુ, હૈમવત, હરિવર્ષ, રમ્યક્ અને હૈરણ્યવત્–આ **ભોગભૂમિઓ** કહેવાય છે. આનો ખુલાસો આ રીતે છે.

જંબૂદ્વીપમાં એક હેમવત, એક હરિ, એક રમ્યક્, એક હૈરણ્યવત્, એક દેવકુરુ અને એક ઉત્તરકુરુ–**આ છ.**

ધાતકીખંડ દ્વીપમાં બે હૈમવત બે હરિ, બે રમ્યક્, બે હૈરણ્યવત, બે દેવકુરુ અને બે ઉત્તરકુરુ–**આ બાર.**

પુષ્કરાર્ધદ્વીપમાં બે ભરત, બે ઐરાવત, દેવકુરુને છોડીને બે વિદેહ **આ છ.**

**આ રીતે આ ૩૦ ભોગભૂમિઓ છે.**

**આ રીતે અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિઓ અને ૩૦ ભોગભૂમિઓ– કુલ ૪૫ ભૂમિઓ છે. ૩૭.**

## મનુષ્ય અને તિર્યંચોની સ્થિતિ

હવે અધ્યાયના અંતમાં, મનુષ્ય અને તિર્યંચોની આયુકર્મની સ્થિતિનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**नृस्थिती परावरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।।३८।।**

**तिर्यग्गोनिजानां च ।।३९।।**

**મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્ય અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.**

**મનુષ્યોની સ્થિતિની સમાન જ તિર્યંચોની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્ય અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત છે.**

પલ્યોનું સ્વરૂપ સાગરના સ્વરૂપની સાથે સ્પષ્ટ કરવામાં આવી ગયું છે.

**પલ્ય ત્રણ પ્રકારના હોય છે. વ્યવહારપલ્ય, ઉદ્ધારપલ્ય અને આધાપલ્ય.**

આ ત્રણ પલ્યોમાંથી પહેલો **વ્યવહારપલ્ય** તો કેવળ બે પલ્યોના નિર્માણનું મૂળ છે. તેના જ આધાર પર, ઉદ્ધારપલ્ય અને અદ્ધાપલ્ય બને છે. એથી જ એને વ્યવહારપલ્યનું નામ દેવામાં આવ્યું છે.

ઉદ્ધારપલ્યના રોમો દ્વારા, દ્વીપ અને સમુદ્રોની સંખ્યા ગણવામાં આવે છે અને **અદ્ધાપલ્ય દ્વારા નારકીઓની, તિર્યંચોની, દેવો અને મનુષ્યોની આયુકર્મોની સ્થિતિ વગેરે જાણવામાં આવે છે.**

તે સૂત્રોમાં, મનુષ્ય અને તિર્યંચોની આયુની ઉત્કૃષ્ટ સ્થિતિ **ત્રણ પલ્ય**ની કહેવામાં આવી છે. તેમાં પલ્યના રૂપમાં અદ્ધાપલ્યને જાણવું જોઈએ.

**દસ કોડાકોડી અદ્ધાપલ્યનો એક સાગર થાય છે.**

**તિર્યંચ ત્રણ પ્રકારના હોય છે**—એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય.

એકેન્દ્રિયોમાં શુદ્ધ પૃથિવીકાયિક જીવોની આયુ **બાર હજાર વર્ષ** હોય છે અને ખર પૃથિવીકાયની આયુ **બાવીસ હજાર વર્ષ** હોય છે.

જલકાયિક જીવોની આયુ **સાત હજાર વર્ષ,** વાયુકાયિકની **ત્રણ હજાર વર્ષ** અને વનસ્પતિકાયિકની **દસ હજાર વર્ષ** ઉત્કૃષ્ટ આયુ હોય છે.

અગ્નિકાયિકની આયુ **ત્રણ દિવસ–રાત** હોય છે.

વિકલેન્દ્રિયોમાં બે ઇન્દ્રિયોની ઉત્કૃષ્ટ આયુ **બાર વર્ષ**, ત્રણ ઇન્દ્રિયોની ઉત્કૃષ્ટ આયુ **ઓગણપચાસ રાત-દિન** અને ચાર ઇન્દ્રિયોની **છ માસ** હોય છે.

પંચેન્દ્રિયોમાં જલચર જીવોની ઉત્કૃષ્ટ આયુ **એક પૂર્વ કોટિ**, નકુલ વગેરેમાં **નવ પૂર્વાંગ** સર્પોની **બેતાલીસ હજાર વર્ષ,** પક્ષીઓમાં **બોંતેર હજાર વર્ષ** અને ચોપગાઓની **ત્રણ પલ્ય** હોય છે.

**બધાની જઘન્ય આયુ એક અંતર્મુહૂર્તની હોય છે.**

આ રીતે આ ત્રીજા અધ્યાયમાં, નારકી-મનુષ્ય અને તિર્યંચો તથા કેટલાક દેવોને રહેવાના સ્થાન આદિની ચર્ચા થઈ. એ જ પ્રસંગે અધોલોક અને મધ્યલોક (તિર્યગલોક)ની પણ ચર્ચા થઈ.

આ પ્રમાણે અહિંયા ત્રીજો અધ્યાય પૂરો થાય છે.

# ચોથો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

**ચારે ગતિના જીવ ક્યાં ક્યાં રહે છે?** આ સંદર્ભમાં ત્રીજા અધ્યાયમાં, ત્રણ લોકની ચર્ચા આરંભ થઈ હતી. કેમકે એક આકાશ (અલોકાકાશ) સિવાય બાકીના પાંચ દ્રવ્ય તો લોકાકાશમાં જ રહે છે. લોકાકાશ ત્રણ લોકમાં વિભાજિત છે.

**નારકી અધોલોકમાં** રહે છે અને **મનુષ્ય મધ્યલોકમાં**; પરંતુ **તિર્યંચ અને દેવ ત્રણેલોકમાં હોય છે.** પાંચે સૂક્ષ્મ સ્થાવરકાયિક જીવ પણ તિર્યંચ જ છે અને તે સર્વત્ર મળે છે (હોય) છે.

દેવોમાં પણ કેટલાક વ્યંતર અને ભવનવાસી પ્રથમ નરકના ખર અને પંક ભાગના રૂપમાં અધોલોકમાં તથા કેટલાક વ્યંતર મધ્યલોકમાં રહે છે.

જ્યોતિષી તો મધ્યલોકમાં રહે જ છે. **એક વૈમાનિક દેવ જ છે, જે ઉર્ધ્વલોકમાં રહે છે, સ્વર્ગોમાં રહે છે.**

અધોલોક અને મધ્યલોકની ચર્ચા ત્રીજા અધ્યાયમાં થઈ ચૂકી છે. જોકે હવે ઉર્ધ્વલોકની ચર્ચા પ્રસંગપ્રાપ્ત છે તોપણ, હજી દેવગતિના જીવોની ચર્ચા પણ ઘણી બાકી છે, એથી **સર્વપ્રથમ દેવોની ચર્ચા આરંભ કરે છે.**

# દેવગતિ

હવે દિવ્યભોગોને ભોગવવાવાળા દેવોની ચર્ચા કરે છે.

**देवाश्चतुर्णिकायाः ॥१॥**

**आदितस्त्रिषु पीतान्तलेश्याः ॥२॥**

***દેવોના ચાર નિકાય હોય છે. અથવા દેવ ચાર નિકાયવાળા છે.***

***આરંભના ત્રણ નિકાયોમાં, પીત છે અંતમાં જેને એવી ચાર લેશ્યાઓ હોય છે. તાત્પર્ય એ છે કે, ભવનવાસી-વ્યંતર અને જ્યોતિષીઓમાં, કૃષ્ણ-નીલ-કાપોત અને પીત—આ ચાર લેશ્યાઓ હોય છે.***

***કોઈપણ વસ્તુના સમૂહને કાય કહે છે અને કાયોના સમૂહને નિકાય કહે છે. અહીં દેવોના સમૂહોના સમૂહની ચર્ચા છે; એથી એને ચાર નિકાયવાળા કહ્યા છે.***

દેવગતિ નામકર્મના ઉદયથી જે અનેક પ્રકારની બાહ્ય વિભૂતિથી **દ્વીપ-સમુદ્ર આદિ અનેક સ્થાનોમાં ઈચ્છાનુસાર ક્રીડા કરે છે, તે દેવ કહેવાય છે.**

તે દેવ ચાર પ્રકારના હોય છે. (૧) **ભવનવાસી,** (૨) **વ્યંતર,** (૩) **જ્યોતિષી** (૪) **વૈમાનિક.**

કષાયથી અનુરંજિત યોગ પ્રવૃત્તિને લેશ્યા કહે છે. આ લેશ્યાઓ છ પ્રકારની હોય છે. જેના નામ ક્રમવાર આ પ્રમાણે છે.

**૧. કૃષ્ણ, ૨. નીલ, ૩. કાપોત, ૪. પીત, ૫. પદ્મ, ૬. શુક્લ.**

દ્રવ્ય લેશ્યા તો નામ અનુસાર જ હોય છે. તાત્પર્ય એ છે કે, વર્ણ-રંગની અપેક્ષાએ કૃષ્ણલેશ્યાવાળાઓના શરીરનો રંગ **ભમરા સમાન કાળો.** નીલ લેશ્યાવાળાઓનો રંગ **નીલમણિ સમાન નીલો.** કાપોત લેશ્યાવાળાઓનો રંગ, **કબૂતર સમાન સલેટી (રાખોડી-ગ્રે)** કાબરચિતરી. પીત લેશ્યાવાળાઓનો રંગ, **સુવર્ણ સમાન પીળો અથવા સોનેરી.** પદ્મ લેશ્યાવાળાઓનો રંગ **કમળ સમાન.** શુક્લ લેશ્યાવાળાઓનો રંગ, **શંખની સમાન સફેદ** હોય છે.

**ભાવલેશ્યા સંક્લેશ અને વિશુદ્ધ પરિણામોના તારતમ્યરૂપ છે.**

કૃષ્ણ, નીલ અને કાપોત—આ ત્રણ લેશ્યાઓ **અશુભભાવરૂપ છે. સંક્લેશ પરિણામના તારતમ્યરૂપ છે.** પીત, પદ્મ અને શુક્લ લેશ્યાઓ **શુભભાવરૂપે છે. વિશુદ્ધ પરિણામના તારતમ્યરૂપ છે.**

તાત્પર્ય એ છે કે કૃષ્ણ લેશ્યા અશુભતમ સંક્લેશરૂપ છે. નીલ લેશ્યા અશુભતર સંક્લેશરૂપ છે અને કાપોત લેશ્યા **અશુભ સંક્લેશરૂપ છે.**

એ જ રીતે, પીત લેશ્યા શુભ વિશુદ્ધભાવરૂપ છે. પદ્મલેશ્યા શુભતર વિશુદ્ધભાવરૂપ છે અને શુક્લલેશ્યા શુભતમ વિશુદ્ધભાવરૂપ છે.

આ લેશ્યાઓના સ્વરૂપને આપણે નિમ્નાંકિત (નીચે બતાવેલ) ઉદાહરણથી સમજી શકીએ છીએ—

છ વ્યક્તિ એક જંગલમાં ભટકી (ભૂલા પડી) જાય છે ભૂખ્યા-તરસ્યા તે લોકો, પાકેલ કેરીથી લદાયેલા આમ્રવૃક્ષને જોઈને, આ રીતે વિચારે છે.

૧. કૃષ્ણ લેશ્યાના અશુભતમ પરિણામવાળો વિચારે છે કે આ ઝાડને મૂળથી ઉખાડીને તેના ફળને ખાઈશ. ૨. નીલ લેશ્યાના અશુભતર પરિણામોવાળો વિચારે છે કે—હું ડાળી કાપીને મારું પેટ ભરીશ. ૩. કાપોત લેશ્યાના અશુભ પરિણામોવાળો વિચારે છે કે—નાની ડાળીઓને કાપીને પોતાનું પેટ ભરીશ.

૪. શુભભાવરૂપ પીત લેશ્યાવાળો વિચારે છે કે—હું તો ઝૂમખાને તોડીને પોતાની ભૂખ મિટાવી લઈશ. ૫. શુભતર પદ્મલેશ્યાવાળો વિચારે છે કે,—હું તો માત્ર પાકા પાકા ફળ જ તોડીશ. ૬. પરંતુ શુભતમ લેશ્યાવાળો વિચારે છે કે,—હું તો સ્વયં તૂટેલા અને જમીન પર પડેલા ફળોથી જ પોતાનું કામ ચલાવી લઈશ.

**ધ્યાનમાં રાખવાની વાત એ છે કે, પેટ તો બધાને ભરવું છે. ભૂખ તો બધાને મટાડવી છે. પરંતુ તેના પરિણામોમાં જે અંતર છે, તે જ લેશ્યાઓના સ્વરૂપમાં અંતર છે.**

ધ્યાનમાં રાખવું, આરંભની ત્રણ નિકાયવાળા ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોની પર્યાપ્ત અવસ્થામાં તો એકમાત્ર પીત લેશ્યા જ હોય છે. કિંતુ અપર્યાપ્ત અવસ્થામાં આરંભની ત્રણ અશુભ લેશ્યાઓ જોવા મળે છે. (હોય છે). ૧-૨.

## દેવોના ઇન્દ્ર-સામાનિક આદિ દશ ભેદ

ભવનવાસી આદિ ચાર પ્રકારના દેવોના—અસુરકુમાર, નાગકુમાર આદિ અવાંતર ભેદ (પેટાભેદ) પણ હોય છે. તથા જે રીતે મનુષ્યોમાં વ્યવસ્થાની દૃષ્ટિથી, રાજા-મંત્રી-સેનાપતિ-સેના-પોલિસ આદિ ભેદ હોય છે, તે જ રીતે, દેવોમાં પણ ઇન્દ્ર, સામાનિક આદિના ભેદ જોવા મળે છે. (હોય છે). હવે તેની ચર્ચા કરે છે—

**दशाष्टपंचाद्वादशविकल्पाः कल्पोपन्नपर्यन्ताः ॥३॥**

**इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषदात्मरक्षलोकपालानीकप्रकीपर्णका-भियोग्यकिल्विषिकाश्चैकशः ॥४॥**

**त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ॥५॥**

***કલ્પોપન્ન દેવો સુધી ચાર નિકાયોના ક્રમશઃ—દશ, આઠ, પાંચ, બાર ભેદ હોય છે. તાત્પર્ય એ છે કે, ભવનવાસી દેવ દશ પ્રકારના, વ્યંતર દેવ આઠ પ્રકારના, જ્યોતિષીદેવ પાંચ પ્રકારના અને કલ્પવાસી દેવ બાર પ્રકારના હોય છે.***

***ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્વિષિક—આ દશ પ્રકાર છે.***

***વ્યંતરો અને જ્યોતિષી દેવોમાં, ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ હોતા નથી. તેમના બાકીના ઈન્દ્ર આદિ આઠ પ્રકાર હોય છે.***

ભવનવાસી આદિના અવાંતર ભેદોની ચર્ચા નામ સહિત આગળના સૂત્રોમાં પૃથક્થી થશે.

એથી હવે અહીં ઈન્દ્ર આદિ દશ પ્રકારોની ચર્ચા કરે છે.—

૧. જે, અન્યદેવોમાં ન જોવા મળે એવા, અસાધારણગુણોથી શોભિત હોય છે; જેની આજ્ઞા ચાલે છે અને જે ઐશ્વર્યવાળા છે; તે **ઈન્દ્ર** છે.

૨. આજ્ઞા અને ઐશ્વર્ય છોડીને, જે સ્થાન-આયુ-વીર્ય-પરિવાર

અને ભોગોપભોગ આદિમાં ઇન્દ્રોની સમાન છે, તેમને **સામાનિક** કહે છે. એ લોકો રાજાના પિતા, ગુરુઓ અને ઉપાધ્યાયો સમાન હોય છે.

૩. જે મંત્રી અને પુરોહિતોની સમાન હિત ચાહવાવાળા હોય છે; તેઓ ત્રાયસ્ત્રિંશ હોય છે. તેઓ તેત્રીસ હોય છે માટે **ત્રાયસ્ત્રિંશ** કહેવાય છે.

૪. જે ઇન્દ્રસભામાં મિત્રો અને સ્નેહીજનોની સમાન બેસતા હોય, તેઓ **પારિષદ** છે. તે ઇન્દ્રની સભાના સદસ્ય(સભ્ય) છે.

૫. જે અંગરક્ષકોની સમાન હો, તેઓ **આત્મરક્ષ** કહેવાય છે.

૬. જે અર્થચરોની સમન રક્ષક છે તેઓ લોકના પાલન કરનારા **લોકપાલ** છે.

૭. જે પદાતિ (પાયદળ) ઘોડેસવાર આદિ સાત પ્રકારની સેનાની સમાન હોય છે, તે **અનીક** કહેવાય છે.

૮. જે નાગરિકોની સમાન ફેલાયેલા રહે છે, તેઓ **પ્રકીર્ણક** છે.

૯. જે દાસોની સમાન વાહન (ઐરાવત હાથી) આદિ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, તે **આભિયોગ** છે.

૧૦. પાપકર્મોની બહુલતાવાળા (અધિકતાવાળા) **કિલ્વિષિક** કહેવાય છે.

ઉક્ત દશે પ્રકારોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ—આ બે પ્રકાર, વ્યંતર અને જ્યોતિષીદેવોમાં હોતા નથી.૩-૫.

## ઇન્દ્ર કેટલા?

ઉક્ત (તે) ચાર નિકાયના દેવોમાં, ક્યાં-ક્યાં કેટલા-કેટલા ઇન્દ્ર હોય છે?

**पूर्वयोर्द्वीन्द्राः ॥६॥**

***પહેલાના બે નિકાયોમાં, બે-બે ઈન્દ્ર હોય છે.***

તાત્પર્ય એ છે કે પહેલાનાં બે નિકાયો અર્થાત્ ભવનવાસી અને વ્યંતરોના બધા પ્રકારોમાં બે-બે ઇન્દ્ર હોય છે. આ રીતે ભવનવાસીઓમાં વીસ અને વ્યંતરોમાં સોળ ઇન્દ્ર હોય છે.

**ભવનવાસીઓમાં—**

૧. **અસુરકુમારોના** ચમર અને વૈરોચન—આ બે ઈન્દ્ર હોય છે.
૨. **નાગકુમારોના** ધરણાનન્દ અને ભૂતાનન્દ—આ બે ઈન્દ્ર છે.
૩. **વિદ્યુતકુમારોના** ઘોષ અને મહાઘોષ—આ બે ઈન્દ્ર છે.
૪. **સુપર્ણકુમારોના** વેણુદેવ અને વેણુધારી—આ બે ઈન્દ્ર છે.
૫. **અગ્નિકુમારોના** અગ્નિશિખી અને અગ્નિવાહન—આ બે ઈન્દ્ર છે.
૬. **વાતકુમારોના** વેલંબ અને પ્રભંજન—આ બે ઈન્દ્ર છે.
૭. **સ્તનિતકુમારોના** હરિષેણ અને હરિકાન્ત—આ બે ઈન્દ્ર છે.
૮. **ઉદધિકુમારોના** જલકાન્ત અને જલપ્રભ—આ બે ઈન્દ્ર છે.
૯. **દીપકુમારોના** પૂર્ણ અને વશિષ્ટ—આ બે ઈન્દ્ર છે.
૧૦. **દિક્કુમારોના** અમિતગતિ અને અમિતવાહન—આ બે ઈન્દ્ર છે.

**વ્યંતરોમાં—**

૧. **કિન્નરોના** કિમ્પુરુષ અને કિન્નર—આ બે ઈન્દ્ર છે.
૨. **કિમ્પુરુષોના** સત્પુરુષ અને મહાપુરુષ—આ બે ઈન્દ્ર છે.
૩. **મહોરગોના** મહાકાય અને અતિકાય—આ બે ઈન્દ્ર છે.
૪. **ગન્ધર્વોના** ગીતરતિ અને ગીતયશા—આ બે ઈન્દ્ર છે.
૫. **યક્ષોના** મણિભદ્ર અને પૂર્ણભદ્ર—આ બે ઈન્દ્ર છે.
૬. **રાક્ષસોના** ભીમ અને મહાભીમ—આ બે ઈન્દ્ર છે.
૭. **ભૂતોના** સુરુપ અને પ્રતિરૂપ—આ બે ઈન્દ્ર છે.
૮. **પિશાચોના** કાલ અને મહાકાલ—આ બે ઈન્દ્ર છે.

## દેવોને મૈથુન સંજ્ઞા

આ દેવોને સ્પર્શન ઈન્દ્રિયજન્ય સુખ ક્યા પ્રકારે હોય છે? આગામી સૂત્રમાં તે બતાવે છે.

**कायप्रवीचारा आ एशानात् ।।७।।**

**शेषाः स्पर्शरूपशब्दमनःप्रवीचाराः ।।८।।**

**परेऽप्रवीचाराः ।।९।।**

***ઈશાન સ્વર્ગ સુધી કાયપ્રવીચાર હોય છે. તેનાથી આગળ બાકીના સ્વર્ગોમાં ક્રમશઃ સ્પર્શ, રૂપ, શબ્દ અને મનથી પ્રવીચાર હોય છે. તેમના સિવાય ઉપરના અહમિન્દ્રોમાં પ્રવીચાર હોતો જ નથી.***

**મૈથુનસેવની ક્રિયાને પ્રવીચાર કહે છે.** ઈશાન નામના બીજા સ્વર્ગ સુધી કાયથી પ્રવીચાર હોય છે. તાત્પર્ય એ છે કે—ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી દેવોને તથા કલ્પવાસી દેવોના સૌધર્મ અને ઈશાન આ બે સ્વર્ગોમાં,**મનુષ્યોની સમાન શારીરિક ક્રિયારૂપ મૈથુન સુખ હોય છે. સ્પર્શન ઈન્દ્રિયજન્ય સુખ હોય છે.**

સનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગના દેવ, દેવાંગનાઓના સ્પર્શમાત્રથી સંતુષ્ટ થઈ જાય છે અને એ જ રીતે ત્યાંની દેવીઓ પણ દેવોના **સ્પર્શમાત્રથી સંતુષ્ટ થઈ જાય છે.** બ્રહ્મ, બ્રહ્મોત્તર, લાંતવ અને કાપિષ્ઠ સ્વર્ગના દેવ, દેવાંગનાઓના શ્રૃંગાર, આકૃતિ, વિલાસ, ચતુરાઈ અને મનોજ્ઞ વેષ તથા **મનોજ્ઞરૂપના જોવામાત્રથી સંતુષ્ટ રહે છે.** શુક્ર, મહાશુક્ર, શતાર અને સહસ્રાર સ્વર્ગના દેવ; દેવાંગનાઓના મધુર સંગીત, **કોમલ હાસ્ય, લલિત કથન અને ભૂષણોના કોમલ કલરવ સાંભળવા માત્રથી જ સંતુષ્ટ રહે છે** તથા આનત, પ્રાણ, આરણ અને અચ્યુત સ્વર્ગના દેવ; પોતાની અંગનાઓના **મનમાં સંકલ્પ કરવામાત્રથી જ સંતુષ્ટ થાય છે.**

એનાથી ઉપરના કલ્પાતીત દેવોને પ્રવીચાર ક્રિયા હોતી જ નથી. તાત્પર્ય એ છે કે, સોળ સ્વર્ગોની ઉપર નવ ગ્રૈવેયકો, નવ અનુદિશો અને પાંચ અનુત્તર વિમાનોના અહમિન્દ્રોના મનમાં પણ સ્પર્શન ઈન્દ્રિયજન્ય વિષયની કામના ઉત્પન્ન હોતી નથી. વાસનાજન્ય પીડાના અભાવથી તેઓ સહજ સુખી છે. **ત્યાં દેવાંગનાઓ હોતી જ નથી. ૭-૯.**

## ભવનવાસી અને વ્યંતર દેવોના પ્રકાર

હવે દશ પ્રકારના ભવનવાસી અને આઠ પ્રકારના વ્યંતરોના પ્રકાર ગણાવે છે; જે આ પ્રકારે છે–

**भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्तनितोदधि-द्वीपक्कुमाराः ॥१०॥**

**व्यन्तराः किन्नरकिंपुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूत-पिशाचाः ॥११॥**

***ભવનવાસી દેવ દશ પ્રકારના છે. અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર.***

***વ્યંતર દેવ આઠ પ્રકારના છે. કિન્નર, કિમ્પુરુષ, મહોરગ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ.***

જેનો સ્વભાવ ભવનોમાં વાસ કરવાનો વિશેષ હોય,–**તે ભવનવાસી છે.** આ ભવનવાસીઓના બધા ભેદોમાં 'કુમાર'–શબ્દ લાગ્યો છે; કેમકે એનો સ્વભાવ, વેષભૂષા, વાહન, યાન અને ક્રિડા આદિમાં કુમારો (કિશોરો)ની સમાન હોય છે. **જે પ્રકારની ચંચળતા, મનુષ્યોમાં કુમાર અવસ્થામાં જોવા મળે છે, તે જ પ્રકારની પ્રવૃત્તિઓ તેમનામાં જીવનભર જોવા મળે છે. એ જ કારણે તેમના નામોમાં કુમાર–શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.**

એ તો પહેલા બતાવવામાં આવી ચૂક્યું છે કે–એમાંથી અસુરકુમારોના ભવન અધોલોકની **રત્નપ્રભા પૃથ્વીના પંકભાગમાં છે અને બાકીના નવ પ્રકારોના ભવન ખરભાગમાં છે.**

વિભિન્ન સ્થાનો પર રહેવાના કારણે વ્યંતરોને, વ્યંતર કહે છે. વ્યંતરોના રહેવાના સ્થાનોના વિષયમાં બતાવવામાં આવી ગયું છે. ૧૦-૧૧.

## જ્યોતિષીઓના પ્રકાર

ભવનવાસી અને વ્યંતરોના પ્રકાર સ્પષ્ટ થઈ ગયા પછી હવે જ્યોતિષીઓના પ્રકાર બતાવે છે.

**ज्योतिष्काः सूर्यचन्द्रमसौ ग्रहनक्षत्रप्रकीर्णकतारकाश्च ।।१२।।**

**मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ।।१३।।**

**तत्कृतः कालविभागः ।।१४।।**

**बहिरवस्थिताः ।।१५।।**

*જ્યોતિષી દેવ પાંચ પ્રકારના હોય છે.*

*૧. સૂર્ય, ૨. ચંદ્રમા, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર અને ૫. સર્વત્ર ફેલાયેલા તારાઓ.*

*આ જ્યોતિષી દેવ મનુષ્યલોક (મધ્યલોકના અઢીદ્વીપ)માં મેરુપર્વતની પ્રદક્ષિણા દેતાં નિરંતર ગતિ કરતાં રહે છે, ઘૂમતા રહે છે.*

*કાળનો વિભાગ આ જ્યોતિષી દેવોના ગમનના આધાર ઉપર જ થાય છે.*

***અઢીદ્વીપની બહાર આ જ્યોતિષીદેવ સ્થિર રહે છે.***

તેમના આવાસના સંદર્ભમાં આચાર્ય પૂજ્યપાદ સર્વાર્થસિદ્ધિ નામની ટીકા ગ્રંથમાં એક ગાથા ઉદ્ધૃત કરે છે—જે આ પ્રકારે છે.

**णउदुत्तरसत्तसया दससीदी चदुगं तियचउक्कं ।**

**ताररविससिरिक्खा बुहभग्गवगुरुअंगिरारसणी ।।**

આ પૃથિવી-તલથી સાતસો નેવુ યોજન ઉપર **તારા** છે. તારાઓના દસ યોજન ઉપર **સૂર્ય** છે. સૂર્યની એંસી યોજન ઉપર **ચન્દ્રમા** છે. ચંદ્રમાની ચાર યોજન ઉપર **નક્ષત્ર** છે અને નક્ષત્રોની ચાર યોજન ઉપર **બુધ** છે. બુધથી ત્રણ યોજન ઉપર **શુક્ર** છે. શુક્રથી ત્રણ યોજન ઉપર **બૃહસ્પતિ** છે. બૃહસ્પતિથી ત્રણ યોજન ઉપર **મંગળ** છે. મંગળથી ત્રણ યોજન ઉપર **શનિ** છે.

ઉક્ત કથન આચાર્ય પૂજ્યપાદકૃત સર્વાર્થસિદ્ધિ નામની ટીકાના

આધારથી પ્રસ્તુત કરવામાં આવેલ છે. આચાર્ય અકલંકદેવ કૃત રાજવાર્તિકમાં આનાથી થોડી જુદી વાત છે, જે આ પ્રકારે છે.

‘‘આ ભૂમિતલથી સાતસો નેવુ યોજન ઉપર જ્યોતિર્મંડલમાં સૌથી નીચે **તારાગણ** છે. એનાથી દસ યોજન ઉપર **સૂર્ય,** એનાથી એંસી યોજન ઉપર **ચંદ્રમા,** એનાથી ત્રણ યોજન ઉપર **નક્ષત્ર,** એનાથી ત્રણ યોજન ઉપર **બુધ,** એનાથી ત્રણ યોજન ઉપર **શુક્ર,** એનાથી ત્રણ યોજન ઉપર **બૃહસ્પતિ,** એનાથી ચાર યોજન ઉપર **મંગલ** અને એનાથી ચાર યોજન ઉપર **શનૈશ્ચર** છે.

આ જ પ્રકારનું અંતર બંનેમાં ઉદ્ધૃત ગાથાઓમાં પણ છે.

એક વાત અહીં વિશેષ ધ્યાન દેવાયોગ્ય છે કે, જ્યાં પણ આ પ્રકારનું અંતર આપણને જોવામાં આવ્યું છે, ત્યાં અમે સર્વાર્થસિદ્ધિના કથનને મુખ્યતા પ્રદાન કરીને, તેનો ઉલ્લેખ પ્રમુખરૂપથી કર્યો છે.

**આ રીતે એકસો દસ યોજનની પહોળાઈમાં બધા જ્યોતિષી દેવ રહે છે તથા તિર્યક્‌રૂપથી ઘનોદધિ વાતવલય સુધી ફેલાયલ છે.**

**એમાં ચંદ્રમા ઈન્દ્ર છે અને સૂર્ય પ્રતીન્દ્ર છે.**

એ જ્યોતિષી દેવ, મનુષ્યલોકમાં અર્થાત્ અઢીદ્વીપમાં, મેરુ પર્વતોથી અગિયારસો એકવીસ (૧૧૨૧) યોજન દૂર રહીને, તેની ચારે બાજુ પ્રદક્ષિણારૂપ નિરંતર ઘૂમતા રહે છે. જંબૂદ્વીપમાં **બે** (૨), લવણસમુદ્રમાં **ચાર**, ધાતકીખંડ દ્વીપમાં **બાર**, કાલોદધિમાં **બેતાલીસ** અને પુષ્કરાર્ધ દ્વીપમાં **બોતેર** ચંદ્રમા છે. આ રીતે અઢીદ્વીપમાં **એકસો બત્રીસ ચંદ્રમા** છે.

એક ચંદ્રમાના પરિવારમાં એક સૂર્ય, અઠ્ઠાસી ગ્રહ, અઠ્ઠાવીસ નક્ષત્ર અને છાંસઠ હજાર નવસો પંચોતેર કોડાકોડી તારાઓ છે.

કાળ બે પ્રકારનો હોય છે. ૧. નિશ્ચયકાળ, ૨. વ્યવહારકાળ. ઘડી, મુહૂર્ત, દિવસ-રાત, પક્ષ, માસ, વર્ષ આદિને વ્યવહારકાળ કહે છે. આ વ્યવહારકાળનો વ્યવહાર, આ ચંદ્રમા-સૂર્યની ગતિથી થાય છે. **દિન અને રાત સૂર્યની ગતિથી તથા પક્ષ અને માસ ચંદ્રમાની ગતિથી સુનિશ્ચિત થાય છે. ૧૨-૧૫.**

## ઉર્ધ્વલોક/વૈમાનિક દેવ

અધોલોક અને મધ્યલોકની તેમજ ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષીદેવોની ચર્ચા થયા બાદ હવે ઉર્ધ્વલોક અને વૈમાનિક દેવોની ચર્ચા આરંભ કરે છે. વૈમાનિકદેવોના સ્વરૂપને બતાવનારા કેટલાંક સૂત્ર આ પ્રકારે છે.

**वैमानिकाः ।।१६।।**

**कल्पोपपन्नाः कल्पातीताश्च ।।१७।।**

**उपर्युपरि ।।१८।।**

**सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तरलान्तवकापिष्ठशुक्रमहाशुक्र-शतारसहस्रारेष्वानतप्राणतयोरारणाच्चुचयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धो च ।।१९।।**

જો કે રહેવાના સ્થાનને તો ઘર જ કહે છે, છતાંપણ લોકમાં ભગવાનના રહેવાના સ્થાનને મંદિર, રાજાના રહેવાના સ્થાનને મહેલ, શેઠના રહેવાના સ્થાનને કોઠી, સાહેબને રહેવાના સ્થાનને બંગલા અને ગરીબોને રહેવાના સ્થાનને ઝૂંપડી કહે છે, તે જ રીતે પુણ્યશાળી પ્રભાવક દેવોના રહેવાના સ્થાનને વિમાન કહે છે.

**ઉક્ત વિમાનોમાં રહેનારા દેવોને વૈમાનિક દેવ કહે છે.**

**અહીંથી વૈમાનિક દેવોનું વર્ણન આરંભ થાય છે. સોળમું સૂત્ર માત્ર એટલી વાત જ બતાવે છે.**

**તે વૈમાનિકદેવ બે પ્રકારના હોય છે.**

**૧. કલ્પોપન્ન, ૨. કલ્પાતીત.**

**જ્યાં ઈન્દ્ર સામાનિક આદની કલ્પના થાય છે, તે સોળ સ્વર્ગોને કલ્પ કહે છે. અને જ્યાં આ પ્રકારની કલ્પનાના ભેદ નથી, બધા એક જ સમાન જ છે, બધા અહમિન્દ્ર જ છે, તે નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોને કલ્પાતીત કહે છે.**

*આ સોળ સ્વર્ગ અને નવ ગ્રૈવેયક આદિ બધા ઉપર-ઉપર છે.*

*સૌધર્મ-ઐશાન, સનત્કુમાર-માહેન્દ્ર, બ્રહ્મ-બ્રહ્મોત્તર, લાંતવ-કાપિષ્ઠ, શુક્ર-મહાશુક્ર, શતાર-સહસ્રાર, આ છ યુગલોના બાર સ્વર્ગોમાં; આનત-પ્રાણત, એ બે સ્વર્ગોમાં, આરણ-અચ્યુત, એ બે સ્વર્ગોમાં, નવ ગ્રૈવેયક વિમાનોમાં, નવ અનુદિશ વિમાનોમાં, અને વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ આ પાંચ અનુત્તર વિમાનોમાં, વૈમાનિક દેવ રહે છે.*

**પ્રશ્ન –** ઇન્દ્ર આદિના ભેદ તો, ભવનવાસી આદિમાં પણ છે, એથી એને કલ્પોપન્ન કેમ નથી કહેતા?

**ઉત્તર–**જોકે એ સત્ય છે કે ભવનવાસી આદિમાં ઇન્દ્ર આદિક ભેદ હોય છે છતાં પણ **રૂઢિથી સોળ સ્વર્ગવાળા વૈમાનિક દેવોને જ કલ્પવાસી કહે છે.**

**જે રીતે અધોલોકમાં બધા એક-બીજાથી, નીચે-નીચે છે.** જેમકે રત્નપ્રભા પૃથિવીની નીચે શર્કરાપ્રભા, શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા આદિ છે, એ કારણે સૂત્રમાં **"અધોધઃ"**નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**તે જ રીતે સ્વર્ગોમાં બધા ઉપર-ઉપર છે.**

**મધ્યલોકમાં બધા તિરછા વસેલ છે અને એક દ્વીપને એક સમુદ્ર ઘેરીને છે અને એક સમુદ્રને એક દ્વીપ ઘેરીને છે.** ત્રણ લોક અને અઢીદ્વીપના નકશાને જોઈને આ વાત સરળતાથી સમજી શકાય છે.

જે રીતે નરકોમાં બિલ ત્રણ પ્રકારના હોય છે. ઇન્દ્ર-શ્રેણીબદ્ધ-પ્રકીર્ણક તે જ રીતે સ્વર્ગોમાં **વિમાન પણ ત્રણ પ્રકારના હોય છે. તેના નામ પણ ઇન્દ્રક-શ્રેણીબદ્ધ અને પ્રકીર્ણક છે.**

જે વિમાન ઇન્દ્રક બિલની જેમ અન્ય વિમાનોની વચ્ચે રહે છે, તેને **ઇન્દ્રક** વિમાન કહે છે. તેની ચારે દિશાઓમાં, હારબદ્ધ (લાઈનસર) જે વિમાન હોય છે, તેઓ **શ્રેણીબદ્ધ** કહેવાય છે. અને વિદિશાઓમાં, જ્યાં ત્યાં વિખરાયેલા ફૂલોની જેમ, જે વિમાન હોય છે, તેને **પુષ્પપ્રકીર્ણક** વિમાન કહે છે.

સર્વપ્રથમ **સૌધર્મ અને ઐશાન કલ્પ** (સ્વર્ગ) છે તેની ઉપર **સાનત્કુમાર અને માહેન્દ્ર કલ્પ** છે. તેની ઉપર **બ્રહ્મ અને બ્રહ્મોત્તર કલ્પ** છે. એની ઉપર **લાન્તવ અને કાપિષ્ઠ કલ્પ** છે. એની ઉપર **શુક્ર અને મહાશુક્ર કલ્પ** છે. એની ઉપર **શતાર અને સહસ્રાર કલ્પ** છે. એની ઉપર આનત અને પ્રાણત કલ્પ છે. એની ઉપર **આરણ અને અચ્યુત કલ્પ** છે.

ધ્યાનમાં રાખવાયોગ્ય છે કે કલ્પ (સ્વર્ગ) સોળ છે અને ઇન્દ્ર બાર. તેની વ્યવસ્થા આ પ્રકારે છે.

સૌધર્મ, ઐશાન, સાનત્કુમાર અને માહેન્દ્ર—આ ચાર કલ્પોના **ચાર** ઇન્દ્ર છે.

બ્રહ્મલોક અને બ્રહ્મોત્તર આ બે કલ્પોના **એક બ્રહ્મ** નામના ઇન્દ્ર છે. લાન્તવ અને કાપિષ્ઠ, આ બે કલ્પોમાં એક **લાન્તવ** નામનો ઇન્દ્ર છે. શુક્ર અને મહાશુક્રમાં એક **શુક્ર** નામનો ઇન્દ્ર છે. શતાર અને સહસ્રાર, એ બે કલ્પોમાં એક **શતાર** નામનો ઇન્દ્ર છે.

તથા આનત, પ્રાણત, આરણ, અચ્યુત—આ ચાર કલ્પોના **ચાર** ઇન્દ્ર છે.

**આ રીતે કલ્પવાસીઓના બાર ઇન્દ્ર હોય છે.**

સુમેરુ પર્વત એક હજાર યોજન પૃથ્વીની અંદર ઊંડો છે અને પૃથ્વીની ઉપર નવાણુ હજાર યોજન ઉંચો છે, તેની નીચે અધોલોક છે. મેરુ પર્વતની જેટલી ઉંચાઈ છે, એટલો મોટો અને તિરછો ફેલાયેલ તિર્યગ્લોક છે. તેની ઉપર ઉર્ધ્વલોક છે. **સુમેરુ પર્વતથી એક વાળના અંતરે ઋજુવિમાન છે કે જે સૌધર્મ કલ્પનું ઇન્દ્રક વિમાન છે.**

એ વાત પણ ધ્યાનમાં રાખવાયોગ્ય છે કે જે કલ્પો (સ્વર્ગો)ના નામ છે, તે જ નામ ઇન્દ્રોના પણ છે. જ્યાં બે કલ્પોમાં એક ઇન્દ્ર છે, ત્યાં એનામાં જે પ્રથમ સ્વર્ગનું નામ છે, તે જ ઇન્દ્રનું નામ છે.

કલ્પાતીત નવ ગ્રૈવેયકના વિમાન, એકની ઉપર એક નવ છે. કે જે ત્રણ-ત્રણ પટલરૂપથી છે અર્થાત્ સૌથી પહેલા, **અધો ગ્રૈવેયકના ત્રણ** પટલ તેની ઉપર મધ્ય ગ્રૈવેયકના ત્રણ પટલ, તેની ઉપર ઉર્ધ્વ ગ્રૈવેયકના

ત્રણ પટલ છે.

**તેની ઉપર અનુદિશોના નવ વિમાન છે, કે જે એક જ પટલમાં છે** અને અનુત્તર વિમાનોમાં સૌથી વચ્ચે સર્વાર્થસિદ્ધિ નામનું વિમાન છે અને તેની ચારે દિશાઓમાં શેષ અનુત્તર વિમાન (વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત) છે.

એક વિશેષ વાત ધ્યાન દેવા યોગ્ય છે, કે ભવનવાસીઓના ૪૦, વ્યંતરોના ૩૨, કલ્પવાસીઓના ૨૪ તેમજ જ્યોતિષીઓના ચંદ્રમા અને સૂર્ય-એવા બે–

આ રીતે આ બધા મળીને ૯૮ ઈન્દ્ર હોય છે.

**મનુષ્યોના ઈન્દ્ર ચક્રવર્તી, પશુઓના ઈન્દ્ર, જંગલના રાજા સિંહ.** આ રીતે મળીને, સો ઈન્દ્ર થઈ જાય છે.

સંબંધિત ગાથા આ રીતે છે.

**भवणालय चालीसा, विंतरदेवाण होंति बत्तीसा ।**
**कप्पामरचउवीसा, चंदो सूरो णरो तिरियो ।।**

(બૃહદ્ દ્રવ્યસંગ્રહની, પહેલી ગાથાની, બ્રહ્મદેવકૃત સંસ્કૃત વૃત્તિમાં ઉદ્ધૃત)

ભવનવાસીઓના ૪૦, વ્યંતરદેવોના ૩૨, કલ્પવાસીઓના ૨૪, જ્યોતિષીઓના ચંદ્ર-સૂર્ય આ રીતે મનુષ્યોના ચક્રવર્તી અને તિર્યંચોના સિંહ–આ રીતે, આ સો ઈન્દ્ર તીર્થંકર સર્વજ્ઞ ભગવાનની વંદના કરે છે. ૧૬-૧૯.

## વૈમાનિક દેવોમાં હીનાધિકતા

વૈમાનિક દેવોમાં નીચેની અપેક્ષાથી ઉપરના દેવોમાં ક્રમશઃ કેટલીક બાબતોમાં અધિકતા અને કેટલીક બાબતોમાં હીનતા હોય છે, હવે તે બતાવે છે, કે જે આ પ્રમાણે છે—

**स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधि-**

**विषयतोऽधिकाः ॥२०॥**

**गतिशरीरपरिग्रहाभिमानतो हीनाः ॥२१॥**

***વૈમાનિક દેવોમાં, સ્થિતિ-પ્રભાવ-સુખ-દ્યુતિ-લેશ્યાવિશુદ્ધિ-ઈન્દ્રિય વિષય અને અવધિવિષયની અપેક્ષા, ઉપર-ઉપરના દેવ અધિક છે.***

***ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનની અપેક્ષા ઉપર-ઉપરના દેવ હીન છે.***

વૈમાનિક દેવોમાં, નીચેના દેવોથી ઉપરના દેવોની **આયુ અધિક** હોય છે, **પ્રભાવ અધિક** હોય છે, લૌકિક સુખની **અનુકૂળતા પણ અધિક** હોય છે. શરીરાદિકની **કાંતિ પણ ઉત્કૃષ્ટ** હોય છે. કષાયો મંદ હોવાથી **લેશ્યાઓમાં વિશુદ્ધિ પણ અધિક** હોય છે તથા પાંચ ઈન્દ્રિયો અને અવધિજ્ઞાનથી **જાણવાના વિષયમાં પણ અધિક** થતો જાય છે.

આવાગમન, શરીરની ઉંચાઈ, ભોગસામગ્રીરૂપ પરિગ્રહ અને અભિમાન, નીચેના કરતાં, ઉપરના દેવોમાં ક્રમશઃ ઓછા થતાં જાય છે.

જોકે ઉપરના દેવોમાં, નીચેના દેવોની અપેક્ષાએ આવાગમનની શક્તિ અધિક હોય છે; છતાં પણ વિષય અભિલાષા ઓછી હોવાથી તેમનું આવાગમન ઓછું થાય છે.

શરીરની ઉંચાઈ પણ ક્રમશઃ ઓછી થતી જાય છે,—જે આ રીતે છે—

સૌધર્મ-ઐશાનના દેવોના શરીર **સાત અરત્નિ** (હાથ) ઉંચા છે. સાનત્કુમાર-માહેન્દ્રમાં **છ અરત્નિ** (હાથ) ઉંચા છે. બ્રહ્મ-બ્રહ્મોત્તર, લાન્તવ અને કાપિષ્ઠમાં **પાંચ અરત્નિ** ઉંચા છે.

શુક્ર-મહાશુક્ર, શતાર, સહસ્રારમાં **ચાર અરલિ** ઉંચા છે. આનત, પ્રાણતમાં **સાડા ત્રણ અરલિ** અને આરણ, અચ્યુતમાં **ત્રણ અરલિ** ઉંચા છે.

અધો ગ્રૈવેયકમાં **અઢી અરલિ**, મધ્ય ગ્રૈવેયકમાં **બે અરલિ** અને ઉપરના ગ્રૈવેયકમાં તથા **નવ અનુદિશોમાં દોઢ અરલિ** ઉંચા છે અને પાંચ અનુત્તરમાં **એક અરલિ ઉંચા શરીર** છે.

**તથા નીચેથી ઉપરના દેવોની ભોગ-સામગ્રી પણ ઓછી જ હોય છે કેમકે વિષય અભિલાષા પણ ઉપર-ઉપર ઓછી થતી જાય છે. વિમાન આદિ પરિગ્રહ પણ ઉપર-ઉપર ઓછા છે.**

નીચેની અપેક્ષાએ ઉપરના દેવોમાં કષાયની મંદતા હોવાથી અભિમાન પણ ઓછું છે, કેમકે **જેની કષાય મંદ હોય છે, તે જ જીવો ઉપર-ઉપરના કલ્પોમાં જન્મ લે છે.૨૦-૨૧.**

## વૈમાનિક દેવોમાં લેશ્યાઓ

ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં હોવાવાળી લેશ્યાઓનું વર્ણન બીજા સૂત્રમાં કરવામાં આવી ગયું છે.

**હવે આગામી સૂત્રમાં, વૈમાનિક દેવોમાં હોવાવાળી લેશ્યાઓનું વર્ણન કરે છે.**

**पीतपद्मशुक्ललेश्या द्वित्रिशेषेषु ॥२२॥**

***બે, ત્રણ કલ્પયુગલોમાં તથા બાકીના વૈમાનિકોમાં ક્રમશઃ પીત, પદ્મ અને શુક્લ લેશ્યાઓ હોય છે.***

તાત્પર્ય એ છે કે સૌધર્મ-ઐશાન તથા સાનત્કુમાર-માહેન્દ્ર કલ્પ(સ્વર્ગ)માં **પીતલેશ્યા,** બ્રહ્મ-બ્રહ્મોત્તર, લાન્તવ-કાપિષ્ઠ અને શુક્ર-મહાશુક્ર કલ્પમાં **પદ્મલેશ્યા**. તથા એની ઉપરના કલ્પો અર્થાત્ શતાર-સહસ્રાર, આનત-પ્રાણત અને આરણ-અચ્યુત કલ્પોમાં તથા કલ્પાતીત વિમાનો અર્થાત્ નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોમાં **શુક્લલેશ્યા** હોય છે.

આ કથનસૂત્ર-અનુસાર સામાન્ય કથન છે. સર્વાર્થસિદ્ધિ આદિ ટીકાઓમાં કરેલ કથન અનુસાર જો વિશેષ કથનની અપેક્ષા જોઈએ તો, તે આ રીતે છે.

સૌધર્મ અને ઐશાન કલ્પમાં **પીતલેશ્યા** છે. સાનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં **પીત અને પદ્મલેશ્યાઓ** છે.

બ્રહ્મ-બ્રહ્મોત્તર, લાન્તવ-કાપિષ્ઠ કલ્પોમાં **પદ્મલેશ્યા** છે.

શુક્ર-મહાશુક્ર, શતાર-સહસ્રાર કલ્પોમાં **પદ્મ અને શુક્લ** એ બે લેશ્યાઓ છે. (સર્વાર્થસિદ્ધિ-પૃષ્ઠ ૧૯૧)

તેની ઉપર આનત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પોમાં અને નવ ગ્રૈવેયકોમાં શુક્લ લેશ્યા છે તથા નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોમાં **પરમશુક્લ લેશ્યા** છે. ૨૨.

## કલ્પનું સ્વરૂપ

અહીં કલ્પ શબ્દ વારંવાર આવે છે; એથી હવે કલ્પનું સ્વરૂપ કહે છે.

**प्राग्ग्रैवेयकेभ्यः कल्पाः ।।२३।।**

***ગ્રૈવેયકોથી પહેલાના વૈમાનિક દેવોના આવાસ કલ્પ કહેવાય છે.***

તાત્પર્ય એ છે કે વૈમાનિક દેવોના આવાસોમાં પહેલા સ્વર્ગથી લઈને, સોળમા સ્વર્ગ સુધીના વિમાન **કલ્પ** કહેવાય છે અને તેમાં રહેનારા વૈમાનિકદેવ **કલ્પવાસી** કહેવાય છે.

**સોળ સ્વર્ગથી ઉપરના અર્થાત્ નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર, તેમાં રહેનારા દેવ કલ્પાતીત છે.**

**કલ્પોમાં ઈન્દ્રાદિ ભેદોની કલ્પના હોય છે. અને કલ્પાતીતમાં બધા દેવ અહમિન્દ્ર હોય છે** બધા સમાન હોય છે; તેમાં નાના-મોટાનો ભેદ નથી.

## લૌકાંતિક દેવ

સંપૂર્ણ વૈમાનિકોનું કથન થયું, પરંતુ હજી સુધી એ ન આવ્યું કે **લૌકાન્તિક દેવ ક્યાં રહે છે? લૌકાંતિક દેવ પણ તો વૈમાનિક છે.** આ શંકાના સમાધાનમાં જ આગામી સૂત્ર આવ્યા છે.

**ब्रह्मलोकालया लौकान्तिकाः ।।२४।।**

**सारस्वतादित्यवह्न्यरुणगर्दतोयतुषिताव्याबाधारिष्टाश्च ।।२५।।**

***બ્રહ્મલોક નામનો પાંચમો કલ્પ છે આવાસ જેમનો, તેને લૌકાંતિક દેવ કહે છે.***

***સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને અરિષ્ટ એ લૌકાંતિક દેવ છે.***

તાત્પર્ય એ છે કે, લૌકાંતિક દેવ, બ્રહ્મ નામના પંચમ સ્વર્ગના

અંતિમ ભાગમાં રહે છે. એ કારણે એને લૌકાંતિક દેવ કહેવાય છે.

બીજો અર્થ એ પણ હોઈ શકે છે કે જેમના સંસાર-સમુદ્રના કિનારા અત્યંત નિકટ આવી ગયા છે, તે લૌકાંતિક દેવ છે. કેમકે તેઓ ત્યાંથી આવીને મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરીને તે જ ભવથી મોક્ષ ચાલ્યા જાય છે.

**એ લૌકાંતિક દેવ બ્રહ્મચારી હોય છે. અત્યંત વૈરાગ્ય પ્રવૃત્તિના હોય છે. વિષય વિરક્ત હોવાથી દેવર્ષિ કહેવાય છે.** તે ચૌદપૂર્વના પાઠી, જ્ઞાનોપયોગી, સંસારથી ઉદ્વિગ્ન, અનિત્ય આદિ ભાવનાઓને ભાવનારા, અતિ વિશુદ્ધ સમ્યક્દૃષ્ટિ હોય છે.

એટલે સુધી કે તેઓ તીર્થંકરોના પંચકલ્યાણકોમાં પણ આદ્યોપાન્ત નથી રહેતા. માત્ર દીક્ષા કલ્યાણકના અવસર પર, તીર્થંકરદેવના વૈરાગ્યની અનુમોદના કરવા માટે આવે છે.

પૂર્વ-ઉત્તર આદિ આઠે દિશાઓમાં ક્રમથી સારસ્વત આદિ દેવગણ રહે છે. પૂર્વોત્તર કોણમાં સારસ્વતોના વિમાન છે પૂર્વદિશામાં આદિત્યોના વિમાન છે. પૂર્વ-દક્ષિણ દિશામાં વહ્નિદેવોના વિમાન છે. દક્ષિણ દિશામાં અરૂણ વિમાન છે. દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં ગર્દતોય દેવોના વિમાન છે. પશ્ચિમ દિશામાં તુષિત દેવોના વિમાન છે. ઉત્તર પશ્ચિમ દિશામાં અવ્યાબાધ દેવોના વિમાન છે અને ઉત્તરદિશામાં અરિષ્ટ દેવોના વિમાન છે.

**તેઓ બધા સ્વતંત્ર છે, કોઈ ઈન્દ્રને આધીન નથી. બધા સમાન છે. એમનામાં કોઈ નાના-મોટા નથી. ૨૪-૨૫.**

## દ્વિચરમ શરીરી

આ લૌકાંતિક દેવન એક ચરમશરીરી હોય છે. હવે પ્રશ્ન થાય છે, કે **બીજું પણ કોઈ ચરમશરીરી હોય છે શું? તેનો ઉત્તર આગામી સૂત્રમાં** દેવામાં આવી રહ્યો છે.

**विजयादिषु द्विचरमाः ॥२६॥**

***વિજયાદિ બે ચરમવાળા હોય છે.***

તાત્પર્ય એ છે કે, વિજય-વૈજયન્ત, જયંત-અપરાજિત અને અનુદિશ વિમાનોમાં દ્વિચરમ હોય છે. તેઓમાં સમાનતા એટલા માટે છે, કે બધા સમ્યક્દૃષ્ટિ અને અહમિન્દ્ર છે. સર્વાર્થસિદ્ધિ નામથી જ સૂચિત થાય છે કે ત્યાંના દેવ સર્વોત્કૃષ્ટ છે અને એકચરમ છે.

દ્વિચરમપણું મનુષ્યદેહની અપેક્ષાએ છે. અર્થાત્ વિજયાદિકથી ચ્યુત થઈને સમ્યક્દર્શનને કાયમ રાખતાં, મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પછી સંયમની આરાધના કરીને વૈમાનિકોમાં ઉત્પન્ન થાય છે. ફરી ચ્યુત થઈને મનુષ્યભવ ધારણ કરીને મુક્ત થઈ જાય છે. **આ રીતે તો બે મનુષ્યભવની અપેક્ષા દ્વિચરમત્વ છે. આમ તો બે મનુષ્યભવ તથા એક દેવભવ મળીને ત્રિચરમ ગણી શકાય છે.**

જે દેવ અહમિન્દ્ર હોવાની સાથે સાથે જન્મથી સમ્યક્દૃષ્ટિ જ હોય છે, તેમનું અહીં આદિ શબ્દથી ગ્રહણ કર્યું છે. એ કારણે વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને નવ અનુદિશ વિમાનોના અહમિન્દ્રદેવ મનુષ્યના બે ભવ લઈને મોક્ષ જાય છે અર્થાત્ વિજયાદિકથી ચ્યવીને મનુષ્ય થાય છે. ફરી સંયમ ધારણ કરીને ફરીથી વૈમાનિકોમાં જન્મ લે છે. ફરી ત્યાંથી ચ્યવીને, મનુષ્ય થઈ, મોક્ષ પ્રાપ્ત કરે છે. આ રીતે તે ''દ્વિચરમ'' કહેવાય છે; કેમકે **મનુષ્યભવથી જ મોક્ષ મળે છે, એ કારણે મનુષ્યભવને ચરમદેહ કહે છે.**

અહીં એટલું વિશેષ જાણવું કે નવ અનુદિશ તથા ચાર અનુત્તરોના દેવ એક ભવ ધારણ કરીને પણ મોક્ષ જઈ શકે છે.

અહીં અધિકથી અધિક બે ભવ બતાવેલ છે; એટલે જ સર્વાર્થસિદ્ધિનું ગ્રહણ અહીં નથી કર્યું. કેમકે **સર્વાર્થસિદ્ધિના દેવ અત્યંત ઉત્કૃષ્ટ હોય છે. એટલે જ તેમના વિમાનનું નામ સર્વાર્થસિદ્ધિ સાર્થક છે. તેઓ એક જ ભવ ધારણ કરીને મોક્ષ જાય છે.**

''ત્રિલોકસાર''માં લખ્યું છે કે,—સર્વાર્થસિદ્ધિના દેવ, લૌકાંતિક દેવ, બધા દક્ષિણેન્દ્ર, સૌધર્મ સ્વર્ગના લોકપાલ, ઇન્દ્રાણી શચિ—આ બધા એક મનુષ્યભવ ધારણ કરીને મોક્ષ પામી જાય છે.

## તિર્યંચગતિ

નારકી, મનુષ્ય અને દેવોનું વર્ણન થયું. હવે સંસારી જીવોમાં તિર્યંચ જ બાકી રહે છે; એથી હવે તેમની વાત કરે છે.

**औपपादिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥२७॥**

***ઉપપાદ જન્મવાળા અર્થાત્ દેવ અને નારકી તથા મનુષ્યો સિવાય બાકી જે સંસારી જીવ છે, તે બધા તિર્યંચ છે.***

એ તો સ્પષ્ટ જ છે, કે—મનુષ્ય, દેવ અને નારકી—બધા સંજ્ઞી પંચેન્દ્રિય જ હોય છે; પરંતુ એકેન્દ્રિયથી શરૂ કરીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના બધા જીવ તિર્યંચ જ છે. નિગોદિયા જીવ પણ તિર્યંચ જ છે. સંજ્ઞી પંચેન્દ્રિય પણ તિર્યંચ હોય છે.

તિર્યંચોનું કોઈ એક સ્થાન સુનિશ્ચિત નથી; તેઓ સંપૂર્ણ લોકાકાશમાં હોય છે. ૨૭.

## દેવોની આયુનો નિર્દેશ

નારકી, મનુષ્ય અને તિર્યંચોની આયુકર્મની સ્થિતિનું નિરૂપણ યથાસ્થાને થઈ ચૂક્યું છે; હવે ઉપપાદ જન્મવાળા દેવોની ઉત્કૃષ્ટ આયુનું નિરૂપણ કરે છે.

**स्थितिरसुरनागसुपर्णद्वीपशेषाणां सागरोपमत्रिपल्योप-मार्धहीनमिताः ॥२८॥**

**सौधर्मैशानयोः सागरोपमेऽधिके ॥२९॥**

**सानत्कुमारमाहेन्द्रयोः सप्त ॥३०॥**

**त्रिसप्तनवैकादशत्रयोदशपंचदशभिरधिकानि तु ॥३१॥**

**आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धो च ॥३२॥**

***ભવનવાસીઓમાં, અસુરકુમાર-નાગકુમાર, સુપર્ણકુમાર, દ્વીપકુમાર અને બાકીના છ કુમારોની આયુ ક્રમશઃ એક સાગર—ત્રણ પલ્ય, એના પછી અર્ધો-અર્ધો પલ્ય ઓછા કરતા જાઓ,—એવી છે.***

તાત્પર્ય એ છે કે, અસુરકુમારોની એક સાગર, નાગકુમારોની ત્રણ પલ્ય, સુપર્ણકુમારોની અઢી પલ્ય, દ્વીપકુમારોની બે પલ્ય, બાકીના છ કુમારોની અર્થાત્ વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર અને દિક્કુમાર આ બધાની આયુ દોઢ-દોઢ પલ્ય છે.

***સૌધર્મ અને ઐશાન સ્વર્ગના દેવોનું આયુષ્ય બે સાગરથી થોડું અધિક છે.***

ઘાતાયુષ્ક દેવોનું આયુષ્ય, અન્ય દેવોની અપેક્ષા અર્ધો સાગર અધિક હોય છે.

**જેમણે પહેલાં ઉપરના સ્વર્ગોનું આયુષ્ય બાંધેલ હતું, પછી સંક્લેશ પરિણામોના કારણે જે આયુમાં હ્રાસ કરીને નીચેના સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે, તેઓ ઘાતાયુષ્ક કહેવાય છે.**

ઘાતાયુષ્ક જીવોની ઉત્પત્તિ બારમા સ્વર્ગ સુધી જ હોય છે. એ કારણે કાંઈક અધિક આયુષ્યવાળી વાત પણ ત્યાં સુધી જ હોય છે.

***સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગમાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરથી કંઈક વધારે છે.***

***પૂર્વ સૂત્રમાં કહેલ યુગલોનું આયુષ્ય (સાત સાગર) થી ક્રમપૂર્વક, ત્રણ-સાત-નવ-અગિયાર—તેર અને પંદર સાગર અધિક આયુષ્ય, તેના પછીના સ્વર્ગોમાં છે.***

તાત્પર્ય એ છે કે,—બ્રહ્મ-બ્રહ્મોત્તરમાં દસ સાગરથી કંઈક અધિક, લાંતવ-કાપિષ્ઠ યુગલમાં ચૌદ સાગરથી કંઈક અધિક, શુક્ર-મહાશુક્રમાં સોળ સાગરથી કંઈક અધિક, શતાર-સહસ્રારમાં અઢાર સાગરથી કંઈક અધિક તથા આનત-પ્રાણતમાં વીસ સાગર અને આરણ-અચ્યુતમાં બાવીસ સાગર આયુષ્ય છે.

***આરણ અને અચ્યુત સ્વર્ગથી ઉપરના નવ ગ્રૈવેયકોમાં, નવ અનુદિશોમાં, વિજય ઈત્યાદિ વિમાનોમાં અને સર્વાર્થસિદ્ધિ વિમાનોમાં દેવોનું આયુષ્ય એક-એક સાગર અધિક છે.***

તાત્પર્ય એ છે કે, પહેલા ગ્રૈવેયકમાં ૨૩ સાગર, બીજા ગ્રૈવેયકમાં ૨૪ સાગર, ત્રીજા ગ્રૈવેયકમાં ૨૫ સાગર, ચોથા ગ્રૈવેયકમાં ૨૬ સાગર, પાંચમા ગ્રૈવેયકમાં ૨૭ સાગર, છઠ્ઠા ગ્રૈવેયકમાં ૨૮ સાગર, સાતમા ગ્રૈવેયકમાં ૨૯ સાગર, આઠમા ગ્રૈવેયકમાં ૩૦ સાગર, નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગર આયુ છે.

**નવ અનુદિશોમાં ૩૨ સાગર અને અનુત્તરોમાં ૩૩ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સર્વાર્થસિદ્ધિમાં માત્ર ઉત્કૃષ્ટ સ્થિતિ જ હોય છે અને તે ૩૩ સાગર છે. ૨૮-૩૨**

## જઘન્ય સ્થિતિ

અત્યાર સુધી દેવ અને નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવી રહ્યા હતા, હવે મુખ્યરૂપથી જઘન્યસ્થિતિની વાત કરે છે.

**अपरापल्योपममधिकम् ।।३३।।**

**परतः परतःपूर्वा पूर्वानन्तराः ।।३४।।**

**नारकाणां च द्वितीयादिषु ।।३५।।**

**दशवर्षसहस्राणि प्रथमायाम् ।।३६।।**

**भवनेषु च ।।३७।।**

**व्यन्तराणां च ।।३८।।**

***સૌધર્મ અને ઐશાન કલ્પમાં જઘન્ય સ્થિતિ એક પલ્યથી કંઈક અધિક છે.***

***પહેલાના અર્થાત્ નીચેના કલ્પયુગલમાં, જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે; તે એનાથી આગળના અર્થાત્ ઉપરના કલ્પ યુગલની જઘન્ય સ્થિતિ છે.***

***આ જ રીતે નરકોની સ્થિતિમાં પણ સમજવું.***

***પહેલા નરકની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે.***

***ભવનવાસીઓની પણ જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે. એ જ રીતે, વ્યંતરોની પણ જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે.***

તાત્પર્ય એ છે કે સૌધર્મ અને ઐશાન સ્વર્ગની જે સાધિક બે સાગર ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે જ સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગની જઘન્ય સ્થિતિ છે.

તે જ રીતે સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગની જે સાધિક સાત સાગર સ્થિતિ કહી છે, તે જ બ્રહ્મ-બ્રહ્મોત્તર સ્વર્ગની જઘન્ય સ્થિતિ બની જાય છે.

આ જ રીતે આગળ પણ સમજી લેવું જોઈએ.

નરકોમાં પણ જે સ્થિતિ પ્રથમ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે જ

બીજા નરકની જઘન્ય સ્થિતિ છે.

બીજા નરકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે જ ત્રીજા નરકની જઘન્ય સ્થિતિ છે. આ જ રીતે આગળ પણ લગાડી લેવું.

પ્રથમ નરક, ભવનવાસી અને વ્યંતરદેવોમાં પણ જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ જ છે. ૩૩-૩૮.

## વ્યંતરો, જ્યોતિષીઓ અને લૌકાંતિકદેવોની ઉત્કૃષ્ટ તેમજ જઘન્ય સ્થિતિ

હવે બાકી રહેલા દેવ અને નારકીઓની ઉત્કૃષ્ટ તેમજ જઘન્ય સ્થિતિ બતાવે છે.

**परा पल्योपममधिकम् ॥३९॥**

**ज्योतिष्काणां च ॥४०॥**

**तदष्टभागोऽपरा ॥४१॥**

**लौकान्तिकानामष्टौ सागरोपमाणि सर्वेषाम् ॥४२॥**

*વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યથી કંઈક અધિક છે.*

*જ્યોતિષીઓની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યથી કંઈક અધિક છે.*

*જ્યોતિષીઓની જઘન્ય સ્થિતિ; જ્યોતિષીઓની ઉત્કૃષ્ટ સ્થિતિના આઠમા ભાગે (૧/૮) છે.*

*બધા લૌકાંતિક દેવોની સ્થિતિ આઠ સાગર છે. એમાં ઉત્કૃષ્ટ-જઘન્યના ભેદ નથી. બધાની સ્થિતિ સમાન જ હોય છે.*

આ બધા લૌકાંતિક દેવોને શુક્લલેશ્યા હોય છે અને શરીરની ઉંચાઈ પાંચ હાથ હોય છે.

આ રીતે આપણે જોઈએ છીએ, કે— દેવ અને નારકીઓની સ્થિતિ, ઓછામાં ઓછા દસ હજાર વર્ષ અને અધિકથી અધિક તેત્રીસ સાગર સુધી છે.

વિચારવાની વાત એ છે કે, જો આપણે પોતાના મિથ્યાત્વ સહિત અશુભભાવોના કારણે નરકોમાં ચાલ્યા ગયા તો અપરિમિતકાળ સુધી અનંત પ્રતિકૂળતાને ભોગવવી પડશે. નરકોની પ્રતિકૂળતાઓનું વિવેચન ત્રીજા અધ્યાયમાં વિસ્તારથી કર્યું જ છે.

**જો મિથ્યાત્વ સહિત શુભભાવ પણ કર્યા અને ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થઈ ગયા, નવમી ગ્રૈવેયક સુધી પણ ચાલ્યા ગયા; ત્યારે પણ સંસારનો અંત આવનાર નથી.**

આ કારણે બધા ભવ્ય આત્માઓએ એ વાત પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ, કે મિથ્યાત્વ અર્થાત્ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનો અભાવ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરીને સંસારનો અંત કઈ રીતે કરીએ?

એ જ કારણે આ ગ્રંથમાં ભવના અંતનો ઉપાય, મુક્તિનો માર્ગ સૌથી પહેલા બતાવેલ છે. **સંસારના દુઃખોનું સ્વરૂપ સાંભળીને આ જીવ ગભરાય નહીં, પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મુક્તિના માર્ગમાં લાગે! એ જ ભાવના રહી છે આચાર્યદેવની! ૩૯-૪૨.**

આ રીતે ચોથો અધ્યાય પૂર્ણ થાય છે.

# પાંચમો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

સાત તત્ત્વોર્થોમાં જીવ અને અજીવ તત્ત્વાર્થ દ્રવ્યરૂપ છે અને આસ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ તત્ત્વાર્થ પર્યાયરૂપ છે.

બીજા, ત્રીજા એ ચોથા અધ્યાયમાં જીવ તત્ત્વાર્થની ચર્ચા પર્યાપ્ત વિસ્તારપૂર્વક પૂર્ણ થઈ હવે અજીવ તત્ત્વાર્થની ચર્ચા આ પાંચમા અધ્યાયમાં ચાલશે. આ રીતે **પાંચ અધ્યાયોમાં દ્રવ્ય તત્ત્વાર્થોની ચર્ચા સંપન્ન થશે.**

આના પછી છઠ્ઠા અધ્યાયથી, પર્યાય તત્ત્વાર્થોની ચર્ચા આરંભ થશે, કેજે દસમા અધ્યાયમાં થનારી મોક્ષ તત્ત્વાર્થની ચર્ચા પછી સમાપ્ત થશે.

એ તો પહેલાં જ સ્પષ્ટ કરવામાં આવી ગયું છે કે **છઠ્ઠા અધ્યાયમાં** સામાન્ય આસ્રવથી સાથે અશુભ આસ્રવની તેમજ **સાતમા અધ્યાયમાં** શુભ આસ્રવની ચર્ચા થશે. **આઠમા અધ્યાયમાં** બંધ, **નવમા અધ્યાયમાં** સંવર-નિર્જરા તેમજ **દસમા અધ્યાયમાં** મોક્ષ તત્ત્વાર્થની ચર્ચા થશે.

અજીવ તત્ત્વાર્થની ચર્ચા કરનાર આ અધ્યાયમાં જૈનદર્શનના મર્મને ઉદ્ઘાટિત કરનારા એવા છ સૂત્રો ઉપર પણ ચર્ચા થશે કે જેનો સંબંધ એકલા અજીવ તત્ત્વાર્થથી નથી. પરંતુ તે પૂરા જૈનદર્શનના મૂળ સિદ્ધાંતો પરપ્રકાશ નાખતા હશે.

તે મહત્ત્વપૂર્ણ સૂત્ર નીચે પ્રમાણે છે.

**૧. सत् द्रव्य लक्षणम् ।** **२. उत्पादव्ययध्रौव्ययुक्त सत् ।**

**३. गुणपर्यायवत् द्रव्यम्** **।४. द्रव्याश्रवा निर्गुणा गुणाः ।**

**५. तद्भावः परिणामः ।** **६. अर्पितानर्पितसिद्धेः ।**

આ સૂત્રોની ચર્ચા યથાસ્થાને થશે જ.

અત્યારે તો અજીવ તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરે છે.

## અજીવ દ્રવ્ય

આગળના અધ્યાયોમાં થયેલ જીવની ચર્ચા પછી હવે અજીવ તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરે છે.

**अजीवकाया धर्माधर्माकाशपुद्गलाः ॥१॥**

**द्रव्याणि ॥२॥**

**जीवाश्च ॥३॥**

**नित्यावस्थितान्यरूपाणि ॥४॥**

**रूपिणः पुद्गलाः ॥५॥**

***ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ—આ ચાર દ્રવ્ય અજીવ અને કાયવાન (બહુપ્રદેશી) છે, અજીવકાય છે.***

***ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ—આ બધા દ્રવ્ય છે.***

***જીવ પણ દ્રવ્ય છે.***

***ઉક્ત દ્રવ્ય નિત્ય છે—અવસ્થિત છે—અરૂપી છે.***

***પુદ્ગલદ્રવ્ય રૂપી છે.***

ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ—આ ચાર દ્રવ્ય જીવથી ભિન્ન હોવાથી, જીવરૂપ ન હોવાથી અજીવ છે અને બહુપ્રદેશી હોવાથી કાયવાન છે. આ રીતે અજીવકાય છે. અહીં ''કાય'' શબ્દનો ભાવ, બહુપ્રદેશી હોવું, તે છે.

ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ—આ ચારે અજીવ અને કાય હોવાની સાથે સાથે દ્રવ્ય પણ છે. જીવ પણ દ્રવ્ય છે. જોકે જીવ, અજીવ દ્રવ્ય નથી છતાં પણ જીવ, દ્રવ્ય તો છે જ.

**જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય છે (જોવામાં આવે છે) તે દ્રવ્યને રૂપી કહે છે. હમણા કહેવામાં આવેલા પાંચ દ્રવ્યોમાં માત્ર એક પુદ્ગલમાં જ સ્પર્શ-રસ-ગંધ અને વર્ણ હોય છે, એથી એક માત્ર તેજ રૂપી છે, બાકીના બધા દ્રવ્ય અરૂપી છે.**

આ અધ્યાય અજીવ તત્ત્વાર્થનું નિરૂપણ કરનાર અધ્યાય છે. એ કારણે તેમાં સર્વપ્રથમ અજીવ દ્રવ્યોની ચર્ચા કરવામાં આવી છે.

જોકે દ્રવ્ય, છ પ્રકારના છે. જીવ-પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ અને કાળ. છતાં પણ અહીં પહેલાં સૂત્રમાં, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ—આ ચાર દ્રવ્યોની વાત શરૂકરી છે. કેમકે અહીં તેમને જ લેવા અભિષ્ટ હતા કે જે અજીવ હોય અને બહુપ્રદેશી પણ હોય.

**અજીવ ન હોવાથી જીવની અને બહુપ્રદેશી ન હોવાથી કાલદ્રવ્યની ચર્ચા અહીં કરી નથી.** કિંતુ જ્યારે બીજા સૂત્રમાં તેના દ્રવ્યપણાની વાત કહી તો સાથે એ કહેવું અનિવાર્ય થઈ ગયું કે જીવ પણ દ્રવ્ય છે.

**જોકે કાળ પણ દ્રવ્ય છે, અજીવ છે, અજીવદ્રવ્ય છે, છતાં પણ તેના બહુપ્રદેશી ન હોવાથી, અહીં તેની વાત કહી નથી. આગળ યથાસમયે ૩૯મા સૂત્રમાં તેની પણ ચર્ચા કરશે.**

જ્યારે ઉક્ત દ્રવ્યોને, નિત્ય-અવસ્થિત અને અરૂપી કહેવામાં આવ્યું તો સાથે એ સ્પષ્ટ કરવું પણ આવશ્યક થઈ ગયું કે પુદ્ગલદ્રવ્ય રૂપી છે—૧ - ૫.

## દ્રવ્યોની અને તેના પ્રદેશોની સંખ્યા

અત્યાર સુધી પાંચ દ્રવ્યોની ચર્ચા થઈ. હવે એ બતાવે છે કે આ દ્રવ્ય કેટલા છે અને તેના પ્રદેશો કેટલા છે—

**आ आकाशादेकद्रव्याणि ।।६।।**

**निष्क्रियाणि च ।।७।।**

**असंख्येयाः प्रदेशा धर्माधर्मैजीवानाम् ।।८।।**

**आकाशस्यानन्ताः ।।९।।**

**संख्येयासंख्येयाश्च पुद्गलानाम् ।।१०।।**

**नाणोः ।।११।।**

**ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય એક-એક છે.**

**આ ત્રણે દ્રવ્યો નિષ્ક્રિય પણ છે.**

**ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક જીવદ્રવ્યના અસંખ્યાત પ્રદેશ છે.**

**આકાશ દ્રવ્યના અનંત પ્રદેશ છે.**

**પુદ્ગલ દ્રવ્યોના સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ છે.**

**અણુરૂપ પુદ્ગલ દ્રવ્યના પ્રદેશ નથી.**

ધર્મદ્રવ્ય એક છે, અધર્મદ્રવ્ય એકછે અને આકાશદ્રવ્ય પણ એક જ છે.

ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્યમાં ક્ષેત્રથી ક્ષેત્રાંતરરૂપ ક્રિયા થતી નથી. આ દ્રવ્યોમાં ગમનાગમન થતું નથી.

**ધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશ હોય છે, અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશ હોય છે અને એક જીવદ્રવ્યમાં પણ અસંખ્યાત પ્રદેશ હોય છે. તાત્પર્ય એ છે કે તે ત્રણેના પ્રદેશોની સંખ્યા સમાન છે.**

લોકાકાશ અને અલોકાકાશ—બંનેનું મળેલ આકાશ એક અખંડ આકાશદ્રવ્ય છે. તે અખંડ આકાશદ્રવ્યના અનંત પ્રદેશ હોય છે.

લોકાકાશના પ્રદેશ અસંખ્ય છે.

પુદ્ગલદ્રવ્ય મૂળથી તો અણુ જ છે. અને તે એકપ્રદેશી જ હોય છે. એક પ્રદેશી પદાર્થને અપ્રદેશી પણ કહે છે.

અનેક પરમાણુઓના પિંડરૂપ સ્કંધને સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી પણ કહેવાય છે.

**આ રીતે પુદ્ગલદ્રવ્ય નિશ્ચયનયથી એકપ્રદેશી કે અપ્રદેશી અને વ્યવહારનયથી સંખ્યાતપ્રદેશી અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી છે. (૯ થી ૧૧)**

## દ્રવ્યોનો અવગાહ

હવે એ બતાવે છે કે, આ દ્રવ્યો ક્યાં રહે છે?

**लोकाकाशेऽवगाहः ॥१२॥**

**धर्माधर्मयोः कृत्स्ने ॥१३॥**

**एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥१४॥**

**असंख्येयभागादिषु जीवानाम् ॥१५॥**

**प्रदेशसंहारविसर्पाभ्यां प्रदीपवत् ॥१६॥**

***તે ધર્માદિક દ્રવ્યોનું રહેવું—અવગાહ લોકાકાશમાં હોય છે.***

***ધર્મ અને અધર્મદ્રવ્ય સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત છે.***

***પુદ્ગલોનો અવગાહ એક પ્રદેશથી લઈને અસંખ્યાત પ્રદેશો સુધી થઈ શકે છે.***

***જીવોનો અવગાહ લોકાકાશના અસંખ્યાતમાં ભાગથી માંડીને સંપૂર્ણ લોકાકાશ સુધી થઈ શકે છે.***

***જે રીતે દીપકનો પ્રકાશ ઓછા-વધુ સ્થાનમાં બની જાય છે, તે જ રીતે જીવના પ્રદેશોના સંકોચ-વિસ્તાર સ્વભાવને કારણે, તે લોકાકાશના અસંખ્યાતમા ભાગ આદિમાં બની જાય છે.***

આકાશના જે ભાગમાં બધા દ્રવ્યો જોવા મળે છે, તે ભાગને **લોકાકાશ** કહે છે. બાકીના ભાગને **અલોકાકાશ** કહે છે. **અલોકાકાશમાં માત્ર, આકાશ-આકાશ જ બીજું કોઈ દ્રવ્ય નથી.**

આ સંપૂર્ણ લોકાકાશમાં, ધર્મ અને અધર્મદ્રવ્ય એવી રીતે વ્યાપેલ છે કે જે રીતે તલમાં તેલ વ્યાપેલ છે.

ધ્યાનમાં રાખવાનું છે કે, પુદ્ગલનો દરેક પરમાણુ સ્વતંત્ર પરિપૂર્ણ દ્રવ્ય છે. એથી નિશ્ચયથી તો, પુદ્ગલદ્રવ્ય એકપ્રદેશી જ છે, અપ્રદેશી છે,તે પણ અસ્તિકાય નથી. **પુદ્ગલને સ્કંધની અપેક્ષાએ ઉપચારથી બહુપ્રદેશી કે અસ્તિકાય કહેવામાં આવે છે.**

જો પુદ્ગલનો એક પરમાણુ અબદ્ધ અવસ્થામાં છે તો તેને રહેવા

માટે, આકાશનો એક પ્રદેશ જોઈએ. કેમકે એકપ્રદેશથી ઓછી જગ્યામાં તે રહી નથી શકતો અને એકપ્રદેશથી વધુ જગ્યા તે રોકી નથી શકતો. પરંતુ બદ્ધ કે અબદ્ધ બે પરમાણુ આકાશના એક પ્રદેશમાં પણ રહી શકે છે. અને બે પ્રદેશો પણ રોકી શકે છે. તે જ રીતે, બદ્ધ કે અબદ્ધ ત્રણ પરમાણુ આકાશના એક પ્રદેશમાં પણ રહી શકે છે અને બે કે ત્રણ પ્રદેશોને પણ રોકી શકે છે.

**તે જ રીતે, આગળ વધતાં જઈએ તો, સંખ્યાત બદ્ધ કે અબદ્ધ પરમાણુ, એક પ્રદેશમાં પણ બની શકે છે અને બે-ત્રણ-ચાર.... સંખ્યાત પ્રદેશોને પણ રોકી શકે છે. તેવી જ રીતે અસંખ્યાત અને અનંત પરમાણુ પણ એક પ્રદેશથી લઈને, લોકાકાશ પ્રમાણ ક્ષેત્રને રોકી શકે છે.**

સૂત્રમાં કહેવામાં આવેલ, એકપ્રદેશ આદિથી ભાજ્યનો સૂત્ર ૧૨-૧૬. હવે "**असंख्येयभागादिषु जीवानाम् ।** તેના પર વિચાર કરીએ છીએ.

એક જીવ લોકના અસંખ્યાતમાં ભાગથી લઈને, સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ શકે છે. કેવલી સમુદ્ઘાતના સમયે એક સમય એવો આવે છે કે જ્યારે આ જીવ લોકાકાશના સંપૂર્ણ પ્રદેશોમાં વ્યાપ્ત થઈ જાય છે. કેમકે એક જીવના પણ એટલાં જ પ્રદેશ છે, જેટલા લોકાકાશના છે.

**પ્રશ્ન –** જો કે એક જીવ વધુમાં વધુ તો સંપૂર્ણ લોકને પહોંચી શકે છે. પરંતુ તેને રહેવાને માટે ઓછામાં ઓછું કેટલી જગ્યા જોઈએ.

**ઉત્તર –** આ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે, ઓછામાં ઓછું લોકનો અસંખ્યાતમો ભાગ તો જોઈએ જ.

**અહીં એક પ્રશ્ન એ પણ સંભવે છે** કે, લોકનો અસંખ્યાતમો ભાગ તો એક પ્રદેશ જ થશે, કેમકે લોકાકાશ અસંખ્યાતપ્રદેશી છે?

**તેનો ઉત્તર એ છે કે, અસંખ્યાત પણ તો અસંખ્ય પ્રકારના હોય છે. અસંખ્યાત પ્રદેશી લોકાકાશનો અસંખ્યાતમો ભાગ એવો પણ હોઈ શકે છે, કે જેમાં અસંખ્યાત પ્રદેશ હોય!**

**ધ્યાનમાં રાખવાનું છે કે જીવ લોકાકાશના એક પ્રદેશમાં નથી રહી શકતો, તેને રહેવાને માટે અસંખ્યપ્રદેશ તો જોઈએ જ છે.**

**એક પ્રશ્ન એ પણ થઈ શકે છે,** કે આવી સ્થિતિમાં અસંખ્યાત પ્રદેશી લોકાકાશમાં અસંખ્યપ્રદેશી અનંત જીવ કઈ રીતે રહી શકે છે? અને લોકાકાશ પ્રમાણ અસંખ્યાતપ્રદેશી જીવ લોકના અસંખ્યાતમાં ભાગ આદિરૂપ શરીરોમાં કઈ રીતે રહી શકે છે?

**આ પ્રશ્નોનું સમાધાન** આચાર્ય પૂજ્યપાદ પોતાના સર્વાર્થસિદ્ધિ નામના ગ્રંથમાં આ રીતે કરે છે.

''જીવ બે પ્રકારના હોય છે—સૂક્ષ્મ અને બાદર, એથી તેમનું લોકાકાશમાં અવસ્થાન બની શકે છે. જે બાદર જીવ છે તેનું શરીર તો પ્રતિઘાત સહિત હોય છે કિંતુ જે સૂક્ષ્મ છે, જોકે તે સશરીર છે તોપણ સૂક્ષ્મ હોવાને કારણે એક નિગોદિયા જીવ લોકાકાશના જેટલા પ્રદેશોમાં અવગાહન કરે છે, તેટલામાં સાધારણ શરીરવાળા અનંતાનંત જીવ રહી જાય છે. તે જીવો પરસ્પરમાં અને બાદરોની સાથે વ્યાઘાતને પ્રાપ્ત થતાં નથી. એટલે લોકાકાશમાં અનંતાનંત જીવોના અવગાહમાં કોઈ વિરોધ નથી આવતો.

**ફરી શંકાકાર કહે છે કે,** એક જીવના પ્રદેશ લોકાકાશના પ્રમાણ બતાવ્યા, તો લોકના અસંખ્યાતમાં ભાગમાં તે જીવ કેવી રીતે રહી શકે છે? તેને તો સર્વલોક વ્યાપ્ત કરીને જ રહેવું જોઈએ?

**તેનું જ સમાધાન કરતાં કહે છે કે,** ''પ્રદીપની જેમ, જીવના પ્રદેશોમાં સંકોચ-વિસ્તારની શક્તિ હોવાથી લોકાકાશના અસંખ્યેય ભાગ આદિમાં જીવોનું અવગાહન બની જાય છે.''

(સર્વાર્થસિદ્ધિ-અધ્યાય ૫, સૂત્ર ૧૫-૧૬ની ટીકા, પૃષ્ઠ-૨૧૩)

જેવી રીતે એક ઓરડાને એક દીપક, પોતાના પ્રકાશથી ભરી દે છે, તે જ એક ઓરડામાં અન્ય અનેક દીપકોનો પ્રકાશ પણ સમાઈ જાય છે. એક દીપકનો પ્રકાશ, પૂરા ઓરડામાં પણ વ્યાપ્ત થાય છે અને તેને નાની પેટી કે ઘડામાં રાખવામાં આવે, તો એટલામાં પણ સંકોચાઈ જાય છે. આ પ્રકાશ સંકોચાવાની અને ફેલાવાની શક્તિને કારણે જ થાય છે.

તે જ રીતે જીવોમાં, સંકોચ-વિસ્તારની અસીમ શક્તિ છે. એ કારણે લોકાકાશના અસંખ્ય પ્રદેશોમાં, અસંખ્યપ્રદેશી અનેક જીવ સમાઈ જાય છે. ૧૨-૧૬.

## ઉપકાર નિર્દેશ

હવે દ્રવ્યોના પરસ્પર ઉપકારનો નિર્દેશ કરવામાં આવે છે.

**गतिस्थित्युपग्रहौ धर्माधर्मयोरुपकारः ॥૧૭॥**

**आकाशस्यावगाहः ॥૧૮॥**

**शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥૧૯॥**

**सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥૨૦॥**

**परस्परोपग्रहो जीवानाम् ॥૨૧॥**

**वर्तनापरिणामक्रियापरत्वापरत्वे च कालस्य ॥૨૨॥**

*સ્વયં ચાલતાં, જીવ અને પુદ્ગલોના ગમનમાં નિમિત્ત થવું, તે ધર્મદ્રવ્યનો ઉપકાર છે તથા ગમનપૂર્વક સ્થિતિમાં, રોકાવામાં (સ્થિર થવામાં) નિમિત્ત થવું તે અધર્મદ્રવ્યનો ઉપકાર છે.*

*બધા દ્રવ્યોને અવકાશ આપનો, રહેવાનું સ્થાન દેવું, બધા દ્રવ્યોના અવગાહનમાં નિમિત્ત થવું, તે આકાશનો ઉપકાર છે.*

*શરીર, વચન, મન અને શ્વાસોચ્છ્વાસમાં નિમિત્ત થવું, તે જીવોના પ્રત્યે પુદ્ગલોનો ઉપકાર છે.*

*એ જ રીતે, સુખ-દુઃખ અને જીવન-મરણમાં નિમિત્ત થવું, તે પુદ્ગલોનો જીવો પ્રત્યે ઉપકાર છે.*

*લૌકિક અનુકૂળતા-પ્રતિકૂળતામાં, પરસ્પરને નિમિત્ત થવું, એ જીવોનો પરસ્પર ઉપકાર છે.*

*વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વમાં નિમિત્તરૂપ થવું એ કાળદ્રવ્યનો બધા દ્રવ્યો તરફ ઉપકાર છે.*

જોકે લોકમાં મુખ્યરૂપથી ઉપકાર શબ્દનો અર્થ ભલાઈ કરવી જ માનવામાં આવે છે, તોપણ અહીં આ પ્રકરણમાં ઉપકાર શબ્દનો અર્થ ભલાઈ કરવી નથી, કારણકે અહીં સુખની સાથે દુઃખ દેવાની અને જીવન સાથે મરણને પણ ઉપકારી ગણવામાં આવ્યું છે.

જીવો પ્રત્યે પુદ્‌ગલના ઉપકારને ગણાવતાં મૂળસૂત્રમાં અત્યંત સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું છે કે–**શરીર, વચન, મન તથા શ્વાસોચ્છ્‌વાસ તે પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે સાથે જ સુખ-દુઃખ અને જીવન-મરણ પણ જીવો પ્રત્યે પુદ્‌ગલના ઉપકાર છે.**

હવે આપ જ બતાવો, કે દુઃખ દેવું અને મૃત્યુ પ્રાપ્ત કરાવવાને, ભલાઈ કઈ રીતે માની શકાય છે?

શરીર પૌદ્‌ગલિક છે. શરીરનો સંયોગ પ્રત્યે પુદ્‌ગલનો ઉપકાર છે. શરીર તો આપણા માટે જેલ છે, બંધન છે, કાર્મણ શરીર તો બંધન છે જ, ઔદારિક આદિ શરીર પણ બંધન જ છે. કહ્યું પણ છે–

''પાપ-પુણ્ય મિલ દોય પાયન બેડી ડારી,
તન કારાગૃહ માંહિ મોહિ દિયો દુઃખ ભારી.''

(કવિવર ભૂધરદાસ, દેવસ્તુતિ, બૃહદ્‌ જિનવાણી સંગ્રહ, પૃ. ૭૫)

પાપકર્મ અને પુણ્યકર્મ–આ બે કર્મોએ મારા પગમાં બેડી નાખીને મને શરીરરૂપી જેલમાં કેદ કરીને ભારે દુઃખ દીધેલ છે.

અહીં એ કહેવામાં આવ્યું છે, કે–પાપના ઉદયથી પ્રાપ્ત થનારા પ્રતિકૂળ તન-વચનના સંયોગ અને પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારા અનુકૂળ તન-વચનના સંયોગ-બંને બેડીઓ છે, શરીર તો કારાગૃહ (જેલ) જ છે– આ બધા પુદ્‌ગલ દ્રવ્યના જીવ પ્રત્યે ઉપકાર છે. આમાં એકલી ભલાઈની વાત ક્યાં છે? **અહીં ભલાઈ-બુરાઈ બંનેને પુદ્‌ગલ દ્રવ્યનો ઉપકાર બતાવવામાં આવ્યો છે.**

અરે, ભાઈ! ગંભીરતાથી વિચાર કરો, કે દેહનું બંધન ઉપકાર છે કે અપકાર?

આપ કહી શકો છો, કે–આ માનવદેહ તો ઉપકાર જ છે, પરંતુ ભાઈ! નારકીઓ અને તિર્યંચોના શરીર પણ તો શરીર જ છે, અહીં તો બધા શરીરોને પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર બતાવવામાં આવ્યો છે.

અરે, ભાઈ! **અહીં કહેવામાં આવેલ 'ઉપકાર'–શબ્દથી તો, ભલા-**

**બુરા-સારા-ખરાબ બધા શરીરોને ઉપકારી બતાવવામાં આવી રહ્યા છે, અહીં ઉપકારોમાં ઉપકારની સાથે અપકાર પણ સામેલ છે.**

સમયસાર આદિ અનેક ગ્રંથોના ભાષા ટીકાકાર પં. જયચંદજી છાબડા આ જ સૂત્રોની વ્યાખ્યા કરતાં ''સર્વાર્થસિદ્ધિ વચનિકા''માં ઉપકાર શબ્દનો અર્થ આ રીતે કરે છે.

**''ઉપકાર શબ્દનો અર્થ—ભલું કરવું—એમ ન લેવું, કોઈ કાર્યને નિમિત્ત હોય, તેને ઉપકારી કહીએ છીએ.''**

પં. કૈલાસચંદજી ઉપકાર શબ્દનો અર્થ આ રીતે કરે છે.

**''અહીં ઉપકાર શબ્દનો અર્થ માત્ર ભલાઈ ન લેવો જોઈએ. પરંતુ કોઈપણ કાર્યમાં સહાયક થવું, તે ઉપકાર છે.''**

(તત્ત્વાર્થસૂત્ર, સૂત્ર ૨૦ની ટીકા, પૃષ્ઠ ૮૧)

રામજીભાઈ ઉપકાર શબ્દનો અર્થ આ રીતે કરે છે—

''ઉપકાર (ઉપગ્રહ) શબ્દનો અર્થ, કોઈનું ભલું કરવું તે નહીં પરંતુ નિમિત્ત માત્ર જ સમજવું જોઈએ નહીં તો એ નહીં કહી શકાય કે ''જીવોને દુ:ખ, મરણાદિના ઉપકાર'' પુદ્‌ગલ દ્રવ્યના છે.''

(મોક્ષશાસ્ત્ર—સૂત્ર ૨૦ની ટીકા, પૃષ્ઠ-૩૪૦)

જો કે લગભગ બધા લોકોએ એ જ સ્વીકાર કર્યો છે કે, અહીં ઉપકાર શબ્દનો અર્થ માત્ર નિમિત્ત થવું, તેજ છે. છતાં પણ સમજાવવા માટે જે ઉદાહરણ આપેલ છે, તે બધા ભલાઈ સંબંધી જ આપેલ છે.

એ કારણે—''ઉપકાર''—ના અર્થના સંબંધમાં લોકોની બુદ્ધિમાં પહેલેથી જ જામી ગયેલ ભલાઈવાળી માન્યતા પુષ્ટ થતી રહે છે.

વસ્તુસ્થિતિએ વાત એવી છે કે જે રીતે રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિ, સભાપતિ-ઉપસભાપતિ, અધ્યક્ષ-ઉપાધ્યક્ષ, મંત્રી-ઉપમંત્રી હોય છે, તે જ રીતે કારક અને ઉપકારક પણ હોય છે.

—''ઉપ''-વિશેષણનો પ્રયોગ સમીપતાના અર્થમાં થાય છે. જેમકે નગર અને ઉપનગર કહે છે. જયપુર એક નગર છે અને બાપુનગર તેનું ઉપનગર છે.

એ જ રીતે પ્રત્યેક કાર્યનું કારક ઉપાદાન હોય છે અને ઉપકારક નિમિત્ત.

કાર્ય સારું હોય કે ખરાબ, પોતાને માટે અનુકૂળ હોય કે પ્રતિકૂળ, તે કાર્યના કારક તો આપણે સ્વયં છીએ અને ઉપકારક (નિમિત્ત) કોઈને કોઈને કોઈ પરદ્રવ્ય હશે. તાત્પર્ય એ છે કે,–**પ્રત્યેક દ્રવ્ય સ્વયંમાં થનાર કાર્યનું કારક છે અને કોઈને કોઈ પરદ્રવ્ય નિમત્તરૂપથી તેનું ઉપકારક છે. ઉપકારકનો અર્થ, ઉપકાર કરનાર નહીં, પરંતુ નિમિત્તરૂપ ગૌણ કારક છે.**

ભૈયા ભગવતીદાસજી લખે છે–

**"ઉપાદાન નિજ ગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય"**

પ્રત્યેક કાર્યનું ઉપાદાનરૂપ સ્વદ્રવ્ય નિશ્ચય કારક (કર્તા-કરણ) છે અને પરદ્રવ્યરૂપ નિમિત્ત ઉપકારક છે, ઉપચાર કારક છે, વ્યવહાર કારક છે, માત્ર કહેવાના કારક છે.

**આ રીતે અહીં જેટલા ઉપકારક કે ઉપકાર ગણાવ્યા છે, તે બધાનો અર્થ ભલાઈ જ નથી, બુરાઈ પણ હોઈ શકે છે. આ વાતનું ધ્યાન રાખવું, બહુ જ જરૂરી છે.**

આકાશ દ્રવ્યે, બધા દ્રવ્યોને અવકાશ દઈને ધર્મદ્રવ્યે, સ્વયં ચાલતા જીવ-પુદ્ગલોને ગમન કરવામાં નિમિત્ત થઈને તથા અધર્મદ્રવ્યે ગમન કરતાં જીવ-પુદ્ગલોને સ્વયં સ્થિર થવામાં નિમિત્ત બનીને કોઈનો શું ઉપકાર (ભલું) કર્યું છે? અરે, ભાઈ! તે દ્રવ્યોનો તો તે સહજસ્વભાવ છે. આ જ રીતે, બધા દ્રવ્ય સ્વયં પરિણમનશીલ છે, પરિણમન કરવું, તે તેનો સહજ સ્વભાવ છે, તે પરિણમનમાં નિમિત્ત બનીને કાળદ્રવ્યે તેમની શું ભલાઈ કરી છે? કેમકે જેનું જે પણ સારું-ખરાબ થઈ રહ્યું છે, બધામાં કાળદ્રવ્ય નિમિત્ત છે.

આ જ રીતે, એકલા સ્વર્ગમાં નહીં, નરકમાં રહેવામાં પણ તો આકાશદ્રવ્ય નિમિત્ત (ઉપકારક) છે. એકલા મોક્ષમાં નહીં. નરકમાં જવામાં પણ તો ધર્મદ્રવ્ય નિમિત્ત (ઉપકારક) છે.

**આ રીતે, એ સુનિશ્ચિત થયું કે આ જીવ અને પુદ્ગલ, પોતાની સ્વયંની પર્યાયગત યોગ્યતાથી, ચાહે નરક–ચાહે સ્વર્ગ–ચાહે નિગોદ ચાહે**

**મોક્ષ—સર્વત્ર, ધર્મદ્રવ્ય જવામાં, આકાશદ્રવ્ય રહેવામાં, અધર્મદ્રવ્ય ગતિપૂર્વક સ્થિતિમાં-રોકાવામાં અને કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત થશે જ. એને જ, આ સૂત્ર, તેનો ઉપકાર કહે છે.**

એ જ રીતે, જીવ પણ પરસ્પર ચાહે એકબીજાને સહયોગ કરે કે પરસ્પર લડે-મરે, આ સૂત્ર તો, બંનેને ઉપકાર જ કહેશે. સમજી લો, એમાં બધું આવી ગયું છે. જો આપણે એવો અર્થ સમજીશું તો ઉપકાર શબ્દનો સાચો અર્થ આપણા ધ્યાનમાં આવશે.

સમજ્યા-જાણ્યા વિના જ આપણે તેને પોતાનું ધ્યેય બનાવી લીધું છે. લગભગ બધા લોકો આ રીતે વાત કરે છે, કે જેમ **''परस्परोपग्रहो जीवानाम् ।''** આ સૂત્ર આપણને એવો આદેશ દઈ રહેલ છે, કે આપણે એક-બીજાને કામ આવવું જોઈએ.

અરે, ભાઈ! આપણા માટે તો સંબંધિત બધા પર જીવ ચેતન પરિગ્રહ છે અને શરીર વગેરે અચેત પરિગ્રહ છે. જૈનદર્શનમાં તો પરિગ્રહરૂપ આ પદાર્થો પ્રત્યે એકત્વ-મમત્વ તેમજ રાગ-દ્વેષને ત્યાગ કરવા યોગ્ય કહેલ છે.

ઉક્ત કથનનો નિષ્કર્ષ (નિચોડ) એ છે, કે આ ઉપકારોના પ્રકરણમાં ''ઉપકાર) પદનો અર્થ—ભલાઈ કરવી નહીં, માત્ર નિમિત્ત હોવું તે છે. અહીં, આ પ્રશ્ન થઈ શકે છે, કે—તો પછી આપણે કોઈનો ઉપકાર કરવો જોઈએ કે નહીં? અરે, ભાઈ! અહીં તો માત્ર નિમિત્ત-નૈમિત્તિકસંબંધનું જ્ઞાન કરાવવાનો હેતુ છે, કરવું-કરાવવાનું નહીં.

જ્યાં જે અપેક્ષાથી, જે વાત કહી હોય, ત્યાં તે જ સમજવું,—તે સમજદારી છે.જ્યારે નિશ્ચયથી કોઈ કોઈનું (બીજાનું) કાંઈ કરી જ શકતો નથી તો આપણે કોઈનું કાંઈ કરવું જોઈએ કે નહીં?—આ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

જો કે નિશ્ચયથી ઉક્ત કથન પરમ સત્ય છે છતાં પણ જ્ઞાની ધર્માત્માઓમાં પણ અન્યનું ભલું કરવાનો ભાવ, આવ્યા વિના રહેતો નથી. આ જ કારણે, —વ્યવહારથી કોઈનું ખરાબ નહીં કરવાનો અને ભલું કરવાનો ઉપદેશ દેવામાં આવે છે.૧૭-૨૨.

## પુદ્‌ગલ દ્રવ્ય

ઉપકારોનાં પ્રકરણમાં વારંવાર પુદ્‌ગલદ્રવ્યની ચર્ચા થઈ છે, એથી હવે પુદ્‌ગલદ્રવ્યના સ્વરૂપ ઉપર વિચાર કરે છે.

**स्पर्शरसगंधवर्णवन्तः पुद्गलाः ॥२३॥**

***પુદ્‌ગલદ્રવ્ય; સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળું છે.***

જે સ્પર્શ ઈન્દ્રિયના માધ્યમથી અડીને જાણવામાં આવે છે, તેને પુદ્‌ગલદ્રવ્યનો સ્પર્શ ગુણ કહે છે. તે સ્પર્શ આઠ પ્રકારનો છે.

(૧) સ્નિગ્ધ, (૨) રુક્ષ, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) કોમળ, (૬) કઠોર, (૭) હલકું, (૮) ભારે.

સ્પર્શના આ આઠ પ્રકારોને આપણે નિમ્નાંકિત (નીચે બતાવેલ) ચાર યુગલોમાં પણ પ્રસ્તુત કરી શકીએ છીએ.

(૧) લૂખું-ચીકણું, (૨) શીત-ઉષ્ણ, (૩) કોમલ-કઠોર, (૪) હલકું-ભારે.

જે રસના ઈન્દ્રિય (જીભ)ના માધ્યમથી ચાખીને જાણી શકાય છે તેને પુદ્‌ગલ દ્રવ્યનો રસ ગુણ કહે છે, તે રસ પાંચ પ્રકારનો છે. (૧) ખાટો, (૨) મીઠો, (૩) કડવો, (૪) કષાયેલો, (૫) તીખો.

જે ઘ્રાણ ઈન્દ્રિયના માધ્યમથી સૂંઘીને જાણી શકાય છે, તેને પુદ્‌ગલ દ્રવ્યનો ગંધ ગુણ કહે છે. તે ગંધ બે પ્રકારે છે. (૧) સુગંધ (૨) દુર્ગંધ.

જે ચક્ષુ (આંખ) ઈન્દ્રિયના માધ્યમથી જોઈને જાણી શકાય છે, તેને પુદ્‌ગલ દ્રવ્યનો વર્ણ (રૂપ) ગુણ કહે છે. તે પાંચ પ્રકારનો છે. (૧) કાળો, (૨) નીલો, (૩) લાલ, (૪) પીળો, (૫) સફેદ.

આ રીતે પુદ્‌ગલ દ્રવ્યના સંક્ષેપમાં ચાર વિસ્તારથી વીસ(૨૦) પ્રકાર છે.૨૩.

卐

# પુદ્ગલ દ્રવ્યની પર્યાયો

પુદ્ગલ દ્રવ્યના ગુણોની ચર્ચા પછી હવે તેની પર્યાયોની વાત કરે છે.

**शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छायातपोद्योतवन्तश्च ॥२४॥**

***પુદ્ગલ દ્રવ્ય; ૧. શબ્દ, ૨. બન્ધ, ૩. સૂક્ષ્મપણું, ૪. સ્થૂળપણું, ૫. સંસ્થાન, ૬. ભેદ, ૭. તમ, ૮. છાયા, ૯. આતપ અને ૧૦. ઉદ્યોત—આ પર્યાયવાળું છે.***

તાત્પર્ય એ છે કે આ બધી પુદ્ગલદ્રવ્યની પર્યાયો છે.

(૧) શબ્દ બે પ્રકારના હોય છે. (અ) ભાષારૂપ (બ) અભાષારૂપ.

(અ) ભાષારૂપ શબ્દ પણ બે પ્રકારના છે. (૧) અક્ષરરૂપ (૨) અનક્ષરરૂપ

મનુષ્યોના વ્યવહારમાં આવનારી અનેક બોલીઓ અક્ષરરૂપ ભાષાત્મક શબ્દ છે અને પશુ પક્ષીઓ વગેરેની ટેં-ટેં-મેં-મેં અનક્ષરરૂપ ભાષાત્મક શબ્દ છે.

અભાષારૂપ શબ્દ પણ બે પ્રકારના છે. (૧) પ્રાયોગિક અને (૨) વૈસ્રસિક (સ્વાભાવિક).

જે પુરુષના પ્રયત્નથી પેદા થાય છે. તેને **પ્રાયોગિક અભાષારૂપ શબ્દ** કહે છે અને જે પુરુષના પ્રયત્ન વિના, મેઘ આદિની ગર્જનાથી ઉત્પન્ન થાય છે, તેને **વૈસ્રસિક (સ્વાભાવિક) અભાષારૂપ શબ્દ** કહે છે.

(૨) બંધ પણ બે પ્રકારના છે (અ) વૈસ્રસિક (બ) પ્રાયોગિક

(અ) જે બંધ પુરુષના પ્રયત્ન વિના સ્વયં થાય છે, તેને **વૈસ્રસિક બંધ** કહે છે. જેમકે **પુદ્ગલોનો સ્નિગ્ધ અને રુક્ષગુણના નિમિત્તથી, સ્વયં જ વાદળ, વીજળી અને ઈન્દ્રધનુષ વગેરે બની જાય છે.**

(બ) પુરુષના પ્રયત્નથી થનાર બંધ તે **પ્રાયોગિક બંધ** છે. તેના પણ બે ભેદ છે. **એક અજીવનો બંધ**, જેમકે લાકડી અને લાખનો બંધ.

બીજો જીવ અને અજીવનો બંધ, જેમકે આત્માથી કર્મ અને

નોકર્મનો બંધ.

(૩) સૂક્ષ્મપણું બે પ્રકારનું છે.

એક સૌથી સૂક્ષ્મ, જેમકે પરમાણુ

બીજું આપેક્ષિક સૂક્ષ્મ, જેમકે સફરજન થી સૂક્ષ્મ (નાનું) આંબળું અને આંબળાથી સૂક્ષ્મ બોર.

(૪) સ્થૂળપણું પણ બે પ્રકારનું છે. એક સૌથી વધુ સ્થૂળ, જેમકે સમસ્ત જગતમાં વ્યાપ્ત મહાસ્કંધ. બીજું આપેક્ષિક સ્થૂળ, જેમકે બોરથી સ્થૂળ આંબળું અને આંબળાથી સ્થૂળ સફરજન.

(૫) સંસ્થાન એટલે કે આકારપણ બે જાતના છે. (૧) ઈત્થં લક્ષણ સંસ્થાન અને (૨) અનિત્થં લક્ષણ સંસ્થાન.

ગોળ, ચોકોર, લાંબુ, પહોળું આદિ આકારોને 'ઈત્થં લક્ષણ સંસ્થાન' કહે છે. કેમકે તેનો આકાર કહી શકાય છે અને જેનો આકાર કહેવો શક્ય ન હોય, જેમકે વાદળોમાં અનેક પ્રકારના આકાર બનતા અને બગડતા રહે છે, તેને 'અનિત્થં લક્ષણ સંસ્થાન' કહે છે.

(૬) ભેદ છ પ્રકારના છે. ૧. ઉત્કર, ૨. ચૂર્ણ, ૩. ખંડ, ૪. ચૂર્ણિકા, ૫. પ્રતર, ૬. અણુચટન.

કરવતથી લાકડી ચીરતાં જે વિદારણ નીકળે છે, તે ઉત્કર છે.

જવ, ઘઉં આદિ અનાજોના લોટને ચૂર્ણ કહે છે.

ઘડાના ટૂકડાને ખંડ કહે છે.

અડદ, મગ વગેરેની દાળ તે ચૂર્ણિકા છે.

મેદા વગેરેના પટલનું નામ પ્રતર છે.

લોખંડને ગરમ કરીને પીટતાં, જે તણખા નીકળે છે તેને અણુચટન કહે છે.

(૭) અંધકારને તમ કહે છે.

(૮) છાયા બે પ્રકારની હોય છે. (૧) તદ્વર્ણપરિણત—જે વસ્તુની છાયા હોય, તેના રૂપ રંગ જેમના તેમજ, તેમાં આવી જાય, જેમકે—

દર્પણમાં મુખના રૂપ-રંગ વગેરે જેમના તેમજ આવી જાય છે.

(૨) **પ્રતિબિંબ**—પ્રતિબિંબ માત્ર. **જેમકે તડકામાં ઊભા રહેવાથી માત્ર છાયા પડી જાય છે.**

(૯) સૂર્યના પ્રકાશને આતપ કે **ધૂપ** કહે છે. (તડકો કહે છે)

(૧૦) ચંદ્રમા વગેરેના શીતળ પ્રકાશને **ઉદ્યોત** કહે છે.

આ બધી પુદ્‌ગલની પર્યાયો છે

ધ્યાનમાં રાખવાનું છે કે અણુ **પુદ્‌ગલ દ્રવ્ય** છે અને સ્કંધ, પુદ્‌ગલ દ્રવ્યની સમાનજાતિ પર્યાય છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ—એ પુદ્‌ગલ દ્રવ્યના ગુણ છે અને શબ્દ, બંધ અને સૂક્ષ્મત્વ વગેરે સ્કંધરૂપ પર્યાયોના પ્રકાર છે.૨૪.

## પુદ્ગલના ભેદ

પુદ્ગલ દ્રવ્યના ગુણ અને પર્યાયોની ચર્ચા પછી, હવે તેના ભેદોની ચર્ચા કરે છે.

**अणयः स्कन्धाश्च ।।૨૫।।**

**પુદ્ગલના બે ભેદ છે. (૧) અણુ, (૨) સ્કન્ધ.**

**(૧) અણુ કે પરમાણુ**—પુદ્ગલના સૌથી નાનામાં નાના ભાગને, અણુ કે પરમાણુ કહે છે. **આ પરમાણુ જ મૂળતઃ પુદ્ગલ દ્રવ્ય છે.** એ એકપ્રદેશી જ હોય છે. **એકપ્રદેશી અણુને પ્રદેશી પણ કહે છે.**

એક પુદ્ગલ પરમાણુમાં, પાંચ રસોમાંથી કોઈ એક રસ

પાંચ રંગોમાંથી કોઈ એક રંગ (વર્ણ)

બે ગંધોમાંથી કોઈ એક ગંધ

અને આઠ સ્પર્શોમાંથી કોઈ બે અવિરોધી સ્પર્શ

અર્થાત્ શીત અને ઉષ્ણમાંથી કોઈ એક સ્પર્શ તથા સ્નિગ્ધ અને રુક્ષમાંથી કોઈ એક સ્પર્શ—આ રીતે અણુના મૂલતઃ પાંચ ગુણ હોય છે.

**(૨) સ્કંધ :** અનેક પુદ્ગલ પરમાણુઓના પિંડને સ્કંધ કહે છે. આ સ્કંધ એકથી અધિક પરમાણુઓથી લઈને, અનંત પરમાણુઓના હોય છે, હોઈ શકે છે.

વસ્તુસ્થિતિએ આ સ્કંધ પુદ્ગલદ્રવ્ય નહીં, પુદ્ગલ દ્રવ્યની પર્યાયો છે. મૂળ પુદ્ગલ દ્રવ્ય તો અણુ કે પરમાણુ જ છે. જોકે અણુ પણ રૂપી છે છતાં અત્યંત સૂક્ષ્મ હોવાથી, તે ચક્ષુઈન્દ્રિયથી દેખાતો નથી. નિયમસારમાં પરમાણુની પરિભાષા આ રીતે દેવામાં આવી છે.

**"ઈન્દ્રિયોસે ના ગ્રહે અવિભાગી જે પરમાણુ હૈં,**

**વહ સ્વયં હી હૈ આદિ એવં સ્વયં હી મધ્યાન હૈ ।"**

આદિ, મધ્ય અને અંતથી રહિત, ઈન્દ્રિયોથી અગ્રાહ્ય અને જેનો વિભાગ કરવો સંભવ ન હોય—એવો અવિભાગી પુદ્ગલ દ્રવ્ય છે.૨૫.

## અણુ અને સ્કંધોની ઉત્પત્તિનો નિયમ

હવે આ અણુ-સ્કંધરૂપ પુદ્‌ગલોની ઉત્પત્તિનો નિયમ બતાવે છે.

**भेदसंघातेभ्यः उत्पद्यन्ते ॥२६॥**

**भेदादणुः ॥२७॥**

***ભેદથી, સંઘાતથી અને ભેદ-સંઘાતથી સ્કંધોની ઉત્પત્તિ થાય છે.***

***અણુની ઉત્પત્તિ સ્કંધોના ભેદ (તૂટવા)થી થાય છે. સંઘાતથી થતી નથી.***

સ્કંધોના તૂટવાને **ભેદ** કહે છે. ભિન્ન-ભિન્ન પરમાણુઓ કે સ્કંધોના મળીને એક થઈ જવાને **સંઘાત** કહે છે.

બે પરમાણુઓના સંઘાતથી, બે પ્રદેશવાળો સ્કંધ ઉત્પન્ન થાય છે.

બે પ્રદેશવાળો એક સ્કંધ અને એક અણુના સંઘાતથી કે ત્રણ અણુઓના સંઘાતથી **ત્રણ પ્રદેશવાળો સ્કંધ ઉત્પન્ન થાય છે.**

આ જ રીતે, બે-બે પ્રદેશવાળા, બે સ્કંધોના સંઘાતથી કે ત્રણ પ્રદેશવાળા એક સ્કંધ અને એક અણુના સંઘાતથી કે ચાર અણુઓના સંઘાતથી **ચાર પ્રદેશવાળો સ્કંધ ઉત્પન્ન થાય છે.**

આ રીતે સંખ્યાત, અસંખ્યાત, અનંત અને અનંતાનંત અણુઓ અને સ્કંધોના સંઘાતથી, એટલા-એટલા પ્રદેશવાળા સ્કંધ ઉત્પન્ન થાય છે.

એ જ રીતે સંખ્યાત આદિ પરમાણુઓના સ્કંધોના ભેદથી, બે પ્રદેશ આદિના સ્કંધ ઉત્પન્ન થાય છે.

કોઈના ભેદથી અને કોઈના સંઘાતથી એટલે કે ભેદ-સંઘાત બંનેથી પણ સ્કંધોની ઉત્પત્તિ થાય છે.

આ રીતે આ સુનિશ્ચિત થયું કે સ્કંધોની ઉત્પત્તિ તો સંઘાતથી, ભેદથી અને ભેદ-સંઘાત—આ ત્રણેથી થાય છે. પરંતુ અણુઓની ઉત્પત્તિ તો ભેદથી જ થાય છે, સંઘાત કે ભેદ-સંઘાતથી નહીં. ૨૬-૨૭.

## ચાક્ષુષ સંબંધ

રંગવાળો હોવા છતાં, રૂપી હોવા છતાં, અત્યંત સૂક્ષ્મ હોવાથી, અણુ તો ચક્ષુ ઈન્દ્રિયના માધ્યમથી જોવામાં આવતો જ નથી, પરંતુ અનંત પરમાણુઓનો પિંડ થવા છતાં, અનેક સ્કંધ ચક્ષુ ઈન્દ્રિયથી જોવામાં આવતા નથી.

જે સ્કંધ ચક્ષુ ઈન્દ્રિયના માધ્યમથી જોવામાં આવે, તે સ્કંધોને **ચાક્ષુષ સ્કંધ** કહે છે અને જે સ્કંધ ચક્ષુ ઈન્દ્રિયના માધ્યમથી જોવામાં ન આવે, તો સ્કંધોને **અચાક્ષુષ સ્કંધ** કહે છે.

અહીં પ્રશ્ન એ છે કે—અચાક્ષુષ સ્કંધ ચાક્ષુષ કેવી રીતે બને છે?

**भेदसंघाताभ्यां चाक्षुषः ॥२८॥**

***ભેદ અને સંઘાત બંનેથી સ્કંધ, ચાક્ષુષ બને છે. અર્થાત્ ચક્ષુ ઈન્દ્રિયનો વિષય થાય છે.***

વસ્તુસ્થિતિ એ છે કે અનંતાનંત પરમાણુઓના સમુદાયથી નિષ્પન્ન થઈને પણ કોઈ સ્કંધ **અચાક્ષુષ** થાય છે અને કોઈ સ્કંધ **ચાક્ષુષ** થાય છે.

**ઔદારિક શરીરરૂપ સ્કંધ ચાક્ષુષ છે. અને તેનાથી અનંતગુણા પરમાણુવાળા કાર્મણ શરીરરૂપ સ્કંધ ચાક્ષુષ નથી.**

વાત એ છે કે સૂક્ષ્મ પરિણમનવાળા સ્કંધના ભેદ થવા છતાં, કદી કદી તે પોતાની સૂક્ષ્મતા છોડતાં નથી. એથી તેમાં અચાક્ષુષપણું જ બની રહે છે.

વસ્તુતઃ વાત એ છે કે એકલા ભેદથી સ્કંધ ચાક્ષુષ નથી થતો અપિતુ **ભેદ અને સંઘાતથી સ્કંધ ચાક્ષુષ થાય છે.**

**કોઈ એક સ્કંધમાં, ભેદ હોવા છતાં, જે તે સ્કંધનો કોઈ બીજા સ્કંધથી સંઘાત (સંયોગ) થાય છે તો તેમાં સ્થૂળતાની ઉત્પત્તિ થઈ જાય છે અને તે ચાક્ષુષ થઈ જાય છે.**

**એ રીતે આ સુનિશ્ચિત છે કે એક સૂક્ષ્મ સ્કંધથી ભેદને પ્રાપ્ત કરીને જ્યારે તે સૂક્ષ્મ સ્કંધ અન્ય સ્કંધ સાથે જોડાય છે તો તે સ્થૂળ થઈને ચાક્ષુષ**

**થઈ જાય છે અને ચક્ષુ ઈન્દ્રિયથી જાણવામાં આવવા લાગે છે.**

ઓક્સિજન અને હોઈડ્રોજન બંને વાયુ છે, તે બંને નેત્ર ઈન્દ્રિયથી અગોચર સ્કંધ છે. બંનેનો મેળાપ થતાં નેત્ર ઈન્દ્રિયગોચર પાણી થઈ જાય છે.

એ કારણે નેત્ર ઈન્દ્રિયગોચર સ્કંધ હોવા માટે, તેનો જેમાં મેળાપ થાય તે સ્કંધ, નેત્ર ઈન્દ્રિયગોચર હોવો જ જોઈએ. એવો નિયમ નથી અને સૂત્રમાં પણ નેત્ર ઈન્દ્રિયગોચર સ્કંધ જોઈએ જ, એવું કથન નથી. સૂત્રમાં સામાન્ય કથન છે.

તાત્પર્ય એ છે કે એક અચાક્ષુષ સ્કંધથી તૂટીને કોઈ અચાક્ષુષ સ્કંધ, બીજા ચાક્ષુષ સ્કંધથી મળે, ત્યારે તો તે સ્કંધ ચાક્ષુષ થઈ જ જશે પરંતુ જો કોઈ અચાક્ષુષ સ્કંધમાં પણ મળે, ત્યારે પણ ચાક્ષુષ થઈ શકે છે, ન પણ થાય—એવું પણ થઈ શકે છે.

**આ વસ્તુસ્થિતિ જાણવાયોગ્ય છે. જાણવામાં આવી જાય, તો તો બહુ સારું છે જ, ન પણ આવે તો અધિક વિકલ્પ કરવાની આવશ્યકતા નથી. કેમકે એને નહીં જાણવાથી આપણો મુક્તિમાર્ગ રોકાતો નથી.**

## દ્રવ્યનું લક્ષણ

પહેલા ધર્મ આદિ દ્રવ્યોની ચર્ચા થઈ છે. એથી આ પ્રશ્ન સહજ જ ઉપસ્થિત થાય છે કે આખરે દ્રવ્ય છે શું? દ્રવ્યનું લક્ષણ શું છે? દ્રવ્ય કોને કહે છે?

તે પ્રશ્નોના ઉત્તર આગામી સૂત્રમાં દેવામાં આવી રહ્યા છે.

**सद्द्रव्यलक्षणम् ॥२९॥**

**उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ॥३०॥**

**જે સત્ છે, તે દ્રવ્ય છે, દ્રવ્યનું લક્ષણ સત્ છે.**

**જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે તે સત્ છે.**

તાત્પર્ય એ છે કે, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત સત્ તે જ દ્રવ્યનું લક્ષણ છે. આ રીતે ''દ્રવ્ય'' લક્ષ્ય છે અને ''ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત સત્'' દ્રવ્યનું લક્ષણ છે.

**પોતાના સ્વભાવને (જાતિને) છોડ્યા વિના નવીન અવસ્થાની પ્રાપ્તિ ઉત્પાદ છે. પૂર્વ અવસ્થાનો ત્યાગ વ્યય છે અને અનાદિ પારિણામિક ભાવરૂપ અન્વયનું બની રહેવું ધ્રૌવ્ય છે.**

''કોલસો બળીને રાખ થઈ ગયો''—આમાં કોલસારૂપ પર્યાયનો વ્યય થયો, રાખરૂપ પર્યાયનો ઉત્પાદ અને—કોલસો અને રાખ—આ બંનેય અવસ્થાઓમાં પુદ્ગલદ્રવ્યનું સમાનરૂપથી બની રહેવું—કાયમ રહેવું—એ જ દ્રવ્યની નિત્યતા છે. ધ્રુવતા છે. ધ્રૌવ્ય છે.

**પ્રતિસમયે બદલીને પણ કદી ન બદલવું, અને ક્યારેય ન બદલીને પણ પ્રતિસમય બદલતા રહેવું તે પ્રત્યેક દ્રવ્યનો મૂળ સ્વભાવ છે.**

ક્યારેય ન બદલવું, તે પ્રત્યેક વસ્તુ (દ્રવ્ય)નો દ્રવ્ય સ્વભાવ છે અને પ્રતિસમયે બદલાતાં રહેવું, તે પર્યાય સ્વભાવ છે. નયોની ભાષામાં એને એ રીતે પણ કહી શકીએ છીએ કે **પ્રત્યેક વસ્તુ (દ્રવ્ય) દ્રવ્યાર્થિકનયથી કદી પણ નથી બદલતી, પરંતુ પર્યાયાર્થિકનયથી પ્રતિસમય બદલતી જ રહે છે.**

## નિત્યતાનું લક્ષણ

આ જ અધ્યાયના ચોથા સૂત્રમાં, દ્રવ્યોને નિત્ય કહ્યા હતા. એથી હવે તે નિત્યતાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**तद्भावाव्ययं नित्यम् ॥३१॥**

***વસ્તુ (દ્રવ્યનું) હોવું અને તેનો વ્યય (અભાવ) ન થવો, તે જ નિત્યતા છે.***

**પ્રત્યેક દ્રવ્ય સદા કાયમ રહીને, પણ નિરંતર બદલતું રહે છે. અને નિરંતર બદલીને પણ નિરંતર કાયમ રહે છે.**

જે રીતે જીવ નિરંતર પોતાના ક્રમનિયમિત પરિણામોમાં ઉત્પન્ન થતો હોવા છતાં પણ અજીવ નથી થતો, અજીવ પણ પોતાના ક્રમનિયમિત પરિણામોથી ઉત્પન્ન થતા હોવા છતાં પણ જીવ થતા નથી. તે જ રીતે પ્રત્યેક દ્રવ્ય પોતાના ક્રમનિયમિત પરિણામોથી ઉત્પન્ન થતો હોવા છતાં પણ કદી અન્ય દ્રવ્યરૂપ નથી થતું. મૂળથી કદી નષ્ટ નથી થતું. આ જ તેની નિત્યતા છે.

જ્યારે આપણે કોઈ ૨૫ વર્ષના નવયુવકને જોઈને એમ કહીએ છીએ, કે અરે! સુરેશ! તું આટલો મોટો થઈ ગયો, આટલો બદલી ગયો, જ્યારે તું પાંચ વર્ષનો હતો, ત્યારે મેં તને નગ્નપણે રમતો જોયો છે! આપના આ કથનથી એ વાત અત્યંત સ્પષ્ટ છે કે, તે પાંચ વર્ષનો બાલક પૂરી રીતે બદલી ગયો છે, છતાં પણ તેનામાં કાંઈક એવું છે કે, જેના કારણે તમે તેને ઓળખી લીધો!

**તાત્પર્ય એ છે કે, ઘણું બધું બદલાઈ જવા છતાં, કાંઈક તો એવું છે કે જે બદલ્યું નથી! તમારા આ જ્ઞાનને જ પ્રત્યભિજ્ઞાન કહે છે. બસ! એ જ સમજી લ્યો, કે આપના આ પ્રત્યભિજ્ઞાનરૂપ જ્ઞાનના કારણને નિત્યતા કહે છે. ૩૧.**

## અર્પિત અને અનર્પિત

**એ તો અનુભવસિદ્ધ સત્ય છે કે, પ્રત્યેક દ્રવ્ય બદલવા છતાં, બદલતો નથી અને ન બદલવા છતાં પણ બદલી જાય છે.**

આ મહાસત્યની સિદ્ધિ **મુખ્યતા અને ગૌણતાની અપેક્ષાએ થાય છે.**

આ જ વાત આગામી સૂત્રમાં કહેવાઈ રહી છે.

**अर्पितानर्पितसिद्धेः ॥३२॥**

***મુખ્યને અર્પિત અને ગૌણને અનર્પિત કહે છે. આ મુખ્યતા અને ગૌણતાની અપેક્ષાએ જ એક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ પ્રતીત થનારા બે ધર્મોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.***

પ્રત્યેક દ્રવ્ય અનંત ગુણો, પરસ્પર વિરુદ્ધ પ્રતીત થનારા અનંત ધર્મયુગલોનો અખંડ પિંડ છે, અનંત સ્વભાવો અને અનંત શક્તિઓનું સંગ્રહાલય છે.

જોકે, આ ગુણ, ધર્મયુગલ, સ્વભાવ અને શક્તિઓ, પ્રત્યેક દ્રવ્યના સ્વરૂપમાં જ સમાહિત છે. તદ્‌રૂપ જ છે. અભિન્ન જ છે. છતાં પણ એ બધા ગુણ, ધર્મ, સ્વભાવ અને શક્તિઓ, દ્રવ્યથી કથંચિત્ (કોઈ અપેક્ષાએ) પૃથક્ (જુદા) પણ છે.

**યદ્યપિ આ બધા દ્રવ્યદૃષ્ટિથી, દ્રવ્યાર્થિકનયથી, દ્રવ્યમાં અભેદ છે, અખંડ છે, નિત્ય છે, એક છે, છતાં પણ પર્યાયદૃષ્ટિથી, પર્યાયાર્થિક નયથી, ભિન્ન-ભિન્ન છે. ખંડ-ખંડ છે, અનિત્ય છે અને અનેક છે તથા પ્રમાણથી ભેદાભેદરૂપ છે. ખંડાખંડરૂપ છે, નિત્યાનિત્યરૂપ છે અને અનેકાનેકરૂપ છે.**

ઉક્ત અપેક્ષાઓમાંથી આપણે જે અપેક્ષાને સમજવા-સમજાવવા ચાહિયે છીએ, તે અપેક્ષા મુખ્ય હોય છે અર્પિત હોય છે અને વિવક્ષિત હોય છે. શેષ અપેક્ષાઓ ગૌણ રહે છે, અનર્પિત રહે છે, અવિવક્ષિત રહે છે. **વિવક્ષિત-અર્પિત-મુખ્ય—આ બધા એકાર્થવાચી જ છે.**

**એવી જ રીતે, અવિવક્ષિત—અનર્પિત અને ગૌણનો પણ એક જ**

**અર્થ છે. આ રીતે અર્પિત અને અનર્પિતના પ્રયોગથી વસ્તુ સ્વરૂપની સિદ્ધિ થાય છે. સમજવા–સમજાવવાનો પ્રયોગ થાય છે.**

જે રીતે, એક વ્યક્તિ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે, પુત્રની અપેક્ષાએ પિતા છે, એ રીતે તે પિતા પણ છે ને પુત્ર પણ છે.

તે જ રીતે, તે જ વ્યક્તિ, પોતાના મામાની અપેક્ષાએ ભાણેજ છે, ભાણેજની અપેક્ષાએ મામા છે. એ રીતે તે મામા પણ છે અને ભાણેજ પણ છે. આ રીતે તે, પિતા, પુત્ર, મામા, ભાણેજ—બધું એક સાથે જ છે.

**તે જ રીતે દ્રવ્યાર્થિકનયથી પ્રત્યેક દ્રવ્ય નિત્ય છે, પર્યાયાર્થિકનયથી અનિત્ય છે અને પ્રમાણથી નિત્ય પણ છે ને અનિત્ય પણ છે. એ રીતે નિત્ય-અનિત્ય અને નિત્યાનિત્ય—બધું જ એક સાથે જ છે.**

જ્યારે નયોનો પ્રયોગ થાય છે તો તેમં દૃઢતા પ્રદાન કરવા માટે "જ" લગાડાય છે. પરંતુ જ્યારે પ્રમાણનો પ્રયોગ કરીએ તો, અપર પક્ષની ગૌણતારૂપ સ્વીકૃતિ માટે તેમાં, –''પણ''– લગાડાય છે.

જેમ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય નિત્ય જ છે, પર્યાયાર્થિકનયથી દ્રવ્ય અનિત્ય જ છે અને પ્રમાણથી–નિત્ય પણ છે, અનિત્ય પણ છે, નિત્યાનિત્ય છે.

**આ રીતે વિવક્ષિત (અર્પિત) અને અવિવક્ષિત (અનર્પિત)રૂપથી વસ્તુનું પ્રતિપાદન થાય છે. વસ્તુ સ્વરૂપ સમજવામાં આવે છે અને વસ્તુ સ્વરૂપની સિદ્ધિ થાય છે. ૩૨.**

## સ્કંધરૂપ બંધનું સ્વરૂપ

પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુઓનો સ્કંધરૂપ બંધ ક્યા પ્રકારે થાય છે, તે હવે સ્પષ્ટ કરે છે–

**स्निग्धरूक्षत्वाद्‌बन्धः ॥३३॥**

**न जघन्यगुणानाम् ॥३४॥**

**गुणसाम्ये सदृशानाम् ॥३५॥**

**द्व्यधिकादिगुणानां तुं ॥३६॥**

**बन्धेऽधिकौ पारिणामिकौ च ॥३७॥**

***સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વથી પુદ્‌ગલનો પરસ્પર બંધ થાય છે.***

***પરંતુ જઘન્યગુણવાળા પુદ્‌ગલનો બંધ થતો નથી.***

***તે જ રીતે ગુણોની સમાનતા હોય ત્યારે સમાન જાતિવાળાઓમાં બંધ થતો નથી.***

***બે અધિક આદિ શક્તિના અંશવાળાઓનો તો બંધ થાય છે.***

***બંધ થાય ત્યારે તે સમયે, બે અધિક ગુણવાળો પરિણમન કરાવવાવાળો હોય છે.***

સ્નિગ્ધત્વ એટલે ચિકણાપણું એ રૂક્ષત્વ એટલે લૂખાપણું.

પાછલા સૂત્રોમાં પુદ્‌ગલ દ્રવ્યના મુખ્ય ચાર ગુણોની અને વિસ્તૃતરૂપથી વીસ ગુણોની ચર્ચા આવી ગઈ છે. તે વીસ ગુણોમાં સ્પર્શગુણના આઠ પ્રકારમાંથી માત્ર સ્નિગ્ધ અને રૂક્ષ–આ બે ગુણ જ બંધનું કારણ છે. બાકીના અઢાર ગુણોના કારણે બંધ થતો નથી, સ્કંધ થતો નથી.

**આ વાત આપણે સ્પષ્ટરૂપે જોઈએ છીએ કે એક પુસ્તકના રૂખા બે પૃષ્ઠ આપસમાં ચોટતા નથી, પરંતુ તે બંને વચ્ચે એક ટીપું ચીકણા ગુંદરનું આવી જાય તો તે ચોંટી જાય છે. પૃષ્ઠોમાં વ્યાપ્ત રંગ, રસ અને ગંધથી ચોંટવાનો અને ન ચોંટવાનો કોઈ સંબંધ નથી. એથી એ બાબત હથેળીમાં રાખેલા આંબળા સમાન સ્પષ્ટ છે કે સ્કંધરૂપ બંધમાં સ્નિગ્ધતા અને રૂક્ષતા જ કારણ છે.**

જો કે એ સત્ય છે કે, સ્નિગ્ધતા અને રૂક્ષતાથી બંધ થાય છે, છતાં પણ પરમાણુના સ્કંધરૂપ બંધને માટે બીજી પણ અનેક શરતો છે. **જેમકે જઘન્ય ગુણવાળાનો સમાનગુણવાળાઓનો બંધ થતો નથી, વગેરે.**

એક-એક પરમાણુમાં અનંત અવિભાગી પ્રતિચ્છેદ હોય છે. તે ઘટતા-વધતા રહે છે. **શક્તિના સૌથી જઘન્ય અંશને અવિભાગી પ્રતિચ્છેદ કહે છે.**

જે રીતે બકરી, ગાય અને ભેંસના દૂધમાં ઉત્તરોત્તર અધિક સ્નિગ્ધતા તેમજ રેતી, બજરી અને પથ્થર આદિમાં ઉત્તરોત્તર અધિકરૂક્ષતા જોવા મળે છે તે જ રીતે પરમાણુઓમાં પણ ઓછું-વધુ સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ જોવામાં આવે છે.

**જોકે "ગુણ" શબ્દના અનેક અર્થ થાય છે. પરંતુ અહીં પ્રકરણ પ્રમાણે "ગુણ" શબ્દનો પ્રયોગ શક્તિના અંશોના રૂપમાં થયો છે.**

એક ગુણવાળા ચીકણા પરમાણુનો, બીજા એક ગુણવાળા તથા અન્ય બે-ત્રણ-ચાર સંખ્યાત, અસંખ્યાત અનંત સ્નિગ્ધ ગુણવાળા પરમાણુઓની સાથે બંધ નથી થતો તથા એક ગુણ સ્નિગ્ધ પરમાણુનો એક ગુણ રૂક્ષ તથા બે, ત્રણ, ચાર, સંખ્યાત, અસંખ્યાત, અનંતગુણ રૂક્ષવાળાની સાથે પણ બંધ નથી થતો.

એ જ રીતે, એક ગુણવાળા રૂક્ષ પરમાણુનો, અન્ય એક ગુણ રૂક્ષ કે સ્નિગ્ધ બે, ત્રણ, ચાર સંખ્યાત, અસંખ્યાત કે અનંતગુણ સ્નિગ્ધ રૂક્ષવાળા સાથે પણ બંધ થતો નથી.

બે સ્નિગ્ધ શક્ત્યંશવાળાનો બે રૂક્ષ શક્ત્યંશવાળાની સાથે, ત્રણ સ્નિગ્ધ શક્ત્યંશવાળાનો ત્રણ રૂક્ષ શક્ત્યંશવાળાની સાથે, બે સ્નિગ્ધ શક્ત્યંશવાળાનો બે સ્નિગ્ધ શક્ત્યંશવાળાની સાથે, બે રૂક્ષ શક્ત્યંશોનો બે રૂક્ષ શક્ત્યંશવાળાની સાથે બંધ થતો નથી.

સ્નિગ્ધ પરમાણુનો બે અધિક શક્ત્યંશવાળા સ્નિગ્ધ પરમાણુની સાથે બંધ થાય છે. રૂક્ષ પરમાણુનો બે અધિક શક્ત્યંશવાળા રૂક્ષ પરમાણુ સાથે બંધ થાય છે તથા સ્નિગ્ધનો રૂક્ષની સાથે, રૂક્ષનો સ્નિગ્ધની સાથે સમ

કે વિષમ ગુણો હોવાથી 'દ્વયધિકાદિગુણાનાં તુ' આ નિયમથી બંધ થાય છે, પરંતુ જઘન્ય શક્ત્યંશવાળાનો બંધ સર્વથા વર્જિત છે.

જ્યારે પરમાણુઓનો સ્કંધરૂપ બંધ થાય છે તો અધિક ગુણ (શક્ત્યંશ)વાળા પરમાણુ, ઓછા ગુણવાળામાં સ્વયં જ સમાવેશ કરી લેછે, માટે તેને પારિણામિક કહે છે.

જેમ ભીનો ગોળ, તેના ઉપર પડવાવાળી ધૂળને ગોળરૂપ કરી લે છે, તે જ પ્રમાણે ઓછી શક્તિ-અંશવાળા પરમાણુ કે સ્કંધોને વધારે ગુણ (શક્તિ-અંશ)વાળા પરમાણુ કે સ્કંધ પોતારૂપ પરિણમિત કરી લે છે.

બે ગુણવાળા સ્નિગ્ધ પરમાણુને માટે ચાર ગુણ શક્ત્યંશવાળા સ્નિગ્ધ પરમાણુ, પારિણામિક હોય છે અને બે શક્ત્યંશવાળા સ્નિગ્ધ પરમાણુને માટે ચાર શક્ત્યંશવાળા રૂત્ર અને સ્નિગ્ધ પરમાણુ, પારિણામિક થાય છે તથા બે ગુણ શક્ત્યંશવાળા રૂક્ષ પરમાણુઓ માટે ચાર શક્ત્યંશવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ, પારિણામિક છે.

અહીં એક પ્રશ્ન સહજ જ ઉત્પન્ન થાય છે કે આ પ્રકારના નિરૂપણનું શું પ્રયોજન છે. કેમકે એમાં પોતાનું કર્યું તો કાંઈ થવાનું નથી.

આચાર્ય અકલંકદેવ તત્ત્વાર્થરાજવાર્તિક ઉક્ત પ્રકરણનું સમાપન કરતાં લખે છે–

''બંધની આટલી લાંબી ચર્ચા કરવાનું પ્રયોજન એ છે કે આત્માના યોગ વ્યાપારથી, આત્માના પ્રદેશોમાં, સ્નિગ્ધરૂપ પરિણત અનંતપ્રદેશી કર્મ બંધને પ્રાપ્ત થાય છે. તે જ્ઞાનાવરણાદિ કર્મ પોતાની ત્રીસ ક્રોડાક્રોડી સાગર આદિ સુધીની સ્થિતિ સુધી ઘનપરિણામી બંધને પ્રાપ્ત રહે છે, વિઘટિત થતાં નથી.

**તાત્પર્ય એ છે કે જે રીતે પુદ્‌ગલ પરમાણુઓમાં, બંધનું કારણ એકમાત્ર સ્નિગ્ધતા અને રૂક્ષતા છે. તે જ રીતે આત્માની સાથે અખંડનું કારણ પણ આત્મામાં થનારી રાગરૂપી સ્નિગ્ધતા અને દ્વેષરૂપી રૂક્ષતા જ છે.**

જેવી રીતે પુદ્‌ગલન સ્નિગ્ધ-રૂક્ષરૂપ સ્પર્શગુણના સિવાય

અનંતગુણોનું બંધ થવામાં કોઈ યોગદાન નથી. **તે જ રીતે આત્માના શ્રદ્ધા અને ચારિત્રગુણ સંબંધ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સિવાય અન્ય ગુણ અને તેની પર્યાયોનો કર્મબંધ થવામાં કોઈ યોગદાન નથી.**

આચાર્ય કુંદકુંદકૃત પ્રવચનસારની તાત્પર્યવૃત્તિ ટીકામાં આચાર્ય જયસેન લખે છે—

''જે રીતે શુદ્ધ-બુદ્ધ સ્વભાવ દ્વારા આ આત્મા બંધરહિત હોવા છતાં પછી અશુદ્ધનયથી સ્નિગ્ધના સ્થાનીય રાગભાવે તથા રૂક્ષના સ્થાનીય દ્વેષભાવરૂપથી જ્યારે પરિણમિત થાય છે. ત્યારે પરમાગમમાં કહેલી વિધિથી બંધનો અનુભવ કરે છે તે જ રીતે પરમાણુ પણ સ્વભાવથી બંધ રહિત હોવા છતાં, જ્યારે બંધના કારણભૂત સ્નિગ્ધ-રૂક્ષ ગુણરૂપથી પરિણમિત થાય છે. ત્યારે બીજા પુદ્ગલની સાથે વિભાવ પર્યાયરૂપ બંધનો અનુભવ કરે છે.

બકરીના દૂધમાં, ગાયના દૂધમાં, ભેંસના દૂધમાં ચિકણાઈની વૃદ્ધિની સમાન, જે રીતે જીવમાં બંધના કારણભૂત સ્નિગ્ધના સ્થાનીય રાગપણા તથા રૂક્ષના સ્થાનીય દ્વેષપણા, જઘન્ય વિશુદ્ધિ સંક્લેશ સ્થાનથી પ્રારંભ કરી, પરમાગમમાં કહેલ ક્રમથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ-સંક્લેશ સુધી વધે છે, તે જ રીતે પુદ્ગલ પરમાણુ દ્રવ્યમાં પણ બંધના કારણભૂત સ્નિગ્ધતા અને રૂક્ષતા પહેલા કહેવામાં આવેલ જલ આદિની તારતમ્યતા (ક્રમથી વધતી) શક્તિના ઉદાહરણથી એક ગુણ નામક જઘન્ય શક્તિથી પ્રારંભ કરીને અન્યગુણ નામક અવિભાગી પ્રતિચ્છેદરૂપ બીજા આદિ શક્તિ વિશેષથી અનંત સંખ્યા સુધી વધે છે. કેમકે પુદ્ગલ દ્રવ્યના પરિણામી હોવાના કારણે, પરિણામનો નિષેધ કર્યા જવું તે શક્ય નથી.

**વિશેષ એ છે કે—પરમ ચૈતન્ય પરિણતિ લક્ષણ પરમાત્મ તત્ત્વની ભાવનારૂપ ધર્મધ્યાન, શુક્લધ્યાનના બળથી, જે રીતે જઘન્ય સ્નિગ્ધ શક્તિના સ્થાનીય રાગના ક્ષીણ થતાં અને જઘન્ય રૂક્ષ શક્તિના સ્થાનીય દ્વેષના ક્ષીણ થતાં, જલ અને રેતી સમાન જીવનો બંધ થતો નથી. તે જ રીતે પુદ્ગલ પરમાણુના પણ જઘન્ય સ્નિગ્ધ અને રૂક્ષ શક્તિનો પ્રસંગ થતાં,**

**બંધ થતો નથી. એવો અભિપ્રાય છે.** (પ્રવચનસાર ગાથા ૧૬૩-૧૬૫)

અહીં જાણવાની વિશેષ વાત એ છે કે, અહીં આત્માના બંધનું ઉદાહરણ દઈને પુદ્‌ગલના બંધને સમજાવેલ છે.

ઉક્ત ગાથાઓ અને તેની ટીકાઓમાં પુદ્‌ગલ સ્કંધોની બનવાની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. **એકપ્રદેશીય પુદ્‌ગલ પરમાણુ મૂલતઃ પુદ્‌ગલ દ્રવ્ય છે અને અનેક પરમાણુઓમાં સ્કંધ પુદ્‌ગલ દ્રવ્યની પર્યાયો છે.**

પુદ્‌ગલ તો પરસ્પર બંધાય જ છે. સ્કંધના રૂપમાં પરિણમિત થાય જ છે. તેનામાં પરસ્પર અને જીવની સાથે, તેના બંધની પ્રક્રિયાનું શું સ્વરૂપ છે—એ જ વાત અહીં સમજાવવામાં આવી રહી છે.

ઉક્ત બંધ થવામાં કારણ, તેનાં હોવાવાળી સ્નિગ્ધતા અને રૂક્ષતા છે. જોકે જીવોમાં સ્નિગ્ધતા અને રૂક્ષતા હોતાં નથી. છતાં પણ રાગ-દ્વેષ હોય છે. જીવની સાથે પૌદ્‌ગલિક કર્મોનો બંધ અને નોકર્મોનો સંબંધ થવાનું કારણ જીવની રાગરૂપ સ્નિગ્ધતા અને દ્વેષરૂપ રૂક્ષતા જ છે. બંધ થવાની તે સંક્ષિપ્ત પ્રક્રિયા અહીં સમજાવવામાં આવી રહી છે.

**પ્રશ્ન :** એ તો ઠીક છે કે આત્મામાં મૂલતઃ બંધના કારણ છે, પરંતુ પુદ્‌ગલની પુદ્‌ગલની સાથે બંધની આ પ્રક્રિયા તો અપ્રયોજનભૂત જછે.

**ઉત્તર : હા, એ તો છે કે આપ આ નહીં સમજી શકો તો, આપણું કોઈ મોટું નુકશાન થવાનું નથી. પરંતુ લૌકિક કાર્યોમાં, આટલી બુદ્ધિ લગાવો છો તો થોડી-ઘણી સર્વજ્ઞકથિત આ વિષયમાં લાગે તો કોઈ હાનિ નથી.** ૩૩-૩૭.

## દ્રવ્યનું લક્ષણ

આ અધ્યાયના ૨૯-૩૦મા સૂત્રમાં, દ્રવ્યનું લક્ષણ બતાવવામાં આવ્યું છે, હવે દ્રવ્યના લક્ષણને પ્રકાર અંતરથી (બીજા પ્રકારે) સ્પષ્ટ કરે છે.

**गुणपर्ययवद् द्रव्यम् ।।३८।।**

***દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળું હોય છે.***

જે દ્રવ્યના સંપૂર્ણ ભાગો (પ્રદેશો) અને તેની સંપૂર્ણ અવસ્થાઓ (પર્યાયો)માં રહે છે, તેને ગુણ કહે છે.

જેમકે—જ્ઞાન આત્માનો ગુણ છે, તે આત્માના સમસ્ત (અસંખ્ય) પ્રદેશ અને નિગોદથી લઈને મોક્ષ સુધીની સમસ્ત પર્યાયોમાં હોય છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ પુદ્ગલ દ્રવ્યના ગુણ છે, તે પુદ્ગલના પ્રદેશો અને પર્યાયોમાં હોય છે.

દ્રવ્ય કે ગુણોના પરિણમનને પર્યાય કહે છે. પ્રત્યેક દ્રવ્યના પ્રત્યેક ગુણની, પ્રતિસમય એક પર્યાય હોય છે. **આ રીતે દ્રવ્યમાં ગુણ તો એકસાથે હોય છે અને પર્યાયો ક્રમશઃ (ક્રમવાર) હોય છે.**

આ જ કારણે ગુણોની અન્વયી અને પર્યાયોને વ્યતિરેકી કહેવાય છે.

**પ્રશ્ન –** ૨૯-૩૦માં સૂત્રમં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત સત્‌ને દ્રવ્ય કહ્યું હતું અને અહીં દ્રવ્યને ગુણ અને પર્યાયવાળું બતાવવામાં આવી રહ્યું છે.

**ઉત્તર –** દ્રવ્યની તે બંને પરિભાષાઓમાં કોઈ વિશેષ અંતર નથી, કેમકે પર્યાયો ઉત્પાદ-વ્યયરૂપ હોય છે અને ગુણ ધ્રૌવ્યરૂપ, એ કારણે ચાહે તો દ્રવ્યને ગુણ-પર્યાયવાન કહે, ચાહે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્‌વાળાને કહે—એક જ વાત છે.

## કાળદ્રવ્ય

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ આ પાંચે અસ્તિકાય દ્રવ્યોની ચર્ચા તો વિસ્તારથી થઈ, પરંતુ બહુપ્રદેશીના હોવાથી અત્યાર સુધી કાળ દ્રવ્યની ચર્ચા નથી થઈ, હવે તેની ચર્ચા કહે છે.

**कालश्च ॥३९॥**

**सोऽनन्तसमयः ॥४०॥**

***અને કાળ પણ દ્રવ્ય છે. તે કાળદ્રવ્ય અનંત સમયવાળું છે.***

કાળ પણ એક દ્રવ્ય છે, કારણ કે દ્રવ્યની ઉક્ત પરિભાષાઓ કાળમાં પણ જોવા મળે છે. તે ગુણ પર્યાયવાળું તો જ છે જ, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યથી પણ સહિત છે. કાળદ્રવ્યમાં, અસ્તિત્વ-વસ્તુત્વ-દ્રવ્યત્વ-પ્રમેયત્વ-અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ આદિ સામાન્યગુણ અને વર્તના હેતુત્વ વિશેષ ગુણ છે, એથી તે ગુણવાળું અને નિરંતર પરિવર્તનશીલ હોવાથી પર્યાયો પણ તેને છે જ. તેનું અસ્તિત્વ છે, પરંતુ બહુપ્રદેશી નહીં હોવાથી તે કાયવાન નથી. કાળદ્રવ્ય એક પ્રદેશી છે, એથી તેને અપ્રદેશી પણ કહેવામાં આવે છે. કાળદ્રવ્ય, એક-બે, નહીં અસંખ્ય છે. જેટલા લોકાકાશના પ્રદેશ છે, એટલા જ કાળદ્રવ્ય છે. લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર એક-એક કાલાણુ દ્રવ્ય, મણિઓની જેમ (રત્નોની જેમ) સ્થિત છે. ઉક્ત સંદર્ભમાં ''દ્રવ્યસંગ્રહ''માં એક ગાથા પ્રાપ્ત થાય છે, જે આ પ્રકારે છે.

''**लोयायासपदेशे इक्किक्के जे ट्ठिया हु इक्किका ।**
**रयणाणं रासी इव ते कालाणु असंखदव्वाणि ॥**''

લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર એક-એક કાલાણુ દ્રવ્ય, રત્નોની રાશિ (ઢગલો)ની માફક પૃથક્-પૃથક્ (જુદા-જુદા) રહેલા છે. તે કાલાણુ અસંખ્ય દ્રવ્ય છે.

તે કાળદ્રવ્ય અનંત સમયવાળું છે. વર્તમાનનો એક સમય, ભૂતકાળના અનંત સમય અને તેનાથી પણ અનંતગુણા ભવિષ્યના સમય—આ પ્રકારે કાળદ્રવ્ય, અનંત સમયવાળું છે.૩૯-૪૦

# ગુણ અને પર્યાય

૩૮મા સૂત્રમાં દ્રવ્યને ગુણ-પર્યાયવાળું કહ્યું હતું. એથી હવે ગુણ-પર્યાયનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**द्रव्याश्रया निर्गुणा गुणाः ॥४१॥**

**तद्भावः परिणामः ॥४२॥**

***દ્રવ્યના આશ્રયમાં રહેનારા ગુણ, સ્વયં નિર્ગુણ હોય છે. તાત્પર્ય એ છે કે, એક ગુણના આશ્રયમાં બીજા ગુણ નથી રહેતા.***

***દ્રવ્ય કે ગુણોનું હોવું અર્થાત્ પ્રતિસમય બદલાતા રહેવું, તે પરિણામ છે.***

દ્રવ્ય અને ગુણોમાં આધાર-આધેય સંબંધ છે. દ્રવ્ય આધાર છે અને ગુણ આધેય છે.

જે રીતે તેલ, તલના બધા અવયોમાં વ્યાપ્ત રહે છે, તે જ રીતે ગુણ પણ દ્રવ્યના બધા પ્રદેશો અને પર્યાયોમાં વ્યાપીને રહે છે.

**જે રીતે દ્રવ્યમાં ગુણ હોય છે, તે જ રીતે એક ગુણમાં અન્ય ગુણ જોવામાં નથી આવતા, એ કારણે અહીં ગુણોને નિર્ગુણ કહેલ છે.**

ગુણ બે પ્રકારના હોય છે.

(૧) સામાન્ય ગુણ (૨) વિશેષ ગુણ.

(૧) જે ગુણ બધા દ્રવ્યોમાં સમાનરૂપથી જોવા મળે છે, તેને સામાન્ય ગુણ કહે છે, જેમકે—અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ આદિ ગુણ બધા દ્રવ્યોમાં જોવા મળે છે. એથી એ સામાન્ય ગુણ છે.

(૨) જે ગુણ જે દ્રવ્યની વિશેષતાને બતાવે છે અને માત્ર એ જ દ્રવ્યમાં જોવા મળે છે, તે ગુણો, તે દ્રવ્યના **વિશેષ** ગુણ છે. **ચેતનત્વ** જીવ દ્રવ્યનો વિશેષ ગુણ છે. **મૂર્તત્વ** પુદ્ગલ દ્રવ્યનો વિશેષ ગુણ છે. **ગતિહેતુત્વ** ધર્મદ્રવ્યનો વિશેષ ગુણ છે. **ગમનપૂર્વક સ્થિતિહેતુત્વ** અધર્મદ્રવ્યનો વિશેષ ગુણ છે. **અવગાહન હેતુત્વ** આકાશ દ્રવ્યનો વિશેષ

ગુણ છે અને પરિણમન હેતુત્વ કાળદ્રવ્યનો વિશેષ ગુણ છે.

**પ્રશ્ન –** અહીં દ્રવ્યના આશ્રયમાં રહેવું અને અન્ય ગુણથી રહિત હોવું, તે ગુણોનું સ્વરૂપ કહ્યું છે પરંતુ પર્યાય પણ તો દ્રવ્યના આશ્રયમાં રહે છે અને તેમાં કોઈ ગુણ નથી રહેતા, એથી નિર્ગુણ પણ છે—એ સ્થિતિમાં ગુણ અને પર્યાયમાં કોઈ અંતર નથી રહેતું.

**ઉત્તર – ગુણ દ્રવ્યના આશ્રયમાં નિત્ય રહે છે, પર્યાયો નિત્ય નથી, અનિત્ય છે. ગુણ અક્રમવર્તી હોય છે અને પર્યાયો ક્રમવર્તી. એ કારણે પર્યાયો ગુણોથી ભિન્ન છે.**

આ કારણે ગુણની તે વ્યાખ્યા, પર્યાયોમાં નથી રહેતી, એથી ઉક્ત કથનમાં કોઈ દોષ નથી.

આ રીતે અહીં પાંચમો અધ્યાય સમાપ્ત થાય છે.૪૧-૪૨.

# છઠ્ઠો અધ્યાય

## ભૂમિકા

એ પહેલા સ્પષ્ટ કર્યું જ છે કે, તત્ત્વાર્થોને, દ્રવ્ય તત્ત્વાર્થ અને પર્યાય તત્ત્વાર્થના રૂપમાં વિભાજિત કરવામાં આવે છે.

જીવ અને અજીવરૂપ દ્રવ્ય તત્ત્વાર્થોની ચર્ચા આગળના પાંચ અધ્યાયોમાં વિસ્તારથી થઈ ગઈ છે.

**હવે પર્યાય-તત્ત્વાર્થોની ચર્ચા પ્રસંગ પ્રાપ્ત છે.**

**પર્યાય તત્ત્વાર્થોમાં સર્વપ્રથમ આસ્રવ તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરીએ છીએ, કે જે બે અધ્યાયોમાં સમાપ્ત થશે.** છઠ્ઠા અધ્યાયમાં આસ્રવ તત્ત્વાર્થના, સામાન્ય સ્વરૂપને સ્પષ્ટ કરના ઉપરાંત, જ્ઞાનાવરણાદિ આઠેય કર્મોના આસ્રવોના કારણો ઉપર વિચાર કરીશું.

સાતમા અધ્યાયમાં વ્યવહારથી ધર્મ બતાવનાર શુભભાવરૂપ-પુણ્યકર્મરૂપ આસ્રવ તત્ત્વાર્થનું નિરૂપણ થશે.

## આસ્રવ તત્ત્વાર્થનું સામાન્ય સ્વરૂપ

હવે આસ્રવ તત્ત્વાર્થનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં થકા સર્વપ્રથમ યોગની ચર્ચા કરે છે.

**कायवाङ् मनः कर्म योगः ।।१।।**

**स आस्रवः ।।२।।**

**शुभः पुण्यस्याशुभः पापस्य ।।३।।**

**सकषायाकषाययोः साम्परायिकेर्यापथयो ।।४।।**

***૧. કાય, વચન અને મનની ક્રિયાને યોગ કહે છે.***

***૨. તે યોગ જ આસ્રવ છે.***

***૩. શુભયોગથી પુણ્યકર્મનો આસ્રવ થાય છે અને અશુભયોગથી પાપકર્મનો આસ્રવ થાય છે.***

***૪. કષાય સહિત જીવોને સાંપરાયિક આસ્રવ થાય છે અને કષાય રહિત જીવોને ઈર્યાપથ આસ્રવ થાય છે.***

**વસ્તુસ્થિતિએ તો આત્મપ્રદેશોના પરિસ્પંદ (હલન-ચલન)નું નામ યોગ છે.** આત્મપ્રદેશોનો આ પરિસ્પંદ, કાય-વચન અને મનના યોગના નિમિત્તથી થાય છે. આ રીતે **નિમિત્તના ભેદથી યોગ, ત્રણ પ્રકારના થઈ જાય છે,**—જે આ પ્રમાણે છે.

૧. કાયયોગ, ૨. વચનયોગ, ૩. મનોયોગ

૧. કાય (શરીર)ના યોગથી જે આત્મપ્રદેશોનું હલન-ચલન થાય છે, તેને કાયયોગ કહે છે.

૨. વચન (વાણી)ના યોગથી જે આત્મપ્રદેશોનું હલન-ચલન થાય છે, તેને વચનયોગ કહે છે.

૩. મનના યોગથી જે આત્મપ્રદેશોનું હલન-ચલન થાય છે, તેને મનોયોગ કહે છે.

આ ત્રણ પ્રકારના યોગ જ આસ્રવ છે. આસ્રવ એટલે આવવું—યોગના નિમિત્તથી આત્મામાં કર્મોનું આવવું, તે જ આસ્રવ છે. તેથી એમ કહેવામાં આવ્યું છે કે—યોગ જ આસ્રવ છે.

યોગ દ્વારા જે કર્મ આવે છે, તે કર્મ, પુણ્યકર્મ અને પાપકર્મના ભેદથી, બે પ્રકારના હોય છે.

શુભયોગથી પુણ્યકર્મનો આસ્રવ થાય છે અને અશુભયોગથી પાપકર્મનો આસ્રવ થાય છે.

જીવોના પ્રાણોનો ઘાત કરવો, ચોરી કરવી, મૈથુન સેવન કરવું, વગેરે **અશુભ શારીરિક કાયયોગ છે.**

જૂઠું બોલવું, કઠોર બોલવું, તે **અશુભ વચનયોગ** છે.

વિષયભોગના પરિણામ અથવા કોઈનું ખરાબ વિચારવું—તે **અશુભ મનોયોગ** છે.

આ રીતે—

પ્રાણીઓની રક્ષા કરવી આદિ શારીરિક કાર્ય **શુભ કાયયોગ** છે.

હિત-મિત-પ્રિય બોલવું, તે **શુભ વચનયોગ** છે.

**બીજાનું ભલું વિચારવું, તે શુભ મનોયોગ છે.**

અહીં એક **પ્રશ્ન** સંભવે છે કે પાપરૂપ ઘાતિકર્મોનો બંધ, શુભયોગના સમયે પણ થતો રહે છે એટલે-શુભયોગથી પુણ્યકર્મનો બંધ થાય છે—એમ કહેવું, ક્યાં સુધી સાચું ગણાય?

**ઉત્તર—**એ તો આપણે સૌ જાણીએ છીએ કે ઘાતીકર્મોમાં પુણ્ય-પાપ સંબંધી ભેદ હોતો નથી કેમકે ઘાતિકર્મ તો બધા પાપ છે.

પુણ્ય-પાપનો ભેદ તો અઘાતિકર્મોમાં જ હોય છે. તેથી ત્રીજા સૂત્રના કથનને, અઘાતિકર્મોની અપેક્ષાથી કરેલું કથન જ સમજવું જોઈએ.

તાત્પર્ય એ છે કે, શુભયોગથી અઘાતિકર્મોની પુણ્ય પ્રકૃતિઓનો બંધ થાય છે અને અશુભયોગથી અઘાતિકર્મોની પાપ પ્રકૃતિનો બંધ થાય છે.

કષાય સહિત જીવોને થનારા, સંસારના કારણભૂત આસ્રવને **સાંપરાયિક આસ્રવ** કહે છે અને કષાય રહિત જીવોને, સ્થિતિ-અનુભાગ બંધથી રહિત કેવળ યોગોથી થનારા આસ્રવને **ઈર્યાપથ આસ્રવ** કહે છે.

આ રીતે, આસ્રવ, સ્વામીની અપેક્ષાથી **સાંપરાયિક આસ્રવ** અને **ઈર્યાપથ આસ્રવ**ના ભેદથી બે પ્રકારના હોય છે.

યોગથી પ્રકૃતિ બંધ અને પ્રદેશબંધ થાય છે અને કષાયથી સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે.

દ્રવ્યસંગ્રહ ગાથા ૩૩માં કહ્યું પણ છે કે,—પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ—ના ભેદથી બંધ ચાર પ્રકારના હોય છે, તેમાં પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી તથા સ્થિતિ અને અનુભાગબંધ કષાયથી થાય છે.

અહીં એક **પ્રશ્ન** સંભવે છે કે, શું બંધનું કારણ યોગ અને કષાય જ છે?

એના સિવાય બીજું કોઈ નથી?

**ઉત્તર —** આ જ મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્રમાં બંધના કારણ ગણાવતાં

કહ્યું છે કે, **मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगाबन्धहेतवः**

(તત્ત્વાર્થસૂત્ર/અધ્યાય ૮/સૂત્ર-૧)

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ બંધના કારણ અર્થાત્ આસ્રવભાવ છે.

**પ્રશ્ન –** દ્રવ્યસંગ્રહ અને આ ગ્રંથના આઠમા અધ્યાયના કથનોમાં આ અંતર કેમ છે?

**ઉત્તર –** દ્રવ્યસંગ્રહમાં જ કેમ, આ ગ્રંથના આઠમાં અધ્યાયના બીજા સૂત્રમાં લખ્યું છે કે,

**कषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते सम्बन्धः ॥**

(આઠમાં અધ્યાયના સૂત્રની નીચેની લાઈન)

કષાય સહિત હોવાથી જીવ જે કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે,—તેને બંધ કહે છે.

આઠમા અધ્યાયના ઉક્ત સૂત્રોની વ્યાખ્યા યથાસ્થાને વિસ્તારથી કરવામાં આવશે, પરંતુ અહીં એટલું જાણી લો, કે—અહીં કષાય શબ્દથી માત્ર કષાયો જ લેવા નહીં. પરંતુ કષાય જેના અંતમાં છે, એવા મિત્યાત્વ—અવિરતિ-પ્રમાદ અને કષાય લેવા જોઈએ કારણ કે સંસારને વધારનાર સાંપરાયિક આસ્રવ એકલા કષાયોથી જ નહીં અપિતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય—આ ચારેયથી થાય છે.

પહેલાં ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી સ્થિતિ અને અનુભાગ બંધ સહિત **સાંપરાયિક આસ્રવ** હોય છે કેમકે ત્યાં સુધી કષાયનો અંશ વિદ્યમાન રહે છે. પરંતુ તેનાથી આગળ, અગિયારમાંથી લઈને તેરમા ગુણસ્થાન સુધી કષાય અંશ ન હોવાથી, સ્થિતિ અને અનુભાગબંધથી રહિત યોગોથી થનાર **ઈર્યાપથ આસ્રવ** હોય છે.૧-૪.

## સામ્પરાયિક આસ્રવ

હવે સાંપરાયિક આસ્રવની ચર્ચા કરતા થકા સૂત્ર કહે છે, જે આ પ્રમાણે છે–

**इन्द्रियकषायाव्रतक्रियाः पञ्चचतुःपञ्चपञ्चविंशति संख्याः पूर्वस्य भेदाः।।५।।**

***પાંચ ઈન્દ્રિયો, ચાર કષાયો, પાંચ અવ્રત અને પચ્ચીસ ક્રિયાઓ– આ બધા સાંપરાયિક આસ્રવના ભેદો છે.***

સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ–આ પાંચ ઈન્દ્રિયો છે.

ક્રોધ, માન, માયા, લોભ–આ ચાર કષાયો છે.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ (કુશીલ) અને પરિગ્રહ–ઉક્ત પાંચ પાપોના અત્યાગરૂપ પાંચ અવ્રત છે.

ઈન્દ્રિયો, કષાયો અને અવ્રતોની ચર્ચા યથાસ્થાને થઈ ચૂકી છે, અથવા થશે. હવે અહીં પચ્ચીસ ક્રિયાઓની ચર્ચા કરીએ છીએ.

**૧. સમ્યક્ત્વ ક્રિયા –** ચૈત્ય, ગુરુ અને શાસ્ત્રની પૂજા આદિરૂપ સમ્યક્ત્વને વધારનારી ક્રિયા સમ્યક્ત્વ ક્રિયા છે.

**૨. મિથ્યાત્વ ક્રિયા –** મિથ્યાત્વના ઉદયથી જે અન્ય દેવતાઓના આદિરૂપ ક્રિયા થાય છે, તે મિથ્યાત્વ ક્રિયા છે.

**૩. પ્રયોગક્રિયા –** શરીર આદિ દ્વારા ગમનાગમન આદિરૂપ પ્રવૃત્તિ, તે પ્રયોગક્રિયા છે.

**૪. સમાદાન ક્રિયા –** સંયતનું અવિરતિની સન્મુખથવું, તે સમાદાન ક્રિયા છે.

**૫. ઈર્યાપથ ક્રિયા –** ઈર્યાપથની કારણભૂત ક્રિયા ઈર્યાપથ ક્રિયા છે.

**૬. પ્રાદોષિકી ક્રિયા –** ક્રોધના આવેશથી પ્રાદોષિકી ક્રિયા થાય છે.

**૭. કાયિકી ક્રિયા –** દુષ્ટભાવ યુક્ત થઈને ઉદ્યમ કરવો, તે કાયિકી ક્રિયા છે.

**૮. અધિકરણિકી ક્રિયા –** હિંસાના સાધનોને ગ્રહણ કરવા, તે અધિકરણિકી ક્રિયા છે.

**૯. પારિતાપિકી ક્રિયા –** જે દુઃખની ઉત્પત્તિનું કારણ છે, તે પારિતાપિકી ક્રિયા છે.

**૧૦. પ્રાણાતિપાતિકી ક્રિયા –** આયુ, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ બલરૂપ પ્રાણોનો વિયોગ કરનારી પ્રાણાતિપાતિકી ક્રિયા છે.

**૧૧. દર્શન ક્રિયા –** રાગવશ પ્રમાદીનો, રમણીય રૂપને જોવાનો અભિપ્રાય, દર્શનક્રિયા છે.

**૧૨. સ્પર્શન ક્રિયા –** પ્રમાદવશ સ્પર્શ કરવાલાયક સચેતન પદાર્થનો અનુબંધ, સ્પર્શન ક્રિયા છે.

**૧૩. પ્રાત્યયિકી ક્રિયા –** નવા અધિકરણોને, ઉત્પન્ન કરવા, તે પ્રાત્યયિકી ક્રિયા છે.

**૧૪ સમન્તાનુપાત ક્રિયા –** સ્ત્રી-પુરુષો અને પશુઓના, આવવા-જવા, ઉઠવા-બેસવાના સ્થાનમાં અંદરના મળનો ત્યાગ કરવો, તે સમન્તાનુપાત ક્રિયા છે.

**૧૫. અનાભોગ ક્રિયા –** પ્રમાર્જન અને અવલોકન, કરવામાં નહીં આવેલ ભૂમિ પર શરીર આદિને રાખવું, તે અનાભોગ ક્રિયા છે.

**૧૬. સ્વહસ્ત ક્રિયા –** જે ક્રિયા, બીજાના દ્વારા કરવાની હોય તેને સ્વયં કરી લેવું–તે સ્વહસ્ત ક્રિયા છે.

**૧૭. નિસર્ગ ક્રિયા –** પાપાદાન આદિરૂપ પ્રવૃત્તિ વિશેષને માટે સંપત્તિ દેવી, તે નિસર્ગ ક્રિયા છે.

**૧૮. વિદારણ ક્રિયા –** બીજાએ જે સાવદ્યકાર્ય કર્યું છે તેને પ્રકાશિત કરવું, તે વિદારણ ક્રિયા છે.

**૧૯. આજ્ઞાવ્યાપાદિકી ક્રિયા –** ચારિત્રમોહનીયના ઉદયથી, આવશ્યક આદિના વિષયોમાં, શાસ્ત્રોક્ત આજ્ઞાને, પાળી ન શકવાના

કારણે, અન્યથા નિરૂપણ કરવું, આજ્ઞાવ્યાપાદિકી ક્રિયા છે.

**૨૦. અનાકાંક્ષ ક્રિયા –** ધૂર્તતા, શઠતા અને આળસને કારણે, શાસ્ત્રમાં ઉપદેશવામાં આવેલી વિધિનો અનાદર કરવો, તે અનાકાંક્ષ ક્રિયા છે.

**૨૧. પ્રારંભ ક્રિયા –** છેદવું-ભેદવું આદિ ક્રિયામાં, સ્વયં તત્પર રહેવું અને બીજાના કરવાથી હર્ષિત થવું, તે પ્રારંભ ક્રિયા છે

**૨૨. પારિગ્રાહિકી ક્રિયા –** પરિગ્રહનો નાશ ન થાય, તે માટે જે ક્રિયા કરવામાં આવે છે તે પારિગ્રાહિકી ક્રિયા છે.

**૨૩. માયા ક્રિયા –** જ્ઞાન-દર્શન આદિના વિષયમાં, છલ કરવું તે માયા ક્રિયા છે.

**૨૪ મિથ્યાદર્શન ક્રિયા –** મિથ્યાદર્શનના સાધનોથી યુક્ત પુરુષને પ્રશંસા આદિ દ્વારા દૃઢ કરવો,–કે ''તું સારું કરે છે''–તે મિથ્યાદર્શન ક્રિયા છે.

**૨૫. અપ્રત્યાખ્યાન ક્રિયા –** સંયમનો ઘાત કરનારા કર્મોના ઉદયથી, ત્યાગરૂપ પરિણામોનું ન થવું, તે અપ્રત્યાખ્યાન ક્રિયા છે.

આચાર્ય પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિ ગ્રંથમાં, આ ક્રિયાઓને, પાંચ-પાંચના સમૂહમાં, વિભાજિત કરેલ છે.

કહેવામાં આવેલી બધી ક્રિયાઓ સાંપરાયિક આસ્રવનું કારણ છે.

તેમાં ઇન્દ્રિયો-કષાયો-અવ્રત, આ ત્રણ કારણરૂપ છે અને પચ્ચીસ ક્રિયાઓ કાર્યરૂપ છે.

## આસ્રવભાવમાં વિશેષતા

આસ્રવોના કારણ તેમજ ભેદોની ચર્ચા ઉપરાંત હવે તેમની વિશેષતાઓની ચર્ચા કરે છે.

**तीव्रमन्दशाताशातभावाधिकरण वीर्य विशेषेभ्यस्तद्विशेषः ।**

***તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, અધિકરણ અને વીર્ય–તેની વિશેષતાથી આસ્રવભાવમાં વિશેષતા થઈ જાય છે, ભેદ પડી જાય છે.***

૧. ક્રોધાદિ કષાયોની તીવ્રતાને તીવ્રભાવ કહે છે.

૨. કષાયોની મંદતાને મંદભાવ કહે છે.

૩. ''આ પ્રાણીનું મારે હનન કરવું જોઈએ.''–આ રીતે જાણીને પ્રવૃત્તિ કરવી, તે જ્ઞાતભાવ છે.

૪. મદ કે પ્રમાદના કારણે, વિના જાણ્યે પ્રવૃત્તિ કરવી, તે અજ્ઞાનભાવ છે.

૫. જેમાં પદાર્થ રાખવામાં આવે છે, તે અધિકરણ છે.

૬. દ્રવ્યની પોતાના શક્તિવિશેષ તે વીર્ય છે. ઉક્ત કારણે આસ્રવભાવોમાં વિશેષતા આવી જાય છે, અંતર પડી જાય છે.

આગલા સૂત્રમાં વર્ણવામાં આવેલ, પાંચ ઈન્દ્રિયો, ચાર કષાયો, પાંચ અણુવ્રત અને પચ્ચીસ ક્રિયાઓમાંથી કોઈ એક કારણથી થનાર કર્માસ્રવમાં પણ તીવ્રભાવ-મંદભાવ આદિ કારણોથી અંતર પડી જાય છે. તીવ્રભાવથી અધિક આસ્રવ થઈ જાય છે અને મંદભાવથી અલ્પ આસ્રવ થઈ જાય છે. જ્ઞાતભાવથી અધિક આસ્રવ થઈ જાય છે અને અજ્ઞાતભાવથી અલ્પ આસ્રવ થાય છે. અધિક હિંસા કરવાની શક્તિવાળા સાધનરૂપ અધિકરણથી અધિક આસ્રવ થાય છે અને ઓછી હિંસાની શક્તિવાળા સાધનરૂપ અધિકરણથી અલ્પ આસ્રવ થાય છે. શક્તિ વિશેષને વીર્ય કહે છે.અધિક વીર્ય સહિત પ્રવર્તમાન હિંસાદિ દ્વારા અધિક આસ્રવ થાય છે અને ઓછા વીર્યથી પ્રવર્તમાન હિંસા આદિ દ્વારા અલ્પ આસ્રવ થાય છે.૬.

# અધિકરણ

આસ્રવભાવમાં હોવાવાળી વિશેષતાઓની ચર્ચા પછી હવે આસ્રવના અધિકરણોની ચર્ચા કરે છે,—જે આ પ્રકારે છે.

**अधिकरणं जीवाजीवाः ।।७।।**

**आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतकषाय-**

**विशेषैस्त्रिस्त्रि-श्चतुश्चैकशः ।।૮।।**

**निर्वर्तनानिक्षेपसंयोगनिर्गाद्विचतुर्द्वित्रिभेदाः परम् ।।९।।**

***આસ્રવનો આધાર જીવ અને અજીવ છે. આ રીતે અધિકરણ બે પ્રકારના થઈ ગયા. (૧) જીવાધિકરણ (૨) અજીવાધિકરણ***

***આદિ(આરંભ)નું અધિકરણ ૧૦૮ પ્રકારનું છે. સંરમ્ભ, સમારંભ અને આરંભ—આ ત્રણ મન-વચન અને કાય. આ ત્રણ કૃત-કારિત અને અનુમોદના આ ત્રણ તેમજ ક્રોધ-માન-માયા-લોભ—આ ચાર કષાયો કુલ મળીને ૩x૩x૩x૪=૧૦૮ પ્રકારના જીવાધિકરણ હોય છે.***

***નિર્વર્તના ૨, નિક્ષેપ ૪, સંયોગ ૨ અને નિસર્ગ ૩—આ બધા અજીવાધિકરણના ભેદ છે.***

આગલા સૂત્રમાં અધિકરણની ચર્ચા આવી છે. તે જ વાતને સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે આધારની અપેક્ષાથી આસ્રવ બે પ્રકારના હોય છે, (૧) જીવાસ્રવ (૨) અજીવાસ્રવ.

અહીં જીવાસ્રવના ૧૦૮ પ્રકાર બતાવેલ છે. તાત્પર્ય એ છે કે **જીવના ૧૦૮ પ્રકારના ભાવોથી કર્મોનો આસ્રવ થાય છે. એ કારણે જીવાસ્રવને, ભાવાસ્રવ પણ કહે છે.**

આલોચના પાઠમાં આપણે પ્રતિદિન બોલીએ છીએ.

**"સમરંભ સમારંભ આરંભ, મનવચતન કીને પ્રારંભ,**
**કૃત કારિત મોદન કરિકે, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકે,**
**શત આઠ જુ ઈન ભેદનતૈ અઘ કીને પરિછેદન તૈ,**
**તિનકી કહૂં કો લૌ કહાની તુમ જાનત કેવલજ્ઞાની."**

કોઈ કાર્યને કરવાના સંકલ્પને **સંરમ્ભ**,તેના સાધનોને એકઠા કરવાને **સમારંભ** અને કાર્ય શરૂ કરી દેવું તેને **આરંભ** કહે છે.

સ્વયં (કાર્ય) કરવું તે **કૃત**, બીજા પાસે કરાવવું, તે **કારિત** અને કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરવી, તે **અનુમોદના** છે.

મન-વચન-કાય અને ચાર કષાયોને પહેલા સ્પષ્ટ કરવામાં આવી ગઈ છે. આ બધાને પરસ્પર ગુણાકાર કરી દેતાં ૧૦૮ ભંગ થઈ જાય છે.

તાત્પર્ય એ છે કે ક્રોધાદિ ચાર અને કૃત આદિ ત્રણ ભેદથી કાયા આદિ યોગોના સંરમ્ભ, સમારંભ અને આરંભથી વિશષ્ટ કરતાં પ્રત્યેકના છત્રીસ-છત્રીસ ભેદ થાય છે.

આ પ્રકારે સંરમ્ભ બાર પ્રકારના છે.

(૧) ક્રોધકૃતકાય સંરમ્ભ (૨) માનકૃતકાય સંરમ્ભ
(૩) માયાકૃતકાય સંરમ્ભ (૪) લોભકૃતકાય સંરમ્ભ
(૫) ક્રોધકારિતકાય સંરમ્ભ (૬) માનકારિતકાય સંરમ્ભ
(૭) માયાકારિતકાય સંરમ્ભ (૮) લોભકારિતકાય સંરમ્ભ
(૯) ક્રોધાનુમતકાય સંરમ્ભ (૧૦) માનાનુમતકાય સંરમ્ભ
(૧૧) માયાનુમતકાય સંરમ્ભ (૧૨) લોભાનુમતકાય સંરમ્ભ

સમારંભ અને આરંભ પણ આ જ રીતે બાર-બાર પ્રકારના થઈને કુલ છત્રીસ પ્રકાર કાયયોગના થાય છે.

એ જ રીતે વચન અને મનના પણ છત્રીસ-છત્રીસ પ્રકાર મળીને કુલ ૧૦૮ પ્રકાર જીવાધિકરણના થાય છે.

હવે અજીવાધિકરણની ચર્ચા કરે છે.

(ક) ઉત્પન્ન કરવું, રચના કરવી કે બનાવવું, તેને નિર્વર્તના કહે છે.

મૂળગુણ નિર્વતના અને ઉત્તરગુણ નિર્વર્તના એ ભેદથી નિર્વતના બે પ્રકારની હોય છે.

૧. મન, વચન, કાય, પ્રાણ અને અપાન અર્થાત્ શ્વાસોચ્છ્વાસની રચના **મૂળગુણનિર્વર્તના** છે.

૨. કાષ્ઠ આદિ પર ચિત્ર આદિ બનાવવું, પુસ્તકો લખવા, તે ઉત્તરગુણ **નિર્વર્તના** છે.

(ખ) ''રાખવું''–તેને નિક્ષેપ કહે છે. નિક્ષેપ ૪ પ્રકારના હોય છે.

૧. જોયા વિના વસ્તુને રાખી દેવી, તે **અપ્રત્યવેક્ષિત નિક્ષેપ** છે.

૨. દુષ્ટતાપૂર્વક અસાવધાનીથી વસ્તુને રાખવી તે **દુષ્પ્રભૃષ્ટ નિક્ષેપ** છે.

૩. કોઈ ભયના કારણથી કે અન્ય કાર્યને કરવાની ઉતાવળમાં વસ્તુને પટકી દેવી, તે **સહસા નિક્ષેપ** છે.

૪. જોયા વિનાની કે સાફ કર્યા વિનાની જમીન ઉપર પડી રહેવું, તે **અનાભોગ નિક્ષેપ** છે.

**પ્રશ્ન –** નિક્ષેપોની ચર્ચા પહેલા પણ આવી છે.

**ઉત્તર –** તે નિક્ષેપ જુદા છે અને આ નિક્ષેપ સામાનને રાખવારૂપ છે. આ આસ્રવભાવરૂપ છે અને તે (જે પહેલા આવી ગયા છે તે) પ્રમાણ અને નયોની સાથે જાણવાના ઉપાયના રૂપમાં આવ્યા છે.

(ગ) અનેક વસ્તુઓને મેળવવી, તેને **સંયોગ** કહે છે, તેના બે ભેદ છે. ઉપકરણ સંયોગ અને ભક્તપાન સંયોગ

(૧) શીત-ઉષ્ણ કે શુદ્ધ-અશુદ્ધ ઉપકરણોને મેળવી દેવા, તેને **ઉપકરણ સંયોગ** કહે છે.

(૨) સચિત્ત-અચિત્ત ખાન-પાનને મેળવી દેવા, તે **ભક્તપાન સંયોગ** છે.

(ઘ) પ્રવૃત્તિ કરવાનું નામ **નિસર્ગ** છે. તે ત્રણ પ્રકારના હોય છે. મનોનિસર્ગ, વાગ્નિસર્ગ અને કાયનિસર્ગ.

(૧) દુષ્ટતાપૂર્વક મનની પ્રવૃત્તિ કરવી તે **મનોનિસર્ગ** છે.

(૨) દુષ્ટતાપૂર્વક વચનની પ્રવૃત્તિ કરવી, તે **વાગ્નિસર્ગ** છે.

(૩) દુષ્ટતાપૂર્વક કાયની પ્રવૃત્તિ કરવી, તે **કાયનિસર્ગ** છે.

આ રીતે, અજીવાધિકરણ અગિયાર પ્રકારના હોય છે.૭-૯.

## દર્શનાવરણ અને જ્ઞાનાવરણના આસ્રવના કારણ

અત્યાર સુધી, કર્મ સામાન્યના આસ્રવના કારણોનું નિરૂપણ કર્યું. હવે કર્મ વિશેષના આસ્રવના કારણોની ચર્ચા કરે છે. તેથી સર્વપ્રથમ જ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના આસ્રવોના કારણોની ચર્ચા આગામી સૂત્રમાં કરે છે, જે આ પ્રકારે છે.

**तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनानरणयोः ।।१०।।**

***જ્ઞાન અને દર્શનના વિષયમાં, પ્રદોષ-નિહ્નવ-માત્સર્ય-અંતરાય-આસાદન અને ઉપઘાત—આ જ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના આસ્રવના કારણ છે.***

૧. **પ્રદોષ—**મોક્ષના સાધનભૂત દર્શન અને તત્ત્વજ્ઞાનના ઉપદેશકથી ઈર્ષ્યાભાવ રાખવો, તે પ્રદોષ છે.

૨. **નિહ્નવ—**મુક્તિના કારણભૂત જ્ઞાન અને દર્શનનો અપલાપ કરનો, તે નિહ્નવ છે.

૩. **માત્સર્ય—**પ્રાપ્ત દર્શન અને તત્ત્વજ્ઞાનને ઈર્ષાભાવથી ન દેવું, તે માત્સર્ય છે.

૪. **અન્તરાય—**કોઈના દર્શન કે જ્ઞાનાભ્યાસમાં વિઘ્ન નાખવું, તે અંતરાય છે.

૫. **આસાદન—**દર્શન તેમજ જ્ઞાનનો આદર ન કરવો, તેના ઉપદેશકને રોકવા તે આસાદન કે આસાદના છે.

૬. **ઉપઘાત—**દર્શન તેમજ જ્ઞાનને એકદમ જૂઠા બતાવવા, તે ઉપઘાત છે.

આ છ કારણોથી દર્શનાવરણ અને જ્ઞાનાવરણનો બંધ થાય છે.

**જો આ છ બાબતો, દર્શનના સંબંધમાં હોય, તો દર્શનાવરણકર્મનો અને જ્ઞાનના સંબંધમાં હોય તો, જ્ઞાનાવરણકર્મનો બંધ થાય છે. ૧૦..**

## વેદનીયકર્મના આસ્રવના કારણ

જ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના આસ્રવોના કારણોની ચર્ચા ઉપરાંત હવે વેદનીયકર્મના આસ્રવોના કારણોની ચર્ચા, બે સૂત્રના માધ્યમથી કરે છે,—જે આ પ્રકારે છે—

**दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभय-**

**स्थानान्यसद्वेद्यस्य ।।११।।**

**भूतव्रत्यनुकम्पादानसरागसंयमादियोगः क्षान्तिं शौचमिति**

**सद्वेद्यस्य ।।१२।।**

***દુઃખ, શોક, તાપ, આક્રન્દન, વધ અને પરિદેવન એને—સ્વયંને, પરને અને બંનેને કરવાથી અસાતાવેદનીય કર્મનો આસ્રવ થાય છે.***

***પ્રાણીઓ ઉપર દયા કરવી, વ્રતીઓને દાન દેવું, રાગ સહિત સંયમ પાળવું, એકદેશ સંયમ પાળવું, ક્ષમાભાવ અને શૌચ (નિર્લોભ)ભાવ રાખવો,—આ સર્વથી સાતા વેદનીય કર્મનો આસ્રવ થાય છે.***

૧. પીડારૂપ પરિણામોને **દુઃખ** કહે છે.

૨. ઈષ્ટનો વિયોગ થતાં, (તેને) થનારા વિકલ પરિણામોને **શોક** કહેછે.

૩. તીવ્ર પશ્ચાત્તાપ થવાનો **તાપ** કહે છે.

૪. દુઃખી થઈને જોર-જોરથી રડવું, તેને **આક્રન્દન** કહે છે.

૫. કોઈના પ્રાણોનો ઘાત કરવો, તે **વધ** છે.

૬. અત્યંત દુઃખી થઈને, એવું રૂદન કરવું, કે જેને સાંભળીને, સાંભળનારના હૃદય દ્રવિત થઈ જાય, તેને **પરિદેવન** કહે છે.

આ રીતે સ્વયં દુઃખી થાય છે, બીજાને દુઃખી કરે છે, રડાવે છે, અને સ્વ-પર બંનેને દુઃખી કરે છે, તેને અસાતાવેદનીય કર્મનો આસ્રવ થાય છે.

**સામાન્ય રીતે સર્વ પ્રાણીઓને ભૂત કહે છે.**

**વ્યંતરજાતિના દેવોમાં, જે ભૂત નામના વ્યંતરદેવ હોય છે, તેમનો અહીં કાંઈપણ સંબંધ નથી.**

ભૂત અર્થાત્ સામાન્ય પ્રાણીઓ ઉપર અનુકંપા કરવી અને અણુવ્રતીઓને આમંત્રણપૂર્વક સન્માન સહિત ભોજન કરાવવું વિશેષ કરીને મહાવ્રતીઓને નવધા ભક્તિપૂર્વક આહાર આદિનું દાન દેવું, સરાગ સંયમ-સંયમાસંયમ પાળવું, યોગોની સાધના કરવી, શાંતિ રાખવી અને પવિત્રતા રાખવી, તીવ્ર લોભ આદિ ન કરવા—આ પ્રકારની પ્રવૃત્તિઓથી સાતા વેદનીયકર્મનો આસ્રવ થાય છે.

**भूतव्रत्यनुकम्पादान** પદનો અર્થ આ રીતે પણ કરી શકાય છે.

સામાન્ય પ્રાણીઓ તેમજ વ્રતીઓ ઉપર અનુકંપા કરવી અને બંનેને યથાયોગ્ય સન્માનપૂર્વક દાન દેવું, તે સાતાવેદનીય બંધનું કારણ છે.

અનુકંપા પણ બે પ્રકારની હોય છે.

(૧) ભૂતાનુકંપા (૨) વ્રત્યાનુકંપા

આ રીતે ભૂતો અર્થા સામાન્ય પ્રાણીઓને અનુકંપા દાન અને વ્રતીઓને સન્માન સહિત આહાર આદિ દાન દેવું જોઈએ.

વ્રતી પણ અણુવ્રતી અને મહાવ્રતીના ભેદથી બે પ્રકારના હોય છે.

આ રીતે અણુવ્રતીઓને સન્માન સહિત આમંત્રણપૂર્વક આહારાદિ દેવા અને મહાવ્રતીઓને નવધાભક્તિપૂર્વક આહારાદિ આપવા, તે સાતાવેદનીયના આસ્રવના કારણરૂપ ભાવ છે.

વ્રતોનું વર્ણનન આગળ સાતમા અધ્યાયમાં વિસ્તારથી થશે.૧૧-૧૨.

## મોહનીયકર્મના આસ્રવના કારણ

વેદનીયકર્મ પછી હવે મોહનીયકર્મના આસ્રવોના કારણોની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે.

**केवलिश्रुतसंघधर्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥१३॥**

**कषायोदयात्तीव्रपरिणामश्चारित्रमोहस्य ॥१४॥**

***કેવલી, શાસ્ત્ર, સંઘ, ધર્મ અને દેવોનો અવર્ણવાદ કરવો (ખોટો દોષ લગાવવો) તેનાથી દર્શનમોહનો આસ્રવ થાય છે.***

***કષાયના ઉદયથી પરિણામોમાં તીવ્ર કલુષતા થવાથી, ચારિત્ર મોહનીયકર્મનો આસ્રવ થાય છે.***

''અરહંત ભગવાન કવલાહાર કરે છે''—એ પ્રકારનું કથન, કેવલી ભગવાનો અવર્ણવાદ છે.

શાસ્ત્રોમાં માંસાહારની આજ્ઞા દેવામાં આવી છે—એ પ્રકારનું કથન કરવું, તે શાસ્ત્ર (શ્રુત)નો અવર્ણવાદ છે.

સાધુઓના સંઘ પર જૂઠા દોષ લગાવવા, તે સંઘનો અવર્ણવાદ છે.

અહિંસામયી રત્નત્રય ધર્મ ઉપર, જાતજાતના દોષ લગાવવા, વીતરાગી ધર્મને રાગમય બતાવવો, તે ધર્મનો અવર્ણવાદ છે.

આ જ રીતે દેવગતિના દેવો પર દોષ લગાવવો, તેને શરાબી, માંસભક્ષી બતાવવા, તે દેવોનો અવર્ણવાદ છે.

આ રીતે દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મ-દેવગતિના દેવો પર જૂઠા દોષ લગાવવાથી દર્શનમોહનીય અર્થાત્ મિથ્યાત્વકર્મનો આસ્રવ થાય છે.

તથા કષાયના ઉદયથી થનારા, તીવ્ર ક્રોધાદિ ભાવોથી ચારિત્ર મોહનીય અર્થાત્ ક્રોધાદિ કષાયરૂપ કર્મોનો આસ્રવ થાય છે.

## આયુકર્મના આસ્રવના કારણો

મોહનીયકર્મના આસ્રવના કારણો બાદ હવે આયુકર્મના આસ્રવોનું વર્ણન કરે છે—જે આ પ્રકારે છે.

**बह्वारम्भपरिग्रहत्वं नारकस्यायुषः ।।१५।।**

**मायातैर्यग्योनस्य ।।१६।।**

**अल्पारम्भपरिग्रहत्वं मानुषस्य ।।१७।।**

**स्वभावमार्दवं च ।।१८।।**

**निःशीलतव्रतत्वं च सर्वेषाम् ।।१९।।**

**सरागसंयमसंयमासंयमाकामनिर्जराबालतपांसि दैवस्य ।।२०।।**

**सम्यक्त्वं च ।।२१।।**

*બહુ આરંભ કરવો અને ઘણો પરિગ્રહ રાખવાથી, નરકઆયુનો આસ્રવ થાય છે.*

*માયાચારથી તિર્યંચ આયુનો આસ્રવ થાય છે.*

*અલ્પ આરંભ કરવાથી તથા અલ્પ પરિગ્રહ સંગ્રહથી મનુષ્યઆયુનો આસ્રવ થાય છે.*

*સ્વભાવની કોમળતા પણ મનુષ્યઆયુના આસ્રવનું કારણ છે.*

*થોડો આરંભ અને થોડા પરિગ્રહની સાથે પાંચ અણુવ્રત તેમજ સાત શીલરૂપ વ્રતોનું પાલન નહીં કરનારાને સર્વ આયુઓનો આસ્રવ થાય છે.*

ભોગભૂમિના જીવોને વ્રત અને શીલ નથી. છતાં પણ તેમને દેવ આયુનો આસ્રવ થાય છે.

*સરાગ સંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલ તપ પણ દેવઆયુના આસ્રવનું કારણ છે.*

**સમ્યક્‌ત્વને પણ દેવ આયુના આસ્રવનું કારણ કહેલ છે.**

**ધ્યાનમાં રાખવાનું છે કે, સમ્યગ્દષ્ટિ જીવ મરીને—ભવનવાસી,**

**વ્યંતર અને જ્યોતિષી થતાં નથી. તાત્પર્ય એ છે કે તેઓ નિયમથી વૈમાનિક દેવ જ થાય છે.**

ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષીદેવોને સમ્યગ્દર્શન થઈ શકે છે પરંતુ **તે પર્યાયોમાં કોઈ જીવ, સમ્યગ્દર્શન સહિત ઉત્પન્ન થતા નથી**.

જો સમ્યગ્દષ્ટિ મનુષ્ય કે તિર્યંચ હોય તો તેઓ વૈમાનિક દેવ થશે, દેવીઓ નહીં.

જો દેવ અથવા નારકી હોય તો તેઓ મનુષ્ય થશે અને મનુષ્યોમાં પણ પુરુષ જ થશે.

જોકે સમ્યગ્દર્શન આસ્રવનું કારણ થતું નથી છતાં પણ **સમ્યક્ત્વી વૈમાનિક દેવોમાં જ જન્મ લે છે. આ કારણે અહીં તેને પણ દેવ આયુના આસ્રવના કારણોમાં ગણાવેલ છે.**

**સરાગ સંયમ**—રાગપૂર્વક સંયમ પાળવું, તેને સરાગ સંયમ કહે છે.

**સંયમાસંયમ**—ત્રસ હિંસાના ત્યાગરૂપ સંયમ અને સ્થાવર હિંસાનો ત્યાગ ન હોવાથી, થનારા અસંયમને મેળવીને, સંયમાસંયમ કહે છે.

**અકામનિર્જરા**—પરાધિનતાવશ, અનિચ્છાપૂર્વક ભૂખ, તરસ વગેરે કષ્ટ શાંતિપૂર્વક સહન કરવાથી,જે કર્મ ઝરે છે તેને, અકામનિર્જરા કહે છે.

**બાલતપ**—આત્મજ્ઞાન રહિત તપને બાલતપ કહે છે.૧૫-૨૧.

## નામકર્મના આસ્રવનું કારણ

આયુકર્મ પછી હવે નામકર્મના આસ્રવના કારણોની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે.

**योगवक्रताविसंवादनं चाशुभस्य नाम्नः ।।२२।।**

**तद्विपरीतं शुभस्य ।।२३।।**

***યોગોની વક્રતા અર્થાત્ મન-વચન-કાયની કુટિલતા અને વિસંવાદથી (લડવા-ઝઘડવાની પ્રવૃત્તિ) અશુભ નામકર્મનો આસ્રવ થાય છે.***

***અશુભ નામકર્મના આસ્રવના કારણોથી ઉલટા કારણો અર્થાત્ મન-વચન-કાયાની સરળતા અને વિસંવાદનું ન હોવું તે શુભનામકર્મના આસ્રવનું કારણ છે.***

જ્યારે મન-વચન-કાયાની કુટિલતા પોતામાં જ હોય છે, ત્યારે તેને **યોગવક્રતા** કહે છે તથા જ્યારે તે જ વક્રતા બીજાની સાથે કરવામાં આવે છે, તેને કારણે ઝઘડો કરવામાં આવે છે, તો તે **વિસંવાદ** કહેવાય છે.

સૂત્રમાં જણાવેલ ''ચ'' શબ્દથી, મિથ્યાદર્શન, ચુગલીપણું, ચિત્તની અસ્થિરતા, તોલ-માપના ત્રાજવા જુદા-જુદા રાખવા વગેરેને પણ યોગવક્રતામાં જ ગણવામાં આવે છે.

આ જ રીતે તેનાથી ઉલટાભાવ શુભનામકર્મના સંદર્ભમાં પણ જોડી શકાય છે, જેમકે—ધાર્મિક વ્યક્તિઓ તરફ આદરભાવ—સંસાર-ભય—અપ્રમાદ વગેરે ભાવ પણ શુભનામકર્મના આસ્રવના કારણ છે. ૨૨-૨૩.

## તીર્થંકર નામકર્મના આસ્રવના કારણ

જોકે તીર્થંકર નામકર્મ પણ નામકર્મમાં આવી જાય છે, છતાં તેની વિશેષતાના કારણે તેનો જુદો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે કે જે આ પ્રકારે છે.

**दर्शनविशुद्धिर्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णज्ञानोपयोग-संवेगौ शक्तितस्त्यागतपसी साधु समाधिर्वैयावृत्यकरणमर्हदाचार्य-बहुश्रुतप्रवचन-भक्तिरावश्यकापरिहाणिमार्गप्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकरत्वस्य ॥२४॥**

| | |
|---|---|
| (૧) દર્શનવિશુદ્ધિ | (૨) વિનયસંપન્નતા |
| (૨) નિરતિચાર શીલવ્રત | (૪) અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ |
| (૫) અભીક્ષ્ણ સંવેગ | (૬) શક્તિતઃ ત્યાગ |
| (૭) શક્તિતઃ તપ | (૮) સાધુ સમાધિ |
| (૯) વૈયાવૃત્ય કરણ | (૧૦) અર્હદ્‌ભક્તિ |
| (૧૧) આચાર્ય ભક્તિ | (૧૨) બહુશ્રુત ભક્તિ |
| (૧૩) પ્રવચન ભક્તિ | (૧૪) આવશ્યકપરિહાણિ |
| (૧૫) માર્ગપ્રભાવના | (૧૬) પ્રવચનવત્સલત્વ |

—આ સોળ ભાવનાઓને સોલહકારણભાવના પણ કહે છે.

(૧) વિશુદ્ધ સમ્યગ્દર્શન અર્થાત્ સમ્યગ્દર્શનની સાથે હોવાવાળી વિશુદ્ધિ. અરિહંત દ્વારા નિરૂપિત નિર્ગ્રંથ મોક્ષમાર્ગની સમ્યક્‌શ્રદ્ધાપૂર્વક તીવ્રતમ રુચિ, તે **દર્શનવિશુદ્ધિ** છે.

તીર્થંકર પ્રકૃતિનો આસ્રવ-બંધ, ચોથા ગુણસ્થાનથી જ આરંભ થાય છે. આનો સ્પષ્ટ અર્થ એ જ છે કે તીર્થંકર પ્રકૃતિ બંધાવા માટે વિશુદ્ધ સમ્યગ્દર્શનની હાજરી (ઉપસ્થિતિ) અનિવાર્ય છે.

આ દર્શનવિશુદ્ધિ સોલહકારણભાવનાઓમાં પહેલી ભાવના છે.

(૨) દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગરૂપ પરિણામો તેમજ દર્શન-જ્ઞાન-ચારિત્રવંત જીવો પ્રત્યે વિનયભાવોથી સંપન્ન હોવું, તે **વિનયસંપન્નતા** નામની બીજી સોલહકારણ ભાવના છે.

(૩) પાંચ વ્રતો અને સાત શીલવ્રતોનું નિરતિચાર પાલન કરવું, તે **નિરતિચારશીલવ્રત** નામની ત્રીજી સોલહકારણ ભાવના છે.

આ પાંચ વ્રત અને સાત શીલવ્રતોનું સ્વરૂપ આગળના અધ્યાયમાં વિસ્તારથી સમજાવવામાં આવશે.

(૪) જીવ આદિ સ્વતત્ત્વવિષયક સમ્યગ્જ્ઞાનની આરાધનામાં નિરંતર ઉપયોગ લાગ્યો રહેવો, તે અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ નામની ચોથી સોલહકારણ ભાવના છે. જિનાગમ અને જિન અધ્યાત્મ સંબંધી શાસ્ત્રોના સ્વાધ્યાયમાં નિરંતર લાગ્યા રહેવું તે જ **અભીક્ષ્ણજ્ઞાનોપયોગ** છે.

(૫) સંસારદુઃખોથી નિરંતર વિરક્ત રહેવું, તે **અભીક્ષ્ણસંવેગ** નામની પાંચમી, સોલહકારણભાવના છે.

(૬) શક્તિપ્રમાણે ત્યાગ કરવાની ભાવના રાખવી અને દાન દેવાની ભાવના હોવી—તે **શક્તિતઃત્યાગ** નામની છઠ્ઠી સોલહકારણભાવના છે.

શક્તિતઃ ત્યાગભાવનાના પ્રકરણમાં તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આચાર્ય અકલંકદેવ ત્રણ પ્રકારના દાનોની ચર્ચા કરતાં, એક અત્યંત મહત્વપૂર્વ તથ્યની તરફ ધ્યાન આકર્ષિત કરે છે. તેઓ લખે છે કે—

(ક) આહાર દેવાથી પાત્રને તે દિવસે પ્રીતિ થાય છે.

(ખ) અભયદાનથી તે ભવનું દુઃખ છૂટે છે, તેથી પાત્રને સંતોષ થાય છે.

(ગ) જ્ઞાનદાન તો અનેક સહસ્રભવોના દુઃખથી છૂટકારો દેનારું છે.

(આચાર્ય અકલંકદેવ—રાજવાર્તિક, પૃષ્ઠ ૭૨૨)

આ રીતે, શક્તિતઃ ત્યાગ સોલહકારણભાવનામાં જ્ઞાનદાનની અભૂતપૂર્વ મહિમા બતાવીને અભીક્ષ્ણજ્ઞાનોપયોગને જ પ્રોત્સાહિત કરાયો છે.

(૭) શક્તિ અનુસાર બાર તપોમાં વૃત્તિ તેમજ પ્રવૃત્તિ રહેવી તે **શક્તિઃતપ** નામની સાતમી સોલહકારણભાવના છે.

બાર તપોમાં પણ એક સ્વાધ્યાય નામનો તપ આવે છે, તેમાં પણ જ્ઞાન આરાધના ઉપર જોર દેવામાં આવ્યું છે.

(૮) સાધુઓને યોગ્ય સમાધિને ધારણ કરવી અને સમાધિસ્થ સાધુઓની સેવાની ભાવના રાખવી, તે **સાધુસમાધિ** નામની આઠમી ભાવના છે.

(૯) પોતાની તેમજ અન્ય સાધર્મિઓની, સાધુની યથાસાધ્ય સેવા કરવી, **વૈયાવૃત્ત્યકરણ** નામની નવમી સોલહકારણકારણ ભાવના છે.

(૧૦ થી ૧૩) અરિહંતો, આચાર્યો, બહુશ્રુતવંત ઉપાધ્યાયો પ્રત્યે તેમજ જિનપ્રવચનો પ્રત્યે ભક્તિભાવ હોવો, તે ક્રમશઃ **અરહંતભક્તિ, આચાર્યભક્તિ, ઉપાધ્યાયભક્તિ અને પ્રવચનભક્તિ** નામની દસથી તેર સુધીની સોલહકારણભાવના છે.

ઉપરોક્ત ચાર પ્રકારની ભક્તિઓમાં પણ જ્ઞાન આરાધના જ પરિલક્ષિત થાય છે.

(૧૪) છ આવશ્યકોનું પરિપાલન કરવું, તે **આવશ્યક-પરિહાણિ** નામની ચૌદમી, સોલહકારણભાવના છે.

મુનિરાજો અને શ્રાવકો—બંનેના ષટ્આવશ્યકોમાં સ્વાધ્યાય નામનો આવશ્યક છે. જોકે ગૃહસ્થના દેવપૂજા આદિ આવશ્યક મુનિરાજોમાં છૂટી જાય છે.

(૧૫) રત્નત્રયના તેજથી પોતાના આત્માની પ્રભાવના કરવી અને દાન-પૂજા આદિના માધ્યમથી જિનદર્શનની પ્રભાવના કરવી **માર્ગપ્રભાવના** નામની પંદરમી સોલહકારણ ભાવના છે.

(૧૬) જેવી રીતે ગાય, વાછરડા તરફ નિઃસ્વાર્થ વાત્સલ્યભાવ રાખે છે, તે જ રીતે, સાધર્મી ભાઈ-બહેનોથી તેમજ જિનપ્રવચનોથી નિઃસ્વાર્થ સ્નેહ રાખવો, તે **પ્રવચનવાત્સલ્ય** નામની સોળમી, સોલહકારણભાવના છે.

આ રીતે, આપણે જોઈએ છીએ, કે—આ સોલહકારણ ભાવનાઓમાં પણ સ્વાધ્યાયની જ પ્રમુખતા—(મુખ્યતા) છે.૨૪.

## ગોત્રકર્મના આસ્રવનું કારણ

નામકર્મના આસ્રવોના કારણો ઉપરાંત હવે ગોત્રકર્મના આસ્રવના કારણોની વાત કરે છે, જે આ પ્રકારે છે.

**परात्मनिन्दाप्रशंसे सदसद्गुणोच्छादनोद्भावने त नीचैर्गोत्रस्य ॥२५॥**

**तद्विपर्ययो नीचैर्वृत्यनुक्सेकौ चोत्तरस्य ॥२६॥**

લોકમાન્ય સદાચારી કુળને ઉચ્ચગોત્ર અને લોકનિંદ્ય અસદાચારી કુળને નીચગોત્ર કહે છે.

***બીજાની નિંદા કરવી, પોતાની પ્રશંસા કરવી, બીજાની વિદ્યમાન ગુણોનું ઉચ્છાદન કરવું, તેને ઢાંકવા (છુપાવવા) અને પોતામાં અવિદ્યમાન ગુણોનું ઉદ્‌ભાવન કરવું, તેને પ્રગટ કરવા—એવા ભાવોથી નીચગોત્રનો આસ્રવ થાય છે.***

***એનાથી વિપરીત કારણોથી એટલે કે બીજાની પ્રશંસા કરવી, પોતાની નિંદા કરવી, બીજાના સારા ગુણોને પ્રગટ કરના અને અયોગ્યગુણોને ઢાંકવા (છુપાવવા) પોતાની સમીચીન (યોગ્ય) ગુણોને પણ પ્રગટ ન કરવા, ગુણીજનોની સામે વિનમ્ર રહેવું, ગુણોના હોવા છતાં પણ અભિમાન ન કરવું—આ બધા ઉત્ત ગોત્રના આસ્રવના કારણ છે.***

કુલીન પુરુષોમાં હોવા યોગ્ય ભાવોથી, ઉચ્ચ ગોત્ર અને નીચકુળવાળા જેવા ભાવોથી નીચગોત્રનો આસ્રવ થાય છે.

## અંતરાયકર્મના આસ્રવના કારણ

હવે સૌથી અંતે, અંતરાયકર્મના આસ્રવના કારણો ઉપર પ્રકાશ નાખે છે.

**विघ्नकरणमन्तरायस्य** ।।૨૭।।

***દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન નાખવાથી અંતરાય કર્મનો આસ્રવ થાય છે.***

તાત્પર્ય એ છે કે કોઈના દાનમાં અંતરાય નાખવાથી દાનાંતરાય કર્મનો આસ્રવ થાય છે. લાભમાં અંતરાય નાખવાથી લાભાંતરાય કર્મનો આસ્રવ થાય છે.

ભોગમાં અંતરાય નાખવાથી ભોગાંતરાયકર્મનો આસ્રવ થાય છે.

ઉપભોગમાં અંતરાય નાખવાથી ઉપભોગાંતરાયકર્મનો આસ્રવ થાય છે અને

વીર્યમાં અંતરાય નાખવાથી વીર્યાંતરાય કર્મનો આસ્રવ થાય છે.

જે વસ્તુ એકવાર ભોગવવામાં આવે, તેને **ભોગ** કહે છે.

જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તેને **ઉપભોગ** કહે છે.

રોટલી, દાળ, મિઠાઈ, ફરસણા આદિ **ભોગ** છે અને ખુરશી, ટેબલ, પંખા આદિ **ઉપભોગ** છે.

જો આપણી એવી ભાવના છે કે આપણા સર્વ કાર્ય નિરન્તરાય થાય, તો આપણે પણ બીજાના કાર્યોમાં બાધક ન બનવું જોઈએ, તેમના કાર્યોમાં અંતરાય નાખવાનો પ્રયાસ ન કરવો જોઈએ, એવી ભાવના પણ ન કરવી જોઈએ કે તેમને તેમના કાર્યોમાં સફળતા પ્રાપ્ત ન થાય.૨૭.

## છઠ્ઠો અધ્યાય—થોડા પ્રશ્નોત્તર

**પ્રશ્ન—૧** જ્યારે શાસ્ત્રમાં એમ લખ્યું છે કે, એક આયુકર્મ સિવાય બાકીના સાત કર્મોનો બંધ નિરંતર થતો રહે છે, તો પછી પ્રદોષ આદિથી જ્ઞાનાવરણ આદિ કર્મોનો જ આસ્રવ થાય છે—એનો અર્થ શું છે? તાત્પર્ય એ છે કે, એવી સ્થિતિમાં પ્રત્યેક કર્મના આસ્રવના કારણોને જુદા જુદા કેવી રીતે બતાવી શકાય છે?

**ઉત્તર—** દરેક સમયે જે એક સમય પ્રબદ્ધ પ્રમાણ કર્મરજનો આસ્રવ થાય છે, જોકે તે સમયપ્રબદ્ધ પ્રમાણ પરમાણુ આયુકર્મ સિવાય બાકીના સાત કર્મોમાં વહેંચાઈ જાય છે. છતાં પણ તેમાં અનુભાગ (ફળ દેવાની શક્તિ) તે ભાવો અનુસાર પડે છે. આ કથનને અનુભાગની અપેક્ષાએ સમજવું જોઈએ.

**પ્રશ્ન—૨** વિભિન્ન કર્મોના આસ્રવના કારણોના રૂપમાં, જે ભાવોનું વિવેચન છે, તે ભાવ તો મુખ્યરૂપથી સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં જ જોવામાં આવે છે, એવી સ્થિતિમાં એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોના કર્માસ્રવની સ્થિતિ કેવી છે?

**ઉત્તર —** સંજ્ઞી જ સમજે છે તેથી સંજ્ઞી જીવોની અપેક્ષાએ સંપૂર્ણ કથન છે. અસંજ્ઞી જીવોને અવ્યક્તરૂપથી લગભગ આ જ પ્રકારના ભાવોથી કર્મોનો અનુભાગ પડે છે.

**પ્રશ્ન —૩** શું તીર્થંકર પ્રકૃતિના બંધને માટે સોલહકારણ ભાવનાઓમાં બધી ભાવના ભાવવી અનિવાર્ય છે?

**ઉત્તર —** તીર્થંકર પ્રકૃતિનો બંધ ચોથા ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાનના છઠ્ઠા અંશ સુધી થાય છે, થતો રહે છે, કેમકે એ નિરંતર બંધાતી પ્રકૃતિ છે.

તેથી ચોથા ગુણસ્થાનથી માંડીને આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી જેટલા પ્રકારના શુભભાવ, વિશુદ્ધ પરિણામ થાય છે, લગભગ તે બધાને આમાં સામેલ કરી લીધા છે.

શ્રાવક અને મુનિ—બંને અવસ્થાઓમાં હોવાના કારણે, બંને અવસ્થાઓમાં થતાં વિશુદ્ધ પરિણામોને આમાં સમેટી લીધા છે. આમ તો દર્શનવિશુદ્ધિની સાથે તીવ્રતમ સાધર્મીવાત્સલ્ય, સ્વાધ્યાયની લગની અને ઉત્કૃષ્ટતમ ધર્મપ્રભાવનાની ભાવનાથી તીર્થંકર પ્રકૃતિનો બંધ થવા લાગે છે. તે સમ્યગ્દૃષ્ટિ જીવના હૃદયમાં એવો તીવ્રતમ ભાવ જાગૃત થાય છે, કે જે પરમ સત્ય, મારી સમજમાં આવ્યું છે, તે બધા સાધર્મી ભાઈઓને પ્રાપ્ત થઈ જાય અને તે ભગવાન આત્મા, પ્રત્યેકના જ્ઞાનનું જ્ઞેય બની જાય, તો તેને તીર્થંકર પ્રકૃતિનો બંધ થવા લાગે છે.

ભાષાજ્ઞાનનો અભાવ અને વાણીની નિર્બળતાના કારણે તેને પોતાની વાત-આત્માની વાત પ્રત્યેક જીવ સુધી પહોંચાડવામાં તકલીફનો અનુભવ થાય છે, તેની ભાવના અત્યંત પ્રબળ હોય છે, પરિણામસ્વરૂપ તેને એવી દિવ્યવાણી પ્રાપ્ત થાય છે કે તે અઢાર મહાભાષા અને સાતસો લઘુભાષાઓમાં સમજી લેવામાં આવે છે, કોઈપણ પ્રકારનું વ્યવધાન રહેતું નથી. આ જ બધુ તો, તીર્થંકર પ્રકૃતિનું કાર્ય છે.

આ બાબતમાં પં. કૈલાસચંદજી સિદ્ધાન્તાચાર્ય લખે છે, કે—''આ સર્વનું અથવા એમાંથી થોડાનું પાલન કરવાથી તીર્થંકર નામકર્મનો આસ્રવ થાય છે, **પરંતુ એમાં એક દર્શનવિશુદ્ધિનું હોવું જરૂરી છે.**''

ધ્યાન રાખવાયોગ્ય વાત એ છે કે, આ તીર્થંકર પ્રકૃતિ નામક કર્મનો આસ્રવ, કેવળી અથવા શ્રુતકેવળીના પાદમૂળમાં, ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી આરંભ થાય છે, તે શરત આરંભ થવાની છે, આસ્રવ થતાં રહેવાની નહીં.

**પ્રશ્ન—૪** જે લોકો સાચા હૃદયથી, સોલહકારણ ભાવના ભાવે છે, તે બધાને તીર્થંકર પ્રકૃતિનો બંધ થશે ને?

**ઉત્તર—** જેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ થવાનો હોય છે, તેઓ અવશ્ય જ સોલહકારણભાવના ભાવે છે. એ તો આપ જાણો જ છો કે, ૧૦ કોડાકોડી સાગરમાં, ભરતક્ષેત્રમાં માત્ર ૨૪ તીર્થંકર જ થાય છે તેથી સાચી સોલહકારણ ભાવનાઓ તો, તેઓ જ ભાવશે કે જેમને તીર્થંકર પ્રકૃતિનો બંધ થવાનો છે.

**પ્રશ્ન–૫** તમે શું કહેવા માગો છો? તે બધા લાકોને તીર્થંકર પ્રકૃતિનો બંધ નહીં થાય, જે ઘણી જ ભક્તિથી સોલહકારણભાવના ભાવે છે, સોલહકારણવ્રત કરે છે, સોલહકારણ પૂજન કરે છે?

**ઉત્તર–** તમે જ જણાવો કે જો આ પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિવાળાઓને તીર્થંકર પ્રકૃતિનો આસ્રવ થાય તો કેટલા તીર્થંકર થાય? વળી કેવળી અને શ્રુતકેવળીના પાદમૂળમાં જ થાય, એ પણ શરત છે. તે કેટલાને ઉપલબ્ધ છે?

અરે ભાઈ! આ આસ્રવના કારણોની ચર્ચા આસ્રવભાવોથી વિરક્ત થવા માટે છે, તેમાં અનુરક્ત થવા માટે નહીં.

ધર્મ તો કર્મ કાપવાનો ઉપાય છે, કર્મ બાંધવાનો નહીં.

રત્નકરંડ શ્રાવકાચાર શ્લોક-૨માં આચાર્ય સમંતભદ્ર ધર્મને કર્મોના નિવારણ કરનાર કહે છે. તેમનું કથન આ પ્રકારે છે.

''**देशयामि समीचीनं धर्मं कर्मनिबर्हणम् ।**''

''હું ધર્મને કહીશ, જે કર્મોનું નિવારણ કરનાર છે''

કોઈપણ કર્મ બાંધવાયોગ્ય નથી, કેમકે આસ્રવને બંધ તો હેય તત્ત્વ છે, ઉપાદેય નથી.

**આ પ્રકરણને વાંચીને જો આપણે કર્મમાં, કર્માસ્રવમાં, કર્માસ્રવના કારણોમાં, કર્મબંધમાં ઉપાદેયબુદ્ધિ કરી તો આપણે અમૃતના સાગર મહાશાસ્ત્રમાંથી ઝેર કાઢવાનો કુત્સિત પ્રયાસ કર્યો છે.**

ભાઈ! આસ્રવભાવોને, કોઈપણ ભેદભાવ વિના બહુ દુઃખ દેનારા કહ્યા છે. **''આસ્રવ દુઃખકાર ઘનેરે, બુધિવંત તિન્હેં નિરવેરે.** (એમ છઢાળા, પાંચમી ઢાળના નવમાં છંદમાં કહ્યું છે.)

આ કારણે, શુભાસ્રવ-અશુભાસ્રવ, મંદઆસ્રવ-તીવ્રઆસ્રવ, પુણ્યઆસ્રવ-પાપઆસ્રવ. કોઈપણ પ્રકારના આસ્રવભાવમાં ઉપાદેયબુદ્ધિ રાખવી, તે સમજદારી નથી.

આ પ્રમાણે અહીં છઠ્ઠો અધ્યાય સમાપ્ત થાય છે.

# સાતમો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

છઠ્ઠા અધ્યાયમાં આસ્રવ તત્ત્વાર્થનું સામાન્ય સ્વરૂપ બતાવ્યું તથા આઠે કર્મોના આસ્રવના કારણો વિસ્તૃત ચર્ચા કરી. હવે આ સાતમા અધ્યાયમાં શુભાસ્રવનું વિસ્તારથી વિવેચન કરે છે.

## વ્રતનું સ્વરૂપ તેમજ પ્રકાર

હવે સર્વપ્રથમ વ્રતનું સ્વરૂપ અને તેના પ્રકારોની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે.

**हिंसानृतस्तेब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ।।१।।**

**देशसर्वतोऽणु महती ।।२।।**

***હિંસા, અનૃત (જૂઠ), અસ્તેય (ચોરી), અબ્રહ્મ (કુશીલ) અને પરિગ્રહ—આ પાંચ પાપોથી વિરત થવું વ્રત છે.***

***એકદેશવ્રત અર્થાત્ અણુવ્રત અને સર્વદેશવ્રત અર્થાત્ મહાવ્રત, આ રીતે અણુવ્રત અને મહાવ્રતના ભેદથી વ્રત બે પ્રકારના હોય છે.***

***તે પાંચે પાપોના એકદેશ ત્યાગને અણુવ્રત કહે છે અને પૂર્ણ રીતે ત્યાગને મહાવ્રત કહે છે.***

તે પાંચ પાપોનું સ્વરૂપ આગળ આચાર્યદેવ સ્વયં સૂત્રો દ્વારા પ્રસ્તુત કરશે.

અહીં એક પ્રશ્ન સંભવિત છે કે વ્રતોને તો સંવર અધિકારમાં લેવા જોઈએ, અહીં આસ્રવ અધિકારમાં કેમ લીધા?

આ પ્રકારની શંકા સર્વાર્થસિદ્ધિ નામક વૃત્તિમાં આચાર્ય પૂજ્યપાદે પણ ઉઠાવી છે અને તેનું સમાધાન પણ કર્યું છે, જે આ પ્રકારે છે.

શંકા—આ વ્રત આસ્રવનું કારણ છે, આ વાત બનતી નથી કેમકે સંવરના કારણોમાં એનો અંતર્ભાવ હોય છે.

આગળ ગુપ્તિ-સમિતિ આદિ સંવરના કારણ કહેવાના છે. ત્યાં દસ

પ્રકારના ધર્મોમાં એક સંયમ નામનો ધર્મ બતાવ્યો છે, તેમાં વ્રતોમાં અંતર્ભાવ હોય છે?

**સમાધાન**—આ કોઈ દોષ નથી. કારણ કે ત્યાં **નિવૃત્તિરૂપ સંવરનું કથન કરશે** અને અહીં પ્રવૃત્તિ જોવામાં આવે છે કેમકે **હિંસા, અસત્ય અને અદત્તાદાન આદિનો ત્યાગ કરતાં, અહિંસા-સત્યવચન અને આપેલ વસ્તુનું ગ્રહણ આદિરૂપ ક્રિયા જોવામાં આવે છે.**

(આચાર્ય પૂજ્યપાદ-સર્વાર્થસિદ્ધિ-પૃષ્ઠ ૨૬૫)

આ જ રીતનો ભાવ આચાર્ય અકલંકદેવે રાજવાર્તિકમાં પણ પ્રસ્તુત કર્યો છે, તેનો મહત્ત્વપૂર્ણ અંશ આ પ્રકારે છે.

**“વ્રત, સંવરરૂપ નથી કેમકે એમાં પરિસ્પંદ પ્રવૃત્તિ છે. અસત્ય, ચોરી આદિથી વિરક્ત થઈને, સત્ય, અચૌર્ય આદિ પ્રવૃત્તિ જોવામાં આવે છે.** હાં, ગુપ્તિ આદિ સંવરને માટે આ અહિંસાદિવ્રત સહાયક થાય છે. વ્રતોના સંસ્કાર રાખનાર સાધુ સુખપૂર્વક સંવર કરે છે.

**તેથી સંવરની ભૂમિકારૂપ આ વ્રતોનો પુણ્યાસ્રવનો હેતુ હોવાથી અહીં જ નિર્દેશ કરવો ઉચિત છે.**

(આચાર્ય અકલંકદેવ—રાજવાર્તિક, પૃષ્ઠ ૭૨૫-૭૨૬)

રાત્રિભોજનના સંદર્ભમાં આચાર્ય પૂજ્યપાદના વિચાર દૃષ્ટવ્ય છે.

**શંકા**—રાત્રિભોજન વિરમણ નામનું છઠ્ઠું-અણુવ્રત છે. તેની અહીં પરિગણના કરવી હતી?

**સમાધાન**—નહીં, કેમકે તેનો ભાવનાઓમાં અન્તર્ભાવ થઈ જાય છે. આગળ અહિંસાવ્રતની ભાવનાઓ કહેશે. શેમાં એક **આલોકિતપાન ભોજન** નામની ભાવના છે તેમાં રાત્રિભોજન વિરમણ નામક વ્રતનો અન્તર્ભાવ થઈ જાય છે. (આચાર્ય પૂજ્યપાદ-સર્વાર્થસિદ્ધિ—પૃષ્ઠ ૨૬૫)

આચાર્ય અકલંકદેવ રાજવાર્તિકમાં રાત્રિભોજનત્યાગના પક્ષમાં અનેક મહત્ત્વપૂર્ણ તર્ક પ્રસ્તુત કરે છે. જે મૂળ પુસ્તક(પૃષ્ઠ ૭૨૬ ઉપર છે) માંથી વાંચવા યોગ્ય છે.૧-૨.

## વ્રતોની ભાવનાઓ

તે પાંચ વ્રતોના પાલનમાં સ્થિરતા રહે, આ ભાવનાથી વ્રતીજન નીચેની ભાવનાઓ ભાવે છે.

**तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ।।३।।**

**वाङ्मनोगुप्तिर्यादाननिक्षेपणसमित्यालोकितपानभोजनानि पञ्च ।।४।।**

**क्रोधलोभभीरुत्वहास्यप्रत्याख्यानान्यनुवीचिभाषणं च पञ्च ।।५।।**

**शून्यागारविमोचितावासपरोपरोधाकरणभैक्ष्यशुद्धिसधर्माविसंवादाः पञ्च ।।६।।**

**स्त्रीरागकथाश्रवणतन्मनोहरांगनिरीक्षणपूर्वरतानुस्मरणवृष्येष्टरस-स्वशरीरसंस्कारत्यागाः पञ्च ।।७।।**

**मनोज्ञामनोज्ञेन्द्रियविषयरागद्वेषवर्जनानि पञ्च ।।८।।**

*તે વ્રતોની સ્થિરતાને માટે પ્રત્યેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે.*

*વચનગુપ્તિ, મનોગુપ્તિ, ઈર્યાસમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ અને આલોકિતપાન ભોજન—આ અહિંસાવ્રતની પાંચ ભાવનાઓ છે.*

*ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન, ભીરુત્વપ્રત્યાખ્યાન, હાસ્યપ્રત્યાખ્યાન અને અનુવીચિભાષણ—આ સત્યવ્રતની પાંચ ભાવનાઓ છે.*

*શૂન્યાગારવાસ, વિમોચિતાવાસ, પરોપરોધાકરણ, ભૈક્ષ્યશુદ્ધિ અને સધર્માવિસંવાદ—આ અચૌર્યવ્રતની પાંચ ભાવનાઓ છે.*

*સ્ત્રીઓમાં રાગને ઉત્પન્ન કરનારી કથા સાંભળવાનો ત્યાગ, સ્ત્રીઓના મનોહર અંગોને જોવાનો ત્યાગ, પૂર્વ ભોગોના સ્મરણનો ત્યાગ, ગરિષ્ઠ અને ઈષ્ટ રસનો ત્યાગ તથા પોતાના શરીરના શણગારનો ત્યાગ—આ બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવનાઓ છે.*

*મનોજ્ઞ અને અમનોજ્ઞ ઈન્દ્રિયોના વિષયોમાં ક્રમથી રાગ અને દ્વેષનો ત્યાગ કરવો, આ અપરિગ્રહવ્રતની પાંચ ભાવનાઓ છે.*

વચનગુપ્તિ, મનોગુપ્તિ, ઈર્યાસમિતિ અને આદાનનિક્ષેપણ સમિતિનું સ્વરૂપ, સંવર અધિકાર અર્થાત્ નવમા અધિકારમાં સમજાવવામાં આવશે. અને આ રીતે દેખી-જાણીને ભોજન કરવું અને પાણી પીવું, તે આલોકિત ભોજન પાન છે—આ અહિંસાવ્રતની પાંચ ભાવનાઓ છે.

**આ આસ્રવ અધિકારમાં એ ભાવનારૂપ છે અને સંવર-નિર્જરા અધિકારમાં પરિણમનરૂપ થશે.**

પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ થાય છે. આ રીતે ક્રોધનો ત્યાગ, લોભનો ત્યાગ, ભયનો ત્યાગ અને હાસ્યના ત્યાગની ભાવના ભાવવાની વાત છે. અનુવીચિ ભાષણ, તે નિર્દોષભાષણને કહે છે. આ સત્યવ્રતની પાંચ ભાવનાઓ છે.

**અહીં આ બધી ભાવનારૂપ છે અને સંવર-નિર્જરા અધિકારમાં પરિણમનરૂપ થશે.**

પર્વતની ગુફા અને વૃક્ષની બખોલ આદિ શૂન્યાગાર છે, તેમાં રહેવું તે **શૂન્યાગારવાસ** છે. બીજા દ્વારા છોડેલા મકાન આદિમાં રહેવું તે **વિમોચિતાવાસ** છે. બીજાઓને ત્યાં રહેવાથી ન રોકવું, તે **પરોપરોધાકરણ** છે. આચાર શાસ્ત્રમાં બતાવેલ વિધિ અનુસાર ભિક્ષા લેવી, તે **ભૈક્ષ્યશુદ્ધિ** છે. ''આ મારું છે, આ તારું છે''—આ પ્રકારે સાધર્મીઓથી વિસંવાદ ન કરવો, **સધર્માવિસંવાદ** છે. આ અચૌર્યવ્રતની પાંચ ભાવનાઓ છે.

સ્ત્રીઓમાં રાગને પેદા કરનારી કથા સાંભળવાનો ત્યાગ, સ્ત્રીઓમાં મનોહર અંગોને જોવાનો ત્યાગ, પૂર્વભોગોના સ્મરણનો ત્યાગ, ગરિષ્ઠ અને ઈષ્ટરસનો ત્યાગ તથા પોતાના શરીરના સંસ્કારોનો ત્યાગ—આ બ્રહ્મચર્યવ્રતની પાંચ ભાવનાઓ છે.

સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયોના ઈષ્ટ અને અનિષ્ટ સ્પર્શ આદિ પાંચ વિષયોમાં પ્રાપ્ત થવાથી રાગ-દ્વેષનો ત્યાગ કરવો,—આ અપરિગ્રહવ્રતની પાંચ ભાવનાઓ જાણવી જોઈએ.૩-૮.

## કેટલીક અનેય મહત્ત્વપૂર્ણ ભાવનાઓ

પાંચ વ્રતોની કહેવામાં આવેલી પચ્ચીસ ભાવનાઓ ઉપરાંત બીજી પણ કેટલીક ભાવનાઓ છે, જે અણુવ્રતો અને મહાવ્રતોની સાધક છે, તેને પ્રોત્સાહિત કરનારી છે તે આ પ્રકારે છે.

**हिंसादिष्विहामुत्रापायावद्यदर्शनम् ।।૯।।**

**दुःखमेव वा ।।૧૦।।**

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि च**

**सत्त्वगुणाधिकक्लिश्यमानाविनयेषु ।।૧૧।।**

**जगत्कायस्वभावौ वा संवेगवैराग्यवार्थम् ।।૧૨।।**

**હિંસા આદિ પાંચ પાપ આ લોકમાં અને પરલોકમાં વિનાશકારી અને નિંદનીય છે—એવી ભાવના ભાવવી જોઈએ.**

**અથવા આ હિંસાદિ પાપ દુઃખરૂપ જ છે—એવી ભાવના ભાવવી જોઈએ.**

**સમસ્ત પ્રાણીઓથી મિત્રતાની ભાવના રાખવી જોઈએ, ગુણવાનો પ્રત્યે પ્રમોદભાવ રાખવો જોઈએ, દુઃખી જીવો તરફ કરૂણાભાવ રાખવો જોઈએ અને અવિનયી ઉદ્ધત લોકો તરફ મધ્યસ્થભાવ રાખવો જોઈએ.**

**સંવેગ અને વૈરાગ્ય માટે જગતનો અને શરીરના સ્વભાવનો વિચાર કરતાં રહેવું જોઈએ.**

કોઈને મારવા, દુઃખી કરવા અને અનેક પ્રકારના કષ્ટ પહોંચાડવાના ભાવ તથા આ પ્રકારની ક્રિયામાં પ્રવૃત્તિનું પરિણામ, આગલા ભવોમાં દુર્ગતિનું કારણ તો થાય જ છે, આ ભવમાં પણ મારણાન્તિક દુઃખ દેનાર છે કેમકે જેને તમે મારવા ચાહો છો કે દુઃખી કરવા ચાહો છો, તે પણ તો ભલે પોતાના બચાવમાં જ, તમારી સાથે તે પ્રકારનો વ્યવહાર કરી શકે છે—કરે છે, સરકાર પણ હિંસકની સાથે કઠોર વ્યવહાર કરે છે, આજીવન જેલ અથવા મૃત્યુદંડ પણ દઈ શકે છે—દે છે,

તેથી આપણે હિંસા અને હિંસાના ભાવોથી બચવાનો પ્રયાસ નિરંતર કરવો જોઈએ.

આપણે નિરંતર એવી ભાવના ભાવવી જોઈએ કે મારા હૃદયમાં આ પ્રકારના, બીજાને સતાવવાના ભાવ કદી પણ ન આવે, આ જ રીતે ખોટું બોલવું—ચોરી કરવી—અથવા કુશીલ સેવન કરવું, તેમજ પરિગ્રહ કરવો—અથવા અધિક પરિગ્રહ કરવાની વિરુદ્ધ પણ વિચારવું જોઈએ, અને ભાવના ભાવવી જોઈએ કે આ પ્રકારના પાપ મારા જીવનમાં કદી ન હો, પાપભાવ પણ મનમાં ન આવે. આમ વિચારવામાં જ બધાનું ભલું છે.

આ હિંસા આદિ પાપ અને પાપભાવ દુઃખ સ્વરૂપ જ છે, દુઃખ જ છે, દુઃખના જ કારણ છે. સ્વયંને દુઃખ દેનાર છે અને પરને પણ દુઃખ દેનાર છે. એનાથી આજસુધી ન તો કોઈનું ભલું થયું છે અને ન તો કદી થવાનું છે.

આપણે નિરંતર એવી ભાવના ભાવવી જોઈએ કે જગતના સમસ્ત જીવોથી મારો સદા મૈત્રીભાવ રહે, કોઈથી પણ વેર-વિરોધ ન થાય.

ગુણીજનો પ્રત્યે મારા હૃદયમાં સદા પ્રમોદભાવ જાગૃત રહે, તેમને જોઈને તેમના પ્રત્યે સન્માનનો ભાવ જાગૃત થવો જોઈએ.

જગતમાં જે જીવ દુઃખી દેખાય, તેના પ્રત્યે નિષ્કારણ કરુણાભાવ જાગૃત થવો જોઈએ. તેમનું દુઃખ દૂર કરવાનો માત્ર ભાવ જ ન થવો જોઈએ પરંતુ યથાસંભવ પ્રયત્ન પણ કરવો જોઈએ. જે લોકો આપણાથી વેરભાવ રાખે છે, અવિનયી છે, ઉદ્યત છે—તેનાથી પણ આપણે મધ્યસ્થભાવ રાખવો જોઈએ. કેમકે કોઈથી પણ લડવા-ઝગડવાથી કંઈપણ થવાનું નથી.

જો આપણે પોતાની શાંતિનો ભંગ ન કરવો હોય, નિરાકુળભાવથી રહેવું હોય, પોતાના સ્વાધ્યાય આદિ કાર્યમાં નિર્વિઘ્નરૂપે લાગ્યા રહેવું હોય, તો વિપરીત વૃત્તિવાળાઓથી માધ્યસ્થભાવ રાખવો જ શ્રેષ્ઠ છે.

સામાયિક પાઠમાં પણ આવે છે, કે—

**सत्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।**
**माध्यस्थभावं विपरीतवृत्तौ सदा ममात्मा विद्घात देव ।।**

હે દેવ! મારા આત્માને એવો બનાવી દો, કે તે બધા પ્રાણીઓ પ્રત્યે મૈત્રીનો ભાવ રાખે, ગુણીજનોથી પ્રમોદભાવ રાખે, દુઃખીજનો પ્રત્યે કરૂણાભાવ રાખે, અને વિપરીતવૃત્તિવાળાની સાથે મધ્યસ્થભાવ રાખે.

પં. જુગલકિશોરજી મુખત્યાર પણ આ છંદના અનુકરણ પર ''મેરી ભાવના'' નામની પોતાની કૃતિમાં લખે છે,—કે—

**मैत्रीभाव जगतमें मेरा, सब जीवों से नित्य रहे ।**
**दीन-दुःखी जीवों पर मेरे, उरसे करुणास्रोत बहे ।।**
**दुर्जन क्रूर कुमार्गरतो पर, क्षोभ नहीं मुझको आवे ।**
**साम्यभाव रक्खूं मैं उन पर, ऐसी परिणति हो जावे ।।**
**गुणीजनों को देख हृदय में मेरे प्रेम उमड़ जाये ।**
**बने जहां तक उनकी सेवा करके यह मन सुख पावे ।।**
**होऊँ नहीं कृतघ्न कभी मैं द्रोह न मेरे उर आवे ।**
**गुणग्रहण का भाव रहे नित, दृष्टि न दोषों पर जावे ।।**

આપણે આ દુઃખમયી સંસારથી નિરંતર ભયભીત રહીએ અને આપણો વૈરાગ્ય નિરંતર દઢતાને પ્રાપ્ત થતો જાય—તે માટે આપણે આ જગતના સ્વરૂપનો તેમજ આ ક્ષણભંગૂર, મળ-મૂત્રની ખાણ એવા દેહના સ્વભાવનો પણ વિચાર કરતા રહેવું જોઈએ. આ સંસાર દુઃખોનું ઘર છે. એમાં ક્યાંય પણ, કોઈ સુખી દેખાતું નથી. શરીરની સ્થિતિ પણ એવી જ છે કે એમાં એક ક્ષણ પણ રહેવાલાયક નથી. આ રીતે આપણા હૃદયમાં સંવેગ અને વૈરાગ્યની ભાવના નિરંતર વધતી રહેવી જોઈએ.૯-૧૨.

## હિંસા આદિ પાંચ પાપોનું સ્વરૂપ

હવે હિંસા આદિ પાંચ પાપોનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ।।१३।।**

**असदभिधानमनृतम् ।।१४।।**

**अदत्तादानं स्तेयम् ।।१५।।**

**मैथुनमब्र्हम ।।१६।।**

**मूर्च्छा परिग्रहः ।।१७।।**

ધ્યાનમાં રાખવાનું છે કે **પ્રમત્તયોગાત્** પદ આદિ દીપક છે, તેને પાંચે પાપો સંબંધી સૂત્રોના આરંભમાં જોડવાનું છે. તે અનુસાર પાંચે સૂત્રોના અર્થ આ પ્રમાણે થશે.

***પ્રમાદના યોગથી પ્રાણોનું વ્યયરોપણ (વિયોગ) કરવું તે હિંસા છે.***

***પ્રમાદના યોગથી અસત્ય બોલવું, અનૃત (જૂઠું) છે.***

***પ્રમાદના યોગથી દીધા વિનાની વસ્તુનું ગ્રહણ કરવું, તે સ્તેય (ચોરી) છે.***

***પ્રમાદના યોગથી મૈથુન સેવન કરવું અબ્રહ્મ (કુશીલ) છે.***

***પ્રમાદના યોગથી મૂર્છા (મમત્વ પરિણામ) થવી, પરિગ્રહ છે.***

**પ્રમાદ, કષાય સહિત અવસ્થાને કહે છે.** તાત્પર્ય એ છે કે કષાયોના વશે સ્વ-પરના પ્રાણોનો વિયોગ કરવો, જૂઠું બોલવું, ચોરી કરવી, કુશીલ સેવન કરવું ને પરિગ્રહ રાખવો—વધારવો, તે ક્રમશઃ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ અને પરિગ્રહ નામનું પાપ છે.

**કષાયનો વશ થઈને જીવ પાપ કરે છે, પરંતુ મિથ્યાત્વના વશથી ઘોર પાપ કરેછે. એથી હિંસા આદિ પાપ છે અને મિથ્યાત્વ મહાપાપ છે,**

બીજી અપેક્ષા એ પણ છે કે પ્રમાદ, પાંચ ચીજોને મેળવીને બને છે. ચાર વિકથા, ચાર કષાય, પાંચ ઇન્દ્રિયોની આધિનતા, નિદ્રા અને સ્નેહ—આને પરસ્પર ગુણતાં, ૪x૪x૫x૧x૧=૮૦

આ રીતે પ્રમાદના એંસી ભંગ થઈ જાય છે.

સ્ત્રીકથા, ભક્તકથા, રાષ્ટ્રકથા અમને અવનિપાલકથા. આ ચાર વિકથાઓ, ક્રોધ-માન-માયા-લોભ—આ ચાર કષાયો, તેમજ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ—આ પાંચ ઇન્દ્રયોની આધિનતા તથા નિદ્રા અને સ્નેહ—આ ૧૫ પ્રકારના પ્રમાદ છે. એને પરસ્પરમાં ગુણવાથી પ્રમાદના ૮૦ ભંગ થઈ જાય છે, જેમકે—

૧. સ્ત્રીકથાલાપી, ક્રોધી, સ્પર્શેન્દ્રિય વશ રહેલો, નિદ્રાલુ અને સ્નેહવાન—આ પહેલો ભંગ થયો.

૨. સ્ત્રીકથાલાપી, ક્રોધી, રસના ઇન્દ્રિયને વશ રહેલો નિદ્રાલુ અને સ્નેહવાન—આ બીજો ભંગ થયો.

આ જ રીતે ઇન્દ્રિયોને વશ રહેલ—તે રીતે ૫ ભંગ થશે.

એના પછી ક્રોધની જગ્યાએ માન રાખીને બાકીનું પૂરું તેમજ રાખો તો પાંચ ભંગ વધારે બની જશે.

તેના પછી સ્ત્રીકથાને સ્થાને ભક્તકથા—આ રીતે બદલતાં જઈએ, તો ૮૦ ભંગ થઈ જાય છે. આ પ્રમાણે જે ૮૦ ભંગવાળો પ્રમાદ છે, તેના વશીભૂત થઈને હિંસા આદિ પાંચ પાપ થાય છે.

એ તો તમે જાણો જ છો કે હિંસા આદિ પાંચ પાપ પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે. કેમકે ત્યાં સુધી પ્રમાદનો યોગ રહે છે. બંધના કારણભૂત આસ્રવભાવ પાંચ પ્રકારના હોય છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.

ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ ચાલ્યું જાય છે, પાંચમા ગુણસ્થાનમાં અવિરતિ ચાલી જાય છે. સાતમા ગુણસ્થાનમાં પ્રમાદ ચાલ્યો જાય છે. આ રીતે પ્રમાદમાં, મિથ્યાત્વ—અવિરતિ તથા સંજ્વલન કષાય અને નવ નોકષાયના મંદ ઉદય સિવાય, બાકીના બધા કષાયોના મિશ્રિતરૂપ ભાવનું નામ પ્રમાદ છે. આ રીતે પ્રમાદનો યોગ છઠ્ઠા ગુણસ્થાન સુધી રહે છે.

આ જ કારણે પ્રમાદના યોગથી થનારા પાંચે પાપ છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે.૧૩-૧૭.

## વ્રતની પરિભાષા અને ભેદ-પ્રભેદ

પાંચ પાપોનું સ્વરૂપ બતાવ્યા પછી હવે તેના ત્યાગરૂપ વ્રતોની વાત કરે છે.

**निःशल्योव्रती ॥१८॥**

**अगार्यनगारश्च ॥१९॥**

**अणुव्रतोऽगारी ॥२०॥**

**दिग्देशनर्थदण्डविरतिसामायिकप्रोषधोपवासभोग-**
**परिभोगपरिमाणातिथिसंविभागव्रतसंपन्नश्च ॥२१॥**

***જે શલ્યરહિત હોય, તેને વ્રતી કહે છે. વ્રતી બે પ્રકારના હોય છે. (૧) અગારી અર્થાત્ ગૃહસ્થ (૨) અનગારી અર્થાત્ ગૃહત્યાગી સાધુ.***

***અણુવ્રતીને અગારી કહે છે.***

***દિગ્વિરતિ, દેશવિરતિ, અનર્થદંડ વિરતિ, સામાયિત વ્રત, પ્રોષધોપવાસવ્રત, ભોગોપભોગ પરિમાણ વ્રત અને અતિથિ સંવિભાગાવ્રત—આ સાત વ્રત સહિત ગૃહસ્થ અણુવ્રતી હોય છે.***

જે શલ્ય—કાંટાની જેમ કષ્ટ આપે, તેને **શલ્ય** કહે છે. શલ્ય ત્રણ પ્રકારના હોય છે—માયા, મિથ્યાત્વ, નિદાન. (૧) છળ-કપટને **માયા** કહે છે. (૨) જીવ આદિ તત્ત્વોસંબંધી વિપરીત માન્યતા અને કુદેવ આદિનું શ્રદ્ધાન **મિથ્યાત્વ** છે. (૩) વિષયભોગની ચાહના તે **નિદાન** છે. જે આ ત્રણ શલ્યોથી રહિત છે, તે **વ્રતી** છે.

વ્રતી બે પ્રકારના હોય છે. ગૃહસ્થ અને સાધુ અણુવ્રતી ગૃહસ્થ હોય છે, મહાવ્રતી સાધુ છે.

અણુવ્રત અને મહાવ્રતના ભેદથી વ્રત બે પ્રકારના છે.

હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ—આ પાંચ પાપોનો એકદેશ ત્યાગ, તે પાંચ અણુવ્રત છે અને સર્વદેશ ત્યાગ, તે **પાંચ મહાવ્રત** છે.

દિગ્વિરતિ વ્રતને સંક્ષેપમાં દિગ્વ્રત પણ કહે છે. તે જ રીતે, દેશવિરતિવ્રતને દેશવ્રત અને અનર્થદંડવ્રતવિરતિવ્રતને અનર્થદંડવ્રત પણ કહે છે.

દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડવ્રત—આ **ત્રણ ગુણવ્રત** છે અને સામાયિત, પ્રૌષધોપવાસ, ભોગોપભોગપરિમાણવ્રત તથા અતિથિ સંવિભાગવ્રત—આ **ચાર શિક્ષાવ્રત** છે. ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને **સાત શીલવ્રત** કહે છે.

**દિગ્વ્રત—**કષાયનો અંશ ઓછો થઈ જવાથી ગૃહસ્થ, દશે દિશાઓમાં, પ્રસિદ્ધ સ્થાનોના આધારે, પોતાની આવવા—જવાની સીમા નક્કી કરી લે છે. એને જીવનપર્યંત તેનું ઉલ્લંઘન નથી કરતા,—તેને **દિગ્વ્રત** કહે છે.

**દેશવ્રત—**દિગ્વ્રતની બાંધેલી વિશાળ સીમાને, ઘડી-કલાક-દિવસ-સપ્તાહ-માસ આદિ કાળની મર્યાદાપૂર્વક વધારે સીમિત (ઓછું) કરી લેવું દેશવ્રત છે.

**અનર્થદંડવ્રત—**વિના પ્રયોજન હિંસા આદિ પાપોમાં પ્રવૃત્તિ કરવી અથવા તેરૂપ ભાવ કરવા, તે **અનર્થદંડ** છે અને તેના ત્યાગને **અનર્થદંડવ્રત** કહે છે.

વ્રતી શ્રાવક પ્રયોજન વિના, જમીન ખોદવી—પાણી ઢોળવું—અગ્નિ સળગાવવી—વાયુ સંચાર કરવો (પવન નાખવો) વનસ્પતિ કાપવી,—આદિ કાર્ય કરતા નથી અર્થાત્ ત્રણહિંસાના તો તે ત્યાગી છે જ પરંતુ પ્રયોજન વિના સ્થાવર હિંસા કરવાનો પણ ત્યાગ કરે છે તથા રાગ-દ્વેષ આદિની પ્રવૃત્તિઓમાં પણ તેમની વૃત્તિ જતી નથી. તે એનાથી વિરક્ત રહે છે.

આ જ વ્રતને **અનર્થદંડવ્રત** કહે છે.

**સામાયિક વ્રત—**સંપૂર્ણ દ્રવ્યોમાં રાગ-દ્વેષના ત્યાગપૂર્વક સમતાભાવનું અવલંબન કરીને આત્મભાવની પ્રાપ્તિ કરવી, તે જ સામાયિક છે. વ્રતી શ્રાવકો દ્વારા, સવાર-બપોર-સાંજ ઓછામાં ઓછું

અંતર્મુહૂર્ત એકાંત સ્થાનમાં સામાયિક કરવી, તે **સામાયિક વ્રત** છે.

**પ્રોષધોપવાસવ્રત**—કષાય, વિષય અને આહારનો ત્યાગ કરીને, આત્મસ્વભાવની સમીપે રહેવું, તે ઉપવાસ છે. પ્રત્યેક આઠમ તેમજ ચૌદશે સર્વ આરંભ છોડીને ઉપવાસ કરવો, તે જ **પ્રોષધોપવાસ** છે.

તે ત્રણ પ્રકારથી કરવામાં આવે છે. ઉત્તમ—મધ્યમ—જઘન્ય

**ઉત્તમ**—પર્વના એકદિવસ પહેલા તેમજ પછીના એક દિવસે, એકાસણાપૂર્વક તેમજ પર્વના દિવસે પૂર્ણ ઉપવાસ કરવો, તે **ઉત્તમ પ્રોષધોપવાસ** છે.

**મધ્યમ**—કેવળ પર્વના દિવસે ઉપવાસ કરવો, તે **મધ્યમ પ્રોષધોપવાસ** છે.

**જઘન્ય**—પર્વના દિવસે માત્ર એકાસન (એકાસણું) કરવું, તે **જઘન્ય પ્રોષધોપવાસ** છે.

**ભોગોપભોગ પરિમાણ વ્રત**—પ્રયોજનભૂત સીમિત પરિગ્રહની અંદર પણ કષાય ઘટાડીને, ભોગ અને ઉપભોગનું પરિમાણ ઘટાડવું, તે **ભોગોપભોગ પરિમાણવ્રત** છે.

પંચેન્દ્રિયના વિષયોમાં, જે એક વાર ભોગવવામાં આવી શકે તેને, **ભોગ** કહે છે અને જે વારંવાર ભોગવવામાં આવી શકે, તેને **ઉપભોગ** કહે છે.

**અતિથિસંવિભાગવ્રત**—મુનિ, વ્રતી શ્રાવક અને અવ્રતી શ્રાવક—આ ત્રણ પ્રકારના પાત્રોને, પોતાના ભોજનમાંથી વિભાગ કરીને, વિધિપૂર્વક દાન દેવું, તે અતિથિસંવિભાગ વ્રત છે.૧૮-૨૧.

## સલ્લેખના

વ્રતોની ચર્ચા પછી હવે સલ્લેખના (સમાધિમરણ)ની વાત કરે છે.

**मारणान्तिकीं सल्लेखनां जोषिता ।।२२।।**

***મરણકાળ ઉપસ્થિત થતા સલ્લેખના (સમાધિમરણ) વ્રતનું પ્રીતિપૂર્વક સેવન કરવું જોઈએ.***

**सम्यक् काय-कषाय लेखना सल्लेखना ।** (સર્વાર્થસિદ્ધિ પૃષ્ઠ ૨૮૦)

કાયા અને કષાયોને સાર રીતે પાતળા પાડવા તે જ સલ્લેખના છે. મરણના અંત સમયે થનારી આ સલ્લેખનાના સંબંધમાં, રત્નકરંડ-શ્રાવકાચારના સલ્લેખના નામના (છઠ્ઠા) અધિકારમાં આચાર્ય સમંતભદ્ર લખે છે.

**उपसर्गे दुर्भिक्षे जरसि रुजायां च निःप्रतिकारे ।**
**धर्माय तनु विमोचनमाहुः सल्लेखनामार्या ।।**

(રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૨૨)

જેનો પ્રતિકાર સંભવ ન હોય, એવા ઉપસર્ગમાં, દુકાળમાં, વૃદ્ધાવસ્થામાં અને રોગની સ્થિતિમાં, ધર્મની રક્ષાને માટે શરીરનો ત્યાગ કરી દેવો, તેને આર્યગણ સલ્લેખના કહે છે, સમાધિમરણ કહે છે.

તાત્પર્ય એ છે કે—એવો ઉપસર્ગ આવી જાય કે મૃત્યુ સન્નિકટ હોય, મૃત્યુથી બચવાને કોઈ ઉચિત માર્ગ ન રહી ગયો હોય, એવો દુકાળ આવી પડે કે જ્યારે શુદ્ધ સાત્ત્વિક વિધિથી જીવનનિર્વાહ સંભવ ન હોય, એવું ઘડપણ આવી જાય કે અહિંસક વિધિથી જીવિત રહેવું સંભવ ન રહ્યું હોય, એવી બિમારી આવી જાય કે અહિંસક વિધિથી જેને ઉપચાર સંભવિત ન રહે, એવી સ્થિતિમાં પોતાના ધર્મની રક્ષા માટે, શાસ્ત્રવિહિન વિધિપૂર્વક શરીરનો ત્યાગ કરી દેવો, તેને સજ્જન પુરુષ—જ્ઞાનીજન સમાધિમરણ અથવા સલ્લેખના કહે છે.

જો ઉપસર્ગ, દુકાળ, ઘડપણ અને ભયંકર બિમારીનો પ્રતિકાર—સામનો કરવો સંભવ હોય, ઈલાજ સંભવ હોય તો સૌથી પહેલા પ્રતિકાર

કરવો જોઈએ, ઇલાજ કરવો જોઈએ, ઉપાય કરવો જોઈએ, જો કોઈપણ અહિંસક નિરાપદ ઉપાય બાકી ન રહ્યો હોય તો જિનાગમમાં નિરૂપિત વિધિથી સમાધિ લઈ લેવી જોઈએ. અહીં એક **પ્રશ્ન** સંભવે છે કે આ તો એક પ્રકારની આત્મહત્યા જ થઈ. આત્મહત્યા પરહત્યાથી પણ મોટું પાપ છે.

**ઉત્તર—**સલ્લેખના અથવા સમાધિમરણ તે આત્મહત્યા નથી કેમકે આત્મહત્યા તો અત્યંત તીવ્ર કષાયના આવેગમાં કરવામાં આવે છે, પરંતુ આમાં તો બહુ વિચારીને વિવેકપૂર્વક કષાયોને મંદ કરતાં કરતાં શરીરને કૃષ કરવામાં આવે છે, તે પણ ત્યારે કે જ્યારે જીવિત રહેવાનો કોઈ ઉપાય ન રહે ત્યારે.

જ્યાં સુધી આપણા વ્રતોની મર્યાદાપૂર્વક ઉપચાર સંભવિત હોય, ઇલાજ સંભવિત હોય. ત્યાં સુધી સલ્લેખના લેવાનો અધિકાર જ નથી.

માનસિક બિમારીઓ આધિ કહેવાય છે.

શારીરિક માંદગીઓ વ્યાધિ કહેવાય છે.

અને બહારનો ઉપદ્રવ ઉપાધિ છે. આ ત્રણથી ભિન્ન પોતાના ત્રિકાળી ધ્રુવ પરમાત્મામાં, નિજ આત્મામાં સમાઈ જવું, તે સમાધિ છે.

**આ સમાધિ જ સલ્લેખના છે.**

મૃત્યુની અનિવાર્ય ઉપસ્થિતિમાં, અત્યંત સમતાભાવપૂર્વક, યોગ્ય ગુરુના માર્ગદર્શનમાં, પ્રાણોનો વિધિપૂર્વક ઉત્સર્ગ કરી દેવો, તે જ **સમાધિમરણ સલ્લેખના** છે.

દેહનું પરિવર્તન તો થવાનું જ છે. આ એક સાર્વભૌમિક સત્ય છે. આ સત્યનો સ્વીકાર કરીને, દેહ આપણને છોડે તે પહેલાં આપણે તેને છોડવા માટે તૈયાર થઈ જઈએ. એમાં જ સમજદારી છે. આ સમજદારીનું પ્રાયોગિક રૂપ તે જ સલ્લેખના છે, સમાધિમરણ છે.

મરણાન્ત સમયમાં થનારું આ સલ્લેખના વ્રત—સમાધિમરણ, શ્રાવકોને અને સાધુઓએ અવશ્ય કરવું જોઈએ.૨૨.

## સમ્યક્ત્વના અતિચાર

સલ્લેખના અર્થાત્ સમાધિમરણની ચર્ચા પછી હવે સમ્યક્ત્વના અતિચારોની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે—

**शंकाकांक्षाविचित्सान्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतीचाराः ।।२३।।**

***શંકા, કાંક્ષા, વિચિકત્સા, અન્યદષ્ટિ પ્રશંસા, અને અન્યદષ્ટિ સંસ્તવન—આ પાંચ સમ્યક્દષ્ટિ અથવા સમ્યગ્દર્શનના અતિચાર છે.***

કોઈપણ વ્રતમાં એકદેશ ભંગ થવાને અથવા વ્રતમાં અલ્પ (થોડો) દોષ લાગવો, તેને **અતિચાર** કહે છે. અને વ્રતમાં પૂર્ણ રીતે ભંગ થવાને અથવા વ્રતમાં મહાન દોષ લાગવાને **અનાચાર** કહે છે.

**દોષોમાં એકવાર પ્રવૃત્તિ, તે અતિચાર છે અને વારંવાર પ્રવૃત્તિ તે અનાચાર છે. અહીં અતિચારોની ચર્ચા છે.**

**(૧) શંકા—**અરિહંત ભગવાન દ્વારા કહેવામાં આવેલા તત્ત્વજ્ઞાનમાં શક થવો અથવા સાત ભયો થવા,—તે શંકા નામનો પહેલો અતિચાર છે.

(૨) કહ્યું પણ છે, કે—

**सम्मादिट्ठि जीवा णिस्संका होंति जिब्भया तेण ।**
**सप्तभयविप्यमुक्का जम्हा तम्हा दु णिस्संका ।।**

(૧) સમ્યગ્દષ્ટિ જીવ નિશંક હોય છે તેથી જ નિર્ભય પણ હોય છે. કેમકે તેઓ સાત ભયોથી રહિત હોય છે. તેથી નિઃશંક હોય છે.

**(૨) કાંક્ષા—**સુખબુદ્ધિપૂર્વક પંચેન્દ્રિયભોગોની ઈચ્છાનું હોવું, તે કાંક્ષા નામનો બીજો અતિચાર છે.

**(૩) વિચિકિત્સા—**રત્નત્રયથી શોભતા મુનિરાજોના મલિન શરીરને જોઈને ઘૃણા કરવી, તે વિચિકિત્સા છે.

**(૪) અન્યદષ્ટિ પ્રશંસા—**મિથ્યાદષ્ટિઓના, જ્ઞાન-તપ આદિ જોઈને, તેમના પ્રત્યે મનમાં, મહિમાવંત થવું, તે અન્યદષ્ટિ પ્રશંસા નામનું ચોથું અતિચાર છે.

**(૫) અન્યદષ્ટિસંસ્તવન—**વાણીથી તેમની પ્રશંસા કરવી અન્યદષ્ટિ સંસ્તવન નામનો પાંચમો અતિચાર છે.૨૩.

## વ્રતોના અતિચાર

સમ્યગ્દર્શનના અતિચારો પછી વ્રતોના અતિચારોની ચર્ચા કરે છે.

**व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ।।२४।।**

**बन्धवधच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ।।२५।।**

**मिथ्यापदेशरहोभ्याख्यानकूटलेखक्रियान्यासापहार साकारमन्त्रभेदाः ।।२६।।**

**स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिक मानोन्मानप्रतिरूपकव्यवहाराः ।।२७।।**

**परविवाहकरणेत्वरिकापरिगृहीतागृहीतागमनानंग क्रीडाकामतीव्राभिनिवेशाः ।।२८।।**

**क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्य-प्रमाणातिक्रमाः ।।२९।।**

*વ્રત અને શીલોના પણ ક્રમેથી પાંચ-પાંચ અતિચાર હોય છે.*

*બંધ, વધ, છેદ, અતિભારારોપણ અને અન્નપાનનો નિરોધ—આ અહિંસાણુવ્રતના પાંચ અતિચારછે.*

*મિથ્યા ઉપદેશ, રહોભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસાપહાર, સાકાર મંત્રભેદ—આ સત્યાણુવ્રતના પાંચ અતિચાર છે.*

*સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, હીનાધિક માનોન્માન અને પ્રતિરૂપક વ્યવહાર—આ અચૌર્યાણુવ્રતના પાંચ અતિચાર છે.*

*પરવિવાહકરણ, અપરિગૃહિત ઈત્વરિકાગમન, પરિગૃહીત ઈત્વરિકા ગમન, અનંગક્રીડા અને કામતીવ્રાભિનિવેશ—આ બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર છે.*

*ક્ષેત્ર-વાસ્તુ-હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી-દાસ, કુપ્ય (વસ્ત્ર)—*

***આ બધાના કરેલા પરિમાણને, લોભમાં આવીને વધારો કરવો, તે પરિગ્રહપરિમાણવ્રતના અતિચારો છે.***

અહિંસાણુવ્રત આદિ પાંચ અણુવ્રતો અને દિગ્વ્રત આદિ સાત શીલવ્રતોના પણ પાંચ-પાંચ અતિચાર હોય છે.

હવે તેનું નિરૂપણ આગામી સૂત્રોમાં ક્રમશઃ કહે છે.

(ક) **અહિંસાણુવ્રતના પાંચ અતિચાર ક્રમશઃ આ પ્રકારે છે.**

**૧. બંધ**—પ્રાણીઓને, રસ્સીથી, સાંકળથી બાંધવા, પિંજરામાં બંધ કરી દેવા આદિ **બંધ** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. વધ**—લાઠી, દંડા, કોડા આદિથી મારવું (પીટવું) તે **વધ** નામનો બીજો અતિચાર છે.

**૩. છેદ**—પૂંછડું-કાન-નાક આદિ ઉપાંગોને છેદી નાખવા, તે **છેદ** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. અતિભારારોપણ**—મજૂરો અથવા પશુઓ પર તેમની શક્તિથી અધિક ભાર લાદી દેવો—તે **અતિભારારોપણ** નામનો ચોથો અતિચાર છે.

**૫. અન્નપાન નિરોધ**—પોતાના આશ્રયે રહેનારા નોકર-ચાકર તેમજ પશુ-પક્ષીઓને, સમયસર પૂરતું ખાવા-પીવા ન દેવું, તે **અન્નપાન નિરોધ** નામનો પાંચમો અતિચાર છે.

(ખ) સત્યાણુવ્રતના પાંચ અતિચાર ક્રમશઃ આ પ્રમાણે છે.

**૧. મિથ્યોપદેશ**—અહિતકર અને જૂઠો ઉપદેશ દેવો, તે મિથ્યોપદેશ નામનો પ્રથમ અતિચાર છે.

**૨. રહોભ્યાખ્યાન**—સ્ત્રી અને પુરુષ દ્વારા એકાંતમાં કરવામાં આવેલી ક્રિયા વિશેષને પ્રગટ કરી દેવી, તે રહોભ્યાખ્યાન નામનો બીજો અતિચાર છે.

**૩. કૂટલેખ ક્રિયા**—કોઈના દબાણથી એવો આલેખ કરી દેવો કે જેનાથી બીજી વ્યક્તિ ફસાઈ જાય, તે કૂટલેખ ક્રિયા નામનો ત્રીજો અતિચાર છે.

**૪. ન્યાસાપહાર**—થાપણનું અપહરણ કરી લેવું. તાત્પર્ય એ છે કે કોઈ વ્યક્તિ જેટલી થાપણ રાખી ગયેલ હોય, પરંતુ ભૂલથી થોડી ઓછી

માગે તો એટલી આપીને બાકીના હડપ કરી જવી, તે ન્યાસાપહાર નામનો ચોથો અતિચાર છે.

**૫. સાકાર મંત્રભેદ**—કોઈની ગુપ્ત વાતને, તેની આકૃતિ જોઈને અથવા ચર્ચા-વાર્તાથી જાણીને, તેને પ્રગટ કરી દેવી. તે **સાકાર મંત્રભેદ** નામનો પાંચમો અતિચાર છે.

(ગ) **અચૌર્યાણુવ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે.**

**૧. સ્તેનપ્રયોગ**—ચોરી કરવાની પ્રેરણા આપવી, ચોરી કરાવવી તથા ચોરી કરવાવાળાની અનુમોદના કરવી સ્તેનપ્રયોગ નામનો પ્રથમ અતિચાર છે.

**૨. તદાહૃતાદાન**—ચોરીનો માલ ખરીદવો તદાહૃતદાન નામનો બીજો અતિચાર છે.

**૩. વિરુદ્ધરાજ્યાતિક્રમ**—રાજનિયમના વિરુદ્ધ કાર્ય કરવું તે **વિરુદ્ધરાજ્યાતિક્રમ** નામનો ત્રીજો અતિચારછે.

**૪. હીનાધિકમાનોન્માન**—નાપ-તોલના માપવાના—જોખવાના મીટર અને બાટ(વજનિયા) આપવા-લેવાના અલગ-અલગ રાખવાં **તે હીનાધિકમાનોન્માન** નામનો ચોથો અતિચાર છે.

**૫. પ્રતિરૂપક વ્યવહાર**—જાલી—ખોટી નોટ છાપવી કે વસ્તુમાં ભેળસેળ કરવી, ભેળસેળ કરીને વેચવી તે **પ્રતિરૂપક વ્યવહાર** નામનો પાંચમો અતિચાર છે.

**બ્રહ્મચર્યાણુવ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે.**

**૧. પરવિવાહકરણ**—બ્રહ્મચર્યાણુવ્રતના ધારી એ પોતાના સંતાનોના લગ્ન કરાવવા આવશ્યક છે, તે તેની જવાબદારી છે, પરંતુ તે પોતાના નજીકના સગાવ્હાલાંને છોડીને અન્ય વ્યક્તિઓનાં લગ્ન આદિ કાર્યમાં અટકતો નથી. જો અટકે તો તેના બ્રહ્મચર્યાણુવ્રતમાં દોષ લાગે છે. આ દોષ બ્રહ્મચર્યાણુવ્રતનો પહેલો અતિચાર છે.

**૨-૩ ઈત્વરિકાગમન**—વ્યભિચારિણી સ્ત્રીને ઈત્વરિકા કહે છે. ઈત્વરિકા બે પ્રકારની હોય છે.

(અ) જેનો કોઈ સ્વામી ન હોય, પતિ ન હો, એવી ઈત્વરિકા(વેશ્યા)ને **અપરિગ્રહીત ઈત્વરિકા** કહે છે.

(બ) જેનો સ્વામી હોય, પતિ હોય,તે ઈત્વરિકાને **પરિગ્રહીત ઈત્વરિકા** (ચરિત્રહીન પરસ્ત્રી) કહે છે.

તેમાંથી પરિગૃહીત ઈત્વરિકા (ચરિત્રહીન પરસ્ત્રીના ઘરે આવવું–જવું, તે **પરિગ્રહીત ઈત્વરિકાગમન** નામનો બીજો અતિચાર છે. અપરિગ્રહીત ઈત્વરિકા (વેશ્યા)ને ઘરે આવવું-જવું, તે **અપરિગ્રહીત ઈત્વરિકા** ગમન નામનો ત્રીજો અતિચાર છે.

૪. **અનંગક્રીડા**–કામસેવનના અંગો સિવાય અન્ય અંગોથી રતિ કરવી તે **અનંગક્રીડા** નામનો ચોથો અતિચાર છે.

૫. **કામતીવ્રાભિનિવેશ**–કામસેવનની અત્યંત તીવ્ર લાલસા, તે **કામતીવ્રાભિનિવેશ** નામનો પાંચમો અતિચાર છે.

**(ગ) પરિગ્રહ પરિમાણાણુવ્રતના પાંચ અતિચાર આ રીતે છે.**

૧. **ક્ષેત્ર–વાસ્તુ-પ્રમાણાતિક્રમ**–ખેતર અને મકાનોની જે મર્યાદા લીધી હતી, તેને વધારી દેવી, તે **ક્ષેત્ર-વાસ્તુ-પ્રમાણાતિક્રમ** નામનો પ્રથમ અતિચાર છે.

૨. **હિરણ્ય-સુવર્ણ-પ્રમાણાતિક્રમ**–ચાંદી-સોનાની મર્યાદાને વધારી દેવી, તે **હિરણ્ય-સુવર્ણ-પ્રમાણાતિક્રમ** નામનો બીજો અતિચાર છે.

૩. **ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ**–પશુધન આદિ ધન અને અનાજની મર્યાદા વધારવી, તેને **ધન-ધાન્ય-પ્રમાણાતિક્રમ** નામનો ત્રીજો અતિચાર છે.

૪. **દાસી-દાસ પ્રમાણાતિક્રમ**–નોકર-નોકરાણી સંબંધી મર્યાદાને વધારવી, તે **દાસી-દાસ પ્રમાણાતિક્રમ** નામનો ચોથો અતિચાર છે

૫. **કુપ્યાદિ પ્રમાણાતિક્રમ**–વાસણો અને સુતરાઉ-ઉનવાળા-રેશમી આદિ વસ્ત્રોની લીધેલ મર્યાદાને વધારી દેવી, તે **કુપ્ય પ્રમાણાતિક્રમ** નામનો પાંચમો અતિચાર છે.૨૪-૨૯.

## શીલવ્રતોમાં ગુણવ્રતોના અતિચાર

સમ્યક્ત્વ અને વ્રતોના અતિચાર બતાવ્યા પછી હવે સાત શીલવ્રતોમાંથી, ત્રણ ગુણવ્રતોના અતિચાર બતાવે છે.

**ऊर्ध्वास्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तराधानानि ॥३०॥**

**आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ॥३१॥**

**कन्दर्पकौत्कुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोग**

**परिभोगानर्थक्यानि ॥३२॥**

***ઉર્ધ્વાતિક્રમ, અધોઅતિક્રમ, તિર્યગતિક્રમ, ક્ષેત્ર-વૃદ્ધિ અને સ્મૃત્યન્તરાધાન—આ પાંચ દિગ્વિરતિવ્રતના અતિચાર છે.***

***આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્‌ગલક્ષેપ—આ પાંચ દેશવિરતિવ્રતના અતિચાર છે.***

***કન્દર્પ, કૌત્કુચ્ય, મોખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગ–પરિભોગાનર્થક્ય—આ પાંચ અનર્થદંડવિરતિ વ્રતના અતિચાર છે.***

દિશાઓ સંબંધિત પરિમિત મર્યાદાના ઉલ્લંઘનને અતિક્રમ કહે છે. તે ત્રણ પ્રકારના હોય છે—ઉર્ધ્વાતિક્રમ, અધો-અતિક્રમ અને તિર્યગતિક્રમ.

**દિગ્વ્રત નામના ગણવ્રતમાં—**

**૧. ઉર્ધ્વાતિક્રમ—**જેટલી ઉંચાઈ સુધી જવાની મર્યાદા લીધી હોય, તેનાથી ઉપર ચાલ્યા જવું, તે **ઉર્ધ્વાતિક્રમ** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. અધો અતિક્રમ—**જેટલે ઉંડે નીચે જવાની મર્યાદા લીધી હોય, તેનાથી વધારે નીચે ચાલ્યા જવું, તે **અધો-અતિક્રમ** નામનો બીજો અતિચાર છે.

**૩. તિર્યગતિક્રમ—**જેટલે દૂર સુધી તિરછા જવાની મર્યાદા લીધી હોય, તેનાથી વધારે તિરછા ચાલ્યા જવું, તે **તિર્યગતિક્રમ** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. ક્ષેત્રવૃદ્ધિ—**તે ત્રણ મર્યાદાઓમાં ક્ષેત્ર વધારી લેવું, તે **ક્ષેત્રવૃદ્ધિ** નામનો ચોથો અતિચાર છે.

**૫. સ્મૃત્યન્તરાધાન**–કરેલી મર્યાદાને ભૂલી જવું તે **સ્મૃત્યન્તરાધાન** નામનો પાંચમો અતિચાર છે.

આ પાંચ દિગ્વ્રત નામના ગુણવ્રતના અતિચાર છે.

**દેશવ્રત નામના ગુણવ્રતમાં–**

**૧. આનયન**–જેટલી મર્યાદા લીધી હોય, તેનાથી બહારના ક્ષેત્રની વસ્તુને બહારથી મંગાવવું, તે **આનયન** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. પ્રેષ્યપ્રયોગ**–મર્યાદાની બહારના ક્ષેત્રમાં કોઈને મોકલીને કામ કરાવી લેવું, તે **પ્રેષ્યપ્રયોગ** નામનો બીજો અતિચાર છે.

**૩. શબ્દાનુપાત**–મર્યાદાની બહાર શબ્દોને મોકલીને એટલે કે અવાજ દઈને કામ કરાવવું, તે **શબ્દાનુપાત** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. રૂપાનુપાત**–મર્યાદાની બહાર પોતાનું રૂપ દેખાડીને કામ કરાવવું, તે **રૂપાનુપાત** નામનો ચોથો અતિચાર છે.

**૫. પુદ્ગલક્ષેપ**–મર્યાદાની બહાર પથ્થર ફેંકીને કામ કરાવવું, તે **પુદ્ગલક્ષેપ** નામનો પાંચમો અતિચાર છે.

આ પાંચેય દેશવ્રત નામના ગુણવ્રતના અતિચાર છે.

**અનર્થદંડવ્રત નામના ગુણવ્રતમાં–**

**૧. કંદર્પ**–રાગની અધિકતાને કારણે હાસ્યની સાથે અશિષ્ટ વચન બોલવા, તે **કંદર્પ** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. કૌત્કુચ્ય**–હાસ્ય અને અશિષ્ટ વચનોની સાથે શરીરથી કુચેષ્ટા કરવી, તે **કૌત્કુચ્ય** નામનો બીજો અતિચાર છે.

**૩. મૌખર્ય**–ધૃષ્ટતાપૂર્વક બહુ જ બકવાદ કરવા, તે **મૌખર્ય** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. અસમીક્ષ્યાધિકારણ**–સમજ્યા-વિચાર્યા વિના, અધિક પ્રવૃત્તિ કરવી, તે **અસમીક્ષ્યાધિકરણ** નામનો ચોથો અતિચાર છે.

**૫. ઉપભોગ–પરિભોગ-અનર્થક્ય**–ઉપભોગ અને પરિભોગની જેટલી સામગ્રીથી કામ ચાલી શકતું હોય, તેનાથી અધિક સામગ્રી મેળવવી, સંગ્રહ કરવો, તે **ઉપભોગ પરિભોગ અનર્થક્ય** નામનો પાંચમો અતિચાર છે.

આ પાંચ અનર્થદંડવ્રત નામના ગુણવ્રતના અતિચાર છે.૩૦-૩૨.

## શીલવ્રતોમાં શિક્ષાવ્રતોના અતિચાર

સાત શીલવ્રતો, ત્રણ ગુણવ્રતોની ચર્ચા પછી હવે ચાર શિક્ષાવ્રતોના અતિચારોની ચર્ચા કરે છે. જે આ પ્રકારે છે.

**योगदुःप्रणिधानानादरस्मृत्यनुपस्थानानि ।।३३।।**

**अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादानसंस्तरोपक्रमणानादर स्मृत्यनुपस्थानानि ।।३४।।**

**सचित्तसम्बन्धसंमिश्राभिषवदुःपक्वाहाराः ।।३५।।**

**सचित्तनिक्षेपापिधानपरव्यपदेशमात्सर्य्यकालाति क्रमाः ।।३६।।**

***કાયદુષ્પ્રણિધાન, વાગ્દુષ્પ્રણિધાન, મનોદુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાન—આ પાંચ સામાયિક વ્રતના અતિચાર છે.***

***અપ્રત્યવેક્ષિત—અપ્રમાર્જિત ઉપસર્ગ, અપ્રત્યવેક્ષિત—અપ્રમાર્જિત આદાન, અપ્રત્યવેક્ષિત—અપ્રમાર્જિત સંસ્તરોપક્રમણ અનાદર અને સ્મૃત્યનુપસ્થાન—આ પાંચ પ્રોષધોપવાસ વ્રતના અતિચાર છે.***

***સચિત્ત આહાર, સચિત્ત સંબંધ આહાર, સચિત્ત-સમ્મિશ્રિત આહાર, અભિષવ આહાર ઔર દુષ્પક્વ આહાર—આ પાંચ ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર છે.***

***સચિત્ત નિક્ષેપ, સચિત્ત અપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ—આ પાંચ અતિથિસંવિભાગ વ્રતના અતિચાર છે.***

શ્રાવકોના વ્રતોને શિક્ષાવ્રત કહે છે જે શ્રાવકોને મુનિધર્મની શિક્ષા આપે. સામાયિક, પ્રોષધોપવાસ વગેરે મૂળભૂત રીતે મુનિરાજોના વ્રત છે. મુનિધર્મની શિક્ષા પ્રાપ્ત કરવા માટે અભ્યાસના રૂપમાં વ્રતી શ્રાવક પણ આ વ્રતોનું પોતાની શક્તિ અનુસાર પાલન કરે છે.

**૧. કાયદુષ્પ્રણિધાન—**સામાયિક કરતી વખતે શરીરનું નિશ્ચલ ન રહેવં, તે **કાયદુપ્રણિધાન** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. વાગ્દુષ્પ્રણિધાન—**સામાયિકના મંત્રને અશુદ્ધ અને જલ્દી-જલ્દી બોલવો, તે **વાગ્દુષ્પ્રણિધાન** નામનો બીજો અતિચાર છે.

૩. **મનોદુષ્પ્રણિધાન**–સામાયિકમાં મન ન લાગવું તે **મનોદુષ્પ્રણિધાન** નામનો ત્રીજો અતિચાર છે.

૪. **અનાદર**–અનાદરપૂર્વક સામાયિક કરવી, ને **અનાદર** નામનો ચોથો અતિચાર છે.

૫. **સ્મૃત્યનુપસ્થાન**–ચિત્તની ચંચળતાથી મંત્ર અથવા પાઠ વગેરેને ભૂલી જવા, તે **સ્મૃત્યનુપસ્થાન** નામનો પાંચમો અતિચાર છે.

આ પાંચ સામાયિક શિક્ષાવ્રતના અતિચાર છે.

**હવે પ્રોષધોપવાસ વ્રતના અતિચારોની ચર્ચા કરે છે.**

૧. **અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત ઉત્સર્ગ**–જોયા વિના અને સાફ કર્યા વિના, મળ-મૂત્રક્ષેપણ કરવું, તે **અપ્રત્યવેક્ષિત–અપ્રમાર્જિત-ઉત્સર્ગ** નામનો પ્રથમ અતિચાર છે.

૨. **અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-આદાન**–એવી જ રીતે જોયા વિના તથા સાફ કર્યા વિના પૂજનની સામગ્રી તેમજ સ્વયંના વસ્ત્રાદિ રાખવા–ઉપાડવા–બિછાવવા, તે **અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-આદાન** નામનો બીજો અતિચાર છે.

૩. **અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-સંસ્તરોપક્રમણ**–જોયા વિનાની તેમજ સાફ કર્યા વિનાની જમીન પર ચટાઈ વગેરે બિછાવવી, તે **અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-સંસ્તરોપક્રમણ** નામનો ત્રીજો અતિચાર છે.

૪. **અનાદર**–ઉપવાસના કારણે, ભૂખ તરસથી પીડિત હોવાથી આવશ્યક ક્રિયાઓમાં ઉત્સાહ ન હોવો, તે **અનાદર** નામનો ચોથો અતિચાર છે.

૫. **સ્મૃત્યનુપસ્થાપન**–આવશ્યક ક્રિયાઓને ભૂલી જવી તે **સ્મૃત્યનુપસ્થાપાન** નામનો પાંચમો અતિચારછે. આ પાંચ પ્રોષધોપવાસ નામના વ્રતના અતિચાર છે.

હવે ભોગોપભોગ પરિમાણવ્રતના અતિચારોની ચર્ચા કરે છે.

૧. **સચિત્ત આહાર**–સચેતન ફૂલ, પાન, ફળ આદિને ખાવા, તે **સચિત્તાહાર** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. સચિત્ત સંબંધ આહાર**—સચિત્તથી સંબંધિત વસ્તુમાં ખાવી, તે **સચિત્ત સંબંધાહાર** નામનો બીજો અતિચાર છે.

**૩. સચિત્ત-સંમિશ્ર આહાર**—સચિત્તથી મિશ્રિત વસ્તુને ખાવી, તે **સચિત્ત સંમિશ્રાહાર** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. અભિષવ આહાર**—ઇન્દ્રિયને મદ કરનારી વસ્તુને ખાવી, તે **અભિષવ આહાર** નામનો ચોથો અતિચાર છે.

**૫. દુષ્પક્વ આહાર**—સારી રીતે નહીં પાકેલા ભોજનને કરવું, તે **દુષ્પક્વાહાર** નામનો પાંચમો અતિચાર છે.

આ પ્રકારના આહારથી ઇન્દ્રિયો પ્રબળ થઈ શકે છે, ઉત્તેજિત થઈ શકે છે, શરીરમાં રોગ થઈ શકે છે, જેના કારણે ભોગોપભોગ પરિમાણ નામના વ્રતમાં બાધા ઉત્પન્ન થઈ શકે છે.

**હવે અતિથિસંવિભાગવ્રતના અતિચારોની ચર્ચા કરે છે.**

**૧. સચિત્ત નિક્ષેપ**—સચિત્ત કમળના પાંદડા વગેરે ઉપર રાખેલ આહારનું દાન દેવું, તે **સચિત્ત નિક્ષેપ** નામનો પ્રથમ અતિચાર છે.

**૨. સચિત્ત અપિધાન**—સચિત્ત પાંદડા વગેરેથી ઢાંકેલ આહાર દેવો, તે **સચિત્ત અપિધાન** નામનો બીજો અતિચાર છે.

**૩. પરવ્યપદેશ**—દાન સ્વયં ન આપતાં, બીજા પાસે દેવડાવવું અથવા બીજાના દ્રવ્યને સ્વયં દેવું, તે **પરવ્યપદેશ** નામનો ત્રીજો અતિચાર છે.

**૪. માત્સર્ય**—આદરપૂર્વક દાન ન દેવું અથવા અન્ય દાતારોની ઈર્ષ્યા કરવી, તે **માત્સર્ય** નામનો ચોથો અતિચાર છે.

**૫. કાલાતિક્રમ**—સમય પર આહાર ન દેવો તે—**કાલાતિક્રમ** નામનો પાંચમો અતિચાર છે.

આ પાંચ અતિથિ સંવિભાગ નામના વ્રતના અતિચાર છે.

આ રીતે સાત શીલવ્રતોમાંથી ચાર શિક્ષાવ્રતોના અતિચાર છે.૩૩-૩૬.

## સલ્લેખનાના અતિચાર

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો પછી, હવે સલ્લેખના વ્રતના અતિચારની ચર્ચા કરે છે, જેઆ પ્રકારે છે.

**जीवितमरणाशंसामित्रानुरागसुखानुबंधनिदानानि ॥३७॥**

***જીવિતાશંસા, મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાન–આ પાંચ સલ્લેખના અધિકાર છે.***

૧. **જીવિતાશંસા–**સલ્લેખના લઈને જીવવાની ઈચ્છા રાખવી, તે **જીવિતાશંસા** નામનો પ્રથમ અતિચાર છે.

૨. **મરણાશંસા–**રોગ આદિ કે કષ્ટથી ગભરાઈને જલ્દી મરવાની ઈચ્છા થવી તે **મરણાશંસા** નામનો બીજો અતિચાર છે.

આમ તો પ્રત્યેક આત્માર્થી મુમુક્ષુ ભાઈ-બહેનની ભાવના એવી હોવી જોઈએ અથવા હોય છે, કે–

**"લાખો વર્ષો તક જીઉં યા મૃત્યુ આજ હી આ જાયે."**

(જુગલકિશોરજી મુખ્તાર–'મેરી ભાવના'–છંદ ૭)

**સલ્લેખના લેવાવાળાએ તત્કાલ મરણ અને લાંબા સમય સુધીના જીવનને માટે તૈયાર રહેવું જોઈએ.**

૩. **મિત્રાનુરાગ–**મિત્રોની સાથે અનુરાગ થવો, તેમને વારંવાર યાદ કરવા, તે **મિત્રાનુરાગ** નામનો ત્રીજો અતિચાર છે.

૪. **સુખાનુબંધ–**ભોગવેલા સુખોને યાદ કરવા, તે **સુખાનુબંધ** નામનો ચોથો અતિચાર છે.

૫. **નિદાન–**આગળ ભોગોની ચાહના થવી, તે **નિદાન** નામનો પાંચમો અતિચાર છે.

આ સલ્લેખના વ્રતના પાંચ અતિચાર છે. ૩૭.

卐

## દાનનું સ્વરૂપ

હવે અધ્યાયના અંતમાં, દાનનું સ્વરૂપ તેમજ દાતાર આદિની અપેક્ષાએ દાનમાં સમાગત વિશેષતાઓ બતાવે છે.

**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।।३८।।**

**विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ।।३९।।**

***ઉપકારને માટે ધન આદિ પોતાની વસ્તુનો ત્યાગ કરવો તે દાન છે.***

***વિધિ, દ્રવ્ય, દાતાર અને પાત્રની વિશેષતાથી દાનમાં વિશેષતા આવે છે.***

સ્વ અને પર—બંનેના ઉપકારને માટે, પોતાના ધન આદિ **ઉપયોગી સામગ્રીનો ત્યાગ કરવો, દાન છે.**

અહીં દાનની ચર્ચા અતિથિ સંવિભાગ વ્રતના સંદર્ભમાં છે.

તેથી જ્ઞાની ગૃહસ્થો દ્વારા, પોતાના અને પરના ઉપકારને માટે યોગ્ય પાત્ર મહાવ્રતી—અણુવ્રતીઓને આપવામાં આવતા શુદ્ધ અહિંસક આહાર આદિ વસ્તુઓ દેવાની ચર્ચા વિશેષ થશે.

પોતાનો લોભ ઓછો થાય અને પુણ્યનો બંધ—તે પોતાનો ઉપકાર છે અને જેને દાન આપવામાં આવે છે, તેઓને સમ્યગ્જ્ઞાન આદિની વૃદ્ધિ, તે પરનો ઉપકાર છે.

**"સ્વ"**નો અર્થ —"પોતાનું"—પણ થાય છે અને "ધન" પણ થાય છે. એ રીતે અહીં "સ્વ"—નો અર્થ થયો. પોતાના સ્વામિત્વની ઉપયોગી ધનાદિ વસ્તુ. તેથી પોતાના અને પરના ઉપકારને માટે સ્વયંના ધનાદિ ઉપયોગી પદાર્થ દેવા, તે **"દાન"** છે.

દાન ચાર પ્રકારના હોય છે. (૧) આહારદાન, (૨) ઔષધિદાન, (૩) જ્ઞાનદાન, (૪) અભયદાન.

યથાયોગ્ય સન્માનપૂર્વક વિધિપૂર્વક ઉપયોગી વસ્તુ ઉદારમનવાળા દાતાર દ્વારા, યોગ્ય પાત્રને દેવાતા દાનમાં વિશેષતા આવી જાય છે.

જો ઉત્તમ પાત્ર વીતરાગી સંતોને, નવધાભક્તિપૂર્વક, અત્યંત પ્રમોદભાવથી, શુદ્ધ સાત્ત્વિક આહારને સપ્તગુણ સંપન્ન દાતાર આપે છે તો

તે દાતારને સાતિશય પુણ્યનો બંધ થાય છે અને મુનિરાજને જ્ઞાન અને સંયમની સાધનામાં અનુકૂળતા પ્રાપ્ત થાય છે.

આ રીતે સ્વ અર્થાત સ્વયંને અને પર અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજને—બંનેને લાભ થાય છે.

હવે આહારદાનના સંદર્ભમાં, વિધિવિશેષ, દ્રવ્યવિશેષ, દાતારવિશેષ અને પાત્રવિશેષની ચર્ચા કરે છે.

**૧. વિધિવિશેષ—**નવધાભક્તિના ક્રમને વિધિવિશેષ કહે છે. (૧) પડગાહન, (૨) ઉચ્ચ આસન દેવું, (૩) ચરણ ધોવા, (૪) પૂજન કરવું, (૫) નમસ્કાર કરવો, (૬) મનશુદ્ધિ, (૭) વચનશુદ્ધિ, (૮) કાયશુદ્ધિ, (૯) ભોજનશુદ્ધિનું ઉચ્ચારણ કરવું, તે નવધાભક્તિ છે.

તાત્પર્ય એ છે કે લગભગ પ્રાતઃ ૧૦ થી ૧૧ વાગ્યે જ્યારે મુનિરાજ આહાર લેવા પધારે, ત્યારે પોતાના ઘરના સામેના રસ્તામાં તેમને વિનયપૂર્વક બોલવવા, તે પડગાહન છે. આવ્યા પછી તેમને ઉચ્ચ આસન પર બેસાડવા, પ્રાસુક જળથી ચરણ ધોવા, પૂજન કરવું, નમસ્કાર કરવા,—તે પછી મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ કહેવું અને અંતમાં એ બતાવવું કે આહાર-જલ શુદ્ધ છે—આ નવધાભક્તિ છે.

મુનિરાજોને આહાર દેવાની આ વિધિવિશેષ છે

**૨. દ્રવ્યવિશેષ—**જે ખાદ્ય સામગ્રી એકદમ અહિંસક શુદ્ધ, સાત્ત્વિક અને આત્મસાધના અને સ્વાધ્યાયની સાધક હોય, અભક્ષ્ય ન હોય, તે દ્રવ્યવિશેષ છે.

**૩. દાતારવિશેષ—**જે દાતાર (૧) સાંસારિક લાભની આકાંક્ષાથી રહિત હોય, (૨) શાંત પરિણામી હોય, (૩) પ્રસન્નચિત્ત, (૪) સરલ હૃદય, (૫) ઈર્ષાભાવથી રહિત, (૬) ખેદથી રહિત, (૭) અભિમાનથી રહિત હોય—તે વ્યક્તિ દાતાર વિશેષ હોય છે.

**૪. પાત્રવિશેષ—**નિર્ગ્રંથ મુનિરાજ પાત્રવિશેષ, વ્રતી સમ્યક્દૃષ્ટિ મધ્યમ પાત્ર અને અવિરત સમ્યગ્દષ્ટિ જઘન્ય પાત્ર હોય છે.૩૮-૩૯.

આ રીતે અહીં સાતમો અધ્યાય સમાપ્ત થાય છે.

# આઠમો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

પ્રથમ અધ્યાયમાં મુક્તિમાર્ગનું સામાન્ય વિવેચન કર્યા પછી ત્રણ અધ્યાયોમાં **જીવ તત્ત્વાર્થ**ની ચર્ચા થઈ.

પાંચમા અધ્યાયમાં **અજીવ તત્ત્વાર્થ**નું નિરૂપણ કરવામાં આવ્યું.

તે પછી છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં **આસ્રવ તત્ત્વાર્થ**નું વિવેચન કરવામાં આવ્યું.

છઠ્ઠા અધ્યાયમાં આસ્રવની ચર્ચા સામાન્યરૂપથી થઈ અને પછી સાતમા અધ્યાયમાં શુભ આસ્રવ અર્થાત્ **પુણ્ય આસ્રવ**ની ચર્ચા કરવામાં આવી.

જીવ તત્ત્વાર્થ સ્વયં આપણે બધા છીએ. તેથી અત્યંત પ્રયોજનભૂત હોવાથી જીવ તત્ત્વાર્થનું વિવેચન અપેક્ષિત વિસ્તાર સાથે ત્રણ અધ્યાયોમાં કરવામાં આવ્યું. **પરંતુ સામાન્ય જ્ઞેયરૂપ હોવાથી અજીવ તત્ત્વાર્થને એક અધ્યાયમાં જ આટોપી લીધું.**

**આ રીતે આરંભના પાંચ અધ્યાયોમાં સામાન્ય મોક્ષમાર્ગ અને દ્રવ્ય તત્ત્વાર્થોની ચર્ચા થઈ.** તેના પછી **પર્યાય તત્ત્વાર્થો**માં સૌથી પહેલાં, આસ્રવ તત્ત્વાર્થની ચર્ચા કરવામાં આવી. જે બે અધ્યાયોમાં સમાપ્ત થઈ.

**પ્રશ્ન—**આસ્રવ તત્ત્વાર્થ તો હેય છે, છોડવાયોગ્ય છે, તેના વિવેચન માટે બે અધ્યાય કેમ આપવામાં આવ્યા?

**ઉત્તર—**આસ્રવ તત્ત્વને મૂળભૂત રીતે તો એક છઠ્ઠા અધ્યાયમાં જ આટોપી લીધો હતો. (પતાવી દીધો હતો) પરંતુ **અનાદિના અજ્ઞાનના કારણે હેયરૂપ પુણ્ય આસ્રવ તત્ત્વાર્થને ઉપાદેય માની લેવામાં આવતો હતો. તે અજ્ઞાનના નિવારણને માટે સાતમા અધ્યાયની વિશેષરૂપથી રચના કરવામાં આવી છે.** આ કારણે એ વાત અત્યંત સ્પષ્ટ થઈ ગઈ છે કે મોક્ષમાર્ગમાં પુણ્ય આસ્રવ પણ પાપ આસ્રવની જેમ હેય જ છે.

સાત તત્ત્વાર્થોમાં આસ્રવ પછી બંધ તત્ત્વાર્થ આવે છે. તેથી હવે તેનું વિવેચન કરીએ.

## બંધના કારણરૂપ ભાવ

આ અધ્યાયમાં સૌથી પહેલાં કર્મબંધના કારણોની મીમાંસા કરે છે.

**मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ।।१।।**

*મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—આ કર્મબંધના કારણ છે.*

**૧. મિથ્યાદર્શન—**અતત્ત્વનું શ્રદ્ધાન અથવા તત્ત્વાર્થોનું અશ્રદ્ધાન—તેને મિથ્યાદર્શન કહે છે. તે મિથ્યાદર્શન ગૃહીત અને અગૃહીતના ભેદથી બે પ્રકારનું હોય છે.

મિથ્યાત્વકર્મના ઉદયથી થનાર, દેહ આદિ પરપદાર્થોમાં એકત્વબુદ્ધિરૂપ અનાદિકાળના મિથ્યાત્વને **અગૃહીત મિથ્યાત્વ** કહે છે.

**આ મિથ્યાત્વ એકેન્દ્રિય આદિ જીવોમાં પણ હોય છે.**

જે મિથ્યાત્વ બુદ્ધિપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે, જેમાં પરોપદેશ (પરનો ઉપદેશ) નિમિત્ત હોય છે, સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને થનારું તે મિથ્યાત્વ, **ગૃહીત મિથ્યાત્વ** કહેવામાં આવે છે.

બંધના કારણોમાં સૌથી વધુ નુકશાનકારક કારણ મિથ્યાત્વ જ છે તેથી તેનો અભાવ સૌથી પહેલાં કરવામાં આવે છે. કેમકે તેનો અભાવ થયા વિના, બાકીના આસ્રવભાવોનો અભાવ થવો સંભવ જ નથી.

એનો અભાવ થયા વિના, ધર્મનો આરંભ થતો નથી. જીવ પહેલા ગુણસ્થાનથી જ નીકળતો નથી. આ જ કારણે આ જીવ અનાદિકાળથી ૪ ગતિ અને ૮૪ લાખ યોનિઓમાં ભટકી રહ્યો છે, અનંત દુઃખ ભોગવી રહ્યો છે.

**ખેદની વાત એ છે કે, કેટલાક લોકો મિથ્યાત્વને બંધનું કારણ જ માનતા નથી. જો તેને બંધનું કારણ નહીં માનવામાં આવે, તો પછી તેનો અભાવ પણ કોઈ શા માટે કરશે?**

**૨. અવિરતિ—**વ્રતોનું ન હોવું, તે જ **અવિરતિ** છે. વ્રતોની ચર્ચા અણુવ્રત-મહાવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોના રૂપમાં થઈ ગઈ છે.

૩. **પ્રમાદ—**આ રીતે પ્રમાદની ચર્ચા પણ પાંચ પાપોની પરિભાષામાં, **'प्रमत्तयोगात्'** પદના કારણે પર્યાપ્ત વિસ્તારથી થઈ ગઈ છે.

૪. **કષાય—**કષાય તો સર્વત્ર જ બહુચર્ચિત વિષય રહ્યો છે.

૫. **યોગ—**આ જ રીતે યોગોની ચર્ચા છઠ્ઠા અધ્યાયના આરંભમાં વિસ્તારથી આવી ગઈ છે. આ રીતે બંધના હેતુના રૂપમાં મિથ્યાદર્શન વર્તમાનકાળનો બહુચર્ચિત વિષય છે.

(૧) પહેલા ગુણસ્થાનવાળાને બંધ કરનારા તે **પાંચેય કારણ** વિદ્યમાન છે.

(૨) બીજા, ત્રીજા અને ચોથા ગુણસ્થાનવાળાને એક મિથ્યાત્વ સિવાય બાકીના **ચારેય કારણ** વિદ્યમાન છે.

(૩) પાંચમા ગુણસ્થાનવાળા સંયતાસંયતને પણ સકલવિરતિના અભાવરૂપ, અવિરતિ તથા પ્રમાદ, કષાય અને યોગ—આ બંધના **ચારેય કારણ** વિદ્યમાન છે.

(૪) છઠ્ઠા ગુણસ્થાનવાળા પ્રમત્તસંયતને—પ્રમાદ, કષાય અને યોગ—આ બંધના **ત્રણેય કારણ** વિદ્યમાન છે.

(૫) સાતમાથી દસમા ગુણસ્થાનવાળાને કષાય અને યોગ—આ **બંને કારણ** વિદ્યમાન છે.

(૬) અગિયાર, બાર અને તેરમા ગુણસ્થાનવાળાને **એકમાત્ર યોગ** જ બંધના કારણના રૂપમાં વિદ્યમાન રહે છે.

**(૭) ચૌદમા ગુણસ્થાનમાં બંધનું એક પણ કારણ વિદ્યમાન નથી, તેથી ત્યાં બંધ થતો જ નથી સિદ્ધદશા તો અબંધદશા જ છે.**

આ કથનથી પણ સહજ સિદ્ધ છે કે મિથ્યાત્વ જ મુખ્યરૂપથી સૌથી વધુ ખતરનાક કર્મબંધનું કારણ છે. **કેમકે જેને મિથ્યાત્વ વિદ્યમાન છે, તેમને કર્મબંધના સર્વ કારણ વિદ્યમાન જ છે.**

મિથ્યાત્વનો અભાવ કર્યા વિના, બંધના કોઈપણ કારણનો અભાવ થવો સંભવ નથી. ૧.

## બંધનું સ્વરૂપ

કર્મબંધનું કારણ બતાવ્યા પછી હવે કર્મબંધનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે, જે આ પ્રકારે છે.

**सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते स बन्धः ॥२॥**

***કષાય સહિત હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે બંધ છે.***

**પ્રશ્ન**—ગત સૂત્રમાં બંધના કારણ પાંચ બતાવ્યા છે, અને અહીં બંધના સ્વરૂપમાં એકમાત્ર કષાયનો ઉલ્લેખ કર્યો છે, તેનું કારણ શું છે?

**ઉત્તર—અહીં કષાયનો અર્થ માત્ર કષાય નથી, પરંતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય છે. આ સિવાય પ્રકૃતિ અને પ્રદેશબંધમાં યોગ પણ કારણ છે.**

આ જ સૂત્રની ટીકામાં, રાજવાર્તિક અને સર્વાર્થસિદ્ધિ બંને ટીકા ગ્રંથોમાં કહ્યું છે કે—

''તાત્પર્ય એ છે કે મિથ્યાદર્શનથી ગ્રસિત થયેલાં આત્મામાં અથવા મિથ્યાત્વને લીધે આત્મામાં આદિના અવિશેષથી આર્દ્ર આત્મામાં ચારે બાજુથી યોગવિશેષથી સૂક્ષ્મ અનંત પ્રદેશી એકક્ષેત્રાવગાહી કર્મયોગ્ય પુદ્ગલોનો અવિભાગાત્મક બંધ થઈ જાય છે.

જેમ કોઈ વાસણમાં અનેક પ્રકારના રસવાળા બીજ-ફળ-ફૂલ આદિનું મદિરારૂપથી પરિણમન થાય છે, તે જ રીતે આત્મામાં જ રહેલા પુદ્ગલોનું યોગ અને કષાયથી કર્મરૂપ પરિણમન થઈ જાય છે.

જોકે મિથ્યાદર્શન આદિ બંધના કારણ છે, છતાં પૂર્વોપાત્ત કર્મના તે પરિણામ છે. અતઃ કાર્યરૂપથી આત્માને પરતંત્ર કરવાના કારણે બંધ કહેવાય છે. (અકલંકદેવ-તત્ત્વાર્થરાજવાર્તિક—પૃષ્ઠ ૭૪૬-૭૪૭)

**કષાય** પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી સર્વત્ર હોય છે, પરંતુ મિથ્યાત્વ ચોથામાં સમાપ્ત થઈ જાય છે. **અવિરતિ** છઠ્ઠામાં અને **પ્રમાદ** સાતમા ગુણસ્થાનમાં સમાપ્ત થઈ જાય છે. એટલે —**''કષાય**

**સહિત હોવાથી''**—એમ કહેવામાં આવ્યું છે.

જો **મિથ્યાત્વસહિત હોવાથી** એમ કહેત, તો વ્રતીઓને કર્મ પુદ્‌ગલોનું ગ્રહણ સંભવ ન રહેત તથા **પ્રમાદ સહિત હોવાથી** એમ કહેત, તો અપ્રમત્ત આદિ ગુણસ્થાનમાં કર્મ પુદ્‌ગલોનું ગ્રહણ સંભવ ન હોત.

જો યોગ સહિતહોવાથી, એમ કહેત તો પછી યોગથી તો માત્ર પ્રકૃતિ—પ્રદેશબંધ જ થાય છે, સ્થિતિ-અનુભાગબંધ નહીં. તેથી તે અબંધની સમાન જ છે.

તેથી—**કષાય સહિત હોવાથી—**આ પદનો પ્રયોગ બહુ સમજી-વિચારીને કરવામાં આવેલ પ્રયોગ છે.૨.

## બંધના પ્રકાર

કર્મબંધના કારણ અને સ્વરૂપ બતાવ્યા પછી હવે બંધના પ્રકારોની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે.

**प्रकृतिस्थित्यनुभागप्रदेशास्तद्विधयः ॥३॥**

***તે બંધ-પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશના ભેદથી ચાર પ્રકારનો છે.***

**સ્વભાવ**ને પ્રકૃતિ કહે છે. **કાળની મર્યાદાને** સ્થિતિ કહે છે. **રસના પરિપાકને** અનુભાગ કહે છે અને **કર્મપરમાણુઓના સમૂહને** પ્રદેશ કહે છે.

એ તો પહેલાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે અને કષાયથી સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે.

વસ્તુસ્થિતિએ જોતાં, થાય છે એમ, કે મન-વચન-કાયાના યોગથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે, તે આત્મપ્રદેશોના કંપનના નિમિત્તથી આ લોકમાં ઠસોઠસ ભરેલી પૌદ્‌ગલિક કાર્મણ વર્ગણાઓ કર્મરૂપ પરિણમિત થાય છે. તે કર્મરૂપ પરિણમિત કાર્માણ વર્ગણાઓમાં એક સમયપ્રબદ્ધ પ્રમાણ, કર્મ પરમાણુ આત્મપ્રદેશોની સાથે, એકક્ષેત્રાવગાહરૂપથી બંધાય

છે અને લગભગ એટલા જ ખરી જાય છે.

કર્મરૂપ પરિણમિત તે પરમાણુઓનું આત્મપ્રદેશોની સાથે એકમેક થવું, તે જ **પ્રદેશબંધ** છે.

તે પરમાણુઓનું જ્ઞાનાવરણાદિ કર્મોના રૂપમાં વહેંચાઈ જવું, તેને **પ્રકૃતિબંધ** કહે છે.

કષાયના નિમિત્તથી તેના કાળની મર્યાદા સુનિશ્ચિત થાય છે કે, ક્યા કર્મ, ક્યાં સુધી આત્મપ્રદેશોમાં બંધાયેલ રહેશે. તે ક્યારે, કેવી રીતે ઉદયમાં આવશે. આ **કાળની મર્યાદા સ્થિતિબંધ** કહેવાય છે.

સાથે જ, કષાયના જ નિમિત્તથી, એ સુનિશ્ચિત હોય છે કે, આ કર્મ, કેવી રીતે, શું ફળ આપશે? તાત્પર્ય છે કે તેના નિમિત્તથી આ જીવને, શું, કેવું ફળ ભોગવવું પડશે—આ **અનુભાગબંધ** છે.

આ રીતે પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગ બંધના ભેદથી બંધ ચાર પ્રકારના હોય છે.

આ ચારેય બંધ, પ્રત્યેક કષાય સંયુક્ત રાગી જીવને પ્રતિસમય—દરેક સમયે થતા રહે છે.

આ પ્રકારે સંસાર અવસ્થામાં પહેલાથી દશમા ગુણસ્થાન સુધી ચારેય બંધ, નિયમથી એકસાથે થતાં જ રહે છે અને અગિયારમા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધી, પ્રકૃતિ, અને પ્રદેશબંધ હોય છે, ચૌદમા ગુણસ્થાન અને સિદ્ધદશામાં કોઈ બંધ હોતો નથી.૩.

# પ્રકૃતિબંધના ભેદ-પ્રભેદ

હવે સર્વપ્રથમ બંધના પ્રકારોની અંતર્ગત પ્રકૃતિબંધના ભેદ-પ્રભેદોની ચર્ચા કરે છે. જે આ પ્રકારે છે.

**आद्यो ज्ञानादर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायाः ।।૪।।**

**पञ्चनवद्वयष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ।।૫।।**

***પ્રકૃતિબંધના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય—આ આઠ ભેદ છે.***

***આ આઠ કર્મોના ક્રમશઃ પાંચ—નવ-બે-અઠ્ઠાવીસ-ચાર-બેતાલીસ—બે અને પાંચ ભેદ થાય છે.***

**૧. જ્ઞાનાવરણ—**આત્માના જ્ઞાનગુણને ઢાંકવામાં અથવા ઘાત કરવામાં જે કર્મ નિમિત્ત હોય, તેને **જ્ઞાનાવરણ કર્મ** કહે છે.

**૨. દર્શનાવરણ—**આત્માના દર્શનગુણને ઢાંકવામાં અથવા ઘાત કરવામાં, જે કર્મ નિમિત્ત હોય, તેને **દર્શનાવરણ કર્મ** કહે છે.

**૩. વેદનીય—**લૌકિક અનુકૂળતા-પ્રતિકૂળતારૂપ સંયોગ પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તે કર્મને **વેદનીય કર્મ** કહે છે.

**૪. મોહનીય—**જે કર્મના ઉદયના નિમિત્તથી સ્વયંને ભૂલીને, દેહ આદિ પરપદાર્થોમાં એકત્વ-મમત્વ કરે,પરનો કર્તા-ભોક્તા બને અથવા કષાયભાવ ઉત્પન્ન થાય, તેને **મોહનીયકર્મ** કહે છે.

તે બે પ્રકારના હોય છે. (૧) દર્શનમોહનીય તથા (૨) ચારિત્ર મોહનીય.

દર્શનમોહનીય કર્મના ઉદયના નિમિત્તથી જીવ પોતાને ભૂલીને પરપદાર્થોમાં **એકત્વ-મમત્વ કરે છે, પરનો કર્તા-ભોક્તા બને છે** અને ચારિત્રમોહનીયના ઉદયના નિમિત્તથી **ક્રોધાદિ કષાયભાવરૂપ પરિણમે છે.**

**૫. આયુ—**જે કર્મના ઉદયના નિમિત્તથી આ જીવ મનુષ્ય, દેવ, નારકી અને પશુપર્યાયમાં રોકાય છે, તેને **આયુકર્મ** કહે છે.

**૬. નામ—**જે કર્મના ઉદયના નિમિત્તથી શરીર આદિની રચના થાય છે, તે કર્મને **નામકર્મ** કહે છે.

**૭. ગોત્ર—**જે કર્મના ઉદયના નિમિત્તથી આ જીવ નીચ, ઉચ્ચકુળમાં પેદા થાય છે તે કર્મને **ગોત્રકર્મ** કહે છે.

નીચ ગોત્રકર્મના ઉદયના નિમિત્તે નીચકુળમાં અને ઉચ્ચ ગોત્ર કર્મના ઉદયના નિમિત્તથી ઉચ્ચકુળમાં જન્મ થાય છે.

**૮. અંતરાય—**જે કર્મના ઉદયના નિમિત્તથી, દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યમાં રૂકાવટ થાય તેને **અંતરાય કર્મ** કહે છે.

આ આઠ ભેદોમાં, જ્ઞાનાવરણીના પાંચ, દર્શનાવરણીના નવ, વેદનીયના બે, મોહનીયના અઠ્ઠાવીસ, આયુના ચાર, નામના બેતાલીસ, ગોત્રના બે અને અંતરાયના પાંચ ભેદ હોય છે.

(નામકર્મની ઉત્તર પ્રકૃતિઓ અભેદ વિવક્ષાથી ૪૨-બેંતાલીસ અને ભેદ વિવક્ષાથી ૯૩ છે.

આ રીતે કર્મ મૂલતઃ આઠ પ્રકારના છે અને તેની ઉત્તર પ્રકૃતિઓ અભેદ વિવક્ષાથી ૯૭ અને ભેદ વિવક્ષાથી ૧૪૮ છે.

**પ્રશ્ન—**ભેદ વિવક્ષા અને અભેદ વિવક્ષાથી શું આશય છે?

**ઉત્તર—**ગતિને એક ગણો તો અભેદ વિવક્ષા અને ચાર ગણો તો ભેદ વિવક્ષા.

એ જ રીતે જાતિને એક માનો તો અભેદ વિવક્ષા અને પાંચ માનો તો ભેદ વિવક્ષા.

એ જ રીતે આગળ પણ સમજી લેવું જોઈએ. ૪-૫

## જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના પ્રકાર

આઠ કર્મોની ચર્ચા પછી હવે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મોના ભેદોની ચર્ચા કરે છે.

**मतिश्रुतावधिमनःपर्ययकेवलानाम् ॥६॥**

**चक्षुरचक्षुवधकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचला-स्त्यानगृद्धियश्च ॥७॥**

***મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યય જ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ—આ પાંચ ભેદ જ્ઞાનાવરણના છે.***

***ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા, નિદ્રા-નિદ્રા, પ્રચલા, પ્રચલા-પ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ—આ નવ ભેદ દર્શનાવરણકર્મના છે.***

મતિજ્ઞાન આદિ જ્ઞાનોની ચર્ચા પ્રથમ અધ્યાયમાં થઈ ચૂકી છે. તે મતિજ્ઞાન આદિ જ્ઞાનોને ઢાંકવામાં જે નિમિત્ત હોય, તેને ક્રમશઃ મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યય-જ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ કર્મ કહે છે.

આ રીતે આ પાંચ પ્રકારના જ્ઞાનાવરણકર્મનું વિવરણ છે.

એ જ રીતે, ચક્ષુદર્શન આદિ ચાર દર્શનોની ચર્ચા પણ ઉપયોગના પ્રકરણમાં બીજા અધ્યાયમાં થઈ ચૂકી છે. તે ચક્ષુદર્શન આદિ ચાર દર્શનોને ઢાંકવામાં નિમિત્ત પડનારા કર્મોને ક્રમશઃ ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણ કર્મ કહે છે.

**૫. નિદ્રા—**જે કર્મના ઉદયના નિમિત્તે થાક દૂર કરવા માટે સૂઈ જવું—આવશ્યક થઈ જાય છે તે નિદ્રાદર્શનાવરણી કર્મ છે.

**૬. નિદ્રા-નિદ્રા—**જે કર્મના ઉદયના નિમિત્તથી એવી ગાઢ ઊંઘ આવે કે જેમાં આંખ ખોલવી પણ અશક્ય થઈ જાય. તે નિદ્રા-નિદ્રા દર્શનાવરણીય કર્મ છે.

**૭. પ્રચલા**—જે કર્મના ઉદયના નિમિત્તથી શ્રમ અને થાકના કારણે, બેઠાં-બેઠાં જ ઊંઘ આવવા લાગે, તે પ્રચલા નામક દર્શનાવરણી કર્મ છે.

**૮. પ્રચલા-પ્રચલા**—જે કર્મના ઉદયના નિમિત્તથી પ્રચલાની અધિકતા થઈ જાય તેને પ્રચલા-પ્રચલાદર્શનાવરણીય કર્મ કહે છે.

**૯. સ્ત્યાનગૃદ્ધિ**—જે કર્મના ઉદયના નિમિત્તે જીવ સૂતા સૂતા જ ઉઠીને શક્તિથી વધુ કોઈ મોટું કામ કરી નાખે—તેને સ્ત્યાનદ્દ્ધિ નામક દર્શનાવરણી કર્મ કહે છે.

અહીં એક **પ્રશ્ન** સહજ જ સંભવે છે કે દર્શન તો ચાર જ છે, તો દર્શનાવરણી કર્મ પણ ચાર પ્રકારના હોવા જોઈએ.

**ઉત્તર** એ પ્રકારે છે કે, જોકે નિદ્રાદિક સામાન્ય આવરણ કર્મ છે. છતાંપણ સંસારી જીવને પહેલાં દર્શનોપયોગ (સામાન્ય પ્રતિભાસ) થાય છે અને આ નિદ્રાદિક તે ઉપયોગમાં બાધક છે એ માટે આ નિદ્રા આદિ પાંચ કર્મોની, દર્શનાવરણના ભેદોમાં પરિગણના કરવામાં આવે છે. એનાથી દર્શનાવરણીય કર્મના નવ ભેદ સિદ્ધ થાય છે.

(સર્વાર્થસિદ્ધિ—પૃષ્ઠ ૨૯૯)

આ પ્રકારે આ નવ પ્રકારના દર્શનાવરણ કર્મનું વિવરણ છે. ૬-૭.

## વેદનીય, મોહનીય અને આયુકર્મના પ્રકાર

જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના પ્રકારોના વિવરણ પછી હવે વેદનીય, મોહનીય અને આયુકર્મની ચર્ચા કરે છે, જે આ પ્રકારે છે.

**सदसद्वेद्ये ।।८।।**

**दर्शनचारित्रमोहनीयाकषायकषायवेदनीयाख्यास्त्रिद्विनवषोडशभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयान्यकषायकषायौ हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुन्नसुंपकवेदा अनन्तानुबन्ध्यप्रत्याख्यानख्यानसंज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः ।।९।।**

**नारकतैर्यग्योनमानुषदैवानि ।।१०।।**

*વેદનીયકર્મના બે પ્રકાર છે. (૧) સાતાવેદનીય (૨) અસાતાવેદનીય*

*મોહનીયકર્મના પણ બે પ્રકાર છે.*

*(૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય*

*દર્શનમોહનીયના ત્રણ ભેદ છે.*

*(૧) સમ્યક્ત્વ દર્શનમોહનીય (સમ્યક્ત્વ પ્રકૃતિ દર્શનમોહનીય) (૨) મિથ્યાત્વ દર્શનમોહનીય, (૩) સમ્યક્ મિથ્યાત્વ, દર્શનમોહનીય.*

*ચારિત્ર મોહનીયના બે ભેદ છે.*

*(૧) અકષાય વેદનીય (૨) કષાયવેદનીય*

*અકષાયવેદનીયના નવ ભેદ છે. હાસ્ય,રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ.*

*કષાયવેદનીયના સોળ ભેદ છે. અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ, સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ.*

***નરક આયુ, તિર્યંચ આયુ, મનુષ્ય આયુ અને દેવ આયુ—આ ચાર આયુકર્મની ઉત્તર પ્રકૃતિઓ છે.***

આ રીતે દર્શનમોહનીયના ત્રણ અને ચારિત્રમોહનીયના પચ્ચીસભેદ છે આ રીતે કુલ મળીને મોહનીયકર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિઓ છે.

૧. જે કર્મના ઉદયના નિમિત્તથી અનેક પ્રકારની શારીરિક અને માનસિક અનુકૂળતાઓનો અનુભવ થાય છે, તે **સાતાવેદનીય** નામનું કર્મ છે.

૨. જે કર્મના ઉદયના નિમિત્તથી અનેક પ્રકારની શારીરિક અને માનસિક પ્રતિકૂળતાઓનો અનુભવ થાય, તે **અસાતાવેદનીય** નામનું કર્મ છે.

આ રીતે વેદનીય કર્મ સાતા અને અસાતાના ભેદથી બે પ્રકારના છે.

મોહનીયકર્મમાં, દર્શનમોહનીય બંધાય છે તો માત્ર એક **મિથ્યાત્વના** રૂપમાં જ પરંતુ જ્યારે આ જીવ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે સત્તામાં રહેલા આ મિથ્યાત્વ નામના કર્મના ત્રણ ટુકડા થઈ જાય છે, જેના નામ છે—(૧) સમ્યક્ત્વ પ્રકૃતિ, (૨) મિથ્યાત્વ, (૩) મિશ્ર.

આ રીતે સત્તા અને ઉદયમાં દર્શનમોહનીય ત્રણ પ્રકારનું થઈ જાય છે.

**(૧) સમ્યક્ત્વ પ્રકૃતિ**ના ઉદયના નિમિત્તથી સમ્યક્ત્વનો ઘાત તો નથી થતો પરંતુ સમ્યક્ત્વમાં ચલ-મલ-અગાઢ દોષ ઉત્પન્ન થાય છે. આ પ્રકારના સમ્યગ્દર્શનને **ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન** કહે છે. એ પણ ચોથાથી સાતમા ગણસ્થાનમાં જ રહે છે.

**(૨) મિથ્યાત્વ દર્શનમોહનીય** કર્મના ઉદયના નિમિત્તથી અનંત સંસારનું કારણ, મિથ્યાત્વ થાય છે, એ પહેલાં ગણસ્થાનમાં હોય છે.

**(૩) મિશ્ર પ્રકૃતિના** ઉદયથી ત્રીજું ગુણસ્થાન હોય છે. તેમાં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનના મિશ્રિતભાવ હોય છે.

અકષાય વેદનીય નામનું મોહનીયકર્મ અકષાયરૂપ નહીં, ઈષદ્ કષાયરૂપ છે, કિંચિત્ કષાયરૂપ છે, એટલે તેને **નોકષાય** પણ કહે છે.

અહીં અકષાય શબ્દમાં ''અ'' નઞ્ તત્પુરુષ સમાસના રૂપમાં આવ્યો છે, જેનો ભાવ, અભાવરૂપ નહીં પણ ઈષદ્ (અલ્પ)ભાવરૂપ થાય છે.

**હાસ્ય આદિક નોકષાયો, ક્રોધાદિક કષાયોની સમાન ઘાતક નથી એ કારણે તેમને અકષાય અથવા નોકષાય કહે છે.**

**હાસ્ય આદિ નોકષાયોનું સંક્ષેપમાં સ્વરૂપ આ રીતે છે.**

૧. જેના ઉદયના નિમિત્તથી હાસ્ય આવે છે, તે કર્મને **હાસ્ય** નોકષાય કહે છે.

૨. જેના ઉદયના નિમિત્તથી કોઈ વ્યક્તિ અથવા વસ્તુ પ્રત્યે સહજ સ્નેહ જાગૃત થાય છે, તે કર્મને **રતિ** નામનો નોકષાય કહે છે.

૩. જેના ઉદયના નિમિત્તે કોઈ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે સહજ ઉપેક્ષાભાવ જાગૃત થાય છે તે કર્મને **અરતિ** નામનો નોકષાય કહે છે.

૪. જેના ઉદયના નિમિત્તથી રંજ થાય છે, તે કર્મને **શોક** નામનો નોકષાય કહે છે.

૫. જેના ઉદયના નિમિત્તથી ડર લાગે છે, તે કર્મને **ભય** નામનો નોકષાય કહે છે.

૬. જેના ઉદયના નિમિત્તે ગ્લાનિરૂપ ભાવ જાગૃત થાય છે, તે કર્મને **જુગુપ્સા** નામનો નોકષાય કહે છે.

૭. જેના ઉદયના નિમિત્તે પુરુષથી રમણ કરવાનો ભાવ થાય છે, તે કર્મને **સ્ત્રીવેદવેદ** નામનો નોકષાય કહે છે.

૮. જેના ઉદયના નિમિત્તથી સ્ત્રીથી રમણ કરવાનો ભાવ ઉત્પન્ન થાય છે તે કર્મને **પુરુષવેદ** નામનો નોકષાય કહે છે.

૯. જેના ઉદયના નિમિત્તથી સ્ત્રી અને પુરુષ, બંનેથી રમણ કરવાનો ભાવ ઉત્પન્ન થાય છે, તે કર્મને **નપુંસકવેદ** નામનો નોકષાય કહે છે.

આ રીતે, આ નવ પ્રકાર, નોકષાય નામના ચારિત્ર મોહનીય કર્મના છે.

**હવે કષાયવેદનીય નામના ચારિત્રમોહનીયકર્મની વાત કરે છે, કષાયો ચાર છે.** ક્રોધ, માન, માયા, લોભ.

આ ચાર કષાયો ચાર-ચાર પ્રકારની હોય છે.

(૧) અનંતાનુબંધી કષાય (૨) અપ્રત્યાખાનાવરણ કષાય

(૩) પ્રત્યાખાનાવરણ કષાય, (૪) સંજ્વલન કષાય.

આ રીતે કષાયો સોળ પ્રકારની થઈ જાય છે.

એ તો આપ જાણો જ છો કે **ગુસ્સાને ક્રોધ કહે છે, અભિમાનને માન કહે છે. છળ-કપટને માયા કહે છે અને લાલચ-તૃષ્ણાને લોભ કહે છે.**

૧. અનંત સંસારનું કારણ હોવાથી **મિથ્યાત્વને અનંત કહે છે.** એથી મિથ્યાત્વની સાથે હોવાવાળા ક્રોધ-માન-માયા-લોભને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ કહે છે.

આ અનંતાનુબંધી કષાયના કારણે, સ્વરૂપમાં આચરણ નથી થઈ શકતું. સ્વરૂપાચરણચારિત્ર થતું નથી. ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિ હોવાના કારણે એ સ્વરૂપાચરણચારિત્રની ઘાતક છે. સ્વરૂપાચરણ ચારિત્ર નહીં થવામાં તે નિમિત્ત છે. એથી આપણે કહી શકીએ છીએ કે,**—જેના ઉદયના નિમિત્તથી સ્વરૂપમાં આચરણ ન થઈ શકે, સ્વરૂપ આચરણ ચારિત્ર ન થઈ શકે, સમ્યક્ત્વ આચરણ ચારિત્ર ન થઈ શકે, તે કર્મને અનંતાનુબંધી કષાય** નામનું કર્મ કહે છે.

૨. જેના ઉદયના નિમિત્તથી દેશવિરતિ અર્થાત્ થોડો પણ સંયમ ન થઈ શકે અર્થાત્ સંયમાસંયમ પણ ન થઈ શકે, તે કર્મને **અપ્રત્યાખાનાવરણ કષાય કર્મ** કહે છે.

૩. જેના ઉદયના નિમિત્તથી સંપૂર્ણ વિરતિ અર્થાત્ સકલ સંયમ ન થઈ શકે, તે કર્મને **પ્રત્યાખાનાવરણ કષાય કર્મ** કહે છે.

૪. જે સંયમની સાથે રહે અર્થાત્ જેના રહેવા સાથે સંયમ રહી શકે પરંતુ યથાખ્યાત-ચારિત્ર ન થઈ શકે, તે **સંજ્વલન** નામનું કર્મ છે.

બધા કર્મોમાં આ **મોહનીય કર્મ જ, સૌથી વધુ ખતરનાક કર્મ છે. કેમકે એકમાત્ર તેના ઉદયના નિમિત્તે થનારા મિથ્યાત્વ અને કષાય-**

**નોકષાયરૂપ ભાવ આગામી કર્મબંધમાં નિમિત્ત થાય છે.**

બાકીના સાતકર્મોના ઉદયના નિમિત્તે હોવાવાળા સંયોગરૂપ પરદ્રવ્ય અને સંયોગીભાવ આગામી કર્મોના બંધમાં નિમિત્ત પણ નથી.

**મોહનીયમાં પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો જ અનંત સંસારનું કારણ છે, આ વાત ગંભીરતાથી વિચારવા યોગ્ય છે.**

કર્મોની ૧૪૮ ઉત્તર પ્રકૃતિઓમાં મિથ્યાત્વ નામની દર્શનમોહનીય પ્રકૃતિની સામે ૧૪૭ પ્રકૃતિઓ જાણે કાંઈ છે જ નહીં. કેમકે, **એક મિથ્યાત્વનો નાશ થતાં બાકીની પ્રકૃતિઓ પણ નાશ થવા લાગે છે.** સંસાર સાગરનો કિનારો નજીક આવી જાય છે. એના અભાવ વિના, રોકવા છતાં પણ કર્મપ્રકૃતિનો સર્વથા નાશ થતો નથી.

આ જ કારણે સિદ્ધચક્રની પ્રથમ પૂજાની જયમાલામાં લખ્યું છે, કે—

**जय करण कृपाण सु प्रथम बार, मिथ्यात्व सुभट कीनों प्रहार ।**
**दृढ़कोट विपर्यय मति उलंघि, पायो समकित थल थिर अभंग ।।**

હે ભગવન્! કરણ (કરણલબ્ધિ)રૂપી કૃપાણ (તલવાર)થી સર્વપ્રથમ મિથ્યાત્વ નામના સુભટ બુદ્ધિરૂપી મજબૂત કોટનું ઉલ્લંઘન કરીને આપે સમ્યગ્દર્શનરૂપ સ્થિર અને અભંગ સ્થળની પ્રાપ્તિ કરી અર્થાત્ પ્રથમોપશમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી.

**—આ રીતે ધર્મનો આરંભ મિથ્યાત્વના નાશથી થાય છે.**

**જે રીતે સમ્યગ્દર્શન મોક્ષમહેલની પ્રથમ પગથિયું છે, તે જ રીતે મિથ્યાદર્શન અર્થાત્ મિથ્યાત્વ સંસારનું મૂળ છે.**

તેથી પ્રત્યેક આત્માર્થી મુમુક્ષુ ભાઈ બહેનનું **સર્વપ્રથમ કર્તવ્ય મિથ્યાત્વના નાશનો પુરુષાર્થ કરવો તે છે.** સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવાનો છે.

આ આખું જગત તો વેદનીય કર્મના નિમિત્તે થનારા અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોને ઉલટ-પુલટ કરવામાં જ ગૂંચવાઈ રહેલ છે. વેદનીય કર્મ તો અઘાતિયા કર્મ છે, તે તો આત્મગુણ ઘાતવામાં નિમિત્ત પણ નથી.

તેની ઉપસ્થિતિ તો અનંત અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરી લેવા છતાં પણ અરિહંત ભગવાનને પણ બની રહે છે. **એટલે નાશ તો સૌથી પહેલાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો જ થાય છે.**

જે કર્મના ઉદયના નિમિત્તે નરક આદિ ગતિઓમાં જવું અને આયુકર્મની સ્થિતિ અનુસાર રહેવાનું થાય છે, તે કર્મને **આયુકર્મ** કહે છે.

જે કર્મના ઉદયના નિમિત્તે નરકમાં જવું અને આયુકર્મની સ્થિતિ અનુસાર રહેવાનું થાય છે, તે **નરક આયુ** નામનું આયુકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી તિર્યંચગતિમાં જવાનું થાય છે અને ત્યાં આયુકર્મની સ્થિતિ અનુસાર રહેવાનું થાય છે, તે **તિર્યંચ આયુ** નામનું આયુકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી મનુષ્યગતિમાં જવાનું થાય છે અને આયુકર્મની સ્થિતિ પ્રમાણે રહેવાનું થાય છે, તે **મનુષ્ય આયુ** નામનું આયુકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી દેવગતિમાં જવાનું થાય છે અને આયુકર્મની સ્થિતિ અનુસાર રહેવાનું થાય છે, તે **દેવ આયુ** નામનું આયુકર્મ છે.

મનુષ્ય, દેવ અને તિર્યંચ—આ આયુકર્મોને શુભ અને **નરક આયુને અશુભ માનવામાં આવે છે,** કેમકે નરકમાં જીવ મરવા ચાહે છે પણ અન્યગતિઓમાં જીવ, કોઈપણ સ્થિતિમાં હોય, પણ **મરવા ચાહતા નથી.૮-૧૦.**

## નામકર્મના પ્રકાર

વેદનીય, મોહનીય અને આયુકર્મના પ્રકારોને પ્રસ્તુત કર્યા પછી હવે નામકર્મના ભેદ ગણાવે છે.

**गतिजातिशरीरांगोपांगनिर्माणबन्धनसंघातसंस्थानसंहनन स्पर्शरसगन्धवर्णानुपूर्व्यागुरुलघूपघातपरघातातपोद्योतोच्छ्वासविहायोगतयः प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तिस्थिरादेययशःकीर्तिसेतराणि तीर्थंकरत्वं च ॥११॥**

***ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વ, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, તથા પ્રત્યેક શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્તિ, સ્થિર, આદેય, યશઃકીર્તિ અને આ દસેના પ્રતિપક્ષી અર્થાત્ સાધારણ શરીર, સ્થાવર, દુર્ભગ, દુસ્વર, અશુભ, બાદર, અપર્યાપ્તિ, અસ્થિર, અનાદેય અને અયશઃકીર્તિ તેમજ તીર્થંકર– આ બેતાલીસ ભેદ નામકર્મના છે.***

***આના જ અવાંતર ભેદોને મેળવતાં, નામકર્મના ત્રાણુ (૯૩) ભેદ થઈ જાય છે.***

તે પ્રકૃતિઓનું સામાન્ય સ્વરૂપ આ પ્રકારે છે.

**૧ થી ૪–ગતિ નામકર્મ.** જે કર્મના ઉદયના નિમિત્તે જીવ બીજા ભવમાં જાય છે, તે કર્મને **ગતિ** નામનું નામકર્મ કહે છે.

ગતિ નામનું નામકર્મ ચાર પ્રકારનું હોય છે–નરકગતિ, નામકર્મ, તિર્યંચગતિ નામકર્મ, મનુષ્યગતિ નામકર્મ અને દેવગતિ નામકર્મ–

જે કર્મના ઉદયના નિમિત્તે જીવને નારકભાવ હોય, તે **નરકગતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે જીવને તિર્યંચો જેવા ભાવ થાય (હોય), તે **તિર્યંચગતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી જીવને મનુષ્યો જેવા ભાવ હોય, તે મનુષ્યગતિ નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે જીવને દેવો જેવા ભાવ હોય, તે **દેવગતિ** નામનું નામકર્મ છે.

**૫ થી ૯ જાતિ નામકર્મ**—નરક આદિ ગતિઓમાં જે સમાનતાથી એકત્વનો બોધ થાય છે, તે સમાનતાને **જાતિ** કહે છે. જે કર્મના ઉદયના નિમિત્તથી એવી જાતિ થાય છે, તે કર્મને **જાતિ** નામનું નામકર્મ કહે છે.

જાતિ નામના નામકર્મના પાંચ પ્રકાર હોય છે. એકેન્દ્રિયજાતિ નામકર્મ, દ્વીન્દ્રિયજાતિ નામકર્મ, ત્રીન્દ્રિયજાતિ નામકર્મ, ચતુરિન્દ્રિયજાતિ નામકર્મ અને પંચેન્દ્રિયજાતિ નામકર્મ.

જે કર્મના ઉદયના નિમિત્તથી જીવ એકેન્દ્રિય કહેવાય છે, તે **એકેન્દ્રિયજાતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી જીવ બે ઇન્દ્રિય કહેવામાં આવે છે, તે **દ્વીન્દ્રિયજાતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે જીવ ત્રીન્દ્રિય કહેવાય છે, તે **ત્રીન્દ્રિયજાતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી જીવ ચતુરિન્દ્રિય કહેવામાં આવે છે, તે **ચતુરીન્દ્રિયજાતિ** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી જીવ પંચેન્દ્રિય કહેવામાં આવે છે, તે **પંચેન્દ્રિયજાતિ** નામનું નામકર્મ છે.

**૧૦ થી ૧૪ શરીર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીરની રચના થાય છે, તે કર્મ શરીર નામનું નામકર્મ કહેવાય છે.

શરીર નામનું નામકર્મ પાંચ પ્રકારનું હોય છે. ઔદારિક શરીર નામકર્મ, વૈક્રિયિક શરીર નામકર્મ, આહારક શરીર નામકર્મ, તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મ.

જે કર્મના ઉદયના નિમિત્તે, ઔદારિક શરીરની રચના થાય, તે **ઔદારિક શરીર** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, વૈક્રિયિક શરીરની રચના થાય, તે **વૈક્રિયિક શરીર** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, આહારક શરીરની રચના થાય, તે **આહારક શરીર** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, તૈજસ શરીરની રચના થાય, તે **તૈજસ શરીર** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, કાર્મણ શરીરની રચના થાય, તે **કાર્મણ શરીર** નામનું નામકર્મ છે.

**૧૫ થી ૧૭. અંગોપાંગ નામકર્મ**—જે કર્મનાં ઉદયના નિમિત્તે અંગોપાંગની રચના થાય છે, તે કર્મ **અંગોપાંગ** નામનું નામકર્મ કહેવાય છે.

બે પગ, બે હાથ, નિતંબ, પીઠ, વક્ષસ્થળ (છાતી અને મસ્તક)— આ શરીરના આઠ **અંગ** છે. અને કપાળ, નાક, કાન, આંખો, હોઠ, આંગળીઓ અને નખ આદિને **ઉપાંગ** કહે છે.

અંગોપાંગ નામનું નામકર્મ ત્રણ પ્રકારનું હોય છે.

૧. ઔદારિક શરીર અંગોપાંગ નામકર્મ.

૨. વૈક્રિયિક શરીર અંગોપાંગ નામકર્મ અને

૩. આહારક શરીર અંગોપાંગ નામકર્મ

**૧૮. નિર્માણ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીરની ભિન્ન-ભિન્ન પ્રકારની રચના થાય છે, તે **નિર્માણ** નામનું નામકર્મ કહેવાય છે.

**૧૯ થી ૨૩. બંધન નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે અંગોપાંગ બંધનને પ્રાપ્ત થાય છે, તે કર્મ, બંધન નામનું નામકર્મ છે.

એના અભાવમાં શરીર લાકડીઓના ઢગલા જેવું થઈ જાત.

બંધન નામનું નામકર્મ પાંચ પ્રકારનું હોય છે. ઔદારિક બંધન નામકર્મ, વૈક્રિયિકબંધન નામકર્મ, આહારકબંધન નામકર્મ, તૈજસબંધન નામકર્મ, કાર્મણબંધન નામકર્મ.

**૨૪ થી ૨૮-સંઘાત નામકર્મ–**જે કર્મના ઉદયના નિમિત્તે શરીરના અંગ-ઉપાંગના નિચ્છિદ્ર, સંશ્લેષ અર્થાત્ સંઘાત થાય છે, તે **સંઘાત** નામનું નામકર્મ છે.

સંઘાત નામનું નામકર્મ પાંચ પ્રકારનું હોય છે. ઔદારિકસંઘાત નામકર્મ, વૈક્રિયિકસંઘાત નામકર્મ, આહારકસંઘાત નામકર્મ, તૈજસસંઘાત નામકર્મ અને કાર્મણસંઘાત નામકર્મ.

**૨૯ થી ૩૪ સંસ્થાન નામકર્મ–**જે કર્મના ઉદયના નિમિત્તે ઔદારિક આદિ શરીરોની આકૃતિ બને છે, તે સંસ્થાન નામનું નામકર્મ છે.

સંસ્થાન નામનું નામકર્મ છ પ્રકારનું હોય છે. સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામકર્મ, સ્વાતિ સંસ્થાન નામકર્મ, કુબ્જક સંસ્થાન નામકર્મ, વામન સંસ્થાન નામકર્મ, હુંડક સંસ્થાન નામકર્મ.

જે કર્મના ઉદયના નિમિત્તે ઉપર-નીચે તથા મધ્યમાં શરીરના અવયવોની સમાન વિભાગથી રચના થાય છે, તેને **સમચતુરસ્રસંસ્થાન** નામનું નામકર્મ કહે છે.

જે કર્મના ઉદયના નિમિત્તે નાભિની ઉપરનો ભાગ ભારે અને નીચેનો ભાગ પાતળો હોય છે, જેમ કે વડનું વૃક્ષ, તેને **ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન** નામનું નામકર્મ કહે છે.

સ્વાતિ એટલે કે બાંબી (સાપનું ઘર)ની જેમ નાભિથી નીચેનો ભાગ ભારે અને ઉપરનો દુબળો, જે કર્મના ઉદયથી, તે **સ્વાતિ સંસ્થાન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી, શરીર કુબડું હોય, તે **કુબ્જક સંસ્થાન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તથી, શરીર ઠીંગણું હોય, તે **વામન સંસ્થાન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, અંગોપાંગ વિરૂપ હોય, તે **હુંડક**

સંસ્થાન નામનું નામકર્મ છે.

**૩૫ થી ૪૦- સંહનન નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે, હાડકાઓના બંધનમાં વિશેષતા હોય, તે સંહનન નામનું નામકર્મ છે.

સંહનન નામનું નામકર્મ છ પ્રકારનું હોય છે.

વજ્રવૃષભનારાચ સંહનન નામકર્મ, વજ્રનારાચ સંહનન નામકર્મ, નારાચ સંહનન નામકર્મ, અર્દ્ધનારાચ સંહનન નામકર્મ, કીલક સંહનન નામકર્મ ને અસંપ્રાપ્તિસૃપાટિકા સંહનન નામકર્મ.

જે કર્મના ઉદયના નિમિત્તે, વૃષભ એટલે વેષ્ટન નારાચ એટલે કીલ અને સંહનન એટલે કે હાડકાં વજ્રની માફક અભેદ્ય હોય, તે **વજ્રવૃષભનારાચ સંહનન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, કીલ અને હાડકા વજ્રની માફક હોય અને વેષ્ટન સામાન્ય હોય, તે **વજ્રનારાચ સંહનન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે હાડકાના જોડમાં કીલ હોય, તે **નારાચ સંહનન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે હાડકાના સાંધ (સંધાણ) અર્ધકીલિત હોય, તે **અર્ધનારાચસંહનન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, હાડ પરસ્પરમાં જ કીલિત હોય, જુદા કીલ ન હોય, તે **કીલિત સંહનન** નામનું નામકર્મ છે.

જે કર્મના ઉદયના નિમિત્તે, હાડ માત્ર નસ, સ્નાયુ વગેરેથી બંધાયેલ હોય, તે **અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન** નામનું નામકર્મ છે.

**૪૧ થી ૪૮- સ્પર્શ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીરમાં સ્પર્શ પ્રગટ હોય તે સ્પર્શ નામનું નામકર્મ છે. સ્પર્શ નામનું નામકર્મ ૮ પ્રકારનું છે.

કોમલ સ્પર્શ નામકર્મ, કઠોર સ્પર્શ નામકર્મ, ગુરુ સ્પર્શ નામકર્મ, લઘુ સ્પર્શ નામકર્મ, શીત સ્પર્શ નામકર્મ, ઉષ્ણ સ્પર્શ નામકર્મ, સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ અને રૂક્ષ સ્પર્શ નામકર્મ.

**૪૯ થી ૫૩-રસ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે, શરીરમાં

રસ પ્રગટ હોય, તે **રસ** નામનું નામકર્મ છે.

રસ નામનું નામકર્મ પાંચ પ્રકારનું છે. ખાટોરસ નામકર્મ, મીઠોરસ નામકર્મ, કડવોરસ નામકર્મ. કષાયલોરસ નામકર્મ અને ચરપરો(તીખો)રસ નામકર્મ.

**૫૪ થી ૫૫ ગંધ નામકર્મ—**જે કર્મના ઉદયના નિમિત્તે શરીરમાં ગંધ પ્રગટ થાય, તે ગંધ નામનું નામકર્મ છે.

ગંધ નામના નામકર્મના બે પ્રકાર છે. સુગંધ નામકર્મ અને દુર્ગંધ નામકર્મ.

**૫૬ થી ૬૦- વર્ણ નામકર્મ—**જે કર્મના ઉદયના નિમિત્તે શરીરમાં વર્ણ એટલે કે રંગ પ્રગટ થાય, તે વર્ણ નામનું નામકર્મ છે.

વર્ણ નામનું નામકર્મ પાંચ પ્રકારનું છે. કાળોવર્ણ નામકર્મ, પીળોવર્ણ નામકર્મ, નીલોવર્ણ નામકર્મ, લાલવર્ણ નામકર્મ અને સફેદવર્ણ નામકર્મ.

**૬૧ થી ૬૪-આનુપૂર્વ્ય—**જે કર્મના ઉદયના નિમિત્તથી પૂર્વ શરીરનો આકાર બન્યો રહે, તે **આનુપૂર્વ્ય** નામનું નામકર્મ છે.

આનુપૂર્વ્ય નામનું નામકર્મ ચાર પ્રકારનું છે. નરકગત્યાનુપૂર્વ્ય નામકર્મ, તિર્યગ્ગત્યાનુપૂર્વ્ય નામકર્મ, મનુષ્યગત્યાનુપૂર્વ્ય નામકર્મ અને દેવગત્યાનુપૂર્વ્ય નામકર્મ.

આ આનુપૂર્વ્ય નામના નામકર્મને, આનુપૂર્વી નામકર્મ પણ કહેલ છે. જેમકે—નરકગત્યાનુપૂર્વી, તિર્યંચગત્યાનુપૂર્વી, મનુષ્યગત્યાનુપૂર્વી અને દેવગત્યાનુપૂર્વી.

જે સમયે મનુષ્ય કે તિર્યંચ મરીને, નરકગતિની તરફ જાય છે તો માર્ગમાં તેના આત્માના પ્રદેશોનો આકાર એવો જ બન્યો રહે છે કે જેવો તેના પૂર્વ શરીરનો આકાર હતો, કે જે પોતે છોડીને આવ્યો છે. આ **નરકગત્યાનુપૂર્વ્ય નામકર્મ** છે.

જે સમયે, દેવ-નારકી-તિર્યંચ કે મનુષ્ય, મરીને તિર્યંચગતિની તરફ જાય છે તો માર્ગમાં તેના આત્માના પ્રદેશોનો આકાર તેવો જ બન્યો

રહે છે. જેવો તેના પૂર્વના શરીરનો આકાર હતો, કે જેને તે છોડીને આવ્યો છે. આ **તિર્યગ્ગત્યાનુપૂર્વ્ય** નામનું નામકર્મનું કાર્ય છે.

જે સમયે દેવ, નારકી અને તિર્યંચ મરીને મનુષ્યગતિની તરફ જાય છે, તો માર્ગમાં તેના આત્માના પ્રદેશોનો આકાર તેવો જ બન્યો રહે છે કે જેવો તેના પૂર્વ શરીરનો આકાર હતો, કે જેને તે છોડીને આવ્યો છે આ **મનુષ્યગત્યાનુપૂર્વ્ય** નામના નામકર્મનું કાર્ય છે.

જે સમયે મનુષ્ય કે તિર્યંચ મરીને દેવગતિની તરફ જાય છે, તો માર્ગમાં તેના આત્માના પ્રદેશોનો આકાર તેવો જ બન્યો રહે છે કે જેવો તેના પૂર્વ શરીરનો આકાર હતો કે જેને તે છોડીને આવ્યો છે. આ **દેવગત્યાનુપૂર્વ્ય** નામના નામકર્મનું કાર્ય છે.

**૬૫-અગુરુલઘુ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીર ન તો લોખંડના ગોળાની માફક ભારે હોય અને ન તો આકના રૂની માફક હલકું હોય,—તે **અગુરુલઘુ** નામનું નામકર્મ છે.

**૬૬-ઉપઘાત નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે પોતે જ પોતાના અવયવોથી, પોતાનો ઘાત કરીને મરી જાય, તે **ઉપઘાત** નામનું નામકર્મ છે.

**૬૭-પરઘાત નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે, બીજા દ્વારા ચલાવવામાં આવેલ શસ્ત્ર આદિથી પોતાનો ઘાત થાય, તે **પરઘાત** નામનું નામકર્મ છે.

**૬૮-આતપ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે આતપકારી શરીર હોય, તે **આતપ** નામનું નામકર્મ છે. તેનો ઉદય, સૂર્યના બિંબમાં જે બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ હોય છે, તેમને હોય છે.

**૬૯-ઉદ્યોત નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે ઉદ્યોતરૂપ શરીર હોય, તે **ઉદ્યોત** નામનું નામકર્મ છે. તેનો ઉદય ચંદ્રમાના બિંબમાં રહેનારા જીવોને તથા જુગનુ (આગીયો) વગેરેને હોય છે.

**૭૦-ઉચ્છ્વાસ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે ઉચ્છ્વાસ હોય, તે ઉચ્છ્વાસ નામનું નામકર્મ છે.

**૭૧-પ્રશસ્તવિહાયોગતિ નામકર્મ**—હાથી, બળદ વગેરેની સુંદર ચાલ(ચાલવાની રીત)ના કારણભૂત કર્મને **પ્રશસ્તવિહાયોગતિ** નામનું નામકર્મ કહે છે.

**૭૨. અપ્રશસ્તવિહાયોગતિ નામકર્મ**—ઊંટ, ગધેડા વગેરેની ખરાબ ચાલ(ચાલવાની રીત)ના કારણભૂત કર્મને **અપ્રશસ્તવિહાયોગતિ** નામનું નામકર્મ કહે છે.

**૭૩. પ્રત્યેક શરીર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીર એક જ જીવને ભોગવવા યોગ્ય હોય છે, તે **પ્રત્યેક** શરીર નામનું નામકર્મ છે.

**૭૪. સાધારણ શરીર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે ઘણા જીવોને ભોગવવા યોગ્ય સાધારણ શરીર હોય છે, તે **સાધારણ** શરીર નામનું નામકર્મ છે.

**૭૫. ત્રસ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે બે ઇન્દ્રિય આદિમાં જન્મ થાય, તેને **ત્રસ** નામનું નામકર્મ કહે છે.

**૭૬. સ્થાવર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે એકેન્દ્રિયોમાં જન્મ થાય, તે **સ્થાવર** નામનું નામકર્મ છે.

**૭૭. સુભગ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે બીજા જીવ પોતાનાથી પ્રીતિ કરે, તે **સુભગ** નામક નામકર્મ છે.

**૭૮. દુર્ભગ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીર સુંદર સુરૂપ હોવા છતાં પણ બીજા પોતાનાથી પ્રીતિ ન કરે અથવા ઘૃણા કરે— તે **દુર્ભગ** નામનું નામકર્મ છે.

**૭૯. સુસ્વર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે સ્વર મનોજ્ઞ હોય, કે જે બીજાને પ્રિય લાગે, તે **સુસ્વર** નામક નામકર્મ છે.

**૮૦. દુ:સ્વર નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે અપ્રિય સ્વર હોય, તે **દુ:સ્વર** નામનું નામકર્મ છે.

**૮૧. શુભ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે, શરીરના અવયવ સુંદર હોય, તે **શુભ** નામનું નામકર્મ છે.

**૮૨. અશુભ નામકર્મ**—જે કર્મના ઉદયના નિમિત્તે શરીરના અવયવો સુંદર ન હોય, તે **અશુભ** નામનું નામકર્મ છે.

૮૩. **સૂક્ષ્મ નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે, શરીર સૂક્ષ્મ હોય, જે કોઈથી પણ ન રોકાય, તે **સૂક્ષ્મ** નામનું નામકર્મ છે.

૮૪. **બાદર (સ્થૂળ) નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે શરીર સ્થૂળ હોય, તે **બાદર** નામનું નામકર્મ છે.

૮૫. **પર્યાપ્તિ નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે આહાર આદિ પર્યાપ્તિઓની પૂર્ણતા હોય, તે **પર્યાપ્તિ** નામનું નામકર્મ છે.

૮૬. **અપર્યાપ્તિ નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે પર્યાપ્તિઓની પૂર્ણતા નથી હોતી, તે **અપર્યાપ્તિ** નામક નામકર્મ છે.

૮૭. **સ્થિર નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે શરીરના ધાતુ-ઉપધાતુ સ્થિર હોય છે, જેથી કઠિન કામ કરવા છતાં શરીર શિથિલ થતું નથી તે **સ્થિર** નામનું નામકર્મ છે.

૮૮. **અસ્થિર નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે ધાતુ-ઉપધાતુ સ્થિર હોતા નથી, જેથી થોડો પણ શ્રમ કરતાં જ, જરા જેટલી ગરમી કે ઠંડી લાગતાં જે શરીર મ્લાન થઈ જાય છે, તે **અસ્થિર** નામનું નામકર્મ છે.

૮૯. **આદેય નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે શરીર પ્રભાસહિત હોય, તે **આદેય** નામનું નામકર્મ છે.

૯૦. **અનાદેય નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે શરીર પ્રભા વિનાનું હોય, તે **અનાદેય** નામનું નામકર્મ છે.

૯૧. **યશઃકીર્તિ નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તથી સંસારમાં (જગતમાં) જીવનો યશ ફેલાય, તે **યશઃકીર્તિ** નામનું નામકર્મ છે.

૯૨. **અયશઃકીર્તિ નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે સંસારમાં અપયશ ફેલાય, તે **અયશકીર્તિ** નામનું નામકર્મ છે.

૯૩. **તીર્થંકર નામકર્મ**–જે કર્મના ઉદયના નિમિત્તે અપૂર્વ પ્રભાવશાળી અર્હન્તપદની સાથે ધર્મતીર્થનું પ્રવર્તન થાય છે, તે **તીર્થંકર** નામનું નામકર્મ છે.

આ પ્રકારે નામકર્મની અભેદ વિવક્ષાથી ૪૨ અને ભેદવિવક્ષાથી ૯૩ ઉત્તર પ્રકૃતિઓ છે.૧૧.

## ગોત્ર અને અંતરાયકર્મના પ્રકાર

નામકર્મના પ્રકારોની ચર્ચા પછી હવે ગોત્ર અને અંતરાય કર્મોના ભેદોની વાત કરે છે.

**उच्चैर्नीचैश्च ।।१२।।**

**दानलाभभोगोपभोगवीर्याणाम् ।।१३।।**

***ઉચ્ચગોત્ર અને નીચગોત્રના ભેદથી, ગોત્રકર્મ બે પ્રકારનું છે.***

***દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય—ભેદથી અંતરાયકર્મ પાંચ પ્રકારના છે.***

૧. જે કર્મના ઉદયના નિમિત્તે, સદાચારી લોકપૂજ્ય કુળમાં જન્મ થાય છે, તે કર્મને **ઉચ્ચગોત્રકર્મ** કહે છે.

૨. જે કર્મના ઉદયના નિમિત્તે, નિંદનીય આચરણવાળા કુળમાં જન્મ થાય છે, તે કર્મને **નીચગોત્રકર્મ** કહે છે.

૧. જે કર્મના ઉદયના નિમિત્તે, દેવાના ભાવ હોવા છતાં, દેવું સંભવ થતું નથી, તે કર્મને **દાનાંતરાય** નામનું કર્મ કહે છે.

૨. જે કર્મના ઉદયના નિમિત્તે લાભની ઈચ્છા હોવા છતાં, પ્રયત્ન કરવા છતાં, લાભ થતો નથી, તે કર્મને **લાભાંતરાય કર્મ** કહે છે.

૩. જે કર્મના ઉદયના નિમિત્તે, ભોગ ચાહવા છતાં, પ્રયત્ન કરતો હોવા છતાં ભોગની પ્રાપ્તિ થતી નથી, તે કર્મને **ભોગાંતરાય કર્મ** કહે છે.

૪. જે કર્મના ઉદયના નિમિત્તે ઉપભોગ ચાહવા છતાં પ્રયત્ન કરવા છતાં, ઉપભોગ સંભવ થતો નથી. તે કર્મને **ઉપભોગાંતરાય કર્મ** કહે છે.

૫. જે કર્મના ઉદયના નિમિત્તે પ્રયત્ન કરવા છતાં ઉત્સાહ થતો નથી, તે **વીર્યાંતરાય કર્મ** છે.૧૨-૧૩

## સ્થિતિબંધની ચર્ચા

આઠમા અધ્યાયના પહેલા અને બીજા સૂત્રમાં બંધનો હેતુ અને સ્વરૂપ બતાવ્યા પછી ત્રીજા સૂત્રમાં બંધના પ્રકારોની ચર્ચા આરંભ કરેલ.

ત્યાં કહ્યું હતું કે બંધ ચાર પ્રકારના હોય છે.

(૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિબંધ (૩) અનુભાગબંધ, (૪) પ્રદેશબંધ. તેમાંથી સર્વપ્રથમ પ્રકૃતિ બંધની ચર્ચામાં અત્યાર સુધી કર્મોની આઠ મૂળ પ્રકૃતિઓ અને એકસો અડતાલીસ ઉત્તર પ્રકૃતિઓની ચર્ચા વિસ્તારથી કરી.

હવે સ્થિતિબંધની ચર્ચાનો પ્રસંગ છે.

**आदितस्तिसृणामन्तरायस्य त त्रिंशत्सागरोपमकोटि कोट्यः परास्थितिः ।।१४।।**

**सप्ततिर्मोहनीयस्य ।।१५।।**

**विंशतिर्नामगोत्रयोः ।।१६।।**

**त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुषः ।।१७।।**

**अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ।।१८।।**

**नामगोत्रयोरष्टौ ।।१९।।**

**शेषाणामन्तर्मुहूर्ता ।।२०।।**

*આદિના ત્રણ અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય—આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરની હોય છે.*

*મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગર છે.*

*નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગર છે.*

*આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર છે.*

*વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મૂહર્ત છે.*

***નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ ૮ મૂહર્ત છે.***

***શેષકર્મોની જઘન્યસ્થિતિ અંતમૂહર્ત છે.***

શેષ કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુ અને અંતરાયકર્મ આવે છે.

આ બધાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત જ છે.

એમાં દર્શનમોહની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગર અને ચારિત્રમોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૦ કોડાકોડી સાગર હોય છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, અંતરાય, નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક મિથ્યાદ્રષ્ટિ જીવને જ હોય છે.

આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તકને જ હોય છે.

મોહનીય કર્મની જઘન્ય સ્થિતિ નવમા ગુણસ્થાનમાં જ બંધાય છે.

આયુકર્મની જઘન્ય સ્થિતિ સંખ્યાતવર્ષની આયુવાળા કર્મભૂમિના મનુષ્યો અને તિર્યંચોને બંધાય છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, વેદનીય, નામ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ સૂક્ષ્મ સાંપરાય નામના દશમા ગુણસ્થાનમાં બંધાય છે.

આ રીતે આ સ્થિતિબંધનું વિવરણ છે. ૧૮-૨૦.

## અનુભાગ બંધ

પ્રકૃતિબંધ અને સ્થિતિબંધની ચર્ચા પછી હવે અનુભાગબંધની વાત કરે છે.

**विपाकोऽनुभवः ।।२१।।**

**स यथानाम ।।२२।।**

**ततश्च निर्जरा ।।२३।।**

***વિપાકને અનુભવ (અનુભાગ) કહે છે.***

***તે અનુભવ કર્મોના નામ અનુસાર જ હોય છે.***

***ફળ આપી ચૂક્યા બાદ તે કર્મની નિર્જરા થઈ જાય છે.***

**વિશેષ પ્રકારના પાકને વિપાક કહે છે.** અથવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવના નિમિત્તોના ભેદથી અનેક પ્રકારના થનારા પાકને વિપાક કહે છે. **આ વિપાક જ અનુભવ છે, અનુભાગ છે.**

**શુભપરિણામની પ્રકર્ષતામાં શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને અશુભ પ્રકૃતિઓનો નિકૃષ્ટ અનુભાગ બંધ થાય છે તથા અશુભ પરિણામોની પ્રકર્ષતામાં અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અને શુભ પ્રકૃતિઓનો નિકૃષ્ટ બંધ થાય છે.**

આ અનુભવ અથવા ફળ વિપાક બે પ્રકારનો હોય છે. (૧) સ્વમુખેથી (૨) પરમુખથી

બધી મૂળ પ્રકૃતિઓનો સ્વમુખથી વિપાક થાય છે. ઉત્તર પ્રકૃતિઓમાં, આયુ-દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય સિવાય બાકીની **સજાતીય પ્રકૃતિઓનો વિપાક પરમુખથી પણ થાય છે.**

નરકઆયુના મુખથી મનુષ્ય આયુ કે તિર્યંચ આયુનો વિપાક થશે નહિ. એ જ રીતે દર્શનમોહ, ચારિત્રમોહના રૂપમાં અને ચારિત્રમોહ, દર્શનમોહના રૂપમાં ફળશે નહીં.

કર્મનો આ વિપાક (અનુભવ—અનુભાગ-ફળ) પોતપોતાના નામ અનુસાર જ થાય છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણનો વિપાક અર્થાત્ ઉદય, જ્ઞાનને આવરિત કરવારૂપ જ ફળશે, અન્યરૂપ નહીં.

ફળ દીધા પછી આ કર્મોની નિર્જરા થઈ જાય છે. આ નિર્જરા બે પ્રકારની હોય છે.

૧. સવિપાક નિર્જરા. ૨. અવિપાક નિર્જરા.

કર્મોનું પોતાના સમયે ઉદયમાં આવીને, ફળ દઈને, ખરી જવું, તે સવિપાક નિર્જરા છે. અને તપશ્ચર્યા આદિ નિમિત્તોના મળવાથી કર્મોનું સમયની પહેલાં ખરી જવું, તે અવિપાક નિર્જરા છે.૨૧-૨૩.

## પ્રદેશબંધ

પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગબંધની ચર્ચા પછી હવે પ્રદેશબંધની ચર્ચા કરે છે.

**नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाहस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ।।२४।।**

***પોતપોતાના નામ અનુસાર બધા ભૂત-ભાવિ ભવોમાં, યોગ વિશેષના નિમિત્તથી આવનારા આત્માના સંપૂર્ણ પ્રદેશોમાં સ્થિત સૂક્ષ્મ એકક્ષેત્રાવગાહી અનંતાનંત કર્મ પુદ્ગલ, પ્રદેશબંધ છે.***

તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણાદિ કર્મ પ્રકૃતિઓના કારણે બધી બાજુથી સર્વભવોમાં યોગવિશેષથી સૂક્ષ્મ એકક્ષેત્રાવગાહરૂપથી સ્થિત અને બધા આત્મપ્રદેશોના અનંતાનંત કર્મપુદ્ગલોનું બંધાવું, તે પ્રદેશબંધ છે. તે પ્રદેશબંધની પરિભાષામાં નિમ્નાંકિત તથ્ય સમાહિત છે.

૧. કાર્મણવર્ગણાઓના કર્માણુઓમાં (કર્મપ્રદેશમાં) જ્ઞાનાવરણ આદિ બધી કર્મપ્રકૃતિઓના કર્માણુ સમાહિત હોય છે.

૨. તે કર્માણુ આત્મપ્રદેશોથી એકક્ષેત્રાવગાહરૂપ બંધાય છે, તે જ સમયે, જો આયુ બંધ ન થઈ રહ્યો હોય તો, તે બાકીના સાત કર્મોમાં કે આઠે કર્મોમાં વિભાજિત થઈ જાય છે.

૩. બધા ભવોમાં પ્રત્યેક સમયે આ પ્રક્રિયા ચાલતી રહે છે.

૪. તેના બંધનમાં નિમિત્ત, મન-વચન-કાયારૂપ યોગ હોય છે.

૫. તે બધા પરમાણુ કે પ્રદેશ અત્યંત સૂક્ષ્મ હોય છે.

૬. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં અનંતાનંત કર્મ પરમાણુઓના સ્કંધ બંધરૂપ થતા રહે છે.

તાત્પર્ય એ છે કે કાર્મણ વર્ગણાઓના, અનંતાનંત કર્માણુઓના, યોગના નિમિત્તથી, નિરંતર બંધાતા રહેવું, તે જ પ્રદેશબંધ છે. ૨૪.

## પુણ્ય અને પાપરૂપ કર્મ

ચારે પ્રકારના બંધના ચર્ચા થયા પછી હવે તે કર્મોને પુણ્ય અને પાપના રૂપમાં વિભાજિત કરે છે.

**सद्वेद्यशुभायुर्नामगोत्राणि पुण्यम् ।।२५।।**

**अतोऽन्यत्पापम् ।।२६।।**

***સાતા વેદનીય, મનુષ્ય, તિર્યંચ અને દેવ આયુ તથા ઉચ્ચ ગોત્ર અને નામકર્મની સાડત્રીસ પ્રકૃતિઓ—કુલ મળીને બેંતાલીસ પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિઓ છે.***

***આ પુણ્યપ્રકૃતિઓ સિવાય શેષ પ્રકૃતિઓ પાપપ્રકૃતિઓ છે.***

આસ્રવ તત્ત્વ અને બંધ તત્ત્વનું નિરૂપણ કરનારા છઠ્ઠા-સાતમા અને આઠમા અધ્યાયોની સમાપ્તિના અવસરે કર્મોના આસ્રવ અને બંધના વિસ્તારથી નિરૂપણ કર્યા પછી, અંતમાં આચાર્યદેવે વિચાર્યું કે **પુણ્ય અને પાપ પણ તો ધર્મ નથી, કર્મ જ છે. તેનો પણ આસ્રવ-બંધ થાય છે. તેથી એની પણ અહીં ચર્ચા કરી લેવી જોઈએ. કેમકે આગળના અધ્યાયોમાં સંવર-નિર્જરા અને મોક્ષરૂપ ધર્મની ચર્ચા ચાલશે.**

કર્મોમાં ચાર ઘાતિયા કર્મ તો, પૂર્ણરૂપે પાપરૂપ જ છે. એટલે એની બધી પ્રકૃતિઓ પાપરૂપ જ છે. અઘાતિયા કર્મ, આત્મગુણોને ઘાતતા નથી અને એની સત્તા અરિહંત ભગવાનને પણ હોય છે.

અરિહંત ભગવાન અનંત સુખી છે, અનંત સુખી થઈ ગયા છે, તેમને પણ વિદ્યમાન રહેતા અઘાતિકર્મોમાં પણ જે કર્મ, રાગી-દ્વેષી આત્માને, અસાતાના નિમિત્ત હોય, નીચકુળમાં ઉત્પન્ન કરાવે, નરક આદિ અશુભ ગતિઓમાં લઈ જાય, અને અશુભ શરીરના સંયોગના નિમિત્ત હોય—તેને પુણ્ય ન માની શકાય. કેમકે ક્યારેક પુણ્યની વ્યુત્પત્તિ પણ આ પ્રકારે કરવામાં આવી રહી છે કે **यो पुनाति आत्मानं स पुण्यः** જે આત્માને પવિત્ર કરે તે પુણ્ય છે.

**યદ્યપિ (જોકે) તથ્યની વાત તો એ જ છે કે, કર્મ ચાહે પુણ્યરૂપ હોય**

**કે પાપરૂપ હોય, જે આત્માને બંધનમાં નાખે, બંધનું કારણ હોય, તેને પવિત્ર કરનાર કેવી રીતે માની શકાય?** એ જ કારણ અહીં આચાર્યદેવે પુણ્ય અને પાપ બંને કર્મોને બંધ અધિકારમાં રાખેલ છે.

અઘાતિયા કર્મોમાં અસાતા વેદનીય અશુભ આયુ, નીચ ગોત્ર અને નામકર્મની તે બધી પ્રકૃતિઓને પાપ માનવાં આવી છે કે જે આત્માને પ્રતિકૂળતા પ્રાપ્ત કરાવવામાં નિમિત્ત હોય! પુણ્ય તો માત્ર તે જ પ્રકૃતિઓને માનેલ છે કે જે લૌકિક દૃષ્ટિથી આત્માને અનુકૂળતા પ્રદાન કરાવવામાં નિમિત્ત હોય!

આ રીતે ઘાતિયાકર્મોની ૪૭ પ્રકૃતિઓ છે. એ બધી પાપરૂપ જ છે. અઘાતિયા કર્મોની ૧૦૧ પ્રકૃતિઓ છે, એમાં પુણ્ય અને પાપ બંને પ્રકારની પ્રકૃતિઓ છે. એમાંથી નિમ્ન કથિત ૬૮ પ્રકૃતિઓ પુણ્યરૂપ છે–

૧. સાતાવેદનીય, ૨. તિર્યંચ આયુ, ૩. મનુષ્ય આયુ, ૪. દેવઆયુ, ૫. ઉચ્ચગોત્ર, ૬. મનુષ્યગતિ, ૭. મનુષ્યગત્યાનુપૂર્વી, ૮. દેવગતિ, ૯. દેવગત્યાનુપૂર્વી, ૧૦. પંચેન્દ્રિય જાતિ, ૧૧ થી ૧૫. પાંચ પ્રકારના શરીર (ઔદારિક, આહારક, વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ) ૧૬ થી ૨૦. શરીરના પાંચ પ્રકારના બંધન, (ઔદારિક બંધન નામકર્મ, વૈક્રિયિક બંધન નામકર્મ, આહારક બંધન નામકર્મ, તૈજસ બંધન નામકર્મ, અને કાર્માણ બંધન નામકર્મ), ૨૧ થી ૨૫. પાંચ પ્રકારના સંઘાત (ઔદારિક સંઘાત નામકર્મ, વૈક્રિયિક સંઘાત નામકર્મ, આહારક સંઘાત નામકર્મ, તૈજસ સંઘાત નામકર્મ, અને કાર્માણ સંઘાત નામકર્મ) ૨૬ થી ૨૮–ત્રણ પ્રકારના અંગોપાંગ (ઔદારિક શરીર અંગોપાંગ નામકર્મ, વૈક્રિયક શરીર અંગોપાંગ નામકર્મ, આહારક શરીર અંગોપાંગ નામકર્મ)

૨૯ થી ૪૮-વર્ણ આદિ વીસ પ્રકૃતિઓ–(કોમલ સ્પર્શ નામકર્મ, કઠોર સ્પર્શ નામકર્મ, ગુરુ સ્પર્શ નામકર્મ, લઘુ સ્પર્શ નામકર્મ, શીત સ્પર્શ નામકર્મ, ઉષ્ણ સ્પર્શ નામકર્મ, સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ અને રૂક્ષ સ્પર્શ નામકર્મ, ખાટોરસ નામકર્મ, મીઠોરસ નામકર્મ. કડવોરસ નામકર્મ,

કષાયલોરસ નામકર્મ, ચરપરો(તીખો)રસ નામકર્મ, કાળો રંગ નામકર્મ, પીળો રંગ નામકર્મ, નીલો રંગ નામકર્મ, લાલવર્ણ નામકર્મ, સફેદવર્ણ નામકર્મ)

૪૯. સમચતુરસ્રસંસ્થાન ૫૦. વજ્રવૃષભનારાચ સંહનન, ૫૧. અગુરુલઘુ ૫૨. પરઘાત, ૫૩. ઉચ્છ્વાસ, ૫૪. આતપ, ૫૫. ઉદ્યોત, ૫૬. પ્રશસ્તવિહાયોગતિ, ૫૭. ત્રસ, ૫૮. બાદર, ૫૯. પર્યાપ્તિ, ૬૦. પ્રત્યેક શરીર, ૬૧. સ્થિર, ૬૨. શુભ, ૬૩. સુભગ, ૬૪. સુસ્વર, ૬૫. આદેય, ૬૬. યશસ્કીર્તિ, ૬૭. નિર્માણ, ૬૮. તીર્થંકરત્વ.

ભેદ વિવક્ષાથી આ ૬૮ પુણ્ય પ્રકૃતિઓ છે. કેમકે વર્ણાદિકના ૧૬ ભેદ અને શરીર નામકર્મ અંતર્ગત પાંચ બંધન તથા પાંત સંઘાત—આ રીતે કુલ ૨૬ પ્રકૃતિઓ ઘટાડતાં ૪૨ પ્રકૃતિ રહે છે.

પાપ પ્રકૃતિઓ ૧૦૦ છે, જે નીચે પ્રમાણે છે.

૧ થી ૪૭ ઘાતિયાકર્મોની બધી પ્રકૃતિઓ, ૪૮. નીચગોત્ર. ૪૯. અસાતાવેદનીય, ૫૦. નરકાયુ ૫૧. નરકગતિ ૫૨. નરકગત્યાનુપૂર્વી, ૫૩. તિર્યંચ ગતિ, ૫૪. તિર્યંચગત્યાનુપૂર્વી, ૫૫ થી ૫૮. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધી ચાર જાતિ (એકેન્દ્રિય જાતિ નામકર્મ, બે ઇન્દ્રિયજાતિ નામકર્મ, ત્રણ ઇન્દ્રિયજાતિ નામકર્મ, ચતુરીન્દ્રિયજાતિ નામકર્મ) ૫૯ થી ૬૩. પાંચ સંસ્થાન (ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન નામકર્મ, સ્વાતિ સંસ્થાન નામકર્મ, કુબ્જક સંસ્થાન નામકર્મ, વામન સંસ્થાન નામકર્મ અને હુંડક સંસ્થાન નામકર્મ) ૬૪ થી ૬૮. પાંચ સંહનન (વજ્રનારાચ સંહનન નામકર્મ, નારાચ સંહનન નામકર્મ, અર્ધનારાચ સંહનન નામકર્મ,કીલક સંહનન નામકર્મ અને અસંપ્રાપ્તસૃપાટિકા સંહનન નામકર્મ)

૬૯ થી ૮૮. વર્ણાદિક ૨૦ પ્રકાર. (કોમલ સ્પર્શ નામકર્મ, કઠોર સ્પર્શ નામકર્મ, ગુરુ સ્પર્શ નામકર્મ, લઘુ સ્પર્શ નામકર્મ, શીત સ્પર્શ નામકર્મ, ઉષ્ણ સ્પર્શ નામકર્મ, સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ અને રૂક્ષ સ્પર્શ નામકર્મ, ખાટોરસ નામકર્મ, મીઠોરસ નામકર્મ. કડવોરસ નામકર્મ, કષાયલોરસ નામકર્મ, ચરપરો(તીખો)રસ નામકર્મ, સુગંધ નામકર્મ,

દુર્ગંધ નામકર્મ, કાળા રંગ નામકર્મ, પીળા રંગ નામકર્મ, નીલા રંગ નામકર્મ, લાલવર્ણ નામકર્મ, સફેદવર્ણ નામકર્મ)

૮૯. ઉપઘાત, ૯૦. અપ્રશસ્તવિહાયોગતિ, ૯૧. સ્થાવર, ૯૨. સૂક્ષ્મ, ૯૩. અપર્યાપ્તિ, ૯૪. સાધારણ, ૯૫. અસ્થિર, ૯૬. અશુભ, ૯૭. દુર્ભગ, ૯૮. દુઃસ્વર, ૯૯. અનાદેય, ૧૦૦. અયશઃકીર્તિ.

ભેદ વિવક્ષાથી આ બધી ૧૦૦ પાપપ્રકૃતિઓ છે અને અભેદ વિવક્ષાથી ૮૪ છે. કારણ કે વર્ણાદિકના ૧૬ ઉપભેદ ઘટાડતાં ૮૪ રહે છે. આમાંથી પણ સમ્યક્ મિથ્યાત્વ પ્રકૃતિ તથા સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિ– આ બે પ્રકૃતિઓનો બંધ થતો નથી. તેથી એ બેને બાદ કરતાં ભેદવિવક્ષાથી ૯૮ અને અભેદ વિવક્ષાથી ૮૨ પાપ પ્રકૃતિઓનો બંધ થાય છે. પરંતુ આ બે પ્રકૃતિઓની સત્તા તથા ઉદય હોય છે એથી સત્તા અને ઉદયની ભેદ વિવક્ષાથી તથા અભેદ વિવક્ષાથી ૮૪ પ્રકૃતિઓ હોય છે. આ બધી પુણ્ય-પાપ પ્રકૃતિઓ બંધરૂપ છે. આ જ કારણે એને અહીં બંધ અધિકારમાં રાખવામાં આવેલ છે.

પુણ્ય અને પાપ સંદર્ભમાં એકત્વનો જે ભાવ, અહીં બંનેને બંધ અધિકારમાં રાખીને વ્યક્ત કરવામાં આવ્યો છે. આ ભાવનું પોષક કથન આચાર્ય કુંદકુંદકૃત પ્રવચનસારમાં આ પ્રકારે પ્રાપ્ત થાય છે.

**णहि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं ।**

**हिंडदि धोरमपारं संसारं मोहसंछण्णो ।।७७।।**

(हरिगीत)

**पुण्य-पाप में अन्तर नहीं है–जो न माने बात ये ।**

**संसार-सागर में भ्रमें मद-मोह से आच्छन्न वे ।।७७।।**

**આ રીતે જે વ્યક્તિ "પુણ્ય અને પાપમાં કોઈ અંતર નથી" એમ માનતો નથી અર્થાત્ તેમને સમાનરૂપથી હેય માનતો નથી, તે મોહથી આચ્છન્ન પ્રાણી અપાર ઘોર સંસારમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે.**

સમયસારના પુણ્ય-પાપ અધિકારમાં પુણ્ય અને પાપ બંનેને બેડી

બતાવવામાં આવેલ છે. પુણ્યને સોનાની બેડી અને પાપને લોઢાની બેડી કહેલ છે. બેડી કોઈપણ ધાતુની કેમ ન બની હોય! છે તો તે બંધન જ!

આ પ્રકારે ઘાતિકર્મોની ૪૭ અને અઘાતિકર્મોની ૧૦૧—કુલ મળીને, આઠ કર્મોની ૧૪૮ પ્રકૃતિઓ થાય છે.

આ ૧૪૮ પ્રકૃતિઓમાં, પુણ્ય પ્રકૃતિઓ ૬૮ અને પાપ પ્રકૃતિઓ ૧૦૦ થાય છે.

અહીં એક **પ્રશ્ન** સંભવે છે કે, પુણ્ય પ્રકૃતિઓ ૬૮ અને પાપ પ્રકૃતિઓ ૧૦૦—આ રીતે તો કુલ પ્રકૃતિઓ ૧૬૮ થઈ ગઈ, જ્યારે કુલ પ્રકૃતિઓ તો ૧૪૮ જ છે!

**ઉત્તર—**આઠ પ્રકારના સ્પર્શ, પાંચ પ્રકારના રસ, બે પ્રકારની ગંધ અને પાંચ પ્રકારના રંગ—આ પ્રકૃતિઓ પુણ્યરૂપ પણ હોય છે અને પાપરૂપ પણ. આ કારણે વીસ વધારે થઈ ગઈ.

**તીર્થંકર નામકર્મ જેવી પુણ્યપ્રકૃતિને બંધ અધિકારમાં રાખીને, આચાર્યદેવે એ સ્પષ્ટ કરી દીધું છે કે, લૌકિક દૃષ્ટિથી પુણ્ય ગમે તેટલું મહાન કેમ ન હોય, પણ છે તો આખરે તે આસ્રવભાવ જ—બંધભાવ જ.**

તાત્પર્ય એ છે કે તીર્થંકર પ્રકૃતિના પ્રત્યે પણ વ્યામોહ ઠીક નથી. ઉચિત નથી, **કેમકે તે પણ આસ્રવભાવ છે, બંધભાવ છે, આસ્રવ અને બંધમાં વ્યામોહ તે ઉચિત નથી માની શકાતો.૨૫-૨૬.**

આ પ્રકારે અહીં આઠમો અધ્યાય સમાપ્ત થાય છે.

# નવમો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

**અત્યાર સુધી આરંભના એક અધ્યાયમાં સામાન્ય વિવેચન અને ત્રણ અધ્યાયોમાં જીવ તત્ત્વાર્થ—પાંચમા અધ્યાયમાં અજીવ તત્ત્વાર્થ—છઠ્ઠા-સાતમા અધ્યાયમાં આસ્રવ તત્ત્વાર્થ અને આઠમા અધ્યાયમાં બંધ તત્ત્વાર્થની ચર્ચા થઈ હવે આ નવમા અધ્યાયમાં સંવર અને નિર્જરા તત્ત્વાર્થની ચર્ચા આરંભ થઈ રહી છે.**

આસ્રવ અને બંધ તત્ત્વાર્થ મૂલતઃ સંસાર છે, સંસારના કારણ છે અને એના અભાવ (નિરોધ)રૂપ **સંવર અને નિર્જરા તત્ત્વાર્થ મૂલતઃ મોક્ષના કારણ(મોક્ષમાર્ગ)રૂપ તત્ત્વાર્થ છે.**

આસ્રવ અને બંધના કારણરૂપ ભાવ, મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય તેમજ યોગ છે. પ્રકૃતિ અને પ્રદેશબંધના કારણરૂપ યોગ, સંસારના કારણ નથી. બાકીના **મિથ્યાત્વ આદિ ચારભાવ સંસારરૂપ છે, સંસારના કારણરૂપભાવ પણ છે. એમાં મિથ્યાત્વભાવ અનંત સંસારનું કારણ છે,** કેમકે તેનો અભાવ થયા વિના મોક્ષમાર્ગનો પ્રારંભ થતો નથી, ધર્મનો આરંભ થતો નથી. મિથ્યાત્વના સદ્‌ભાવમાં નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ નિશ્ચય રત્નત્રયનો આરંભ થતો નથી. જો નિશ્ચય રત્નત્રયરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગ આરંભ કરવો હોય તો સૌથી પહેલાં મિથ્યાત્વભાવનો અભાવ કરવો પડશે. મિથ્યાત્વભાવ ઉપર પ્રહાર કરવો પડશે.

**સંવર-નિર્જરા તત્ત્વાર્થનો આરંભ પણ મિથ્યાત્વના અભાવ અને સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ થાય છે.**

આ દૃષ્ટિથી આ નવમો અધ્યાય સૌથી અધિક મહત્ત્વપૂર્ણ અધ્યાય છે. તેના એક-એક સૂત્ર પર જ નહીં, સૂત્રોમાં પ્રાપ્ત એક-એક પદ પર એક-એક પુસ્તક લખાઈ શકે છે. *અને આ વાત કલ્પનાલોકની વાત નથી, કેમકે મેં પોતે જ, તેના ધર્મ અને અનુપ્રેક્ષા સંબંધી સૂત્રોને આધાર બનાવીને ''ધર્મના દસ લક્ષણ'' અને 'બાર ભાવના અનુશીલન'' નામના પુસ્તકો લખેલ છે.*

## સંવર તત્ત્વાર્થ

હવે સંવર તત્ત્વાર્થની ચર્ચા આરંભ કરે છે.

**आस्रवनिरोधः संवरः ।।१।।**

**स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ।।२।।**

**तपसा निर्जरा च ।।३।।**

***આસ્રવના નિરોધરૂપ ભાવને સંવર કહે છે.***

***તે સંવર, ગુપ્તિ-સમિતિ-ધર્મ-અનુપ્રેક્ષા-પરિષહજય અને ચારિત્રથી થાય છે.***

***તપથી સંવરની સાથે-સાથે નિર્જરા પણ થાય છે.***

મિથ્યાત્વ આદિ ભાવ, ભાવ આસ્રવ છે, આસ્રવના કારણ છે અને તે મિથ્યાત્વાદિ ભાવોનો નિરોધ (અભાવ) સંવર છે.

સંવરના બે પ્રકાર હોય છે. (૧) ભાવસંવર, (૨) દ્રવ્યસંવર.

એની પરિભાષા ''દ્રવ્યસંગ્રહ''માં આ રીતે આપવામાં આવી છે.

**चेदणपरिणामो जो कम्मस्सासवणिरोहणे हेऊ ।**
**सो भावसंवरो खलु दव्वासवरोहणो अण्णो ।।३४।।**

(हरिगीत)

**कर्म रुकना द्रव्यसंवर और उसके हेतु जो ।**
**शुद्धात्मा के भाव वे ही भाव संवर जानिये ।।३४।।**

કર્મોનું આસ્રવ (આવવું) રોકાવું **દ્રવ્યસંવર** છે અને જે ભાવોથી કર્મોનું આવવું રોકાય છે, નિજ શુદ્ધાત્માના તે ભાવો (વીતરાગ પરિણામ)ને **ભાવસંવર** જાણવું જોઈએ

તે સંવર ત્રણ ગુપ્તિઓને ધારણ કરવાથી, પાંચ સમિતિઓનું પાલન કરવાથી, દશ ધર્મોને ધારણ કરવાથી, બાર ભાવનાઓને ભાવવાથી, બાવીસ પરિષહને જીતવાથી અને પાંચ પ્રકારના ચારિત્રથી થાય છે.

આ બધાનું વિવેચન આગળ જતાં જુદા-જુદા સૂત્રો દ્વારા થશે, અને એ કારણે અહીં એના વિસ્તારમાં જવાની આવશ્યકતા નથી.

એક સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે છે.

મિથ્યાત્વ આદિ વિકારી ભાવોથી આત્માની કરવાના ભાવ ગુપ્તિ છે અને મિથ્યાત્વ આદિ વિકારી ભાવોથી આત્માની રક્ષા કરવાના ભાવથી યત્નાચારપૂર્વક પ્રવૃત્તિના ભાવ તથા પ્રવૃત્તિ કરવી, **સમિતિ** છે.

જેને ધારણ કરવાથી આત્મા સાંસારિક દુઃખોથી મુક્ત થઈ જાય છે, તે ઉત્તમ ક્ષમા આદિ ભાવોને **ધર્મ** કહે છે.

સંસાર, શરીર અને ભોગોની નિસ્સારતાનું (અસારતાનું) ચિંતન, તે **અનુપ્રેક્ષા** છે.

ભૂખ-તરસ આદિ કષ્ટોને શાંતભાવોથી જીતવા, તે **પરીષહજય** છે.

સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક આત્મધ્યાન, આત્મલીનતા, તે **ચારિત્ર** છે. ઉક્ત સંદર્ભમાં આચાર્ય પૂજ્યપાદનું નીચે આપેલું કથન ધ્યાનમાં દેવા યોગ્ય છે. તે સંવર, ગુપ્તિ આદિ દ્વારા જ થઈ શકે છે, અન્ય ઉપાયથી નથી થઈ શકતો. આ કથનથી તીર્થયાત્રા કરવી, અભિષેક કરવો, દીક્ષા લેવી, ઉપહાર સ્વરૂપ મસ્તક અર્પણ કરવું અને દેવતાની આરાધના કરવી આદિનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે **રાગ-દ્વેષ અને મોહના નિમિત્તથી ગ્રહણ કરેલ કર્મનો અન્યથા (બીજી રીતે) અભાવ નથી કરી શકાતો.''** (સર્વાથસિદ્ધિ પૃષ્ઠ ૨૨૧)

અન્તર્બાહ્ય સંયમની ઉત્કૃષ્ટ દશા જ તપ છે. 'ધવલ' ઈચ્છાઓના નિરોધને તપ કહેલ છે.

(ધવલા પુસ્તક ૧૩, ખંડ ૫, ભાગ-૪, સૂત્ર-૨૬, પૃષ્ઠ-૫૪)

તપની પરિભાષા આચાર્ય જયસેને આ પ્રકારે કહી છે.

**समस्त रागादि परभावेच्छात्यागेन ।**

**स्व स्वरूपे प्रतपन विजयनं तपः ।।**

સમસ્ત રાગાદિ પરભાવોની ઈચ્છાના ત્યાગ દ્વારા સ્વસ્વરૂપમાં પ્રતપન કરી વિજય પ્રાપ્ત કરવો, તે તપ છે.

તપની ચર્ચા પૃથક્ (જુદા) સૂત્રમાં કરવાનું કારણ એ છે, કે—તપથી સંવરની સાથે-સાથે નિર્જરા પણ વિશેષ થાય છે.

# ગુપ્તિ અને સમિતિ

સંવરના કારણોને ગણાવ્યા પછી, હવે અહીં ગુપ્તિ અને સમિતિની ચર્ચા કરે છે.

**सम्यग्योगनिग्रहो गुप्तिः ।।४।।**

**ईर्याभाषैणणादाननिक्षेपोत्सर्गाः समितयः ।।५।।**

***મનોયોગ, વચનયોગ અને કાયયોગ—આ ત્રણ યોગોની સ્વેચ્છા ચારિતા (સ્વેચ્છાચારીપણું)નો સારી રીતે નિગ્રહ (રોકવું) ગુપ્તિ છે.***

***ઈર્યા સમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન નિક્ષેપણ સમિતિ અને ઉત્સર્ગ સમિતિ—આ પાંચ સમિતિઓ છે.***

મનોયોગ, વચનયોગ અને કાયયોગ—આ યોગોની ચર્ચા છઠ્ઠા અધ્યાયના આરંભમાં આસ્રવના સંદર્ભમાં વિસ્તારથી થઈ ચૂકી છે. છતાં પણ તેમની ચર્ચા, સંક્ષેપમાં આ રીતે છે.

જીવના ઉપયોગનું મનની સાથે યુક્ત થવું (જોડાવું) તે **મનોયોગ** છે.

જીવના ઉપયોગનું વચનની સાથે જોડાવું, તે **વચનયોગ** છે.

જીવના ઉપયોગનું કાય સાથે યુક્ત થવું, તે **કાયયોગ** છે.

એજ રીતે જીવના ઉપયોગનું મનની સાથે ન જોડાવું, તે **મનોગુપ્તિ.** વચનની સાથે ન જોડાવું, તે **વચનગુપ્તિ,** કાયની સાથે ન જોડાવું (નિગ્રહ), તે **કાયગુપ્તિ.** અથવા મનોયોગનો નિગ્રહ **મનોગુપ્તિ**, વચનયોગનો નિગ્રહ **વચનગુપ્તિ**, કાયયોગનો નિગ્રહ **કાયગુપ્તિ**.

**આવી ગુપ્તિઓનું મુનિરાજોને પણ નિરંતર બની રહેવું, સંભવ નથી હોતું એ કારણે અત્યંત આવશ્યક પ્રવૃત્તિઓમાં સાવધાનીપૂર્વક પ્રવર્તન (આચરણ) સમિતિ છે.**

ચાલવું-ફરવું, બોલવું, આહાર કરવો, પીંછી-કમંડળને ઉઠાવવું—રાખવું તથા મળમૂત્રનું ક્ષેપણ કરવું—આ બધી એવી આવશ્યક ક્રિયાઓ છે, કે જેને કરવી,તે જીવિત રહેવા માટે,મુનિરાજોને પણ અનિવાર્ય છે.

પાંચ સમિતિઓનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રકારે છે.

ગુપ્તિઓના સમાન સમિતિઓમાં **સમ્યક્** પદ લગાવવું આવશ્યક છે.

**૧. સમ્યક્ ઈર્યાસમિતિ**—સૂર્યનો ઉદય થઈ ગયા પછી, જ્યારે પ્રકાશ એટલો ફેલાય જાય કે આંખોથી પ્રત્યેક વસ્તુ સાફ દેખાવા લાગે, તે સમયે મનુષ્યોના પદસંચારથી જે માર્ગ પ્રાસુક થઈ ગયો હોય, તે માર્ગ ઉપર, ચાર હાથ જમીન આગળ જોઈને, બધી તરફથી મનને રોકીને, ધીરે ધીરે ગમન કરવું, તે **સમ્યક્ ઈર્યાસમિતિ** છે.

**૨. સમ્યક્ ભાષાસમિતિ**—હિત-મિત-પ્રિય અને સંદેહ રહિત વચન બોલવા, તે **સમ્યક્ ભાષાસમિતિ** છે.

મિથ્યા વચન, નિંદાપરક વચન, અપ્રિય વચન, કષાયના વચન, ભેદ કરાવનારા વચન, સારરહિત વચન, અલ્પ સારવાળા વચન, સંદેહ ભરેલા વચન, ભ્રમ પેદા કરનારા વચન, હાસ્ય વચન, અયોગ્ય વચન, અસભ્ય વચન, કઠોર વચન, અધર્મપરક વચન અને અતિ પ્રશંસા પરક વચન, ભાષા સમિતિના ધારક સાધુ બોલતા નથી.

**૩. સમ્યક્ એષણાસમિતિ**—દિવસમાં એકવાર શ્રાવકના ઘેર જઈને નવધાભક્તિપૂર્વક તથા કૃત-કારિત-અનુમોદના આદિ દોષોથી રહિત દેવામા આવેલ નિર્દોષ આહાર ઊભા રહીને પોતાના પાણિપાત્રમાં જ ગ્રહણ કરવો, તે **સમ્યક્ એષણાસમિતિ** છે.

**૪. સમ્યક્ આદાન નિક્ષેપણસમિતિ**—શાસ્ત્ર, કમંડલ આદિ ધર્મના ઉપકરણોને દેખભાળ કરીને, તથા પીંછીથી જીવોથી રહિત કરીને, રાખવા, ઉઠાવવા, તે **આદાન-નિક્ષેપણસમિતિ** છે.

**૫. સમ્યક્ ઉત્સર્ગસમિતિ**—ત્રસ અને સ્થાવર જીવોને જે રીતે બાધા ન પહોંચે એ રીતે શુદ્ધ-જંતુરહિત ભૂમિમાં મળ-મૂત્ર આદિ ક્ષેપણ કરવું તે **સમ્યક્ ઉત્સર્ગસમિતિ** છે.

આ રીતે આ ત્રણ ગુપ્તિઓ અને પાંચેય સમિતિઓ સંવરની કારણ છે.

આ રીતે આપણે જોઈએ છીએ, કે—**ગુપ્તિઓ નિવૃત્તિરૂપ અને**

**સમિતિઓ પ્રવૃત્તિરૂપ છે. અથવા ગુપ્તિઓ સ્વમાં પ્રવૃત્તિરૂપ અને સમિતિઓ પરમાં અત્યંત સાવધાન પ્રવૃત્તિરૂપ છે.**

ગુપ્તિ અને સમિતિના વિષયમાં ટોડરમલજીના વિચાર આ રીતે છે—''બાહ્ય મન-વચન-કાયની ચેષ્ટા મિટાવે, પાપ-ચિંતવન ન કરે, મૌન ધારણ કરે, ગમન આદિ ન કરે,—તેને તે ગુપ્તિ માને છે. અહીં તો મનમાં ભક્તિ આદિરૂપ પ્રશસ્ત રાગથી જુદા જુદા વિકલ્પ થાય છે. મન-વચન-કાયની ચેષ્ટા પોતે રોકી રાખી છે, ત્યાં શુભપ્રવૃત્તિ છે, અને **પ્રવૃત્તિમાં ગુપ્તિપણું બનતું નથી. એ કારણે વીતરાગભાવ થતાં, જ્યાં મન-વચન-કાયાની ચેષ્ટા ન હોય ત્યાં સાચી ગુપ્તિ છે.**

તથા પરજીવોની રક્ષા માટે યત્નાચાર પ્રવૃત્તિ તેને સમિતિ માને છે. **તો હિંસાના પરિણામોથી તો પાપ થાય છે અને રક્ષાના પરિણામોથી સંવર કહેશો તો પુણ્યબંધનું કારણ કોને ગણીશું?** તથા એષણા સમિતિમાં દોષ ટાળે છે, ત્યાં રક્ષાનું પ્રયોજન છે નહીં. એ કારણે રક્ષા માટે જ સમિતિ નથી.

**તો સમિતિ કેવી હોય છે?**

મુનિઓને કાંઈક રાગ હોવાથી ગમન આદિ ક્રિયા હોય છે. ત્યાં એ ક્રિયાઓમાં અતિ આસક્તતાના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ હોતી નથી. તથા **અન્ય જીવોને દુઃખી કરીને પોતાનું ગમન આદિ પ્રયોજન નથી સાધતા, એ કારણે સ્વયં જ દયા પાળે છે. આ રીતે સાચી સમિતિ છે.''**

(આચાર્યકલ્પ પં. ટોડરમલજી—મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૨૮)

વસ્તુસ્થિતિએ વાત એ છે કે, **નિશ્ચય ગુપ્તિ-સમિતિ તો વીતરાગભાવરૂપ છે, શુદ્ધોપયોગરૂપ છે, સંવરનું કારણ પણ તે જ નિશ્ચય ગુપ્તિ-સમિતિરૂપ શુદ્ધોપયોગ અને શુદ્ધ પરિણતિ છે.** બાહ્ય ક્રિયારૂપ, શુભભાવરૂપ ગુપ્તિ-સમિતિ તો સંવરનું કારણ નથી, પુણ્ય-બંધનું કારણ છે.

જ્ઞાની, ધર્માત્મા મુનિરાજોને બંને પ્રકારની ગુપ્તિ—સમિતિ હોય છે.૪-૫.

# દસ ધર્મ

સંવરના કારણોમાં ગુપ્તિ અને સમિતિ પછી હવે દસ ધર્મોની ચર્ચા કરે છે.

**उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्यब्रह्मचर्याणि धर्मः ।।६।।**

**ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ શૌચ, ઉત્તમ સત્ય, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય—આ દસ ધર્મ છે.**

જોકે ઉત્તમ દશ ધર્મ ચારિત્રગુણની નિર્મળ પર્યાયો છે. છતાં પણ પ્રત્યેકની સાથે લાગેલો ''ઉત્તમ'' શબ્દ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની અનિવાર્ય સત્તાને સૂચિત કરે છે.

તાત્પર્ય એ છે કે **આ ચારિત્રગુણની નિર્મળ દશાઓ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્માને જ પ્રગટ થાય છે, અજ્ઞાની મિથ્યાદષ્ટિને નહીં.**

અજ્ઞાની મિથ્યાદષ્ટિઓમાં જોવા મળતાં મંદકષાયરૂપ કે શુભ-શુભતર અને શુભતમ લેશ્યારૂપ ક્ષમાદિ ભાવ માત્ર ક્ષમા આદિ છે. ઉત્તમ ક્ષમા આદિ નહીં. **ધ્યાનમાં રાખવાનું છેકે અહીં ક્ષમા આદિની નહીં, ઉત્તમક્ષમા આદિરૂપ દસ ધર્મોની ચર્ચા અપેક્ષિત છે.**

જોકે ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મ ચોથા ગુણસ્થાનથી જ આરંભ થઈ જાય છે. છતાં પણ અહીં એ ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મ મુનિધર્મના પ્રકરણમાં આવ્યા છે. એથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોના અભાવમાં હોવાવાળા ઉત્કૃષ્ટતમ ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મ સમજવા જોઈએ.

**મુનિરાજને યોગ્ય ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મોની પૂર્ણતા તો મિથ્યાત્વ અને સંપૂર્ણ કષાયોના ઉપશાંત અથના ક્ષય થતાં જ થાય છે.**

એથી આ ઉત્તમ ક્ષમા આદિ દસ ધર્મોની પરિપૂર્ણતા તો અરિહંત અને સિદ્ધ ભગવાનને જ છે.

જે મુનિરાજોના સંદર્ભમાં અહીં આ દસ ધર્મોની ચર્ચા ચાલી રહી છે, તેમનામાં તો માત્ર સંજ્વલન કષાયો તેમજ તેના સંબંધી નોકષાયો જ ક્યારેક તીવ્ર અને ક્યારેક મંદરૂપમાં પ્રજ્વલિત રહે છે, બાકીના કષાયોનો તો એક પ્રકારથી અભાવ જ છે.

આરંભના ચાર ધર્મ તો, ચાર કષાયોના અભાવરૂપ જ છે. ક્રોધના અભાવનું નામ ક્ષમા, માનના અભાવનું નામ **માર્દવ,** માયાના અભાવનું નામ આર્જવ અને લોભના અભાવનું નામ શૌચધર્મ છે.

બાકીના ધર્મ પણ મિથ્યાત્વ અને કષાયોના અભાવરૂપ (વીતરાગભાવરૂપ) જ છે. મુનિ અવસ્થામાં હોવાવાળા, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ આદિ ધર્મ પણ ત્રણ કષાયની ચોકડીના અભાવપૂર્વક જ હોય છે. **સર્વોત્તમ આકિંચન્ય ધર્મ તો ચોવીસ પરિહગ્રહના અભાવરૂપ હોવાથી મિથ્યાત્વ અને પચ્ચીસ કષાયોના અભાવરૂપ જ હોય છે.**

આ જ રીતે, ઉત્તમ સત્ય, ઉત્તમ ત્યાગ અને ઉત્તમ બ્રહ્મચર્યની સ્થિતિ છે.

કષાયોનું સ્વરૂપ પહેલા સ્પષ્ટ થઈ ચૂક્યું છે. ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મોનું સ્વરૂપ, વિસ્તારથી જાણવું હોય તો લેખકની અન્ય કૃતિ **"ધર્મના દશ લક્ષણ"**નું અધ્યયન કરવું જોઈએ.

દશધર્મોનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રકારે છે.

**૧-૨. ઉત્તમ ક્ષમા અને ઉત્તમ માર્દવ–**ક્રોધ ગુસ્સાને કહે છે.

ક્રોધનું એક ખતરનાક રૂપ છે વેર. જોકે જેટલી તીવ્રતા અને વેગ, ક્રોધમાં જોવામાં આવે છે, એટલો વેરમાં નથી, છતાં પણ **ક્રોધનો કાળ બહુ ઓછો છે, જ્યારે વેર પેઢી-દરપેઢી ચાલે છે.** ધૂંધવાટ, ચિડચિડાપણું, ક્ષોભ આદિ પણ ક્રોધના જ રૂપ છે.

**માન ઘમંડને કહે છે.** માનના પણ અનેક રૂપ હોય છે. કેટલાક રૂપ તો એવા હોય છે કે જેને ઘણા લોકો, માન માનતા જ નથી. **દીનતા માનવું એક એવું જ રૂપ છે, જેને લોકો માન નથી માનવા ઈચ્છતા.**

**અભિમાન અને દીનતા, બંનેમાં અક્કડપણું છે. માર્દવધર્મની કોમલતા, સહજતા બંનેમાં નથી. માની પાછળની તરફ ઝૂકે છે, દીન**

**આગળની તરફ સીધા બંને નથી રહેતા. માની એવી રીતે ચાલે છે, જાણે તે પહોળો હોય! અને શેરી-બજાર સાંકડા! તેમજ દીન એવી રીતે ચાલે છે કે જાણે તે ભારે બોજમાં દબાઈ રહ્યો હોય!**

**સન્માનના નામે પણ માન લેવામાં-દેવામાં આવે છે.**

ક્રોધ અને માનકષાય કે ઉત્તમ ક્ષમા અને ઉત્તમ માર્દવ ધર્મની પરસ્પર તુલના કરીને જોઈએ તો, કષાયોમાં માનનો બીજો નંબર છે, ક્રોધનો પહેલો. દશ ધર્મોમાં પણ ઉત્તમ ક્ષમાની પછી જ ઉત્તમ માર્દવ આવે છે જોકે ક્રોધ અને માન બંને દ્વેષરૂપ હોય છે. છતાં પણ એની પ્રકૃતિમાં ભેદ છે.

જ્યારે કોઈ આપણને ગાળ દે છે, તો ક્રોધ આવે છે પરંતુ જ્યારે પ્રશંસા કરે છે, તો માન થઈ જાય છે. દુનિયામાં તો નિંદા અને પ્રશંસા સાંભળવા મળતી જ રહે છે. અજ્ઞાની બંને સ્થિતિમાં કષાય કરે છે.

**નિંદા શત્રુ કરે છે અને પ્રશંસા મિત્ર. એથી ક્રોધના નિમિત્ત બને છે શત્રુ અને માનના નિમિત્ત બને છે મિત્ર.**

**પ્રતિકૂળતામાં ક્રોધ અને અનુકૂળતામાં માન આવે છે. અસફળતા ક્રોધ અને સફળતા માનની જનની છે. આ જ કારણે નિષ્ફળ વ્યક્તિ ક્રોધી હોય છે અને સફળ વ્યક્તિ માની!**

વીતરાગી સંત આ બધી વાતોથી બહુ ઉપર ઉઠી ગયા હોય છે. એ કારણે એમનામાં આ પ્રકારની પ્રવૃત્તિઓ દેખાતી નથી. દેખાવી ન જોઈએ. તેમના પરિણામ તો એકદમ ઉત્તમ ક્ષમા અને ઉત્તમ માર્દવ ભાવરૂપ સદા રહે છે.

**૩. ઉત્તમ આર્જવ**—ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ સરળતાનું નામ ઉત્તમ-આર્જવ છે. આર્જવની સાથે લાગેલો ઉત્તમ શબ્દ સમ્યગ્દર્શનની સત્તાનો સૂચક છે. ઉત્તમ આર્જવ અર્થાત્ સમ્યગ્દર્શન સહિત વીતરાગી સરલતા.

ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ પરિણમિત મુનિરાજોને એવો ભાવ કદી થતો નથી કે મનમાં કાંઈક જુદું, વચનમાં કાંઈક જુદું અને કાય

(જીવન)માં કાંઈક જુદું! એમની પરિણતિ તો કાંઈક આ પ્રકારે હોય છે.

''દિન-રાત આત્માકા ચિંતન, મૃદુ સંભાષણમેં વહી કથન.
નિર્વસ્ત્ર દિગંબર કાયાસે ભી પ્રગટ હો રહા અન્તર્મન.''

(દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજન, ડૉ. હુકમચંદ ભારિલ્લ)

૪. ઉત્તમ શૌચ—શુચિતા અર્થાત્ પવિત્રતાનું નામ શૌચ છે. શૌચની સાથે લાગેલો ''ઉત્તમ'' શબ્દ સમ્યગ્દર્શનની સત્તાનો સૂચક છે. એથી સમ્યગ્દર્શનની સાથે હોવાવાળી, ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ વીતરાગી પવિત્રતા જ વસ્તુતઃ ઉત્તમ શૌચ ધર્મ છે.

**આત્માની પવિત્રતા, વીતરાગતામાં છે અને અપવિત્રતા મોહ-રાગ-દ્વેષમાં. લોહી-માંસ-હાડકાનો તેનાથી કોઈ સંબંધ નથી.**

આત્માને અપવિત્ર તો મોહ-રાગ-દ્વેષ જ બનાવે છે, હાડકાં, લોહી અને માંસ નહીં. મળ-મૂત્ર પણ નહીં.

જોકે આત્માને બધા કષાયો અપવિત્ર કરે છે; છતાં પણ મુખ્યરૂપથી લોભકષાયને શૌચ ધર્મનો વિરોધીભાવ માનવામાં આવે છે. આ જગતમાં એવું ક્યું હલકું કાર્ય છે જે લોભી ન કરતો હોય? આ જ કારણે, લોભને પાપનો બાપ કહેલ છે.

**નારકીઓમાં ક્રોધ, મનુષ્યોમાં માન, તિર્યંચોમાં માયા અને દેવોમાં લોભની જ પ્રધાનતા હોય છે.**

**૫. ઉત્તમ સત્ય—**સ્થૂળ જૂઠ ન બોલવું, તે **સત્ય અણુવ્રત** છે. સૂક્ષ્મ પણ જૂઠ ન બોલવું, સદા સત્ય બોલવું, તે **સત્ય મહાવ્રત** છે. સત્ય પણ કઠોર-અપ્રિય-અસીમિત ન બોલીને, હિત-મિત અને પ્રિયવચન બોલવું, તે **ભાષાસમિતિ** છે અને બોલવું જ નહીં,**—વચનગુપ્તિ** છે.

**ઉત્તમ સત્યધર્મ આ બધાથી પૃથક્ હોય છે.** કેમકે આ જ શાસ્ત્રમાં તેને, અણુવ્રત-મહાવ્રત-ભાષાસમિતિ અને વચનગુપ્તિથી જુદું બતાવેલ છે.

જોકે સામાન્ય જન, સત્ય અણુવ્રત—સત્ય મહાવ્રત—ભાષા સમિતિ અને વચનગુપ્તિને સત્યધર્મ માની લે છે. છતાં સત્યધર્મ એનાથી જુદો છે.

**જ્ઞાનાનંદ સ્વભાવી, ત્રૈકાલિક, ધ્રુવ, આત્મ તત્ત્વ જ પરમ સત્ય છે.**

**તેના આશ્રયથી ઉત્પન્ન થયેલ જ્ઞાન-શ્રદ્ધાન તેમજ ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ વીતરાગ પરિણતિ જ ઉત્તમ સત્યધર્મ છે.**

**૬. ઉત્તમ સંયમ**—સંયમનને સંયમ કહે છે. સંયમન અર્થાત્ ઉપયોગને પરપદાર્થથી સમેટીને આત્મસન્મુખ કરવો, પોતામાં સીમિત કરવો, પોતામાં લગાવવો અથાત્ ઉપયોગની સ્વસન્મુખતા, આત્મલીનતા જ **નિશ્ચયસંયમ** છે અને પાંચ વ્રતોને ધારણ કરવા, પાંચ સમિતિઓનું પાલન કરવું, ક્રોધ આદિ કષાયોનો નિગ્રહ કરવો, મન-વચન-કાયરૂપ ત્રણ દંડોનો ત્યાગ કરવો અને પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતવા, તે **વ્યવહારસંયમ** છે.

(ધવલા પુસ્તક-૧, ખંડ-૧, ભાગ-૧, સૂત્ર-૪,પૃષ્ઠ-૧૪૪)

**સંયમની સાથે લાગેલ "ઉત્તમ" શબ્દ સમ્યગ્દર્શનની સત્તાનો સૂચક છે.**

**સંયમ બે પ્રકારના હોય છે. (૧) પ્રાણી સંયમ, (૨) ઇન્દ્રિય સંયમ.**

**છકાયના જીવોનો ઘાત તેમજ ઘાતના ભાવોનો ત્યાગ, તેને પ્રાણી સંયમ કહે છે. અને પાંચ ઇન્દ્રિયો તથા મનના વિષયોના ત્યાગને ઇન્દ્રિય સંયમ કહે છે.**

૭. ઉત્તમતપ—સમસ્ત રાગાદિ પરભાવોની ઇચ્છાનો ત્યાગ દ્વારા સ્વસ્વરૂપમાં ઉતરવું—વિજય કરવો, તપ છે. તાત્પર્ય એ છે કે સમસ્ત રાગાદિભાવોના ત્યાગપૂર્વક આત્મસ્વરૂપમાં—સ્વયંમાં લીન થવું અર્થાત્ આત્મલીનતા દ્વારા વિકારો ઉપર વિજય પ્રાપ્ત કરવો તે તપ છે.

(ધવલા પુસ્તક-૧૨, ખંડ-૪, ભાગ-૨, સૂત્ર-૧૭૭,પૃષ્ઠ-૮૧)

તપની સાથે લાગેલો 'ઉત્તમ' શબ્દ સમ્યગ્દર્શનની સત્તાનો સૂચક છે. સમ્યગ્દર્શન વિનાનું સમસ્ત તપ નિરર્થક છે.

કહ્યું છે—

**सम्मत्तविरहियाणं सुट्ठु वि उग्गं तवं चरंताणं ।**
**ण लहंति बोहिलाहं अवि वाससहस्सकोडीहिं ॥५॥**

(આચાર્ય કુંદકુંદ : અષ્ટપાહુજ, દર્શનપાહુડ, ગાથા-૫)

જે કોઈ જીવ સમ્યક્ત્વ વગર કરોડો વર્ષ સુધી ઉગ્ર તપ કરે તો પણ તે બોધિલાભ પ્રાપ્ત નથી કરી શકતો.

બાર તપની ચર્ચા આગળ આચાર્યદેવ સ્વયં સૂત્રો દ્વારા વિસ્તારથી કરશે. તેથી તેના સંબંધમાં અહીં વિશેષ લખવાની જરૂરત નથી.

**૮. ઉત્તમ ત્યાગ–**નિજ શુદ્ધાત્માના ગ્રહણપૂર્વક બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી નિવૃત્તિ, **ત્યાગ** છે.

આ ત્યાગધર્મ પણ બે પ્રકારનો છે. **આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષભાવોનો ત્યાગ કરવો, નિશ્ચય ત્યાગધર્મ છે.** અને ચાર પ્રકારના દાન, વ્યવહારથી **ત્યાગધર્મ** છે.

ત્યાગ અને દાનનું અંતર (તફાવત) સ્પષ્ટ કરતાં, ધર્મના દશલક્ષણમાં લખ્યું છે– **''દાનમાં પરોપકારનો ભાવ મુખ્ય રહે છે અને સ્વ-ઉપકારનો ભાવ ગૌણ હોય છે પરંતુ ત્યાગમાં સ્વ ઉપકાર જ મુખ્ય છે.**

બીજાના ઉપકારને માટે મોહ-રાગ-દ્વેષ ત્યાગવામાં આવતા નથી. એ વાત જુદી છે કે પોતાના ત્યાગથી પ્રેરણા પામીને અથવા અન્ય કોઈ પ્રકારે બીજાનો પણ ઉપકાર થઈ જાય!

**ત્યાગ ખરાબ ચીજનો કરવામાં આવે છે અને દાન સારી ચીજનું કરવામાં આવે છે.** એ જ કહેવામાં આવે છે કે–ક્રોધ છોડો, માન છોડો, લોભ છોડો! **કોઈ એ નથી કહેતું, કે–જ્ઞાન છોડો!**

**ઘણા લોકો તો ત્યાગ અને દાનને પર્યાયવાચી જ સમજવા લાગ્યા છે. પરંતુ તેમનું એ માનવું એકદમ ખોટું છે. એ બંને શબ્દ પર્યાયવાચી તો છે જ નહીં અપિતુ કાંઈક અંશે તેમના ભાવ પરસ્પર એકબીજામાં વિરૂદ્ધ જોવા મળેછે.**

દાન ચાર પ્રકારના કહેવામાં આવેલ છે. (૧) આહારદાન, (૨) ઔષધિદાન, (૩) જ્ઞાનદાન, (૪) અભયદાન.

જ્યારે તે ચારે શબ્દોમાં ''દાન''ના સ્થાને ''ત્યાગ'' શબ્દનો પ્રયોગ કરીને જોઈએ તો, આખી સ્થિતિ સ્વયં સ્પષ્ટ થઈ જાય છે.

શું આહારદાન અને આહારત્યાગ એક જ ચીજ છે? એ જ રીતે,

શું ઔષધિદાન અને ઔષધિત્યાગને એક જ કહી શકાય છે? આહારદાન દો અને સ્વયં ખૂબ ખાઓ—કોઈ રોક-ટોક નથી, પરંતુ આહારનો ત્યાગ કર્યો, તો ખાવું-પીવું ચાલશે નહીં.

**દાન એક પરાધીન ક્રિયા છે, જ્યારે ત્યાગ પૂર્ણતઃ સ્વાધીન ક્રિયા છે. જે ક્રિયા બીજા વિના સંપન્ન થઈ શકે તે ધર્મ છે. ધર્મ પરના સંયોગનું નામ નહીં, અપિતુ વિયોગનું છે.**

ઓછામાં ઓછું ત્યાગધર્મમાં તો પરના સંયોગની અપેક્ષા સંભવ નથી. ત્યાગ શબ્દ વિયોગવાચી છે. જોકે એમાં શુદ્ધ પરિણતિ સંમિલિત છે,પરંતુ પરનો સંયોગ બિલકુલ નહીં. કેટલીક વસ્તુઓ એવી છે, જેનો ત્યાગ જ થાય છે, દાન નહીં.

**કેટલીક એવી છે કે જેનું દાન જ થાય છે, ત્યાગ નહીં.**

**કેટલીક એવી પણ છે કે જેનું દાન પણ થાય છે અને ત્યાગ પણ.**

**જેમકે રાગ-દ્વેષ, મા-બાપ, સ્ત્રી-પુત્ર આદિને છોડી શકાય છે, તેનું દાન નથી દઈ શકાતું.**

**અજ્ઞાન અને અભયનું દાન દઈ શકાય છે પરંતુ તે ત્યાગી શકાતા નથી.**

**તથા ઔષધિ, આહાર, રૂપિયા-પૈસા આદિનો ત્યાગ પણ થઈ શકે છે અને દાન પણ દઈ શકાય છે.**

**દાન કમાણી ઉપર પ્રતિબંધ નથી લગાવતું, આપ ચાહે જેટલું કમાઓ, પરંતુ ત્યાગમાં ભલે આપણે કાંઈ ન આપીએ, કાંઈ ન છોડીએ, પરંતુ તે કમાણીને સીમિત કરે છે, તેના ઉપર પ્રતિબંધ લગાવે છે.**

દાનમાં એ જોવામાં આવે છે, કે કેટલું આપ્યું? એ જોવામાં આવતું નથી, કે તેણે પોતાની પાસે કેટલું રાખ્યું? જ્યારે ત્યાગમાં એ જોવામાં નથી આવતું કે તેણે કેટલું દીધું છે અથવા છોડ્યું છે? પરંતુ એ જોવામાં આવે છેકે તેણે પોતાની પાસે રાખ્યું? અથવા રાખવાનો નિશ્ચય કર્યો છે? બાકી બધાનો ત્યાગ જ છે.

**ત્યાગ એક એવો ધર્મ છે કે જેને પ્રાપ્ત કરીને આ આત્મા અકિંચન**

**અર્થાત્ આકિંચન્યધર્મનો ધારી બની જાય છે, પૂર્ણ બ્રહ્મમાં લીન થવા લાગે છે, થઈ જાય છે અને સારભૂત આત્મસ્વભાવને પ્રાપ્ત કરી લે છે.**

**૯-૧૦. ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય**—આકિંચન્ય અને બ્રહ્મચર્ય એક સિક્કાની બે બાજુ છે.

**જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને જ પોતાનો માનવો, જાણવો, તેમાં જામી જવું, રમી જવું, સમાઈ જવું, લીન થઈ જવું—તે બ્રહ્મચર્ય છે.** અને તેનાથી ભિન્ન પરપદાર્થો તેમજ એમના લક્ષ્યથી ઉત્પન્ન થનારા ચિદ્‌વિકારોને પોતાના ન માનવા, ન જાણવા, અને તેમાં લીન ન થવું,—તે **આકિંચન્ય** છે.

જો સ્વમાં લીનતા **બ્રહ્મચર્ય** છે, તો પરમાં એકત્વબુદ્ધિ અને લીનતાનો અભાવ **આકિંચન્ય** છે. એથી જેને અસ્તિથી **બ્રહ્મચર્ય ધર્મ** કહેવામાં આવે છે, તેને જ નાસ્તિથી **આકિંચન્ય ધર્મ** કહેવામાં આવેલ છે.

**આ રીતે સ્વ-અસ્તિ બ્રહ્મચર્ય છે અને પરની નાસ્તિ અકિંચન્ય.**

જે રીતે ક્ષમાનો વિરોધી ક્રોધ, માર્દવનો વિરોધી માન, તે જ રીતે આકિંચન્યનો વિરોધી પરિગ્રહ છે. અર્થાત્ **આકિંચન્યના અભાવને પરિગ્રહ અથવા પરિગ્રહના અભાવને આકિંચન્યધર્મ કહેવાય છે.**

**એથી આકિંચન્યનું બીજું નામ અપરિગ્રહ પણ થઈ શકે છે.**

આભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારના હોય છે. ૧. મિથ્યાત્વ, ૨. ક્રોધ, ૩. માન, ૪. માયા, ૫. લોભ, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. શોક, ૧૦. ભય, ૧૧. જુગુપ્સા (ગ્લાનિ), ૧૨. સ્ત્રીવેદ, ૧૩. પુરુષવેદ, ૧૪. નપુંસકવેદ.

બાહ્ય પરિગ્રહ દશ પ્રકારના હોય છે.

૧. ક્ષેત્ર (ખેતર, પ્લોટ), ૨. વાસ્તુ (નિર્મિત ભવન), ૩. ધન (ચાંદી, સોના, ઝવેરાત, મુદ્રા), ૪. ધાન્ય (અનાજ), ૫. દ્વિપદ (મનુષ્ય, પક્ષી), ૬. ચતુષ્પદ (પશુ), ૭. યાન (સવારી), ૮. શય્યાસન, ૯. કુપ્ય, ૧૦. ભાંડ (વાસણ)

**પરદ્રવ્યોથી રહિત, શુદ્ધ-બુદ્ધ પોતાના આત્મામાં જે ચર્યા અર્થાત્ લીનતા હોય છે, તેને જ બ્રહ્મચર્ય કહે છે. વ્રતોમાં સર્વશ્રેષ્ઠ આ બ્રહ્મચર્યવ્રતનું જે પાલન કરે છે, તેઓ અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે છે.**

બ્રહ્મચર્ય અર્થાત્ આત્મરમણતા સાક્ષાત્ ધર્મ છે, સર્વોત્કૃષ્ટ ધર્મ છે.

સર્વે આત્માઓ બ્રહ્મના શુદ્ધસ્વરૂપને જાણીને, ઓળખીને, તેમાં જામી જાય, રમી રહે અને અનંતકાળ સુધી તદ્રૂપ પરિણમિત રહીને અનંત સુખી હો!

## બાર અનુપ્રેક્ષા

સંવરના કારણોમાં ગુપ્તિ, સમિતિ અને દશલક્ષણ ધર્મોની ચર્ચા પછી હવે બાર અનુપ્રેક્ષાની ચર્ચા કરે છે. તત્સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरनिर्जरा**
**लोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ।।७।।**

**અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ નામથી પ્રસિદ્ધ—આ બાર અનુપ્રેક્ષા છે. ઉક્ત વિષયોને આધાર બનાવીને વારંવાર ચિંતન કરવું, તે અનુપ્રેક્ષા છે.**

વૈરાગ્યવર્ધક બાર ભાવનાઓ મુક્તિપથનું પાથેય તો છે જ, લૌકિક જીવનમાં અત્યંત ઉપયોગી પણ છે.

**ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગથી ઉત્પન્ન ઉદ્વેગોને શાંત કરનારી આ બાર ભાવનાઓ વ્યક્તિને વિપત્તિઓમાં ધૈર્ય તેમજ સંપત્તિઓમાં વિનમ્રતા પ્રદાન કરે છે. વિષય-કષાયોથી વિરક્ત તેમજ ધર્મમાં અનુરક્ત રાખે છે. જીવનનો મોહ તેમજ મૃત્યુના ભયને ક્ષીણ કરે છે. બહુમૂલ્ય જીવનના એક-એક ક્ષણને આત્મહિતમાં સંલગ્ન રહીને સાર્થક કરી લેવા માટે નિરંતર પ્રેરિત કરે છે. જીવનના નિર્માણમાં એની ઉપયોગિતા અસંદિગ્ધ છે.**

**અનુપ્રેક્ષા અર્થાત્ ચિંતન, વારંવાર ચિંતન,કોઈ વિષયના ઊંડાણમાં જવા માટે, તેના સ્વરૂપ ઉપર વારંવાર વિચાર કરવો, તે જ ચિંતન છે.**

જોકે ચિંતન વસ્તુસ્વરૂપના નિર્ણય માટે કરવામાં આવે છે. છતાં પણ જો વિષય રુચિકર હોય, તો નિર્ણય કરેલો વિષય પણ વારંવાર ચિંતનનો આધાર બને છે.

**ચિંતન, ધ્યાનનું પ્રારંભિક રૂપ છે. રુચિ, તે ધ્યાનની નિયામક છે તેથી તે ચિંતનની પણ નિયામક છે.** જે વિષય આપણી રુચિનો હોય છે, તેના ઉપર સહજ જ ધ્યાન જાય છે. તેનું ચિંતન-મનન પણ સહજ જ ચાલે છે. કોઈ વિષયને જાણવાની ઇચ્છા (જીજ્ઞાસા) પણ ચિંતનને પ્રેરિત કરે છે.

**જીજ્ઞાસા જેટલી પ્રબળ હશે, તેના અનુપાતમાં ચિંતન પણ ગંભીર થશે. એથી ચિંતન, શોધ(ખોજ) રીસર્ચનો આધાર પણ બને છે.**

**અનુપ્રક્ષા, ચિંતન સ્વરૂપ હોવાથી જ્ઞાનાત્મક છે, ધ્યાનાત્મક નહીં.**

અનિત્ય આદિ વિષયોનું ચિંતન, જ્યારે જ્ઞાનરૂપ હોય છે ત્યારે અનુપ્રેક્ષા કહેવાય છે અને જ્યારે અનિત્ય આદિ વિષયોમાં ચિત્ત એકાગ્ર થાય છે, ત્યારે ધર્મધ્યાન નામ પામે છે.

**વૈરાગ્ય ઉત્પન્ન કરનારું તત્ત્વપરક ચિંતન જ અનુપ્રેક્ષા છે. આવશ્યકતા માત્ર ચિંતનની નહીં, વૈરાગ્ય ઉત્પન્ન કરાવે તેવા ચિંતનની છે. તત્ત્વપરક ચિંતનની છે.**

આરંભની છ ભાવનાઓ **વૈરાગ્ય ઉત્પન્ન** કરનાર અને અંતની છ ભાવનાઓ **તત્ત્વપરક** છે. પ્રત્યેકના ક્રમમાં પણ એક સહજ વિકાસ દૃષ્ટિગોચર થાય છે.

સંસારી જીવને મુખ્યત્વે તો સ્ત્રી-પુત્ર, મકાન-મિલ્કત, રૂપિયા-પૈસા અને શરીરનો જ સંયોગ છે. **એમાં સર્વથી અધિક નજીકનો સંયોગી પદાર્થ શરીર જ છે.**

અનિત્યભાવનામાં તેની **અનિત્યતા,** અશરણભાવનામાં તેની **અશરણતા,** તથા સંસારભાવનામાં એની **દુઃખરૂપતા તેમજ નિઃસારપણા**નું ચિંતન કરવામાં આવે છે.

સ્વયંમાં **એકત્વ** અને સંયોગોથી **ભિન્નપણા**નો વિચાર ક્રમશઃ એકત્વ અને અન્યત્વભાવનામાં થાય છે, હોય છે.

સંયોગો (શરીર)ની **મલિનતા, અપવિત્રતા**નું ચિંતન જ અશુચિ ભાવના છે.

આ રીતે આપણે જોઈએ છીએ, કે ઉક્ત ભાવનાઓના ચિંતનના વિષય જોકે સંયોગ જ છે છતાંપણ ચિંતનની ધારાનું સ્વરૂપ એ રીતે છે કે, **સંયોગોથી વિરક્તિ (વૈરાગ્ય) થાય, અનુરક્તિ નહીં (રાગ નહીં) એથી આ છ ભાવનાઓ મુખ્યરૂપથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર છે.**

આસ્રવ, સંવર અને નિર્જરા તો, સ્પષ્ટરૂપે તત્ત્વોના નામ છે એથી એનું ચિંતન **તત્ત્વપરક** જ રહે છે. (તત્ત્વને લગતું જ હોય છે)

લોકભાવનામાં લોકની રચના સંબંધી વિસ્તારને ગૌણ કરીને, જો તેના સ્વરૂપ ઉપર વિચાર કરવામાં આવે, તો તેનું ચિંતન પણ નિશ્ચિતરૂપથી **તત્ત્વપરક** (તત્ત્વ સમજાવનાર) જ રહેશે.

બાર ભાવનાઓના ક્રમમાં ભેદવિજ્ઞાનનો ક્રમિક વિકાસ પણ દષ્ટિગોચર થાય છે.

**આરંભની છ ભાવનાઓ પરસંયોગોની અસ્થિરતા, પૃથક્તા તેમજ મલિનતાનો સંદેશ દઈને અનાદિકાળની પર તરફની દષ્ટિ સમાપ્ત કરીને અંતર સન્મુખ થવા માટે પ્રેરિત કરે છે.**

**સાતમી આસ્રવભાવના સંયોગોને આધીન થયેલી દષ્ટિથી ઉત્પન્ન થનારા સંયોગીભાવો–મિથ્યાત્વ આદિ વિકારોથી વૈરાગ્ય ઉત્પન્ન કરે છે.**

**સંવર-નિર્જરા-લોક-બોધિદુર્લભ અને ધર્મભાવનાઓ,તે નિજ શુદ્ધ આત્મતત્ત્વ પ્રત્યે સમર્પિત થવાનો માર્ગ પ્રશસ્ત કરે છે, જેના આશ્રયથી રત્નત્રયરૂપ સંવર આદિ નિર્મળ પર્યાયો ઉત્પન્ન થાય છે.**

પુત્ર-પરિવાર, કંચન-કામિની તેમજ દેહમાં મગ્ન જગતને, આ સંયોગોની ક્ષણભંગુરતા, અશરણપણું, અસારપણું આદિના પરિજ્ઞાનની હેતુભૂત **બાર ભાવનાઓની ચિંતન પ્રક્રિયા તે અદ્‌ભુત છે.**

**પ્રથમ ભાવના–**અનિત્યભાવનામાં એ બતાવાય છે કે, **જે સંયોગોમાં તું સદા રહેવા ચાહે છે, તે ક્ષણભંગુર છે, અનિત્ય છે.**

પુત્ર-પરિવાર અને કંચન-કામિની, તારી સાથે સદા રહેનારા નથી. કાં તો તે તેને છોડીને ચાલ્યા જશે અથવા તો તું જ જ્યારે મરણને પ્રાપ્ત થઈશ, ત્યારે એ બધા સહજ જ છૂટી જશે.

**બીજી ભાવના—**એ વાતને સાંભળીને, તે રાગી પ્રાણી એની સુરક્ષાના અનેક ઉપાય કરે છે. જ્યારે તે પોતાના મરણ આદિને ટાળવાના ઉપાયોના વિચાર કરે છે, ત્યારે અશરણભાવનામાં એ બતાવાય છે કે, **વિયોગ થવો, તે સંયોગોનો સહજ સ્વભાવ છે. તેને રોકવાનો કોઈ ઉપાય નથી. કોઈ એવી દવા નથી, મણિ, મંત્ર, તંત્ર નથી કે જે તને કે તારા પુત્ર આદિને મરવાથી બચાવી લે.**

**ત્રીજી ભાવના—**ત્યારે તે વિચારે કે આ સંયોગ નહીં બીજા સંયોગ તો મળશે જ, ત્યારે તેને સંસારભાવનાના માધ્યમથી સમજાવે છે કે—**સંયોગોમાં ક્યાંય પણ સુખ નથી, બધા સંયોગ દુઃખરૂપ જ છે.**

**ચોથી ભાવના—**ત્યારે આ વિચારી શકે કે હળી-મળીને બધા ભોગવી લઈશું તેના ઉત્તરમાં, એકત્વ ભાવનામાં દઢ કરવામાં આવે છે કે દુઃખ મળીને—વહેંચીને ભોગવી નથી શકાતું, એકલા જ તે ભોગવવાનું રહેશે.

**પાંચમી ભાવના—**આ જ વાતને, નાસ્તિથી અન્યત્વભાવનામાં દઢ કરવામાં આવે છે કે, **કોઈ સાથ દઈ શકતા નથી.** જ્યારે આ શરીર જ સાથ નથી દેતું, તો સ્ત્રી-પુત્ર વગેરે પરિવાર તો શું સાથ આપશે?

**છઠ્ઠી ભાવના—**અશુચિ ભાવનામાં કહે છે કે જે દેહથી તું રાગ કરે છે, **તે દેહ અત્યંત મલિન છે, મળ-મૂત્રનું ઘર છે.**

**આ રીતે આરંભની છ ભાવનાઓમાં સંસાર-શરીર અને ભોગોથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવામાં આવે છે. જેથી આ આત્મા, આત્મહિતકારી તત્ત્વોને સમજવા માટે તૈયાર થાય છે.**

આ ભાવનાઓમાં દેહ આદિ પર પદાર્થોથી આત્માની ભિન્નતાનું જ્ઞાન કરાવીને **ભેદવિજ્ઞાનની પ્રથમ સીઢી પણ પાર કરાવી દેવામાં આવે છે.**

જ્યારે આ આત્મા શરીર આદિ પર પદાર્થોથી વિરક્ત થઈને ગુણ-પર્યાયરૂપ નિજ દ્રવ્યની સીમામાં આવી જાય છે ત્યારે **આસ્રવ ભાવનામાં, આત્મામાં ઉત્પન્ન મિથ્યાત્વ આદિ કષાયભાવોનું સ્વરૂપ સમજાવે છે.**

**સાતમી ભાવના—**એ બતાવે છે કે—આ, આસ્રવભાવ દુઃખરૂપ છે, દુઃખના કારણ છે, મલિન છે અને **ભગવાન આત્મા સુખસ્વરૂપ છે, સુખનું કારણ છે તેમજ અત્યંત પવિત્ર છે.**

**આઠમી-નવમી ભાવના—**આ રીતે આસ્રવોથી પણ દૃષ્ટિ હઠાવીને, સંવર-નિર્જરા ભાવનામાં અતીન્દ્રિય આનંદમય સંવર-નિર્જરા તત્ત્વોનું પરિજ્ઞાન કરાવે છે, તેમને પ્રાપ્ત કરવાની પ્રેરણા દે છે.

**દસમી-અગિયારમી ભાવના—**પછી લોકભાવનામાં લોકનું સ્વરૂપ બતાવીને, બોધિદુર્લભભાવનામાં એ બતાવે છે કે—આ લોકમાં એક રત્નત્રય જ દુર્લભ છે, બીજા બધા સંયોગો તો અનંતવાર પ્રાપ્ત થયા, પરંતુ રત્નત્રયની પ્રાપ્તિ ન થઈ, જો પ્રાપ્તિ થઈ ગઈ હોત, તો સંસારથી પાર થઈ ગયા હોત.

**બારમી ભાવના—**અંતમાં ધર્મભાવનામાં એ બતાવે છે કે—**અત્યંત દુર્લભ રત્નત્રયરૂપ ધર્મની આરાધના જ આ મનુષ્યભવનો સાર છે. મનુષ્યભવની સાર્થકતા એકમાત્ર ત્રિકાળી ધ્રુવ આત્માના આશ્રયથી ઉત્પન્ન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયધર્મની પ્રાપ્તિમાં જ છે.**

આ રીતે આપણે જોઈએ છીએ, કે—બાર ભાવનાઓની આ ચિંતન પ્રક્રિયા જ અદ્ભુત છે, આશ્ચર્યકારી છે, કેમકે એમાં, સંસાર-શરીર અને ભોગોમાં લપેટાયેલ જગતને અનંતસુખકારીમાર્ગમાં પ્રતિષ્ઠિત કરવાનો સમ્યક્ પ્રયોગ છે, સફળ પ્રયોગ છે.

**આ જ કારણે બાર ભાવનાઓનું ચિંતન આત્માર્થી સમાજનું સૌથી અધિક પ્રિય માનસિક દૈનિક ભોજન છે.**

## બાવીસ પરિષહ

સંવરના કારણોના પ્રકરણમાં, ગુપ્તિ-સમિતિ, ધર્મ અને અનુપ્રેક્ષાની ચર્ચા કર્યા પછી હવે પરિષહોની ચર્ચા આરંભ કરે છે.

**मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः ।।८।।**

**क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्या शय्या-क्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कार पुरस्कार-प्रज्ञाज्ञानाऽदर्शनानि ।।९।।**

***સંવરના માર્ગથી ચ્યુત ન થવાય, તે માટે અને કર્મોની નિર્જરાને માટે પરિષહોને શાંતભાવથી સહન કરવા જોઈએ.***

***૧. ક્ષુધા, ૨. પિપાસા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશ-મશક, ૬. નાગ્ન્ય, ૭. અરતિ, ૮. સ્ત્રી, ૯. ચર્યા, ૧૦. નિષદ્યા, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ, ૧૩. વધ, ૧૪. યાચના, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. મલ, ૧૯. સત્કાર, ૨૦. પ્રજ્ઞા, ૨૧. અજ્ઞાન, ૨૨. અદર્શન—આ બાવીસ પરિષહ છે.***

મોક્ષાર્થી મુનિરાજ આ પરિષહોને શાંતભાવથી સહન કરે છે. શાંતભાવથી સહન કરવાનું નામ જ એને જીતવું છે. આ જ કારણે તેને પરિષહજય પણ કહે છે.

**૧. ક્ષુધા**—ભૂખની અત્યંત પીડા હોવા છતાં પણ ધૈર્યથી સહન કરવું—તે **ક્ષુધા પરિષહજય** છે.

**ઉપવાસ હોવાથી કે અંતરાય થતાં, જે ભૂખથી વેદના મુનિરાજોને થાય છે, તેનાથી ખેદખિન્ન ન થઈને તેને શાંતભાવથી સહન કરવી તે ક્ષુધા પરિષહજય છે.**

આ પરિષહજયનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખવામાં આવ્યું છે—

**अनशन ऊनोदर तप पोषत पक्षमास दिन बीत गये हैं ।**
**जो नहिं बने योग्य भिक्षा विधि सूख अंग सब शिथिल भये हैं ।।**

**तब तहाँ दुस्सह भूख की वेदन सहत साधु नहीं नेक नये हैं।**
**तिनके चरण-कमल प्रति प्रतिदिन हाथ जोड़ हम शीश नये हैं ॥१॥**

અનશન (ઉપવાસ) ઉનોદર (એકાશન) આદિ તપોને પુષ્ટ કરતાં થકાં, પક્ષ (પંદર દિવસ) અને મહિના વીતી જતાં જ્યારે આહાર માટે નીકળે, ત્યારે અંતરાય રહિત આહારની પ્રાપ્તિ ન થઈ—આ રીતે શરીરના બધા અંગ સૂકાઈ ગયા છે, શિથિલ થઈ ગયા છે. એવી સ્થિતિમાં ભૂખની અસહ્ય વેદના થાય છે. તેને સાધુજન શાંતભાવથી સહન કરે છે. રંચમાત્ર પણ ઝૂકતા નથી. તે ક્ષુધા પરિષહના જયી મુનિરાજોના ચરણકમળોમાં આપણે પ્રતિદિન હાથ જોડીને શીશ નમાવીએ છીએ.

૨. **પિપાસા—**તરસની કઠોર વેદના હોવા છતાં, શાંતભાવથી તેને સહન કરવી, તે **પિપાસા પરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**पराधीन मुनिवर की भिक्षा परघर लेंय कहैं कछु नाहीं।**
**प्रकृति विरुद्ध पारणा भुंजत बढ़त प्यास की त्रास तहां ही॥**
**ग्रीषमकाल पित्त अति कोपै लोचन दोय फिरे जब जाहीं।**
**नीर न चहैं सहैं ऐसे मुनि जयवन्ते वर्तो जगमांही॥२॥**

મુનિરાજોની ભિક્ષાવૃત્તિ (આહાર લેવાની પ્રક્રિયા) અત્યંત પરાધીન છે. કેમકે તે અન્યના ઘરોમાં આહાર લે છે અને કોઈને કાંઈ કહેતા પણ નથી.

એવી સ્થિતિમાં પ્રકૃતિ વિરુદ્ધ પારણા થતાં, તીવ્ર તરસ લાગે છે, બહુ પીડા થાય છે. ગરમીઓના દિવસોમાં પિત્ત (એસીડીટી) અત્યંત ભડકી ઉઠે છે. આંખોની પૂતળીઓ ચડી જાય છે. એવી સ્થિતિમાં તે **મુનિરાજ પાણીની ચાહ કરતાં નથી. શાંતભાવથી પીડા સહન કરે છે.** એ પિપાસાનો જય કરનાર મુનિરાજ જગતમાં જયવંત વર્તો.

૩. **શીત—**શરદી (દાઢ-ઠંડી)થી પીડિત હોવા છતાં તેને રોકવાના ઉપાય કરવાની ભાવના પણ ન થવી, તે પીડાને શાંતભાવથી સહન કરવી, **શીતપરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે.

**शीतकाल सबही तन कम्पत खड़े तहाँ वन वृक्ष डहे हैं।**
**झंझा वायु चलै वर्षा ऋतु वर्षत बादल झूम रहे हैं॥**
**तहाँ धीर तटनी तट चौपट ताल पाल पर कर्म दहे हैं।**
**सहैं संभाल शीत की बाधा ते मुनि तारण-तरण कहे हैं॥३॥**

શીતકાળમાં બધાના શરીર કાંપે છે. વર્ષાઋતુમાં એવો ઝંઝાવાત ચાલે છે કે ત્યાં ઊભેલા વૃક્ષો પડી જાય છે. મૂસલાધાર વાદળો વરસે છે. એવી સ્થિતિમાં ધીર-વીર શીતપરિષહના જય કરનારા (જીતી લેનારા) મુનિરાજ નદીઓને કિનારે અને તળાવની પાળ ઉપર બેઠાં-બેઠાં કર્મોને જલાવે છે, કર્મોની નિર્જરા કરે છે. **એવી શીતની બાધાને સંભાળીને સહન કરનારા તારણ-તરણ મુનિરાજ શીતપરિષહજયી કહેવાય છે.**

**૪. ઉષ્ણ—**ગ્રીષ્મ ઋતુ આદિના કારણે ગરમીની અસહ્ય પીડા હોવા છતાં તેનાથી વિચલિત ન થવું, તેનાથી બચવાનો કોઈ ઉપાય કરવા-કરાવવાનું તો વિચારવું પણ નહીં, તે **ઉષ્ણપરિષહજય** છે.

તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, લખ્યું છે—

**भूख प्यास पीडै उर अंतर प्रजुलै आंत देह सब दागै।**
**अग्नि सरूप धूप ग्रीषन की ताती वायु झालसी लागै॥**
**तपै पहाड़ ताप तन उपजति कौपे पित्त दाह ज्वर जागैं।**
**इत्यादिक गर्मी की बाधा सहैं साधु धीरज नहि त्यागै॥४॥**

અંતરમાં ભૂખ અને તરસની પીડા હોય છે, આંતરડા જલે છે અને શરીરમાં દાહ લાગે છે. ગરમીનો બાળી નાખે તેવો તાપ તથા અત્યંત ગરમ હવા જલાવી દે છે. પહાડ તપી જાય છે. શરીરમાં તાપ ઉપજે છે. પિત્તનો કોપ થઈ જાય છે અને દાહજ્વર જાગ્રત થઈ જાય છે. આ પ્રકારે ગરમીની બાધા-(પીડા) **ઉષ્ણપરિષહજયી સાધુજન સહે છે અને ધીરજ ગુમાવતા નથી.**

**૫. દંશમશક—**ડાંસ, મચ્છર, માખી વગેરે કીડી, મકોડાના કરડવા પર પ્રતિકાર તો કરવો જ નહીં, પરંતુ પરિણામોમાં પણ વિષાદ ન થવો, તે દંશમશકપરિષહજય છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, લખ્યું છે, કે—

**डंस मशक मक्खी तनु काटैं पीडैं वन पक्षी बहु तेरे।**
**डसैं ब्याल विषहारे बिच्छू लगै खजूरे आन घनेरे।।**
**सिंह स्याल सुंडाल सतावैं रीछ रोझ दुख देहि घनेरे।**
**ऐसे कष्ट सहैं मनभावन ते मुनिराज हरो अघ मेरे।।५।।**

ડાંસ, મચ્છર, માખી, શરીરમાં કરડે છે. અનેક પ્રકારના જંગલી પક્ષી પીડા પહોંચાડે છે. વિષધારી સાપ-વીંછી ડંખે છે. અનેક પ્રકારના ખજૂરા (કીડા) સતાવે છે. સિંહ, શિયાળ અને સૂંઢધારી જાનવર સતાવે છે, રીંછ, રોઝ આદિ જાનવર બહુ દુઃખ દે છે. આ પ્રકારના કષ્ટ સહન કરનારા દંશમશક-પરિષહજયી મુનિરાજ અમારા અઘ (પુણ્ય-પાપ)નું હરણ કરી લે.

(૬) **નાગ્ન્ય—**માતાના ગર્ભથી ઉત્પન્ન થયેલ બાળકની જેમ **નિર્વિકાર નગ્નરૂપ ધારણ કરવામાં જરા પણ સંકોચ નહીં કરવો તે નાગન્યપરિષહજય છે.**

તેનું સ્વરૂપ લખતા કહ્યું છે કે—

**अन्तर विषय वासना बरतै बाहर लोकलाज भय भारी।**
**यातैं परम दिगम्बर मुद्रा धर नहि सकै दीन संसारी।।**
**ऐसी दुर्द्धर नगन परीषह जीतैं साधु शीलव्रतधारी।**
**निर्विकार बालकवत् निर्भय तिनके चरणों धोक हमारी।।६।।**

દીન-હીન સંસારી જીવ પરમ દિગમ્બર (નગ્ન) મુદ્રાને ધારણ કરી શકતા નથી, કારણ કે તેમના અંતરમાં તો વિષય-વાસના વર્તી રહી છે અને બાહ્યમાં લોકલાજનો ભયંકર ભય છે. એવા દુર્ધર નગ્ન પરિષહને શીલવ્રતધારી સાધુગણ જીતે છે. તે મુનિરાજ નિર્વિકાર બાળકની સમાન નિર્ભય થઈને રહે છે. તે નાગન્યપરીષહજયી મુનિરાજના ચરણોમાં અમે વંદના કરીએ છીએ.

(૭) **અરતિ—**અરતિ ઉત્પન્ન થવાના અનેક કારણ હોવા છતાં પણ **સંયમમાં અત્યંત પ્રેમ થવો અરતિપરીષહજય છે.**

તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**देशकाल का कारण लहिकै होत अचैन अनेक प्रकारैं।**
**तब तहाँ छिन्न होत जगवासी कलमलाय थिरता पद छाडैं।।**
**ऐसी अरति परीषह उपजत तहाँ धीर धीरज उर धारैं।**
**ऐसे साधुन को उर अंतर वसो निरन्तर नाम हमारे।।७।।**

દેશકાળના કારણને પ્રાપ્ત કરી અનેક પ્રકારની બેચેની થઈ જાય છે. આવી સ્થિતિમાં જગતવાસી જીવ અલગ-અલગ, અકળાઈને સ્થિરતા છોડી દે છે. આવા અરતિ પરિષહ ઘણા થવા છતાં ખૂબ જ ધીરજથી ધૈર્યને ધારણ કરવાવાળા અરતિપરિષહજયી સાધુજનોના નામ અમારા હૃદયકમળમાં નિરંતર વસે.

૮. **સ્ત્રી—**સ્ત્રીઓ દ્વારા બાધા પહોંચાડવા છતાં, અનેક પ્રકારે લોભાવવા છતાં, તેમના રૂપને જોવાની અથવા આલિંગન કરવાની ભાવના ન હોવી, તે **સ્ત્રી પરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, લખ્યું છે—

**जो प्रधान केहरि को पकड़ै, पन्नग पकड़ पान से चापैं।**
**जिनकी तनक देख भौं बाँकी, कोटिन सूर दीनता जापैं।।**
**ऐसे पुरुष पहाड़ उड़ावन, प्रलय पवन तिय वेद पयापै।**
**धन्य-धन्य वे सूर साहसी, मन सुमेर जिनका नहि कापैं।।८।।**

જે શૂરવીર પ્રધાન પુરુષ સિંહને પકડી લે, નાગરાજને પકડીને હાથથી દબાવી દે, જેની વાંકી ભ્રુકૃટિને જરા જોઈને કરોડો શૂરવીર દીન થઈ જાય, દીનતાથી જાપ જપવા લાગે,—એવા પુરુષ પહાડને ઉડાવવામાં સમર્થ હોય, પ્રલય લઈ આવે, પરંતુ સ્ત્રીના આકર્ષણથી તેમને વેદ અર્થાત્ (સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ કષાયો) કામ-વાસના વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ તે શૂરવીર સાહસી મુનિરાજ ધન્ય છે કે જેનું મન કાંપતું નથી.

૯. ચર્યા—પવનની માફક એકાકી વિહાર કરતાં, ભયાનક વનમાં પણ સિંહની જેમ નિર્ભય રહેવું અને ખુલ્લા પગોમાં કાંકરા-પથ્થર ભોંકાય તો પણ ખેદ-ખિન્ન ન થવું, તે **ચર્યાપરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**चार हाथ परवान परख पथ चलत दृष्टि इत उत नहि तानैं ।**
**कोमल चरण कठिन धरती पर धरत धीर बाधा नहि मानैं ।।**
**नाग तुरंग पालकी चढते ते सर्वादि यादि नहि आनैं ।**
**यों मुनिराज सहैं चर्य्या दुख तब दृढ़कर्म कुलाचल भानैं ।।९।।**

ચાર હાથ પ્રમાણ રસ્તો જોઈને ચાલતાં મુનિરાજ દૃષ્ટિને આમ-તેમ ઘૂમાવતા નથી, એવા ઈર્યાસમિતિના ધારક તે ધીર સંતગણ પોતાના કોમળ ચરણોને કઠોર ભૂમિ પર મૂકવામાં, કોઈ પ્રકારની બાધા માનતા નથી. **જ્યારે તેઓ પહેલા, હાથી-ઘોડા અને પાલખીમાં બેસીને જતા હતા, તેની યાદ પણ કરતાં નથી.** આ પ્રકારે, જ્યારે મુનિરાજ, ચર્યા પરિષહના દુઃખોને સહન કરે છે, ત્યારે દૃઢ કર્મરૂપી કુલાચલોને ભેદી નાખે છે.

**૧૦. નિષદ્યા—**જે આસનથી બેઠા હોય, તેનાથી વિચલિત ન થવું, તે નિષદ્યા પરિષહજય છે.

તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખેલ છે, કે—

**गुफा मशान शैल तरुकोटर निवसै जहां शुद्ध भू हेरैं ।**
**परिमितकाल रहैं निश्चल तन बार-बार आसन नहिं फेरैं ।।**
**मानुष देव अचेतन पशुकृत बैठे विपति आन जब घेरै ।**
**ठोर न तजैं भजैं थिरता पद ते गुरु सदा बसो उर मेरे ।।१०।।**

ગુફા, સ્મશાન, પર્વત, વૃક્ષની બખોલ—જ્યાં પણ નિવાસ કરે છે, જમીનને શોધી-તપાસીને કરે છે. તેઓ ત્યાં એક સુનિશ્ચિત કાળ સુધી નિશ્ચલ શરીરને ધારણ કરે છે, વારંવાર આસન બદલતા નથી. જ્યારે અચેતન અથવા **ચેતન મનુષ્ય, દેવ અથવા પશુઓ દ્વારા કરાયેલા ઉપસર્ગ પણ ઘેરે છે, ત્યારે પણ સ્થાન બદલતા નથી, સ્થિરતાને ધારણ કરે છે—એવા નિષદ્યા પરિષહજયી મુનિરાજ મારા હૃદયમાં સદા વાસ કરે.**

**૧૧. શય્યા—**રાત્રિમાં ઊંચી-નીચી કઠોર ભૂમિ ઉપર પૂરું શરીર સીધું રાખીને, એક પડખે સૂવું—તે **શય્યાપરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**जो प्रधान सोने के महलन सुन्दर सेज सोय सुख जोवैं ।**
**ते अब अचल अंग एकासन कोमल कठिन भूमि पर सौवैं ।।**
**पाहनखंड कठोर कांकरी गड़त कोर कायर नहि होवैं ।**
**ऐसी शयन परीषह जीतैं ते मुनि कर्मकालिमा धोवैं ।।११।।**

જે મુનિરાજ પોતાની ગૃહસ્થ અવસ્થામાં, સોનાના મહેલોમાં સુંદર શય્યા પર સૂવાનું સુખ ભોગવે, હવે તે જ **મુનિરાજ મુનિ અવસ્થામાં કોમલ-કઠોર ભૂમિ પર એક આસનથી અચલ સૂવે છે. ભૂમિ પર પડ્યા રહે છે. પથ્થરના કઠોર ટૂકડા, કાંકરાની કિનારી ખૂંચે છે, તેઓ તેમને કાયરતાથી નહીં, વીરતાથી સહન કરે છે.** આ પ્રકારે શયન પરિષહ જીતનારા મુનિરાજ જ કર્મરૂપ કાલિમાને ધૂએ છે—ધોવે છે.

**૧૨. આક્રોશ—**અત્યંત કઠોર વચન સાંભળીને પણ શાંત રહેવું, તે **આક્રોશપરિષહજય** છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**जगतजीव जावन्त चराचर सबके हित सबको सुखदानी ।**
**तिन्हें देख दुर्वचन कहैं खल पाखंडी ठग यह अभिमानी ।।**
**मारो याही पकड़ पापी को तपसी भेष चोर है छानी ।**
**ऐसे वचन बाण की बेला क्षमा ढाल ओढ़ैं मुनि ज्ञानी ।।१२।।**

જગતના જેટલા ચર-અચર જીવ છે; તે બધાના હિતકારી છે અને બધાને સુખ દેવાવાળા છે—એવા મુનિરાજને જોઈને દુષ્ટ લોકો દુર્વચન કહે છે, કે—આ પાખંડી છે, ઠગ છે, અભિમાની છે; **આ પાપીને પકડીને મારો આ તપસ્વીના વેષમાં છૂપો ચોર છે. આવા વચન બાણોને સાંભળતી વખતે જ્ઞાની મુનિજન ક્ષમાની ઢાલ ઓઢી લે છે.**

**૧૩. વધ—**જેમ ચંદનને બાળવા છતાં તે સુગંધ જ આપે છે, તે જ રીતે, પોતાને મારવા-પીટવાવાળા ઉપર પણ ક્રોધ ન કરીને તેનું ભલું જ વિચારવું—તે **વધપરિષહજય** છે.

એમનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**निरपराध निर्वैर महामुनि तिनको दुष्ट लोग मिल मारैं।**
**कोई खैंच खंभ से बांधै, कोई पावक मैं परजारैं॥**
**तहाँ कोप करते न कदाचित् पूरब कर्म विपाक विचारैं।**
**समरथ होय सहैं बध-बन्धन ते गुरु भव-भव शरण हमारे॥१३॥**

કોઈથી વેર-વિરોધ ન રાખનારા મુનિઓને, દુષ્ટ લોકો મળીને મારે છે. કોઈ ખેંચીને થાંભલા સાથે બાંધી દે છે અને કોઈ અગ્નિમાં સળગાવી દે છે. એવી સ્થિતિમાં પણ ક્રોધ કરતા નથી, પૂર્વ કર્મના ઉદયનો વિચાર કરે છે. **સમર્થ હોવા છતાં વધ-બંધનને સહન કરે છે. એવા ગુરુ અમને ભવભવમાં શરણ હોજો.**

**૧૪. યાચના—**આહાર વગેરેના ન મળવાથી ભલે પ્રાણ ચાલ્યા જાય પરંતુ કોઈથી યાચના કરવી તો દૂર, મોઢા પર દીનતા પણ ન લાવવી, તે **યાચનાપરિષહજય** છે.

એવું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે, કે—

**धीर वीर तप करत तपोधन भये क्षीण सूखी गल बाँही।**
**अस्थि चाम अवशेष रहो तन नसाँजाल झलकैं तिसमांही॥**
**औषधि असन पान इत्यादिक प्राण जाउ पर जाँचत नाहीं।**
**दुर्द्धर अयाचीक व्रत धारैं करैं न मलिन धरम परछाहीं॥१४॥**

ધીર-વીર તપોધન ઘોર તપ કરતાં અત્યંત ક્ષીણ (નિર્બળ) થઈ ગયા છે. ગળું અને હાથ સૂકાઈ ગયા છે. માત્ર હાડકા-ચામડા જ બાકી રહી ગયા છે. શરીરમાં નસોની જાળ સ્પષ્ટ દેખાવા લાગી છે. એવી સ્થિતિમાં પણ **ભોજન, પાણી અને ઔષધિ ઈત્યાદિની માગણી કરતા નથી. ભલે પ્રાણ ચાલ્યા જાય, પરંતુ કોઈને યાચના કરતા નથી. દુર્ધર અયાચકવ્રતના ધારી, યાચના પરિષહને જીતનારા તે મુનિરાજ ધર્મના પડછાયાને પણ મલિન થવા દેતા નથી.**

**૧૫. અલાભ—**આહાર આદિનો લાભ ન મળવા છતાં, પણ એવું જ સંતુષ્ટ રહેવું, જેવું મળવા પર હોય છે,—આ **અલાભપરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**एक बार भोजन की बेला मौन साध बस्ती में आवैं।**
**जो न बनै योग्य भिक्षा विधि तो महन्त मन खेद न लावैं ॥**
**ऐसे भ्रमत बहुत दिन बीतैं तब तपवृद्धि भावना भावैं।**
**यों अलाभ की परम परीषह सहै साधु सो ही शिव पावैं ॥१५॥**

ભોજનના સમયે મૌન લઈને એકવાર વસ્તીમાં આવે છે, જો તેમાં અંતરાય વિના ભોજનવિધિ ન મળે તો તે મહાન સંત મનમાં ખેદખિન્ન થતા નથી. આ રીતે અંતરાય થતાં થતાં, ઘણા દિવસો વીતી જાય, તોપણ તપવૃદ્ધિની ભાવના જ ભાવે છે. આ પ્રકારના અલાભ પરિષહનો જય કરનાર સાધુ મુક્તિને પ્રાપ્ત કરે છે.

**૧૬. રોગ**—શરીરમાં અનેક વ્યાધિઓ થવા છતાં પણ તેની સારવારનો વિચાર પણ ન કરવો, તે **રોગપરિષહજય** છે.

એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**वात पित्त कफ श्रोणित चारों ये जब घटैं बढ़ै तनु माहीं।**
**रोग संयोग शोक जब उपजत जगत जीव कायर हो जाहीं ॥**
**ऐसी व्याधि वेदना दारूण सहैं सूर उपचार न चाहीं।**
**आतमलीन विरक्त देहसों जैनयती निज नेम निवाहीं ॥१६॥**

વાત, પિત્ત, કફ અને લોહી—આ ચારે જ્યારે શરીરમાં ઘટી-વધી જાય છે, ત્યારે રોગનો સંયોગ થાય છે, શોક ઉત્પન્ન થાય છે. **રોગ પરિષહજયી મુનિરાજ એવી ભયંકર વ્યાધિની વેદના સહે છે. પરંતુ ઉપચારની ભાવના નથી કરતા.** દેહથી વિરક્ત આત્મલીન જૈન મુનિરાજ પોતાના નિયમોનું પાલન કરે છે.

**૧૭. તૃણસ્પર્શ**—તણખલા (ઘાસ) કાંટા વગેરેની વેદનાને સહેવી, તે **તૃણસ્પર્શપરિષહજય** છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**सूखे तृण अरु तीक्षण कांटे कठिन कांकरी पांय विदारैं।**
**रज उड़ आन पड़े लोचन मैं तीर फांस तनु पीर विधारैं ॥**
**तापर पर सहाय नहि वांछत अपने करसैं काढ़ न डारैं।**
**यों तृण परस परीषह विजयी ते गुरु भव-भव शहण हमारैं ॥१७॥**

સૂકા પાંદડા, તીક્ષ્ણ ધારવાળા કાંટા અને કઠોર કાંકરી પગને ચીરી દે છે. ધૂળ ઉડીને આવે છે અને આંખોમાં પડે છે. તીરરૂપી ફાંસ શરીરને પીડા પહોંચાડે છે. વિદીર્ણ કરી દે છે. એવી સ્થિતિમાં પણ તૃણસ્પર્શ પરિષહજયી મુનિરાજ બીજાની સહાયતા નથી ચાહતા અને પોતાના હાથથી પણ તે કાંટાઓને નથી કાઢતા. આ રીતે તૃણસ્પર્શ પરિષહજયી ભવભવમાં અમારા શરણ છે.

**૧૮. મળ—**પોતાના શરીરમાં લાગેલ મળની તરફ લક્ષ્ય ન દઈને, આત્મભાવનામાં જ લીન રહેવું—તે **મળપરિષહજય** છે—એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**यावज्जीव जलन्हौन तजो जिन नग्नरूप वनमाँहि खड़े हैं।**
**चलै पसेव धूप की बेला उड़तधूल सब अंग भरे हैं ॥**
**मलिन देह को देख महामुनि मलिन भाव उर नाहिं करैं हैं।**
**यों मल जनित परीषह जीतैं तिनहिं हाथ हम सीस धरे हैं ॥१८॥**

જે મુનિરાજ જીવનપર્યંત માટે જલસ્નાનના ત્યાગી છે, નગ્નરૂપમાં વનમાં ઊભા છે. તડકા વખતે પરસેવો વહી રહ્યો છે ઉડતી ધૂળથી સર્વ અંગો ભરેલ છે. **તે મુનિરાજ મલિન દેહને જોઈને હૃદયમાં મલિનભાવ નથી કરતા.** આ રીતે મળજનિત પરિષહને જીતનારા મુનિરાજોને હાથ જોડીને અમે શીશ નમાવીએ છીએ.

**૧૯. સત્કાર-પુરસ્કાર—**સન્માન અને અપમાનમાં સમભાવ રાખવો અને આદર-સત્કાર ન થાય તોપણ ખેદ-ખિન્ન ન થવું,—તે *સત્કાર-પુરસ્કાર પરિષહજય* છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**जो महान विद्यानिधि विजयी, चिर तपसी गुण अतुल भरे है।**
**तिनकी विनय वचन से अथवा उठ प्रणाम जन नाहिं करे हैं ॥**
**तो मुनि तहाँ खेद नहिं मानत, उर मलीनता भाव हरै हैं।**
**ऐसे परम साधुके अहनिशि हाथ जोड़ हम पाँव परे हैं ॥१९॥**

જે મહાન છે, વિદ્યાનો ખજાનો છે. વાદ-વિવાદમાં વિજય મેળવનારા છે. ચિરકાળના તપસ્વી છે અને અનુપમ ગુણોથી ભરેલા છે

એવા સંતોનો પણ **લોકો ઉચિત વિનય નથી કરતાં, વચનથી સ્તુતિ નથી કરતા. ઊઠીને પ્રણામ નથી કરતા છતાં પણ તે મુનિ ખેદખિન્ન થતા નથી અને હૃદયમાં મલિનભાવ નથી કરતાં,** એવા મહાન પરમ સાધુઓને અમે દિન-રાત હાથ જોડીને પગે પડીએ છીએ.

**૨૦. પ્રજ્ઞા**—પોતાના પાંડિત્યનો ગર્વ ન હોવો, તે **પ્રજ્ઞાપરિષહજય** છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં, લખેલ છે—

**तर्क छन्द व्याकरण कलानिधि आगम अलंकार पढ़ जानैं।**
**जाकी सुमति देख परवादी बिलखत होय लाज उर आनैं॥**
**जैसे सुनत नाव केहरि का वनगयंद भाजत भय मानैं।**
**ऐसी महाबुद्धि के भाजन पर मुनीश मद रंच न ठानैं॥२०॥**

તર્ક, છંદ, વ્યાકરણ આદિ કલાઓનો જે ખજાનો છે, આગમ અને અલંકારોના પણ વિશેષજ્ઞ છે. જેની સુબુદ્ધિને જોઈને બીજા મતવાળા વાદીજન, એ રીતે શરમથી નમી જાય છે, જે રીતે સિંહની ગર્જના સાંભળીને જંગલી હાથી પણ ડરીને ભાગી જાય છે, ભય પામી જાય છે. આ જાતના મહાબુદ્ધિમાન હોવા છતાં પણ તે મુનિરાજ અભિમાન કરતાં નથી.

**૨૧. અજ્ઞાન**—જો કોઈ તિરસ્કાર કરે, કહે કે તૂ અજ્ઞાની છે, કાંઈ જાણતો નથી—તો એનાથી પણ ખિન્ન ન થઈને, જ્ઞાનની પ્રાપ્તિનો જ બરાબર પ્રયત્ન કરતા રહેવું, તે **અજ્ઞાનપરિષહજય** છે.

તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે કે—

**सावधान वर्ते निशिवासर संयमशूर परमवैरागी।**
**पालत गुप्ति गये दीरघ दिन सकल संग ममता परत्यागी॥**
**अवधिज्ञान अथवा मनपर्यय केवलि ऋद्धि न अजहूं जागी।**
**यों विकल्प नहिं करैं तपोनिधि सो अज्ञान विजयी बड़भागी॥२१॥**

પોતાની ચર્યા પ્રત્યે નિરંતર દિવસ-રાત સાવધાન રહેનારા, સંયમ પાલન કરવામાં શૂરવીર (પરમ વૈરાગી મુનિરાજ)ને ત્રણ ગુપ્તિઓની સાધના કરતાં, બહુ દિવસો વીતી ગયા છે અને તેઓ સંપૂર્ણ પરિગ્રહ અને

તેના પ્રત્યે થનારી મમતાના પૂર્ણ ત્યાગી છે. આવી સ્થિતિ હોવા છતાં, હજી સુધી ન કેવળજ્ઞાન થયું અને ન તો અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન થયું—તે મુનિરાજ આ પ્રકારના વિકલ્પ નથી કરતા. તે ભાગ્યવાન મુનિરાજ અજ્ઞાન પરિષહને જીતનારા છે.

**૨૨. અદર્શન—**શ્રદ્ધાનથી ચ્યુત થવાના નિમિત્ત ઉપસ્થિત થવા છતાં પણ મુનિમાર્ગમાં બરાબર શ્રદ્ધા બનાવી રાખવી, તે **અદર્શન પરિષહજય** છે. એનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં લખ્યું છે—

**मैं चिरकाल घोर तप कीना अजों ऋद्धि अतिशय नहिं जागैं ।**
**तपबल सिद्ध होत सब सुनियत सो कुछ बात झूठ सी लागै ।।**
**यों कदापि चित्त में नहिं चिंतत समकित शुद्ध शांति रस पागैं ।**
**सोई साधु अदर्शनविजई ताके दर्शन से अघ भागैं ।।२२।।**

મેં લાંબા સમય સુધી ઘોર તપશ્ચરણ કર્યું છે. પરંતુ હજી સુધી કોઈ ઋદ્ધિ અથવા અતિશય નથી થયો.—કહેવાય છે કે તપબળથી બધું જ સિદ્ધ થાય છે—આ વાત કંઈક જૂઠી જેવી લાગે છે—આ પ્રકારનું ચિંતન જે મુનિરાજોના ચિત્તમાં કદાપિ નથી હોતું, તેઓ શુદ્ધ શાંતરસમાં લીન સમકિતી સાધુ અદર્શન પરિષહજયી છે. તેમના દર્શનથી પુણ્ય-પાપ પણ ભાગી જાય છે.

અહીં એક **પ્રશ્ન** સંભવે છે કે જ્યારે શ્રાવકગણ મુનિરાજોના ઉપસર્ગ દૂર કરે છે, તેમને તેઓનો ઉપસર્ગ દૂર કરવાનો ભાવ આવે છે, આવી શકે છે, તો પછી પરિષહોની પ્રતિકૂળતા દૂર કરવામાં શું આપત્તિ છે?

**ઉત્તર—**ઉપસર્ગ દુષ્ટો દ્વારા કરવામાં આવે છે. તે તો અપ્રાકૃતિક આપદાઓ છે. એથી એને દૂર કરવાનો ભાવ આવવો, સાધર્મી ભાઈઓને સ્વાભાવિક છે, પરંતુ **પરિષહ તો કુદરતી પ્રતિકૂળતાઓ છે. એને દૂર કરવાનો ભાવ સાધર્મીજનોને નથી આવતો.**

જ્યારે કોઈ દીક્ષા લે છે, તો તે સારી રીતે જાણે છે કે મોસમની

પ્રતિકૂળતા તો આવવાની જ છે. જંગલમાં વાસ કરશે તો ત્યાં પણ અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ થશે જ.

આ રીતે ભૂખ-તરસ, રોગ આદિ પણ થશે જ. આ બધી પ્રતિકૂળતામાં જીવન વીતાવવાનો સંકલ્પ લઈને તેમણે દીક્ષા લીધી છે તો પછી તેઓ પરિષહોની વિરુદ્ધ વ્યવસ્થા કઈ રીતે ચાહી શકે? ઇચ્છી શકે?

જે મુનિરાજ સહજરૂપથી સમાગત પરિષહને દૂર કરવાનો ઉપાય કરે છે, શ્રાવકો પાસે કરાવે છે અને જો કોઈ તેમના કહ્યા વિના જ પરિષહ દૂર કરે છે તો એની અનુમોદના કરે છે, તે મુનિરાજ પરિષહજયી મુનિરાજ નથી. ૮-૯.

## ક્યા ગુણસ્થાનમાં ક્યા ક્યા પરિષહ

૨૨ પરિષહનું સ્વરૂપ વિસ્તારથી સમજ્યા પછી હવે એ સ્પષ્ટ કરે છે, કે ક્યા ગુણસ્થાનમાં કેટલા અને ક્યા ક્યા પરિષહ હોય છે? તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**सूक्ष्मसाम्परायछद्मस्थवीतरागयोगश्चतुर्दश ।।१०।।**

**एकादश जिने ।।११।।**

**बादरसाम्पराये सर्वे ।।१२।।**

***સૂક્ષ્મ સાંપરાય નામના દશમા ગુણસ્થાનમાં અને છદ્મસ્થ વીતરાગદશામાં અર્થાત્ અગિયારમા અને બારમા ગુણસ્થાનમાં ચૌદ પરિષહ હોય છે અથવા ચૌદ પરિષહ હોવા સંભવ છે.***

***જિનેન્દ્ર ભગવાનના અર્થાત્ તેરમા ગુણસ્થાનમાં અગિયાર પરિષહ હોય છે અથવા અગિયાર પરિષહ હોવા સંભવ છે.***

***બાદર સાંપરાય અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનથી નવમા ગુણસ્થાન સુધી બધા પરિષહ હોય છે અથવા બધા પરિષહ હોવા સંભવ છે.***

દસમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી હોઈ શકે એવા ચૌદ પરિષહ આ પ્રકારે છે. ૧. ક્ષુધા, ૨. પિપાસા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશમશક, ૬. ચર્યા, ૭. શય્યા, ૮. વધ, ૯. અલાભ, ૧૦. રોગ, ૧૧. તૃણસ્પર્શ, ૧૨. મલ, ૧૩. પ્રજ્ઞા, ૧૪. અજ્ઞાન.

આ જ રીતે ૧૩મા ગુણસ્થાનમાં જિનેન્દ્રપ્રભુને હોઈ શકે તેવા ૧૧ પરિષહ. ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ.

## ક્યા કર્મના સદ્ભાવમાં ક્યો પરિષહ

ક્યા ગુણસ્થાનમાં ક્યા ક્યા પરિષહ હોઈ શકે છે—એ સ્પષ્ટ થયા પછી હવે એ સ્પષ્ટ કરે છે કે, ક્યા કર્મના ઉદયથી ક્યો પરિષહ હોય છે.

**ज्ञानावरणे प्रज्ञाज्ञाने ।।१३।।**

**दर्शनमोहान्तराययोरदर्शनालाभौ ।।१४।।**

**चारित्रमोहे नागन्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कार पुरस्काराः ।।१५।।**

**वेदनीये शेषाः ।।१६।।**

***જ્ઞાનાવરણ સદ્ભાવમાં પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ હોય છે.***

***દર્શનમોહના સદ્ભાવમાં અદર્શન અને અંતરાયના સદ્ભાવમાં, અલાભ પરિષહ હોય છે.***

***ચારિત્રમોહના સદ્ભાવમાં, નાગન્ય-અરતિ-સ્ત્રી-નિષદ્યા-આક્રોશ-યાચના અને સત્કાર-પુસ્કાર પરિષહ હોય છે.***

***બાકીના બધા પરિષહ વેદનીય કર્મના સદ્ભાવમાં હોય છે.***

**અહીં એક પ્રશ્ન સંભવ છે કે** જ્ઞાનાવરણના સદ્ભાવમાં અજ્ઞાન પરિષહ હોવાની વાત તો ઠીક પરંતુ જ્ઞાનાવરણના સદ્ભાવમાં પ્રજ્ઞા-પરિષહ કેવી રીતે હોઈ શકે? કેમકે પ્રજ્ઞા તો જ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ ભાવનું નામ છે. ક્ષયોપશમરૂપ ભાવના સદ્ભાવનું નામ છે.

**આ પ્રશ્નનો ઉત્તર** ''સર્વાર્થસિદ્ધિ'' નામના ગ્રંથમાં આચાર્ય પૂજ્યપાદે આ પ્રકારે દીધો છે.

''ક્ષાયોપશમિકી પ્રજ્ઞા અન્ય જ્ઞાનાવરણના હોવા પર મદને ઉત્પન્ન કરે છે. સમસ્ત જ્ઞાનાવરણનો ક્ષય થતાં, મદ નથી હોતો એ કારણે જ્ઞાનાવરણના હોવા પર પ્રજ્ઞાપરિષહ હોય છે—આ કથન બની જાય છે.

આ જ પ્રકારનો ભાવ ''તત્ત્વાર્થરાજવાર્તિક''માં આચાર્ય

અકલંકદેવ વ્યક્ત કરે છે. તેમનું સ્પષ્ટ કહેવું છે—

''હું મોટો વિદ્વાન છું''—એ પ્રજ્ઞા મદ મોહનું કાર્ય ન હોઈને જ્ઞાનાવરણનું કાર્ય છે.'' (તત્ત્વાર્થરાજવાર્તિક, પૃષ્ઠ-૭૮૨)

દર્શનમોહના ઉદયથી થનાર અદર્શન પરિષહના સંદર્ભમાં પં. ફૂલચંદજી દ્વારા નીચે આપેલ વિશેષાર્થ, વિશેષ જોવા યોગ્ય છે.

''દર્શનમોહથી અહીં સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિ લેવામાં આવેલ છે. તેનો ઉદય રહેતાં, ચલ-મલ અને અગાઢ દોષ ઉત્પન્ન થાય છે.

સમ્યક્ત્વના રહેવા છતાં પણ આપ્ત-આગમ અને પદાર્થોના વિષયમાં જુદા-જુદો વિકલ્પ હોવા, તે ચલ દોષ છે. જે રીતે જળના સ્વસ્થ હોવા છતાં પણ તેમાં વાયુના નિમિત્તથી તરંગમાળા ઉઠતી રહે છે તે જ રીતે સમ્યક્દૃષ્ટિ પુરુષ જોકે પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે, છતાં પણ **સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી, આપ્ત-આગમ અને પદાર્થોના વિષયમાં તેની બુદ્ધિ ચલાયમાન થતી રહે છે, એ જ ચલ દોષ છે.**

મલનો અર્થ મેલ છે. **શંકા આદિ દોષોના નિમિત્તથી સમ્યગ્દર્શનનું મલિન થવું, મલ દોષ છે.** એ પણ સમ્યક્ત્વ મોહનીયના ઉદયમાં હોય છે

અને **અગાઢ એટલે સ્થિર ન રહેવું,** તે છે—સમ્યક્દૃષ્ટિ જીવ લૌકિક પ્રયોજનવશ કદાચિત્ તત્ત્વથી ચલાયમાન થવા લાગે છે. ઉદાહરણ તરીકે—''અન્ય, અન્યનો કર્તા થતો નથી''—આ સિદ્ધાંત છે અને સમ્યગ્દૃષ્ટિ એને સારી રીતે જાણે છે, પરંતુ રાગવશ તે, આ સિદ્ધાંત ઉપર સ્થિર નથી રહી શકતો. **કદાચિત્ તે પારમાર્થિક કાર્યને પણ લૌકિક પ્રયોજનનું પ્રયોજક માની બેસે છે.**

આ રીતે સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી ત્રણ દોષ થાય છે. આ ત્રણે એક છે, છતાં પણ ભિન્ન-ભિન્ન અભિપ્રાયની દૃષ્ટિથી અહીં તેને પૃથક્ પૃથક્ રૂપથી પરિગણિત કરેલ છે.

પ્રકૃતમાં આ જ દોષને ધ્યાનમાં રાખીને, અદર્શન પરિષહનો નિર્દેશ કર્યો છે. આ દર્શનમોહનીયના ઉદયથી થાય છે. એ કારણે એને દર્શનમોહનીયનું કાર્ય કહ્યું છે.

**અહીં એક મહત્વપૂર્ણ પ્રશ્ન સંભવ છે કે** જ્યારે અસાતા વેદનીય કર્મના ઉદયથી થનારો ક્ષુધા પરિષહ કેવલી ભગવાનને હોય છે, તો પછી ક્ષુધાના નિવારણ માટે એમને કવલાહાર પણ હોવો જોઈએ.

**ઉક્ત પ્રશ્નનું સમાધાન કરતાં** સિદ્ધાંત આચાર્ય પં. ફૂલચંદજી વિશેષાર્થમાં લખે છે—''જે ભગવાનને અસાતા વેદનીયનો ઉદય હોય છે અને આ ક્ષુધા આદિ વેદનાનું કારણ છે, આ કારણે અહીં જિન ભગવાનને કારણની દષ્ટિથી ક્ષુધા આદિ અગિયાર પરિષહ કહેવામાં આવે છે. **પરંતુ શું સાચે જ જિનભગવાનને ક્ષુધા આદિ અગિયાર પરિષહ હોય છે, એ એક પ્રશ્ન છે, જેનું સમાધાન ટીકામાં બે પ્રકારથી કર્યું છે.**

**પહેલાં તો જિન ભગવાનને ક્ષુધા આદિ પરિષહોના હોવાના કારણે સદ્‌ભાવની અપેક્ષાએ તેમના ઉપચારથી, અસ્તિત્વનો નિર્દેશ કર્યો છે. પરંતુ કાર્યરૂપમાં ક્ષુધા વગેરે ૧૧ પરિષહ જિનભગવાનને હોતા નથી. એ કારણે એ દષ્ટિથી ''न सन्ति'' (હોતા નથી). એ વાક્ય વિશેષની રચના કરીને ત્યાં તેનો નિષેધ કર્યો છે.**

હવે અહીં જોવાનું એ છે કે જિન ભગવાનને ક્ષુધા વગેરે અગિયાર પરિષહ હોતા નથી—એ કઈ રીતે સમજવામાં આવે. તેઓ (જિનપ્રભુ) આ કાળમાં જોવામાં તો આવતા નથી. એટલે પ્રત્યક્ષ જોઈને તો, એ જાણી શકાતું નથી. એક માત્ર આગમને પુષ્ટ કરનારી યુક્તિઓ જ શેષ રહે છે, જેના અવલંબનથી એ વાત સમજવામાં આવી શકે છે. એથી અહીં એનો જ નિર્દેશ કરે છે.

૧. કેવલી જિનના શરીરમાં નિગોદ અને ત્રસ જીવ નથી રહેતા. એનો ક્ષીણમોહ ગુણસ્થાનમાં અભાવ થઈને, તેઓ પરમ ઔદારિક શરીરના ધારી હોય છે. **એથી ભૂખ-તરસ અને રોગ આદિનું કારણ નહીં રહેવાથી, તેમને ભૂખ-તરસ અને રોગ આદિની બાધા નથી હોતી.**

**દેવોના શરીરમાં આ જીવોનો અભાવ હોવાથી, જે વિશેષતા હોય છે, એનાથી અનંતગુણી વિશેષતા એમના (જિનના) શરીરમાં ઉત્પન્ન થઈ જાય છે.**

૨. શ્રેણી આરોહણ કરતાં પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ ઉત્તરોત્તર અનંતગુણો વધતો જાય છે. અને અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ પ્રતિસમય અનંતગુણો હીન થતો જાય છે. **એ કારણે તેરમા ગુણસ્થાનમાં હોવાવાળો અસાતા પ્રકૃતિઓનો ઉદય, એટલો બળવાન નથી હોતો, કે જેનાથી તેમને ક્ષુધા આદિ કાર્યોનો સૂચક માની શકાય.**

**૩. અશાતાની ઉદીરણા છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય છે, આગળ નથી હોતી, એ કારણે ઉદીરણાના અભાવમાં વેદનીય કર્મ ક્ષુધા આદિરૂપ કાર્યનું વેદન કરાવવામાં અસમર્થ છે. જ્યારે કેવલીજિનના શરીરને પાણી અને ભોજનની જ આવશ્યકતા નથી રહેતી, ત્યારે એના ન મળવાથી જે ભૂખ અને તરસ હોય છે, તે તેમને હોઈ શકે જ કેમ?**

વેદનીય કર્મનું કાર્ય કંઈ, શરીરમાં પાણી તત્ત્વ અને ભોજન તત્ત્વના અભાવ કરવો, તે નથી. વાસ્તવમાં એનો અભાવ અન્ય કારણોથી થાય છે. હા, એનો અભાવ હોય ત્યારે, એની પૂર્તિ કરવા માટે જે વેદના થાય છે, તે વેદનીય કર્મનું કામ છે. તેથી જ્યારે કેવલી જિનના શરીરને તેની આવશ્યકતા જ નથી રહેતી, ત્યારે વેદનીયના નિમિત્તથી તેનાથી ઉત્પન્ન થતી વેદના કેવી રીતે હોઈ શકે? અર્થાત્ હોઈ શકતી નથી.

૪. કેવલી જિનને સાતાનો આસ્રવ સદાકાળ હોવાથી તેની નિર્જરા પણ સદાકાળ થતી રહે છે. એ કારણે જે કાળમાં અસાતાનો ઉદય હોય છે તે કાળમાં, માત્ર તેનો ઉદય જ નથી હોતા, પરંતુ **એનાથી અનંતગુણી શક્તિવાળી સાતાની સાથે તે ઉદયમાં આવે છે. માનો કે તે સમયે તેનો સ્વમુખ ઉદય છે, પરંતુ તે પ્રતિસમયે બંધાવવાવાળા સાતા કર્મપરમાણુઓની નિર્જરાની સાથે જ હોય છે. એ કારણે અસાતાનો ઉદય ત્યાં ક્ષુધા આદિરૂપ વેદનાનું કારણ નથી થઈ શકતો.**

**૫. સુખ-દુઃખનું વેદન, વેદનીયકર્મનું કારણ હોવા છતાં પણ, તે મોહનીયની સહાયતાથી જ થાય છે.** એથી કેવલી જિનને મોહનીયનો અભાવ હોય છે, એથી ત્યાં ક્ષુધા આદિરૂપ વેદનાઓનો સદ્ભાવ માનવો,

તે યુક્તિસંગત પ્રતીત થતો નથી.

આ પ્રમાણોથી નિશ્ચિત થાય છે કે, કેવલી જિનને ક્ષુધા વગેરે અગિયાર પરિષહ હોતા નથી.

**પ્રશ્ન**—જો કેવલી ભગવાનને ક્ષુધા આદિ અગિયાર પરિષહ હોતાં નથી, તો સૂત્રમાં એમ કેમ કહ્યું છે કે જિનેન્દ્ર ભગવાનને અગિયાર પરિષહ હોય છે?

**ઉત્તર**—તે કથન ઉપચરિત કથન છે. જે અસાતા વેદનીયના ઉદયને કારણે વ્યવહારનયથી કરવામાં આવ્યું છે.

અસાતા વેદનીયના તીવ્ર ઉદય વિના, ન તો અગિયાર પરિષહ હોય છે, અને ન તો કવલાહાર હોય છે!

**તેરમા ગુણસ્થાનમાં, અસાતા વેદનીયનો અત્યંત મંદ ઉદય છે, એ કારણે તેરમા ગુણસ્થાનમાં ક્ષુધા આદિ પરિષહ નથી હોતા.૧૩-૧૬.**

## એક સાથે કેટલા પરિષહ?

ક્યા કર્મના સદ્ભાવમાં ક્યો પરિષહ હોય છે?—એ સ્પષ્ટ થઈ ગયા પછી, હવે એ સમજાવે છે કે, એક જીવને, એકસાથે, કેટલા પરિષહ હોઈ શકે છે?

**एदाकयो भाज्या युगपदेकस्मिन्नैकोनविंशतेः ॥१७॥**

***એક આત્માને એક સાથે, એકથી શરૂ કરીને, ઓગણીસ સુધી પરિષહ હોઈ શકે છે.***

શીત અને ઉષ્ણમાં કોઈ એક અને ચર્યા—શય્યા અને નિષદ્યા—આ ત્રણમાં કોઈ એક—આ રીતે ત્રણ પરિષહ ઓછા થઈ જાય છે.

**પ્રશ્ન**—પ્રજ્ઞા અને અજ્ઞાનમાંથી પણ તો કોઈ એક જ પરિષહ હશે; કેમકે જેને પ્રજ્ઞા હશે, તેમને અજ્ઞાનનું હોવું સંભવ નથી.

**ઉત્તર—શ્રુતજ્ઞાનની અપેક્ષા પ્રજ્ઞાનો પ્રકર્ષ હોવા છતાં પણ અવધિજ્ઞાન આદિની અપેક્ષાએ અજ્ઞાન હોઈ શકે છે. એથી બંનેના એકસાથે હોવામાં કોઈ વિરોધ નથી. ૧૭.**

## ચારિત્રના ભેદ

સંવરના કારણોમાં, ગુપ્તિ-સમિતિ-ધર્મ-અનુપ્રેક્ષા અને પરિષહોની ચર્ચાની ઉપરાંત હવે ચારિત્રના ભેદોની ચર્ચા કરે છે.

**सामायिकच्छेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसाम्पराय यथाख्यातमिति चारित्रम् ॥१८॥**

**સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય અને યથાખ્યાત—આ પાંચ ચારિત્રના પ્રકાર છે.**

**૧. સામાયિક ચારિત્ર—**સમસ્ત સાવદ્યયોગનો અભેદરૂપથી ત્યાગ કરવો, તે સામાયિક ચારિત્ર છે.

**૨. છેદોપસ્થાપના ચારિત્ર—**સામાયિક ચારિત્રથી ડગી જતાં પ્રાયશ્ચિત્ત દ્વારા સાવદ્ય વ્યાપારમાં લાગેલા દોષોને છેદીને પુનઃ સંયમ ધારણ કરવો, તે છેદોપસ્થાપના ચારિત્ર છે. અથવા **સમસ્ત સાવદ્યયોગના ભેદરૂપથી ત્યાગ કરવો, તે છેદોપસ્થાપના ચારિત્ર છે.**

**૩. પરિહારવિશુદ્ધિ ચારિત્ર—**જે ચારિત્રમાં પ્રાણીહિંસાની પૂર્ણ નિવૃત્તિ થવાથી વિશિષ્ટ વિશુદ્ધિ હોય છે તેને પરિહારવિશુદ્ધિ કહે છે.

**૪. સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર—**અત્યંત સૂક્ષ્મ કષાય હોવાથી સૂક્ષ્મસાંપરાય નામના ૧૦મા ગુણસ્થાનમાં જે ચારિત્ર હોય છે તેને સૂક્ષ્મ સાંપરાય કહે છે.

**૫. યથાખ્યાત ચારિત્ર—**સમસ્ત મોહનીયકર્મના ઉપશમથી અથવા ક્ષયથી, જેવો આત્માનો નિર્વિકાર સ્વભાવ છે તેવો જ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થઈ જવો, તે યથાખ્યાતચારિત્ર છે.

—આ રીતે આ પાંચ પ્રકાર ચારિત્રના છે. જે નગ્ન દિગંબર મુનિરાજોને હોય છે. **એનાથી પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ થઈ જવાથી સહજ જ સિદ્ધદશાની પ્રાપ્તિ થઈ જાય છે.૧૮.**

## તપના ભેદ

ચારિત્રની ચર્ચા ઉપરાંત હવે તપની વાત કરે છે. તપ બે પ્રકારના હોય છે. (૧) બાહ્યતપ અને (૨) આભ્યંતર તપ

**अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्त**

**शय्यासनकायक्लेशा बाह्यं तपः ॥१९॥**

**प्रायश्चित्तविनयवैयावृत्यस्वाध्यायव्युत्सर्गध्याना न्युत्तरम् ॥२०॥**

***અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ—આ છ પ્રકારના બહિરંગ તપ છે.***

***પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ (ત્યાગ) અને ધ્યાન—આ છ પ્રકારના અંતરંગ તપ છે.***

**તપ બે પ્રકારના માનવામાં આવ્યા છે.** ૧. બહિરંગ, ૨. અંતરંગ

**બહિરંગ તપ છ પ્રકારના હોય છે.** ૧. અનશન, ૨. અવમૌદર્ય, ૩. વૃત્તિપરિસંખ્યાન, ૪. રસપરિત્યાગ, ૫. વિવિક્તશય્યાસન, ૬. કાયક્લેશ.

આ જ રીતે **અંતરંગ તપ પણ છ પ્રકારના હોય છે.** ૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય, ૩. વૈયાવૃત્ત્ય, ૪. સ્વાધ્યાય, ૫. વ્યુત્સર્ગ (ત્યાગ), ૬. ધ્યાન.

**આ રીતે કુલ તપ બાર પ્રકારના હોય છે. તે (ઉક્ત) સમસ્ત તપોમાં, ચાહે તે બાહ્યતપ હો કે અંતરંગ—એક શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવની જ પ્રધાનતા છે. ઈચ્છાઓના નિરોધરૂપ શુદ્ધોપયોગરૂપી વીતરાગભાવ જ સાચું તપ છે. પ્રત્યેક તપમાં વીતરાગભાવની વૃદ્ધિ હોવી જ જોઈએ.—ત્યારે જ, તે તપ છે, અન્યથા નહીં.**

આ સંદર્ભમાં આચાર્યકલ્પ પં. ટોડરમલજીના વિચાર દ્રષ્ટવ્ય છે.

‘‘અનશન આદિને તથા પ્રાયશ્ચિત્ત આદિને તપ કહેલ છે; કારણ કે અનશન આદિ સાધનથી પ્રાયશ્ચિત્તાદિરૂપ પ્રવર્તન કરીને, વીતરાગભાવરૂપ સત્ય તપનું પોષણ કરવામાં આવે છે એ કારણે

ઉપચારથી અનશન આદિને તથા પ્રાયશ્ચિત્ત આદિને તપ કહેલ છે. કોઈ, વીતરાગભાવરૂપ તપને ન જાણે અને આને જ તપ જાણીને સંગ્રહ કરે, તો સંસારમાં જ ભ્રમણ કરશે. વધારે શું? **એટલું સમજી લેવું, કે નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે, બીજા જુદા જુદા વિશેષ બાહ્ય સાધનની અપેક્ષાએ ઉપચારથી કીધેલ છે તેમને વ્યવહારમાત્ર ધર્મસંજ્ઞા જાણવી.**

(મોક્ષમાર્ગપ્રકાશક–પૃષ્ઠ ૨૩૩)

એક વાત એ પણ ધ્યાન દેવા યોગ્ય છે, કે ઉક્ત બાર તપોમાં, પ્રથમની અપેક્ષાએ બીજું, બીજાની અપેક્ષાએ ત્રીજું–આ જ રીતે, **અંત સુધી ઉત્તરોત્તર તપ અધિક ઉત્કૃષ્ટ અને મહત્વપૂર્ણ છે.**

**અનશન પહેલું તપ છે અને ધ્યાન અંતિમ. ધ્યાન જો લગાતાર (સતત) અન્તર્મુહૂર્ત કરે, તો નિશ્ચિતરૂપથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પરંતુ ઉપવાસ આખું વર્ષ પણ કરે, તો કેવળજ્ઞાનની ગેરંટી નથી.**

આ નકલી ઉપવાસની વાત નથી, અસલી ઉપવાસની વાત છે. પ્રથમ તીર્થંકર મુનિરાજ ઋષભદેવ દીક્ષા લેતાં જ,–એક વર્ષ, એક માસ અને આઠ દિવસ સુધી નિરાહાર રહ્યા, છતાં પણ એક હજાર વર્ષ સુધી કેવળજ્ઞાન ન થયું. **ભરત ચક્રવર્તીને દીક્ષા લીધા પછી આત્મધ્યાનના બળથી એક અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન થઈ ગયું.**

**એનાથી, આ સહજ જ સિદ્ધ થાય છે કે, આ તપ ઉત્તરોત્તર (આગળ-આગળથી) મહાન છે.**

અંતરંગ તપ મહાન છે, એથી તેને પહેલાં કહેવા જોઈતા હતા છતાં પણ અહીં બહિરંગ તપોને પહેલાં લીધો છે. કેમકે બહિરંગ તપોને સંક્ષેપમાં કહીને, અંતરંગ તપોને વિસ્તારથી કહેવા હતા.

**બહિરંગ તપોમાં તો નામમાત્ર ગણાવ્યા છે, પરંતુ અંતરંગ તપોના ભેદ-પ્રભેદોની વિસ્તારથી ચર્ચા કરી છે. એનાથી અંતરંગ તપોની મહિમા ધ્યાનમાં આવે છે.**

**અરે ભાઈ! જેમાં સ્વાધ્યાય અને ધ્યાન જેવા તપ હોય; તેમની જેટલી વધુ ચર્ચા કરવામાં આવે, એટલી ઓછી છે.**

## (ક) બહિરંગ તપ

**૧. અનશન**—લૌકિકફળની અપેક્ષા વિના, **સંયમની સિદ્ધિ—રાગનો ઉચ્છેદ—કર્મોનો વિનાશ-ધ્યાન અને સ્વાધ્યાયની સિદ્ધિને માટે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો, તે અનશન અર્થાત્ ઉપવાસ** નામનું તપ છે.

**ઉપવાસ તો આત્મસ્વરૂપની સમીપ રહેવાનું નામ છે.** નાસ્તિથી પણ વિચારીએ તો પંચેન્દ્રિયના વિષય, કષાય અને આહારના ત્યાગને ઉપવાસ કહેલ છે. બાકી તો બધું લંઘન છે—લાંઘણ છે.

**''कषायविषयाहारो त्यागो यत्र विधीयते ।**
**उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः ।।''**

(મોક્ષમાર્ગ પ્રકાશક—પૃષ્ઠ ૨૩૧)

આ રીતે આપણે જોઈએ છીએ, કે કષાય-વિષય અને આહારના ત્યાગપૂર્વક આત્મસ્વરૂપની સમીપે વસવું—**જ્ઞાન, ધ્યાનમાં લીન રહેવું, તે જ વાસ્તવિક ઉપવાસ છે.**

**૨. અવમૌદર્ય**—સંયમને જાગૃત રાખવા માટે વિકારોની શાંતિને માટે, **સંતોષ અને સ્વાધ્યાય આદિની સુખપૂર્વક સિદ્ધિને માટે, અલ્પ આહાર લેવો, તે અવમૌદર્ય તપ છે.**

અનશનમાં ભોજનનો પૂર્ણ રીતે ત્યાગ હોય છે. પરંતુ અવમૌદર્યમાં એકવાર ભોજન કરાય છે. એ કારણે તેને એકાસણ પણ કહે છે. **જોકે આમાં એકવાર ભોજન કરવામાં આવે છે, છતાં ભરપેટ નહીં.** (પેટ ભરીને નહીં. એ કારણે તેને ઉનોદર પણ કહે છે.)

**૩. વૃત્તિપરિસંખ્યાન**—જ્યારે મુનિરાજ આહારને માટે નીકળે છે તો અનેક પ્રકારના નિયમ લઈને નીકળે છે કે—''મને આ પ્રકારના આહારની પ્રાપ્તિ થશે, તો જ લઈશ, નહીંતર નહીં''—આ પ્રવૃત્તિને વૃત્તિપરિસંખ્યાન તપ કહે છે.

**ભોજન માટે જતી વખતે અનેક પ્રકારની અટપટી પ્રતિજ્ઞાઓ લઈ લેવી, એની પૂર્તિ થાય તો જ ભોજન કરવું, નહીંતર ઉપવાસ કરવો, તે વૃત્તિ પરિસંખ્યાન છે.**

**૪. રસપરિત્યાગ**–ઈન્દ્રિયોના દમન માટે ઊંઘ પર વિજય મેળવવા માટે અને સુખપૂર્વક સ્વાધ્યાય કરવા માટે, ઘી-દૂધ-દહીં-તેલ-મીઠું તથા મિષ્ટાન્ન, આમાંથી કોઈ એક અથવા એકથી અધિક રસનો ત્યાગ કરી દેવો,તે રસ પરિત્યાગ તપ છે.

**છ રસોમાંથી કોઈ એક, બે કે છ એ રસોનો ત્યાગ કરવો–નીરસ ભોજન લેવું, તે રસપરિત્યાગ છે.**

ઉપર કહેલા ચારેય તપ ભોજન અથવા ભોજન ત્યાગથી સંબંધિત છે. એમાં ઈચ્છાઓનો નિરોધ તેમજ શારીરિક આવશ્યકતાઓની વચ્ચે કેટલો સંતુલિત નિયમ છે,–આ દ્રષ્ટવ્ય છે.

**એમાં એક વૈજ્ઞાનિક ક્રમિક વિકાસ છે.**–જો ચાલી શકે (ભોજન વિના) તો ભોજન કરો જ નહીં. **(અનશન)**. ન ચાલી શકે તો એકવાર દિવસમાં શાંતિથી અલ્પ આહાર લો. **(અવમૌદર્ય)** તે પણ અનેક નિયમોની વચ્ચે બંધાઈને, અનર્ગલ નહીં. **(વૃત્તિ પરિસંખ્યાન)** અને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી નીરસ હોય કેમકે **સ-રસ આહાર ગૃદ્ધતા વધારે છે. પરંતુ શારીરિક આવશ્યકતાની પૂર્તિ કરનારો હોવો જોઈએ. એથી બધા રસોનો સદા ત્યાગ નહીં પરંતુ બદલી-બદલીને, વિભિન્ન રસોનો, વિભિન્ન સમયો પર ત્યાગ હોય, જેનાથી શરીરની આવશ્યકતાની પૂર્તિ પણ થતી રહે અને જીભની લોલુપતા ઉપર પણ પ્રતિબંધ રહે. (રસપરિત્યાગ)**

**એનાથી સ્પષ્ટ થાય છે કે, તપ શરીરને સૂકવી નાખવાનું નામ નથી, ઈચ્છાઓમાં નિરોધનું નામ છે.**

**૫. વિવિક્ત શય્યાસન, ૬. કાયક્લેશ**–નિર્દોષ એકાંત સ્થાનમાં પ્રમાદ રહિત સૂવા-બેસવાની વૃત્તિ, તે વિવિક્ત શય્યાસન અને આત્મસાધના તેમજ આત્મઆરાધનામા થનારા, શારીરિક કષ્ટોની પરવા ન કરવી, તે **કાયક્લેશ તપ** છે.

આમાં ધ્યાન રાખવાની વાત એ છે કે કાયાને ક્લેશ દેવો, તે તપ નથી પણ કાયક્લેશના કારણે આત્મઆરાધનામાં શિથિલ ન થવું, તે મુખ્ય વાત છે.

## (ખ) અંતરંગ તપ

અંતરંગ તપોના સંદર્ભમાં પણ પં. ટોડરમલજીનું માર્ગદર્શન આ પ્રકારે છે–

''તથા અંતરંગ તપોમાં પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય જે ક્રિયાઓ–એમાં બાહ્ય પ્રવર્તન, તેને તો બાહ્ય તપવત્ જ જાણવું. જેમ અનશન વગેરે બાહ્યક્રિયા છે, તે જ પ્રકારે આ પણ બાહ્યક્રિયા છે. એ કારણે પ્રાયશ્ચિત્ત આદિ બાહ્ય સાધન અંતરંગ તપ નથી–**એવું બાહ્ય પ્રવર્તન હોય, ત્યારે જે અંતરંગ પરિણામોની શુદ્ધતા હોય,–તેનું નામ અંતરંગ તપ જાણવું.''** (મોક્ષમાર્ગપ્રકાશક-પૃષ્ઠ ૨૩૨)

### અંતરંગ તપોના ભેદ-પ્રભેદ

અહીં એક વાત વિશેષ ધ્યાન દેવા યોગ્ય છે કે–**અનશન વગેરે બહિરંગ તપોના તો કોઈ ભેદ ન કરવામાં આવ્યા, પરંતુ પ્રાયશ્ચિત્ત-વિનય આદિ અંતરંગ, તપોના ભેદ બતાવ્યા છે.** જે આ પ્રકારે છે.

**नवचतुर्दशपञ्चद्विभेदा यथाक्रमं प्राग्ध्यानात् ।।२१।।**

***ધ્યાન નામના તપની પહેલા-પહેલા, પ્રાયશ્ચિત્તના ૯ ભેદ, વિનયના ૪ ભેદ, વૈયાવૃત્ત્યના ૧૦ ભેદ, સ્વાધ્યાના ૫ ભેદ અને વ્યુત્સર્ગ(ત્યાગ)ના બે ભેદ હોય છે.***

અહીં જે અંતરંગ તપોના ભેદ કર્યા છે, એમાં ધ્યાનતપને છોડી દેવામાં આવેલ છે કેમકે ધ્યાન તપની ચર્ચા આગળ પૃથક્થી વિસ્તારથી કરવાના છે. આ વાતની તરફ ધ્યાન દેવડાવતાં, સૂત્રમાં જ કહી દીધું છે કે ''**प्राग्ध्यानात्**'' (એટલે) આ ભેદ ધ્યાનતપની પહેલા સુધીના જ છે.

## પ્રાયશ્ચિત્ત તપ

પ્રમાદ તેમજ અજ્ઞાનથી લાગેલા દોષોની શુદ્ધિને માટે આત્મ-આલોચના અને પ્રતિક્રમણ આદિ દ્વારા પ્રાયશ્ચિત્ત કરવું—તે **પ્રાયશ્ચિત્ત તપ** છે. આ પ્રાયશ્ચિત્ત નામનું અંતરંગ તપ નવ પ્રકારનું છે—જે આ રીતે છે.

**आलोचनाप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गपच्छेद**

**परिहारोपस्थापनाः ॥२२॥**

***૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. તદુભય, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. પરિહાર, ૯. ઉપસ્થાપના—આ નવ ભેદ પ્રાયશ્ચિત્ત નામના તપના છે.***

**૧. આલોચના**—ગુરુને પોતાના પ્રમાદનું નિવેદન કરવાનું નામ, આલોચના નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૨. પ્રતિક્રમણ**—''મારો દોષ મિથ્યા થાવ''—એવું નિવેદન કરવું, તે પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૩. તદુભય**—કોઈ અપરાધ તો એકલી આલોચનાથી શુદ્ધ થઈ જાય છે અને કોઈ અપરાધ કેવલ પ્રતિક્રમણથી શુદ્ધ થઈ જાય છે, પરંતુ કોઈ અપરાધ આલોચના અને પ્રતિક્રમણ—બંનેથી જ શુદ્ધ થાય છે, તેને તદુભય નામનું પ્રાયશ્ચિત્ત કહે છે.

**૪. વિવેક**—સદોષ આહાર તથા ઉપકરણો (સાધનો)નો સંસર્ગ થતાં, તેનો ત્યાગ કરી દેવો.

**૫. વ્યુત્સર્ગ**—થોડા સમય માટે કાયોત્સર્ગ કરવો, મન-વચન-કાયાની પ્રત્યે મમત્વ છોડવું, તે વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૬. તપ**—અનશન વગેરે તપોનું કરવું, તે તપ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૭. છેદ**—દિવસ, પખવાડિયું, માસ, વર્ષ આદિને માટે દીક્ષાનો છેદ કરી દેવો, તે છેદ નામનું પ્રાયશ્ચિત્ત છે.

**૮. પરિહાર**—કેટલાક સમય માટે, સંઘથી બહાર કરી દેવું, તે પરિહાર નામનું પ્રાયશ્ચિત છે.

**૯. ઉપસ્થાપના**—જૂની દીક્ષાને છેદીને, નવી દીક્ષા લેવી, તે ઉપસ્થાપના નામનું પ્રાયશ્ચિત્ત છે.

## વિનયતપ

પ્રાયશ્ચિત્તની ચર્ચા ઉપરાંત હવે ઉપચાર વિનય તપની વાત કરે છે.

**ज्ञानदर्शनचारित्रोपचाराः ॥२३॥**

***જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય અને ઉપચાર વિનય–આ રીતે, આ ચાર પ્રકારનો વિનય તપ છે.***

જ્ઞાન વિનય, નિશ્ચય વિનય છે અને જ્ઞાનીનો વિનય, ઉપચાર વિનય છે. દર્શનવિનય નિશ્ચય વિનય છે અને સમ્યગ્દષ્ટિનો વિનય ઉપચાર વિનય છે. ચારિત્રનો વિનય, નિશ્ચય વિનય છે અને ચારિત્રવંતોનો વિનય, ઉપચાર વિનય છે. આ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રનો વિનય નિશ્ચય વિનય અને એના ધારક દેવ-ગુરુઓનો વિનય ઉપચાર વિનય છે.

**વિનય તપ, તપધર્મનો ભેદ છે. એથી એનો ઉપચાર પણ ધર્માત્માઓમાં જ કરી શકાય છે, લૌકિકજનોમાં નહીં, માતા-પિતા આદિમાં નહીં.**

વિચાર્યા વિના, જ્યાં-ત્યાં નમવાનું નામ વિનય તપ નથી, તે તો વૈનયિક મિથ્યાત્વ છે. વિનય પોતે, પોતામાં અત્યંત મહાન આત્મિકદશા છે. યોગ્ય જગ્યાએ વિનય કરવાથી તે તપનું રૂપ ધારણ કરે છે અને તેજ ખોટી જગ્યાએ કરેલો વિનય અનંત સંસારનું કારણ બને છે.

**વિનય સૌથી મોટો ધર્મ, સૌથી મોટું પુણ્ય તેમજ સૌથી મોટું પાપ પણ છે. વિનય, તપના રૂપમાં સૌથી મોટો ધર્મ છે. સોળકારણ ભાવનામાં, વિનયસંપન્નતાના રૂપમાં તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ હોવાથી સૌથી મોટું પુણ્ય અને વિનય મિથ્યાત્વના રૂપમાં અનંત સંસારનું કારણ હોવાથી સૌથી મોટું પાપ છે.**

વિનયના પ્રયોગમાં અત્યંત સાવધાની આવશ્યક છે. ક્યાંય એવું ન થઈ જાય, કે તમે જેને વિનયતપ સમજીને કરી રહ્યા છો, તે વિનય નામનું મિથ્યાત્વ હોય! **એ વાતનું ધ્યાન રાખવું, કે– ક્યાંય તમે વિનયતપ અને વિનય સંપન્નતા ભાવનાનાં નામે વિનય મિથ્યાત્વનું પોષણ કરીને, અનંત સંસાર તો વધારી રહ્યા, નથી ને?** ૨૩.

## વૈયાવૃત્ત્ય તપ

વિનય તપ ઉપરાંત હવે વૈયાવૃત્ય તપની વાત કરે છે.

**आचार्योपाध्यायतपस्विशैक्षग्लानगणकुलसंघसाधुमनोज्ञानाम् ॥૨૪॥**

***આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને મનોજ્ઞ—આ દશ ભેદ વૈયાવૃત્ત્ય નામના અંતરંગ તપના છે.***

તે કહેલ દશ પ્રકારના સાધુઓની સેવા જ, દશ પ્રકારના વૈયાવૃત્ય તપ છે.

૧. જેના નિમિત્તથી વ્રતોનું આચરણ કરે છે, તે **આચાર્ય** કહેવાય છે.
૨. મોક્ષને માટે જેની પાસે જઈને, જેનાથી શાસ્ત્ર ભણે છે, તે **ઉપાધ્યાય** કહેવાય છે.
૩. મહોપવાસ આદિનું અનુષ્ઠાન કરનાર **તપસ્વી** કહેવાય છે.
૪. શિક્ષાશીલ **શૈક્ષ** કહેવાય છે.
૫. રોગ આદિથી ક્લાન્ત શરીરવાળા **ગ્લાન** કહેવાય છે.
૬. સ્થવિરોની સંતતિને **ગણ** કહે છે.
૭. દીક્ષકાચાર્યના શિષ્ય સમુદાયને **કુલ** કહે છે.
૮. ચાર વર્ણના શ્રમણોના સમુદાયને **સંઘ** કહે છે.
૯. ચિરકાળના પ્રવ્રજિતને **સાધુ** કહે છે.
૧૦. લોકસંમત સાધુને **મનોજ્ઞ** કહે છે.

હવે વ્યાધિ થતાં, પરિષહ હોય ત્યારે, તેમજ મિથ્યાત્વ આદિ પ્રાપ્ત થતાં, **શરીરની ચેષ્ટા દ્વારા અથવા અન્ય દ્રવ્ય દ્વારા તેમનો પ્રતીકાર કરવો, તે વ્યાવૃત્ત્ય તપ છે.**

આ, સમાધિની પ્રાપ્તિ, વિચિકિત્સાનો અભાવ અને પ્રવચન વાત્સલ્યની અભિવ્યક્તિને માટે કરવામાં આવે છે.

દશ પ્રકારના વૈયાવૃત્ય તપમાં જેની સેવાની વાત કહી છે, તે બધા સાધુ જ છે. તાત્પર્ય એ છે કે વૈયાવૃત્તિ માત્ર સાધુઓની જ કરવામાં આવે છે, ગૃહસ્થોની નહીં. વૈયાવૃત્તિ એક તપ છે, અંતરંગ તપ છે. એટલે એની મર્યાદા સાધુઓ સુધી જ છે.

વૈયાવૃત્તિના પ્રસંગમાં જે લૌકિક ધારણા છે, **તેના સંદર્ભમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે, કે વૈયાવૃત્તિ કરવી તપ છે કે કરાવવી? અર્થાત્ બીજા પગ દાબવા તપ છે કે બીજાઓથી દબાવવા તપ છે?**

જો પગ દાબવા તપ છે તો પછી પગ દાબવાવાળા ગૃહસ્થને તપ થયું. દબાવવાવાળા મુનિરાજને નહીં.

જ્યારે તપસ્વી તો મુનિરાજને કહેવામાં આવે છે, આ બાર તપ છે પણ મુનિરાજોના જ!

જો તમે એમ કહો, કે પગ દબાવવા તે તપ છે તો પછી એવું તપ કોને સ્વીકાર ન હોય? બીજા અમારી સેવા કરે અને સેવા કરાવવાથી અમે તપસ્વી થઈ જઈએ! એનાથી સારું બીજું શું હોય?

વિચાર્યા વિના આપણે બધા પગ દબાવતા રહ્યા અને માનતા રહ્યા કે અમે વૈયાવૃત્તિ કરી રહ્યા છીએ! એનું ફળ અમને અવશ્ય મળશે. સાથે જ એ પણ માનતા રહ્યા છીએ કે વૈયાવૃત્ત્ય તપ મુનિઓને જ હોય છે.

વૈયાવૃત્તિનો અર્થ સેવા થાય છે—આ સાચું છે. પરંતુ સેવાનો અર્થ પગ દબાવવા આપણે માની લીધું છે. વૈયાવૃત્તિમાં પગ પણ દબાવવામાં આવે છે. પરંતુ પગ દબાવવા જ માત્ર વૈયાવૃત્તિ નથી. સેવા સ્વ અને પર બંનેની થાય છે.

વાસ્તવિક સેવા તો સ્વ અને પરને આત્મહિતમાં લગાવવા તે છે.આત્મહિત એકમાત્ર શુદ્ધ ઉપયોગરૂપદશામાં છે. શુદ્ધોપયોગરૂપ રહેવા માટે નિરંતર પ્રયત્નશીલ રહેવું, તે જ વાસ્તવિક વૈયાવૃત્તિ છે.

જો રોગ આદિના કારણે પોતાનું કે બીજા સાથી મુનિરાજનું ચિત્ત સ્થિરતાને પ્રાપ્ત ન થઈ રહ્યું હોય, તો **"પગ દબાવવા" આદિ દ્વારા તેમના ચિત્તને સ્થિરતા પ્રદાન કરવી, તે પણ વૈયાવૃત્તિ છે.** પરંતુ કારણ વિના આરામથી પગ દાબવા—દબાવવા, તે કદી વૈયાવૃત્તિ ન હોઈ શકે. અને

તે વૈયાવૃત્તિ હોય, તો પણ તે તપ નહીં, અંતરંગ તપ તો કદાપિ નહીં.

જો કોઈ મુનિરાજ ભયંકર પીડાથી દુઃખી છે, ઉંહકારા કરી રહ્યા છે, તેમનું ચિત્ત સ્થિર નથી રહી શકતું, તેવી સ્થિતિમાં તેમને કોરો-લૂખો ઉપદેશ દેવાથી એમના પરિણામોમાં સ્થિરતા આવવાનો સંભવ નથી. પરંતુ તેમની સેવા કરતાં કરતાં તેમને સંબોધિત કરવામાં આવે તો જલ્દી સ્થિરતા પ્રાપ્ત થઈ શકે છે. એક માત્ર આ જ કારણ કે જેથી શારીરિક સેવાને વૈયાવૃત્ત્ય તપમાં સ્થાન પ્રાપ્ત છે.

સર્વોત્કૃષ્ટ વૈયાવૃત્તિ તો સ્વયંને શિથિલતાથી બચાવીને આત્મસ્વભાવમાં સ્થિર કરવું, તે જ છે. **બીજાને પણ જો ધર્મથી ડગતાં જુએ તો તેને સ્વમાં, ધર્મમાં સ્થિર કરી દેવા, તે જ વૈયાવૃત્તિ છે.**

શારીરિક સેવા તો માત્ર વ્યવહાર વૈયાવૃત્તિ છે. તે પણ યથાસાધ્ય કરવાયોગ્ય છે. પરંતુ મૂળ વાત તો, **સ્વ-પરને ધર્મમાં સ્થાપિત કરવા, તે જ વૈયાવૃત્તિ છે.**

વિનય અને વૈયાવૃત્ત્ય તપની બાબતમાં વિચાર કરતી વખતે આપણે એ ભૂલવું ન જોઈએ કે—આ અંતરંગ તપ છે. બાહ્ય પ્રવૃત્તિમાત્રથી એને જોડવું ઠીક નથી. ૨૪.

## સ્વાધ્યાય તપ

વૈયાવૃત્ય તપ ઉપરાંત હવે સ્વાધ્યાય નામના અંતરંગ તપની ચર્ચા કરે છે—

**वाचनापृच्छनानुप्रेक्षाम्नायधर्मोपदेशाः ॥२५॥**

***વાંચવું, પૂછવું, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ—આ પાંચ પ્રકાર સ્વાધ્યાય નામના તપના છે.***

સ્વાધ્યાયના પાંચ ભેદ કરવામાં આવ્યા છે. (૧) વાંચવું, (૨) પૃચ્છના (પૂછવું), (૩) અનુપ્રેક્ષા (ચિંતન), (૪) આમ્નાય (પાઠ) અને (૫) ધર્મોપદેશ.

આમાં સ્વાધ્યાયની પ્રક્રિયાનો ક્રમિક વિકાસ લક્ષિત થાય છે.

(૧) પહેલાં તત્ત્વનિરૂપનારા આધ્યાત્મિક ગ્રંથોને વાંચવા અને **પોતાની બુદ્ધિથી જેટલો પણ મર્મ કાઢી શકાય, તેટલો પૂરી શક્તિથી કાઢવો, તે "વાચના સ્વાધ્યાય" છે.**

(૨) તે પછી પણ જો કાંઈ સમજમાં ન આવે, તો **સમજવાના ઉદ્દેશ્યથી કોઈ વિશેષ જ્ઞાનીને વિનયપૂર્વક પૂછવું—તે "પૃચ્છના સ્વાધ્યાય" છે.**

(૩) જે વાંચ્યું છે, તેના ઉપર તથા **પૂછ્યા પછી જ્ઞાની મહાપુરુષ પાસેથી જે ઉત્તર પ્રાપ્ત થયો હોય, તેની ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરવો—ચિંતન કરવું, તે "અનુપ્રેક્ષા સ્વાધ્યાય" છે.**

(૪) વાંચવું, પૂછવું અને ચિંતન પછી **નિર્ણીત વિષયને સ્થિર ધારણા માટે વારંવાર ગોખવું, પાઠ કરવો તે "આમ્નાય સ્વાધ્યાય" છે.**

(૫) વાંચવું-પૂછવું-ચિંતન અને પાઠ કર્યા પછી **જ્યારે વિષય પૂરેપૂરો સમજાય જાય ત્યારે તેનો બીજા જીવોના હિતાર્થે ઉપદેશ દેવો, તે "ધર્મોપદેશ" નામનો સ્વાધ્યાય છે.**

તે વિવેચનથી નિશ્ચિત થાય છે કે, માત્ર વાંચવું તે જ સ્વાધ્યાય નથી. આત્મહિતની દૃષ્ટિથી, સમજવા માટે "પૂછવું" પણ સ્વાધ્યાય છે. ચિંતન અને પાઠ પણ સ્વાધ્યાય છે ત્યાં સુધી કે, **યશ આદિના લોભ વિના, સ્વ-પર-હિતની દૃષ્ટિથી કરવામાં આવેલો ધર્મોપદેશ પણ સ્વાધ્યાય તપમાં આવે છે. ૨૫.**

# વ્યુત્સર્ગ તપ

ત્યાગને વ્યુત્સર્ગ તપ કહે છે. તે બે પ્રકારનું હોય છે. તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**बाह्याभ्यन्तरोपध्योः ॥२६॥**

***બાહ્ય ઉપાધિત્યાગ અને આભ્યંતર ઉપાધિત્યાગના ભેદથી વ્યુત્સર્ગ તપ બે પ્રકારનું હોય છે.***

બાહ્ય-અભ્યંતર પરિગ્રહના ત્યાગને વ્યુત્સર્ગ કહે છે.

૧. આત્માથી અત્યંત ભિન્ન, ધન-ધાન્ય આદિ પદાર્થોનો ત્યાગ કરવો, તે **બાહ્યઉપાધિત્યાગ નામનો વ્યુત્સર્ગ તપ છે.**

૨. આત્મામાં જ ઉત્પન્ન થનારા, ક્રોધ-માન-માયા-**લોભાદિ-ભાવોનો ત્યાગ કરવો, તે આભ્યંતર ઉપાધિત્યાગ નામનો વ્યુત્સર્ગ છે.**

ઉક્ત સંદર્ભમાં સર્વાર્થસિદ્ધિ નામના ટીકાગ્રંથમાં વિશેષાર્થમાં દેવામાં આવેલ, સિદ્ધાન્ત આચાર્ય પંડિચ ફૂલચંદજીનું નીચેનું કથન ધ્યાનમાં દેવા જેવું છે.

**"અહીં એ પ્રશ્ન થાય છે કે,** જ્યારે પાંચ મહાવ્રતોમાં **પરિગ્રહત્યાગનો** ઉપદેશ દીધો છે, દશધર્મોમાં **ત્યાગધર્મનો** ઉપદેશ દીધો છે તથા નવ પ્રકારના પ્રાયશ્ચિત્તોમાં **વ્યુત્સર્ગ નામના** પ્રાયશ્ચિત્તને અલગથી કહ્યું છે. તો પછી ફરીથી **વ્યુત્સર્ગ તપનું** અલગથી કથન કરવું તેનો કોઈ અર્થ નથી, કેમકે આ રીતે **એ જ તત્ત્વનું ફરી ફરીને કથન કરવાથી પુનરુક્ત દોષ આવે છે.**

**સમાધાન એ છે કે,** પાંચ મહાવ્રતોમાં જે **પરિગ્રહ ત્યાગ મહાવ્રત** છે તેમાં ગૃહસ્થ સંબંધી ઉપધિ (સાધન)ના ત્યાગની મુખ્યતા છે. **ત્યાગધર્મમાં આહાર આદિ વિષયક આસક્તિને ઓછી કરવાની મુખ્યતા છે.** વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્તમાં પરિગ્રહત્યાગ, **ધર્મમાં લાગવાવાળા દોષના પરિમાર્જનની મુખ્યતા છે. અને વ્યુત્સર્ગ તપમાં વસતિકા આદિ બાહ્ય તેમજ મનોવિકાર તથા શરીર આદિ અભ્યંતર ઉપધિમાં આસક્તિના ત્યાગની મુખ્યતા છે,** એ કારણે પુનરુક્ત દોષ આવતો નથી.

## ધ્યાન તપ

આ એક સ્થાપિત સત્ય છે કે,—આજસુધી જે પણ જીવ; આત્માથી પરમાત્મા બન્યા છે, રાગીથી વીતરાગી બન્યા છે, અલ્પજ્ઞથી સર્વજ્ઞ બન્યા છે, સાંસારિક સુખ-દુઃખોથી મુક્ત થઈને અનંત સુખી થયા છે, તે બધા ધ્યાનની અવસ્થામાં જ થયા છે. આત્મધ્યાનની અવસ્થામાં જ થયા છે.

**''સ્વ''માં એકાગ્ર થવું, ધ્યાન તપ છે.** ભલે પરમાં એકાગ્ર થવું તે ધ્યાન હોય, પણ તે ધ્યાન તપ નથી. ધ્યાન તપ તો સમસ્ત પર તેમજ વિષય વિકારોથી ચિત્તને હઠાવીને **એક આત્મામાં સ્થિર થવું, તે જ છે.**

**જો શુદ્ધોપયોગરૂપ ધ્યાનની દશા એક અંતર્મુહૂર્ત પણ રહી જાય, તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે.**

**સમસ્ત તપોનો સાર ધ્યાનતપ છે. એની સિદ્ધિને માટે જ બાકીના બધા તપ છે.**

આથી મુક્તિના માર્ગમાં આત્મધ્યાનની ઉપયોગિતા અસંદિગ્ધ છે.

જે ધ્યાનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, અનંત અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય છે, તે ધ્યાનનું સ્વરૂપ મૂલતઃ આ રીતે છે.

**उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमान्तर्मुहूर्तात्** ।।૨૭।।

***ઉત્તમ સંહનનવાળાને અંતર્મુહૂર્ત સુધી એકાગ્ર (આત્મસંમુખ) થઈને ચિંતા (ચિંતવન)નો નિરોધ તે ધ્યાન છે.***

આ સૂત્ર તત્ત્વાર્થસૂત્રના નવમા અધ્યાયનું ૨૭મું સૂત્ર છે અને એના પછી **૪૪માં સૂત્ર સુધી લગાતાર ૧૮ સૂત્રોમાં વિસ્તારથી ધ્યાનની ચર્ચા છે.**

જોકે વજ્રવૃષભનારાચ, વજ્રનારાચ અને નારાચ આ ત્રણ સંહનનોને ઉત્તમ સંહનન માનવામાં આવ્યા છે છતાં જે ધ્યાનથી આઠ કર્મોનો વિનાશ થાય છે, મોહ-રાગ-દ્વેષનો પૂર્ણ રીતે અભાવ થઈને પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય છે, સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે, તે ધ્યાન તો શુક્લધ્યાન છે અને તે પ્રથમ સંહનન વજ્રવૃષભનારાચ સંહનનવાળાઓને

જ હોય છે; ચોથા કાળમાં જ હોય છે. અત્યારે આ પંચમકાળમાં થતું જ નથી.

**તે ધ્યાનના આરંભના બે પાયા તો ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીમાં હોય છે. અને બાકીના બે પાયા ક્રમશઃ તેરમાં ગુણસ્થાનના અંતમાં અને ચૌદમા ગુણસ્થાનમાં હોય છે. ૨૭.**

## ધ્યાનના ભેદ-પ્રભેદ

ધ્યાનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યા પછી હવે ધ્યાનના ભેદોની ચર્ચા આરંભ કરે છે.

**आर्त्तरौद्रधर्म्यशुक्लानि ।।२८।।**

**परे मोक्षहेतू ।।२९।।**

***આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાનના ભેદથી ધ્યાન જ ૪ પ્રકારના હોય છે.***

***અંતના બે ધ્યાન અર્થાત્ ધર્મ અને શુક્લધ્યાન, મોક્ષના કારણ છે.***

ચાર ધ્યાનોમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તો સંસારના કારણ છે, અને અંતના બે ધ્યાન અર્થાત્ ધર્મધ્યાન અને શુક્લધ્યાન મુક્તિના કારણ છે. એ રીતે એ સુનિશ્ચિત થાય છે કે આ પંચમકાળમાં મુક્તિના હેતુભૂત ધ્યાન તો એક માત્ર ધર્મધ્યાન જ હોય છે.

આ ચારે ધ્યાનોમાં, પ્રત્યેક ધ્યાનના ચાર-ચાર ભેદ છે. આ રીતે કુલ મળીને ધ્યાન સોળ પ્રકારના થઈ જાય છે. ૨૮-૨૯.

## ચાર પ્રકારના આર્ત્તધ્યાન

**દુઃખ-પીડારૂપ ચિંતવન આર્ત્તધ્યાન છે.** (૧) અનિષ્ટ સંયોગજ (૨) ઈષ્ટવિયોગજ (૩) વેદનાજન્ય (૪) નિદાનજ. આ ભેદથી આર્ત્તધ્યાન ચાર પ્રકારના હોય છે.

તે ૪ પ્રકારના આર્ત્તધ્યાનનું સ્વરૂપ આ રીતે છે.

**आर्त्तममनोज्ञस्य संप्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ।।३०।।**

**विपरीतं मनोज्ञस्य ।।३१।।**

**वेदनायाश्च ।।३२।।**

**निदानं च ।।३३।।**

**तदविरतदेशविरतप्रमत्तसंयतानाम् ।।३४।।**

*(૧) અનિષ્ટ પદાર્થોનો સંયોગ થતાં, તેને દૂર કરવા માટે થનારું પ્રબળ ચિંતવન-અનિષ્ટ સંયોગજ નામનું આર્ત્તધ્યાન છે.*

*(૨) ઈષ્ટ પદાર્થોનો વિયોગ થતાં, તેને પ્રાપ્ત કરવા માટે થનારું પ્રબળ ચિંતવન, ઈષ્ટવિયોગજ નામનું આર્ત્તધ્યાન છે.*

*(૩) વેદના અર્થાત્ રોગજનિત પીડા થતાં, તેને પ્રાપ્ત કરવા માટે થનાર સંક્લેશ પરિણામરૂપ પ્રબળ ચિંતવન, તે વેદનાજન્ય આર્ત્તધ્યાન છે.*

*(૪) ભવિષ્યકાળ સંબંધી વિષયોની પ્રાપ્તિની કામનામાં ચિત્તનું તલ્લીન થવું તે નિદાનજ આર્ત્તધ્યાન છે.*

**ઉક્ત આર્ત્તધ્યાન, પોતપોતાની ભૂમિકા અનુસાર અવિરત-દેશવિરત અને પ્રમત્તસંયત અર્થાત્ પહેલા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાનવાળાઓને હોય છે.**

**ધ્યાનમાં રાખવાનું છે કે છઠ્ઠા ગુણસ્થાનમાં નિદાન નામનું આર્ત્તધ્યાન નથી હોતું. બાકીના ત્રણ આર્ત્તધ્યાન જ હોય છે. ૩૦-૩૪.**

## ચાર પ્રકારના રૌદ્રધ્યાન

**નિર્દયતા-ક્રૂરતામાં થનારા આનંદરૂપ પરિણામોનું નામ રૌદ્રધ્યાન છે.** હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનંદી અને પરિગ્રહાનંદીના ભેદથી આ રૌદ્રધ્યાન પણ ચાર પ્રકારનું હોય છે, તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्यो रौद्रमविरतदेशविरतयोः ।।३५।।**

***હિંસા, અસત્ય, ચોરી અને વિષયસંરક્ષણના ભાવથી ઉત્પન્ન થયેલ ધ્યાન, તે રૌદ્રધ્યાન છે; આ ધ્યાન અવિરત અને દેશવિરત (પહેલાથી પાંચ) ગુણસ્થાનોમાં હોય છે.***

(૧) હિંસક કાર્યો અને ભાવોમાં આનંદિત થવું, તે પ્રકારના ભાવોમાં તલ્લીન રહેવું, તે **હિંસાનંદી રૌદ્રધ્યાન** છે.

(૨) અસત્ય બોલવું અને બોલવાના ભાવોમાં આનંદિત થઈને તલ્લીન રહેવું, તે **મૃષાનંદી રૌદ્રધ્યાન** છે.

(૩) ચોરી કરવી તેમજ ચોરી સંબંધી ભાવોમાં આનંદિત થઈને તલ્લીન રહેવું, તે **ચૌર્યાનંદી રૌદ્રધ્યાન** છે.

(૪) પરિગ્રહ કરવો, જોડવા તેમજ રક્ષા કરવાના ભાવોમાં આનંદિત થઈને તલ્લીન રહેવું, તે **પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન** છે.

આ રૌદ્રધ્યાન પોતપોતાની ભૂમિકા અનુસાર પહેલા ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાન સુધી હોય છે.

આ રીતે એ સુનિશ્ચિત છે કે, અજ્ઞાની અને જ્ઞાની—બંને પ્રકારના ગૃહસ્થો-શ્રાવકોને આ બંને (આર્ત્ત-રૌદ્ર) ધ્યાન હોય છે અને પોતપોતાની ભૂમિકા પ્રમાણે લગભગ નિરંતર થતા રહે છે. તે બંને ધ્યાનોમાં આર્ત્તધ્યાન દુઃખરૂપ છે, દુઃખી હોવારૂપ છે અને રૌદ્રધ્યાન આનંદરૂપ છે. હિંસાદિ પાપો અને રાગાદિભાવોમાં આનંદરૂપ પરિણમિત થવારૂપ છે.

**કર્મોદયથી પ્રાપ્ત થનારા ઈષ્ટ-અનિષ્ટ સંયોગ પણ પરિગ્રહ નામનું પાપ જ છે. અનુકૂળ સંયોગોમાં આનંદિત થવું, તે પણ પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન છે.**

તે બંને ધ્યાનોમાં અજ્ઞાનીઓને આર્ત્તધ્યાનને તિર્યંચગતિનું અને રૌદ્રધ્યાનને નરકગતિનું કારણ માનવામાં આવ્યું છે.

એ જ રીતે, જ્યારે આપણે એવા સંયોગોમાં ઘેરાયેલા હોઈએ, કે જેને આપણે ચાહતા નથી, જે આપણને અનિષ્ટ લાગે છે, એને દૂર કરવાના કે એનાથી બચવાના વિષયમાં વિચારતા રહીએ છીએ; ત્યારે ભલે આપણે તેમને ન મારીએ, પરંતુ મરી જાય તો સારું, એમ વિચારી રહ્યા હોઈએ છીએ. કોઈ બિમારીથી કષ્ટમાં હોઈએ અને તેના વિષયમાં જ વિચારીએ છીએ અથવા મેં આ સારું કાર્ય કર્યું છે, તેના ફળમાં મને ધન આદિની પ્રાપ્તિ થાય, પુત્ર આદિની પ્રાપ્તિ થાય, સ્વર્ગની પ્રાપ્તિ થાય—એવું વિચારતાં હોઈએ છીએ ત્યારે શું આપણે જાણીએ છીએ કે આમ કરીને આપણે એવું મહાપાપ કરી રહ્યા છીએ કે જેના ફળમાં આપણને તિર્યંચગતિમાં જવું પડશે;—કેમકે એ બધા આર્ત્તધ્યાનના જ રૂપ છે.

શું આપ એ પણ જાણો છો, કે તિર્યંચ એકલા ગાય-ભેંસ અને કૂતરા-બિલાડીનું જ નામ નથી, તિર્યંચગતિમાં બધા પ્રકારના કીડા-મકોડા-પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ વનસ્પતિ પણ સામેલ છે?

અધિક શું કહીએ? નિગોદ પણ તિર્યંચગતિમાં જ છે. કોઈ વ્યક્તિ કે વસ્તુના વિયોગમાં દુઃખી થવું કે પછી કોઈ વસ્તુ, વ્યક્તિ કે સ્થિતિના સંયોગમાં સંકલ્પ-વિકલ્પ કરવા, દુઃખી થવું, શારીરિક વેદનાથી વ્યાકુળ થવું અને ભવિષ્યમાં અનુકૂળ સંયોગોની વાંછા કરવી તે, એવા પાપ છે, ધ્યાન છે કે જે આપણને નિગોદમાં પણ પહોંચાડી શકે છે. એ જ રીતે જ્યારે આપણે કોઈના વિનાશ કે વિપત્તિને જોઈને આનંદિત થઈએ છીએ, જૂઠું બોલીને આનંદિત થઈએ છીએ, ઈન્કમટેક્સ, સેલટેક્સ આદિની ચોરી કરીને આનંદિત થઈએ છીએ, પરિગ્રહ કરીને આનંદિત થઈએ છીએ, ત્યારે પણ શું આપણે વિચારીએ છીએ કે આપણી આ વૃત્તિ-પ્રવૃત્તિ રૌદ્રધ્યાન છે, જે નરકગતિનું કારણ છે.

**ભલે આપણે કોઈને ન માર્યા હોય, મરનારો આતંકવાદી પણ કેમ ન હોય, પરંતુ તેના મોતના સમાચાર સાંભળીને આનંદિત થવું, તે હિંસાનંદી રૌદ્રધ્યાન છે.**

એ જ રીતે, આપણે જૂઠું ન બોલ્યા હોઈએ, ચોરી પણ ન કરી હોય, પૈસા પણ ન્યાયપૂર્વક જ કમાયા હોય, ત્યારે પણ જો આપણે તે કાર્યોને દેખીને-જાણીને-તે સંયોગોને પામીને આનંદિત થઈએ છીએ તો આપણા તે આનંદરૂપ પરિણામ ક્રમશઃ મૃષાનંદી, ચૌર્યાનંદી અને પરિગ્રહાનંદી રૌદ્રધ્યાન છે; **જે આપણને સીધા નરકમાં લઈ જઈ શકે છે.**

આપણે ઘરના એકાંતમાં બેઠાં-બેઠાં ટી.વી. જોઈ રહ્યા છીએ, તેમાં ખલનાયકની પિટાઈ થતી જોઈને ખડખડાટ હસી પડીએ છીએ; કોઈ જૂઠ ઉપર હસી પડીએ છીએ. ચોરી જોઈને કે શેરોના ભાવ ચઢતા જોઈને પ્રમુદિત થઈ જઈએ છીએ ત્યારે શું આપને એમ લાગે છે, કે આપણે કોઈ પાપ કરી રહ્યા છીએ?

આપ તો એમ જ વિચારો છો કે, અમે તો એકદમ શાંત બેઠા છીએ, કોઈનું ભલું-બુરું કાંઈ પણ કરતા નથી, કિંતુ આપને ખબર હોવી જોઈએ, કે આપ રૌદ્રધ્યાન કરી રહ્યા છો. જે આપને નરકગતિમાં લઈ જઈ શકે છે.

કેટલાંક લોકો કહે છે, કે અમારું દિલ તો બહુ જ કમજોર-નબળું છે, જ્યારે કોઈ ભાવુક દ્રશ્ય આવે છે, તો અમારી આંખોમાં આંસુ આવી જાય છે. હિંસાદિના દશ્ય તો અમારાથી જોઈ પણ નથી શકાતા—તેઓ એમ માને છે કે, અમે તો બહુ ધર્માત્મા છીએ, પરંતુ ભાઈસાહેબ! આપનું આ રડવું વગેરે આર્ત્તધ્યાન છે, જે આપને પશુગતિમાં પણ લઈ શકે છે, નિગોદનું કારણ પણ બની શકે છે.

જો કે જિનાગમનું અધ્યયન—અધ્યાપન, સ્વાધ્યાય નામનું તપ છે; આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન છે. છતાં પણ આપણે જ્યારે પુરાણ વાંચી રહ્યા હોઈએ છીએ ત્યારે પ્રથમાનુયોગનો સ્વાધ્યાય કરી રહ્યા હોઈએ છીએ, ત્યારે જેને આપણે ઈષ્ટ સમજીએ છીએ તેમને થનારી પ્રતિકૂળતાઓમાં દુઃખી થવું તે પણ આર્ત્તધ્યાન જ તો છે!

એ જ રીતે વિષય આપણને ઠીક નથી લાગતા, તેમના વધ-

બંધનમાં પ્રમુદિત થવું તે પણ તો હિંસાનંદી રૌદ્રધ્યાન જ છે. **રાવણ કે દુર્યોધનના વધમાં આનંદિત થવું, તે પણ તો રૌદ્રધ્યાનનું એક રૂપ છે.**

જે પ્રથમાનુયોગના શાસ્ત્ર વૈરાગ્યના નિમિત્ત છે, આપણે પોતાના અજ્ઞાનથી, તેને વાંચીને પણ આર્ત્ત-રૌદ્રધ્યાનરૂપ પરિણમિત થઈએ છીએ.

આપ કહી શકો છો કે,—આ રીતે તો દેવ-શાસ્ત્ર-ગુરુના વિયોગમાં દુઃખી થવું, તે પણ આર્ત્તધ્યાન હશે?

એ તો આપ જાણો જ છો કે; આ ઈષ્ટવિયોગજ અને અનિષ્ટ સંયોગજ જેવા આર્ત્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાન સુધી નગ્ન દિગંબર ભાવલિંગી મુનિરાજોને પણ હોય છે. તેમને તો તીર્થંકરોના વિયોગ પોતાના ગુરુઓના વિયોગ, શિષ્યોમાં વિયોગમાં થનારા દુઃખી પરિણામ જ આર્ત્તધ્યાનરૂપ હશે; કેમકે બીજું કોઈ તો તેમને ઈષ્ટ હોતા જ નથી!

પ્રશ્ન : શું મુનિનું આ આર્ત્તધ્યાન પણ તિર્યંચગતિનું કારણ હશે?

ઉત્તર : નહીં, કદાપિ નહીં, એ તો પહેલાં જ લખી ગયા છીએ કે, અજ્ઞાનીઓના આર્ત્ત-રૌદ્રધ્યાન ક્રમશઃ તિર્યંચ તેમજ નરકગતિના કારણ છે, જ્ઞાનીઓના નહીં! એ તો જિનાગમમાં સ્પષ્ટ જ છે કે, સમકિતી જ્ઞાની જીવ, નરક તેમજ તિર્યંચગતિમાં નથી જતા.

જ્યારે ધ્યાનથી લાભની વાત આવશે, તો એ જ કહેવામાાં આવશે, કે—એમનાથી લોહીનું દબાણ ઠીક થઈ જાય છે. ડાયાબિટીસમાં લાભ થાય છે, નાડી સંસ્થાન પણ સ્વસ્થ થઈ જાય છે. વગેરે કેટલાયે લાભ ગણાવવામાં આવશે, વળી કહેવામાં આવશે કે કરીને તો જુઓ! છ મહિનામાં આપની કાયા પલટ થઈ જશે, આપ ઘોડાની જેમ દોડવા લાગશો!

જૈનધર્મમાં જે ધ્યાનના ગીત ગાવામા આવ્યા છે, તેનું ફળ કાયાથી મુક્ત થવાનું છે? કે કાયાપલટ કરવાનું છે?

**અરે ભાઈ! મૃત્યુ થતાં કાયા તો બદલી જ જાય છે, અસલી કાયાપલટ તો થઈ જ જાય છે. ઘોડાની જેમ દોડીને શું મનુષ્યમાંથી ઘોડો બનવું છે? જરા, વિચારો તો ખરા ! ૩૫.**

# ધર્મધ્યાન

**आज्ञापायविपाकसंस्थानविचयायधर्म्यम् ।।३६।।**

***આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચયના સંદર્ભમાં ચિંતવન કરવું ધર્મધ્યાન છે.***

**ધર્મસહિત ધ્યાનને ધર્મધ્યાન કહે છે. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ અને ધ્યાન એટલે એકાગ્રતા,** વસ્તુ સ્વભાવ તરફની એકાગ્રતા, એ જ ધર્મધ્યાન છે. આ ધર્મધ્યાન પણ ચાર પ્રકારનું છે.

આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય

**(૧) આજ્ઞાવિચય :** આગમની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક ઊંડો વિચાર કરવો, તે આજ્ઞાવિચય નામનું ધર્મધ્યાન છે. ઘણા વિષયો એવા છે કે જેને સીધા જાણવા સંભવ નથી. જેમકે કંદમૂળમાં અનંત જીવ છે– આ વાતનો નિર્ણય જિનાગમના આધારથી જ થઈ શકે છે. કારણ કે તે જીવ એટલા સૂક્ષ્મ છે કે તેમને ઇન્દ્રિય પ્રત્યક્ષથી જાણવા સંભવ નથી.

**(૨) અપાયવિચય :** મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, સંસારના કારણ હોવાથી મુક્તિમાર્ગના અપાય (વિરોધી-બાધક) છે, અજ્ઞાની જીવ આ અપાયથી કેવી રીતે બચે? આ વાતનું પ્રબળ ચિંતન, તે **અપાયવિચય** નામનું ધર્મધ્યાન છે.

આ ધર્મધ્યાનનું બીજું નામ **ઉપાયવિચય** પણ છે કેમ કે એમાં **મુક્તિ પ્રાપ્ત કરવાના ઉપાયનું પણ ગંભીર ચિંતન થાય છે, મુક્તિના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિચાર થાય છે.** તે મિથ્યાત્વ આદિ તથા સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના સંદર્ભમાં કરવામાં આવેલ ગહન તત્ત્વવિચાર જ **અપાયવિચય કે ઉપાયવિચય નામનું ધર્મધ્યાન છે.**

**(૩) વિપાકવિચય :** કર્મોના વિપાકના સંદર્ભમાં વિચાર કરવો, તે **વિપાકવિચય નામનું ધર્મધ્યાન છે. ક્યા કર્મનો વિપાક કે ઉદય ક્યારે થાય છે? તેનું ફળ શું છે? આદિ સંપૂર્ણ કર્મવિષયક ઉંડું ચિંતન** આ વિપાકવિચય નામના ધર્મધ્યાનમાં આવે છે.

(૪) **સંસ્થાન વિચય :** જિનાગમમાં પ્રતિપાદિત લોકનું શું સ્વરૂપ છે? ઉર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોકની રચના આદિ જૈનધર્મ સંબંધી ભૂગોળના વિચાર, તે **સંસ્થાનવિચય નામનું ધર્મધ્યાન છે.**

જિનાગમના આધાર પર પ્રાપ્ત જાણકારી પ્રમાણે ઉક્ત બધા પ્રકારના ચિંતમ વિકલ્પાત્મક હોવાથી વ્યવહાર ધર્મધ્યાન છે. નિશ્ચયધર્મધ્યાન તો દેશનાલબ્ધિપૂર્વક જાણેલ નિજ ભગવાન આત્માનું અવલોકન કરવું, જાણવું અને તેમાં જ ઉપયોગને એકાગ્ર કરવો, તે છે.

વિશેષ વિચાર કરવાની વાત એ છે કે શુક્લધ્યાન પંચમકાળમાં કોઈને પણ થતું નથી. તેમજ ગૃહસ્થોને ચોથાકાળમાં પણ થતું નથી અને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન કરવા યોગ્ય છે નહીં. હવે બાકી રહ્યું માત્ર ધર્મધ્યાન જે આ પંચમકાળમાં જ્ઞાની સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને પણ સંભવ છે, મિથ્યાદૃષ્ટિઓને ધર્મધ્યાન હોતું નથી.

આજે જ્યારે પણ ધ્યાનની ચર્ચા ચાલે છે, ત્યારે ઉક્ત આજ્ઞાવિચય આદિ ચાર પ્રકારના ધર્મધ્યાનોની તો વાત જ થતી નથી તથા આ ધર્મધ્યાન સમ્યક્દૃષ્ટિઓને જ હોય છે, એ વાત ઉપર પણ ધ્યાન દેવામાં આવતું નથી.

તે ચારે પ્રકારના ધર્મધ્યાનોની વિષયવસ્તુની તરફ ધ્યાન દઈએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે જિનાગમના અધ્યયન વિના ધર્મધ્યાન સંભવ જ નથી કેમકે જિનઆજ્ઞા જાણ્યા વિના આજ્ઞાવિચય ધર્મધ્યાન કેવી રીતે થશે.

સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મુક્તિમાર્ગને સમજ્યા વિના અપાયવિચય ધર્મધ્યાન સંભવ નથી.

તે જ રીતે જેમાં કર્મસિદ્ધાંત અને ત્રિલોકની રચનાનું નિરૂપણ છે, તે કરણાનુયોગના ગ્રંથોના અભ્યાસ વિના વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાન કેવી રીતે થશે?

શું ધ્યાનનો અભ્યાસ કરાવનારા, જિનાગમની તે વિષયવસ્તુથી પરિચિત છે? જો છે, તો શું તેઓ ધ્યાનાર્થીઓને તે વિષયોનું અધ્યયન કરાવે છે? નહીં તો એ કેવું ધર્મધ્યાન છે? ૩૬.

## શુક્લધ્યાન

હવે અંતમાં શુક્લધ્યાનની ચર્ચા પ્રસંગ પ્રાપ્ત છે. એથી હવે સૌથી પહેલાં એ બતાવે છે કે—શુક્લધ્યાન હોય છે કોને? અર્થાત્ શુક્લધ્યાના સ્વામી કોણ છે? તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**शुक्ले चाद्ये पूर्वविदः ॥३७॥**

**परे केवलिनः ॥३८॥**

***શરૂઆતના બે શુક્લધ્યાન શ્રુતકેવળીને હોય છે.***

***"ચ" શબ્દથી ધર્મધ્યાન પણ લઈ લેવું જોઈએ. તાત્પર્ય એ છે કે; શ્રુતકેવળીઓને ધર્મધ્યાન પણ હોય છે.***

***અંતના બે શુક્લધ્યાન ક્રમશઃ સયોગીકેવળી અને અયોગીકેવળીને હોય છે.***

**શ્રેણી ઉપર ચડવાની પહેલાં ધર્મધ્યાન હોય છે અને શ્રેણી ચડતાં ક્રમશઃ આરંભના બંને શુક્લધ્યાન હોય છે.**

**કેવળીઓ અને શ્રુતકેવળીઓને થનારું શુક્લધ્યાન પૂર્ણતઃ શુદ્ધોપયોગરૂપ જ હોય છે.**

એ તો બધા જાણે જ છે કે કર્મોની નિર્જરા અર્થાત્ આત્મામાં થનારી **શુદ્ધિની વૃદ્ધિનું મૂળ કારણ શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ પરિણતિ છે.**

**અહીં એક પ્રશ્ન સંભવે છે કે,** છઠ્ઠું ગુણસ્થાન મુખ્યરૂપથી શુભ ઉપયોગનું જ છે. ત્યાં અસંખ્યગુણી નિર્જરા થાય છે, તે શુભ ઉપયોગીને થતી હશે, કેમકે ત્યાં શુદ્ધ ઉપયોગ તો છે જ નહીં?

**એમ નથી.** છઠ્ઠા ગુણસ્થાનમાં થનારી અસંખ્યગુણી નિર્જરાનું કારણ, ત્યાં વિદ્યમાન શુભ ઉપયોગ નથી, પરંતુ **ત્યાં વિદ્યમાન ત્રણ કષાય ચોકડીના અભાવરૂપ શુદ્ધ પરિણતિ છે. ૩૭-૩૮.**

## શુક્લધ્યાનના પ્રકાર

શુક્લધ્યાન કુલ ૪ પ્રકારના હોય છે તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रिया निवर्तीनि ।।३९।।**

***– પૃથક્ત્વવિતર્ક, એકત્વવિતર્ક, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ અને વ્યુપરત ક્રિયાનિવર્તિ–આ ૪ ભેદ શુક્લધ્યાનના છે.***

હવે શુક્લધ્યાનના આલંબનની ચર્ચા કરે છે.

તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**त्र्यैकयोगकाययोगायोगानाम् ।।४०।।**

***પહેલું શુક્લધ્યાન ત્રણે યોગોમાં હોય છે. બીજું શુક્લધ્યાન ત્રણે યોગોમાંથી કોઈ એકમાં થાય છે, ત્રીજું શુક્લધ્યાન કાયયોગવાળાઓને થાય છે. અને ચોથું શુક્લધ્યાન અયોગકેવળીઓને થાય છે. ૩૯-૪૦.***

### વિશેષ કથન

હવે આરંભના બે ધ્યાનોના સંદર્ભમાં વિશેષ સમજાવે છે. તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**एकाश्रये सवितर्कवीचारे पूर्वे ।।४१।।**

**अवीतारं द्वितीयम् ।।४२।।**

**वितर्कः श्रुतम् ।।४३।।**

**वीचारोऽर्थव्यञ्जनयोग संक्रान्तिः ।।४४।।**

***આરંભના બે શુક્લધ્યાન પૂર્ણ શ્રુતકેવળીને જ થાય છે, એ કારણે બંનેનો આશ્રય એક જ છે.***

***આરંભના બંને શુક્લધ્યાન વિતર્ક સહિત અને વિચાર સહિત હોય છે. પરંતુ બીજું શુક્લધ્યાન વિચારથી રહિત હોય છે.***

તાત્પર્ય એ છે કે, પહેલું શુક્લધ્યાન તો વિતર્ક અને વિચાર– બંનેથી સહિત હોય છે. પરંતુ બીજું શુક્લધ્યાન વિતર્કથી સહિત અને

વિચારથી રહિત હોય છે.

***— શ્રુતજ્ઞાનને વિતર્ક કહે છે. વિશેષરૂપથી તર્ક અર્થાત્ વિચાર કરવો, તેને વિતર્ક કહે છે.***

***— અર્થસંક્રાન્તિ, વ્યંજનસંક્રાન્તિ અને યોગસંક્રાન્તિને વિચાર કહે છે. આ વિચાર માત્ર પ્રથમ શુક્લધ્યાનમાં હોય છે.***

— ધ્યાન કરતી વખતે, દ્રવ્યને છોડીને પર્યાયનું ધ્યાન કરવું. અને પર્યાયને છોડીને દ્રવ્યનું ધ્યાન કરવું, અર્થાત્ ધ્યાનના વિષયને બદલવું, તે **અર્થસંક્રાન્તિ** છે.

એક શ્રુતવચનનું આલંબન લઈને, બીજા શ્રુતવચનનું આલંબન લેવું, પછી એને પણ ત્યાગીને, અન્ય વચનનું આલંબન લેવું—તે **વ્યંજન સંક્રાન્તિ** છે.

કાયયોગને છોડીને બીજા યોગનો સ્વીકાર કરવો. અને બીજા યોગને છોડીને, કાયયોગનો સ્વીકાર કરવો,—તે **યોગસંક્રાન્તિ** છે.

**આ પ્રકારના પરિવર્તનને વિચાર કહે છે.**

આ વિચારપૃથક્ત્વ વિતર્ક નામના પ્રથમ શુક્લધ્યાનમાં હોય છે. ૪૧-૪૪.

# અસંખ્યાતગુણી નિર્જરા

હવે આગામી સૂત્રમાં એ સ્પષ્ટ કરે છે કે—કોને કેટલી નિર્જરા થાય છે? તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपको पशमकोपशान्त-मोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्जराः ।।૪૫।।**

***સમ્યગ્દષ્ટિ, પંચમગુણસ્થાનવર્તી શ્રાવક છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી મહાવ્રતી મુનિરાજ, અનંતાનુબંધીનું વિસંયોજન કરનારા, દર્શનમોહનો ક્ષય કરનારા, ચારિત્રમોહને ઉપશમ કરનારા, ઉપશાંતમોહ અર્થાત્ અગિયારમા ગુણસ્થાનવાળા ક્ષપકશ્રેણી ચડનારા, ક્ષીણમોહ અર્થાત્ બારમા ગુણસ્થાનવાળા અને જિનેન્દ્ર ભગવાનને, પરિણામોની વિશુદ્ધતા અધિક-અધિક હોવાથી, પ્રતિસમયે ક્રમશઃ અસંખ્યાતગુણી-અસંખ્યાતગુણી નિર્જરા થાય છે.***

**અહીં એક પ્રશ્ન સંભવ છે કે—**પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને તો અવિરત સમ્યગ્દષ્ટિથી અસંખ્યાતગુણી નિર્જરા થાય છે, પરંતુ સમ્યગ્દષ્ટિને કોનાથી અસંખ્યાતગુણી નિર્જરા સમજવી?

**ઉત્તર —** સાતિશય મિથ્યાદષ્ટિના અનિવૃત્તિકરણના અંત સમયમાં થનારા અતિવિશુદ્ધ પરિણામોથી આયુકર્મ સિવાય સાત કર્મોની જે ગુણશ્રેણી નિર્જરા થાય છે; એનાથી અસંયત સમ્યગ્દષ્ટિને અસંખ્યાતગુણી નિર્જરા થાય છે. ૪૫.

(પં. સદાસુખદાસજી—અર્થપ્રકાશિકા-અધ્યાય ૯, સૂત્ર-૪૫)

## નિર્ગ્રંથ મુનિઓના પ્રકાર

નિર્ગ્રન્થ મુનિરાજોના પ્રકાર અને સ્વરૂપ બતાવનારું સૂત્ર આ પ્રકારે છે.

**पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ।।४६।।**

***પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક—આ પાંચ પ્રકાર નિર્ગ્રન્થ મુનિરાજના હોય છે.***

(૧) જે મુનિરાજોને ઉત્તરગુણોની તો ભાવના પણ ન હોય અને મૂળગુણોમાં પણ કદી-કદી દોષ લાગી જાય છે, તે મુનિરાજોને **પુલાક મુનિરાજ** કહે છે.

(૨) જે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવા સદા તત્પર હોય અને મૂળગુણોનું નિર્દોષ પાલન કરતા હોય, પરંતુ શરીર-પીંછી વગેરે ઉપકરણોથી મોહ હોય, તે મુનિરાજોને **બકુશ મુનિરાજ** કહે છે.

(૩) **કુશીલ સાધુ** બે પ્રકારના હોય છે. પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ.

— જેમના મૂળગુણ અને ઉત્તરગુણ—બંને પૂર્ણ હોય પરંતુ ઉત્તરગુણોમાં કદી-કદી દોષ લાગી જતો હોય, **તે મુનિરાજોને પ્રતિસેવના કુશીલ** કહે છે.

— જેમણે અન્ય કષાયોના ઉદયને તો વશમાં કરી લીધેલ છે, પરંતુ સંજ્વલન કષાયના ઉદયને વશમાં ન કરી શક્યા હોય, તે **કષાય કુશીલ મુનિરાજ** છે.

(૪) જેમને મોહનીય કર્મનો તો ઉદય જ નથી અને બાકીના ઘાતીકર્મોના ઉદય પણ પાણીમાં ખેંચેલી રેખા સમાન છે, તથા અંતર્મુહૂર્ત પછી જે કેવળજ્ઞાન થવાનું છે, તે **મુનિરાજ** નિર્ગ્રંથ છે.

(૫) જેમને ઘાતિકર્મ નષ્ટ થઈ ગયા છે, તે **સ્નાતક મુનિરાજ** છે.

**આ પાંચે બાહ્ય-અભ્યંતર પરિગ્રહના ત્યાગી અને સમ્યગ્દષ્ટિ હોય છે; એ કારણે બધાને નિર્ગ્રન્થ કહે છે. ૪૬..**

# મુનિરાજોની વિશેષતા

તે મુનિરાજોમાં નિમ્નાંકિત બિંદુઓના આધાર પર વિશેષતા હોય છે. અર્થાત્ અંતર હોય છે. તે સંબંધી સૂત્ર આ પ્રમાણે છે.

**संयमश्रुतप्रतिसेवनातीर्थलिंगलेश्योपपादस्थानविकल्पतः साध्याः ॥४७॥**

***સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિંગ, લેશ્યા, ઉપપાદ અને સ્થાનના ભેદથી પુલાક આદિ મુનિરાજોમાં ભેદ હોય છે.***

(૧) **સંયમ :** પુલાક, બકુશ અને પ્રતિસેવના-કુશીલ મુનિને **સામાયિક અને છેદોપસ્થાપના સંયમ હોય છે.**

કષાય-કુશીલ મુનિને, **સામાયિક-છેદોપસ્થાપના પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મ સાંપરાય સંયમ હોય છે.**

નિર્ગ્રંથ અને સ્નાતકને **એક યથાખ્યાત સંયમ જ હોય છે.**

(૨) **શ્રુત :** પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ મુનિ **અધિકથી અધિક પૂરા દસપૂર્વના જ્ઞાતા હોય છે.**

કષાય-કુશીલ અને નિર્ગ્રંથ મુનિરાજ **ચૌદ પૂર્વોના જ્ઞાતા હોય છે.**

પુલાક મુનિ ઓછામાં ઓછું, **આચારાંગના જ્ઞાતા હોય છે.**

બકુશ, કુશીલ અને નિર્ગ્રંથ, **પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓના જ્ઞાતા હોય છે.**

સ્નાતક તો **કેવળજ્ઞાની હોય છે,** તેમને શ્રુત અભ્યાસનો પ્રશ્ન જ નથી.

(૩) **પ્રતિસેવના—પ્રતિસેવનાનો અર્થ વ્રતોમાં દોષ લાગવો.**

પુલાક મુનિ પાંચ મહાવ્રતોમાં તથા રાત્રિમાં ભોજનત્યાગવ્રતમાંથી કોઈ એકમાં પરવશ થઈને કોઈવાર, કદાચિત દોષ થઈ જાય છે.

બકુશ મુનિના બે ભેદ છે.

ઉપકરણ-બકુશ અને શરીર-બકુશ.

ઉપકરણ બકુશ મુનિને સુંદર ઉપકરણોમાં આસક્તિ રહેવાથી વિરાધના થાય છે. અને શરીર-બકુશ મુનિની પોતાના શરીરમાં આસક્તિ હોવાથી વિરાધના થાય છે.

પ્રતિસેવના-કુશીલ મુનિ, ઉત્તરગુણોમાં કદી-કદાચ દોષ લગાવી દે છે.

**કષાય-કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતકને પ્રતિસેવના હોતી નથી કેમકે ત્યાગેલી વસ્તુનું સેવન કરવાથી પ્રતિસેવના થાય છે, જે તેઓ કરતાં નથી.**

**૪. તીર્થ :** તીર્થ એટલે બધા તીર્થંકરોના તીર્થમાં પાંચે પ્રકારના નિર્ગ્રન્થ જોવામાં આવે છે. (હોય છે)

**૫. લિંગ :** લિંગના બે ભેદ છે. દ્રવ્યલિંગ—ભાવલિંગ. ભાવલિંગની અપેક્ષાએ તો પાંચે નિર્ગ્રન્થ ભાવલિંગી છે. કેમકે બધા સમ્યગ્દષ્ટિ અને સંયમી હોય છે. **દ્રવ્યલિંગની અપેક્ષાએ બધા નિર્ગ્રન્થ દિગમ્બર હોવા છતાં પણ, સ્નાતકને પીંછી-કમંડળ ઉપકરણ હોતા નથી, બાકીનાને હોય છે.** એથી દ્રવ્યલિંગમાં થોડું અંતર પડી જાય છે.

**૬. લેશ્યા :** પુલાકને **ત્રણ શુભ લેશ્યાઓ** હોય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલને, **છ લેશ્યાઓ** હોય છે, કેમકે ઉપકરણોમાં આસક્તિ હોવાથી કદી અશુભ લેશ્યાઓ પણ હોઈ શકે છે. કષાય કુશીલને કૃષ્ણ અને નીલ સિવાય બાકીની **ચાર લેશ્યાઓ** હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકને **એક શુક્લ લેશ્યા** જ હોય છે. અયોગ કેવળીને **લેશ્યા હોતી નથી.**

**૭. ઉપપાદ :** પુલાક મુનિ વધુમાં વધુ **સહસ્રાર સ્વર્ગમાં** ઉત્કૃષ્ટ સ્થિતિના ધારક દેવ થાય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલ બાવીસ (૨૨) સાગરની સ્થિતિવાળા, **આરણ અને અચ્યુત** સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે. કષાય-કુશીલ અને અગિયારમા (૧૧) ગુણસ્થાનવાળા નિર્ગ્રંથ તેત્રીસ (૩૩) સાગરની સ્થિતિવાળા **સર્વાર્થસિદ્ધિ વિમાનમાં** ઉત્પન્ન થાય છે.

**આ બધાની ઉત્પત્તિ ઓછામાં ઓછું સૌધર્મ કલ્પમાં થાય છે અને સ્નાતક તો મોક્ષ જાય છે.**

**૮. સ્થાન :** આ રીતે સંયમના સ્થાનોની અપેક્ષાએ પણ એમનામાં અંતર હોય છે.

આ રીતે અહીં નવમો અધ્યાય સમાપ્ત થાય છે.

# દસમો અધ્યાય

## પૃષ્ઠભૂમિ

આ તત્ત્વાર્થસૂત્ર નામના ગ્રંથમાં તત્ત્વાર્થોના પ્રતિપાદનનો સંકલ્પ કર્યો હતો. અત્યાર સુધી પ્રથમ અધ્યાયમાં **ભૂમિકા**ના રૂપમાં સામાન્ય કથન કર્યા ઉપરાંત **બીજાથી ચોથા અધ્યાય સુધી જીવ તત્ત્વાર્થનું, પાંચમા અધ્યાયમાં અજીવ, છઠ્ઠા તેમજ સાતમા અધ્યાયમાં આસ્રવ, આઠમા અધ્યાયમાં બંધ તથા નવમા અધ્યાયમાં સંવર અને નિર્જરા તત્ત્વાર્થનું વ્યાખ્યાન કર્યું.હવે આ દશમા અધ્યાયમાં મોક્ષ તત્ત્વાર્થનું વિવેચન પ્રસંગ પ્રાપ્ત છે.**

બીજી અપેક્ષાથી જોઈએ તો, આ શાસ્ત્રનું બીજું નામ ''મોક્ષશાસ્ત્ર'' પણ છે. કેમકે એમાં મોક્ષમાર્ગ અને મોક્ષ તત્ત્વાર્થનું નિરૂપણ છે.

**મોક્ષમાર્ગના પ્રતિપાદનથી આરંભ થયેલ, આ ગ્રંથ હવે મોક્ષના પ્રતિપાદનની સાથે સમાપન તરફ છે.**

મોક્ષનું સ્વરૂપ પ્રતિપાદન કરનાર આ અધ્યાયમાં સર્વપ્રથમ, ચાર ઘાતિયાકર્મોથી મુક્ત થતાં, પ્રાપ્ત થનાર કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય બતાવવામાં આવશે.

કેવળજ્ઞાનનું સ્વરૂપ પ્રથમ અધ્યાયમાં સ્પષ્ટ કરવામાં આવી ગયું છે.

કેવળજ્ઞાન અર્થાત્ સર્વજ્ઞતા. સર્વજ્ઞતા જૈનદર્શનનો મૂળ આધાર છે.

**સર્વજ્ઞતાના સ્વરૂપને સમજ્યા વિના જૈનદર્શનને નહીં સમજી શકાય.**

**એ જ કારણે જૈન ન્યાયનો એક બહુ મોટો મહત્ત્વપૂર્ણ ભાગ, સર્વજ્ઞતાની સિદ્ધિને માટે સમર્પિત છે.**

## કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય

મુક્તિની પ્રાપ્તિને માટે કેવળજ્ઞાનનું પ્રાપ્ત થવું—અત્યંત આવશ્યક છે. એથી સર્વપ્રથમ તેની જ વાત કરે છે. તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्चकेवलम् ।।१।।**

***મોહનીય કર્મના ક્ષયથી, તે ઉપરાંત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયના એક સાથે ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે.***

"**मोहक्षयात्**"—પદ જુદું લખવાનું કારણ એ છે કે, પહેલા મોહકર્મનો ક્ષય કરીને, અર્થાત્ પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત કરીને, અન્તર્મુહૂર્ત સુધી ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનમાં રહીને, પછી તે બારમા ગુણસ્થાનના અંતમાં, જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાયનો એક સાથે નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. જોકે કેવળજ્ઞાન ચાર ઘાતિયાકર્મોના ક્ષયથી થાય છે. છતાં તેમના ક્ષયમાં ક્રમ પડે છે. તે કર્મ બતાવવા માટે, સૂત્રનું આ રીતે ગઠન કરવામાં આવ્યું છે. તે વાક્યના ગઠનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે પહેલા મોહનીય કર્મનો ક્ષય થાય છે અને એના અન્તર્મુહૂર્ત પછી, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થાય છે. તાત્પર્ય એ છે કે પહેલા પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થાય છે, પછી સર્વજ્ઞતા પરિપૂર્ણ વીતરાગતા વિના સર્વજ્ઞતાનું થવું સંભવ નથી.

**મોહનીયકર્મના ક્ષય વિના જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાયકર્મનો ક્ષય થઈ શકતો જ નથી.**

**એક માત્ર મોહનીયકર્મના ઉદયથી થનારા દર્શનમોહ અર્થાત્ મિથ્યાત્વ અને ચારિત્રમોહ અર્થાત્ ક્રોધ આદિ સોળ કષાયો અને હાસ્ય આદિ નવ નોકષાયો જ આગામી કર્મબંધના મૂળકારણ છે. એ કારણથી જ– "મોહક્ષયાત્"—પદ સર્વપ્રથમ પૃથક્થી (જુદું) આપવામાં આવ્યું છે.૧.**

## મોક્ષનું સ્વરૂપ તેમજ હેતુ

કેવળજ્ઞાનનું સ્વરૂપ તેમજ ઉત્પત્તિનો હેતુ બતાવ્યા ઉપરાંત હવે મોક્ષનું સ્વરૂપ તેમજ હેતુ સમજાવે છે. સૂત્ર મૂલતઃ આ પ્રકારે છે.

**बन्धहेत्वभावनिर्जराभ्यां कृतस्नकर्मविप्रमोक्षो मोक्षः ।।२।।**

**औपशमिकादिभव्यत्वानां च ।।३।।**

**બંધના કારણોનો અભાવ અર્થાત્ સંવર અને નિર્જરાથી સમસ્ત કર્મોનો પૂર્ણતઃ અભાવ થઈ જવો, તે જ મોક્ષ છે.**

**જીવના ઔપશમિક આદિ ભાવ તથા ભવ્યત્વભાવના અભાવથી મોક્ષ થાય છે.**

મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો અભાવ થઈ જવાથી, નવા કર્મોનો બંધ રોકાઈ જાય છે અને ધ્યાન આદિ અંતરંગ તપોના યોગથી જૂના કર્મોની નિર્જરા થઈ જાય છે, આ કારણે આત્મા સંપૂર્ણ કર્મબંધનોથી મુક્ત થઈ જાય છે, તેનું જ નામ મોક્ષ છે.

આ તો દ્રવ્યકર્મોથી મુક્તિની વાત થઈ, હવે રહી ભાવમુક્તિની વાત. તો **મોક્ષ થતાં, ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ અને ઔદયિકભાવ તો પૂરા નષ્ટ થઈ જાય છે. પારિણામિકભાવોમાં અભવ્યત્વભાવ તો ભવ્યજીવોને હોતો નથી અને જીવત્વભાવ મુક્ત અવસ્થામાં પણ રહે છે. એથી મુક્તિ થઈ જતાં, માત્ર ભવ્યત્વભાવનો અભાવ થઈ જાય છે.**

આ રીતે, મુક્ત જીવ, અષ્ટકર્મો અને ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ઔદયિકભાવો તેમજ ભવ્યત્વ, પારિણામિકભાવોના અભાવરૂપ પરિણમિત થાય છે. મુક્ત જીવને માત્ર જીવત્વ પારિણામિકભાવ અને ક્ષાયિકભાવ હોય છે.૨-૩.

## મુક્ત જીવમાં હોવાવાળા ભાવ

સિદ્ધ જીવોમાં વિદ્યમાન ભાવો સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**अन्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ।।૪।।**

***મુક્ત જીવને, ક્ષાયિક સમ્યક્ત્વ—કેવળજ્ઞાન-કેવળદર્શન અને સિદ્ધત્વ—આ ભાવો સિવાય બીજા ભાવોનો અભાવ થઈ જાય છે.***

**પ્રશ્ન—**શું સિદ્ધ જીવ અનંત સુખી પણ નથી?

**ઉત્તર—**જ્ઞાન-દર્શન સાથે અવિનાભાવી હોવાથી અનંત સુખ અને અનંત વીર્ય આદિ ભાવ પણ તેમને હોય જ છે.

સિદ્ધોનો આકાર છેલ્લા દેહથી કિંચિત્ ન્યૂન (જરા ઓછો) હોય છે. અંતિમ દેહનો જે આકાર હોય છે, દેહથી મુક્ત થઈ જતાં, તેમાં રહેનાર પોલાપણું સમાપ્ત થઈ જવાથી તેના પ્રદેશોનો આકાર, છેલ્લા દેહપ્રમાણથી કિંચિત્ ન્યૂન રહી જાય છે.

હવે એના કારણે, તે સિદ્ધ ભગવાન, અનંતકાળ સુધી, આ જ આકારમાં રહેશે કેમકે હવે આકાર પરિવર્તનનું કોઈ કારણ નથી રહ્યું!

**અનાદિકાળથી અત્યાર સુધી આકાર પરિવર્તનનું કારણ નામકર્મ હતું. નામકર્મના ઉદયથી જ સંસાર અવસ્થામાં જીવનો આકાર બદલાતો હતો. હવે તેનો અભાવ થઈ જવાથી આકાર બદલાવાનું કોઈ કારણ ન રહ્યું! ૪.**

## સિદ્ધ જીવોની ગતિનો નિયમ

હવે એ બતાવે છે કે, મુક્ત થઈ જતાં જીવોની ગતિ અને સ્થિતિ ક્યા પ્રકારે હોય છે. તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**तदनन्तरमूर्ध्वं गच्छत्यलोकान्तात् ॥५॥**

**पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च॥६॥**

**आविद्धकुलालचक्रवद्व्यपगतलेपालाबुवदेरण्डबीज वदग्निशिखावच्च ॥७॥**

**धर्मास्तिकायाभावात् ॥८॥**

***તે પછી મુક્ત જીવ લોકના અંત સુધી ઉપર જાય છે.***

***પૂર્વ પ્રયોગથી, સંગનો અભાવ થવાથી, બંધન તૂટવાથી અને ઉર્ધ્વગમન સ્વભાવ હોવાથી મુક્ત જીવ ઉર્ધ્વગમન કરે છે.***

***તે મુક્ત જીવ, ઘૂમાવવામાં આવેલા કુંભારના ચક્રની સમાન, લેપથી મુક્ત તુંબડી સમાન, એરંડના બીજની સમાન અને અગ્નિની શિખા સમાન ઉર્ધ્વગમન કરે છે.***

***તે મુક્ત જીવ ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી લોકના અંતથી વધારે ઉપર નથી જતો.***

તે ચારેય સૂત્રોનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે.

૧. જે રીતે કુંભારના હાથથી ચક્રને ઘૂમાવવાનું રોકાઈ જવા છતાં, પૂર્વ સંસ્કારવશ ચક્ર સહજ જ ઘૂમે છે, તે જ રીતે, સંસારી જીવ મોક્ષની પ્રાપ્તિને માટે જે પ્રયાસ કર્યા કરે છે તે પ્રયાસના રોકાઈ જવા છતાં, મુક્ત જીવ ઉર્ધ્વગમન કરે છે.

૨. જે રીતે માટીના લેપથી તૂંબડીમાં આવેલ ભારેપણું, જળના સંયોગથી શિથિલ થઈ જાય છે, તેથી તે તૂંબડી તરત જ ઉપર આવી જાય છે, તે જ રીતે કર્મભારથી દબાયેલ આત્મા જ્યારે તેનાથી મુક્ત થઈ જાય છે, તો આત્મા ઉપર આવી જાય છે.

૩. જે રીકે બીજકોશના બંધનના તૂટવાથી એરંડબીજની ઉર્ધ્વગતિ જોવામાં આવે છે. તે જ રીતે મનુષ્ય આદિ ભાવને પ્રાપ્ત કરાવનાર સમસ્ત કર્મોના બંધનો છેદ થઈ જવાથી, મુક્ત જીવની ઉર્ધ્વગતિ થાય છે.

૪. જે રીતે તિરછા વહેવાના સ્વભાવાળા વાયુના સંબંધથી રહિત દીપશિખા, સ્વભાવથી જ ઉપરની તરફ ગમન કરે છે, તે જ રીતે મુક્ત આત્મા પણ જુદી જુદી ગતિરૂપ વિહારના કારણભૂત કર્મનો અભાવ થતાં ઉર્ધ્વગમન સ્વભાવ હોવાથી ઉપરની તરફ જ આરોહણ કરે છે.

**હવે એ સહજ જ પ્રશ્ન ઉઠે છે કે—**ઉર્ધ્વગમન સ્વભાવવાળો જીવ લોકાન્તે રોકાઈ કેમ જાય છે?

**આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાય છે કે** ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી, તાત્પર્ય એ છે કે, ગમન કરવામાં નિમિત્તભૂત ધર્માસ્તિકાયનો અભાવ થઈ જવાથી મુક્ત જીવ લોકાન્તથી ઉપર જતો નથી.

**પ્રશ્ન —**જો લોકાકાશની આગળ પણ ધર્મદ્રવ્ય હોત,તો સિદ્ધ જીવ લોકાકાશની આગળ પણ જાત.

**ઉત્તર—**એવો કાલ્પનિક પ્રશ્ન કરવાથી શું લાભ છે? અરે ભાઈ! આકાશ સિવાય બાકીના પાંચ પ્રકારના દ્રવ્યોમાં ઉપાદાનગત એવી જ યોગ્યતા છે કે તે લોકાકાશની બહાર જતી જ નથી, લોકાકાશની બહાર તે હોતા જ નથી.

આ બાબતને આપણે આ રીતે પ્રસ્તુત કરી શકીએ છીએ, કે સિદ્ધ જીવ પોતાની ઉપાદાનગત યોગ્યતા અને ધર્માસ્તિકાયરૂપ નિમિત્તના અભાવથી અલોકાકાશમાં જતા નથી. જે રીતે ધર્માસ્તિકાય, અલોકાકાશમાં સ્વભાવથી જ હોતું નથી તે જ રીતે જીવનો ઉર્ધ્વગમન-સ્વભાવ લોકાગ્ર સુધી જવાનો જ છે.

એમ વિચારવું તે તો સિદ્ધ જીવના અનંત સ્વાધીનતા ઉપર પ્રશ્ન ચિહ્ન લગાવવું ગણાશે. ૫-૮

## સિદ્ધોમાં પરસ્પર અંતર

જોકે સિદ્ધ જીવોમાં પરસ્પર, ગતિ-જાતિ આદિ કોઈપણ પ્રકારનો કોઈ ભેદ હોતો નથી. એ કારણે તેઓ ભેદ-વ્યવહારથી રહિત છે, છતાં પણ એમનામાં ક્ષેત્ર-કાળ-ગતિ આદિની અપેક્ષાએ કથંચિત્ પરસ્પર ભેદ પણ છે.

તે સંબંધી સૂત્ર આ પ્રકારે છે.

**क्षेत्रकालगतिलिंगतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाह-**

**नान्तरसंख्याल्पबहुत्वतः साध्यां ॥९॥**

***ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધ, બોધિતબુદ્ધ, જ્ઞાન, અવગાહન, અંતર, સંખ્યા અને અલ્પબહુત્વ દ્વારા જીવ વિભાગ (ભેદ) કરવા યોગ્ય છે.***

**જે નય માત્ર વર્તમાન પર્યાયને ગ્રહણ કરે છે, અથવા યથાર્થ વસ્તુસ્વરૂપને ગ્રહણ કરે છે,—તેને પ્રત્યુત્પન્ન નય કહે છે,** જેમકે—ૠજુસૂત્રનય અથવા નિશ્ચયનય અને **જે નય અતીત (વીતેલી) પર્યાયને ગ્રહણ કરે છે, તેને ભૂતપ્રજ્ઞાપન નય કહે છે.** જેમકે વ્યવહારનય.

**૧. ક્ષેત્ર—**પ્રત્યુત્પન્નનયની અપેક્ષાથી સિદ્ધક્ષેત્રમાં, પોતાના આત્મપ્રદેશોમાં અથવા જે આકાશપ્રદેશોથી મુક્ત થનાર જીવ મુક્તિની પહેલા સ્થિત હતો, તે આકાશપ્રદેશોથી મુક્તિ થાય છે.

**ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષા પંદર કર્મભૂમિઓમાંથી કોઈપણ કર્મભૂમિના મનુષ્યને, જો કોઈ હરણ કરીને લઈ જાય તો સમસ્ત મનુષ્યલોકના કોઈપણ સ્થાનથી તે જીવની મુક્તિ થઈ શકે છે.**

**૨. કાળ—**પ્રત્યુત્પન્નનયની અપેક્ષા કો એક સમયમાં જે મુક્તિ થાય છે અને **ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષાએ સામાન્યથી તો ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને કાળમાં મુક્તિ થાય છે.**

વિશેષથી, અવસર્પિણી કાળના **સુખમા-દુઃખમા નામના ત્રીજાકાળના અંતમાં** જન્મેલ જીવ અને **દુઃખમા-સુખમા નામના ચોથા કાળમાં** જન્મેલ જીવ મોક્ષ જાય છે.

૩. **ગતિ**—પ્રત્યુત્પન્ન નયની અપેક્ષાથી તો સિદ્ધગતિમાં જ મુક્તિ મળે છે અને **ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ મનુષ્યગતિથી જ મુક્તિ મળે છે.**

૪. **લિંગ**—પ્રત્યુત્પન્નનયની અપેક્ષાએ તો વેદરહિત અવસ્થામાં જ મુક્તિ થાય છે. **ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ તો ત્રણે ભાવવેદોથી મુક્તિ થાય છે, પરંતુ દ્રવ્યથી પુલ્લિંગ જ હોવા જોઈએ.** પ્રત્યુત્પન્ન નયથી નિર્ગ્રંથ લિંગથી જ મુક્તિ મળે છે અને **ભૂતપ્રજ્ઞાપન નયથી સગ્રંથ લિંગથી પણ મુક્તિ થાય છે.**

૫. **તીર્થ**—કોઈ તો તીર્થંકર થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે. કોઈ સામાન્ય કેવળી થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે. એમનામાં પણ કોઈ તો તીર્થંકરના વિદ્યમાન રહેતાં, મોક્ષ જાય છે, કોઈ તીર્થંકરના અભાવમાં પણ મોક્ષ જાય છે.

૬. **ચારિત્ર**—પ્રત્યુત્પન્નનયની અપેક્ષાએ તો, જે ભાવથી મુક્તિ થાય છે, તે ભાવને, ન તો ચારિત્ર કહી શકાય છે કે ન તો અચારિત્ર જ કહી શકાય છે.

ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષા અવ્યવહિતરૂપથી તો યથાખ્યાત ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે અને વ્યવહિતરૂપથી, સામાયિક—છેદોપસ્થાપના-સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાત ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. અને જેમને પરિહારવિશુદ્ધિ ચારિત્ર પણ હોય છે, તેમને પાંચેય ચારિત્રોથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

૭. **પ્રત્યેકબુદ્ધ-બોધિતબુદ્ધ**—જે પોતાની શક્તિથી જ જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેમને પ્રત્યેકબુદ્ધ કહે છે અને જે પરના ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેમને બોધિતબુદ્ધ કહે છે. કોઈ પ્રત્યેકબુદ્ધ થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે અને કોઈ બોધિતબુદ્ધ થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે.

૮. **જ્ઞાન**—પ્રત્યુત્પન્ન નયની અપેક્ષા તો કેવળજ્ઞાનથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે અને ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષાએ કોઈને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનપૂર્વક કેવળજ્ઞાન થાય છે અને કોઈને મતિ-શ્રુત અને

અવધિજ્ઞાનપૂર્વક કેવળજ્ઞાન થાય છે. કોઈને મતિ-શ્રુત-અવધિ-મન:પર્યયજ્ઞાનપૂર્વક કેવળજ્ઞાન થાય છે, ત્યારે મોક્ષ જાય છે.

**૯. અવગાહના—આત્મપ્રદેશોના ફેલાવનું નામ અવગાહના છે.** ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો પચીસ (૫૨૫) ધનુષ હોય છે અને જઘન્ય અવગાહના સાડા ત્રણ હાથમાં કાંઈક ઓછી હોય છે. મધ્યમ અવગાહનાના બહુ ભેદ છે. ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષાથી આ અવગાહનાઓમાંથી કોઈ એક અવગાહનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે અને પ્રત્યુત્પન્ન નયની અપેક્ષાએ એનાથી કાંઈકઓછી અવગાહનાથી મુક્તિ થાય છે કેમકે મુક્ત જીવની અવગાહના તેના અંતિમ શરીરથી કાંઈક ઓછી હોય છે.

**૧૦. અંતર—**મુક્તિ પ્રાપ્ત કરનારા જીવ લગાતાર પણ મુક્તિ પ્રાપ્ત કરે છે અને વચ્ચે વચ્ચે સમયનાં અંતરાલપૂર્વક પણ મુક્તિ પ્રાપ્ત કરે છે.

**જો જીવ લગાતાર મોક્ષ જાય તો ઓછામાં ઓછા બે સમય સુધી અને અધિકથી અધિક આઠ સમય સુધી મુક્ત થતા રહે છે.** એના પછી અંતર પડી જાય છે.

જો કોઈ પણ જીવ મુક્ત ન થાય તો ઓછામાં ઓછું એક સમયનું અને અધિકથી અધિક છ માસનું અંતર પડે છે.

**૧૧. સંખ્યા—**એક સમયમાં, ઓછામાં ઓછો, એક જીવ મુક્ત થાય છે અને અધિકથી અધિક ૧૦૮ જીવ મુક્ત થાય છે.

**૧૨. અલ્પબહુત્વ—**ક્ષેત્ર આદિની અપેક્ષાથી જુદા-જુદા જીવોની સંખ્યાને લઈને પરસ્પરમાં તુલના કરવી, તે અલ્પબહુત્વ છે.

પ્રત્યુત્પન્ન નયની અપેક્ષાથી બધા જીવ સિદ્ધક્ષેત્રથી જ મુક્તિ પ્રાપ્ત કરે છે, એથી અલ્પબહુત્વ નથી.

ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ, જે કોઈ દ્વારા હરણ કરવામાં આવ્યા અને મુક્ત થયા, એવા જીવ થોડા છે. એનાથી અસંખ્યાતગણા જન્મસિદ્ધ છે.

તથા ઉર્ધ્વલોકથી મુક્ત થયેલ જીવ થોડા છે, એનાથી

અસંખ્યાતગણા જીવ અધોલોકથી મુક્ત થયા છે અને એનાથી પણ અસંખ્યાતગણા જીવ મધ્યલોકથી મુક્ત થયા છે.

સમુદ્રથી મુક્ત થયેલ જીવ સૌથી ઓછા છે, એનાથી અસંખ્યાતગણા જીવ, દ્વીપથી મુક્ત થયા છે. આ તો થયું સામાન્ય કથન!

વિશેષ કથનની અપેક્ષાએ લવણ સમુદ્રથી મુક્ત થયેલ જીવ બધાથી થોડા છે. એનાથી સંખ્યાતગણા જીવ કાલોદધિ સમુદ્રથી મુક્ત થયા છે.

એનાથી સંખ્યાતગણા જમ્બૂદ્વીપથી મુક્ત થાય છે. એનાથી સંખ્યાતગણા ધાતકીખંડથી મુક્ત થયા છે. એનાથી સંખ્યાતગુણા પુષ્કરાર્ધથી મુક્ત થયા છે. આ ક્ષેત્રની અપેક્ષાએ અલ્પબહુત્વ થયું.

**કાળ**ની અપેક્ષાએ ઉત્સર્પિણીકાળમાં મુક્ત થયેલ જીવ બધાથી થોડા છે. અવસર્પિણી કાળમાં મુક્ત થયેલ જીવ એનાથી અધિક છે. અને ઉત્સર્પિણી-અવસર્પિણી વિનાના કાળમાં મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે. કેમકે **પાંચેય મહાવિદેહોમાં ન તો ઉત્સર્પિણી કાળ છે કે ન તો અવસર્પિણી કાળ છે.** છતાં પણ ત્યાંથી જીવ સદા મુક્ત થાય છે. પ્રત્યુત્પન્ન નયની અપેક્ષા એક સમયમાં જ મુક્તિ થાય છે એથી અલ્પ-બહુત્વ નથી.

**ગતિ**ની અપેક્ષાએ પ્રત્યુત્પન્નનયની અપેક્ષાથી અલ્પબહુત્વ નથી. ભૂતપ્રજ્ઞાપનનયથી, તિર્યંચગતિથી આવીને મનુષ્ય થઈને મુક્ત થયેલ જીવ બધાથી થોડા છે. મનુષ્યગતિથી આવીને, મનુષ્ય થઈને, મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે. નરકગતિથી આવીને, મનુષ્ય થઈને, મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે અને દેવગતિથી આવીને, મનુષ્ય થઈને, મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે.

**વેદ**ની અપેક્ષાએ વિચાર કરીએ છીએ, કે—પ્રત્યુત્પન્નનયની અપેક્ષાએ તો, વેદ રહિત જીવ જ મુક્તિ પ્રાપ્ત કરે છે. એથી અલ્પબહુત્વ નથી થતું. ભૂતપ્રજ્ઞાપન નયની અપેક્ષાએ નપુંસકલિંગથી શ્રેણી ચડીને મુક્ત થયેલા જીવ સૌથી થોડા છે. સ્ત્રીવેદથી શ્રેણી ચડીને મુક્ત થયેલ જીવ સંખ્યાતગુણા છે અને પુરુષવેદના ઉદયથી શ્રેણી ચડીને મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગણા છે.

**તીર્થની અપેક્ષા, તીર્થંકર થઈને મુક્ત થયેલ જીવ થોડા છે. સામાન્ય કેવલી થઈને મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે.**

**ચારિત્ર**ની અપેક્ષાએ પ્રત્યુત્પન્ન નયની અપેક્ષા તો અલ્પ બહુત્વ નથી.

અંતરસહિત ચારિત્રની અપેક્ષા પાંચેય ચારિત્ર ધારણકરીને મુક્ત થયેલ જીવ સૌથી થોડા છે અને ચાર ચારિત્ર ધારણ કરીને મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે.

**પ્રત્યેકબુદ્ધ થોડા હોય છે,** બોધિતબુદ્ધ એનાથી સંખ્યાતગુણા છે. જ્ઞાનની અપેક્ષાએ, પ્રત્યુત્પન્નનયની અપેક્ષા બધા જીવ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જ મુક્ત થાય છે, એથી અલ્પબહુત્વ નથી.

ભૂતગ્રાહીનયની અપેક્ષાએ, બે જ્ઞાનથી મુક્ત થયેલ જીવ સૌથી થોડા છે. ચાર જ્ઞાનથી મુક્ત થયેલ જીવ, એનાથી સંખ્યાતગુણા છે. વિશેષ કથનની અપેક્ષાએ, મતિ-શ્રુત અને મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત કરીને, મુક્ત થયેલ જીવ સૌથી થોડા છે. મતિ-શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે. મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યયજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થયેલ જીવ, એનાથી સંખ્યાતગુણા છે અને મતિ-શ્રુત અને અવધિજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે.

**અવગાહના** અપેક્ષાથી જઘન્ય અવગાહનાથી મુક્ત થયેલ જીવ થોડા છે. ઉત્કૃષ્ટ અવગાહનાથી મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે અને મધ્યમ અવગાહનાથી મુક્ત થયેલ જીવ એનાથી સંખ્યાતગુણા છે.

સંખ્યા અપેક્ષાથી એક સમયમાં એકસો આઠની સંખ્યામાં મુક્ત થયેલ જીવ થોડા છે, એક સમયમાં એકસો સાતથી લઈને પચાસ સુધીની સંખ્યામાં મુક્ત થયેલ જીવ એનાથી અનંતગુણા છે.

એક સમયમાં ઓગણપચાસથી લઈને પચીસ સુધીની સંખ્યામાં મુક્ત થયેલ જીવ અસંખ્યાતગુણા છે.

એક સમયમાં ચોવીસથી લઈને, એક સુધીની સંખ્યામાં મુક્ત થયેલ જીવ સંખ્યાતગુણા છે.

આ રીતે મુક્ત થયેલ જીવોમાં, વર્તમાનની અપેક્ષા તો કોઈ ભેદ નથી, જે ભેદ છે, તે ભૂતપર્યાયની અપેક્ષા જ છે.

આ રીતે અહીં દશમો અધિકાર સમાપ્ત થયો.

તત્ત્વાર્થસૂત્રના સમાપ્ત કરતાં, આચાર્યદેવ એક છંદ લખે છે, જે આ પ્રકારે છે.

(दोधकवृत्त)

**अक्षरमात्रपदस्वरहीनं व्यंजनसंधिविवर्जितरेफम् ।**
**साधुभिरत्र मम क्षमितव्यं को न विमुह्यति शास्त्रसमुद्रे ।।**

જો આ શાસ્ત્રમાં કોઈ કથન, અક્ષર-માત્રા-પદ-સ્વરથી હીન હોય, વ્યંજન-સંધિ, ચિહ્ન, રેફ રહી ગયો હોય તો સજ્જન પુરુષોએ મને ક્ષમા કરી દેવું જોઈએ કેમકે શાસ્ત્રરૂપી સમુદ્રમાં કોણ પુરુષ વિમોહિત થઈ જતો નથી?

તાત્પર્ય એ છે કે, શાસ્ત્ર તો ગંભીર સાગર જેવું છે. જે રીતે સાગરમાં ભલભલા પુરુષ ગોથા ખાઈ જાય છે, તે જ રીતે શાસ્ત્રસમુદ્રમાં પણ સારા-સારાં પુરુષોથી પણ ભૂલ થઈ શકે છે.

**ધ્યાનમાં રાખવાનું છે કે, આચાર્યદેવ, અક્ષર-માત્રા-પદ-સ્વર-વ્યંજન-સંધિ અને રેફ સંબંધી ભૂલની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે, ભાવની વાત નથી! કેમકે તેમના જેવા પ્રૌઢ વિદ્વાન સંતોથી ભાવની ભૂલ તો સંભવ જ નથી. જો તેમને એમ લાગત કે મારાથી ભાવમાં પણ ભૂલ થઈ શકે છે, તો તેઓ લખત જ નહીં.**

આચાર્યદેવની મહાનતા અને વિદ્વત્તાને જોતા, આપણે ભાવસંબંધી ભૂલની કલ્પના પણ ન કરવી જોઈએ.

આ રીતે તત્ત્વાર્થસૂત્ર—બીજું નામ મોક્ષશાસ્ત્ર નામનું શાસ્ત્ર સમાપ્ત થયું.

